॥ नमो नमो निम्मलदंसणस्स ॥

# આગમસૂત્ર

## સટીક અનુવાદ

૧૨

અનુવાદ શ્રેણી સર્જક -

**મુનિ દીપરત્નસાગર**

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ
नमो नमो निम्मलदंसणस्स
પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# આગમસટીક અનુવાદ

# ભગવતી-૪

-: અનુવાદ-શ્રેણીના સર્જક :-

## મુનિ દીપરત્નસાગર

તા. ૨૩/૧૦/૨૦૦૯ શુક્રવાર ૨૦૬૬ કા.સુ.૫

આગમ સટીક અનુવાદ
ભાગ ૧ થી ૪૨ સંપૂર્ણ
મૂલ્ય-રૂા-૧૦,૦૦૦

૦ શ્રી શ્રુત પ્રકાશન નિધિ ૦

સંપર્ક સ્થળ
આગમ આરાધના કેન્દ્ર, શીતલનાથ સોસાયટી
ફ્લેટ નં. ૧૩, ચોથે માળે, વ્હાઈ સેન્ટર,
ખાનપુર, અમદાવાદ.





# આગમ સટીક અનુવાદના

આ ભાગ - ૧૨ માં છે...

"ભગવતી" અંગસૂત્ર-૫ ના...

—૦— શતક-૧૩-થી

આરંભીને

—૦— શતક-૨૦-સુધી

-- x -- x -- x -- x -- x -- x -- x --

-: ટાઈપ સેટીંગ :-
શ્રી મહાકાલી એન્ટરપ્રાઈઝ
ચાંદલોડિયા, અમદાવાદ.
(M) 9824419736

-: મુદ્રક :-
નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, અમદાવાદ.
Tel. 079-25508631

## ૦ વંદના એ મહાન્ આત્માને ૦

વિક્રમ સંવત-૨૦૬૧માં ફાગણસુદ-૩ નો દિવસ અને મંગલપારેખના ખાંચામાં શ્રી શાંતિનાથ પરમાત્માની વર્ષગાંઠનો પ્રસંગ, અતિભવ્ય અને ઘણી જ લાંબી રથયાત્રાના પ્રયાણની ઘડીએ, આગમોના ટીકા સહિતના અનુવાદ કરવા માટેની મનોભાવનાનું જેમના મુખેથી વચન પ્રાગટ્ય થયું, અંતરના આશીર્વાદ, સૂરિમંત્રથી અભિમંત્રિત વાસ ચૂર્ણનો ક્ષેપ અને ધનરાશિની જવાબદારીના યથાશક્ય સ્વીકાર સહ જેમની કાર્ય પ્રેરણાની સરવાણીમાં ભીંજાતા મારા ચિત્તે આશિર્ષ અનેરો હર્ષોલ્લાસ અનુભવ્યો. જેમની હયાતી દરમ્યાન કે હયાતી બાદ પણ, જેમના નામસ્મરણ માત્રથી આ કાર્ય વિઘ્નરહિતપણે મૂર્ત્ત સ્વરૂપને પામ્યું, એવા...

**પૂજ્ય આચાર્યશ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજી મ૦ ના**

**ચરણ કમળમાં સાદર કોટીશઃ વંદના**

## ૦ કેમ ભૂલાય એ ગુરુદેવને પણ ? ૦

ચારિત્ર પ્રતિ અંતરંગ પ્રીતિથી યુક્ત, અનેક આત્માઓને પ્રવ્રજ્યા માર્ગે પ્રયાણ કરાવનાર, સંયમમૂર્તિ, પ્રતિ વર્ષ ઉપધાન તપ વડે શ્રાવકધર્મના દીક્ષા દાતા, શારીરિક સમસ્યાઓ વચ્ચે પણ બંને શાશ્વતી ઓળીની આરાધનાને ન ચૂકનારા, સાગર સમુદાયમાં ગચ્છાધિપતિ પદને શોભાવનારા અને સમર્થ શિષ્ય પરિવારયુક્ત એવા મહાન વિભૂતિરત્ન–

**પૂજ્ય આચાર્યશ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ૦**

જેમના આજીવન અંતેવાસી, શાસનપ્રભાવક

**પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.સા.**

જેમણે આ અનુવાદ કાર્ય માટે ઘણાં વર્ષો પૂર્વે પ્રેરણા કરેલી અને આ કાર્ય સાદ્યંત પાર પહોંચાડવા માટે વિપુલ ધનરાશિ મોકલાવી.

*ઉક્ત બંને આચાર્ય ભગવંતોની અસીમ કૃપા અને તેઓ દ્વારા પ્રેરિત સંઘો થકી થયેલ ધનવર્ષાના બળે પ્રસ્તુત કાર્ય મૂર્ત્તસ્વરૂપ પામ્યું.*



**આગમ સટીક અનુવાદના**

**આ ભાગ ૧૨ ની**

**સંપૂર્ણ દ્રવ્ય સહાયના પ્રેરણાદાતાશ્રી**

**પ.પૂ. ગચ્છાધિપતિ આચાર્યદિવેશ શ્રી દેવેન્દ્રસાગરસૂરીશ્વરજી મ.ના શિષ્ય**

***પૂજ્ય આચાર્યશ્રી હર્ષસાગરસૂરિજી મ.***

**તેઓશ્રીની પ્રેરણાથી લાભલેનાર**

**શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વે.મૂ.પૂ.સંઘ**

**તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ટ્રસ્ટ**

**સુરત**

# અનુદાન દાતા

**આગમ સટીક અનુવાદના કોઈ એક ભાગના સંપૂર્ણ સહાયદાતા**

સચ્ચારિત્ર ચુડામણી પૂજ્ય ગચ્છાધિપતિ સ્વ૦ આચાર્યદેવ
શ્રીમદ્ દેવેન્દ્રસાગરસૂરીશ્વરજીના આજીવન અંતેવાસી
**સદ્‌ગુણાનુરાગી પૂજ્ય આ૦દેવશ્રી હર્ષસાગરસૂરિજી મ.ની**
જ્ઞાનઅનુમોદક પ્રેરણાથી પ્રેરિત
શ્રી અઠવાલાઈન્સ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
તથા શ્રી શેઠ ફૂલચંદ કલ્યાણચંદ ઝવેરી ટ્રસ્ટ, સુરત.
**૧૬ ભાગોના સંપૂર્ણ સહાયક થયેલ છે.**

**પરમપૂજ્ય સરળ સ્વભાવી, ભદ્રિક પરિણામી, શ્રુતાનુરાગી**
**સ્વ૦ આચાર્યદેવશ્રી વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની**

પુનિત પ્રેરણાથી ૧૦ ભાગો માટે
નીચેના સંઘો સહાયક થયા છે.

(૧) શ્રી મંગલપારેખનો ખાંચો, જૈનસંઘ, અમદાવાદ — બે ભાગ.
(૨) શ્રી ભાવનગર જૈન શ્વે૦મૂ.પૂ. સંઘ, ભાવનગર — બે ભાગ.
(૩) શ્રી આદિનાથ જૈન શ્વે૦ મૂ.પૂ. સંઘ, નવસારી — બે ભાગ.
(૪) શ્રી ગિરિરાજ સોસાયટી આદિનાથ જૈન સંઘ, બોટાદ — બે ભાગ.
(૫) શ્રી જૈન શ્વે૦ મૂ.પૂ. તપાગચ્છ સંઘ, બોટાદ — એક ભાગ.
(૬) શ્રી પાર્શ્વભક્તિધામ જૈન ધાર્મિક ટ્રસ્ટ, તણસા — એક ભાગ.

*[પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ઋચકચંદ્રસૂરીશ્વરજીની પ્રેરણાથી તેમના સમુદાયવર્તી શ્રમણીવર્યાઓ તરફથી પ્રાપ્ત સહાયની નોંધ આગળ છે.]*

સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્યદેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્ર સૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી વૈયાવચ્ચ પરાયણ **પંન્યાસ પ્રવર શ્રી વજસેનવિજયજી મ.સા.**ની પ્રેરણાથી એક ભાગ-શ્રી હાલારતીર્થ આરાધના ધામ, વડાલિયા, સીંહણ, તરફથી

આગમ સટીક અનુવાદ શ્રેણીના સર્જક **મુનિશ્રી દીપરત્નસાગરજી**ની પ્રેરણાથી આ બે દાતાઓએ મળીને એક ભાગ માટે સહાય કરી છે.

(૧) શ્રી જૈન શ્વે૦ મૂર્તિ૦ સંઘ, થાનગઢ

(૨) શાહ હંજારીમલજી ભૂરમલજી, કર્નૂલ.

**પૂ૦પૂ૦ ક્રિયારૂચિવંત, પ્રભાવક, આદેય નામકર્મધર સ્વર્ગસ્થ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ઋચકચંદ્રસૂરીશ્વરજીથી પ્રેરિત પુન્યવંતી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત અનુદાનો**

૧- વર્ધમાન તપોનિધિ આચાર્યદેવ શ્રીમદ્‌વિજય ભક્તિસૂરીશ્વરજી સમુદાયવર્તી મિલનસાર **સાધ્વીશ્રી સૌમ્યપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી ત્રણ ભાગો માટેની દ્રવ્ય સહાય પ્રાપ્ત થઈ છે, તે આ પ્રમાણે–

- (૧) શ્રી કારેલીબાગ, શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, વડોદરા.
- (૨) શ્રી કારેલીબાગ, જૈન સંઘની શ્રાવિકા બહેનો, વડોદરા.
- (૩) શ્રી ભગવાન નગરનો ટેકરો, જૈનસંઘ, અમદાવાદ.

૨- સુવિશાળ પરિવારયુક્તા **સાધ્વીશ્રી ભાવપૂર્ણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી "શ્રી ક્ષેત્રપાલ ભક્તિ ટ્રસ્ટ" - નવસારી તરફથી.

૩- વર્ધમાન તપોનિધિ પૂજ્ય આચાર્યદેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **પ.પૂ. સાધ્વીશ્રી ધ્યાનરસાશ્રીજી તથા સાધ્વીશ્રી પ્રફુલ્લિતાશ્રીજી**ની પ્રેરણાથી -

"શ્રી માંગરોળ જૈન શ્વે૦ તપ૦ સંઘ, માંગરોળ - તરફથી.

૪- પરમપૂજ્યા જયશ્રીજી-લાવણ્યશ્રીજી મ૦ના પરિવારવર્તીની **સાધ્વીશ્રી સત્યાનંદશ્રીજી મ.સા.**ની પુનિત પ્રેરણાથી
"શ્રી ગાંધીનગર જૈન સંઘ, બેંગલોર - તરફથી."

૫- પરમપૂજ્ય ક્રિયારૂચીવંત આ૦દેવશ્રી ભક્તિસૂરીશ્વરજી મ૦ના સમુદાયવર્તી **શ્રમણીવર્યા મોક્ષનંદિતાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી વલ્લભનગર જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ, વલ્લભનગર, ઈન્દૌર

**પરમપૂજ્ય આગમોદ્ધારક, સામાચારી સંરક્ષક, બહુશ્રુત આચાર્યદેવ આનંદસાગરસૂરીશ્વરજી મ.સા.ના સમુદાયવર્તી શ્રુત અનુરાગીણી શ્રમણીવર્યાઓની પ્રેરણાથી પ્રાપ્ત સહાયો.**

(૧) પરમપૂજ્યા નીડરવક્તા **સાધ્વીશ્રી ચંદ્રયશાશ્રીજી** મ૦થી પ્રેરિત
-૧- શ્રી ત્રિલોકપદ્મ ચિંતામણિધામ જૈન સંઘ, અંધેરી, મુંબઈ.
-૨- શ્રી મહાવીરનગર જૈન દહેરાસરજી ટ્રસ્ટ, નવસારી.

(૨) અપ્રતિમ વૈયાવૃત્ત્યકારિકા પ.પૂ. મલય-પ્રગુણાશ્રીજી મ૦ના શિષ્યા સુસંવાદી પરિવારયુક્તા **સાધ્વીશ્રી પ્રશમશીલાશ્રીજી** મ૦ના શ્રુતાનુરાગી શિષ્યા સા૦શ્રી પ્રશમરત્નાશ્રીજીની પ્રેરણાથી-
"શ્રી શ્વેતાંબર જૈન તપાગચ્છ સંઘ," વાંકાનેર.

(૩) પરમપૂજ્યા માતૃહૃદયા **સાધ્વીશ્રી અમિતગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી
- "શ્રી આદિનાથ જૈન શ્વે૦ સંઘ," ભોપાલ.

(૪) પરમપૂજ્યા વર્ધમાનતપસાધિકા, શતાવધાની **સાધ્વીશ્રી અમિત-ગુણાશ્રીજી** મ.ની પ્રેરણાથી-૧૦૦ ઓળીની પૂર્ણાહૂતિ નિમિત્તે
"કરચેલીયા જૈન શ્વે૦ મહાજન પેઢી," કરચેલીયા, સુરત.

(૫) શ્રમણીવર્યા ભક્તિરસિક પૂજ્ય મલયાશ્રીજી મ૦ના વ્યવરદક્ષ શિષ્યા **સાધ્વીશ્રી હિતજ્ઞાશ્રીજી** મ૦ની પ્રેરણાથી
"શ્રી જૈન મરચન્ટ સંઘની શ્રાવિકા બહેનો, અમદાવાદ.

(૬) પરમપૂજ્યા મલય-કૈવલ્ય-ભવ્યાનંદશ્રીજી મ૦ના સુવિનિતા મિષ્ટ ભાષી, તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પૂર્ણપ્રજ્ઞાશ્રીજી**ની પ્રેરણાથી
"સર્વોદય પાર્શ્વનાથ ચેરિટેબલ ટ્રસ્ટ," મુંબઈ

## આગમ-સટીક અનુવાદ સહાયકો

(૧) પ.પૂ. ભગવતીજી દેશનાદક્ષ **આ૦દેવશ્રી નરદેવસાગરસૂરિજી મ૦સા૦**ની પ્રેરણાથી - "શ્રી વિશાશ્રીમાળી તપગચ્છ જ્ઞાતિ," જામનગર.

(૨) વર્ધમાન તપોનિધિ પૂજ્ય આ.દેવ **શ્રી વિજય પ્રભાકરસૂરીશ્વરજી મ૦** ની પ્રેરણાથી – "અભિનવ જૈન શ્વે૦મૂ૦પૂ૦ સંઘ," અમદાવાદ.

(૩) શ્રુતસંશોધનરસિક પૂજ્ય **આ૦દેવશ્રી મુનિચંદ્રસૂરિજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી વિજયભદ્ર ચેરિટેબલ ટ્રસ્ટ," ભીલડીયાજી.

(૪) પ.પૂ. જયલાવણ્યશ્રીજી મ૦સા૦ના સુશિષ્યા **સા૦ સૂર્યપ્રભાશ્રીજી** મ૦ની પ્રેરણાથી – "શ્રી ભગવતીનગર ઉપાશ્રયની બહેનો," અમદાવાદ.

(૫) પરમપૂજ્યા વરધર્માશ્રીજી મ૦ના શિષ્યા તપસ્વીરત્ના **સાધ્વીશ્રી પ્રીતિધર્માશ્રીજી** મ૦ની પાવન પ્રેરણાથી.

- (૧) શ્રી પાર્શ્વભક્તિ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ, ડોંબીવલી.
- (૨) શ્રી રાજાજી રોડ શ્વે૦મૂ૦પૂ૦ તપા૦ જૈન સંઘ, ડોંબીવલી.

(૬) સ્વનામધન્યા **શ્રમણીવર્યાશ્રી સૌમ્યગુણાશ્રીજી** મ૦ની પ્રેરણાથી.
"શ્રી પરમ આનંદ શ્વે૦મૂ૦પૂ૦ જૈનસંઘ," પાલડી, અમદાવાદ.

**મુનિ દીપરત્નસાગરજી દ્વારા પ્રકાશિત સાહિત્ય-એક ઝલક**
**કુલ પ્રકાશનોનો અંક-૩૦૧**

## ૧-आगमसुत्ताणि-मूलं

### ૪૯-પ્રકાશનો

આ સંપુટમાં મૂળ આગમો છે. જેમાં ૪૫ આગમો ૪૫ અલગ-અલગ પુસ્તકોમાં મુદ્રિત કરાવાયેલ છે. ચાર વૈકલ્પિક આગમો પણ તેમાં સમાવાઈ ગયેલ છે. એ રીતે ૪૫ + ૪ કુલ (૪૯) આગમોનું આ સંપુટમાં સંપાદન છે. તેમજ પ્રત્યેક સૂત્રને અંતે પૂજ્ય સાગરાનંદસૂરિશ્વરજી સંપાદિત આગમો તથા તેની વૃત્તિના અંકો પણ ટાંક્યા છે.

અમારા આ પ્રકાશનમાં શ્રુતસ્કંધ, શતક/અધ્યયન/વક્ષસ્કાર/પદ, પ્રતિપત્તિ, ઉદ્દેશક, સૂત્ર/ગાથા આદિ સ્પષ્ટતયા જુદા નજરે પડે તેવી વિશિષ્ટ મુદ્રણકલાને પ્રયોજેલ છે. પુસ્તકો અલગ-અલગ અને નાના કદના હોવાથી વાંચન કે કંઠસ્થ કરવાની અતિ સરળતા રહે છે.

૪૫-આગમની પૂજા, પૂજન, રથયાત્રા કે શ્રી ગૌતમસ્વામી પૂજનાદિ માટે અલગ-અલગ પીસ્તાળીશ પુસ્તકો હોવાથી ગોઠવણી સરળ બને છે.

आगमसद्दकोसो, आगमनामकोसो, આગમવિષયદર્શન, આગમકથાનુયોગના મૂળ સંદર્ભ જોવા માટે આ પ્રકાશન વસાવવું જરૂરી જ છે. જેની કિંમત છે રૂા. ૧૫૦૦/-દર્શન-પૂજન માટે આજીવન ઉપયોગી છે.

## ૨. આગમ-ગુજરાતી અનુવાદ

### ૪૭-પ્રકાશનો

આપણા મૂળ આગમો અર્ધમાગધી ભાષામાં છે. જેઓ ભાષાજ્ઞાનથી વંચિત છે, શાસ્ત્રીય કારણોથી આગમના અભ્યાસથી વંચિત રહ્યા છે, આગમોની વાંચના પ્રાપ્ત કરી શકતા નથી ઈત્યાદિ કારણે આગમિક પદાર્થોનું જ્ઞાન પામી શક્યા ન હોય તેવા ભવ્યાત્માઓ શ્રી કલ્પસૂત્ર માફક સરળતાથી આગમોનું વાંચન અને બોધ પ્રાપ્ત કરી શકે, તેમજ ભવભીરુ આત્માઓ પોતાનું જીવન માર્ગાનુસાર બનાવી શકે તેવું પ્રકાશન.

સાત ભાગોમાં સમાવિષ્ટ ૨૮૦૦ જેટલા પૃષ્ઠોમાં પીસ્તાળીશ આગમોનો અક્ષરશઃ અનુવાદ ધરાવતા આ "આગમદીપ" સંપુટમાં બીજા બે વૈકલ્પિક આગમોનું ગુજરાતી પણ આપેલ જ છે.

અંદાજે ૯૦,૦૦૦ શ્લોક પ્રમાણ મૂળ આગમનો આ ગુજરાતી અનુવાદ રૂા. ૨૦૦૦/-ની કિંમતે ઉપલબ્ધ થઈ શકે છે. પણ હાલ તેની એક પણ નકલ બચેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની લોકપ્રિયતાનો પૂરાવો છે. અનેક પૂજ્યશ્રીએ આ ગુજરાતી અનુવાદનો સ્વાધ્યાયાદિ અર્થે ઉપયોગ કરેલો છે.

## ३. आगमसुत्ताणि-सटीकं

### ૪૬-પ્રકાશનો

જેઓને મૂળ આગમો વાંચ્યા પછી તેની વિસ્તૃત સમજ મેળવવી છે. તેમાં રહેલા પદાર્થોને ઊંડાણથી અવગાહવા છે, તેમાં રહેલા તત્ત્વો આધારિત કથા, દૃષ્ટાંત કે દ્રવ્યાનુયોગને જાણવો છે, તેવા વિશિષ્ટ જ્ઞાનપિપાસુ માટેનું અમારું આ ૧૩,૦૦૦ જેટલા પૃષ્ઠોમાં પથરાયેલ અને ત્રીશ ભાગોમાં વિભાજીત એવું દળદાર પ્રકાશન છે.

આ પ્રકાશનમાં મૂળ આગમો પર પ્રાપ્ત બધી જ નિર્યુક્તિઓ, ૩૯ આગમો પરની વૃત્તિ, શેષ આગમોની સંસ્કૃત છાયા, કેટલાંક ભાષ્યો તથા ચૂર્ણિઓ ઈત્યાદિ સર્વે વિવેચનોનો સમાવેશ કરાયેલ છે.

સૂત્રો અને ગાથાના સ્પષ્ટ અલગ વિભાજન, પ્રચુર પેરેગ્રાફ્સ, અધ્યયન, ઉદ્દેશક, સૂત્ર આદિની સુસ્પષ્ટ અલગ પેજ લાઈન તેમજ અમારા મૂળ અને અનુવાદિત આગમોમાં અપાયેલા ક્રમાંક મુજબના જ સૂત્ર ક્રમાંકન તથા વ્યવસ્થિત અનુક્રમણિકાને લીધે કોઈપણ પસંદિત ચોક્કસ વિષયવસ્તુ કે સમગ્ર અધ્યયનના વાંચનમાં સરળતા રહે તે રીતે આ સંપુટનું સંપાદન અને મુદ્રણ કરાયેલું છે.

આ પ્રકાશનના અભ્યાસમૂલ્ય અને સંશોધનક્ષેત્રે ઉપયોગિતા તેમજ સમગ્ર વિશ્વમાં આગમ પ્રકાશનની આવી એક જ માત્ર શ્રૃંખલા ઉપલબ્ધ હોવાને કારણે રૂા. ૧૧,૦૦૦/- મૂલ્ય હોવા છતાં તેની એક પણ નકલ સ્ટોકમાં રહેલી નથી. એ જ અમારા આ પ્રકાશનની મહત્તા સાબિત કરે છે.

## ૪. આગમ-વિષય-દર્શન

આ એક એવું પ્રકાશન છે, જેમાં ૪૫-આગમોની વિશદ્‌રૂપે અનુક્રમણિકા અપાયેલ છે, છતાં તેના પૃષ્ઠો છે. — ૩૮૪.

પ્રત્યેક આગમના પ્રત્યેક સૂત્ર કે ગાથાના વિષયોને એ જ આગમોના સૂત્રોના ક્રમાંકન અનુસાર, અતીવ સુસ્પષ્ટ રૂપે અને પૃથક્-પૃથક્ સ્વરૂપે અપાયેલી આ અનુક્રમણિકાથી તમે તમારો મનગમતો-આવશ્યક કે તમારા સંશોધન અને લેખનને અનુરૂપ વિષય સહેલાઈથી પસંદ કરી શકો છો.

ગુજરાતી ભાષામાં તૈયાર કરાયેલ આ અનુક્રમણિકાથી તમે અમારા અનુવાદિત આગમોમાં તો મૂળ વિષય જોઈ જ શકો છો. તદુપરાંત મૂળ આગમો કે આગમસટીકં માં પણ તમારી પસંદગીનો વિષય શોધવો આ બૃહત્ અનુક્રમ પરથી ખૂબ જ સરળ છે.

રૂા. ૪૦૦/-ની કિંમતને લક્ષમાં ન લઈ તેનું ઉપયોગિતા મૂલ્ય સમજશો.

## ૫. आगमसद्दकोसो
### ૪-પ્રકાશનો

આ શબ્દકોશ - એટલે સંદર્ભસ્થળ નિર્દેશ સહિતની ''આગમ-ડીક્ષનેરી'' જેમાં તમને મળે છે મૂળ આગમમાંથી લેવાયેલા ૪૬,૦૦૦ શબ્દો અને તેના ૩,૭૫,૦૦૦ જેટલા આગમ સંદર્ભો સહિત મૂળ-અર્ધમાગધી શબ્દોના સંસ્કૃત અર્થ અને ગુજરાતી એક કે વધુ અર્થો.

ચાર ભાગોમાં સમાવિષ્ટ ૨૪૦૦ જેટલા પાનાઓનો આ પુસ્તકનો સેટ મેપલીથો કાગળ, પાકુ બાઈન્ડીંગ અને આકર્ષક મુખપૃષ્ઠ તો ધરાવે જ છે. પણ તમારે માટે તેની ઉપયોગિતા છે – अ થી ह પર્યંતનો કોઈપણ શબ્દ શોધવા માટે. ત્યાં ફક્ત શબ્દનો અર્થ જ જોઈને બેસી નથી રહેવાનું. પણ પીસ્તાળીશે પીસ્તાળીશ આગમોમાં આ શબ્દ જ્યાં જ્યાં વપરાયો હોય તે-તે બધાં સ્થાનોનો નિર્દેશ પણ મળશે જ - જેના દ્વારા એક જ શબ્દ જો જુદા જુદા સંદર્ભમાં વપરાયો હશે, તો તે ભિન્ન-ભિન્ન સંદર્ભયુક્ત અર્થ કે વ્યાખ્યા પણ જાણી શકાશે.

– વળી આવા સંદર્ભો જોવા માટે તમારે જુદા જુદા પ્રકાશનોના આગમોને ફેંદવાની કોઈ જરૂર નથી. તમે માત્ર અમારું आगमसुत्ताणि – સંપુટ સાથે રાખો. તમારે ઉપયોગી શબ્દો મૂળ આગમ કે આગમ-સટીકં માં મળી જ જવાના

## ૬. आगमनामकोसो

આગમ શબ્દકોશની એક પૂરક ડીક્ષનેરી તે આ ''આગમ નામકોશ''. આ પ્રકાશન આગમસટીકં માં આવતા નામો (કથાઓ)ની ડીક્ષનેરી છે. આ ડીક્ષનેરીમાં કથાના પાત્રોના નામો તો કક્કાવારી ક્રમમાં આપેલા જ છે. સાથે સાથે તે પાત્રો કે નામોનો સંક્ષિપ્ત પરિચય પણ છે.

તમારે મૂળ આગમ ઉપરાંત નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ કે વૃત્તિમાં જો આ નામ કે તે નામ સાથે સંકડાયેલ કથા કે દૃષ્ટાંત જાણવા છે તો અમારી ડીક્ષનેરીમાં તે-તે નામને અંતે નિર્દેશ કરાયેલ આગમ સંદર્ભ જોવો. આગમ સંદર્ભ જોતાં જ તમને તે સંદર્ભવાળા આગમનું નામ, પંચાંગીનો પ્રકાર અને સૂત્રક્રમ મળી જશે. જેના આધારે તમે તે કથા કે દૃષ્ટાંતનો સહેલાઈથી અભ્યાસ કરી શકશો.

આ નામકોશનું મહત્ત્વ તો ત્યારે જ સમજાય જ્યારે એક જ નામ ધરાવતા એકથી વધારે પાત્રોનો અલગ-અલગ પરીચય કે જુદી જુદી કથાઓ તમને જોવા મળે. તે પણ ફક્ત રૂા. ૨૦૦/-ની કિંમતમાં.

સંદર્ભ મુજબ કથા જોવા માટે અમારું आगमसुत्ताणि-सटीकं તો છે જ.

## ૭. आगमसूत्र हिन्दी अनुवाद

### ૪૭-પ્રકાશનો

મૂળ આગમના ૯૦,૦૦૦ જેટલાં શ્લોક પ્રમાણ સાહિત્યના મૂળ પ્રકાશન પછી જેમ તેનો ગુજરાતી અનુવાદ કર્યો, તેમ હિન્દી અનુવાદ પણ કર્યો. ફર્ક એટલો જ કે આ હિન્દી અનુવાદ બાર ભાગોમાં આશરે ૩૨૦૦ જેટલા પાનાઓમાં પથરાયેલો છે. ગુજરાતી અનુવાદ કરતા ૩૦૦થી પણ વધારે પૃષ્ઠો તેમાં ઉમેરાયા છે. જે ફક્ત કદની વૃદ્ધિ જ નથી, પણ અર્થવિસ્તાર અને પેરેગ્રાફોની પ્રચૂરતા પણ ધરાવે જ છે.

હિન્દીભાષી મહાત્માઓને પણ આગમના પદાર્થજ્ઞાનથી વંચિત ન રહેવું પડે તે આશયથી તૈયાર કરાયેલ આ આગમસૂત્ર હિન્દી અનુવાદ હિન્દી ભાષાની સમૃદ્ધિ અને સાહિત્યિક મૂલ્ય તો ધરાવે જ છે. તે ગુજરાતી ભાષી આગમરસિકો અને તત્ત્વજિજ્ઞાસુઓ માટે પણ મહત્ત્વનું સંદર્ભશાસ્ત્ર બની રહ્યું છે.

રૂા. ૨૭૦૦/-નું મૂલ્ય ધરાવતા આ आगमसूत्र-हिन्दी अनुवाद માં પણ ક્રમાંકન તો મૂળ આગમ, આગમ ગુજરાતી અનુવાદ અને आगम सटीकं અનુસાર જ થયેલ છે. તેથી અભ્યાસીઓને તુલના કરવી સરળ પડે છે.

## ૮. આગમ કથાનુયોગ

### ૬-પ્રકાશનો

આગમ કાર્ય વિષયક આ અમારું નવમું પ્રકાશન છે. જેમાં "કથાનુયોગ" નામે અનુયોગની મુખ્યતા છે. આ પ્રકાશનમાં મૂળ આગમો, આગમો પરની નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ, વૃત્તિ કે અવચૂરી એ તમામનો સમાવેશ કરી આ આગમ કથાનુયોગનું સંકલન અને ગુજરાતી અનુવાદ કરવામાં આવેલ છે. જે છ ભાગોમાં વિભાજીત છે ૨૨૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે અને કથાઓને દશ વિભાગમાં ગોઠવેલ છે.

આ કથાનુયોગમાં તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ, બલદેવ એ ઉત્તમપુરુષો સંબંધી કથાનક કે માહિતીનો સંગ્રહ છે, શ્રમણ વિભાગમાં ગણધરો, પ્રત્યેકબુદ્ધો, નિહ્નવો, અન્ય શ્રમણોની કથાઓ છે. તે સાથે આશરે ૯૦થી વધુ પૃષ્ઠોમાં ગોશાળાનું કથાનક તેના પૂર્વભવ, વર્તમાનભવ અને ભાવિ ભવો સહિત મૂકેલ છે. તે સિવાય શ્રમણી કથા, શ્રાવક કથા, શ્રાવિકા કથા, અન્યતીર્થી કથા, પ્રાણી કથા, પ્રકીર્ણ કથા અને દૃષ્ટાંતોના અલગ વિભાગો છે. પ્રત્યેક કથાને અંતે તેના આગમ સંદર્ભો પણ મૂકેલા છે, જેથી મૂળ માહિતી સ્રોત જોઈ શકાય. છટ્ઠા ભાગમાં અકારાદિક્રમે પ્રત્યેક કથાના નામોની ગોઠવણી અને તેની સાથે પૃષ્ઠાંક આપેલા છે, જેથી કોઈપણ કથા શોધવી અત્યંત સરળ બને છે.

આ "આગમ કથાનુયોગ" કેવળ કથારસિકો તથા વ્યાખ્યાતાઓ માટે અત્યંત ઉપયોગી પ્રકાશન છે. જેનું મૂલ્ય માત્ર રૂા. ૧,૫૦૦/- છે. તેમજ સન-૨૦૦૪માં જ પ્રકાશિત થયેલ હોવાથી હજી સરળતાથી ઉપલબ્ધ છે.

## ૯. આગમ મહાપૂજનવિધિ

આ એક લઘુ પુસ્તિકા છે. જેમાં પીસ્તાળીશ આગમ મહાપૂજન ભણાવવા માટેની સરળ, સ્પષ્ટ, શાસ્ત્રીય વિધિ છે. સાથે-સાથે પંડિત શ્રી રૂપવિજયજી કૃત્ ૪૫-આગમ પૂજાઓ પણ આપી દીધેલ છે. અષ્ટપ્રકારી પૂજાના અભિનવ દુહા પણ છે.

કોઈપણ વિધિકારકને સહેલાઈથી પૂજન કરાવતા ફાવે તે રીતે વિધિ સાથે સૂચનાઓનો નિર્દેશ છે. તેમજ આગમ મંડપની રચના, માંડલુ, આવશ્યક સામગ્રી, વિધિમાં પ્રત્યેક કાર્ય માટે જરૂરી એવા સહાયકોની કાર્ય વહેંચણી પણ જણાવેલ છે.

મોટા ટાઈપ, પદ્યોની સુંદર ગોઠવણી, પ્રત્યેક પૂજન માટેનું અલગ પેજ, દરેક પૂજનને માટેની સૂચના, તે પૂજનની સાથે જ અપાયેલી હોય તેવું આ એક માત્ર પ્રકાશન છે.

## ૧૦. આગમસૂત્ર સટીક અનુવાદ

### ૪૮-પ્રકાશનો

પ્રસ્તુત પ્રકાશનમાં આગમોના મૂળસૂત્રોનો અક્ષરશઃ અનુવાદ તો છે જ. સાથે સાથે આગમોની નિર્યુક્તિ અને ટીકાનો પણ અનુવાદ કરેલ હોવાથી અમે "સટીક અનુવાદ" એવું નામકરણ કરેલ છે. જેમાં ૪૫ આગમો ઉપરાંત બે વૈકલ્પિક આગમો અને કલ્પ [બારસા] સૂત્રના સમાવેશથી ૪૮ પ્રકાશનો થાય છે. જેને આ સાથે અમે ૪૨-ભાગોમાં પ્રકાશિત કરેલ છે.

આ સટીક અનુવાદમાં છ છેદ સૂત્રોનો અનુવાદ માત્ર મૂળનો જ છે, તેમાં સટીક અનુવાદ નથી. સંસ્કૃત અને પ્રાકૃત ભાષાજ્ઞાનથી વંચિત શ્રુતરસિકો કે સ્વાધ્યાય પ્રેમીઓને આ અત્યંત ઉપયોગી પ્રકાશન છે, જેનું સંયુક્ત મૂલ્ય રૂા. ૧૦,૦૦૦/- છે, કે જે કિંમતમાં તો કોઈ ૪૫ સટીક આગમોનો અનુવાદ પણ ન કરી આપે.

આ સટીક અનુવાદ સંપુટમાં-અંગસૂત્રો, ઉપાંગ સૂત્રો અને મૂળસૂત્રોનો સંપૂર્ણ સટીક અનુવાદ છે. પયન્ના સૂત્રોમાં પણ ઉપલબ્ધ ટીકાઓનો અનુવાદ કરેલો જ છે, નંદી અને અનુયોગ બંને સૂત્રોનું વર્તમાન પદ્ધતિથી સાનુવાદ વિવેચન કરેલ છે અને છેદસૂત્રો, કલ્પસૂત્ર અને કેટલાંક પયન્નાઓનો મૂળનો અનુવાદ છે.

— x — x —

**આ હતી આગમ સંબંધી અમારા ૨૫૦ પ્રકાશનોની યાદી**

— x — x —

## આગમ સિવાયના સાહિત્ય સર્જનની ઝાંખી

### (૧) વ્યાકરણ સાહિત્ય :-

૦ અભિનવ હૈમ લઘુપ્રક્રિયા ભાગ-૧ થી ૪ [૪]

— મહોપાધ્યાય વિનયવિજયજી કૃત્ "લઘુપ્રક્રિયા" પર સિદ્ધહેમ શબ્દાનુશાસન અને તેની સાથે સંબંધિત અનેક સંદર્ભગ્રંથોના ઉપયોગથી તૈયાર કરાયેલો એવો આ દળદાર ગ્રંથ છે. જે કાઉન આઠ પેજમાં તૈયાર થયેલ છે. સંસ્કૃત વ્યાકરણના અભ્યાસ માટેનું આ પ્રકાશન છે. જે ગુજરાતી ભાષાના માધ્યમથી તૈયાર થયેલ છે. તેમાં મૂળસૂત્ર, તેનો અર્થ, વૃત્તિ, વૃત્ત્યર્થ, અનુવૃત્તિ, વિશેષ વિવેચન જેવા સાત વિભાગો અને પ્રચૂર પરિશિષ્ટો છે.

૦ કૃદન્તમાલા :- [૧]

— આ લઘુ સર્જનમાં ૧૨૫ ધાતુઓના ૨૩ પ્રકારે થતાં કૃદન્તોનું કોષ્ટક છે.

### (૨) વ્યાખ્યાન સાહિત્ય :- [3]

૦ અભિનવ ઉપદેશ પ્રાસાદ ભાગ-૧ થી ૩.

— આ એક સ્વતંત્ર વ્યાખ્યાનમાળા છે. "મન્નહ જિણાણં" નામક સજ્ઝાયમાં આવતા શ્રાવકના ૩૬ કર્તવ્યો ઉપરના ૧૦૮ વ્યાખ્યાનો તેમાં ગોઠવેલા છે. પ્રત્યેક વ્યાખ્યાન માટે દશ-દશ પેજ ફાળવેલ છે. જે પ્રત્યેકમાં શ્લોક-જૈનેત્તર પ્રસંગ - સંબંધિત કર્તવ્યની તાત્ત્વિક વ્યાખ્યા અને સમજ-જૈનકથા અને કર્તવ્યને અનુરૂપ સ્તવનાદિ પંક્તિની સુંદર ગુંથણી છે.

૦ નવપદ-શ્રીપાલ [૧]

— શાશ્વતી ઓળીના વ્યાખ્યાનરૂપે આ પુસ્તકનું સર્જન થયું છે, જેમાં નવે પદનું અલગ-અલગ વિવેચન સાથે નવ દિવસમાં શ્રીપાલચરિત્ર પણ પૂરું થાય, તે રીતે ગોઠવેલા નવ વ્યાખ્યાનોનો સમન્વય છે.

### (૩) તત્ત્વાભ્યાસ સાહિત્ય :-

૦ તત્ત્વાર્થસૂત્ર પ્રબોધ ટીકા-અધ્યાય-૧ [૧]

૦ તત્ત્વાર્થાધિગમ સૂત્ર અભિનવ ટીકા-અધ્યાય-૧ થી ૧૦ [૧૦]

— આ ગ્રંથમાં તત્ત્વાર્થ સૂત્રના દશે અધ્યાયોનું અલગ-અલગ દશ પુસ્તકમાં અતિ વિસ્તૃત વિવેચન ધરાવતું દશાંગ વિવરણ છે. જેમાં સૂત્રહેતુ, મૂળસૂત્ર, સંધિરહિત સૂત્ર, સૂત્રાર્થ, શબ્દજ્ઞાન, અનુવૃત્તિ, અનેક સંદર્ભ ગ્રંથોને આધારે તૈયાર કરાયેલ અભિનવ ટીકા, સૂત્રસંદર્ભ, સૂત્રપદ્ય, સૂત્રનિષ્કર્ષ જેવા દશ વિભાગો છે.

પ્રત્યેક અધ્યાયને અંતે સૂત્રક્રમ, અકારાદિ ક્રમ, શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદ જેવા પરિશિષ્ઠો તથા દશમા અધ્યાયના પુસ્તકમાં અંતે શબ્દસૂચિ, વિષયસૂચિ, સંબંધકારિકા જેવા ઉપયોગી પરિશિષ્ઠો છે.

o તત્ત્વાર્થ સૂત્રના આગમ આધાર સ્થાનો. ૧

– આ સંશોધન કક્ષાનું એક વિશિષ્ટ પુસ્તક છે. જેમાં તત્ત્વાર્થ સૂત્રના પ્રત્યેક સૂત્રનો મૂળ આગમમાંથી ઉપલબ્ધ સંદર્ભ, સંદર્ભ પાઠ, સંદર્ભ સ્થળનો ઉલ્લેખ છે. તેમજ શ્વેતામ્બર-દિગમ્બર પાઠભેદની તાલિકા અને વિશ્લેષણ છે.

**(૪) આરાધના સાહિત્ય :-** 3

o સમાધિમરણ :-

અંત સમયે અને ભાવિ ગતિ સુધારવા માટે મરણ સમયે ચિત્તની સમાધિ જળવાય રહે તેવી આરાધના વિધિ, આરાધના સૂત્રો, આરાધના પદ્યો, આરાધના પ્રસંગો વગેરે સાત વિભાગોમાં આ ગ્રંથ સર્જેલો છે.

o સાધુ અંતિમ આરાધના

o શ્રાવક અંતિમ આરાધના

સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાઓનો અંત સમય સુધારવા માટે નિત્ય કરવાની એવી આ આરાધના છે, મૂળ પ્રાકૃત અને સંસ્કૃતમાં ગ્રંથસ્થ થયેલ આ વિધિને સરળ ગુજરાતીમાં રજૂ કરેલ છે. પંચાંગના કદની આ પુસ્તિકા સાથે રાખવી પણ સરળ છે.

**(૫) વિધિ સાહિત્ય :-** 3

o દીક્ષા-યોગાદિ વિધિ

o વિધિ સંગ્રહ ભાગ-૧

o સાધુ-સાધ્વી કાળધર્મ વિધિ

**(૬) પૂજન સાહિત્ય :-** ૧

o આગમ મહાપૂજન વિધિ-*જેની નોંધ આગમ વિભાગમાં છે.*

o પાર્શ્વ પદ્માવતી પૂજનવિધિ

**(૭) યંત્ર સંયોજન :-**

o ૪૫-આગમ યંત્ર

o વિંશતિ સ્થાનક યંત્ર

**(૮) જિનભક્તિ સાહિત્ય :-** ૯

- चैत्यवन्दन पर्वमाला
- चैत्यवन्दनसंग्रह-तीर्थजिन विशेष
- चैत्यवन्दन चोविसी
- ચૈત્યવંદન માળા

— આ એક સંપાદન ગ્રંથ છે. જેમાં પર્વદિન તથા પર્વતિથિના ચૈત્યવંદનો, ચોવિસ જિનની ચોવિસી રૂપ ચૈત્યવંદનો, વિવિધ તીર્થમાં બોલી શકાય તેવા અને જિનેશ્વર પરમાત્મા વિષયક વિવિધ બોલ યુક્ત એવા ૭૭૯ ચૈત્યવંદનોનો વિશાળ સંગ્રહ છે.

- શત્રુંજય ભક્તિ
- शत्रुञ्जय भक्ति
- સિદ્ધાચલનો સાથી - સિદ્ધાચલ ભાવયાત્રા, સ્તુતિ-ચૈત્યવંદનાદિ
- વીતરાગ સ્તુતિ સંચય-૧૧૫૧ ભાવવાહી સ્તુતિનો સંચય
- ચૈત્ય પરિપાટી

**(૯) પ્રકીર્ણ સાહિત્ય :-** ૯

- શ્રી નવકાર મંત્ર-નવ લાખ જાપ નોંધપોથી
- શ્રી ચારિત્ર પદ એક કરોડ જાપ નોંધપોથી
- અભિનવ જૈન પંચાંગ
- अभिनव जैन पञ्चाङ्ग
- અમદાવાદ જિનમંદિર-ઉપાશ્રય આદિ ડિરેક્ટરી
- બાર વ્રત પુસ્તિકા તથા અન્ય નિયમો
- શ્રી જ્ઞાનપદ પૂજા
- કાયમી સંપર્ક સ્થળ
- ચોઘડીયા તથા હોરા કાયમી સમયદર્શિકા

**(૧૦) સૂત્ર અભ્યાસ-સાહિત્ય :-** ૫

- જૈન એડ્યુકેશનલ સર્ટિફિકેટ કોર્સ
- પ્રતિક્રમણસૂત્ર અભિનવ વિવેચન ભાગ-૧ થી ૪

**આ રીતે અમારા ૩૦૧ પ્રકાશનો થયા છે.**

— x — x —

બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

નમો નમો નિમ્મલદંસણસ્સ

પ.પૂ. શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલ-સુધર્મસાગર ગુરૂભ્યો નમઃ

# -: ભાગ-૧૨ :-

# (૫) ભગવતી અંગ-સૂત્ર/૪

## અનુવાદ તથા ટીકાનુસારી વિવેચન

## ● ભૂમિકા :-

‘‘ભગવતી’’ એ પાંચમું આગમ છે. અંગસૂત્રોમાં ભગવતી એ પાંચમું અંગસૂત્ર છે. પ્રાકૃતમાં તે ભગવઈ નામે પ્રસિદ્ધ છે, તે ‘‘विवाहपन्नत्ति’’ કે ‘विवाह’ નામે પણ ઓળખાય છે. સંસ્કૃતમાં આ સૂત્ર भगवती અને व्याख्याप्रज्ञप्ति નામે ઓળખાય છે. વ્યવહારમાં તો ભગવતી-સૂત્ર નામે જ પ્રસિદ્ધ છે. આ સૂત્રનું એક જ શ્રુતસ્કંધ છે. તેમાં કુલ-૪૧ શતક છે. *[અધ્યયનને શતક નામે ઓળખે છે.]* આ શતકમાં પેટા વર્ગ કે પેટા શતક પણ છે. તેના પેટા ઉદ્દેશા પણ છે.

ભગવતી સૂત્રના મુખ્ય વિષય સ્વસમય, પરસમયની વિચારણા છે. ઈન્દ્રભૂતિ આદિ ગણધરો, કેટલાંક દેવો, શ્રાવક-શ્રાવિકાદિ અનેકના પૂછેલા પ્રશ્નો અને તેના ભગવંતે આપેલા ઉત્તરો છે. દ્રવ્યાનુયોગની મુખ્યતાવાળા આ આગમમાં બીજા ત્રણે અનુયોગો પણ છે. કર્મપ્રકૃતિનું પણ વર્ણન છે, મરણના ભેદ, સમુદ્ઘાત, અસ્તિકાય, ક્રિયા, પુદ્ગલ, વેદના, તમસ્કાય, પ્રત્યાખ્યાન, લોક, ભાષાદિ અનેક વિષયો છે.

આ આગમના મૂળસૂત્રોનો પૂર્ણ અનુવાદ અમે નોંધેલ છે, વિવેચનમાં ‘‘ટીકાનુસારી વિવેચન’’ શબ્દ અમે પસંદ કર્યો છે. પણ તેમાં વૃત્તિ સાથે ક્વચિત્ ભગવતી-ચૂર્ણિનો આધાર પણ લીધો છે. આ રીતે મુખ્યતાએ વૃત્તિનો અનુવાદ, ક્યાંક ચૂર્ણિના અંશો, ક્યાંક અન્ય સંદર્ભો નોંધ્યા છે, તો સામે પક્ષે વ્યાકરણ, ન્યાય, વાદો જેવી વસ્તુનો અનુવાદ અહીં વિવેચનમાં છોડી પણ દીધેલ છે. ત્યાં - x - x - એવી નિશાની કરેલ છે.

ભગવતી સૂત્ર અનુવાદ પાંચ ભાગોમાં મુદ્રિત થયો છે, છે. જેમાં આ ચોથો ભાગ છે. તેના ૧ થી ૧૨ શતકો ત્રણ ભાગમાં છપાયા છે.





## ❀ શતક-૧૩ ❀

— x — x —

૦ બારમાં શતકની વ્યાખ્યા કરી, તેમાં અનેક જીવાદિ પદાર્થો કહ્યા. તેરમાં શતકમાં પણ તે જ બીજા ભંગો વડે કહે છે - x -

● સૂત્ર-૫૬૩ :-

***પૃથ્વી, દેવ, અનંતર, પૃથ્વી, આહાર, ઉપપાત, ભાષા, કર્મ, અનગારમાં કેયાઘટિકા, સમુદ્ઘાત, તેરમાં શતકમાં આ દશ ઉદ્દેશાઓ છે.***

● વિવેચન-૫૬૩ :-

(૧) નરક પૃથ્વી વિષયક, (૨) દેવ પ્રરૂપણાર્થે, (૩) અનંતરાહારા નારકો ઈત્યાદિ, (૪) પૃથ્વી સંબંધી વક્તવ્યતા પ્રતિબદ્ધ, (૫) નારકાદિ આહારપ્રરૂપણાર્થે, (૬) નારકાદિ ઉપપાતાર્થે, (૭) ભાષાર્થે, (૮) કર્મપ્રકૃતિ પ્રરૂપણાર્થે, (૯) ભાવિતાત્મા અણગાર લબ્ધિ સામર્થ્યથી દોરડાથી બદ્ધ ઘડીને હાથમાં લઈને આકાશમાં જાય- ઈત્યાદિ અર્થ પ્રતિપાદન માટે. (૧૦) સમુદ્ઘાત-

● સૂત્ર-૫૬૪ થી ૫૬૬ :-

***[૫૬૪] રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! પૃથ્વીઓ કેટલી કહી છે ? ગૌતમ ! સાત — રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં કેટલા લાખ નરકાવાસ છે ? ગૌતમ ! ૩૦-લાખ. ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? ગૌતમ ! તે સંખ્યાત (યોજન) વિસ્તૃત પણ છે, અસંખ્યાત યોજન વિસ્તૃત પણ છે.***

***ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦-લાખ નરકાવાસમાં સંખ્યાત વિસ્તૃત નરકાવાસમાં એક સમયમાં (૧) કેટલા નૈરયિકો ઉત્પન્ન થાય છે ? (૨) કેટલા કાપોતલેશ્યી ? (૩) કેટલા કૃષ્ણપાક્ષિક, (૪) કેટલા શુક્લપાક્ષિક ? (૫) કેટલા સંજ્ઞી ? (૬) કેટલા અસંજ્ઞી ? (૭) કેટલા ભવસિદ્ધિક ?, (૮) કેટલા અભવસિદ્ધિક ? (૯) કેટલા આભિનિબોધિક જ્ઞાની ? (૧૦) કેટલા શ્રુતજ્ઞાની ? (૧૧) કેટલા અવધિજ્ઞાની ? (૧૨) કેટલા મતિઅજ્ઞાની ? (૧૩) કેટલા શ્રુત-અજ્ઞાની ? (૧૪) કેટલા વિભંગજ્ઞાની ? (૧૫) કેટલા ચક્ષુદર્શની ? (૧૬) કેટલા અચક્ષુદર્શની ? (૧૭) કેટલા અવધિદર્શની ? (૧૮) કેટલા આહારસંજ્ઞોપ-યુક્ત ? (૧૯) કેટલા ભયસંજ્ઞોપયુક્ત ? (૨૦) કેટલા મૈથુનસંજ્ઞોપયુક્ત ? (૨૧) કેટલા પરિગ્રહ સંજ્ઞોપયુક્ત ? (૨૨) કેટલા સ્ત્રીવેદક ? (૨૩) કેટલા પુરુષવેદક ? (૨૪) કેટલા નપુંસકવેદક ? (૨૫) કેટલા ક્રોધકષાયી (૨૬ થી ૨૮) યાવત્ કેટલા લોભકષાયી ? (૨૯ થી ૩૪) કેટલા શ્રોત્રેન્દ્રિયોપયુક્ત યાવત્ સ્પર્શનેન્દ્રિયોપયુક્ત ? (૩૪) કેટલા નોઈન્દ્રિયોયુક્ત ? (૩૫ થી ૩૭) કેટલા મનોયોગી યાવત્ કાયયોગી ? (૩૮) કેટલા સાકારોપયુક્ત ? (૩૯) કેટલા અનાકારોપયુક્ત ? (આ બધાં) કેટલા ઉપજે છે ?.***

***હે ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસમાં સંખ્યાત યોજન વિસ્તારવાળા નરકોમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા***

નૈરયિકો ઉપજે છે. - - જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કાપોતલેશ્યી ઉપજે છે. - - જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કૃષ્ણપાક્ષિક ઉપજે છે. એ પ્રમાણે શુક્લપાક્ષિક, સંજ્ઞી, અસંજ્ઞી, ભવસિદ્ધિક, અભવસિદ્ધિક યાવત્ વિભંગજ્ઞાની ઉપજે છે.

ચક્ષુદર્શની ઉત્પન્ન થતાં નથી, અચક્ષુદર્શની એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટા સંખ્યાતા ઉપજે છે. એ પ્રમાણે અવધિજ્ઞાની, આહારસંજ્ઞોપયુક્ત યાવત્ પરિગ્રહસંજ્ઞોપયુક્ત ઉપજે છે. સ્ત્રીવેદી અને પુરુષવેદી ઉત્પન્ન થતાં નથી, નપુંસકવેદક એક, બે કે ત્રણ જઘન્યથી અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. એ પ્રમાણે ક્રોધકષાયી યાવત્ લોભકષાયી ઉપજે છે. શ્રોત્રેન્દ્રિયથી સ્પર્શનેન્દ્રિય ઉપયુક્ત ઉપજતા નથી. નોઈન્દ્રિયોપયુક્ત જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. મનોયોગી, વચનયોગી ઉપજતા નથી, કાયયોગી જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટતા સંખ્યાતા ઉપજે છે. આ પ્રમાણે સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ જાણવા.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં કેટલાં નૈરયિકો ઉદ્વર્તે ? કેટલાં કાપોતલેશ્યી ઉદ્વર્તે યાવત્ કેટલા અનાકારોપયુક્ત ઉદ્વર્તે ?

ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટતી સંખ્યાત નૈરયિક ઉદ્વર્તે છે. એ પ્રમાણે યાવત્ સંજ્ઞી, અસંજ્ઞી ઉદ્વર્તતા નથી. ભવસિદ્ધિક, જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે, એ પ્રમાણે યાવત્ શ્રુતઅજ્ઞાની. વિભંગજ્ઞાની ઉદ્વર્તતા નથી. ચક્ષુદર્શની ઉદ્વર્તતા નથી. અચક્ષુદર્શની જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. એ રીતે લોભકષાયી સુધી જાણવું.

શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય ઉપયુક્ત ઉદ્વર્તતા નથી. નોઈન્દ્રિય ઉપયુક્ત જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉદ્વર્તે છે. મનોયોગી, વચનયોગી ઉદ્વર્તતા નથી. કાયજોગી જઘન્યથી એક, બે કે ત્રણ ઉત્કૃષ્ટથી સંખ્યાતા ઉપજે છે. એ રીતે સાકાર, અનાકાર ઉપયુક્ત પણ જાણવા.

ભગવન્ ! આ રત્નપ્રભાના ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં કેટલા નારકો કહ્યા છે ? કેટલા કાપોતલેશ્યી યાવત્ કેટલા અનાકારોપયુક્ત કહ્યા છે ? કેટલા અનંતરોપપન્નક, પરંપરોપન્નક છે ? કેટલા અનંતરાવગાઢ, પરંપરાવગાઢ છે ? કેટલા અનંતરાહારા, પરંપરઆહારા છે ? કેટલા અનંતર પર્યાપ્તા, પરંપર પર્યાપ્તા છે ? કેટલા ચરિમ, કેટલા અચરિમ કહ્યા છે ? [૩૯ + ૧૦ = ૪૯ પ્રશ્નો]

ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં સંખ્યાત નૈરયિકો છે. સંખ્યાતા કાપોતલેશ્યી યાવત્ સંખ્યાતા સંજ્ઞી છે, અસંજ્ઞી કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે, ત્રણ અને



ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય. સંખ્યાતા ભવસિદ્ધિક યાવત્ સંખ્યાતા પરિગ્રહસંજ્ઞોપયુક્ત છે. સ્ત્રીવેદક, પુરુષવેદક નથી, સંખ્યાતા નપુંસકવેદક છે, એ પ્રમાણે ક્રોધકષાયી અને માનકષાયીને અસંજ્ઞીવત્ જાણવા. મનોયોગી યાવત્ અનાકારોપયુક્ત સંખ્યાતા જાણવા. અનંતરોપપન્નક કદાચ હોય, કદાચ ન હોય, જો હોય તો તેને અસંજ્ઞીવત્ જાણવા. પરંપરોપપન્નક નૈરયિક સંખ્યાતા છે. એ રીતે જેમ અનંતરોપપન્નક કહ્યા, તેમ અનંતરાવગાઢ જાણવા. અનંતરાહારક, અનંતર પર્યાપ્તક, પરંપરાવગાઢ યાવત્ અચરિમ બધાં સંખ્યાતા છે.

ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦-લાખ નરકાવાસોમાં અસંખ્યાત યોજન વિસ્તૃત નારકોમાં એક સમયમાં કેટલા નૈરયિકો ઉપજે છે ? યાવત્ કેટલા અનાકારોપયોગ નૈરયિક ઉપજે છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરકાવાસોમાં અસંખ્ય વિસ્તૃત નરકોમાં એક સમયમાં જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી અસંખ્યાતા નૈરયિકો ઉત્પન્ન થાય છે, એ પ્રમાણે જેમ સંખ્યાત યોજન વિસ્તૃતના ત્રણ આલાવા કહ્યા, તેમ અસંખ્યાત વિસ્તારવાળા ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે સંખ્યાતને બદલે અસંખ્યાત કહેવું, બાકી પૂર્વવત્ યાવત્ અસંખ્યાત અચરમ કહ્યા છે, લેશ્યામાં વિભિન્નતા છે. 'લેશ્યા'ને શતક-૧-માફક કહેવી, વિશેષ એ કે સંખ્યાત વિસ્તૃત અને અસંખ્યાત વિસ્તૃતમાં અવધિજ્ઞાની, અવધિદર્શની સંખ્યાત જ ઉદ્વર્તે. બાકી પૂર્વવત્.

ભગવન્ ! શર્કરાપ્રભાપૃથ્વીમાં કેટલા નરકાવાસો છે ? પ્રશ્ન. ગૌતમ ! ૨૫-લાખ નરકાવાસ. - - ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? એ પ્રમાણે રત્નપ્રભાની માફક શર્કરાપ્રભા પણ કહેવી. વિશેષ એ કે — આ ત્રણે ગમમાં અસંજ્ઞી ન કહેવા.

વાલુકાપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! ૧૫-લાખ નરકાવાસો છે. બાકી શર્કરાપ્રભાવત્. લેશ્યાઓમાં ભેદ છે, તે પ્રથમ શતકવત્ છે.

પંકપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! દશ લાખ નરકાવાસ. એ પ્રમાણે શર્કરાપ્રભાવત્. વિશેષ આ - અવધિજ્ઞાની-અવધિદર્શની ઉદ્વર્તતા નથી.

ધૂમપ્રભા વિશે પૃચ્છા. ગૌતમ ! ત્રણ લાખ નરકાવાસ.

તમા વિશે પૃચ્છા. - x - ગૌતમ ! પાંચ ન્યૂન એક લાખ નરકાવાસ કહ્યા છે. બાકી પંકપ્રભાવત્ જાણવું.

ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં અનુત્તર અને કેટલા મોટા મહાનરકાવાસ કહ્યા છે ? ગૌતમ ! પાંચ અનુત્તર, અપ્રતિષ્ઠાન પર્યન્ત. ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે કે અસંખ્યાત ? એક સંખ્યાત વિસ્તૃત, બાકી ચારે અસંખ્યાત વિસ્તૃત. ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તરોમાં મહા મોટા યાવત્ મહાનરકોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં એક સમયમાં કેટલા નૈરયિક ઉત્પન્ન થાય છે, ઈત્યાદિ પ્રશ્ન. પંકપ્રભા મુજબ જાણવું. વિશેષ આ - ત્રણ જ્ઞાનવાળા ઉત્પન્ન થતાં નથી કે ઉદ્વર્તતા નથી. બાકી બધું પૂર્વવત્ કહેવું, એ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં પણ કહેવું, અસંખ્યાત કહેવા.

*[૫૬૫] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦-લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં સમ્યગ્દૃષ્ટિ નરકો ઉપજે છે, મિથ્યાદૃષ્ટિ નરકો ઉપજે છે કે સમ્યગ્મિથ્યાદૃષ્ટિ નૈરયિકો ઉપજે છે ? ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ ઉપજે, પણ મિશ્રદૃષ્ટિ નહીં.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકોમાં શું સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો ઉદ્વર્તે છે, આદિ પૃચ્છા. પૂર્વવત્ - - ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ૩૦ લાખ નરકાવાસોમાં સંખ્યાત વિસ્તૃત નરકો શું સમ્યગ્દૃષ્ટિ નૈરયિકોથી અવિરહિત છે, મિથ્યાદૃષ્ટિઓથી કે મિશ્રદૃષ્ટિઓથી અવિરહિત છે ? ગૌતમ ! સમ્યગ્ અને મિથ્યાદૃષ્ટિથી અવિરહિત છે, મિશ્રદૃષ્ટિથી કદાચિત્ અવિરહિત, કદાચિત્ વિરહિત હોય. આ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા કહેવા. 'શર્કરાપ્રભા'થી 'તમા' સુધી કહેવું.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તરોમાં યાવત્ સંખ્યાત વિસ્તૃત નરકોમાં સમ્યગ્દૃષ્ટિ નૈરયિકો ઉત્પન્ન થાય ? ગૌતમ ! સમ્યગ્દૃષ્ટિ અને મિશ્ર ન ઉપજે, મિથ્યાદૃષ્ટિ ઉપજે. એ પ્રમાણે ઉદ્વર્તેમાં જાણવું. અવિરહિત, રત્નપ્રભા મુજબ છે, એ રીતે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા જાણવા.*

*[૫૬૬] ભગવન્ ! શું કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કૃષ્ણલેશ્યી નરકોમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! - x - થાય. ભગવન્ ! એમ કેમ કહો છો ? - x - ગૌતમ ! લેશ્યા સ્થાન સંક્લેશને પામતા-પામતા કૃષ્ણલેશ્યામાં પરિણમે છે, પછી કૃષ્ણલેશ્યા નૈરયિકોમાં ઉપજે છે, તેથી.*

*ભગવન્! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ નીલલેશ્યી નૈરયિકોમાં ઉપજે? હા, ગૌતમ! યાવત્ ઉપજે છે. ભગવન્! એમ કેમ કહ્યું? ગૌતમ! લેશ્યા સ્થાનમાં સંક્લેશ પામતા પામતા અને વિશુદ્ધ્યમાન થતાં નીલલેશ્યામાં પરિણમે છે, પછી નીલલેશ્યી નૈરયિકોમાં ઉપજે છે, તેથી હે ગૌતમ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કાપોતલેશ્યી નૈરયિકોમાં ઉપજે છે ? નીલલેશ્યા માફક કાપોતલેશ્યામાં પણ કહેવું યાવત્ ઉપજે છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૫૬૪ થી ૫૬૬ :-**

રત્નપ્રભા પૃથ્વીમાં કાપોતલેશ્યી જ ઉત્પન્ન થાય, કૃષ્ણલેશ્યી આદિ નહીં, તેથી કાપોતલેશ્યાને આશ્રીને પ્રશ્ન કર્યો છે.

કૃષ્ણપાક્ષિકાદિનું લક્ષણ - જેનો અપાર્ધ પુદ્ગલ પરાવર્ત શેષ સંસાર છે, તે શુક્લપાક્ષિક છે, તેથી વધુ હોય તે કૃષ્ણપાક્ષિક. ઈન્દ્રિય ત્યાગથી ઉત્પત્તિ કહી, તેથી ચક્ષુદર્શની ઉત્પન્ન થતાં નથી, તો અચક્ષુર્દર્શની કઈ રીતે ઉપજે ? ઈન્દ્રિયોને આશ્રીને સામાન્ય ઉપયોગ માત્રના અચક્ષુર્દર્શન શબ્દના ઉત્પાદ સમયે પણ ભાવથી અચક્ષુર્દર્શની ઉપજે છે, તેમ કહ્યું. ભવપ્રત્યય નપુંસકવેદથી સ્ત્રી-પુરુષવેદી ન ઉપજે.

શ્રોત્રાદિ ઉપયુક્ત ન ઉપજે, ઈન્દ્રિયોનો તેઓમાં અભાવ છે. નોઈન્દ્રિય-મન, તેમાં જો કે મનઃપર્યાપ્તિ અભાવે દ્રવ્ય મન નથી. તો પણ ભાવમન, ચૈતન્ય રૂપનો



સદા ભાવ હોવાથી તેનાથી ઉપયુક્તની ઉત્પત્તિથી નોઈન્દ્રિયોયુક્ત ઉત્પન્ન થાય છે, તેમ કહ્યું, મનોયોગી અને વાગ્યોગી ન ઉપજે, ઉત્પત્તિ સમયે અપર્યાક્તત્વથી મન, વાચાનો અભાવ હોય છે, સર્વ સંસારીને કાયયોગ હંમેશા હોય, તેથી તે ઉપજે.

હવે રત્નપ્રભા નારકોની જ ઉદ્વર્તના કહે છે — પરભવમાં પ્રથમ સમયે ઉદ્વર્તના હોય છે. તે નારકોમાં અસંજ્ઞીમાં ઉત્પન્ન ન થાય, તેથી "અસંજ્ઞી થઈને ન ઉદ્વર્તે તેમ કહ્યું. એ રીતે વિભંગજ્ઞાની ન ઉદ્વર્તે તે કહેવું, બાકીના પદો 'ઉત્પાદવત્' કહેવા. - x -

અહીં રત્નપ્રભા નારકોના ઉત્પાદ અને ઉદ્વર્તનામાં પરિણામ કહ્યા. હવે તે અંગે જ કહે છે — પ્રથમ સમયોત્પન્ન કેટલા છે ? ઉત્પત્તિ સમય અપેક્ષાથી બીજા આદિ સમયોમાં વર્તમાન કેટલા છે ? એ રીતે વિવક્ષિત સમયે પ્રથમ સમય અવગાઢ, દ્વિતિયાદિ સમયે અવગાઢ (લેવા). નારક ભવોમાં જેને છેલ્લો ભવ છે, તે ચરમ અથવા નારક ભવના ચરમ સમયમાં વર્તમાન, બાકીના અચરમ જાણવા. અસંજ્ઞીમાંથી મરીને જે નારકત્વથી ઉત્પન્ન છે, તે અપર્યાપ્તકાવસ્થામાં અસંજ્ઞી, ભૂતભાવથી છે, તે અલ્પ છે માટે "કદાચ હોય" તેમ કહ્યું. માન, માયા, લોભ કષાયોપયુક્ત, નોઈન્દ્રિયોપયુક્ત, અનંતરોપપન્ન, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્તકોને કદાચિત્પણાથી સિયઅત્થિ કહેવું. બાકીનાને બહુત્વથી અસંખ્યાતા કહેવા.

સંખ્યાત વિસ્તૃત નરકાવાસ નારક વક્તવ્યતા કહી, હવે તેથી વિપરીત વક્તવ્યતા કહે છે — इमीसे णं० આદિ - x - અસંજ્ઞી ત્રણે આલાવામાં ન કહેવા. કેમકે - તે પહેલીમાં જ ઉત્પન્ન થાય છે. - x - લેશ્યામાં વૈવિધ્ય કહ્યું છે, તે પહેલા શતક માફક કહેવું. તેમાં સંગ્રહ ગાથા આ પ્રમાણે - પહેલી બે માં કાપોત લેશ્યા, ત્રીજીમાં મિશ્ર, ચોથીમાં નીલ, પાંચમીમાં મીશ્ર કૃષ્ણા, પછી પરમ કૃષ્ણા.

અવધિજ્ઞાની, અવધિદર્શની ઉપજતા નથી, કેમ? તેઓ પ્રાયઃ તીર્થંકરો જ છે, તેઓ ચોથીમાંથી ઉદ્વર્તીને ઉત્પન્ન થતા નથી. અહીં યાવત્ અપ્રતિષ્ઠાન કહ્યું, તેથી કાળ, મહાકાળ, રૌરવ, મહારૌરવ ચારે લેવા. અહીં મધ્યમ નરકાવાસ જ સંખ્યાત વિસ્તૃત છે. - x - સમ્યક્ત્વભ્રષ્ટોનો જ તેમાં ઉત્પાદ છે, પછી આદ્ય ત્રણ જ્ઞાનવાળા ઉત્પન્ન થતાં નથી કે ઉદ્વર્તતા નથી. આ પાંચ નરકાવાસમાં મતી શ્રુતજ્ઞાની હોતા નથી. ત્યાં ઉત્પન્ન થયેલને સમ્યગ્દર્શન અભાવે આભિનિબોધિકાદિ ત્રણે જ્ઞાનનો અભાવ હોય છે.

હવે રત્નપ્રભાદિ નારકવક્તવ્યતામાં જ સમ્યગ્દૃષ્ટિને આશ્રીને કહે છે — સમ્યગ્મિથ્યાદૃષ્ટિ ઉપજતા નથી, કેમકે "સમ્યગ્મિથ્યાદૃષ્ટિ કાળ ન કરે" એ વચનથી મિશ્રદૃષ્ટિ ન મરે, તેઓને ભવપ્રત્યય અવધિજ્ઞાન પણ ઉત્પન્ન ન થાય. તેઓનો કદાચિત્ વિરહ સંભવે છે.

હવે બીજા પ્રકારના ભંગથી નારક વક્તવ્યતા કહે છે - से नूनं० આદિ. લેશ્યાભેદોમાં અવિશુદ્ધિમાં જતા, કૃષ્ણલેશ્યામાં જાય છે. આદિ. પ્રશસ્ત લેશ્યા સ્થાનોમાં અવિશુદ્ધિમાં જતા અને અપ્રશસ્ત લેશ્યા સ્થાનોમાં વિશુદ્ધિમાં જતા, નીલલેશ્યામાં પરિણામે છે, એ ભાવ છે.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૨, "દેવ" ❀

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧-માં નારકો કહ્યા, ઔપપાતિક સાધર્મ્યથી બીજા ઉદ્દેશામાં 'દેવો' કહે છે. આ સંબંધથી આવેલ સૂત્ર –

● સૂત્ર-૫૬૭ :-

*ભગવન્ ! દેવો કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર પ્રકારે છે - ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક. - - ભગવન્ ! ભવનવાસી દેવો કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે. અસુરકુમારાદિ, જેમ બીજા શતકમાં દેવ ઉદ્દેશકમાં કહ્યા, તેમ સર્વાર્થસિદ્ધક સુધી જાણવા.*

*ભગવન્ ! અસુરકુમારાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! ૬૪-લાખ છે. ભગવન્ ! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત ? ગૌતમ ! બંને છે - - ભગવન્ ! ૬૪-લાખ અસુરકુમારાવાસના સંખ્યાત યોજન વિસ્તૃત અસુર કુમારાવાસમાં એક સમયમાં કેટલા અસુરકુમારો ઉપજે ? યાવત્ કેટલા તેઉલેશ્યી ઉપજે ?, કેટલાં કૃષ્ણપાક્ષિકો ઉપજે. એ પ્રમાણે રત્નપ્રભામાં છે તેમ જ પૂછવું, તેમજ કહેવું. વિશેષ એ કે - બે વેદે ઉપજે, નપુંસકવેદક ન ઉપજે. બાકી પૂર્વવત્. ઉદ્વર્તના પણ તે પ્રમાણે જ છે. વિશેષ એ કે અસંજ્ઞી ઉદ્વર્તે. અવધિજ્ઞાની - અવધિદર્શની ન ઉપજે. બાકી પૂર્વવત્. સત્તાના વિષયમાં પણ પૂર્વવત્. વિશેષ એકે-સંખ્યાતા સ્ત્રીવેદક કહ્યા, એ રીતે પુરુષવેદક પણ છે, નપુંસકવેદક નથી.*

*– ક્રોધ કષાયી કદાચ હોય, કદાચ ન હોય. જો હોય તો જઘન્યથી એક, બે કે ત્રણ હોય. ઉત્કૃષ્ટથી સંખ્યાતા હોય. એ પ્રમાણે માની, માયી જાણવા. લોભકષાયી સંખ્યાતા જાણવા, બાકી પૂર્વવત્ છે. ત્રણે આલાવામાં સંખ્યાત યોજનમાં ચાર લેશ્યાઓ કહેવી. એ પ્રમાણે અસંખ્યાત વિસ્તૃતમાં પણ છે, વિશેષ એ કે – ત્રણે આલાવામાં અસંખ્યાતા કહેવા યાવત્ અસંખ્યાતા અચરિમો કહેવા.*

*ભગવન્ ! નાગકુમારાવાસ કેટલા છે ? એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમારો કહેવા. વિશેષ એ કે - જ્યાં જેટલા હોય તે કહેવા.*

*ભગવન્ ! વ્યંતરાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! અસંખ્યાત. ભગવન્ ! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત વિસ્તૃત ? ગૌતમ ! સંખ્યાત વિસ્તૃત છે, અસંખ્યાત નહીં. - - ભગવન્ ! સંખ્યાત વિસ્તૃત વ્યંતરાવાસમાં એક સમયમાં કેટલા વ્યંતરો ઉપજે છે ? એ રીતે જેમ સંખ્યાત વિસ્તૃત અસુરકુમારાવાસમાં ત્રણ આલાવા છે, તેમ કહેવા. વ્યંતરોના પણ ત્રણ આલાવા કહેવા.*

*ભગવન્ ! જ્યોતિષ્ક વિમાનાવાસ કેટલાં લાખ છે ? ગૌતમ ! અસંખ્યાત છે. ભગવન્ ! તે સંખ્યાત યોજન વિસ્તૃત છે ? એ રીતે વ્યંતરની માફક જ્યોતિષ્કના પણ ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે - એક તેજોલેશ્યા જ હોય. ઉદ્વર્તનાદિમાં અસંજ્ઞી હોતા નથી. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? ગૌતમ ! ૩૨-લાખ. ભગવન્ ! તે સંખ્યાતયોજન વિસ્તૃત છે, અસંખ્યાત યોજન ? ગૌતમ ! બંને છે. ભગવન્ ! સૌધર્મકલ્પના સંખ્યાતવિસ્તૃત ૩૨-લાખ વિમાનાવાસમાં એક સમયમાં કેટલા સૌધર્મ દેવો ઉપજે છે ? કેટલે તેજોલેશ્યી ઉપજે છે ? એ રીતે જ્યોતિષ્કની માફક ત્રણ આલાવા કહેવા. વિશેષ એ કે – ત્રણેમાં સંખ્યાતા કહેવા. અવધિજ્ઞાની અવધિદર્શનીનું ચ્યવન પણ કહેવું, બાકી પૂર્વવત્. અસંખ્યાત વિસ્તૃતમાં પણ આ રીતે ત્રણ આલાવા કહેવા. માત્ર ત્રણે આલાવામાં અસંખ્યાત કહેવા. અવધિ જ્ઞાની-દર્શની સંખ્યાતા ચ્યવે છે, બાકી પૂર્વવત્.*

*સૌધર્મ માફક ઈશાનમાં પણ છ આલાવાઓ કહેવા. સનત્કુમારમાં પણ એ પ્રમાણે છે, માત્ર સ્ત્રી વેદક ત્યાં નથી ઉપજતા, તેની સત્તા નથી, માટે ન કહેવા. અસંજ્ઞી ત્રણે આલાવામાં ન કહેવા. બાકી પૂર્વવત્. એ પ્રમાણે સહસ્રાર સુધી કહેવું. વિમાન અને લેશ્યામાં વિવિધતા છે.*

*ભગવન્ ! આનત-પ્રાણતમાં કેટલા સો વિમાનો છે ? ગૌતમ ! ૪૦૦ છે. તે વિમાનાવાસ સંખ્યાત વિસ્તૃત છે ઈત્યાદિ ? ગૌતમ ! બંને છે. સંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા સહસ્રાર મુજબ કહેવા. અસંખ્યાત વિસ્તૃતમાં ઉત્પન્ન થાય છે અને ચ્યવે છે તેમાં સંખ્યાત કહેવા, સત્તામાં અસંખ્યાત કહેવું. વિશેષ એ કે - નોઈન્દ્રિય-ઉપયુક્ત, અનંતરોપપન્નક, અનંતરાવગાઢ, અનંતરાહારક, અનંતર પર્યાપ્તક, આ બધામાં જઘન્યથી એક, બે, ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા કહ્યા છે, બાકીનામાં અસંખ્યાતા કહેવા. આરણ-અચ્યુતમાં આનત-પ્રાણત માફક કહેવું. વિમાનમાં વૈવિધ્ય છે. એ રીતે ગ્રૈવેયકમાં છે.*

*અનુત્તર વિમાનો કેટલા છે? ગૌતમ! પાંચ. ભગવન્! તે સંખ્યાત વિસ્તૃત છે કે અસંખ્યાત વિસ્તૃત? ગૌતમ! એક સંખ્યાત વિસ્તૃત છે, બાકીના અસંખ્યાત વિસ્તૃત છે. ભગવન્! પાંચે અનુત્તર વિમાનમાં જે સંખ્યાત વિસ્તૃત વિમાન છે, તેમાં એક સમયમાં કેટલા અનુત્તરોપપાતિક દેવો ઉપજે છે? કેટલા શુક્લલેશ્યી ઉપજે છે? પ્રશ્ન તે પ્રમાણે જ ગૌતમ! સંખ્યાત વિસ્તૃત વિમાનમાં એક સમયમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી સંખ્યાતા દેવો ઉપજે છે, એ રીતે જેમ ગ્રૈવેયક વિમાનમાં સંખ્યાત વિસ્તૃતમાં કહ્યું તેમ, વિશેષ આ-કૃષ્ણપાક્ષિક, અભવસિદ્ધિક, ત્રણ અજ્ઞાનવાળા, આ બધાં ન ઉપજે, ન ચ્યવે, ન સત્તાથી કહેવા, અચરમનો પણ નિષેધ કરવો યાવત્ સંખ્યાત ચરમ કહ્યા છે. બાકી પૂર્વવત્. અસંખ્યાત વિસ્તૃતમાં પણ આ ન કહેવા. માત્ર તેમાં અચરમ હોય છે. બાકીનું અસંખ્યાત વિસ્તૃત ગ્રૈવેયક મુજબ યાવત્ અચરમો કહ્યા છે, સુધી કહેવું.*

*ભગવન્ ! ૬૪-લાખ અસુરકુમારાવાસમાં સંખ્યાતવિસ્તૃત અસુરકુમારવાસોમાં શું સમ્યગ્દૃષ્ટિ અસુરકુમારો ઉપજે, મિથ્યાદૃષ્ટિ ઉપજે, એ રીતે રત્નપ્રભા મુજબના ત્રણ આલાવા કહેવા. એ રીતે અસંખ્યાત વિસ્તૃતમાં ત્રણ આલાવા કહેવા. એ રીતે યાવત્ ગ્રૈવેયકમાં, અનુત્તર વિમાનમાં પણ કહેવું. ત્રણે આલાવામાં મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ ન કહેવા. બાકી પૂર્વવત્ જાણવું.*

*ભગવન્ ! કૃષ્ણલેશ્યી, નીલલેશ્યી યાવત્ શુક્લલેશ્યી થઈને જીવ કૃષ્ણલેશ્યી દેવોમાં ઉપજે ? હા, ગૌતમ ! એ રીતે નૈરયિકોમાં પહેલા ઉદ્દેશામાં*

*કહ્યા મુજબ કહેવું. નીલલેશ્યી પણ નૈરયિકવત્ કહેવા, એ રીતે યાવત્ પદ્મલેશ્યી, શુક્લલેશ્યી કહેવા. વિશેષ આ - લેશ્યા સ્થાન વિશુદ્ધ થતાં થતાં શુક્લલેશ્યામાં પરિણમે છે, પછી શુક્લલેશ્યી દેવોમાં ઉત્પન્ન થાય છે. તેથી પૂર્વવત્ કહ્યું છે. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● **વિવેચન-૫૬૭ :-**

સંખ્યાતવિસ્તૃતાદિ૦ - અહીં ગાથા છે - જે સર્વે નાના ભવનો જંબૂદ્વીપ સમાન હોય છે. તેમાં મધ્યમના સંખ્યેય વિસ્તૃત છે, બાકીના અસંખ્યેય વિસ્તૃત છે. - - સ્ત્રી અને પુરુષ વેદમાં જ ઉત્પન્ન થાય છે. તેમાં તે બેનો જ સદ્ભાવ છે. અસુરાદિથી ઈશાનાંત દેવોમાં પૃથ્વી આદિમાંથી અસંજ્ઞીઓ પણ ઉપજે છે માટે અસંજ્ઞીની ઉત્પત્તિ કહી.

અવધિ જ્ઞાની, અવધિદર્શની ન ઉપજે, અસુરાદિમાં ઉદ્વૃત્તને તીર્થંકરાદિત્વનો લાભ ન થાય, તીર્થંકરાદિમાં અવધિવાળા ઉદ્વર્તે છે. પ્રજ્ઞપ્ત પદ ઉપલક્ષિત આલાવો પહેલા ઉદ્દેશા મુજબ અસુરોમાં કહેવો.

ક્રોધ, માન, માયા, કષાય ઉદયવાન્ દેવોમાં કદાચિત્ક કહ્યું લોભ કષાયોદયવાળા સાર્વદિક હોવાથી સંખ્યાતા લોભકષાયી કહેવા. ત્રણે પણ આલાવામાં ચાર લેશ્યા-તેજોલેશ્યાંતા કહેવા. આ અસુરકુમાર આદિને હોય છે. જે નિકાયમાં જેટલા ભવન લક્ષણો છે, તેટલા તેમાં કહેવા. જેમકે અસુરોમાં ૬૪, નાગકુમારોમાં-૮૪, સુવર્ણકુમારોમાં ૭૨, વાયુકુમારોમાં ૯૬, દ્વીપ-દિક્-ઉદધિ-વિદ્યુત-સ્તનીતાદિમાં પ્રત્યેકમાં ૬૭-૬૭ લાખ ભવનો છે.

વ્યંતર સૂત્રમાં સંખ્યાત વિસ્તૃતમાં આ ગાથા છે - ઉત્કૃષ્ટથી જંબૂદ્વીપ સમાન તે નગરો છે, ક્ષુદ્રથી ભરત સમાન, મધ્યમથી વિદેહ સમાન છે. - - જ્યોતિષ્ક સૂત્રમાં સંખ્યાત વિસ્તૃત વિમાન આવાસ છે. - x - ગ્રંથ વડે માપવા. અહીં એક તેજોલેશ્યા જ કહેવી. વ્યંતરમાં અસંજ્ઞી ઉપજે છે, અહીં તેનો નિષેધ છે, એ વિશેષ જાણવું. ઉત્પાદનો અભાવ હોવાથી અહીં સત્તામાં પણ તેનો નિષેધ છે.

સૌધર્મ સૂત્રમાં - જેથી તીર્થંકરાદિ થાય, તેથી અવધિજ્ઞાની આદિ ચ્યવીને કહ્યું. સંખ્યાતનો જ તીર્થંકર આદિમાં ઉત્પાત હોવાથી અવધિજ્ઞાની, અવધિદર્શની સંખ્યાતા ચ્યવે છે, તેમ કહ્યું.

ઉત્પાદાદિ ત્રણ, સંખ્યાત વિસ્તૃતને આશ્રીને અને ત્રણ અસંખ્યાત વિસ્તૃત આશ્રીને એમ છ આલાવા થાય. સનત્કુમારાદિમાં સ્ત્રીઓ ઉત્પન્ન ન થાય, ન ઉદ્વર્તે. તેમાં સંજ્ઞીમાંથી ઉત્પન્ન થઈને ચ્યવીને સંજ્ઞીમાં જ જાય, સહસ્રારાંત સુધી તિર્યંચો ઉપજે છે, તેથી અસંખ્યાતોને ત્રણે આલાવામાં કહ્યા. તેમાં વિમાનોમાં વૈવિધ્ય કહ્યું, તે બત્રીશ, અઠ્ઠાવીશ આદિ. લેશ્યામાં અનુક્રમે તેજો, તેજો, તેજો અને પદ્મ, પદ્મ, પદ્મ અને શુક્લ, શુક્લ અને પછી બધે પરમ શુક્લ જાણવી.

આનતાદિમાં ઉત્પાદ, અવસ્થાન અને ચ્યવનમાં સંખ્યાત વિસ્તૃત વિમાનોમાં સંખ્યાત જ થાય છે. અસંખ્યાત વિસ્તૃતમાં પણ ઉત્પાદ અને ચ્યવન સંખ્યાત જ છે, કેમકે ગર્ભજ મનુષ્યોથી જ આનતાદિમાં ઉત્પાદ છે, તેઓ સંખ્યાતા છે, વળી ત્યાંથી ચ્યવીને પણ ગર્ભજ મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે, તેથી એક સમયમાં સંખ્યાતનો જ ઉત્પાદ અને ચ્યવન સંભવે છે, અવસ્થિતિ અસંખ્યાતની સંભવે.



પ્રજ્ઞપ્તક ગમમાં અસંખ્યાતા કહેવા, માત્ર નોઈન્દ્રિયોયુક્તાદિ પાંચ પદોમાં સંખ્યાતા જ છે. - x - x - પાંચ અનુત્તરોમાં મધ્યવિમાન સંખ્યાત યોજન વિસ્તૃત જાણવું. - - અહીં સમ્યગ્દૃષ્ટિનો જ ઉત્પાદ હોવાથી કૃષ્ણપાક્ષિકાદિ પદોનો નિષેધ છે. જેનો અનુત્તર દેવનો ચરમ ભવ છે, તે ચરમ અને બાકીના અચરમ, તેનો નિષેધ કર્યો છે. તેથી મધ્યમ વિમાનમાં 'ચરમો' જ ઉત્પન્ન થાય છે. પણ બાહ્ય ચાર વિમાનોમાં અચરમ ઉત્પન્ન થાય છે. ઈત્યાદિ - x -

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૩-"નૈરયિક" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૨-માં દેવ વક્તવ્યતા કહી, દેવો પ્રાયઃ પરિચારવાળા હોય છે, પરિચારણા નિરૂપણ માટે ત્રીજો ઉદ્દેશો કહે છે.

● **સૂત્ર-૫૬૮ :-**

*ભગવન્ ! નૈરયિકો અનંતરાહારક હોય, પછી નિર્વર્તના વડે૦ એ પ્રમાણે પરિચારણાપદ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! એમ જ છે.*

● **વિવેચન-૫૬૮ :-**

અનંતરાહારક - ઉપપાત ક્ષેત્ર પ્રાપ્તિ સમયે જ આહાર કરે છે. પછી શરીરોત્પત્તિ કરે. પરિચારણા પદ એ પ્રજ્ઞાપનાનું ૩૪-મું પદ છે તે આ રીતે — પછી પરિણત કરીને પરિણમાવીને પછી પરિચારણા, પછી વિકુર્વણા કરે ? હા, ગૌતમ ! ઈત્યાદિ. પછી પરિણત કરીને અર્થાત્ અંગ-પ્રત્યંગથી ચોરતફથી પામે, પામીને પરિણત ઈન્દ્રિયાદિ વિભાગથી, પછી શબ્દાદિ વિષયોપભોગ કરી વિવિધ રૂપ કરે.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૪-"પૃથ્વી" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં પરિચારણા કહી, તે નારકાદિને હોય છે. નારકાદિના અર્થને પ્રતિપાદન કરવા ઉદ્દેશો-૪ કહે છે.

● **સૂત્ર-૫૬૯ :-**

*ભગવન્ ! પૃથ્વીઓ કેટલી છે ? ગૌતમ ! સાત. તે આ - રત્નપ્રભા યાવત્ અધઃસપ્તમી. ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વીમાં પાંચ અનુત્તર મહા-મોટા યાવત્ અપ્રતિષ્ઠાન છે. તે નારકો છઠ્ઠી તમા પૃથ્વીના નારકોથી (૧) મહંતતર, (૨) મહા-વિસ્તીર્ણતર, (૩) મહાવાસતર, (૪) મહા પ્રતિરિક્તતર છે, પણ મહાપ્રવેશનતર નથી, આકીર્ણતર નથી, આઉલતર નથી, અણોયણતર નથી. તેમાં રહેલ નૈરયિકો છઠ્ઠી તમાપૃથ્વીના નૈરયિકોથી મહાકર્મતર, મહાક્રિયાવાળા, મહાશ્રવવાળા, મહાવેદનાવાળા છે, પરંતુ અલ્પકર્મવાળા, અલ્પક્રિયાવાળા, અલ્પ આશ્રવવાળા, અલ્પ વેદનાવાળા નથી. અલ્પ ઋદ્ધિવાળા, અલ્પદ્યુતિવાળા છે. મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા નથી.*

*છઠ્ઠી તમાપૃથ્વીમાં પાંચ ન્યૂન એક લાખ નરકાવાસ છે. તે નરકો અધઃસપ્તમી પૃથ્વીના નૈરયિકોથી મહત્તરક યાવત્ મહા વિસ્તીર્ણતર નથી,*

*મહાપ્રવેશનતરક યાવત્ આકીર્ણ નથી. તે નરકોમાં નૈરયિકો અધઃસપ્તમી પૃથ્વીના નૈરયિકોથી અલ્પકર્મવાળા યાવત્ અલ્પક્રિયાવાળા છે પણ મહાકર્મવાળા અને મહાક્રિયાવાળા નથી. મહાઋદ્ધિવાળા અને મહાદ્યુતિવાળા છે, પણ અલ્પઋદ્ધિવાળા અને અલ્પદ્યુતિવાળા નથી.*

*છઠ્ઠી તમાપૃથ્વીમાં નરકો પાંચમી ધૂમપ્રભા પૃથ્વીના નરકોથી મહત્તર આદિ છે, મહાપ્રવેશનવાળાદિ નથી. તે નરકોમાં નૈરયિક પાંચમી ધૂમપ્રભા પૃથ્વીથી મહાકર્મવાળાદિ છે, પણ અલ્પકર્મવાળા નથી. અલ્પઋદ્ધિવાળાદિ છે, પણ મહાઋદ્ધિવાળા નથી.*

*પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ત્રણ લાખ નરકાવાસો છે. એ રીતે જેમ છઠ્ઠીમાં કહ્યું, એ પ્રમાણે સાતે પૃથ્વીમાં પરસ્પર કહેવું, યાવત્ રત્નપ્રભા યાવત્ મહાઋદ્ધિવાળા છે, અલ્પઋદ્ધિવાળા નથી.*

**● વિવેચન-૫૬૯ :-**

અહીં ક્યાંક દ્વારગાથા દેખાય છે - નૈરયિક, સ્પર્શ, પ્રણિધિ, નિરયંત, લોકમધ્ય, દિશિ-વિદિશાનું પ્રવહ, પ્રવર્તન અસ્તિકાય, પ્રદેશ સ્પર્શના, અવગાહના જીવ અવગાઢ, પ્રદેશનિષીદન, લોક સંસ્થાન.

મહંતતર - લંબાઈથી, વિચ્છિન્નતર - વિષ્કંભથી, મહાવાસતર - ઘણાં વિવક્ષિત દ્રવ્યોના અવસ્થાન યોગ્ય ક્ષેત્ર, મહાન્ અવકાશ જેમાં છે તે મહાવકાશ, અતિશય મહાવકાશ તે મહાવકાશતર. તે મહાજન સંકીર્ણ પણ હોય, તેથી કહે છે — મહા પ્રતિરિક્તતર એટલે અતિ રીક્ત. તે પ્રકારે - જેમ છઠ્ઠી પૃથ્વી નરકો અતિશય મહત્ પ્રવેશન છે. બીજી ગતિમાં નરકગતિમાં જીવોનો પ્રવેશ તે પ્રવેશનક. - x -

જે કારણે મહાપ્રવેશનવાળા છે, તેથી અત્યંત સંકીર્ણ નથી. કર્તવ્યતાથી જેઓ આકુલ નારકલોક છે, તેમાં અતિશય યોગથી આકુલતર છે. अणोमाणतरा - અતિશય અસંકીર્ણ, ક્યાંક अणोयणतरा - દેખાય છે. અર્થાત્ વ્યાકુળજનાભાવથી અતિશય પરસ્પર ધક્કામુક્કી થતી નથી. महाकम्मतर - આયુષ્ક વેદનીયાદિ કર્મોની મહત્તા છે. महाकिरियतर - કાયિક્યાદિ ક્રિયાના મહત્પણાથી તે કાળે અને કાય મહત્તપણાના પૂર્વકાળે મહારંભાદિત્વથી જ મહાશ્રવવાળા છે. - x -

अप्पड्ढियतर - અવધિ આદિ ઋદ્ધિથી અલ્પ, अप्पज्जुइ - દીપ્તિનો અભાવ. આ વસ્તુને વ્યતિરેકથી કહેતા महाड्ढिए० આદિ કહ્યું.

**● સૂત્ર-૫૭૦ થી ૫૭૪ :-**

*[૫૭૦] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવો પૃથ્વીસ્પર્શ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ રીતે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક, એ રીતે અપ્કાયનો સ્પર્શ, એ પ્રમાણે યાવત્ વનસ્પતિના સ્પર્શ પર્યન્ત જાણવું.*

*[૫૭૧] ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી, બીજી શર્કરાપ્રભા પૃથ્વીની અપેક્ષાએ બાહલ્યથી સૌથી મોટી, ચોતરફથી સૌથી નાની છે ? હા, ગૌતમ ! એ પ્રમાણે જેમ જીવાભિગમના બીજા નૈરયિક ઉદ્દેશક મુજબ કહેવું.*



*[૫૭૨] ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોના પરિપાર્શ્વમાં જે પૃથ્વીકાયિકો૦ નૈરયિક ઉદ્દેશકવત્ સાતમી સુધી કહેવું.*

*[૫૭૩] ભગવન્! લોકનો આયામ મધ્ય ક્યાં કહ્યો છે? ગૌતમ! આ રત્નપ્રભાના આકાશખંડના અસંખ્યાત ભાગને અવગાહીને લોકનો આયામ મધ્ય છે. - - ભગવન્! અધોલોકનો આયામ મધ્ય ક્યાં છે? ગૌતમ! ચોથી પંકપ્રભા પૃથ્વીના અવકાશાંતરના સાધિક અર્ધભાગને ઉલ્લંઘી અધોલોકનો આયામમધ્ય છે.*

*ભગવન્ ! ઉર્ધ્વલોકનો આયામ મધ્ય ક્યાં છે ? ગૌતમ ! સનત્કુમાર અને માહેન્દ્રકલ્પની ઉપર અને બ્રહ્મલોક કલ્પની નીચે રિષ્ટ વિમાન પ્રસ્તટમાં ઉર્ધ્વલોકનો આયામ મધ્ય છે. - - ભગવન્ ! તિર્છાલોકનો આયામ મધ્ય ક્યાં છે ? ગૌતમ ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતના બહુ મધ્ય દેશ ભાગમાં આ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના અને નીચેના ક્ષુદ્ર પ્રતરમાં તિર્છાલોકના મધ્ય ભાગરૂપ આઠ રૂચક પ્રદેશ કહ્યા છે. જ્યાંથી આ દશ દિશાઓ નીકળે છે. તે આ - પૂર્વા, પૂર્વદક્ષિણા એ પ્રમાણે દશમાં શતકમાં છે, તેમ કહેવું.*

*[૫૭૪] ભગવન્ ! ઐન્દ્રી દિશાની આદિ શું છે ? ક્યાંથી તે નીકળી છે ? તેની આદિમાં કેટલા પ્રદેશ છે ? ઉત્તરમાં કેટલા પ્રદેશ છે ? કેટલા પ્રદેશવાળી છે ? ક્યાં પર્યવસાન પામે છે ? સંસ્થાન કયું છે ? ગૌતમ ! ઐન્દ્રી દિશાની આદિમાં રૂચક છે, રુચકથી નીકળે છે, દ્વિપ્રદેશ આદિ, દ્વિપ્રદેશ ઉત્તર છે. લોકને આશ્રીને અસંખ્યપ્રદેશી, અલોકને આશ્રીને અનંતપ્રદેશી છે. તે લોકને આશ્રીને સાદિ-સાંત છે, અલોકને આશ્રીને સાદિ-અનંત છે. લોકને આશ્રીને મુરજસંસ્થિત છે, અલોકને આશ્રીને ઉર્ધ્વશકટાકાર સંસ્થિત છે.*

*ભગવન્! આગ્નેયી દિશાની આદિ શું છે?, ઉદ્‌ભવ શું છે? તેની આદિમાં કેટલા પ્રદેશ છે? કેટલા પ્રદેશ વિસ્તીર્ણ છે? કેટલા પ્રદેશવાળી, તેનો અંત ક્યાં છે? તેનું સંસ્થાન કેવું છે? ગૌતમ! આગ્નેયી દિશાની આદિમાં રુચક છે, રુચકપ્રભવ છે, એક પ્રદેશાદિ છે, એક પ્રદેશ વિસ્તૃત છે, અનુત્તર છે. લોકને આશ્રીને અસંખ્યપ્રદેશી, અલોકને આશ્રીને અનંતપ્રદેશી છે. લોકને આશ્રીને આદિ સાંત, અલોકને આશ્રીને સાદિ-અનંત છે. તુટેલી મુક્તાવલિ આકારે છે.*

*યામ્યા દિશા ઐન્દ્રી માફક છે. નૈઋર્તી, આગ્નેયીવત્ છે. એ પ્રમાણે દિશા, ઐન્દ્રી માફક અને વિદિશા, આગ્નેયી માફક જાણવી. ભગવન્! વિમલાદિશા વિશે પ્રશ્ન. ગૌતમ! વિમલાદિશાની આદિ રૂચક છે, તે રુચકમાંથી નીકળે છે, આદિમાં ચાર પ્રદેશ છે, દ્વિપ્રદેશ વિસ્તીર્ણ છે, અનુત્તર છે. લોકને આશ્રીને૦ આદિ આગ્નેયી મુજબ જાણવું. વિશેષ એ કે તે રુચકાકાર છે એ રીતે 'તમા' પણ જાણવી.*

**● વિવેચન-૫૭૦ થી ૫૭૪ :-**

સ્પર્શ દ્વારમાં યાવત્ વનસ્પતિ કહીને તેઉ-વાયુકાયના સ્પર્શ સૂત્ર સૂચવેલ છે. કોઈ કહે છે — સાતે પૃથ્વીમાં તેઉકાય વર્જીને પૃથ્વીકાયિકાદિ સ્પર્શ નારકોને યુક્ત છે, કેમકે બાદર તેઉકાય તો સમયક્ષેત્રમાં હોય છે, સૂક્ષ્મ તેઉકાયનો ત્યાં સદ્‌ભાવ હોવા છતાં સ્પર્શનેન્દ્રિયનો અવિષય છે. અહીં કહે છે કે — અહીં તેઉકાય, તે

પરમાધામી વિકુર્વીત બળતી એવી વસ્તુ જેવો સ્પર્શરૂપ તેઉકાય સ્પર્શ લેવાનો છે, સાક્ષાત્ તેઉકાય નહીં, અથવા ભવાંતરમાં અનુભૂત તેઉકાયિક પર્યાય પૃથ્વીકાયાદિ જીવ સ્પર્શ અપેક્ષાએ આ કહેવું.

પ્રણિધિ દ્વાર - પ્રણિધાય આશ્રીને, સૌથી મોટી ૧,૮૦,૦૦૦ પ્રમાણ રત્નપ્રભાનું બાહલ્ય છે, શર્કરાપ્રભાનું ૧,૩૨,૦૦૦ યોજન છે. સર્વથા લઘુ, પૂર્વાપર-દક્ષિણોત્તર વિભાગમાં લંબાઈ-પહોડાઈથી રત્નપ્રભાથી એક રાજ પ્રમાણ, તેથી મહત્તર શર્કરાપ્રભા છે. એ રીતે જીવાભિગમ મુજબ ઈત્યાદિ. આના વડે સૂચવે છે - હા, ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વી, બીજી પૃથ્વીને આશ્રીને યાવત્ સર્વાંતમાં સૌથી નાની છે. બીજી પૃથ્વી, ત્રીજી પૃથ્વીની પ્રણિધિથી સર્વ લઘુ છે. આ આલાવા વડે સાતમી સુધી કહેવું.

નિરયાંત દ્વાર - નરકાવાસની પડખેથી૦ જેમ જીવાભિગમનો નૈરયિક ઉદ્દેશક છે, તેમાં આ રીતે સૂત્ર છે — અપ્, તેઉ, વાયુ, વનસ્પતિકાયિક જીવો મહાકર્મવાળા યાવત્ મહાવેદનાવાળા છે ? હા, ગૌતમ ! છે.

લોકમધ્યદ્વાર - રુચકની નીચે ૯૦૦ યોજન જતાં, લોકાંત પર્યન્ત અધોલોક છે, તે સાતિરેક સાત રાજ પ્રમાણ છે, તેનો મધ્યભાગ, ચોથી-પાંચમી પૃથ્વીનો જે અવકાશાંતર છે, તેનો સાતિરેક અર્ધ અતિબાહ્ય થાય છે. તથા રુચકની ઉપર ૯૦૦ યોજન ઓળંગીને ઉર્ધ્વલોક કહે છે, તે લોકાંત સુધી છે. તે સાત રાજલોકથી કંઈક ન્યૂન છે, તેનો મધ્યભાગ પ્રતિપાદન કરવા સૂત્રકારે उप्पिं सणंकुमार० કહ્યું.

લોકના વજમધ્યત્વથી રત્નપ્રભાના રત્નકાંડમાં બે સર્વક્ષુલ્લક પ્રતરો છે. તેની ઉપરથી ઉર્ધ્વમુખી અને નીચેથી અધોમુખી વૃદ્ધિ થાય છે. તેની ઉપર-નીચે સૌથી લઘુપ્રદેશ બે પ્રતર છે. પ્રજ્ઞાપકને સમજાવવા તિર્છાલોક મધ્યે આઠ પ્રદેશક રુચક કહ્યા છે તે તિર્છાલોક મધ્યે કહેલ હોવાથી તિર્છાલોકાયામ મધ્ય થાય છે. - x - x -

દિક્ વિદિક્ પ્રવહ દ્વાર - किमादि એટલે તેની આદિમાં કોણ છે ? તે ક્યાંથી ઉદ્ભવે છે ? તેની આદિમાં કેટલા પ્રદેશો છે ? તેની કેટલા પ્રદેશ વૃદ્ધિ છે ? લોકાંતના પરિમંડલ આકારત્વથી મુરજ સંસ્થાનતા થાય, તેથી લોકાંતને આશ્રીને 'મુરજસંસ્થિત' કહ્યું. તેની પૂર્વ દિશાને આશ્રીને ચૂર્ણિકારે આ પ્રમાણે કહ્યું છે — પૂર્વોત્તરથી પ્રદેશ હાનીમાં, દક્ષિણપૂર્વે રુચકદેશમાં, મુરજ નીચેની દિશામાં, અંતે ચતુઃપ્રદેશ, મધ્યમાં તુંડ. અલોકને આશ્રીને શકટોર્ધ્વ સંસ્થિત૦ ઈત્યાદિ - x -

● સૂત્ર-૫૭૫ થી ૫૭૭ :-

*[૫૭૫] ભગવન્ ! આ 'લોક' શું કહેવાય છે ? ગૌતમ ! પંચાસ્તિકાયના સમૂહરૂપ આ લોક કહેવાય છે. તે આ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય યાવત્ પુદ્ગલાસ્તિકાય.*

*ભગવન્ ! ધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! ધર્માસ્તિકાયથી જીવોનું આગમન, ગમન, ભાષા, ઉન્મેષ, મનોયોગ, વચનયોગ અને કાયયોગ પ્રવૃત્તિ થાય છે. આ અને આવા પ્રકારના બધાં ચલ ભાવ, તે ધર્માસ્તિકાય દ્વારા પ્રવૃત્ત થાય છે. તેનું લક્ષણ ગતિ છે.*

*અધર્માસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! તેના વડે જીવોના*



*સ્થાન, નિષીદન, ત્વગ્વર્તન, મનનું એકત્રી ભાવકરણ, જે આવા પ્રકારના અન્ય સ્થિર ભાવો, તે બધાં અધર્માસ્તિકાયની પ્રવૃત્તિ છે. અધર્માસ્તિકાયનું લક્ષણ 'સ્થિતિ' છે.*

*ભગવન્ ! આકાશાસ્તિકાયમાં જીવો અને અજીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! આકાશાસ્તિકાય, બંનેના આશ્રયરૂપ છે.*

*[૫૭૬] એક કે બે પરમાણુથી પૂર્ણમાં સો પરમાણુ પણ સમાઈ શકે છે. ૧૦૦ કરોડ પૂર્ણમાં ૧૦૦૦ કરોડ પરમાણુ પણ સમાઈ શકે.*

*[૫૭૭] આકાશાસ્તિકાયનું લક્ષણ અવગાહના છે.*

*ભગવન્ ! જીવાસ્તિકાયથી જીવોની શું પ્રવૃત્તિ છે ? ગૌતમ ! જીવાસ્તિકાય દ્વારા જીવો અનંત આભિનિબોધિકજ્ઞાન પર્યાયો, અનંત શ્રુતજ્ઞાન પર્યાયો, એ રીતે બીજા શતકના અસ્તિકાય ઉદ્દેશક મુજબ યાવત્ તે ઉપયોગને પામે છે. જીવનું લક્ષણ ઉપયોગ છે.*

*પુદ્ગલાસ્તિકાયની પૃચ્છા. ગૌતમ ! પુદ્ગલાસ્તિકાયથી જીવોને ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ, કાર્મણ (શરીર), શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શન ઈન્દ્રિય, મન-વચન-કાયયોગ, શ્વાસોચ્છ્વાસ ગ્રહણની પ્રવૃત્તિ થાય છે. પુદ્ગલાસ્તિકાયનું લક્ષણ ગ્રહણ છે.*

● વિવેચન-૫૭૫ થી ૫૭૭ :-

પ્રવર્તન દ્વારમાં - આગમન, ગમન, ભાષા-વ્યક્ત વચન, ઉન્મેષ-અક્ષિ વ્યાપાર વિશેષ, મનોયોગાદિ, સામાન્ય રૂપે છે અને આગમનાદિ તેના વિશેષ રૂપે છે, તેથી ભેદ વડે લીધાં છે - x - આગમન આદિથી બીજા, તેવા પ્રકારના, તેના સદેશ-ભ્રમણ, ચલનાદિ. ચલસ્વભાવ પર્યાયો સર્વે, તે ધર્માસ્તિકાય હોવાથી પ્રવર્તે છે. કેમકે તે ગતિલક્ષણ છે.

ઠાણનિસીયણ૦ કાયોત્સર્ગ, આસન, શયન, મનના અનેકપણાનું એકત્વ થવું તે એકત્વીભાવ, તેનું જે કરવું તે.

જીવ અને અજીવ દ્રવ્યના ભેદ વડે આશ્રયરૂપ, તે આકાશાસ્તિકાય. તેના હોવાથી જીવાદિનો અવગાહ પ્રવર્તે છે. તેના આશ્રયભાવને દર્શાવતા કહે છે — એક પરમાણુ આદિ વડે, આ આકાશાસ્તિકાય પ્રદેશ ભરાય છે, બે પરમાણુ વડે પણ પૂર્ણ રહે છે. કેમ ? પરિણામ ભેદથી. જેમ આકાશ, એક દીવાની પ્રભા વડે પણ પૂરાય અને બીજાની પ્રભા પણ તેમાં સમાય છે, ઔષધિ વિશેષ પ્રાપ્ત પરિણામથી એકત્ર પારદકર્ષમાં સો સુવર્ણકર્ષ પ્રવેશે છે ઈત્યાદિ - x - અવગાહના એટલે આશ્રયભાવ.

જીવાસ્તિકાય વડે, અંતર્ભૂતભાવ પ્રત્યયત્વથી જીવ વડે.

પુદ્ગલાસ્તિકાય - ઔદારિકાદિ શરીરીના શ્રોત્રેન્દ્રિયાદિ અને મનોયોગ સુધીના પ્રાણોનું ગ્રહણ પ્રવર્તે છે - x - x -

● સૂત્ર-૫૭૮,૫૭૯ :-

*[૫૭૮] ભગવન્ ! ધર્માસ્તિકાયનો એક પ્રદેશ કેટલા ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? ગૌતમ ! જઘન્યપદે ત્રણ, ઉત્કૃષ્ટથી છ વડે.*

— કેટલા અધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત. - - કેટલા આકાશાસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! સાત - - કેટલા જીવાસ્તિકાયપ્રદેશથી સ્પૃષ્ટ છે ? અનંતથી.

— કેટલા પુદ્‌ગલાસ્તિકાયથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! અનંતથી. કેટલા અદ્ધા સમયથી સ્પૃષ્ટ છે ? કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંતથી સ્પૃષ્ટ હોય.

ભગવન્! એક અધર્માસ્તિકાયપ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે? ગૌતમ! જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત વડે. કેટલાં અધર્માસ્તિકાયથી સ્પૃષ્ટ છે? જઘન્યથી ત્રણ, ઉત્કૃષ્ટથી છ વડે. બાકી બધું ધર્માસ્તિકાય મુજબ જાણવું.

ભગવન્ ! એક આકાશાસ્તિકાય પ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ વડે સ્પૃષ્ટ છે ? ગૌતમ ! કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ સ્પૃષ્ટ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો જઘન્યથી એક, બે, ત્રણ કે ચાર વડે હોય. ઉત્કૃષ્ટથી સાત વડે હોય. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશમાં પણ જાણવું.

કેટલા આકાશાસ્તિકાય પ્રદેશથી ? છ વડે. કેટલા જીવાસ્તિકાય પ્રદેશથી ? કદાચ સ્પૃષ્ટ હોય, કદાચ ન હોય. જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંત પ્રદેશથી હોય એ રીતે પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમયમાં જાણવું.

[૫૭૯] ભગવન્ ! એક જીવાસ્તિકાય પ્રદેશ કેટલા ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? જઘન્યથી ચાર, ઉત્કૃષ્ટથી સાત. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું. કેટલા આકાશાસ્તિકાય૦થી ? સાત વડે. કેટલાં જીવાસ્તિકાયથી ? બાકી બધું ધર્માસ્તિકાય મુજબ છે.

ભગવન્ ! એક પુદ્‌ગલાસ્તિકાયપ્રદેશ કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે ? એ પ્રમાણે જીવાસ્તિકાય મુજબ જાણવું. - ભગવન્ ! બે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાયપ્રદેશોથી સ્પૃષ્ટ છે ? જઘન્યથી છ, ઉત્કૃષ્ટથી બાર. એ પ્રમાણે અધર્માસ્તિકાયપ્રદેશમાં જાણવું. કેટલા આકાશાસ્તિકાયથી ? બાર. બાકી ધર્માસ્તિકાય મુજબ જાણવું.

ભગવન્ ! ત્રણ પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? જઘન્યથી આઠ, ઉત્કૃષ્ટથી સત્તર. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશમાં જાણવું. કેટલાં આકાશાસ્તિકાયથી ? સત્તર. બાકી ધર્માસ્તિકાય મુજબ જાણવું. આ પ્રમાણે આ આલાવા વડે દશપ્રદેશ સુધી કહેવું. વિશેષ એ કે જઘન્યપદમાં બે અને ઉત્કૃષ્ટપદમાં પાંચ ઉમેરવા.

— ચાર પુદ્‌ગલાસ્તિકાયમાં જઘન્યથી દશ, ઉત્કૃષ્ટથી બાવીશ. પાંચમાં જઘન્યથી બાર, ઉત્કૃષ્ટથી સત્તાવીશ. ‘છ’માં જઘન્યથી-૧૪, ઉત્કૃષ્ટથી-૩૨, ‘સાત’માં જઘન્યથી-૧૬, ઉત્કૃષ્ટથી-૩૭, ‘આઠ’માં જઘન્યે ૧૮, ઉત્કૃષ્ટથી-૪૨, ‘નવ’માં જઘન્યથી-૨૦, ઉત્કૃષ્ટથી-૪૭. ‘દશ’ પુદ્‌ગલ૦ જઘન્યથી-૨૨, ઉત્કૃષ્ટથી-૫૨ પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય છે.

— આકાશાસ્તિકાય માટે બધે ઉત્કૃષ્ટ પદ કહેવું.



ભગવન્ ! સંખ્યાતા પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? જઘન્ય પદમાં તે સંખ્યાતને બમણાં કરી. તેમાં બે ઉમેરો, ઉત્કૃષ્ટ પદમાં તે સંખ્યાતાને પાંચ ગણાં કરીને તેમાં બે ઉમેરવા. અધર્માસ્તિકાય વડે સ્પર્શના આ પ્રમાણે જ જાણવી. કેટલાં આકાશાસ્તિકાય૦ વડે ? તે સંખ્યાતને પાંચગણા કરી, બે ઉમેરો. કેટલાં જીવાસ્તિકાય૦ વડે ? અનંતથી. કેટલાં પુદ્‌ગલાસ્તિકાય વડે ? અનંતથી. કેટલાં અદ્ધા સમય વડે ? કદાચ સ્પર્શે, કદાચ નહીં. જો સ્પર્શે તો યાવત્ અનંત વડે સ્પર્શે.

ભગવન્ ! અસંખ્યાત પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલા ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? જઘન્યથી તે અસંખ્યાતને બમણાં કરી, બે ઉમેરો. ઉત્કૃષ્ટથી તે અસંખ્યાતાને પાંચગુણા કરી, બે ઉમેરો. બાકી બધું સંખ્યાતા મુજબ યાવત્ નિયમા અનંત વડે સ્પર્શે.

ભગવન્ ! અનંતા પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ છે ? અસંખ્યાતાની માફક ‘અનંતા’ સંપૂર્ણ કહેવા.

ભગવન્! એક અદ્ધાસમય કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશોથી સ્પૃષ્ટ છે? સાતથી. કેટલાં અધર્માસ્તિકાયથી? પૂર્વવત્. એ પ્રમાણે આકાશાસ્તિકાય વડે પણ છે. કેટલાં જીવાસ્તિકાયથી? અનંત વડે. એ પ્રમાણે યાવત્ અદ્ધા સમય વડે.

ભગવન્ ! ધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયના કેટલા પ્રદેશો વડે સ્પૃષ્ટ છે ? એક પણ પ્રદેશથી નહીં. કેટલા અધર્માસ્તિકાયથી ? અસંખ્યાત વડે. કેટલાં આકાશાસ્તિકાયથી ? અસંખ્યાત વડે-કેટલાં જીવાસ્તિકાયથી ? અનંત વડે. કેટલાં પુદ્‌ગલાસ્તિકાયપ્રદેશથી ? અનંત વડે. કેટલાં અદ્ધા સમયથી ? કદાચ સ્પૃષ્ટ થાય, કદાચ ન થાય. જો સ્પૃષ્ટ થાય, તો નિયમા અનંત વડે થાય.

ભગવન્ ! અધર્માસ્તિકાય, કેટલાં ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ થાય ? અસંખ્યાત વડે. કેટલાં અધર્માસ્તિકાયથી ? એક પણ નહીં. બાકી બધું ધર્માસ્તિકાય મુજબ જાણવું. - - આ આલાવા વડે બધાં જ સ્વ સ્થાનમાં એક પણ પ્રદેશથી સ્પૃષ્ટ ન થાય, પરસ્થાનમાં પહેલાંના ત્રણમાં અસંખ્યાત વડે, પછીના અનંત વડે કહેવા યાવત્ અદ્ધા સમય, યાવત્ કેટલાં અદ્ધા સમયથી સ્પૃષ્ટ થાય ? એક પણ નહીં.

● વિવેચન-૫૭૮,૫૭૯ :-

જઘન્ય પદમાં લોકાંત નિષ્કુટરૂપ, જેમાં એક ધર્માસ્તિકાયાદિ પ્રદેશની અતિ સ્તોક અન્ય વડે સ્પર્શના થાય, તે ભૂમિ પાસેનો કોણપ્રદેશ પ્રાયઃ હોય, તેની ઉપર એક અને બે પડખાં વડે એક વિવક્ષિત પ્રદેશ સ્પર્શે, એ રીતે જઘન્યથી ત્રણ. વિવક્ષિત એક ઉપર એક નીચે ચારે દિશામાં, એ રીતે છ વડે પ્રતર મધ્યે સ્પર્શે.

ધર્માસ્તિકાય પ્રદેશ, જઘન્યથી અધર્માસ્તિકાયના ચાર પ્રદેશો વડે સ્પૃષ્ટ થાય. ત્રણ પૂર્વવત્, ચોથો ધર્માસ્તિકાયપ્રદેશ સ્થાનસ્થિત. ઉત્કૃષ્ટથી સાત વડે - છ, દિશાષટ્ક, સાતમો ધર્માસ્તિકાયપ્રદેશમાં.

આકાશપ્રદેશમાં સાત વડે. લોકાંતે પણ અલોકાકાશ પ્રદેશની વિધમાનતાથી. જીવમાં-અનંત જીવના અનંત પ્રદેશો વડે સ્પર્શે. એ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશમાં

પણ જાણવું. - - અદ્ધા સમય, તે સમય ક્ષેત્રમાં જ છે, તે પછી નહીં, તેથી કદાચ સ્પર્શે, કદાચ ન સ્પર્શે. અદ્ધા સમયના અનાદિત્વથી અથવા વર્તમાન સમયમાં આલિંગિત અનંત દ્રવ્યોના અનંતા જ સમયો છે, તેથી અનંત વડે સ્પર્શે છે.

અધર્માસ્તિકાય પ્રદેશના બાકીના પ્રદેશોથી સ્પર્શના, ધર્માસ્તિકાય પ્રદેશ સ્પર્શનાનુસાર જાણવી.

આકાશાસ્તિકાય પ્રદેશ, લોકને આશ્રીને કદાચ સ્પર્શે. અલોકને આશ્રીને કદાચ ન સ્પર્શે. જો સ્પર્શે તો જઘન્યથી એક ધર્માસ્તિકાયપ્રદેશથી સ્પર્શે. કેમ ? એ રીતે લોકાંતવર્તી ધર્માસ્તિકાય પ્રદેશ વડે બાકીના ધર્માસ્તિકાયપ્રદેશોથી નીકળીને એક અગ્રભાગવર્તી લોકાકાશ પ્રદેશ સ્પૃષ્ટ થાય. વક્રગત હોય તો અલોકાકાશની ઉપર-નીચે સ્પૃષ્ટ થાય, ત્રણ ધર્માસ્તિકાય વડે આ રીતે સ્પર્શે - લોકાંતે કોણ ગત આકાશપ્રદેશ, તેનાથી અવગાઢ ઉપર અને નીચે રહેલને. ચારથી સ્પર્શે તો બે દિશા તથા ઉપર-નીચે. પાંચથી સ્પર્શે તો-ત્રણ દિશા અને ઉપર તથા નીચે. છ વડે સ્પર્શે તો ચાર દિશા તથા ઉપર-નીચે અને ત્યાં વર્તતા ધર્માસ્તિકાય પ્રદેશ વડે સ્પર્શતા સાત ધર્માસ્તિકાયપ્રદેશથી સ્પર્શે.

એ પ્રમાણે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું.

આકાશાસ્તિકાયમાં છ પ્રદેશ વડે સ્પર્શે - એક લોકાકાશ કે અલોકાકાશ પ્રદેશના છ દિશામાં રહેલ વડે સ્પર્શના થવાથી, છ.

જીવાસ્તિકાય સૂત્રમાં - જે લોકાકાશપ્રદેશ વિવક્ષિત છે, તેનાથી સ્પૃષ્ટ થાય તો કદાચ સ્પર્શે, જો અલોકાકાશપ્રદેશ વિશેષ હોય, તો કદાચ ન સ્પર્શે. કેમકે જીવોનો ત્યાં અભાવ છે. એ પ્રમાણે પુદ્‌ગલ અને અદ્ધા પ્રદેશ વડે પણ સ્પર્શના જાણવી.

જીવાસ્તિકાય પ્રદેશમાં - જઘન્યથી લોકાંત કોણ લક્ષણમાં સર્વ અલ્પત્વથી, તેમાં ચાર સ્પર્શક પ્રદેશો વડે. કઈ રીતે ? નીચે કે ઉપર એક અથવા બે દિશામાં જ્યાં એક જીવ પ્રદેશ અવગાઢ છે, એ રીતે. એક જીવાસ્તિકાય પ્રદેશ એકત્ર આકાશ પ્રદેશાદિમાં કેવલી સમુદ્‌ઘાતમાં જ પામે છે. ઉત્કૃષ્ટપદે સાત-પૂર્વવત્. અધર્માસ્તિકાયમાં પૂર્વવત્ કહેવું.

પુદ્‌ગલાસ્તિકાયની બે પ્રદેશી સ્કંધની સ્પર્શના કહે છે — અહીં ચૂર્ણિકારની વ્યાખ્યા કિંચિત્ ભિન્ન છે - x - વૃત્તિકાર આ પ્રમાણે કહે છે — અર્વાચીન પરમાણુ ધર્માસ્તિકાય પ્રદેશ વડે આગળ રહીને સ્પર્શે, પરભાગવર્તી પાછળ રહીને સ્પર્શે, એ રીતે બે, તથા જે પ્રદેશ મધ્યે પરમાણુ સ્થપાય, તે બંનેના અગ્રતન બે પ્રદેશો વડે તે બંને સ્પર્શે, એક વડે એક, બીજા વડે બીજાને, એમ ચાર, બે અવગાઢત્વથી સ્પર્શે, એ રીતે કુલ છ થાય. ઉત્કૃષ્ટ પદે બારથી સ્પર્શે - બે પરમાણુ વડે બે દ્વિપ્રદેશ અવગાઢત્વથી સ્પર્શે, બે નીચે - બે ઉપર - પૂર્વ અને પશ્ચિમ પડખેથી બે અને દક્ષિણ-ઉત્તર પડખે એક-એક, એ રીતે બાર થાય. એ રીતે અધર્માસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું.

કેટલા આકાશાસ્તિકાય પ્રદેશ વડે ? -૧૨- અહીં જઘન્ય પદ નથી. લોકાંતે પણ આકાશપ્રદેશોની વિધમાનતાથી 'બાર' કહ્યું.

ભગવન્ ! બે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો કેટલા જીવાસ્તિકાય પ્રદેશ વડે સ્પૃષ્ટ





છે ? ગૌતમ ! અનંત વડે. એ પ્રમાણે પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશ વડે પણ જાણવું. અદ્ધા સમય વડે કદાચ સ્પૃષ્ટ હોય કદાચ સ્પૃષ્ટ ન હોય, જો સ્પૃષ્ટ હોય તો નિયમા અનંત વડે હોય.

આ પ્રમાણે ત્રણ પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશમાં - જઘન્યથી આઠ વડે. - અવગાઢ પ્રદેશ ત્રણ પ્રકારે, ઉપર કે નીચે પણ ત્રણ પ્રકારે, બંને પડખે. એ રીતે આઠ. ઉત્કૃષ્ટ પદે સત્તર વડે સ્પર્શે. - x - x - આકાશાસ્તિકાય એકથી અનંત પ્રદેશ સુધી ઉત્કૃષ્ટ પદથી કહેવું, જઘન્યપદથી નહીં. કેમકે આકાશ સર્વત્ર વિધમાન છે. - x - x - સંખ્યાત - x - x - અસંખ્યાત - x - x - અનંત પ્રદેશીની વૃત્તિ સ્વયં સમજી લેવી. અર્થની ક્લિષ્ટતા વર્ધક હોવાથી અહીં નોંધેલ નથી.

एगे भंते अद्धासमए० આદિ. અહીં વર્તમાન સમય વિશિષ્ટ સમય ક્ષેત્ર મધ્યવર્તી પરમાણુ અદ્ધા સમય ગ્રહણ કરવો. અન્યથા તેના ધર્માસ્તિકાયાદિ પ્રદેશો વડે સાતથી સ્પર્શના ન થાય. અહીં જઘન્યપદ નથી, કેમકે મનુષ્યક્ષેત્ર મધ્યવાર્તિત્વ અદ્ધાસમય છે. જઘન્ય પદ લોકાંતે જ સંભવે. તેમાં અદ્ધાસમય વિશિષ્ટ પરમાણુ દ્રવ્ય એકત્ર ધર્માસ્તિકાય પ્રદેશમાં અવગાઢ થઈ બીજી છ દિશામાં સ્પર્શે, માટે સાત કહ્યું. - x - x -

एवं जाव अद्धासमएहिं० અહીં યાવત્ શબ્દથી આમ સૂચવે છે - એક અદ્ધાસમય અનંત પુદ્‌ગલાસ્તિકાય પ્રદેશો વડે સ્પૃષ્ટ છે. - x - x - ધર્માસ્તિકાયાદિની પ્રદેશથી સ્પર્શના કહી, હવે દ્રવ્યથી —

ધર્માસ્તિકાય, એક પણ ધર્માસ્તિકાય વડે સ્પૃષ્ટ નથી. એમ કહ્યું - કેમકે - સર્વ ધર્માસ્તિકાય દ્રવ્યનો પ્રશ્ન કરતાં, તેનાથી વ્યતિરિક્ત ધર્માસ્તિકાય પ્રદેશનો જ અભાવ થશે. તેથી આ પક્ષ રહેશે જ નહીં. ધર્માસ્તિકાય, અસંખ્ય અધર્માસ્તિકાય પ્રદેશથી સ્પૃષ્ટ છે. કેમકે ધર્માસ્તિકાયના પ્રદેશથી ભિન્ન અધર્માસ્તિકાય સંબંધી. અસંખ્યાત પ્રદેશો છે. આકાશાસ્તિકાયના પણ અસંખ્ય પ્રદેશ વડે સ્પૃષ્ટ કહ્યા, કેમકે લોકાકાશ પ્રમાણથી અસંખ્યેય પ્રદેશ સ્વરૂપ છે. જીવ અને પુદ્‌ગલ પ્રદેશો વડે ધર્માસ્તિકાય અનંત વડે સ્પૃષ્ટ છે, કેમકે તેમાં વ્યાપ્ત ધર્માસ્તિકાયની અવસ્થિતત્વથી તેનું અનંતત્વ છે. અદ્ધા સમય વડે આ સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ છે. સ્પૃષ્ટમાં અનંત વડે કહેવું.

આ પ્રમાણે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્‌ગલાસ્તિકાય, અદ્ધાસમયના સૂત્રો કહેવા. તેમાં માત્ર જે સૂત્ર કહો, તેનું તે સ્વસ્થાન અને અન્ય પરસ્થાન જાણવું. તે-તે પદના સ્વસ્થાનમાં ''એક પણ પ્રદેશ ન સ્પર્શે'' તેમ કહેવું. પરસ્થાને ધર્માસ્તિકાયાદિ ત્રણ સૂત્રમાં અસંખ્ય વડે સ્પૃષ્ટ કહેવું, કેમકે ત્રણેના અસંખ્યાત પ્રદેશ છે. જીવાદિ સૂત્રમાં અનંત પ્રદેશ વડે સ્પૃષ્ટ કહેવું, કેમકે તેમના અનંત પ્રદેશ છે. - x - આકાશ સૂત્રમાં આટલું વિશેષ જાણવું કે આકાશાસ્તિકાય, ધર્માસ્તિકાયાદિ પ્રદેશ વડે સ્પૃષ્ટ કે અસ્પૃષ્ટ છે. જો સ્પૃષ્ટ હોય તો અસંખ્યેય ધર્મ-અધર્માસ્તિકાય પ્રદેશો વડે અને જીવ-અસ્તિકાયાદિના અનંત વડે સ્પૃષ્ટ હોય. અદ્ધાસમય સૂત્ર પર્યન્ત જાણવું - x - ઈત્યાદિ - x -. હવે અવગાહ દ્વાર કહે છે—

**• સૂત્ર-૫૮૦ :-**

***ભગવન્ ! જ્યાં ધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય, ત્યાં***

*ધર્માસ્તિકાયના બીજા કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એકપણ નહીં. - - કેટલાં અધર્માસ્તિકાય પ્રદેશો અવગાઢ હોય ? એક. - - કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક. - - કેટલા જીવાસ્તિકાય૦ ? અનંતા. - - કેટલાં અદ્ધા સમય અવગાઢ હોય ? કદાચિત્ અવગાઢ હોય, કદાચિત્ અવગાઢ ન હોય. જો અવગાઢ હોય, તો અનંતા હોય.*

*ભગવન્ ! જ્યાં અધર્માસ્તિકાયનો એક પ્રદેશ અવગાઢ હોય. ત્યાં ધર્માસ્તિકાયનો કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એક. કેટલાં અધર્માસ્તિકાય૦ ? - એક પણ નહીં. બાકી ધર્માસ્તિકાયવત્.*

*ભગવન્ ! જ્યાં એક આકાશાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? કદાચ અવગાઢ હોય, કદાચ ન હોય. જો હોય તો એક હોય. એ પ્રમાણે અધર્માસ્તિકાયના પ્રદેશો પણ જાણવા. - - - કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક પણ નહીં. કેટલાં જીવાસ્તિકાય૦ ? કદાચ અવગાઢ હોય, કદાચ ન હોય. જો અવગાઢ હોય તો અનંતા હોય એ રીતે યાવત્ અદ્ધાસમય કહેવું.*

*ભગવન્ ! જ્યાં એક જીવાસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? એક. - - એ પ્રમાણે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પ્રદેશો પણ કહેવા. - - કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. - - બાકી ધર્માસ્તિકાય મુજબ કહેવું.*

*ભગવન્ ! જ્યાં એક પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાયપ્રદેશ અવગાઢ હોય ? જેમ જીવાસ્તિકાયના પ્રદેશમાં કહ્યું, તેમ બધું જ અહીં કહેવું.*

*ભગવન્ ! જ્યાં બે પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? કદાચ એક, કદાચ બે. - - એ રીતે અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કહેવા. બાકી ધર્માસ્તિકાય મુજબ.*

*ભગવન્ ! જ્યાં ત્રણ પુદ્ગલાસ્તિકાય૦ ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? કદાચ એક, કદાચ બે, કદાચ ત્રણ. એ રીતે અધર્માસ્તિકાય પણ કહેવું, આકાશાસ્તિકાય પણ કહેવું. બાકીનું બે પુદ્ગલવત્ છે.*

*એ પ્રમાણે આદિના ત્રણ અસ્તિકાય સાથે એક-એક પ્રદેશની વૃદ્ધિ કરવી. બાકીનું જેમ બે પુદ્ગલમાં કહ્યું, તેમ દશ સુધી કહેવું અર્થાત્ કદાચ એક, કદાચ બે, કદાચ ત્રણ યાવત્ કદાચ દશ.*

*સંખ્યાતમાં કદાચ એક, કદાચ બે, યાવત્ કદાચ દશ, કદાચ સંખ્યાત. - - અસંખ્યાતમાં કદાચ એક યાવત્ કદાચ સંખ્યાત, કદાચ અસંખ્યાત. જેમ અસંખ્ય કહ્યા, તેમ અનંત પણ કહેવા.*

*ભગવન્ ! જ્યાં એક અદ્ધાસમય અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય૦ ? એક. - - કેટલાં અધર્માસ્તિકાય૦ ? એક. કેટલાં આકાશાસ્તિકાય૦ ? એક. કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. એ પ્રમાણે યાવત્ 'અદ્ધાસમય'.*



*ભગવન્ ! જ્યાં એક ધર્માસ્તિકાય દ્રવ્ય અવગાઢ હોય, ત્યાં ધર્માસ્તિકાયના કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? એક પણ નહીં. કેટલા અધર્માસ્તિકાય૦ ? અસંખ્યાત. કેટલાં આકાશાસ્તિકાય૦ ? અસંખ્યાતા. કેટલાં જીવાસ્તિકાય૦ ? અનંતા. યાવત્ અદ્ધાસમય.*

*ભગવન્! જ્યાં અધર્માસ્તિકાય અવગાઢ હોય, ત્યાં કેટલાં ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય? અસંખ્યાત. - - કેટલાં અધર્માસ્તિકાય૦? એક પણ નહીં. બાકી ધર્માસ્તિકાયવત્ જાણવું. આ પ્રમાણે બધાં, સ્વસ્થાનમાં 'એક પણ નથી' તેમ કહેવું. પરસ્થાનમાં આદિના ત્રણે અસંખ્યાતા કહેવા. પછીના ત્રણેમાં અનંતા કહેવા. યાવત્ અદ્ધાસમય. યાવત્ કેટલા અદ્ધાસમય અવગાઢ છે? એક પણ નથી.*

*ભગવન્ ! જ્યાં એક પૃથ્વીકાયિક અવગાઢ છે, ત્યાં કેટલાં પૃથ્વીકાયિકો અવગાઢ છે ? અસંખ્ય - - કેટલાં અપ્કાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં તેઉકાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં વાયુકાયિકો અવગાઢ છે ? અસંખ્યાતા. - - કેટલાં વનસ્પતિકાયિકો અવગાઢ છે ? અનંતા.*

*ભગવન્ ! જ્યાં એક અપ્કાયિક અવગાઢ છે, ત્યાં કેટલાં પૃથ્વીકાયિકો૦ ? અસંખ્યાતા. - - કેટલાં અપ્કાયિકો૦ ? અસંખ્યાતા. એ પ્રમાણે પૃથ્વીકાયિકની વક્તવ્યતા મુજબ બધામાં સંપૂર્ણ કહેવું યાવત્ વનસ્પતિકાયિક. યાવત્ કેટલાં વનસ્પતિકાયિકો ત્યાં અવગાઢ છે ? - અનંતા.*

**● વિવેચન-૫૮૦ :-**

જે પ્રદેશમાં એક ધર્માસ્તિકાયનો પ્રદેશ, અવગાઢ છે. તેમાં તેનો બીજો પ્રદેશ ન હોય, તેથી 'એક પણ નહીં' તેમ કહ્યું. ધર્માસ્તિકાય પ્રદેશ સ્થાનમાં અધર્માસ્તિકાય પ્રદેશની વિદ્યમાનતાથી 'એક' હોય તેમ કહ્યું. એ રીતે આકાશાસ્તિકાયનો પણ એક. જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના વળી અનંતા પ્રદેશો એક-એક ધર્માસ્તિકાય પ્રદેશના સ્થાને હોય છે, તેથી 'અનંતા' એમ કહ્યું. 'અદ્ધાસમય' મનુષ્યલોકમાં જ છે, પછી નહીં, તેથી ધર્માસ્તિકાય પ્રદેશમાં તેનો અવગાહ હોય અને ન હોય. હોય ત્યાં 'અનંત' કહેવું. અધર્માસ્તિકાયના છ સૂત્રો ધર્માસ્તિકાયવત્ જાણવા.

આકાશાસ્તિકાય સૂત્રોમાં લોકાલોકરૂપ આકાશના લોકાકાશમાં અવગાઢ, અલોકાકાશમાં નહીં, કેમકે તેનો અભાવ છે.

પુદ્ગલાસ્તિકાય પ્રદેશ૦ આદિ. જ્યાં એકત્ર આકાશપ્રદેશમાં દ્વિઅણુક સ્કંધ અવગાઢ છે, ત્યાં તેમાં ધર્માસ્તિકાયપ્રદેશ એક જ છે, જો બે આકાશપ્રદેશમાં અવગાઢ હોય, તો તેમાં બે ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય. એ રીતે અવગાહનાનુસાર ધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય કદાચ એક, કદાચ બે પ્રદેશાવગાઢ કહેવા. બાકી - જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અદ્ધા સમય લક્ષણ ત્રણ, જેમ ધર્માસ્તિકાયપ્રદેશ-વક્તવ્યતા કહી, તેમ પુદ્ગલ પ્રદેશદ્વય વક્તવ્યતા પણ છે. - x -

જો ત્રણે અણુ એકત્ર અવગાઢ હોય તો, તેમાં એક ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ છે. જો બેમાં હોય તો બે પ્રદેશાવગાઢ, ત્રણમાં હોય, તો ત્રણમાં અવગાઢ

છે. આ પ્રમાણે અધર્મ-આકાશાસ્તિકાયમાં પણ કહેવું. જીવ-પુદ્ગલ-અદ્ધાસમય આશ્રીને ત્રણ સૂત્ર, જેમ બે પુદ્ગલ પ્રદેશની અવગાહ વિચારણામાં કહ્યું, તેમજ પુદ્ગલ પ્રદેશત્રયની વિચારણામાં પણ કહેવું. પુદ્ગલ પ્રદેશત્રયના સ્થાને અનંતા જીવપ્રદેશ અવગાઢ છે, એ પ્રમાણે કહેવું - એવો અર્થ છે.

જે રીતે પુદ્ગલપ્રદેશત્રયની અવગાહ વિચારણામાં ધર્માસ્તિકાયાદિ સૂત્ર ત્રણમાં એકૈક પ્રદેશની વૃદ્ધિ કરી, એ પ્રમાણે પુદ્ગલપ્રદેશ ચતુષ્ટ્ય અવગાહ વિચારણામાં પણ એકૈક વધારવા. તે આ રીતે - ભગવન્ ! જેમાં ચાર પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય તેમાં ધર્માસ્તિકાયના કેટલાં પ્રદેશ અવગાઢ હોય ? કદાચ એક કે બે કે ત્રણ કે ચાર ઈત્યાદિ. જીવાસ્તિકાયાદિમાં પુદ્ગલ પ્રદેશ ચતુષ્ટ્ય વિચારણા, પુદ્ગલ પ્રદેશદ્ધય અવગાહના વિચારણા મુજબ કરવી. - x - x -

અસંખ્યાત માફક અનંતા પણ કહેવા. તેનો ભાવાર્થ આ છે - ભગવન્ ! જ્યાં અનંતા પુદ્ગલાસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ત્યાં કેટલા ધર્માસ્તિકાય પ્રદેશ અવગાઢ હોય ? કદાચ એક, કદાચ બે, યાવત્ કદાચ અસંખ્યાત. પણ કદાચ અનંત ન કહેવું. કેમકે ધર્મ-અધર્મ-અસ્તિકાય અને લોકાકાશના પ્રદેશોમાં અનંતપ્રદેશોનો અભાવ હોય છે. હવે બીજા પ્રકારે અવગાહદ્વાર કહે છે —

ધર્માસ્તિકાય શબ્દથી સમસ્ત તેના પ્રદેશના સંગ્રહથી બીજા પ્રદેશનો અભાવ કહ્યો છે — જેમાં ધર્માસ્તિકાય અવગાઢ છે, તેમાં તેનો એક પણ પ્રદેશ અવગાઢ ન હોય. અધર્મ-આકાશાસ્તિકાયના અસંખ્યાત પ્રદેશ અવગાઢ છે, કેમકે તેના અસંખ્ય પ્રદેશો હોય છે. જીવાસ્તિકાય સૂત્રમાં અનંતપ્રદેશો છે, કેમકે જીવાસ્તિકાયના અનંત પ્રદેશ છે, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધા સમયમાં એ પ્રમાણે જ જાણવું.

એક પૃથ્વી આદિ જીવના સ્થાનમાં કેટલા પૃથ્વી આદિ જીવો અવગાઢ છે ? એ પ્રમાણે જીવ-અવગાહ દ્વાર પ્રતિપાદિત કરેલ છે. - x - x - હવે અસ્તિકાય પ્રદેશ-નિષદન દ્વાર કહે છે —

● **સૂત્ર-૫૮૧ :-**

***ભગવન્ ! આ ધર્માસ્તિકાય૰ અધર્માસ્તિકાય૰ આકાશાસ્તિકાયમાં કોઈ બેસવા, રહેવા, નિષધા કરવા, સુવા માટે સમર્થ થાય ? ના, આ અર્થ સમર્થ નથી. ત્યાં અનંતા જીવો અવગાઢ હોય છે. ભગવન્ ! આમ કેમ કહો છો ? ગૌતમ ! જેમ કોઈ કૂટાગારશાળા હોય, જે બંને તરફથી લિપ્ત હોય, ગુપ્ત હોય, ગુપ્તદ્વાર હોય, ઈત્યાદિ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું યાવત્ દ્વારના કમાડ બંધ કરી દે છે. તે કૂટાગાર શાળાના બહુ મધ્યદેશ ભાગમાં જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૧૦૦૦ દીવા પ્રગટાવે. ગૌતમ ! તે દીવાની લેશ્યાઓ પરસ્પર સંબદ્ધ, પરસ્પર સ્પૃષ્ટ યાવત્ પરસ્પર એકરૂપ થઈને રહે છે ? હા, રહે છે. હે ગૌતમ ! કોઈ તે દીવાની લેશ્યામાં બેસવા, સૂવા કે યાવત્ પડખાં બદલવા સમર્થ છે ? ભગવન્ ! તેવું ન થાય, ત્યાં અનંત જીવો અવગાઢ હોય છે. તેથી ગૌતમ ! પૂર્વવત્ કહ્યું છે.***



● **વિવેચન-૫૮૧ :-**

चक्किय - કોઈ પુરુષ સમર્થ થાય. હવે બહુસમ દ્વાર —

● **સૂત્ર-૫૮૨ :-**

***ભગવન્ ! લોકનો બહુસમ ભાગ ક્યાં છે ? ભગવન્ ! લોકનો સર્વ સંક્ષિપ્ત ભાગ ક્યાં છે ? ગૌતમ ! આ રત્નપ્રભા પૃથ્વીના ઉપર અને નીચેના ક્ષુદ્ર પ્રતરોમાં લોકનો બહુસમ ભાગ છે અને આ જ લોકનો સર્વ સંક્ષિપ્ત ભાગ કહ્યો છે. - - ભગવન્ ! લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ ક્યાં છે ? ગૌતમ ! જ્યાં વિગ્રહ કંડક છે, તે જ લોકનો વિગ્રહ-વિગ્રહિક ભાગ કહેવાય છે.***

● **વિવેચન-૫૮૨ :-**

बहुसम - અત્યંત સમ. લોક ક્વચિત્ વધતો, ક્વચિત્ ઘટતો છે, તેનો નિષેધ કરી, બહુસમ કહ્યું. विग्रह - વક્ર અર્થાત્ લઘુ. તે જેને છે, તે વિગ્રહિક. સર્વથા વિગ્રહિક એટલે સર્વ સંક્ષિપ્ત. उपरिम - જેને આશ્રીને ઉર્ધ્વ પ્રતરવૃદ્ધિ પ્રવૃત્ત હોય છે. अधस्तन - જેને આશ્રીને નીચે પ્રતરવૃદ્ધિ પ્રવૃત્ત છે. તે ઉપર નીચેના ક્ષુલ્લક પ્રતર એટલે બીજાની અપેક્ષાએ નાના. એક રાજ પ્રમાણ લંબાઈ-પહોડાઈના તિર્છાલોક મધ્યભાગવર્તી. - x - વિગ્રહ એટલે વક્ર, તેનાથી યુક્ત જેનું શરીર છે, તે વિગ્રહ વિગ્રહિક. विग्रहकंडक - વક્ર અવયવ, જેમાં પ્રદેશની વૃદ્ધિ કે હાનિ વક્ર હોય છે, તે વિગ્રહ કંડક, તે પ્રાયઃ લોકાંતે હોય છે. - - હવે લોક સંસ્થાન દ્વાર કહે છે—

● **સૂત્ર-૫૮૩ :-**

***ભગવન્ ! લોક, ક્યા સંસ્થાને છે ? ગૌતમ ! સુપ્રતિષ્ઠક સંસ્થાને લોક છે. નીચે વિસ્તીર્ણ, મધ્યમાં૰ - સાતમા શતકનતા પહેલા ઉદ્દેશામાં કહ્યું, તેમ યાવત્ અંત કરે છે. - - ભગવન્ ! આ અધો-તીર્છા-ઉર્ધ્વલોકમાં કયો કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી નાનો તિર્છાલોક છે, ઉર્ધ્વલોક અસંખ્યાતગણો છે, અધોલોક વિશેષાધિક છે. ભગવન્ ! તે એમ જ છે (૨).***

● **વિવેચન-૫૮૩ :-**

તિર્છાલોક ૧૮૦૦ યોજન છે, ઉર્ધ્વલોક કિંચિત્ ન્યૂન સાત રાજ પ્રમાણ છે, અધોલોક કિંચિત્ અધિક સાત રાજ પ્રમાણ છે.

## ❁ શતક-૧૩, ઉદ્દેશો-૫-“આહાર” ❁

— x — x — x — x —

ઉદ્દેશા-૪-માં લોકસ્વરૂપ કહ્યું, તેમાં નારકાદિ હોય, તેનું કથન.

● **સૂદ્-૫૮૪ :-**

***ભગવન્ ! નૈરયિકો, શું સચિત્તાહારી, અચિત્તાહારી કે મિશ્રાહારી છે ? ગૌતમ ! સચિત્ત કે મિશ્રાહારી નથી, અચિત્તાહારી છે. આ પ્રમાણે અસુરકુમારાદિ, નૈરયિક ઉદ્દેશક-૧-સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.***

● **વિવેચન-૫૮૪ :-**

પ્રજ્ઞાપનાના ૨૮માં પદનો પહેલો ઉદ્દેશો કહેવો. તે આ પ્રમાણે - નૈરયિકો શું સચિત્તાહારી છે ? આદિ. - x -

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૬-“ઉપપાત” ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૫-માં નારકાદિ કથન કર્યુ, અહીં પણ તે જ કહે છે –

● **સૂત્ર-૫૮૫ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું – નૈરયિક સાંતર ઉપજે છે કે નિરંતર ? ગૌતમ ! નૈરયિકો સાંતર પણ ઉપજે અને નિરંતર પણ ઉપજે છે. એ પ્રમાણે અસુરકુમારો પણ જાણવા. એ પ્રમાણે જેમ ‘ગાંગેય’માં છે, તેમ બે દંડકો કહેવા. યાવત્ વૈમાનિક નિરંતર પણ ચ્યવે છે.*

● **વિવેચન-૫૮૫ :-**

‘ગંગેય’ શતક-૯, ઉદ્દેશો-૩૨મો છે. ઉત્પત્તિ અને ઉદ્વર્તના દંડક. વૈમાનિકનું ચ્યવન કહ્યું, તે દેવો છે, દેવાધિકારથી ‘ચમર’ કથન –

● **સૂત્ર-૫૮૬ :-**

*ભગવન્! અસુરેન્દ્ર અસુરરાજ ચમરનો ચમરચંચા નામે આવાસ ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની દક્ષિણમાં તિર્છા અસંખ્ય દ્વીપસમુદ્ર૦ આદિ જેમ શતક-૨-માં સભા ઉદ્દેશકની વક્તવ્યતા છે, તે સંપૂર્ણ જાણવી. વિશેષ એ કે – આ પ્રમાણે જાણવું - યાવત્ તિગિચ્છકૂટના ઉત્પાત્ પર્વતની ચમરચંચા રાજધાનીમાં ચમરચંચ નામે આવાસપર્વતનો અને અન્ય ઘણાં દ્વીપ આદિ સુધી બાકી બધું વર્ણન કરવું યાવત્ કિંચિત્ વિશેષાધિક સાડાતેર અંગુલ પરિધિ છે. તે ચમરચંચા રાજધાનીની દક્ષિણ-પશ્ચિમમાં ૬૫૫ કરોડ, ૩૫-લાખ, ૫૦ હજાર યોજન દૂર અરુણોદક સમુદ્રમાં તીર્છા જઈને આ અસુરેન્દ્ર અસુરકુમારરાજ ચમરના ચમરચંચા નામે આવાસ પર્વત છે. તે ૮૪,૦૦૦ યોજન લાંબો છે, પરિધિ ૨,૬૫,૬૩૨ યોજનની અધિક છે. આ આવાસ એક પ્રાકાર વડે ચોતરફથી ઘેરાયેલ છે, તે પ્રાકાર ઉંચાઈમાં ૧૫૦ યોજન છે, આ રીતે ચમરચંચા રાજધાનીની વક્તવ્યતા સભાને છોડીને યાવત્ ચાર પ્રાસાદ પંક્તિઓ છે, સુધી કહેવી.*

*ભગવન્ ! ચમરેન્દ્ર, શું તે ચમરચંચ આવાસમાં નિવાસ કરીને રહે છે ? આ અર્થ સમર્થ નથી. ભગવન્ ! તો કયા કારણથી ચમરેન્દ્રનો આવાસ ‘ચમરચંચ’ આવાસ કહેવાય છે ? ગૌતમ ! જેમ આ મનુષ્ય લોકમાં ઉપકારીલયન, ઉદ્યાનલયન, નિર્યાણિયલયન, ધારાવારિકલયન હોય છે, ત્યાં ઘણાં મનુષ્યો, માનુષીઓ બેસે છે, સુવે છે આદિ જેમ રાયપ્પસેણઈયમાં યાવત્ કલ્યાણ ફળવૃત્તિ વિશેષ અનુભવતા વિચરે છે, પણ તેઓ વસતિ અન્યત્ર સ્વીકારે છે, એ પ્રમાણે ગૌતમ ! ચમરેન્દ્રનો ‘ચમરચંચ’ આવાસ કેવળ ક્રિડારતિપ્રતિક છે, પણ નિવાસ અન્યત્ર કરે છે માટે પૂર્વવત્ કહ્યું. ભગવન્ તે એમ જ છે.*

● **વિવેચન-૫૮૬ :-**

सभाविहूण० સુધર્માદિ પાંચ સભા અહીં ન કહેવી. આ ચમરચંચા રાજધાની વક્તવ્યતા ક્યાં સુધી કહેવી ? ચાર પ્રાસાદ પંક્તિ પર્યન્ત. - x - ઉપકારિકાલયન - પ્રાસાદાદિ પીઠ સમાન. ઉધાનિક લયન - ઉધાનમાં ગયેલ લોકોને ઉપકારી ગૃહ



કે નગર પ્રદેશગૃહ. નિર્યાનિક લયન - નગરનિર્ગમ ગૃહ, ધારિવારિક લયન - ધારાપ્રધાન જળ, જેમાં છે, તે ધારાવારિક લયન. તેમાં (આ ગૃહોમાં)

आसयंति - કિંચિત્ આશ્રય કરે, सयंति - વિશેષ આશ્રય લે છે. અથવા आसयंति - કંઈક સુવે છે, सयंति - વિશેષ સુવે છે. જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું – તે દ્વારા આમ સૂચવે છે - चिट्ठंति - ઉર્ધ્વસ્થાને ઉભા રહે છે. निसीयंति - બેસે છે, तुयट्टंति - પડખાં બદલે છે. हसंति - પરિહાસ કરે છે, रमंते - અક્ષાદિ વડે રમે છે. ललंति - કંઈ ક્રિયા વિશેષ કરે છે. कीलंति - કામક્રીડા કરે છે. किड्डुंति - ક્રિડા કરે છે, मोहयंति - મોહિત કરે છે - વિમુગ્ધ થઈ પ્રણય કરે છે.

वसहिं उवेंति - વાસ કરે છે - આ પ્રમાણે, મનુષ્યોના ઔપકારિકાદિ લયનવત્ ચમરના ચમરચંચ આવાસ, નિવાસસ્થાન નથી, કેવળ ક્રીડામાં આનંદ અથવા ક્રીડા અને રતિ, જેનું નિમિત્ત છે તે ક્રીડારતિ પ્રત્યયે, ત્યાં આવે છે.

અસુરકુમાર વિશેષાવાસ વક્તવ્યતા કહી, અસુરકુમારમાં વિરાધિત દેશ સર્વ સંયમી ઉત્પન્ન થાય છે, તેથી તેને દર્શાવે છે –

● **સૂત્ર-૫૮૭,૫૮૮ :-**

*[૫૮૭] ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે રાજગૃહી નગરીના ગુણશીલ ચૈત્યથી યાવત્ વિહાર કર્યો.*

*તે કાળે, તે સમયે ચંપા નગરી હતી, પૂર્ણભદ્ર ચૈત્ય હતું. ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા યાવત્ વિચરતા ચંપાનગરીમાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યા. આવીને યાવત્ વિચરે છે.*

*તે કાળે, તે સમયે સિંધુસૌવીર જનપદમાં વીતીભય નામે નગર હતું. તેની બહાર પૂર્વ દિશામાં મૃગવન ઉધાન હતું. સર્વઋતુક આદિ વર્ણન કરવું તે વીતીભય નગરમાં ઉદાયન રાજા હતો, તે મહાન્ હતો આદિ વર્ણન કરવું.*

*તે ઉદાયન રાજાને પ્રભાવતી નામે રાણી હતી. સુકુમાલ ઈત્યાદિ વર્ણન કરવું. તે ઉદાયન રાજાનો પુત્ર, પ્રભાવતી દેવીનો આત્મજ એવો અભિચિકુમાર હતો. સુકુમાલ હતો યાવત્ શિવભદ્રકુમારવત્ યાવત્ અનુભવતો વિચરતો હતો. તે ઉદાયન રાજાને કેશીકુમાર નામે ભાણેજ સુકુમાલ યાવત્ સુરૂપ હતો.*

*તે ઉદાયન રાજા સિંધુ સૌવીર પ્રમુખ ૧૬-જનપદોના, વીતીભય પ્રમુખ ૩૬૩ નગરો અને આકરોનો, મહસેન આદિ દશ મુગટબદ્ધ, તથા છત્ર ચામર, બાલવીઝનક-વાળા રાજાનો અને બીજા ઘણાં રાજા-ઈશ્વર-તલવર યાવત્ સાર્થવાહ આદિનું આધિપત્ય યાવત્ કરતો, પાલન કરતો હતો. જીવાજીવનો જ્ઞાતા એવો શ્રાવક હતો યાવત્ વિચરતો હતો.*

*ત્યારે તે ઉદાયન રાજા અન્ય કોઈ દિવસે પૌષધશાળામાં આવ્યો, શંખ શ્રાવક માફક વિચરવા લાગ્યો. ત્યારે તે ઉદાયનને મધ્યરાત્રિએ ધર્મજાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - તે ગ્રામ, આકર, નગર, ખંડ, કર્બડ, મડંબ, દ્રોણમુખ, પટ્ટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશાદિ ધન્ય છે, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર વિચરે છે. તે રાજા, ઈશ્વર, તલવર યાવત્*

સાર્થવાહ વગેરે ધન્ય છે, જે ભગવંતને વાંદી, નમી, સેવે છે.

— જો શ્રમણ ભગવંત મહાવીર પૂર્વાનુપૂર્વી ચાલતા, ગામ-ગામ યાવત્ વિચરતા, અહીં આવે,અહીં સમોસરે, આ વીતીભય નગરની બહાર મૃગવન ઉધાનમાં યથાપ્રતિરૂપ અવગ્રહ લઈને સંયમ અને તપ વડે યાવત્ વિચરે, તો હું ભગવંતનો વાંદીશ, નમીશ યાવત્ (તેમની) પર્યુપાસના કરીશ.

ત્યારે ભગવંત મહાવીર, ઉદાયન રાજાનો આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયેલ જાણીને ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યથી નીકળીને, પૂર્વાનુપૂર્વી ચરતા, ગામગામ યાવત્ વિચરતા સિંધુસૌવીર જનપદમાં વીતીભય નગરના મૃગવન ઉધાનમાં પધાર્યા, યાવત્ વિચરવા લાગ્યા. ત્યારે વીતીભય નગરના શ્રૃંગાટક૦ યાવત્ પર્ષદા પર્યુપાસે છે.

ત્યારે તે ઉદાયન રાજા આ વૃત્તાંત પ્રાપ્ત થતા હૃષ્ટ, સંતુષ્ટ થયો. યાવત્ કૌટુંબિક પુરુષોને બોલાવી આ પ્રમાણે કહ્યું — ઓ દેવાનુપ્રિયો! જલ્દીથી, વીતીભય નગરને અંદરથી-બહારથી જેમ કોણિકે ઉવવાઈ સૂત્રમાં કર્યુ તેમ યાવત્ પર્યુપાસે છે પ્રભાવતી આદિ રાણીઓ પણ તે પ્રમાણે યાવત્ પર્યુપાસે છે. ધર્મકથા થઈ.

ત્યારે તે ઉદાયન રાજા, ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળીને, અવધારીને, હૃષ્ટ-તુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉઠીને ભગવંત મહાવીરને ત્રણ વખત યાવત્ નમીને, આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! તે એમ જ છે, તે તેમ જ છે, યાવત્ જેમ આપ કહો છો. એમ કરીને વિશેષ કહે છે — હે દેવાનુપ્રિય ! અભિચિકુમારને રાજપદે સ્થાપીને, પછી હું દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું. - - હે દેવાનુપ્રિય ! જેમ સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો.

ત્યારે તે ઉદાયન રાજા, ભગવંત મહાવીરે આમ કહેતા, હર્ષિત-સંતુષ્ટ થઈ ભગવંતને વાંદી, નમીને પછી આભિષેક્ય હાથી પર આરૂઢ થઈને ભગવંત પાસેથી મૃગવન ઉધાનથી નીકળીને વીતીભય નગરે જવા નીકળ્યો.

ત્યારે તે ઉદાયન રાજાને આવા પ્રકારે મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. નિશ્ચે અભિચિકુમાર મારો એક જ પુત્ર છે. તે ઈષ્ટ, કાંત છે યાવત્ દર્શનનું તો કહેવું જ શું ? જો હું અભિચિકુમારને રાજપદે સ્થાપીને ભગવંત મહાવીર પાસે મુંડ થઈને યાવત્ દીક્ષા લઈશ, તો અભિચિકુમાર રાજ્યમાં, રાષ્ટ્રમાં યાવત્ જનપદમાં, માનુષી કામભોગોમાં મૂર્છિત-ગૃદ્ધ-ગ્રથિત-અધ્યુપપન્ન થઈને અનાદિ-અનંત દીર્ઘકાલીન ચાતુરંત સંસાર કાંતારમાં ભ્રમણ કરશે - તેથી મારા માટે અભીચિને રાજ્યમાં સ્થાપી ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લેવી શ્રેયસ્કર નથી. મારા માટે શ્રેયસ્કર એ છે કે મારા નિજક ભાણેજ કેશીકુમારને રાજ્યમાં સ્થાપીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લઉં.

ઉપર મુજબ વિચારીને વીતીભય નગરે પહોંચ્યા, પહોંચીને નગરની વચ્ચોવચ્ચથી, જ્યાં પોતાનું ગૃહ, બાહ્ય ઉપસ્થાનશાળા છે, ત્યાં આવ્યો. આવીને આભિષેક્ય હાથીને ઉભો રાખ્યો. આભિષેક્ય હાથીથી નીચે ઉતર્યો. ઉતરીને સીંહાસન પાસે આવ્યો. આવીને ઉત્તમ સીંહાસન ઉપર પૂર્વાભિમુખ બેઠો, કૌટુંબિક



પુરુષોને બોલાવ્યો. બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી વીતીભય નગરને અંદર-બહારથી (શણગારી) યાવત્ મારી આજ્ઞા પાછી સોંપો. ત્યારે ઉદાયન રાજાએ બીજી વખત પણ કૌટુંબિક પુરુષોને બોલાવીને આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! જલ્દીથી કેશીકુમારના મહાર્ઘ આદિ રાજ્યાભિષેક૦ જેમ શિવભદ્રકુમારમાં કહ્યું, તેમ કહેવું યાવત્ પરમાયુનું પાલન કરો, ઈષ્ટજનથી સંપરિવૃત્ત થઈને સિંધુ સૌવીરાદિ ૧૬-જનપદને, વીતીભયાદિ નગરને, મહસેનાદિ રાજાને, બીજા પણ ઘણાં રાજા-ઈશ્વરાદિને યાવત્ આધિપત્ય કરતા, પાલન કરતાં વિચરો કહી જય-જય શબ્દો કર્યા.

ત્યારે તે કેશીકુમાર રાજા યાવત્ મહત્ યાવત્ વિચરે છે. ત્યારે તે ઉદાયન રાજા કેશીરાજાને પૂછે છે. ત્યારે તે કેશીરાજાએ કૌટુંબિક પુરુષને બોલાવ્યા. એ પ્રમાણે જેમ જમાલિમાં કહ્યું, તે રીતે અંદર-બહારથી નગર સાફ કરાવી, યાવત્ નિષ્ક્રમણાભિષેકની તૈયારી કરી.

ત્યારે તે કેશીરાજા અનેક ગણનાયકથી યાવત્ પરીવરીને ઉદાયન રાજાને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેસાડીને ૧૦૮ સુવર્ણ કળશો વડે એ પ્રમાણે જમાલિ માફક યાવત્ આ પ્રમાણે કહ્યું — હે સ્વામી! કહો, શું દઈએ?, શું આપીએ?, આપને શેનું પ્રયોજન છે? ત્યારે તે ઉદાયન રાજાએ કેશીરાજાને આમ કહ્યું — હે દેવાનુપ્રિય! હું ઈચ્છુ છું કે - કૃત્રિકાપણથી૦ એ રીતે જમાલિ માફક કહેવું. વિશેષ એ કે પ્રિયવિયોગ દૂષણ અનુભવતી પદ્માવતીએ અગ્રકેશ ગ્રહણ કર્યા.

ત્યારે તે કેશીરાજાએ ફરી વખત ઉત્તર દિશામાં સીંહાસન રખાવ્યું, ફરીથી ઉદાયન રાજાને ચાંદી-સોનાના કળશોથી નવડાવ્યા, બાકી બધું જમાલિવત્ જાણવું યાવત્ શિબિકામાં બેઠા, ધાવમાતાદિ પૂર્વવત્ જાણવું. વિશેષ એ કે પદ્માવતી રાણી શ્વેત વસ્ત્ર ધારણ કરીને બેઠી, બાકી વર્ણન પૂર્વવત્ યાવત્ શિબિકાથી રાજા નીચે ઉતર્યો. ઉતરીને ભગવંત મહાવીર પાસે આવ્યો. આવીને ભગવંતને ત્રણ વાર વાંદી, નમીને પૂર્વ દિશામાં જઈને, આપ મેળે આભરણ-અલંકાર ઉતાર્યા આદિ પૂર્વવત્. પદ્માવતીએ ગ્રહણ કર્યા. યાવત્ (ઉદાયનરાજર્ષિને) આમ કહ્યું — હે સ્વામી! સંયમમાં પુરુષાર્થ કરજો યાવત્ પ્રમાદ ન કરતા. પછી કેશી રાજા અને પદ્માવતી ભગવંતને વાંદી, નમી યાવત્ પાછા ગયા. ઉદાયન રાજાએ સ્વયં પંચમુષ્ટી લોચ કર્યો. બાકી ઋષભદત્ત માફક જાણવું યાવત્ સર્વદુઃખથી મુક્ત થયા.

[૫૮૮] ત્યારે તે અભીચિકુમાર અન્યદા કોઈ દિવસે મધ્યરાત્રિએ કુટુંબ જાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. - નિશ્ચે હું ઉદાયનનો પુત્ર, પ્રભાવતી રાણીનો આત્મજ, છતાં ઉદાયન રાજાએ મને છોડીને નિજક ભાણેજ કેશીકુમારને રાજ્યમાં સ્થાપીને ભગવંત મહાવીર પાસે યાવત્ દીક્ષા લીધી.

— આ આવા પ્રકારના મહા અપ્રતીતિરૂપ મનો માનસિક દુઃખથી અભિભૂત થઈને, અંતઃપુર-પરિવારથી સંપરિવરીને, ભાંડ-માત્ર-ઉપકરણ લઈને વીતીભય નગરથી નીકળી ગયો. નીકળીને પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા

*જ્યાં ચંપાનગરીમાં કોણિક રાજા હતો, ત્યાં આવ્યો. આવીને કોણિક રાજાનો આશ્રય કરી રહેવા લાગ્યો. ત્યાં પણ તે વિપુલ ભોગ સામગ્રીથી સંપન્ન થઈ ગયો. ત્યારપછી તે અભીચિકુમાર શ્રાવક થયો, જીવાજીવને જાણતો યાવત્ વિચરે છે. તે ઉદાયન રાજર્ષિ પ્રતિ વૈરના અનુબંધથી યુક્ત હતો.*

*તે કાળે, તે સમયે આ રત્નપ્રભા પૃથ્વીના નરકાવાસોના પરિપાર્શ્વમાં અસુરકુમારોના ૬૪-લાખ આવાસ છે. ત્યારે તે અભીચિકુમાર ઘણાં વર્ષો સુધી શ્રમણ પર્યાય પાળીને, અર્ધમાસિક સંલેખનાથી ૩૦ ભક્તને અનશન વડે છેદીને, પૂર્વોક્ત સ્થાનના આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ માસે કાળ કરીને આ રત્નપ્રભા પૃથ્વીના ૩૦ લાખ નરક આવાસની સમીપે રહેલા ૬૪ લાખ 'આતપ' નામક અસુરકુમારાવાસમાં કોઈ એક આતાપમાં અસુરકુમાર દેવરૂપે ઉત્પન્ન થયો. ત્યાં ઘણા આતાપ અસુરકુમાર દેવોની સ્થિતિ એક પલ્યોપમ છે, ત્યાં અભીચિદેવની સ્થિતિ પણ એક પલ્યોપમની થઈ.*

*ભગવન્ ! તે અભીચિદેવ, તે દેવલોકથી આયુક્ષયાદિ પછી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે. ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૫૮૭,૫૮૮ :-**

સિંધુસૌવીર - સિંધુ નદી નીકટ, સૌવીર - જનપદ વિશેષ. વીતિભય - જેમાંથી ઈતિ અને ભય ચાલ્યા ગયા છે તે. કોઈ વિદર્ભ કહે છે. સર્વઋતુક પુષ્પ-ફળથી સમૃદ્ધ, રમ્ય, નંદનવન સમાન. જ્યાં કર નથી તે નગર, સોનું આદિ ઉત્પત્તિ સ્થાન તે આકર - x - જેઓને છત્ર વિસ્તારેલ છે, ચામર રૂપ બાલ વ્યંજનિકા છે તેઓ.

अप्पत्तिएण० - અપ્રીતિ સ્વભાવથી મનનો વિકાર, મનમાં તે માનસિક, બહાર દેખાતો એવો નહીં. દુઃખથી પોતાનાં ભાંડ, માત્ર, શય્યાદિ ઉપકરણ લઈને - x - વૈરભાવ છોડ્યા વિના. आयाव - અસુરકુમાર વિશેષ, તેની કંઈ વધુ માહિતી નથી.

## ❁ શતક-૧૩, ઉદ્દેશો-૭-"ભાષા" ❁

— x — x — x — x —

અનંતર ઉદ્દેશામાં અર્થો કહ્યા, તે ભાષા વડે કહ્યા. તેથી ભાષા કહે છે —

**● સૂત્ર-૫૮૯ :-**

*રાજગૃહમાં આ પ્રમાણે કહ્યું — ભગવન્! ભાષા આત્મા છે કે બીજું છે? ગૌતમ! 'ભાષા' આત્મા નથી. ભાષા બીજું છે. - - ભગવન્! ભાષા, રૂપી છે કે અરૂપી? ગૌતમ! ભાષારૂપી છે, અરૂપી નથી - - ભગવન્! ભાષા સચિત્ત છે કે અચિત્ત? ગૌતમ! ભાષા સચિત્ત નથી, અચિત્ત છે - - ભગવન્! ભાષા, જીવ છે કે અજીવ? ગૌતમ! ભાષા, જીવ નથી - અજીવ છે. - - ભગવન્! ભાષા જીવોને હોય કે અજીવોને હોય? ગૌતમ! ભાષા, જીવોને હોય, અજીવોને નહીં.*

*ભગવન્ ! [બોલ્યા] પહેલા ભાષા છે, બોલાતી તે ભાષા છે કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા છે ? ગૌતમ ! બોલ્યા પૂર્વે કે સમય વીત્યા પછી, તે ભાષા નથી, પણ બોલાતી હોય ત્યારે તે ભાષા છે. - - ભગવન્ ! બોલ્યા પૂર્વે ભાષા ભેદાય, બોલાતી ભાષા ભેદાય કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા ભેદાય છે ? ગૌતમ ! બોલ્યા પૂર્વે કે બોલવાનો સમય વીત્યા પછી ભાષા ભેદાતી નથી, પણ બોલાતી વખતે ભાષા ભેદાય છે.*



*ભગવન્ ! ભાષા કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — સત્યા, મૃષા, સત્યામૃષા અને અસત્યામૃષા.*

**● વિવેચન-૫૮૯ :-**

आया - જીવ, જીવ સ્વભાવા ભાષા. જેથી જીવ વડે વ્યાપૃત છે, જીવને બંધ-મોક્ષાર્થે થાય છે, તેથી જીવધર્મત્વથી 'જીવ' એ રીતે જ્ઞાનવત્ વ્યપદેશ યોગ્ય છે ? અથવા જીવ સ્વરૂપ નથી કેમકે શ્રોત્ર ઈન્દ્રિયના ગ્રાહ્યપણાથી મૂર્તપણે આત્માથી વિલક્ષણ છે, માટે શંકા કરી ? તેનો ઉત્તર આપે છે - ભાષા, આત્મરૂપ નથી. તે પુદ્ગલમય છે. આત્મા વડે ફેંકાયેલ ઢેફાની માફક. આકાશ માફક અચેતન છે. જે કહ્યું કે — જીવ વડે વ્યાપાર્યમાન હોવાથી જીવ છે, જ્ઞાન માફક તે અનૈકાંતિક છે. જીવ વ્યાપાર છતાં જીવથી અત્યંત ભિન્ન સ્વરૂપ દાત્રાદિમાં દેખાય છે.

ભાષા, સાંભળનારને અનુગ્રહ-ઉપઘાતકારીપણાથી તથાવિધ કાનના આભરણવત્ રૂપી છે ? કે ધર્માસ્તિકાયાદિવત્ ચક્ષુ વડે અનુપલભ્ય હોવાથી અરૂપી છે ? તેનો ઉત્તર છે - ભાષારૂપી છે. ચક્ષુ વડે અગ્રાહ્યત્વથી અરૂપીત્વ કહ્યું, તે અનૈકાંતિક છે. પરમાણુ, વાયુ, પિશાચાદિ રૂપવાન્ હોવા છતાં ચક્ષુ વડે અગ્રાહ્ય છે.

અનાત્મરૂપ હોવા છતાં જીવ-શરીરવત્ સચિત ભાષા કેમ નહીં ? ઉત્તર છે - ભાષા સચિત્ત નથી, તે જીવ દ્વારા નિસૃષ્ટ પુદ્ગલ સમૂહરૂપ છે. - - જીવે છે તે જીવ - પ્રાણધારણ સ્વરૂપ ભાષા છે કે તેથી વિલક્ષણ છે ? ઉત્તર છે - ઉચ્છ્વાસાદિ પ્રાણોના અભાવે ભાષા જીવ નથી. કેટલાંક ભાષાને અપૌરુષેયી માને છે, તેના મત મુજબ પ્રશ્ન કર્યો છે - ભાષા, જીવને હોય કે અજીવને ? તાલુ આદિ વ્યાપારથી ઉત્પન્ન વર્ણોનો સમૂહ તે ભાષા. તેથી જીવ પ્રયત્નકૃત્ હોવાથી ભાષા જીવને જ હોય. ભલે અજીવથી પણ શબ્દ ઉત્પન્ન થાય છે, તો પણ તે ભાષા નથી. ભાષાપર્યાપ્તિજન્ય શબ્દને જ ભાષા કહેવાય છે. બોલ્યા પહેલાં ભાષા ન કહેવાય. જેમ માટીના પિંડની સ્થિતિમાં રહેલ ઘટ, ઘટ ન કહેવાય. 'ઘટ' સ્થિતિમાં રહેલ 'ઘટ' માફક બોલાતી તે ભાષા છે. ફૂટી ગયા પછી જેમ ઘડાની ઠીકરી ઘડો ન કહેવાય, તેમ બોલવાનો સમય વીત્યા પછી તે ભાષા ન કહેવાય.

શબ્દ દ્રવ્ય નીકળ્યા પહેલાં તેનું ભેદન કઈ રીતે થાય ? માટે બોલાયા પૂર્વે ભાષા ભેદાતી નથી. બોલાતી ભાષા ભેદાય છે. કોઈ મંદ પ્રયત્ન વક્તા હોય, તે અભિન્ન શબ્દ દ્રવ્યો કાઢે. તે નીકળેલા શબ્દો પરિસ્થૂલ હોવાથી અસંખ્યાત રૂપે ભેદાય, સંખ્યાત યોજન જઈને શબ્દ પરિણામ ત્યાગ કરે છે. કોઈ મહાપ્રયત્ન હોય, તો આદાન-વિસર્ગ પ્રયત્ન વડે ભેદીને જ શબ્દો કાઢે. - x - x - તેથી આમ કહ્યું. ભાષા પરિણામ પરિત્યક્ત હોવાથી બોલાયા પછી તે ભેદાતી નથી.

ભાષા કહી, તે પ્રાયઃ મનપૂર્વક હોય તેથી 'મન' વિશે કથન.

● સૂત્ર-૫૯૦,૫૯૧ :-

*[૫૯૦] ભગવન્ ! મન, આત્મા છે કે અન્ય ? ગૌતમ ! આત્મા મન નથી અન્ય છે. જેમ 'ભાષા'માં કહ્યું તેમ 'મન' માટે કહેવું યાવત્ અજીવોને મન ન હોય. - - ભગવન્ ! (મનન) પૂર્વે મન હોય, મનન કરતી વેળા મન હોય ? એ પ્રમાણે 'ભાષા' મુજબ કહેવું. - - ભગવન્ ! (મનન) પૂર્વે મન ભેદાય, મનન કરતાં મન ભેદાય કે મનન સમય વીત્યા પછી મન ભેદાય છે ? એ પ્રમાણે જેમ 'ભાષા'માં કહ્યું તેમ જાણવું.*

*ભગવન્ ! મન કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ - સત્યમન યાવત્ અસત્યામૃષા મન.*

*[૫૯૧] ભગવન્ ! કાય, આત્મા છે કે અન્ય ? ગૌતમ ! 'કાય' આત્મા પણ છે, અન્ય પણ છે. - - ભગવન્ ! કાયા રૂપી છે કે અરૂપી ? ગૌતમ ! કાયા રૂપી પણ છે, અરૂપી પણ છે. - - એ પ્રમાણે એકૈકમાં પૃચ્છા. ગૌતમ ! કાયા સચિત્ત પણ છે, અચિત્ત પણ છે. કાયા જીવ પણ છે, અજીવ પણ છે. કાયા, જીવની પણ હોય, અજીવની પણ હોય.*

*ભગવન્ ! કાયા પૂર્વે છે૦ ? પ્રશ્ન. ગૌતમ ! પૂર્વે પણ કાયા છે, કાય પુદ્ગલ ગ્રહણ કરતી વેળા પણ કાયા છે, કાય સમય વીત્યા પછી પણ કાયા છે. - - ભગવન્ ! પૂર્વે કાયા ભેદાય છે ? પૃચ્છા. ગૌતમ ! પૂર્વે પણ કાયા ભેદાય છે યાવત્ (પછી પણ) કાયા ભેદાય છે.*

*ભગવન્ ! કાયા કેટલા ભેદે છે ? ગૌતમ ! સાત ભેદે. તે આ — ઔદારિક, ઔદારિકમિશ્ર, વૈક્રિય, વૈક્રિયમિશ્ર, આહારક, આહારકમિશ્ર, કાર્મણ.*

● વિવેચન-૫૯૦,૫૯૧ :-

'મન' વિષયક સૂત્ર ભાષાસૂત્રવત્ જાણવા. કેવળ અહીં મનોદ્રવ્ય સમુદય, મનન ઉપકારી, મનઃપર્યાપ્તિ નામ કર્મોદય સંપાદ્ય તે મન. ભેદ - તેઓનું વિદલનમાત્ર. મનનું નિરૂપણ કર્યુ, તે કાયા હોવાથી હોય છે. તેથી કાયાનું નિરૂપણ કરે છે.

આત્મા કાયા છે, કેમકે કાયા વડે કૃત કર્મોનો અનુભવ તેને થાય છે. બીજા દ્વારાકૃત્ બીજા અનુભવતા નથી. પણ કાયાના એક દેશના છેદનથી આત્માના છેદનનો પ્રસંગ આવતો નથી, તેથી પ્રશ્ન કર્યો છે - ઉત્તર છે, આત્મા કાય પણ છે. કથંચિત્ તેથી વ્યતિરેકથી ક્ષીર-નીર માફક અગ્નિ અને લોહપિંડવત્. તેથી કાયસ્પર્શ થતાં આત્માને સંવેદન થાય છે. તેથી જ કાયા વડે કરાયેલ કર્મ આત્મા ભવાંતરે વેદે છે. કાયા અન્ય પણ છે. અત્યંત અભેદમાં શરીરાંશ છેદતા જીવાંશ છેદન પ્રસંગ આવે. શરીર બળતા, આત્માને પણ દાહ પ્રસંગથી પરલોકાભાવને પ્રસંગ આવે, તેથી કાયા કથંચિત્ આત્માથી ભિન્ન પણ છે. બીજા વળી કાર્મણકાય આશ્રિત્ય આત્મા 'કાય' છે તેમ કહે છે. - x - ઔદારિકાદિ કાયાની અપેક્ષાએ જીવથી અન્ય છે.

ઔદારિકાદિ કાય સ્થૂલ રૂપ અપેક્ષાએ કાયા રૂપી છે, કાયા અરૂપી પણ છે. કેમકે કાર્મણ કાયના અતિ સૂક્ષ્મ રૂપીત્વથી અરૂપીપણે વિવક્ષા કરી છે. એ પ્રમાણે પૂર્વોક્ત સૂત્રવત્ એક-એક પ્રશ્ન કરવો - x - જીવિત અવસ્થામાં ચૈતન્યના



સમન્વિતત્વથી કાયા સચિત્ત છે, મૃત અવસ્થામાં ચૈતન્યના અભાવે કાયા અચિત્ત છે. વિવક્ષિત ઉચ્છ્વાસ આદિ પ્રાણ યુક્તતાથી 'કાય' જીવ પણ છે, ઔદારિકાદિ શરીર અપેક્ષાએ કાયા અજીવ પણ છે. જીવો સંબંધી પણ કાય-શરીર હોય છે, અજીવોને પણ અર્હત્ આદિની સ્થાપનાથી કાય અર્થાત્ શરીરાકાર હોય.

જીવના સંબંધ થવાની પૂર્વે પણ કાયા હોય છે. જેમકે મરેલા દેડકાનું શરીર. વર્તમાનમાં જીવ દ્વારા ઉપચિત કરાતા પણ કાય હોય છે. જેમકે જીવિત શરીર. કાય સમય વીત્યા પછી કાય-શરીર કહેવાય છે. જેમકે મૃત કલેવર. - - પ્રતિક્ષણ પુદ્ગલના ચય-અપચય ભાવથી જીવ વડે કાયાપણે ગ્રહણ કર્યા પૂર્વે પણ દ્રવ્ય કાયા ભેદાય છે. જીવ વડે કાયી ક્રિયમાણતામાં પણ કાયા ભેદાય છે. જેમ રેતીની ભરેલ મુઠ્ઠીમાંથી તેના કણ પ્રતિક્ષણે ખરતા રહે છે. કાય સમય વીત્યા પછી પણ ઘૃતકુંભાદિ ન્યાયથી ભૂતભાવપણાથી તેને કાય કહે છે. પુદ્ગલોનો ભેદ ન સ્વભાવ હોવાથી ભૂતપૂર્વ કાયનું પણ ભેદન થાય છે.

ચૂર્ણિકારે - કાય શબ્દનો અર્થ - ''સમસ્ત પદાર્થોનું સામાન્ય ચયરૂપ શરીર' કર્યો છે. એ રીતે આત્મા પણ કાય છે, શેષ દ્રવ્યો પણ કાય છે. અર્થાત્ આત્મા પણ કાય-પ્રદેશ સંચય છે. વળી કાયપ્રદેશ સંચય રૂપત્વથી કાયા આત્માથી ભિન્ન પણ છે. પુદ્ગલ સ્કંધ અપેક્ષાએ કાયા રૂપી છે, જીવધર્માસ્તિકાયાદિ અપેક્ષાએ કાયા અરૂપી છે. જીવ-શરીર અપેક્ષાથી કાય સચિત્ત છે, અચેતન સંચયથી અચિત છે. ઉચ્છ્વાસાદિ યુક્ત અવયવ સંચયથી જીવ છે, તેથી વિલક્ષણ અજીવ છે. જીવોની કાય જીવ રાશિ, પરમાણુ આદિ રાશિ તે અજીવરાશિ.

હવે કાયાના ભેદો કહે છે — પૂર્વે વ્યાખ્યા કરી છે, અહીં કિંચિત્ માત્ર કહે છે - સ્થૂલ પુદ્ગલ સ્કંધરૂપ હોવાથી ઔદારિક અને ઉપચીયમાન હોવાથી 'કાય' કહેવાય છે. ઈત્યાદિ - x - x - પૂર્વવત્.

'કાય' કહી, તેના ત્યાગથી મરણ થાય, તેથી મરણ કહે છે —

● સૂત્ર-૫૯૨ :-

*ભગવન્ ! મરણ, કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - આવીચિક મરણ, અવધિ મરણ, આત્યંતિક મરણ, બાળ મરણ અને પંડિત મરણ. - - આવીચિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. — દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ(થી) આવીચિક મરણ.*

*ભગવન્! દ્રવ્યાવીચિક મરણ કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભેદે - નૈરયિક, તિર્યંચયોનિક, મનુષ્ય, દેવ-દ્રવ્યાવીચિક મરણ. ભગવન્! એમ કેમ કહે છે — નૈરયિક દ્રવ્યાવીચિક મરણ, નૈરયિક દ્રવ્યાવીચિક મરણ છે? ગૌતમ! જે નૈરયિક, નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યોને નૈરયિકાયુપણે ગ્રહણ કરે - બાંધે - સ્પર્શે - કરે - પ્રસ્થાપિત કરે - નિવિષ્ટ કરે - અભિનિવિષ્ટ કરે - અભિસમન્વાગત કરે છે, તે દ્રવ્યોને પ્રતિ સમય નિરંતર છોડતા-મરતાં રહે છે, તેથી હે ગૌતમ! નૈરયિક દ્રવ્યાવીચિક મરણ કહ્યું છે. યાવત્ દેવ દ્રવ્યાચિક મરણ કહેવું.*

*ભગવન્ ! ક્ષેત્રાવીચિક મરણ કેટલાં ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. -*

*નૈરયિક યાવત્ દેવ ક્ષેત્રાવીચિક મરણ. ભગવન્ ! નૈરયિક ક્ષેત્રાવીચિક મરણનો નૈરયિક૦ કેમ કહે છે ? જે નૈરયિક, નૈરયિક ક્ષેત્રમાં વર્તતા જે દ્રવ્યોને નૈરયિકાયુષ્યપણે૦ એ પ્રમાણે જેમ દ્રવ્યાવીચિક મરણમાં કહ્યું, તેમ ક્ષેત્રાવીચિક મરણમાં કહેવું. ભાવાવીચિક મરણ સુધી કહેવું.*

*ભગવન્ ! અવધિમરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે દ્રવ્યાવધિ મરણ, ક્ષેત્રાવધિમરણ યાવત્ ભાવાવધિમરણ. ભગવન્ ! દ્રવ્યાવધિ મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર - નૈરયિક યાવત્ દેવ દ્રવ્યાવધિ મરણ. ભગવન્ ! નૈરયિક દ્રવ્યાવધિમરણ કેમ કહેવાય છે ? નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યોને છોડતાં મરે છે, ફરી નૈરયિકત્વ પામી, અનાગત કાળે ફરી પણ મરશે. તેથી હે ગૌતમ ! યાવત્ દ્રવ્યાવધિ મરણ કહ્યું. એ પ્રમાણે તિર્યંચ - મનુષ્ય - દેવાવધિ મરણ જાણવું. આ આલાવાથી ક્ષેત્ર-કાળ-ભવ-ભાવમરણ જાણવા.*

*ભગવન્ ! આત્યંતિક મરણ ? ગૌતમ ! પાંચ ભેદે છે - દ્રવ્યાત્યંતિક મરણ યાવત્ ભાવાત્યંતિક મરણ. ભગવન્ ! દ્રવ્યાત્યંતિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર. નૈરયિક યાવત્ દેવ દ્રવ્ય આત્યંતિક મરણ. ભગવન્ ! નૈરયિક દ્રવ્યાત્યંતિક મરણ કેમ કહે છે ? ગૌતમ ! નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા, જે દ્રવ્યોને છોડતાં મરે છે, અનાગત કાળે પણ મરશે. તેથી યાવત્ મરણ કહ્યું છે. એ પ્રમાણે તિર્યંચ - મનુષ્ય - દેવ આત્યંતિક મરણ પણ જાણવું. એ પ્રમાણે ક્ષેત્ર યાવત્ ભાવ આત્યંતિક મરણ પણ જાણવું.*

*ભગવન્ ! બાળમરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! બાર ભેદે. તે આ - વલયમરણાદિ જેમ સ્કંદકમાં ગૃદ્ધપૃષ્ઠ પર્યન્ત છે. - - ભગવન્ ! પંડિત મરણ કેટલાં ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પાદપોપગમન, ભક્તપ્રત્યાખ્યાન. - - ભગવન્ ! પાદપોપગમન કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - નીહારિમ, અનીહારિમ. યાવત્ નિયમા અપ્રતિકર્મ છે - - ભગવન્ ! ભક્તપ્રત્યાખ્યાન, કેટલા ભેદે છે ? પૂર્વવત્, વિશેષ એ કે તે સપ્રતિકર્મ છે. - - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

• **વિવેચન-૫૯૨ :-**

આવીइय મરણ - તરંગની સમાન પ્રતિસમય ભોગવેલ અન્યાન્ય આયુકર્મ દલિકોના ઉદયની સાથે સાથે ક્ષયરૂપ અવસ્થા અથવા જે મરણમાં વિચ્છેદ અવિધમાન હોય - આયુકર્મ પરંપરા ચાલુ હોય.

ओहिमरण - અવધિ એટલે મર્યાદા સહિત મરણ, નરકાદિ ભવોના કારણભૂત આયુકર્મ દલિકોને ભોગવીને મરે, જો પુનઃ તે જ આયુ કર્મદલિકોને ભોગવીને મરે, તો અવધિમરણ કહેવાય. - x - પરિણામોની વિચિત્રતાને કારણે કર્મદલિક ગ્રહણ કરી, છોડી, પુનઃ ગ્રહણ કરવા સંભવે છે.

आइंतियमरण - અત્યંત રૂપે મરણ. નરકાદિ આયુકર્મ રૂપે જે કર્મ દલિકોને એકવાર ભોગવીને મરે, તેને ફરી કદાપી ન ભોગવી મરે.

बालमरण - અવિરત જીવોનું મરણ. पंडितमरण - સર્વ વિરત જીવોનું મરણ.



- - તેમાં આવીચિક મરણ પાંચભેદે - દ્રવ્યાદિથી. દ્રવ્યાવીચિક મરણ ચાર ભેદે - નારકાદિ ભેદથી. તેમાં નૈરયિકો નારકત્વ દ્રવ્યમાં નારકજીવપણે વર્તતા મરે તે. નૈરયિક આયુષ્કપણે - સ્પર્શ વડે ગ્રહે, બંધનથી બાંધે, પ્રદેશપ્રક્ષેપથી પોષે, વિશિષ્ટ અનુભાગથી કરે, સ્થિતિ સંપાદનથી પ્રસ્થાપે, જીવપ્રદેશોમાં નિવિષ્ટે, જીવપ્રદેશમાં અતિ ગાઢતા પામે, પછી ઉદયાવલિકામાં તે દ્રવ્યોને આણે.

आविइ - પ્રતિ ક્ષણે, નિરંતર સર્વ સમયમાં અવ્યવચ્છેદથી છોડે-ત્યાગે. તે હેતુથી નૈરયિક દ્રવ્યાવીચિક મરણ કહેવાય છે - x -

એ પ્રમાણે કાળ, ભવ, ભાવ આવીચિક મરણ પણ જાણવા. તેમાં સૂત્રપાઠ આ પ્રમાણે - ભગવન્ ! કાલ આવીચિક મરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે - નૈરયિક કાલાવીચિક મરણ આદિ - x -

નૈરયિક દ્રવ્યાવધિ મરણ સૂત્રમાં અક્ષર ઘટના આ રીતે - નૈરયિક દ્રવ્યમાં વર્તતા જે દ્રવ્યો વર્તમાનકાળે તજે છે, તે દ્રવ્યોને અનાગત કાળમાં ફરી પણ ત્યજે, તે નૈરયિક દ્રવ્યાવધિ મરણ છે.

પંડિત મરણ સૂત્રમાં - પાદપોપગમન આશ્રીને એક દેશમાં કરાય તે નિર્હારિમ, કલેવરના નિર્હરણીયત્વથી છે. જે ગિરિકંદરા આદિમાં કરાય, તે અનિર્હારિમ, કલેવરના અનિર્હરણીયત્વથી છે. अपिडकम्म - પ્રતિકર્મવર્જિત. ચતુર્વિધાહાર પ્રત્યાખ્યાન નિષ્પન્ન.

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૮-''કર્મપ્રકૃતિ'' ❀

— x — x — x — x —

મરણ કહ્યું. તે આયુકર્મ સ્થિતિક્ષયરૂપ છે. તેથી કર્મસ્થિતિ.

• **સૂત્ર-૫૯૩ :-**

*ભગવન્ ! કર્મપ્રકૃતિ કેટલી છે ? ગૌતમ ! આઠ. અહીં પ્રજ્ઞાપનાનો 'બંધ સ્થિતિ' ઉદ્દેશો સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે.*

• **વિવેચન-૫૯૩ :-**

एवं - આ પ્રશ્નોત્તર ક્રમથી કર્મબંધની બંધ સ્થિતિ અર્થાત્ કર્મસ્થિતિ, તેને જણાવતો બંધસ્થિતિ ઉદ્દેશક કહેવો. તે પ્રજ્ઞાપનાના ૨૩-માં પદનો બીજો ઉદ્દેશો છે. બીજી વાંચનામાં અહીં સંગ્રહગાથા છે. તે આ - પ્રકૃતિ ભેદ સ્થિતિ અને બંધ ઈન્દ્રિયાનુપાતથી. જઘન્ય કે ઉત્કૃષ્ટ બંધસ્થિતિ કેવી છે ? - આનો અર્થ આમ છે - કર્મપ્રકૃતિના ભેદો કહેવા. તે આ - કર્મપ્રકૃતિ કેટલી કહી છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણીય, દર્શનાવરણીયાદિ. જ્ઞાનાવરણીય કર્મ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ. - આભિનિબોધિક જ્ઞાનાવરણીય ઈત્યાદિ.

તથા પ્રકૃતિની સ્થિતિ કહેવી. તે આ - જ્ઞાનાવરણીય કર્મની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૦ કોડાકોડી સાગરોપમ. આદિ. - x - એકેન્દ્રિયાદિ જીવ કોની કેટલી કર્મસ્થિતિ બાંધે છે ? આદિ કહેવું. - x - x - કેવો જીવ કર્મોની જઘન્ય કે ઉત્કૃષ્ટ સ્થિતિ બાંધે છે ? તે કહેવું. તે આ પ્રમાણે - ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મની જઘન્ય સ્થિતિબંધક કોણ છે ? ગૌતમ ! કોઈ સૂક્ષ્મસંપરાયના ઉપશમક કે ક્ષપક આ સ્થિતિ બાંધે - x -

## ❀ શતક-૧૩, ઉદ્દેશો-૯-"અનગારવૈક્રિય" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં કર્મસ્થિતિ કહી. કર્મના વશથી વૈક્રિયકરણ શક્તિ થાય છે. તેના વર્ણન માટે નવમો ઉદ્દેશો છે —

● સૂત્ર-૫૯૪ :-

*રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું — જેમાં કોઈ પુરુષ દોરીથી બાંધેલ ઘડી લઈને ચાલે, શું તે રીતે ભાવિતાત્મા અણગાર પણ દોરીથી બાંધેલી ઘડી સ્વયં હાથમાં લઈને ઉંચે આકાશમાં ઉડી શકે છે ? હા, ગૌતમ ! ઉડી શકે છે.*

*ભગવન્ ! ભાવિતાત્મા અણગાર દોરીથી બાંધેલ ઘડી હાથમાં લઈને કેટલા રૂપો વિકુર્વવા સમર્થ છે ? ગૌતમ ! જેમ કોઈ યુવતિને યુવાન હાથમાં હાથ લઈને૰ એ રીતે જેમ ત્રીજા શતકના પાંચમાં ઉદ્દેશામાં કહ્યું છે, તેમ યાવત્ સંપ્રાપ્તિથી વિકુર્વેલ નથી, વિકુર્વતો નથી અને વિકુર્વશે નહીં.*

*જેમ કોઈ પુરુષ સોનાની પેટી લઈને ચાલે છે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર પણ સુવર્ણપેટી હાથમાં લઈને સ્વયં ઉડે ? આદિ પૂર્વવત્. એ પ્રમાણે સોનાની, રત્નની, વજ્રની, વસ્ત્રની, આભરણની પેટી. એ પ્રમાણે — વાંસ, શુંબ, ચર્મ, કંબલની ચટ્ટાઈ. એ પ્રમાણે લોઢા, તાંબા, કલઈ, શીશા, સુવર્ણ, વજ્રનો ભાર લઈને૰ (ઈત્યાદિ પ્રશ્નોત્તર કરવા).*

*જેમ કોઈ વલ્ગુલી હોય, બંને પગ લટકાવી-લટકાવી પગ ઉંચે અને મસ્તક નીચું કરીને રહે, શું એ રીતે ભાવિતાત્મા અણગાર પણ વલ્ગુલી માફક રૂપ વિકુર્વીને સ્વયં આકાશમાં ઉંચે ઉડે ? હા, ઉડે. આ પ્રમાણે યજ્ઞોપવીતની વક્તવ્યતા કહેવી. યાવત્ વિકુર્વશે નહીં.*

*જેમ કોઈ જલૌકા હોય, પોતાની કાયાને ઉત્પ્રેરિત કરીને પાણીમાં ચાલે છે૰ એ પ્રમાણે વલ્ગુલીવત્ જાણવું.*

*જેમ કોઈ બીજંબીજ પક્ષી પોતાના બંને પગ ઘોડાની માફક એક સાથે ઉઠાવીને ચાલે છે, એ પ્રમાણે અણગારાદિ પૂર્વવત્.*

*જેમ કોઈ પક્ષીબિડાલક, એક વૃક્ષથી બીજા વૃક્ષે કુદતા કુદતા જાય, તે પ્રમાણે અણગાર૰ બાકી પૂર્વવત્.*

*જેમ કોઈ જીવંજીવક પક્ષી, પોતાના બંને પગ ઘોડાની માફક ઉઠાવી-ઉઠાવી ચાલે, એ પ્રમાણે અણગાર૰ બાકી પૂર્વવત્.*

*જેમ કોઈ હંસ એકથી બીજા કિનારે ક્રીડા કરતો-કરતો ચાલ્યો જાય છે, એ પ્રમાણે અણગાર હંસવત્ વિકુર્વણા આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ સમુદ્રી કાગડો એકથી બીજી લહેરને અતિક્રમતો ચાલ્યો જાય, એ પ્રમાણે પૂર્વવત્. - - જેમ કોઈ પુરુષ ચક્રને લઈને ચાલે, એ પ્રમાણે ભાવિતાત્મા અણગાર આદિ ઘડી માફક કહેવું. એ પ્રમાણે છત્ર, ચામરના વિષયમાં કથન કરવું.*

*જેમ કોઈ પુરુષ રત્નને લઈને ચાલે. એ રીતે વજ્ર, વૈડૂર્ય યાવત્ રિષ્ટ. એ રીતે ઉત્પલ, પદ્મ, કુમુદ હાથમાં લઈને, એ પ્રમાણે યાવત્ કોઈ પુરુષ*





*સહસ્રપત્ર લઈને ચાલે, એ રીતે પૂર્વવત્.*

*જેમ કોઈ પુરુષ કમળની ડાંડીને તોડતો-તોડતો ચાલે એ પ્રમાણે અણગાર પણ સ્વયં આવું રૂપ વિકુર્વી આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ મૃણાલિકા હોય, પોતાની કાયાને પાણીમાં ડૂબાડી રાખીને રહે, એ પ્રમાણે૰ બાકીનું વલ્ગુલીવત્ કહેવું.*

*જેમ કોઈ વનખંડ હોય, જે કાળું, કાળા પ્રકાશવાળું યાવત્ મહામેઘ સમાન પ્રાસાદીય હોય, એ રીતે ભાવિતાત્મા અણગાર વનખંડ સમાન વિકુર્વણા કરીને આકાશમાં ઉડે ? આદિ પૂર્વવત્.*

*જેમ કોઈ પુષ્કરણી હોય, ચતુષ્કોણ અને સમતીર હોય અનુક્રમે સુજાત યાવત્ વિવિધ પક્ષીના મધુર સ્વરાદિથી યુક્ત અને પ્રાસાદીયાદિ હોય, એ રીતે ભાવિતાત્મા અણગાર પણ પુષ્કરણી સમાન વિકુર્વણા કરીને પોતાને ઉંચે આકાશમાં ઉડાડે ? હા, ઉડાડે. ભગવન્ ! ભાવિતાત્મા અણગાર પુષ્કરણી સમાન કેટલા રૂપો વિકુર્વી શકે ? બાકી બધું પૂર્વવત્. યાવત્ તે વિકુર્વશે નહીં.*

*ભગવન્ ! પૂર્વોક્ત રૂપ શું માયી વિકુર્વે કે અમાયી ? ગૌતમ ! માયી વિકુર્વે, અમાયી નહીં. માયી તે સ્થાનની આલોચના કર્યા વિના૰ એ રીતે જેમ ત્રીજા શતકના ચોથા ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૫૯૪ :-

केयाघडिय - દોરડા વડે બાંધેલ ઘડી. - x - वेहास - આકાશમાં - x - हिरन्नपेड - સોનાની પેટી, वियलकिलं - વાંસને ચીરીને બનાવેલ સાદડી. सुंबकिड्डु - ઘાસની સાદડી, चम्मकिड्डु - ચામડાની ખાટ, कंबलकिड्डु - ઉનનું કંબલ, वग्गुली - ચર્મ પક્ષી, - x - x - x - जलोय - જલૌકા, દ્વીન્દ્રિય જલજ જીવવિશેષ.

उव्विहिय - ઉત્પ્રેરીને. - x - समतुरंगेमाणे - ઘોડાની જેમ એક સરખાં ઉઠાવીને. विरालए - પક્ષી વિશેષ. डेवेमाणे - અતિક્રમણ કરતાં, वीईओवीइं - એક કલ્લોલથી બીજા કલ્લોલે. 'વેરુલિય' અહીં યાવત્ કરણથી આમ જાણવું - લોહિતાક્ષ, મસારગલ્લ, હંસગર્ભ, પુલાક, સૌગંધિક, જ્યોતિરસ, અંક, અંજન, રત્ન, જાત્યરૂપ, અંજનપુલાક, સ્ફટીક, 'કુમુદ' પછી યાવત્ શબ્દથી નલિન, સુભગ, સૌગંધિક, પુંડરિક, મહાપુંડરિકાદિ લેવા.

बिस - કમલનાલ, अवदालिय - વિદારીને, मुणालिय - નલિની, उम्मज्जिय - ડૂબકી લગાવતી, किण्ह - કૃષ્ણવર્ણ-અંજનવત્ સ્વરૂપથી, किण्होभास - કાળો જ લાગતો. અહીં યાવત્ શબ્દથી આમ લેવું :- નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ, શીત-શીતાવભાસ, સ્નિગ્ધ-સ્નિગ્ધાવભાસ, તીવ્ર-તીવ્રાવભાસ, કૃષ્ણ-કૃષ્ણચ્છાય, નીલ-નીલચ્છાય, હરિત-હરિતચ્છાય, શીત-શીતચ્છાય ઈત્યાદિ. - x -

નીલ-મોરની ડોક માફક, હરિત-પોપટના પીંછા માફક, શીત-સ્પર્શની અપેક્ષાએ, વલ્યાદિથી આક્રાંતત્વથી, સ્નિગ્ધ-રૂક્ષત્વવર્જિત, તીવ્ર-વર્ણાદિ ગુણપ્રકર્ષવાળા, કૃષ્ણછાય - છાયા એટલે સૂર્યને આવરક વસ્તુ વિશેષ. घणकडियकडिच्छाए - અન્યોન્ય

શાખાના અનુપ્રવેશથી બહુલ અર્થાત્ નિરંતર છાયા. - x - x - x - પક્ષી ગણના યુગલ વડે વિરચિત ઉન્નત શબ્દ અને મધુર સ્વર. - x -

### ❀ શતક-૧૩, ઉદ્દેશો-૧૦-"સમુદ્‌ઘાત" ❀

— x — x — x — x — x — x —

ઉદ્દેશા-૯-માં વૈક્રિયકરણ કહ્યું. તે સમુદ્‌ઘાત હોય તો છદ્મસ્થને થાય છે. તેથી છાદ્મસ્થિક સમુદ્‌ઘાત કહે છે –

**● સૂત્ર-૫૯૫ :-**

***ભગવન્ ! છાદ્મસ્થિક સમુદ્‌ઘાત કેટલા છે ? ગૌતમ ! છ. તે આ - વેદના સમુદ્‌ઘાત આદિ છાદ્મસ્થિક સમુદ્‌ઘાત પ્રજ્ઞાપનામાં કહ્યા મુજબ 'આહારસમુદ્‌ઘાત' પર્યન્ત જાણવું. ભગવન્ ! એમ જ છે.***

**● વિવેચન-૫૯૫ :-**

છદ્મસ્થ - અકેવલી. સમુદ્‌ઘાત - હનન તે ઘાત, सम् - એકીભાવથી, उत् - પ્રાબલ્યથી, તેથી એકીભાવ અને પ્રાબલ્યથી ઘાત, તે સમુદ્‌ઘાત. - x - જ્યારે આત્મા વેદનાદિ સમુદ્‌ઘાતને પામે, ત્યારે વેદનાદિ અનુભવ જ્ઞાન પરિણત જ થાય છે, તેથી વેદનાદિ અનુભવજ્ઞાન સાથે એકીભાવ, વેદનાદિ સમુદ્‌ઘાત પરિણત ઘણાં વેદનીય આદિ કર્મ પ્રદેશોને કાલાંતર અનુભવન યોગ્ય અનુદીરણા કરણથી આકર્ષીને ઉદયમાં નાંખીને, અનુભવીને આત્મપ્રદેશથી ખેરવે છે.

પ્રજ્ઞાપનાના ૩૬-માં પદમાં આ વર્ણન છે. વેદના સમુદ્‌ઘાત, કષાય સમુદ્‌ઘાત, મારણાંતિક સમુદ્‌ઘાત, વૈક્રિય સમુદ્‌ઘાત, તૈજસ સમુદ્‌ઘાત, આહારક સમુદ્‌ઘાત. તેમાં વેદના સમુદ્‌ઘાત, અસત્ વેદ્ય કર્મોને આશ્રીને છે. કષાય સમુદ્‌ઘાત, કષાય ચારિત્ર મોહનીયને આશ્રીને છે. મારણાંતિક, અંતર્મુહૂર્તશેષાયુ કર્માશ્રયી છે. વૈક્રિય-તૈજસ-આહાર સમુદ્‌ઘાત શરીરનામ કર્માશ્રયી છે.

વેદના સમુદ્‌ઘાત કરતો આત્મા વેદનીય કર્મ પુદ્‌ગલને ખેરવે છે, કષાય૰વાળો કષાય પુદ્‌ગલને, મારણાંતિક૰વાળો આયુષ્ય કર્મ પુદ્‌ગલને, વૈક્રિય સમુદ્‌ઘાતથી સમવહત જીવ પ્રદેશોને શરીર થકી બહાર કાઢીને - x - x - પૂર્વ બદ્ધ વૈક્રિયશરીર નામકર્મ પુદ્‌ગલને ખેરવે છે, સૂક્ષ્મને ગ્રહણ કરે છે. - x - એ રીતે તૈજસાદિ કહેવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૩-નો ટીકા સહિતનો અનુવાદ પૂર્ણ**



## 卐 શતક-૧૪ 卐

— x — x —

૦ વિચિત્રાર્થ શતક-૧૩ની વ્યાખ્યા કરી, હવે વિચિત્રાર્થ જ ક્રમથી આવેલ શતક-૧૪નો આરંભ કરીએ છીએ.

**● સૂત્ર-૫૯૬ :-**

***ચરમ, ઉન્માદ, શરીર, પુદ્‌ગલ, અગ્નિ, કિમાહાર, સંશ્લિષ્ટ, અંતર, અણગાર, કેવલી (એ દશ ઉદ્દેશા ચૌદમા શતકમાં છે.)***

**● વિવેચન-૫૯૬ :-**

(૧) ચર - ચરમ શબ્દ ઉપલક્ષિત પહેલો ઉદ્દેશો. (૨) ઉન્માદ-ઉન્માદ અર્થને જણાવતો, (૩) શરીર-શરીર શબ્દથી ઉપલક્ષિત, (૪) પુદ્‌ગલ-પુદ્‌ગલ અર્થનો અભિધાયક, (૫) અગ્નિ-અગ્નિ શબ્દોપલક્ષિત, (૬) કિમાહાર-એવા પ્રશ્નથી ઉપલક્ષિત, (૭) સંશ્લિષ્ટ-ચિરસંશ્લિષ્ટોઽસિ ગોયમ, એ પદથી સંશ્લિષ્ટ શબ્દોપલક્ષિત, (૮) અંતર-પૃથ્વીના અંતરનો અભિધાયક, (૯) અણગાર - અણગાર એવા પૂર્વપદત્વથી. (૧૦) કેવલિ-કેવલિ એવા પ્રથમ પદપણાથી.

### ❀ શતક-૧૪, ઉદ્દેશો-૧-"ચરમ" ❀

— x — x — x — x —

**● સૂત્ર-૫૯૭,૫૯૮ :-**

***[૫૯૭] રાજગૃહમાં યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! ભાવિતાત્મા અણગાર, (જેણે) ચરમ દેવલોકનું ઉલ્લંઘન કરેલ હોય, પણ પરમ દેવલોકને પ્રાપ્ત ન થયેલ હોય, જો તે અંતરમાં જ કાળ કરે તો હે ભગવન્ ! તેની કઈ ગતિ થાય ?, ક્યાં ઉપપાત થાય ? ગૌતમ ! જે ત્યાં પરિપાર્શ્વમાં તે લેશ્યાવાળા દેવાવાસ હોય, ત્યાં તેનો ઉપપાત કહ્યો છે, તે ત્યાં જઈને (પૂર્વ લેશ્યા) વિરાધે-છોડે છે તો કર્મલેશ્યાથી જ પડે છે, જો ત્યાં જઈને ન વિરાધે તો તે જ લેશ્યાને સ્વીકારીને વિચરે છે. - - ભગવન્ ! ભાવિતાત્મા અણગાર ચરમ અસુરકુમારાવાસ ઓળંગીને પરમ અસુરકુમારાવાસ૰ આદિ પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમારા-વાસ, જ્યોતિષ્કાવાસ, વૈમાનિક આવાસ પર્યન્ત યાવત્ વિચરે છે.***

***[૫૯૮] ભગવન્! નૈરયિકોની કેવી શીઘ્ર ગતિ છે? શીઘ્ર ગતિનો વિષય કેવો છે? ગૌતમ! જેમ કોઈ પુરુષ તરુણ-બલવાન્-યુગવાન્ યાવત્ નિપુણ શિલ્પશાસ્ત્રજ્ઞ હોય, પોતાની સંકુચિત બાહુને જલ્દી ફેલાવે, ફેલાવીને સંકોચે, ખુલ્લી મુઠ્ઠી બંધ કરે, બંધ મુઠ્ઠી ખુલ્લી કરે, ખુલ્લી આંખ બંધ કરે, બંધ આંખ ખુલ્લી કરે તો, એવી શીઘ્ર ગતિ હોય? (ગૌતમ!) આ અર્થ સમર્થ નથી. નૈરયિકો એક - બે કે ત્રણ સમયની વિગ્રહગતિથી ઉત્પન્ન થાય છે. હે ગૌતમ! નૈરયિકોની તેવી શીઘ્રગતિ અને તેવો શીઘ્રગતિ વિષય છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે એકેન્દ્રિયોનો ચાર સમયિક વિગ્રહ કહેવો. બાકી પૂર્વવત્.***

**● વિવેચન-૫૯૭,૫૯૮ :-**

ચરમ - સ્થિતિ આદિથી અર્વાક્ ભાગવર્તી. દેવાવાસ - સૌધર્માદિ દેવલોક,

व्यतिक्रांत - તેના ઉપપાત હેતુભૂત લેશ્યા પરિણામ. અપેક્ષાથી ઉલ્લંઘેલ. परम - સ્થિત્યાદિથી પરભાગવર્તી. देवावास - સનત્કુમારાદિ દેવલોક, असंप्राप्त - તેના ઉપપાત હેતુભૂત લેશ્યા. પરિણામ અપેક્ષાએ ન પામેલ. - x - x - આ અવસરે કાળ કરે તો તેનો ઉત્પાદ ક્યાં થાય ? - ઉત્તર આપે છે - તે ચરમ દેવાવાસ અને પરમ દેવાવાસની નજીક સૌધર્માદિ કે સનત્કુમારાદિની સમીપના મધ્યભાગે અર્થાત્ ઈશાનાદિમાં. જે લેશ્યામાં વર્તતો સાધુ મરે, તે લેશ્યા જેમાં હોય, તે દેવાવાસમાં. તે અણગારની ગતિ થાય છે.

વળી તે અણગાર, તે મધ્ય ભાગવર્તી દેવાવાસમાં જઈ, જે લેશ્યા પરિણામમાં ત્યાં ઉત્પન્ન થયો હોય, તે પરિણામને જો વિરાધે તો, કર્મના કારણે જે લેશ્યા-જીવપરિણતિ, તે કર્મલેશ્યા-ભાવલેશ્યા, તેમાંથી પડી અશુભતરતાને પામે, પણ દ્રવ્ય લેશ્યાથી ન પડે, તે પૂર્વની લેશ્યામાં જ રહે કેમકે દેવોની લેશ્યા દ્રવ્યથી અવસ્થિત હોય છે. પરંતુ જો તે અણગાર મધ્યમ દેવાવાસમાં જઈને પરિણામને જો વિરાધે નહીં, તે જ લેશ્યાથી ઉત્પન્ન થઈને, ત્યાં વિચરે.

આ સામાન્ય દેવાવાસ આશ્રીને કહ્યું, હવે વિશેષને આશ્રીને કહે છે — (શંકા) ભાવિતાત્મા અણગાર, અસુરકુમારોમાં કઈ રીતે ઉત્પન્ન થશે, વિરાધિત સંયમથી તેમાં ઉપપાત છે. (સમાધાન) પૂર્વકાળની અપેક્ષાએ ભાવિતાત્મપણું હોય, અંતકાળે સંયમ વિરાધના કરવાથી અસુરકુમારાદિપણે ઉપપાત થાય, તેમાં દોષ નથી. - x -

દેવગતિ કહી, ગતિ અધિકારથી નારકગતિને આશ્રીને કહે છે — ઉત્પન્ન થતાં નારકોની શીઘ્ર ગતિ હોય છે, પણ કેવી હોય છે. તે જાણવા પૂછે છે - सीह એટલે શીઘ્ર, કેવી શીઘ્ર ગતિ છે ? કેવો કાળ છે ?

तरुण - વૃદ્ધિ પામતો, તે દુર્બળ પણ હોય, તેથી કહ્યું — શરીર પ્રાણવાન્ એટલે બળવાન્. બળ, કાળ વિશેષથી વિશિષ્ટ હોય, તેથી કહ્યું — યુગવાન્ - સુષમદુષમાદિ કાળ વિશેષ, તે પ્રશસ્ત અને વિશિષ્ટ બળના હેતુરૂપ છે. અહીં યાવત્ શબ્દથી વચને પ્રાપ્ત, નીરોગી, સ્થિરાગ્રહસ્ત, જેના હાથ, પગ, પડખાં, પૃષ્ઠયંતર, આદિ પરિણત હોય તે - ઉત્તમ સંઘયણી, તાડવૃક્ષ સમાન સમશ્રેણિક જેના દીર્ઘ-સરળ-પીનત્વાદિ બાહુ છે, તે તથા - x - x - ચર્મેષ્ટાદિ રૂપ કાયાવાળો, આંતર્ બલયુક્ત, શીઘ્ર-પ્રયોગજ્ઞ, દક્ષ-અધિકૃત કર્મમાં નિષ્ઠાવાળા-કુશલ-મેધાવી-નિપુણ, આવો પુરુષ શીઘ્રગત્યાદિક હોય. - - - आउंटिय - સંકોચવું, विक्खिन्न - પ્રસારિત, साहरेज्ज - સંકોચે, विक्खिरेज्ज - પ્રસારે, उम्मिसिय - ઉઘાડે, निमिसेज्ज - બંધ કરે, ઈત્યાદિ માફક હે ગૌતમ ! તું શીઘ્ર ગતિને માને છે પણ તે અર્થ સમર્થ નથી.

એવું શા માટે કહ્યું ? - નારકોની ગતિ એક-બે-ત્રણ સમયા છે, બાહુ પ્રસારણાદિ અસંખ્યેય સમયી છે, તેથી નારકોની તેવી ગતિ કઈ રીતે સંભવે ? એક સમયે ઋજુગતિના યોગે ઉપજે, એક સમયમાં વિગ્રહગતિનો અભાવ હોય છે. બે સમયમાં તે વિગ્રહગતિ યોગ, ત્રણ સમયાં વક્રગતિથી. તે આ રીતે - જો ભરતક્ષેત્રની પૂર્વ દિશાથી નરકની પશ્ચિમ દિશામાં ઉપજે, તો એક સમયે નીચે જાય, બીજે તીર્છો ઉત્પત્તિ સ્થાને જાય - - ત્રણ સમયના વિગ્રહથી આ રીતે - ભરતની પૂર્વ દક્ષિણ



દિશાથી નારકના પશ્ચિમોત્તર દિશામાં જઈને ઉપજે. ત્યારે એક સમયથી નીચે સમશ્રેણીએ જાય, બીજા સમયે તીર્છો પશ્ચિમદિશામાં જાય, ત્રીજા સમયે વાયવ્ય દિશામાં ઉત્પત્તિ સ્થાને જાય. આ રીતે ગતિ કાળ કહ્યો. એમ કહીને જેવી શીઘ્રાગતિ છે, તે પણ જણાવ્યું. હવે ઉપસંહાર કરે છે —

નૈરયિકોની ઉત્કૃષ્ટથી ત્રણ સમય ગતિ છે, તે જ શીઘ્ર ગતિવિષય છે. એકેન્દ્રિયોનો ઉત્કૃષ્ટથી ચાર સમય વિગ્રહ-વક્રગતિ છે. કઈ રીતે ? - ત્રસનાડીથી બહાર અધોલોકમાં વિદિશામાંથી દિશામાં જતા એક સમય, કેમકે જીવોનું અનુશ્રેણિ ગમન છે. બીજા સમયે લોકમધ્યે પ્રવેશે, ત્રીજા સમયે ઉંચે જાય, ચોથા સમયે ત્રસનાડીથી નીકળીને દિશામાં રહેલ ઉત્પાદ સ્થાનને પ્રાપ્ત કરે. આ કથન બહુલતાને આશ્રીને છે. અન્યથા એકેન્દ્રિયોનો વિગ્રહ પાંચ સમયનો પણ થાય. તે આ રીતે - ત્રસ નાડીથી બહાર અધોલોકમાં વિદિશામાંથી દિશામાં જાય તે એક સમય, બીજા સમયે લોકમધ્યે, ત્રીજા સમયે ઉર્ધ્વલોકમાં, ચોથા સમયે ત્યાંથી તીર્છા પૂર્વાદિ દિશામાં જાય, ત્યાંથી પાંચમે વિદિશામાં ઉત્પત્તિ સ્થાને જાય. - x - x - બાકી પૂર્વવત્ પૃથ્વીકાયાદિમાં નારકોની માફક જાણવું.

ગતિઆશ્રિત નારકાદિ દંડક કહ્યો. હવે અનંતરોત્પન્નત્વાદિ કહે છે —

● સૂત્ર-૫૯૯ :-

*ભગવન્ ! નૈરયિકો અનંતરોપપન્નક છે, પરંપરોપપન્નક છે કે અનંતરપરંપરા-નુપપન્નક છે ? ગૌતમ ! નૈરયિકો આ ત્રણે છે. ભગવન્ એમ કેમ કહો છો કે ત્રણે છે ? ગૌતમ ! જે નૈરયિક પ્રથમ સમય-ઉપપન્નક છે, તે નૈરયિક પરંપરોપપન્નક છે, જે નૈરયિક વિગ્રહગતિ સમાપન્નક છે, તે અનંતર-પરંપરા અનુપપન્નક છે, તેથી પૂર્વવત્ કહ્યું છે. એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક જાણવું.*

*ભગવન્ ! અનંતરોપપન્નક નૈરયિક, નૈરયિકાયુ બાંધે કે તિર્યંચ-મનુષ્ય-દેવાયુ બાંધે ? ગૌતમ ! ચારમાંનું એક પણ નહીં.*

*ભગવન્ ! પરંપરોપપન્નક નૈરયિક, નૈરયિકાયુ યાવત્ દેવાયુ, શું બાંધે ? ગૌતમ ! નૈરયિક કે દેવાયુ ન બાંધે, પણ તિર્યંચયોનિકનું કે મનુષ્યાયુ બાંધે.*

*ભગવન્ ! અનંતર પરંપર અનુપપન્નક નૈરયિક, શું નૈરયિક આયુ બાંધે ? પ્રશ્ન. નૈરયિકાયુ ન બાંધે યાવત્ દેવાયુ ન બાંધે.*

*આ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે પંચેન્દ્રિય તિર્યંચયોનિક અને મનુષ્યો પરંપરોપપન્નક હોય તો ચારે આયુ બાંધે છે.*

*ભગવન્ ! નૈરયિક શું અનંતર નિર્ગત છે, પરંપર નિર્ગત છે કે અનંતર પરંપર-અનિર્ગત છે ? ગૌતમ ! તે ત્રણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જે નૈરયિક પ્રથમ સમય નિર્ગત છે, તે અનંતરનિર્ગત છે. જે નૈરયિક અપ્રથમસમય નિર્ગત છે, તે પરંપર નિર્ગત છે, જે નૈરયિક વિગ્રહગતિ સમાપન્નક છે, તે અનંતર-પરંપર-અનિર્ગત છે. તેથી હે ગૌતમ ! પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! અનંતરનિર્ગત નૈરયિક, શું નૈરયિકાયુ બાંધે ? યાવત્ દેવાયુ*

*બાંધે ? ગૌતમ ! નૈરયિક યાવત્ દેવાયુ, એકે ન બાંધે. ભગવન્ ! પરંપર નિર્ગત નૈરયિક, નૈરયિકાયુ બાંધે ? પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકાયુ પણ બાંધે યાવત્ દેવાયુ પણ બાંધે. - - ભગવન્ ! અનંતર-પરંપર અનિર્ગત નૈરયિકનો પ્રશ્ન - ગૌતમ ! નૈરયિકાયુ પણ ન બાંધે, યાવત્ દેવાયુ પણ ન બાંધે. એ પ્રમાણે વૈમાનિક સુધી સંપૂર્ણ કહેવું.*

*ભગવન્ ! નૈરયિકો, શું અનંતર ખેદોપપન્નક છે, પરંપર ખેદોપપન્નક છે કે અનંતર પરંપર ખેદાનુપપન્નક છે ? ગૌતમ ! નૈરયિકો૦ આ આલાવાથી પૂર્વોક્ત ચારે દંડક કહેવા. ભગવન્ ! તે એમ જ છે (૨).*

● વિવેચન-૫૯૯ :-

અનંતરોપપન્નક-જેના ઉપપાતમાં સમયાદિ વ્યવધાન હોતું નથી તે. પરંપરોપપન્નક - જેના ઉપપાતમાં બે-ત્રણ આદિ સમયની પરંપરા થઈ હોય તે અનંતર-પરંપર અનુપપન્નક - તેમાં અનંતર એટલે વ્યવધાનરહિત, પરંપર એટલે બે-ત્રણ આદિ સમયરૂપ ઉત્પાદ, આ બંને વિગ્રહગતિક હોય, વિગ્રહગતિમાં બે ભેદે ઉત્પાદના અવિધમાનત્વથી.

હવે અનંતરોપપન્નાદિના આયુબંધને આશ્રીને કહે છે — અનંતરોપપન્ન અને અનંતરપરંપરાનુપન્નને ચારે ભેદે આયુનો નિષેધ છે. તે અવસ્થામાં, તેવા અધ્યવસાય સ્થાનનો અભાવ છે, તેથી સર્વજીવોને આયુબંધનો અભાવ છે. પોતાના આયુના ત્રિભાગાદિ બાકી રહેતા બંધનો સદ્ભાવ થાય છે, પરંપરોપન્નકા તો સ્વ આયુના છ માસ બાકી રહેતા મતાંતરે ઉત્કૃષ્ટથી છ માસ, જઘન્યથી અંતર્મુહૂર્ત્ત બાકી રહેતા ભવપ્રત્યયથી તિર્યંચ્ કે મનુષ્યાયુ બાંધે, બીજું નહીં. ચોવીશે દંડકમાં આ કહેવું.

હવે 'નિર્ગત' આદિથી બીજો દંડક કહે છે - નિર્ગત એટલે નિશ્ચિત્ત સ્થાનાંતર પ્રાપ્તિ વડે ગમન. અનંતર એટલે સમયાદિના અંતર વિના તે અનંતર નિર્ગત, તે નરકથી ઉદ્વર્તી સ્થાનાંતર પ્રાપ્તિના પહેલા સમયમાં વર્તે છે. પરંપર એટલે સમય પરંપરાથી નીકળેલ, તે નરકથી ઉદ્વર્તીને ઉત્પત્તિ સ્થાનના બીજા આદિ સમયમાં વર્તે છે. અનંતર-પરંપર અભાવે ઉત્પાદ ક્ષેત્ર પ્રાપ્ત ન થતાં અર્થાત્ નિશ્ચયથી અનિર્ગત.

અનંતર નિર્ગતાદિને આશ્રીને આયુબંધને જણાવે છે - અહીં પરંપર નિર્ગત નારકો બધાં આયુને બાંધે છે. જો કે તે મનુષ્ય કે પંચેન્દ્રિય તિર્યંચ જ થાય છે, એ રીતે બધાં પરંપરનિર્ગત વૈક્રિય જન્મવાળા છે. ઔદારિક જન્મવાળા પણ ઉદ્વૃત થઈ કોઈ મનુષ્ય કે તિર્યંચ થાય છે તેથી તેઓ પણ સર્વાયુ બંધકા જ છે. - - અનંતર નિર્ગત કહ્યા. તે ક્વચિત્ ઉત્પન્ન થતાં સુખેથી કે દુઃખેથી ઉત્પન્ન થાય છે. દુઃખોત્પન્નકને આશ્રીને - કહે છે — नेरइये० त्यादि.

અનંતરખેદોપપન્નક - ખેદ એટલે દુઃખ વડે. ઉત્પાદ એટલે ક્ષેત્ર પ્રાપ્તિ લક્ષણ. ખેદપ્રધાન ઉત્પત્તિના પ્રથમ સમયમાં વર્તતો, તે. परंपरखेदोपपन्नक - જેને ખેદથી ઉત્પન્ન થયાને બે, ત્રણ સમય થયા છે તે. અનંતર-પરંપર-ખેદાનુત્પન્નક તે વિગ્રહગતિવર્તી જીવ.

ચાર દંડકો-ખેદોત્પન્નક, તેનું આયુ, ખેદનિર્ગત, તેનું આયુ.



## શતક-૧૪, ઉદ્દેશો-૨-''ઉન્માદ''

-- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૧-માં અનંતરોપપન્ન નૈરયિકાદિ વક્તવ્યતા કહી. નૈરયિકાદિ મોહવાળા હોય છે. મોહ ઉન્માદ છે, તેથી ઉન્માદ કથન —

● સૂત્ર-૬૦૦,૬૦૧ :-

*[૬૦૦] ભગવન્ ! ઉન્માદ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે-યક્ષાવેશથી અને મોહનીયકર્મના ઉદયથી. તેમાં જે યક્ષાવેશ છે, તે સુખે વેદાય છે અને સુખે છોડાવાય છે. તેમાં જે મોહનીય કર્મના ઉદયથી છે, તે દુઃખથી વેદાય છે અને દુઃખથી છોડાવાય છે.*

*ભગવન્ ! નારક જીવોમાં કેટલા ભેદે ઉન્માદ છે ? ગૌતમ ! બે ભેદે - યક્ષાવેશથી અને મોહનીયકર્મના ઉદયથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે નૈરયિકને બે પ્રકારનો ઉન્માદ છે - x - ? ગૌતમ ! કોઈ દેવ (નૈરયિકો ઉપર) અશુભ પુદ્‌ગલ પ્રક્ષેપે, તે અશુભ પુદ્‌ગલોના પ્રક્ષેપથી તે નૈરયિક યક્ષાવિષ્ટ ઉન્માદને પામે છે, મોહનીય કર્મના ઉદયથી મોહનીય ઉન્માદને પામે છે, તેથી પૂર્વવત્ કહ્યું કે યાવત્ ઉન્માદ પામે.*

*ભગવન્ ! અસુરકુમારને કેટલા ભેદે ઉન્માદ છે ? એ પ્રમાણે નૈરયિકવત્ જાણવું. વિશેષ એ કે — મહર્દ્ધિક દેવ અશુભ પુદ્‌ગલ પ્રક્ષેપે છે, તે અશુભ પુદ્‌ગલોના પ્રક્ષેપથી યક્ષાવેશરૂપ ઉન્માદને પ્રાપ્ત થાય છે. તથા મોહનીય કર્મના ઉદયથી મોહનીય કર્મજન્ય ઉન્માદને પામે છે. તેથી પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે સ્તનીતકુમાર સુધી જાણવું, પૃથ્વીકાયિક યાવત્ મનુષ્યો સુધી નૈરયિકો સમાન કહેવું. વ્યંતરાદિ દેવ, અસુરકુમારવત્ જાણવું.*

*[૬૦૧] ભગવન્ ! કાલવર્ષી મેઘ વૃષ્ટિકાય વરસાવે છે ? હા, વરસાવે છે. ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર વૃષ્ટિકાય કરવા ઈચ્છે છે, ત્યારે તે કઈ રીતે વૃષ્ટિ કરે છે ? ગૌતમ ! ત્યારે શક્રેન્દ્ર અભ્યંતર પર્ષદાના દેવોને બોલાવે છે, બોલાવેલ તે અભ્યંતર પર્ષદાના દેવ, મધ્યમ પર્ષદાના દેવોને બોલાવે છે. બોલાવાયેલ મધ્યમ પર્ષદાના દેવ, બાહ્ય પર્ષદાના દેવોને બોલાવે છે, તે બાહ્ય પર્ષદાના બોલાવાયેલ દેવ બાહ્ય-બાહ્યના દેવોને બોલાવે છે, પછી તે બાહ્ય-બાહ્ય દેવ આભિયોગિક દેવોને બોલાવે છે, પછી તે બોલાવાયેલ આભિયોગિક દેવ વૃષ્ટિકાયિક દેવોને બોલાવે છે, ત્યારે તે બોલાવાયેલ વૃષ્ટિકાયિક દેવ વૃષ્ટિ કરે છે. આ પ્રમાણે હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર વૃષ્ટિ કરે છે.*

*ભગવન્ ! શું અસુરકુમાર દેવ પણ વૃષ્ટિ કરે છે ? હા, કરે છે. ભગવન્ ! અસુરકુમાર દેવો કયા પ્રયોજનથી વૃષ્ટિ કરે છે ? ગૌતમ ! જે આ અરહંત ભગવંતો છે, તેમના જન્મ મહોત્સવ, નિષ્ક્રમણ મહોત્સવ, જ્ઞાનોત્પાદ મહોત્સવ, પરિનિર્વાણ મહોત્સવમાં હે ગૌતમ ! નિશ્ચે અસુરકુમાર દેવો વૃષ્ટિકાય કરે છે. એ રીતે નાગકુમારો યાવત્ સ્તનીતકુમારો સુધી કહેવા. વ્યંતર-જ્યોતિષ્ક-વૈમાનિક દેવોમાં પણ આમ જ કહેવું.*

● **વિવેચન-૬૦૦,૬૦૧ :-**

उन्माद - ઉન્મત્તતા, વિવિક્ત ચેતના ભ્રંશ. यक्ष - દેવ, તેનો આવેશ, પ્રાણીનું અધિષ્ઠાન. मोहनीय - મિથ્યાત્વ મોહનીય, તેના ઉદયથી ઉન્માદ થાય છે. તેના ઉદયવર્તી પ્રાણી અતત્ત્વને તત્ત્વ માને છે અને તત્ત્વને અતત્ત્વ માને છે. અથવા ચારિત્ર મોહનીયના ઉદયથી જાણવા છતાં વિષયાદીના સ્વરૂપથી અજાણ હોય તેમ વર્તે છે અથવા ચારિત્ર મોહનીયના વિશેષ 'વેદ' નામે મોહનીયના ઉદયે ઉન્મત્ત થાય.

કહ્યું છે કે – ચિંતવે છે, જોવાને ઈચ્છે છે, દીર્ઘ નિઃસાસા નાંખે છે, જ્વર, દાહ, ભોજનમાં અરૂચીપણું, મૂર્છા, ઉન્માદ, અજ્ઞાન, મરણ. આ બધાં ઉન્માદત્વના સમાન હોવા છતાં વિશેષ દર્શાવવાને કહે છે – તેમની મધ્યે અતિશય સુખથી - મોહજન્ય ઉન્માદ અપેક્ષાએ અકલેશથી વેદન-અનુભવન, તે સુખવેદનતરક. અતિશય સુખથી વિમોચન-વિયોજન જેનાથી થાય તે સુખ વિમોચનતર.

મોહજન્ય ઉન્માદ, બીજાની અપેક્ષાએ દુઃખ વેદનતર થાય છે. કેમકે તે અનંત સંસારના કારણત્વ છે, અને સંસારનો દુઃખવેદન સ્વભાવત્વ છે. બીજો ઉન્માદ સુખવેદનતર છે, કેમકે તે એક ભવિકત્વ છે તથા મોહજન્ય ઉન્માદ, બીજાની અપેક્ષાએ દુઃખવિમોચનતર હોય છે.કેમકે વિદ્યા-મંત્ર-તંત્ર-દેવાનુગ્રહવાળાને પણ તે અસાધ્ય છે, જ્યારે યક્ષાવેશ ઉન્માદ સુખેથી છોડાવી શકાય છે, કેમકે યંત્ર માત્રથી પણ તેનો નિગ્રહ કરવો શક્ય છે. કહ્યું છે કે – સર્વજ્ઞમંત્રવાદી પણ જેનો નિગ્રહ કરવા સમર્થ નથી. તે મિથ્યામોહોન્માદ. કોની સાથે તુલ્ય કહી શકાય ?

આ બંને ચોવીશે દંડકમાં યોજવા સૂત્રકારે સૂત્રમાં નોંધ કરી છે. - x - x - મોહોન્માદ આલાપક બધાં સૂત્રોમાં સમાન છે.

વૈમાનિક દેવોના મોહનીયોન્માદ લક્ષણ ક્રિયા વિશેષ કહી, હવે વૃષ્ટિકાયકરણ રૂપ, તે જ દેવેન્દ્રાદિ દેવોને દર્શાવે છે. पज्जन्न - પર્જન્ય, કાળે - વર્ષા વરસે છે, એવો જેનો સ્વભાવ છે, તે કાલવર્ષી. वृष्टिकाय - પ્રવર્ષણથી જળ સમૂહને કરે છે - વરસાવે છે. શક્રેન્દ્ર પણ તે કરે છે, તેની વિધિ સૂત્રકારે દર્શાવી છે. - x - અથવા પર્જન્ય, ઈન્દ્રને જ કહે છે. તે કાળવર્ષી - કાળે એટલે જિન્મજન્માદિ મહોત્સવમાં વરસાવે છે. - x - x - - દેવક્રિયા અધિકારથી આ બીજું કહે છે –

● **સૂત્ર-૬૦૨ :-**

*ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન તમસ્કાયને કરવા ઈચ્છે, ત્યારે તે કઈ રીતે કરે છે ? ગૌતમ ! ત્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન આભ્યંતર પર્ષદાના દેવોને બોલાવે છે, બોલાવાયેલ તે આભ્યંતર પર્ષદાના દેવો, એ પ્રમાણે શક્રમાં કહ્યા મુજબ યાવત્ આભિયોગિક દેવોને બોલાવે છે, તેઓ તમસ્કાય દેવોને બોલાવે છે ત્યારે તે તમસ્કાય દેવો તમસ્કાયને કરે છે. હે ગૌતમ ! આ રીતે ઈશાનેન્દ્ર તમસ્કાયને કરે છે.*

*ભગવન્ ! અસુરકુમાર દેવો પણ તમસ્કાયને કરે છે ? હા, કરે છે. ભગવન્ ! કયા હેતુથી અસુરકુમાર દેવો તમસ્કાયને કરે છે ? ગૌતમ ! ક્રીડા અને રતિ નિમિત્તે, શત્રુને વિમોહિત કરવાને માટે, ગોપનીય ધનાદિની સુરક્ષા માટે, પોતાની કાયાને છૂપાવવાને, હે ગૌતમ ! આવા કારણોથી અસુરકુમાર દેવો તમસ્કાયને કરે, એ રીતે વૈમાનિક સુધી કહેવું. - ભગવન્ ! તે એમ જ છે (૨) કહી યાવત્ વિચરે છે.*



● **વિવેચન-૬૦૨ :-**

तमुक्काए - તમસ્કાય કરનાર, किड्डारइपत्तियं - ક્રીડારૂપ રતિ તે ક્રીડારતિ અથવા ક્રીડા-રમત, રતિ-નિધુવન, તે હેતુ. - x - x -

## ❁ શતક-૧૪, ઉદ્દેશો-૩-"શરીર" ❁

-- x -- x -- x -- x --

○ બીજા ઉદ્દેશામાં દેવ વ્યતિકર કહ્યો. અહીં પણ તે કહે છે –

● **સૂત્ર-૬૦૩ :-**

*ભગવન્! મહાકાય, મહાશરીર દેવ ભાવિતાત્મા અણગારની ઠીક મધ્યમાંથી થઈ નીકળી જાય? ગૌતમ! કોઈ જાય, કોઈ ન જાય. ભગવન્! એમ કેમ કહ્યું - x -? ગૌતમ! દેવો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવ છે, તે ભાવિતાત્મા અણગારને જોઈને વંદન, નમસ્કાર, સત્કાર કરતા નથી, તેમને કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ માનીને યાવત્ પર્યુપાસતા નથી. તે ભાવિતાત્મા અણગારની વચ્ચોવચ્ચથી નીકળી જાય, પરંતુ તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવ છે, તે ભાવિતાત્મા અણગારને જોઈને વાંદે, નમે યાવત્ પર્યુપાસે છે, તે ભાવિતાત્મા અણગારની વચ્ચોવચ્ચથી નીકળે નહીં, તેથી હે ગૌતમ! એમ કહ્યું કે યાવત્ ન જાય.*

*ભગવન્ ! મહાકાય, મહાશરીર અસુરકુમાર દેવ ? પૂર્વવત્ જાણવું. એ પ્રમાણે દેવદંડકને વૈમાનિક સુધી કહેવો.*

● **વિવેચન-૬૦૩ :-**

ક્યાંક અહીં આ દ્વાર ગાથા દેખાય છે – મહાકાય, સત્કાર, શસ્ત્ર વડે, દેવો દ્વારા વ્યતિક્રમણ, વાસ, સ્થાન, નૈરયિકના પરિણામ. આ બધાંનો અર્થ ઉદ્દેશકોના અર્થ થકી જાણી લેવો. महाकाय - મહાન્ કે બૃહત્ કે પ્રશસ્ત કાય. महासरीर - મોટું શરીર. નારક, પૃથ્વીકાયાદિને આશ્રીને આવ્યતિકર અસંભવ હોવાથી માત્ર દેવોમાં જ આ દંડક સંભવે છે. - - દેવોને આશ્રીને મધ્યગમન લક્ષણ દુર્વિનય કહ્યો, હવે વિનય–

● **સૂત્ર-૬૦૪,૬૦૫ :-**

*[૬૦૪] ભગવન્! શું નારકોમાં સત્કાર, સન્માન, કૃતિકર્મ, અભ્યુત્થાન, અંજલિ પ્રગ્રહ, આસનાભિગ્રહ, આસનાનુપ્રદાન કે નારકોની સામે જવું, બેસેલાની સેવા કરવી, જનારની પાછળ જવું, આદિ વિનયભક્તિ છે? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! અસુરકુમારોમાં સત્કાર, સન્માન યાવત્ અનુગમનાદિ વિનય છે ? હા, છે. એ પ્રમાણે યાવત્ સ્તનીતકુમાર જાણવું. પૃથ્વીકાયિક યાવત્ ચઉરિન્દ્રિયમાં નૈરયિકો મુજબ જાણવું.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં સત્કાર યાવત્ અનુગમન વિનય છે ? હા, છે. પણ આસનાભિગ્રહ, આસનાનુપ્રદાનરૂપ વિનય નથી. મનુષ્ય*

*યાવત્ વૈમાનિકમાં અસુરકુમારવત્ જાણવું.*

*[૬૦૫] ભગવન્ ! અલ્પઋદ્ધિક દેવ, મહર્દ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ના, તે અર્થ ઠીક નથી. - - ભગવન્ ! સમઋદ્ધિક દેવ, સમઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી નીકળી જઈ શકે ? ના, આ અર્થ યોગ્ય નથી. પ્રમત્ત હોય તો જઈ શકે. ભગવન્ ! શું તે શસ્ત્ર પ્રહાર વડે જવા સમર્થ છે કે શસ્ત્રાક્રમણ વિના જવા સમર્થ છે ? ગૌતમ ! તે શસ્ત્રાક્રમણથી જઈ શકે, શસ્ત્રાક્રમણ વિના નહીં. - - ભગવન્ ! તે પહેલાં શસ્ત્રાક્રમણ કરીને પછી જાય કે પહેલા જઈ, પછી શસ્ત્રાક્રમણ કરે ? આ આલાવા વડે જેમ દશમાં શતકમાં આત્મર્દ્ધિ ઉદ્દેશામાં કહ્યું, તેમ સંપૂર્ણ ચારે દંડકો કહેવા. યાવત્ મહર્દ્ધિક વૈમાનિકી, અલ્પર્દ્ધિક મધ્યે૦*

● વિવેચન-૬૦૪,૬૦૫ :-

सत्कार - વિનય યોગ્યમાં વંદનાદિથી આદર કરણ અથવા પ્રવર વસ્ત્રાદિ દાન. सन्मान - તથાવિધ પ્રતિપત્તિકરણ. कृतिकर्म - વંદન કે કાર્ય કરવું તે. अभ्युत्थान - આદરણીયને જોઈને આસન છોડી ઉભું થવું, अंजलिप्रग्रह - અંજલિ કરવી તે. आसनाभिग्रह - આસન લાવીને આપવું અને આદરપૂર્વક તેને બેસવા કહેવું. आसनानुप्रदान - આસનને એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જઈને બિછાવવું. - x - આવતો હોય ત્યારે તેમની સામે જવું, બેસેલા આદરણીય પુરુષની પર્યુપાસના કરવી. આદરણીય વ્યક્તિ જતા હોય ત્યારે તેમની પાછળ જવું.

આવો વિનય નારકોમાં નથી, કેમકે તે સતત દુઃખમાં હોય છે.

પૂર્વે વિનય કહ્યો, હવે તેના વિપક્ષભૂત અવિનય વિશેષ દેવોના પરસ્પર પ્રતિપાદન માટે કહે છે — અલ્પઋદ્ધિક૦ ઈત્યાદિ. દશમાં શતકનો ત્રીજો ઉદ્દેશો-આત્મર્દ્ધિ ઉદ્દેશક કહેવો. પહેલું દંડક સૂત્ર કહેવું. તેમાં અલ્પઋદ્ધિક, મહાઋદ્ધિક, સમઋદ્ધિક આલાપક છે. બે સાક્ષાત્ કહ્યા છે, માત્ર સમઋદ્ધિક આલાપકને અંતે વિશેષ સૂત્ર છે

મહર્દ્ધિક-અલ્પઋદ્ધિક આલાપક આ પ્રમાણે - ભગવન્ ! મહર્દ્ધિક દેવ, અલ્પઋદ્ધિક દેવની વચ્ચોવચ્ચથી જઈ શકે ? હા, જાય. ભગવન્ ! શું તે શસ્ત્રાક્રમણથી જવા સમર્થ છે કે શસ્ત્રાક્રમણ વિના ? ગૌતમ ! શસ્ત્રથી હણીને કે ન હણીને, બંને રીતે જવા સમર્થ છે. ભગવન્ ! પહેલાં શસ્ત્રથી હણીને પછી જાય કે પહેલાં જઈને પછી શસ્ત્રાક્રમણ કરે ? ગૌતમ ! બંને રીતે જઈ શકે. ચાર દંડકો કહેવા. તે આ રીતે છે - પહેલો દેવ અને દેવનો, બીજો દંડક દેવ અને દેવીનો, ત્રીજો દંડક દેવી અને દેવનો, ચોથો દંડક દેવી અને દેવીનો છે. - x -

દેવ વક્તવ્યતા કહી. તેનાથી વિપરીત નારકોને કહે છે —

● સૂત્ર-૬૦૬ :-

*ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિકો કેવા પુદ્‌ગલ પરિણામને અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક જાણવા. આ પ્રમાણે વેદના પરિણામ જાણવા, એ પ્રમાણે જેમ જીવાભિગમમાં બીજા નૈરયિક ઉદ્દેશકમાં કહ્યું તેમ કહેવું - યાવત્ - ભગવન્ !*



*અધઃસપ્તમી પૃથ્વી નૈરયિક કેવા પરિગ્રહ સંજ્ઞા પરિણામ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. ભગવન્ ! તે એમ જ છે, તે એમ જ છે.*

● વિવેચન-૬૦૬ :-

નારકો પુદ્‌ગલ પરિણામવત્ વેદના પરિણામને અનુભવે છે. આલાવો આ પ્રમાણે - ભગવન્ ! રત્નપ્રભા પૃથ્વી નૈરયિક કેવા વેદના પરિણામ અનુભવતા વિચરે છે ? ગૌતમ ! અનિષ્ટ યાવત્ અમણામ. જીવાભિગમમાં ઉક્ત આ ૨૦ પદો છે - પુદ્‌ગલ પરિણામ, વેદના, લેશ્યા, નામગોત્ર, અરતી, ભય, શોક, ક્ષુધા, પિપાસા, વ્યાધી, ઉચ્છ્‌વાસ, અનુતાપ, ક્રોધ, માન, માયા, લોભ, ચાર સંજ્ઞાઓ. - x - x -

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૪-"પુદ્‌ગલ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૩-માં નારકોના પુદ્‌ગલ પરિણામ કહ્યા. ઉદ્દેશા-૪-માં પુદ્‌ગલ પરિણામ વિશેષ કહે છે.

● સૂત્ર-૬૦૭ :-

*ભગવન્ ! આ પુદ્‌ગલ અતીતમાં અનંત, શાશ્વત, એક સમય સુધી રૂક્ષ, એક સમય અરૂક્ષ, એક સમય રૂક્ષ અને અરૂક્ષ બંને સ્પર્શવાળો રહેલ છે ? પહેલાં કરણ દ્વારા અનેક વર્ણ અનેક રૂપવાળા પરિણામથી પરિણત થયા અને પછી તે પરિણામ નિર્જિર્ણ થઈને પછી એક વર્ણ અને એક રૂપવાળા થયા છે ? હા, ગૌતમ ! તેમ થયું છે.*

*ભગવન્ ! આ પુદ્‌ગલ શાશ્વત વર્તમાનકાળમાં એક સમય સુધી૦ ? પૂર્વવત્. એ રીતે અનાગત અને અનંતમાં પણ જાણવું. ભગવન્ ! આ સ્કંધ અનંત અતીતમાં ? પૂર્વવત્, પુદ્‌ગલવત્ કહેવું.*

● વિવેચન-૬૦૭ :-

અહીં ઉદ્દેશક સંગ્રહાર્થ ગાથા ક્યાંક દેખાય છે, તે આ છે — પુદ્‌ગલ, સ્કંધ, જીવ, પરમાણુ, શાશ્વત, ચરમ, પરિણામ બે ભેદે છે - અજીવોના અને જીવોના. અર્થ ઉદ્દેશકના અર્થ મુજબ જાણવો.

पुग्गल - પુદ્‌ગલ પરમાણુ અને સ્કંધરૂપ છે. तीतमणंतं० - અપરિણામત્વથી અનંત, અક્ષયત્વથી શાશ્વત. समय - કાળ, એક સમય માટે રૂક્ષ સ્પર્શવાળા, એક સમય સુધી અરૂક્ષ સ્પર્શવાળા. આ બંને પદ પરમાણુ અને સ્કંધમાં સંભવે છે. એક સમય માટે રૂક્ષ અને અરૂક્ષ બંને સ્પર્શ યુક્ત. સ્કંધની અપેક્ષાએ બે અણુ આદિમાં દેશ રૂક્ષ, દેશ અરૂક્ષ હોય છે, એ રીતે એક સાથે રૂક્ષ અને સ્નિગ્ધ સ્પર્શ સંભવે છે.

આ પ્રમાણે હોય તો શું અનેક વર્ણાદિ પરિણામે પરિણમે કે એક વર્ણાદિ પરિણામ થાય ? એ પ્રશ્ન. - એક વર્ણાદિ પરિણામથી પૂર્વે પ્રયોગ કરણ કે વિશ્રસાકરણથી કાળા-નીલાદિ વર્ણ ભેદથી અનેકરૂપે, ગંધ-રસ-સ્પર્શ-સંસ્થાન ભેદથી પર્યાયને પરિણમે છે. - x - x - તે જો પરમાણુ હોય તો સમય ભેદથી અનેક વર્ણાદિત્વને પરિણતવાન્ હોય અને જો સ્કંધ હોય ત્યારે યૌગપદ્યથી પણ હોય.

આ પરમાણુ અને સ્કંધના અનેક વર્ણાદિ પરિણામ ક્ષીણ થાય છે. - x -

નિર્જરા પછી બીજા વર્ણો ચાલ્યા જતાં એકરૂપ, વિવક્ષિત ગંધાદિ પર્યાય અપેક્ષાથી બીજા પર્યાયોના ચાલ્યા જવાથી થાય છે. અતીતકાળ વિષયપણાથી પ્રશ્ન અને ઉત્તર વડે પુદ્ગલ દ્રવ્યની પરિણામિતા પ્રતિપાદિત કરી છે. - x - વર્તમાનકાળ વિષયક સૂત્ર પણ મૂકેલ છે. અતીત-અનાગત સૂત્રમાં અનંતત્વના સંભવથી અનંત કહ્યું છે.

પુદ્ગલનું સ્વરૂપ કહ્યું. પુદ્ગલ, સ્કંધ પણ થાય, તેથી સ્કંધનું સ્વરૂપ પણ નિરૂપેલ છે. - - સ્કંધ સ્વપ્રદેશની અપેક્ષાએ જીવ પણ થાય, તેથી હવે અહીં જીવનું સ્વરૂપ નિરૂપે છે —

● **સૂત્ર-૬૦૮ :-**

***ભગવન્! શું આ જીવ અનંત શાશ્વત કાળમાં એક સમયમાં દુઃખી, એક સમયમાં સુખી, એક સમયમાં દુઃખી અને સુખી હતો? પહેલા કરણ દ્વારા અનેક ભાવવાળા અનેકભૂત પરિણામથી પરિણત થયેલ? ત્યારપછી વેદનીયની નિર્જરા થતાં એક ભાવ, એકરૂપવાળો હતો? હા, ગૌતમ! - x - તેમ હતો. આ પ્રમાણે શાશ્વત, વર્તમાનકાળમાં પણ જાણવું. એ રીતે અનંત શાશ્વત અનાગત કાળમાં પણ જાણવું.***

● **વિવેચન-૬૦૮ :-**

एषः પ્રત્યક્ષ જીવ, અતીત અનંત શાશ્વત સમયમાં દુઃખ હેતુના યોગથી એક સમય દુઃખી, સુખહેતુના યોગથી એક સમય સુખી, તદ્ હેતુ યોગથી એક સમયે દુઃખી અને સુખી. જીવનો એક જ ઉપયોગ હોવાથી એક સમયે સુખ અને દુઃખ બંનેનું વેદન ન થાય. આ પ્રમાણે હોવાથી સ્વહેતુથી અનેકભાવ પરિણામ કેમ પરિણમે અને ફરી એક ભાવ પરિણામ થાય ? તો કહે છે કે — એક ભાવ પરિણામ પૂર્વે કાળ-સ્વભાવાદિ કારણથી યુક્ત થઈને કરણ વડે શુભાશુભ કર્મ બંધ હેતુ વડે ક્રિયાથી અનેક ભાવ-પર્યાય દુઃખીત્વાદિ રૂપ જેમાં છે તે અનેકભાવને પરિણામ પામે છે. અનેક ભાવપણાથી અનેકરૂપ પરિણમે છે.

પછી દુઃખિતત્વાદિ અનેક ભાવ હેતુભૂત વેદનીય કર્મ અને ઉપલક્ષણત્વથી જ્ઞાનાવરણીયાદિ પણ ક્ષીણ થાય છે, પછી સાંસારિક સુખના વિપર્યયપણાથી સ્વાભાવિક સુખરૂપ એક ભાવને પામે છે. - x - x - એ પ્રમાણે વર્તમાન અને અનાગત સૂત્રમાં પણ જાણવું.

પૂર્વે સ્કંધ કહ્યો, તે સ્કંધરૂપના ત્યાગથી વિનાશી થાય છે. એ પ્રમાણે પરમાણુ પણ થાય કે નહીં, તે શંકાથી કહે છે —

● **સૂત્ર-૬૦૯,૬૧૦ :-**

***[૬૦૯] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ શું શાશ્વત કે અશાશ્વત ? ગૌતમ ! કથંચિત્ શાશ્વત, કથંચિત્ અશાશ્વત. ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! દ્રવ્યાર્થતાથી શાશ્વત, વર્ણ યાવત્ સ્પર્શ પર્યાયોથી અશાશ્વત છે, તેથી કહ્યું કથંચિત્ શાશ્વત અને કથંચિત્ અશાશ્વત છે.***

***[૬૧૦] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ ચરમ છે કે અચરમ ? ગૌતમ ! દ્રવ્યાદેશથી ચરમ નથી, અચરમ છે. ક્ષેત્રાદેશથી કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે. કાલાદેશથી અને ભાવાદેશથી પણ તેમ જ છે.***



● **વિવેચન-૬૦૯,૬૧૦ :-**

પુદ્ગલ, સ્કંધ પણ થાય, તેથી પરમાણુ ગ્રહણ કર્યુ. શાશ્વત એટલે નિત્ય, અશાશ્વત તે અનિત્ય. - x - વસ્તુના પર્યાયોની અપેક્ષાથી દ્રવ્યાર્થ, તેના ભાવથી તે દ્રવ્યાર્થપણે શાશ્વત. - x - x - પર્યવ એટલે परि - સમસ્તપણે જાય તે પર્યવ-વિશેષ ધર્મ. તે વર્ણાદિ ભેદથી અનેક પ્રકારે છે. વર્ણના પર્યાય, તે વર્ણપર્યાય. असासए - વિનાશી. પર્યવોનું પર્યવત્વથી જ વિનશ્વરપણાથી વિનાશી.

પરમાણુ અધિકારથી જ કહે છે :- चरम - જે વિવક્ષિત ભાવથી ચ્યુત થઈ પરમાણુ ફરી, તે ભાવને ન પામે. તે - તે ભાવાપેક્ષાએ ચરમ. તેનાથી વિપરીત તે અચરમ. તે દ્રવ્યાદેશથી 'ચરમ' નથી. તે દ્રવ્યથી પરમાણુત્વથી ચ્યુત થાય, સંઘાતને પામ્યા છતાં, ત્યાંથી ચ્યવીને પરમાણુત્વ લક્ષણ દ્રવ્યત્વને પામે છે.

ક્ષેત્ર વિશેષિતત્વ લક્ષણ પ્રકારથી કદાચિત્ ચરમ કેમ ? જે ક્ષેત્રમાં કેવલી સમુદ્ઘાતમાં જાય, તે ક્ષેત્રમાં જે પરમાણુ અવગાઢ છે, તે ક્ષેત્રમાં તે કેવલી સમુદ્ઘાતગતથી વિશેષિત કદાપી અવગાહ પામતા નથી, કેવલીને નિર્વાણગમનથી ક્ષેત્રથી તે ચરમ થાય. વિશેષણ રહિત ક્ષેત્રની અપેક્ષાથી તે અચરમ છે. - x -

કાલાદેશથી કદાચિત્ ચરમ. કેમ ? જે કાળમાં પૂર્વાહ્ણાદિમાં કેવલીએ સમુદ્ઘાત કર્યો, તેમાં જે પરમાણુપણે સંવૃત્ત, તે કાળવિશેષ કેવલી સમુદ્ઘાત વિશેષિત ફરી પ્રાપ્ત ન થાય, કેમકે કેવલી સિદ્ધિમાં જતાં ફરી સમુદ્ઘાતનો અભાવ થાય, તે અપેક્ષાએ કાળથી ચરમ, નિર્વિશેષણ કાળની અપેક્ષાથી તે અચરમ છે.

ભાવાદેશથી - ભાવ એટલે વર્ણાદિ વિશેષ લક્ષણથી, કથંચિત્ ચરમ. કઈ રીતે? વિવક્ષિત કેવલી સમુદ્ઘાત અવસરે જે પુદ્ગલ વર્ણાદિ ભાવ વિશેષે પરિણત હોય, તે તે પરિણામની અપેક્ષાએ 'ચરમ' છે. નિર્વાણ પછી કેવલી તે પરિણામને ફરી ન પામે.

ચરમાચરમ અપેક્ષાએ પરિણામ કહ્યા, હવે તેના ભેદો—

● **સૂત્ર-૬૧૧ :-**

***ભગવન્ ! પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે - જીવ પરિણામ અને અજીવ પરિણામ. એ પ્રમાણે 'પરિણામપદ' સંપૂર્ણ કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ ગૌતમસ્વામી વિચરે છે.***

● **વિવેચન-૬૧૧ :-**

परिणमन - દ્રવ્યનું બીજી અવસ્થામાં જવારૂપ પરિણામ. - x - x - પરિણામ એ પ્રજ્ઞાપનાનું ૧૩-મું પદ છે. તે આ રીતે - ભગવન્ ! જીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ ભેદે - ગતિ પરિણામ, ઈન્દ્રિય પરિણામ૰ ઈત્યાદિ. ભગવન્ ! અજીવ પરિણામ કેટલા ભેદે છે ? ગૌતમ ! દશ પ્રકારે - બંધન પરિણામ, ગતિ પરિણામ, એ રીતે સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, અગુરુલઘુ, શબ્દ પરિણામ.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૫-''અગ્નિ'' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશ-૪-માં 'પરિણામ' કહ્યા. પરિણામાધિકારથી કહે છે—

● **સૂત્ર-૬૧૨ :-**

*ભગવન્ ! નૈરયિક, અગ્નિકાયની વચ્ચોવચ્ચથી જઈ શકે ? ગૌતમ ! કેટલાંક જાય, કેટલાંક ન જાય. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! નૈરયિકો બે ભેદે છે - વિગ્રહગતિ સમાપન્નક અને અવિગ્રહગતિ સમાપન્નક. તેમાં જે વિગ્રહગતિ સમાપન્નક છે, તે નૈરયિક અગ્નિકાયની વચ્ચોવચ્ચથી નીકળી જાય, - શું તેમાં તે બળી જાય ? ના, તે અર્થ સમર્થ નથી. (કેમકે) તેના ઉપર શસ્ત્ર ન ચાલી શકે. - - તેમાં જે અવિગ્રહગતિ સમાપન્નક છે, તે નૈરયિક અગ્નિકાય વચ્ચોવચ્ચથી ન નીકળે. તેથી એમ કહ્યું છે કે યાવત્ ન જઈ શકે.*

*ભગવન્ ! અસુરકુમાર, અગ્નિકાયની વચ્ચેથી નીકળી શકે ? ગૌતમ ! કોઈક નીકળે, કોઈક ન નીકળે. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અસુરકુમાર બે ભેદે — વિગ્રહગતિ સમાપન્નક, અવિગ્રહગતિ સમાપન્નક. તેમાં જે વિગ્રહગતિ સમાપન્નક અસુરકુમાર છે, તે નૈરયિકવત્ નીકળી જાય છે, તેમાં જે અવિગ્રહગતિ સમાપન્નક છે, તે અસુરકુમારમાં કોઈ અગ્નિકાય મધ્યેથી નીકળી જાય, કોઈ ન નીકળે. - - જે નીકળે તે શું ત્યાં બળી જાય ? ના, તે અર્થ સમર્થ નથી. તેને શસ્ત્ર પ્રહાર ન કરી શકે. તેથી એમ કહ્યું. સ્તનિતકુમાર સુધી આમ કહેવું.*

*એકેન્દ્રિયો, નૈરયિકવત્ કહેવા. ભગવન્ ! બેઈન્દ્રિયો અગ્નિકાય મધ્યેથી જઈ શકે ? અસુરકુમારવત્ કહેવા. વિશેષ એ કે જે તેમાંથી નીકળે, તે બળી જાય ? હા, બળે છે. એ રીતે ચઉરિન્દ્રિય સુધી છે.*

*ભગવન્ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક વિષયક પ્રશ્ન — ગૌતમ ! કેટલાંક નીકળે, કેટલાંક ન નીકળે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! પંચેન્દ્રિય તિર્યંચયોનિક બે ભેદે છે — વિગ્રહગતિ સમાપન્નક, અવિગ્રહગતિ સમાપન્નક. વિગ્રહગતિ સમાપન્નક, નૈરયિકવત્ કહેવા યાવત્ તેને શસ્ત્રાક્રમણ થતું નથી. અવિગ્રહગતિ સમાપન્નક પંચેન્દ્રિય તિર્યંચયોનિક બે ભેદે છે — ઋદ્ધિપ્રાપ્ત અને અનૃદ્ધિપ્રાપ્ત. તેમાં જે ઋદ્ધિ પ્રાપ્ત છે, તેમાં કોઈ અગ્નિકાય મધ્યેથી નીકળે, કોઈ ન નીકળે. - - જે નીકળે, તે ત્યાં દાઝે ? ના, તે અર્થ યોગ્ય નથી. તેના ઉપર શસ્ત્ર ન ચાલી શકે. તેમાં જે અનૃદ્ધિ પ્રાપ્ત છે, તેમાં કેટલાંક અગ્નિકાય વચ્ચોવચ્ચથી નીકળી જાય, કેટલાંક ન નીકળે. જે નીકળી જાય, તે શું તેમાં દાઝે ? હા દાઝે. તેથી કહ્યું કે યાવત્ ન નીકળે. એ રીતે મનુષ્ય પણ કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.*

● **વિવેચન-૬૧૨ :-**

અહીં ક્વચિત્ ઉદ્દેશક અર્થ સંગ્રહ ગાથા દેખાય છે. તે આ — નૈરયિક અગ્નિ મધ્યે, દશ સ્થાન તિર્છા પુદ્ગલ, દેવ પર્વતભિત્તી ઉલ્લંઘન-પ્રલંઘન, તેના અર્થ ઉદ્દેશકાર્થથી જાણવો.

વિગ્રહગતિ સમાપન્નક કાર્મણ શરીરત્વથી સૂક્ષ્મ હોય અને સૂક્ષ્મપણાથી તેને અગ્ન્યાદિ શસ્ત્ર લાગે નહીં. અવિગ્રહગતિ સમાપન્ન ઉત્પત્તિ ક્ષેત્ર ઉપપન્નક કહેવાય, ઋજુગતિ સમાપપન્ન ન કહેવાય, કેમકે તેનો આ પ્રકરણમાં અધિકાર નથી. નારક ક્ષેત્રમાં બાદર અગ્નિકાયનો અભાવ હોવાથી, તે અગ્નિકાયની મધ્યેથી જઈ ન શકે - x - x -



અસુરકુમાર સૂત્રમાં વિગ્રહગતિકને નારકવત્ જાણવા. અવિગ્રહગતિકમાં જે કોઈ અગ્નિ મધ્યેથી નીકળે, તે મનુષ્ય લોકમાં આવે છે, જે તેમાં નથી આવતા. તે નીકળી ન શકે નીકળતા પણ તે દાઝતા નથી, તેને સૂક્ષ્મત્વથી અને વૈક્રિય શરીરના શીઘ્રત્વથી શસ્ત્ર ન ચાલે.

એકેન્દ્રિયો, નૈરયિકવત્ કઈ રીતે ? વિગ્રહમાં તે પણ અગ્નિ મધ્યથી નીકળે છે અને સૂક્ષ્મત્વને કારણે દાઝતા નથી. અવિગ્રહગતિ સમાપન્નક, સ્થાવરપણાથી અગ્નિમધ્યેથી નીકળતા નથી. તેજો અને વાયુ ગતિ ત્રસપણાથી અગ્નિ મધ્યેથી જતાં જે દેખાય છે, તેની અહીં વિવક્ષા કરી નથી, એમ સંભવે છે. સ્થાવરત્વ માત્રની વિવક્ષા છે. - x - x - તથા જે વાયુ આદિ પરતંત્રતાથી પૃથ્વી આદિ અગ્નિ મધ્યેથી નીકળતા દેખાય છે, તેની અહીં વિવક્ષા કરી નથી, સ્વાતંત્ર્યની જ વિવક્ષા છે.

ચૂર્ણિકાર વળી એમ કહે છે — એકેન્દ્રિયોને ગતિ નથી, તેથી તેઓ જતા નથી. એક વાયુકાય બીજાની પ્રેરણાથી જાય છે. પંચેન્દ્રિયતિર્યંચ સૂત્રમાં ઋદ્ધિ પ્રાપ્ત - તે વૈક્રિયલબ્ધિસંપન્ન. કોઈ પંચેન્દ્રિય તિર્યંચ યોનિક જે મનુષ્યલોકવર્તી હોય, તે અગ્નિકાય મધ્યેથી નીકળી શકે. જે મનુષ્ય ક્ષેત્રથી બહાર છે, તે અગ્નિ મધ્યેથી નીકળતા નથી, કેમકે ત્યાં અગ્નિનો અભાવ છે અથવા તથાવિધ સામગ્રીનો અભાવ છે.

હવે દશ સ્થાનરૂપ દ્વારને કહે છે —

● **સૂત્ર-૬૧૩ :-**

*નૈરયિકો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - અનિષ્ટ એવા - (૧) શબ્દ, (૨) રૂપ, (૩) ગંધ, (૪) રસ, (૫) સ્પર્શ, (૬) ગતિ, (૭) સ્થિતિ, (૮) લાવણ્ય, (૯) યશોકીર્તિ, (૧૦) ઉત્થાન કર્મબળ વીર્ય પુરુષાકાર પરાક્રમ.*

*અસુરકુમારો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ — ઈષ્ટ શબ્દ, ઈષ્ટ રૂપ યાવત્ ઈષ્ટ ઉત્થાન કર્મ બળ વીર્ય પુરુષાકાર પરાક્રમ. એ પ્રમાણે સ્તનીતકુમાર સુધી જાણવું.*

*પૃથ્વીકાયિકો છ સ્થાનો અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ સ્પર્શ, ઈષ્ટ અનિષ્ટ ગતિ યાવત્ પરાક્રમ. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું. - - બેઈન્દ્રિયો સાત સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ રસ, બાકી છ એકેન્દ્રિયો મુજબ જાણવા.*

*તેઈન્દ્રિયો આઠ સ્થાનો અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટ અનિષ્ટ ગંધ, બાકી સાત બેઈન્દ્રિય મુજબ. - - ચઉરિન્દ્રિયો નવ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટાનિષ્ટ રૂપ, બાકી આઠ તેઈન્દ્રિય મુજબ.*

*પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો દશ સ્થાનોને અનુભવતા વિચરે છે. તે આ - ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ પરાક્રમ. એ રીતે મનુષ્યો પણ જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક,*

*વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.*

● **વિવેચન-૬૧૩ :-**

अणिट्ठागइ - અપ્રશસ્તવિહાયોગતિ નામ કર્મોદય સંપાદ્ય કે નરકગતિ રૂપ. अणिट्ठा ठिति - નરકાવસ્થાન કે નરકાયુષ્યરૂપ. अणिट्ठ लावन्न - શરીરાકૃતિ વિશેષ. अणिट्ठ जसोकित्ति - સ્વાભાવિક અનિષ્ટ, યશ - સર્વ દિશાવ્યાપી પ્રખ્યાતિરૂપ કે પરાક્રમકૃત્. कीर्ति - એક દિશા વ્યાપી કે દાનના ફળભૂત ખ્યાતિ. તેનું અનિષ્ટત્વને દુષ્પ્રખ્યાતિ રૂપ. अणिट्ठ उट्ठाणादि - વીર્યાંતરાય ક્ષયોપશમાદિ જન્ય વીર્ય વિશેષ તે ઉત્થાન, તેનું અનિષ્ટત્વ કુત્સિતત્વથી છે.

પૃથ્વીકાયિકો એકેન્દ્રિયત્વથી પૂર્વોક્ત દશ સ્થાન મધ્યમાં શબ્દ, રૂપ, ગંધ, રસ વિષય ન હોવાથી સ્પર્શાદિ છ ને અનુભવે છે તેમાં સાતાસાતાના ઉદયથી અને શુભાશુભ ક્ષેત્રોત્પત્તિના ભાવથી ઈષ્ટાનિષ્ટ સ્પર્શ. જો કે તેમના સ્થાવર રૂપત્વથી ગમનરૂપ ગતિ ન હોય, તો પણ બીજાના કારણે તે ગતિ થવાથી શુભાશુભત્વથી ઈષ્ટાનિષ્ટ ગતિ કહી છે. અથવા પાપરૂપત્વથી તિર્યંચગતિ અનિષ્ટ જ છે, તો પણ ઈષત્ પ્રાગ્ભારા અપ્રતિષ્ઠાનાદિ ક્ષેત્રોત્પત્તિ દ્વારથી તેમની ઈષ્ટાનિષ્ટ ગતિ કહેવી. जाव परक्कमे શબ્દોથી સ્થિતિને ગતિવત્ કહેવી. ઈષ્ટાનિષ્ટ લાવણ્ય તે મણિ અને અંધ પાષાણાદિમાં કહેવું. ઈષ્ટાનિષ્ટ યશોકીર્તિ - મણિ આદિમાં સત્ અને અસત્ પ્રખ્યાતિરૂપે જાણવી.

બેઈન્દ્રિયો — શબ્દ, રૂપ, ગંધ તેમનો વિષય ન હોવાથી રસ અને સ્પર્શાદિ સ્થાનોથી સાત સ્થાનો કહ્યા. - x - તેમની ગતિ ત્રસપણાને કારણે છે. ભવગતિ તો ઉત્પત્તિ સ્થાનથી ઈષ્ટાનિષ્ટ રૂપ હોય છે.

હવે તિર્છા પુદ્ગલ દેવ ઈત્યાદિ દ્વાર ગાથાનો અર્થ કહે છે —

● **સૂત્ર-૬૧૪ :-**

*ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલો ગ્રહણ કર્યા વિના તિર્છા પર્વત કે તિર્છી ભિંતને ઉલ્લંઘવા કે પ્રલંઘવા સમર્થ છે ? ગૌતમ ! ના, તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને તિર્છો યાવત્ પ્રલંઘવાને સમર્થ છે ? હા, છે. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૬૧૪ :-**

बाहिरए - ભવધારણીય શરીર સિવાયના. अपरियाइत्त - ગ્રહણ કર્યા વિના. तिरियपव्वय - તિર્છો પર્વત, तिरिय भित्ति - તીર્છી ઉત્તમ પ્રાકારથી યુક્ત ભીંત કે પર્વત ખંડ. पल्लंघण - વારંવાર ઉલ્લંઘવ.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૬-''આહાર'' ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં નારકાદિ જીવ વક્તવ્યતા કહી, તે જ અહીં છે—

● **સૂત્ર-૬૧૫,૬૧૬ :-**

*[૬૧૫] રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! નૈરયિકો શું આહારે છે ?, શું પરિણામે છે ? કઈ યોનિવાળા છે ? કેટલી સ્થિતિ છે ? ગૌતમ !*





*નૈરયિક પુદ્ગલાહારી, પુદ્ગલ પરિણામી, પુદ્ગલ યોનિક, પુદ્ગલ સ્થિતિક છે, તેઓ કર્મોપક, કર્મનિદાના, કર્મસ્થિતિક, કર્મોને કારણે જ વિપર્યાસને પામે છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું.*

*[૬૧૬] ભગવન્ ! નૈરયિકો શું વીચી દ્રવ્યોને આહારે છે કે અવીચી દ્રવ્યોને ? ગૌતમ ! નૈરયિકો તે બંનેને આહારે છે. ભગવન્ ! એમ કેમ કહ્યું કે બંને દ્રવ્યો આહારે છે ? ગૌતમ ! જે નૈરયિકો એક પ્રદેશ ન્યૂન દ્રવ્યોને આહારે છે, તે નૈરયિક વીચિ દ્રવ્યોને આહારે છે, જે નૈરયિકો પ્રતીપૂર્ણ દ્રવ્યોને આહારે છે, તેઓ અવીચિદ્રવ્યોને આહારે છે. તેથી ગૌતમ ! પૂર્વવત્ કહ્યું, એ પ્રમાણે યાવત્ વૈમાનિક આહાર કરે છે.*

● **વિવેચન-૬૧૫,૬૧૬ :-**

किमाहार - શું આહાર કરે છે, તે. किं परिणाम - શું આહારેલું પરિણમાવે છે ? किं जोणीय - તેઓનું ઉત્પત્તિ સ્થાન શું છે ? એ પ્રમાણે સ્થિતિ, સ્થિતિ એટલે અવસ્થાન હેતુ, पुग्गलजोणीय - શીતાદિ સ્પર્શવાળી યોનિ જેમને છે તે રૂપ પુદ્ગલો. નારકો શીતયોનિક અને ઉષ્ણયોનિક. पोग्गलट्ठिइय - આયુષ્ક કર્મ પુદ્ગલ સ્થિતિ જેમની છે તે નારકો. હવે તેઓ પુદ્ગલસ્થિતિક કઈ રીતે થાય છે, તે કહે છે —

कम्मोवग. કર્મ - જ્ઞાનાવરણાદિ પુદ્ગલ રૂપ, બંધ દ્વારથી ઉપાર્જન કરે તે કર્મોપગ, कम्मनियाण - નારકત્વ નિમિત્ત કે કર્મબંધ નિમિત્ત જેમાં છે તે કર્મ નિદાન. कम्मट्ठिइ - કર્મ પુદ્ગલ હોવાથી જેમની સ્થિતિ છે તે. कम्मुणामेव - કર્મના હેતુભૂત થઈ બીજા પર્યાયને પામે તે.

આહારને આશ્રીને કહે છે — वीचि - વિવક્ષિત દ્રવ્યો અને તેના અવયવોનો પરસ્પર પૃથક્ભાવ, તેમાં વીચિ પ્રધાન દ્રવ્યો તે વીચિ દ્રવ્યો અર્થાત્ એકાદિપ્રદેશ ન્યૂન, તેના નિષેધથી અવીચિદ્રવ્ય. અર્થાત્ જેટલા દ્રવ્ય સમુદાયથી આહાર પૂર્ણ થાય, તે એકાદિ પ્રદેશ ન્યૂન વીચિદ્રવ્ય કહેવાય છે અને પરિપૂર્ણ હોય તો અવીચિદ્રવ્ય કહેવાય એમ ટીકાકાર કહે છે.

ચૂર્ણિકાર - આહાર દ્રવ્ય વર્ગણાને આશ્રીને આ વ્યાખ્યા કરે છે. તેમાં જે સર્વોત્કૃષ્ટ આહાર દ્રવ્ય વર્ગણા, તે અવીચિ દ્રવ્યો, જે તેમાંથી એકાદ પ્રદેશ હીન છે, તે વીચી દ્રવ્યો. - x - આ દંડકના અંતે વૈમાનિકોનો આહાર-ભોગ કહ્યો, હવે વૈમાનિક વિશેષના કામભોગોને દર્શાવે છે.

● **સૂત્ર-૬૧૭ :-**

*ભગવન્ ! જ્યારે દેવેન્દ્ર દેવરાજ શક્ર, દિવ્ય ભોગોપભોગ ભોગવવાને ઈચ્છે, તો તે કયા પ્રકારે ઉપભોગ કરે ? ગૌતમ ! ત્યારે તે શક્રેન્દ્ર એક મહા ચક્ર સદેશ ગોળાકાર વિકુર્વે, તે સ્થાન લંબાઈ-પહોળાઈથી એક લાખ યોજન હોય, તેની પરિધિ ૩,૧૬,૨૨૭ યોજન યાવત્ ૧૩॥ અંગુલ હોય છે. નેમિ પ્રતિરૂપક તે સ્થાનનો ઉપરી ભૂમિ ભાગ બહુ સમરમણીય યાવત્ મણીનો સ્પર્શવાળો હોય. તે નેમિ પ્રતિરૂપકના બહુ મધ્ય દેશ ભાગે ત્યાં એક મહાન્ પ્રાસાદાવતંસક વિકુર્વે, તે ઉંચાઈમાં ૫૦૦ યોજન અને ૨૫૦ યોજન પહોળો હોય, તે અત્યંત*

*ઉંચો અને પ્રભાપુંજથી વ્યાપ્ત યાવત્ પ્રતિરૂપ હોય. તે પ્રાસાદાવતંસકનો ઉપરિતલ પદ્મલતાના ચિત્રણથી યાવત્ પ્રતિરૂપ હોય. તે પ્રાસાદાવતંસકનો અંદરનો ભાગ બહુ સમરમણીય યાવત્ મણીના સ્પર્શવાળો હોય. તેમાં વૈમાનિકની સદૃશ આઠ યોજનની મણિપીઠિકા હોય. તે મણિપીઠિકા ઉપર એક મહાન્ દેવશયનીય વિકુર્વે. શય્યાનું વર્ણન યાવત્ પ્રતિરૂપ કરવું. તેમાં તે શક્રેન્દ્ર આઠ સપરિવાર અગ્રમહિષી સાથે, બે સૈન્ય - નાટ્યાનિક અને ગંધર્વાનિક સાથે મહા આહત, નૃત્ય યાવત્ દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે.*

*જ્યારે દેવેન્દ્ર દેવરાજ ઈશાન દિવ્ય (ભોગ ભોગવવા ઈચ્છે) જેમ શક્રેન્દ્રમાં કહ્યું. તેમ બધું જ ઈશાનેન્દ્રમાં પણ કહેવું. એ પ્રમાણે સનત્કુમારમાં પણ કહેવું. વિશેષ એ કે - પ્રાસાદાવતંસક ૬૦૦ યોજન ઉંચો, ૩૦૦ યોજન પહોળો કહેવો, મણિપીઠિકા તે જ પ્રમાણે આઠ યોજનની કહેવી. તે મણિપીઠિકાની ઉપર એક મોટું સીંહાસન વિકુર્વે તે સપરિવાર કહેવું. ત્યાં દેવેન્દ્ર દેવરાજ સનત્કુમાર ૭૨,૦૦૦ સામાનિકો યાવત્ ૨,૮૮,૦૦૦ આત્મરક્ષક દેવો અને ઘણાં સનત્કુમાર કલ્પવાસી વૈમાનિક દેવ-દેવીઓ સાથે પરિવરીને યાવત્ (ભોગ ભોગવતો) વિચરે છે.*

*આ પ્રમાણે સનત્કુમારની માફક યાવત્ પ્રાણત, અચ્યુત (ઈન્દ્રો) કહેવા. વિશેષ એ કે — જેનો જેટલો પરિવાર, તે તેને કહેવો. પ્રાસાદ ઉચ્ચત્વ જે સ્વ-સ્વ કલ્પમાં વિમાનોનું ઉચ્ચત્વ છે, તેનાથી અડધો-અડધો વિસ્તાર યાવત્ અચ્યુતના ૯૦૦ યોજન ઉચ્ચત્વ અને ૪૫૦ યોજનનો વિસ્તાર છે. ત્યાં હે ગૌતમ ! દેવેન્દ્ર દેવરાજ અચ્યુત ૧૦,૦૦૦ સામાનિક યાવત્ (ભોગ ભોગવતો) વિચરે છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તેમજ છે.*

**● વિવેચન-૬૧૭ :-**

ભોગ - ભોગવાય તે, સ્પર્શાદિ. ભોગને યોગ્ય ભોગ તે ભોગભોગ, મનોજ્ઞ સ્પર્શાદિ તેમાં કઈ રીતે પ્રવર્તે ? जोयण આદિ એટલે ૩,૧૬,૨૨૭ યોજન સાધિક ૩ કોશ, ૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલ. - बहुसमरमणिज्ज - અત્યંત સમ અને રમ્ય. जाव मणीणं - ભૂમિ ભાગનું વર્ણન મણીના સ્પર્શ વર્ણન સુધી કહેવું. से जहानामए० - આલિંગપુષ્કર - મુરજ કે મર્દલના મુખપુટની સમાન તથા છાયા સાથે, પ્રભા સાથે, કિરણો સાથે, ઉધોત સાથે, વિવિધ પ્રકારના પંચવર્ણી મણીથી શોભે છે. - x - ઈત્યાદિ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ વર્ણક મણી કહેવા.

અભ્યુદ્ગત-ઉચ્છ્રિતાદિ પ્રાસાદ વર્ણન કહેવું. તે પૂર્વવત્ છે. ઉલ્લોક કે ઉલ્લોચ-ઉપરિતલ. પદ્મોની લતા તે પદ્મલતા, તે રૂપ ભક્તિ વડે ચિત્રિત, યાવત્ કરણથી આમ કહેવું — પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ. અહીં મણિપીઠિકાનું વર્ણન કહેવું. તે લંબાઈ-પહોડાઈથી આઠ યોજનની છે, તે જેમ વૈમાનિકની છે તે કહેવી, વ્યંતરાદિની અન્યથા સ્વરૂપ છે, તે ન કહેવી. - - વળી તેના બહુસમરમણીય ભૂમિ ભાગના બહુ મધ્ય દેશભાગે એક મણિપીઠિકા વિકુર્વે છે. તે મણિપીઠિકા આઠ યોજન લાંબી-પહોળી, ચાર યોજન જાડી, સર્વ રત્નમય, સ્વચ્છ યાવત્ પ્રતિરૂપ છે.

શયનીય વર્ણન કહેવું. તે આ રીતે — તે દેવશયનીયનો આવા પ્રકારનો



વર્ણાવાસ છે - વિવિધ મણિમય, પ્રતિપાદ સુવર્ણના પાયા, વિવિધ મણિમય ઈત્યાદિ. अनीक - સૈન્ય. નૃત્ય, તેને કરનાર સૈન્ય અર્થાત્ જનસમૂહ તે નાટ્યાનીક, એ પ્રમાણે ગંધર્વાનીક - ગીત ગાતો સમૂહ. યાવત્ શબ્દથી - "મહા આહત, નૃત્ય, ગીત, વાજિંત્ર, તંત્રી, તલ, તાલ, ત્રુટિત, ઘન મૃદંગાદિનો નાદ" - ગ્રહણ કરવું. સુધર્મસભારૂપ ભોગ સ્થાનનો સદ્ભાવ છતાં ભોગને માટે નેમિ પ્રતિરૂપકાદિની વિકુર્વણા કહી, તે જિનેશ્વરના અસ્થિની આશાતનાના પરિહાર માટે કહી, કેમકે સુધર્માસભામાં માણવક સ્તંભમાં સમુદ્ગકમાં જિન અસ્થિ હોય છે. તે હોવા છતાં જો ભોગ ભોગવે તો તેનું અબહુમાન કર્યુ કહેવાય, તે આશાતના છે.

સનત્કુમારેન્દ્ર સિંહાસન વિકુર્વે છે, શક્ર-ઈશાન માફક દેવ શયનીય નહીં, તેને સ્પર્શ માત્રથી પરિચારકત્વ હોવાથી શય્યાની જરૂર નથી. सपरिवार - સ્વકીય પરિવાર યોગ્ય આસન પરિકરિત. "જે-જેનો પરિવાર હોય તે તેને કહેવો" — એટલે - માહેન્દ્રને ૭૦,૦૦૦ સામાનિકો અને ૨,૮૦,૦૦૦ આત્મરક્ષકો, બ્રહ્મણેન્દ્રને ૬૦,૦૦૦ સામાનિક, લાંતકેન્દ્રને ૫૦,૦૦૦, શુક્રેન્દ્રને ૪૦,૦૦૦, સહસ્રારેન્દ્રને ૩૦,૦૦૦, પ્રાણતેન્દ્રને ૨૦,૦૦૦, અચ્યુતેન્દ્રને ૧૦,૦૦૦, બધામાં ચારગણાં આત્મરક્ષક દેવો.

સનત્કુમારેન્દ્ર અને માહેન્દ્રને ૬૦૦ યોજન ઉંચો પ્રાસાદ, બ્રહ્મ-લાંતકેન્દ્રને ૭૦૦, શુક્ર-સહસ્રારેન્દ્રને ૮૦૦, પ્રાણત-અચ્યુતેન્દ્રને ૯૦૦ યોજન ઉંચો પ્રાસાદ જાણવો. અહીં સનત્કુમારાદિ સામાનિકાદિ પરિવાર સહિત, તે નેમિ પ્રતિરૂપકમાં જાય છે, કેમકે ત્યાં સ્પર્શાદિ પ્રતિચારણામાં વિરોધ નથી, શક્ર-ઈશાનમાં પરિવાર સહિત ન જાય કેમકે સામાનિક પરિવાર સમક્ષ કાય પ્રતિચારણા લજ્જા યુક્ત છે.

## ❀ શતક-૧૪, ઉદ્દેશ-૭-"સંસૃષ્ટ" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-ને અંતે પ્રાણત અને અચ્યુતેન્દ્રની ભોગ-અનુભૂતિ કહી, તે તેમને કથંચિત્ તુલ્ય છે. આવી તુલ્યતા અહીં કહે છે —

**● સૂત્ર-૬૧૮ :-**

*રાજગૃહમાં યાવત્ એમ કહ્યું, પર્ષદા પાછી ગઈ. હે ગૌતમ ! એ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીરે ગૌતમને સંબોધીને આમ કહ્યું — હે ગૌતમ ! તું મારી સાથે ચિર સંશ્લિષ્ટ છે, તું મારો ચિરસંસ્તુત છે, મારે ચિરપરિચિત છે, ચિર કાલ સેવિત છે, મારે ચિર કાળથી તું અનુગામી છે, ગૌતમ ! તું મારી સાથે ચિરાનુવૃત્તિ છે. અનંતર દેવલોકે, અનંતર માનુષ્ય ભવમાં (સ્નેહરાગવાળો છે.) કેટલું કહીએ ? - મૃત્યુ પછી, કાયાનો ભેદ થયા બાદ, અહીંથી ચ્યવીને બંને તુલ્ય, એકાર્થ મણામતાની વિશેષતા રહિત થઈ જઈશું.*

**● વિવેચન-૬૧૮ :-**

ભગવન્ મહાવીર, કેવલજ્ઞાન અપ્રાપ્ત અને ખેદવાળા એવા ગૌતમસ્વામીને આશ્વાસિત કરવા માટે તેમની અને ગૌતમની ભાવિ તુલ્યતા પ્રતિપાદિત કરવા કહે છે — ઘણાં લાંબાકાળથી કે અતીતમાં પ્રભૂત કાળથી સંશ્લિષ્ટ-સ્નેહથી સંબદ્ધ એટલે કે ચિરસંશ્લિષ્ટ છો. હે ગૌતમ ! અતીતમાં ઘણાં કાળથી તું સ્નેહથી પ્રશંસિત છે, તથા

વારંવાર દર્શનથી પરિચિત્ત છો, દીર્ઘકાળથી સેવિત કે દીર્ઘ પ્રીતિવાળો છે, - x - લાંબા કાળથી મને અનુસરનાર છો, દીર્ઘ કાળથી તું મને અનુકૂળવર્તી રહ્યો છે. - - આ ચિર સંશ્લિષ્ટત્વાદિ ક્યાં થયા ?

વ્યવધાન રહિત એવા (અનંતર ભવે) દેવલોકમાં અર્થાત્ અનંતર દેવભવમાં, અનંતર મનુષ્યભવમાં - x - તેમાં નક્કી ત્રિપૃષ્ઠના ભવમાં ગૌતમનો જીવ ભગવંતના સારથીપણે હતો તેથી ચિર સંશ્લિષ્ટત્વાદિ ધર્મયુક્ત કહ્યા. એમ અન્ય ભવોમાં પણ સંભવે છે. એ રીતે મારા પ્રત્યે તારો ગાઢ સ્નેહ હોવાથી તને કેવલજ્ઞાન ઉત્પન્ન થતું નથી, તને પણ સ્નેહ ક્ષય થતાં કેવલજ્ઞાન થશે, તેથી અધૃતિ કર નહીં. બીજું કેટલું કહું ? મૃત્યુ પછી, કાયાના ભેદના હેતુથી, અહીં - પ્રત્યક્ષ મનુષ્યભવથી ચ્યવીને આપણે બંને તુલ્ય થઈ જઈશું - સિદ્ધિક્ષેત્રમાં રહીશું, વિશેષતા રહિત બનીશું, બંનેના જ્ઞાન-દર્શનાદિ પર્યાયો સરખાં થઈ જશે.

આ પ્રમાણે કદાચ જ્યારે ગૌતમ સ્વામી અષ્ટાપદે ચૈત્યવંદન માટે જઈને પાછા આવતા ૧૫૦૦ તાપસોને દીક્ષા દીધી, તેઓને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું, ભગવંતના સમોસરણમાં લાવ્યા, તીર્થ પ્રણામ કરીને તેઓ કેવલિની પર્ષદામાં બેઠા, ગૌતમે તેમના કેવલપણાની જાણકારી અભાવે તેઓને કહ્યું કે — હે સાધુઓ ! આવો અને ભગવંતને વંદન કરો. ત્યારે ભગવંતે ગૌતમને કહ્યું — હે ગૌતમ ! કેવલીની આશાતના ન કરો. ત્યારે ગૌતમે મિથ્યાદુષ્કૃત્ આપ્યું, તથા હું જેને દીક્ષા આપુ છું. તેઓને કેવલજ્ઞાન થાય છે, મને કેમ નહીં ? શું મને ઉત્પન્ન થશે જ નહીં ? એમ અધૃતિ કરી, ત્યારે જગદ્ગુરુએ તેમના મનના સમાધાન માટે આ કહ્યું —

હે ગૌતમ ! સાદડી ચાર પ્રકારે હોય. સુંબકટ, વિદલકટ, ચર્મકટ, કંબલકટ. એ પ્રમાણે શિષ્યો પણ ગુરુના પ્રતિબંધ સાધર્મ્યથી સુંબકટાદિ ચારે સમાન હોય છે. તેમાં તું મારા પ્રત્યે કંબલકટ સમાન છે. આ અર્થના સમર્થન માટે ભગવંતે ત્યારે આ બધું કહેલું - x -

● **સૂત્ર-૬૧૯ :-**

***ભગવન્ ! જે પ્રમાણે આપણે બંને આ અર્થને જાણીએ અને જોઈએ છીએ. તે પ્રમાણે અનુત્તરોપપાતિક દેવો પણ આ અર્થને જાણે - જુએ ? હા, ગૌતમ ! જેમ આપણે બંને આ અર્થને જાણીએ-જોઈએ છીએ, તેમ અનુત્તરોપપાતિક દેવો પણ જાણે-જુએ. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને અનંતી મનોદ્રવ્યવર્ગણા લબ્ધ-પ્રાપ્ત-અભિસમન્વાગત હોય છે. તેથી આ પ્રમાણે કહ્યું.***

● **વિવેચન-૬૧૯ :-**

एयमट्ठ - આપણા બંનેની ભાવિ તુલ્યતા લક્ષણ અર્થ, આપણે બંને જાણીએ છીએ, કેમકે આપને કેવલજ્ઞાન છે અને હું આપના ઉપદેશ થકી જાણું છું. અનુત્તરોપપાતિક દેવો પણ જાણે ? આ પ્રશ્ન. હા, જાણે, તે ઉત્તર. મનોદ્રવ્ય વર્ગણા, તે વિષયક અવધિજ્ઞાન લબ્ધિ અપેક્ષાએ 'લબ્ધ'. તે દ્રવ્ય પરિચ્છેદથી પામ્યા, તેના ગુણ-પર્યાય પરિચ્છેદથી અભિસન્મુખ કરી. અર્થાત્ વિશિષ્ટ અવધિ વડે તે દેવો



મનોદ્રવ્ય વર્ગણાને જાણે અને જુએ. - - આપણે બંનેને અયોગી અવસ્થામાં નિર્વાણગમન નિશ્ચિત છે. તેથી આપણી ભાવિ તુલ્યતા છે.

તુલ્યતાના પ્રક્રમથી જ આમ કહે છે —

● **સૂત્ર-૬૨૦ :-**

***ભગવન્ ! તુલ્યો કેટલા ભેદે છે ? છ ભેદે છે — દ્રવ્યતુલ્ય, ક્ષેત્રતુલ્ય, કાળતુલ્ય, ભવતુલ્ય, ભાવતુલ્ય, સંસ્થાનતુલ્ય.***

***ભગવન્ ! 'દ્રવ્યતુલ્ય' એમ કેમ કહેવાય છે ? ગૌતમ ! પરમાણુ પુદ્ગલ બીજા પરમાણુ પુદ્ગલથી દ્રવ્યથી તુલ્ય છે, પરંતુ પરમાણુ પુદ્ગલ, પરમાણુ પુદ્ગલ વ્યતિરિક્ત દ્રવ્યથી તુલ્ય નથી. દ્વિપ્રદેશિક સ્કંધ, બીજા દ્વિપ્રદેશિક સ્કંધને દ્રવ્યથી તુલ્ય છે. પણ દ્વિપ્રદેશિક સ્કંધ, દ્વિપ્રદેશિક વ્યતિરિક્ત સ્કંધ દ્રવ્યથી તુલ્ય નથી. એ પ્રમાણે યાવત્ દશ પ્રદેશિક સ્કંધ કહેવો. સંખ્યાત પ્રદેશિક સ્કંધ બીજા સંખ્યાત પ્રદેશિક સ્કંધને તુલ્ય છે, પણ તુલ્ય સંખ્યાત પ્રદેશિક સ્કંધ, તુલ્ય સંખ્યાત પ્રદેશિક વ્યતિરિક્ત સ્કંધ દ્રવ્યની તુલ્ય નથી. એ પ્રમાણે તુલ્ય અસંખ્યાત પ્રદેશિક, તુલ્ય અનંત પ્રદેશિક સ્કંધ પણ કહેવો. તેથી હે ગૌતમ ! એ પ્રમાણે કહ્યું કે તે દ્રવ્યથી તુલ્ય છે.***

***ભગવન્ ! કયા કારણથી એ 'ક્ષેત્રતુલ્ય' કહેવાય છે ? ગૌતમ ! એક પ્રદેશાવગાઢ પુદ્ગલ, બીજા એક પ્રદેશાવગાઢ પુદ્ગલના ક્ષેત્રથી તુલ્ય છે. પણ એક પ્રદેશાવગાઢ પુદ્ગલ, એક પ્રદેશાવગાઢથી વ્યતિરિક્ત પુદ્ગલના ક્ષેત્રથી તુલ્ય નથી.***

***ભગવન્ ! કયા કારણથી એ 'કાળતુલ્ય' કહેવાય છે ? ગૌતમ ! એક સમય સ્થિતિક પુદ્ગલ, બીજા એક સમય સ્થિતિક પુદ્ગલને કાળથી તુલ્ય છે, પણ - x - એક સમય સ્થિતિ વ્યતિરિક્ત પુદ્ગલને કાળથી તુલ્ય નથી, એ રીતે યાવત્ દશ સ્થિતિક. એ પ્રમાણે તુલ્ય સંખ્યાત સ્થિતિક, એ પ્રમાણે જ તુલ્ય અસંખ્યાત સ્થિતિક - x - જાણવું.***

***ભગવન્ ! કયા કારણથી તે 'ભવતુલ્ય' એમ કહેવાય છે ? ગૌતમ ! નૈરયિક, બીજા નૈરયિકને ભવાર્થતાથી તુલ્ય છે, નૈરયિકથી વ્યતિરિક્તને ભવાર્થતાથી તુલ્ય નથી, એ પ્રમાણે તિર્યંચયોનિક, મનુષ્ય અને દેવમાં પણ જાણવું. તે કારણથી યાવત્ ભવતુલ્ય છે.***

***ભગવન્ ! કયા કારણથી તે ભાવતુલ્ય, ભાવતુલ્ય કહેવાય છે ? ગૌતમ ! એક ગુણ કાળા પુદ્ગલ, એક ગુણ કાળા પુદ્ગલને ભાવથી તુલ્ય છે - x - પણ એકગુણકાળા વ્યતિરિક્ત પુદ્ગલને ભાવથી તુલ્ય નથી, એ પ્રમાણે યાવત્ દશગુણ કાળા. એ રીતે તુલ્ય સંખ્યાત ગુણ કાળા પુદ્ગલ, એ રીતે તુલ્ય અસંખ્યાત ગુણ કાળા, એ રીતે તુલ્ય અનંત ગુણકાળાના વિષયમાં પણ જાણવું.***

***જેમ કાળા તેમ નીલા, રાતા, પીળા, સફેદમાં કહેવું. એ પ્રમાણે સુરભિગંધ, દુરભિગંધમાં. એ રીતે તિક્ત યાવત્ મધુરમાં, એ રીતે કર્કશ યાવત્ રૂક્ષમાં પણ જાણવું. - - ઔદયિક ભાવ, ઔદયિક ભાવને ભાવથી તુલ્ય છે, પણ ઔદયિક***

***ભાવ વ્યતિરિક્ત ભાવને ભાવથી તુલ્ય નથી. એ પ્રમાણે ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, પારિણામિક, સંનિપાતિક ભાવમાં જાણવું. - x - ભાવતુલ્ય કહ્યું.***

***ભગવન્! સંસ્થાન તુલ્યને સંસ્થાનતુલ્ય કેમ કહે છે? ગૌતમ! પરિમંડલ સંસ્થાન, બીજા પરિમંડલ સંસ્થાનને સંસ્થાનથી તુલ્ય છે, પણ પરિમંડલ સંસ્થાન વ્યતિરિક્ત સંસ્થાનને તુલ્ય નથી. એ પ્રમાણે વૃત્ત, ત્ર્યસ્ર, ચતુરસ્ર, આયત સંસ્થાનમાં પણ કહેવું. સમચતુરસ્ર સંસ્થાન, બીજા સમચતુરસ્ર સંસ્થાનને સંસ્થાનથી તુલ્ય છે, પરંતુ સમચતુરસ્ર સંસ્થાન વ્યતિરિક્ત સંસ્થાનને તુલ્ય નથી. એ પ્રમાણે પરિમંડલ યાવત્ હુંડક સંસ્થાનમાં પણ જાણવું, તેથી સંસ્થાનતુલ્ય કહ્યું.***

**● વિવેચન-૬૨૦ :-**

તુલ્ય - સમ. દ્રવ્યતુલ્ય-દ્રવ્યથી એક અણુકાદિ અપેક્ષાથી તુલ્ય. અથવા દ્રવ્ય એવું તે તુલ્ય, બીજા દ્રવ્ય સાથે તુલ્ય ન હોય.

ક્ષેત્રતુલ્ય - ક્ષેત્રથી એક પ્રદેશાવગાઢત્વાદિથી તુલ્ય, એ રીતે બાકીના તુલ્યો પણ જાણવા. વિશેષ એ - ભવ - નારકાદિ ભવ, ભાવ - વર્ણાદિ કે ઔદયિકાદિ, સંસ્થાન - પરિમંડલાદિ. આ બધાં તુલ્ય વ્યતિરિક્ત તે અતુલ્ય થાય છે. ''તુલ્ય સંખ્યાત પ્રદેશિક'' - સમાન સંખ્યાતા પ્રદેશો જેમાં છે, તે. અહીં તુલ્યગ્રહણ સંખ્યાતત્વના સંખ્યાતભેદત્વથી છે, માત્ર સંખ્યાતપણાથી તુલ્યતા નથી, પણ સમાન સંખ્યત્વથી આને પ્રતિપાદનાર્થે કહેલ છે. એ રીતે બીજે પણ જાણવું.

અહીં જે અનંતક્ષેત્ર પ્રદેશાવગાઢત્વ અને અનંતસમય સ્થાયિત્વ કહેલ નથી, તે અવગાહપ્રદેશ અને સ્થિતિ સમયોનું પુદ્ગલને આશ્રીને અનંતત્વના અભાવથી કહેલ છે.

ભવટ્ઠયાए - ભવ એ જ અર્થ, તેનો ભાવ, તે ભવાર્થતા. ઔદયિક ભાવ - ઉદય એટલે કર્મોનો વિપાક, તે જ ઔદયિક - ક્રિયા માત્ર, અથવા ઉદય વડે નિષ્પન્ન તે ઔદયિક ભાવ - નારકત્વાદિ પર્યાય. ઔદયિક ભાવના - નારકત્વ આદિ ભાવથી ભાવ સામાન્યને આશ્રીને તુલ્યત્વ છે. એ પ્રમાણે ઔપશમિક પણ કહેવું - x - x - ઉપશમ એટલે ઉદીર્ણ કર્મનો ક્ષય અને અનુદીર્ણના વિષ્કંભિત ઉદયત્વ, તે જ ઔપશમિક - ક્રિયા માત્ર અથવા ઉપશમથી નિર્વૃત્ત, - સમ્યગ્દર્શનાદિ.

ખइए - ક્ષય એટલે કર્માભાવ, તે જ ક્ષાયિક કે ક્ષય વડે નિર્વૃત્ત. ક્ષાયિક - કેવળજ્ઞાનાદિ. ખओवसमिए - ક્ષય વડે - ઉદય પ્રાપ્ત કર્મના વિનાશ વડે તથા ઉપશમ - ઉદયત્વ શાંત હોય, તે ક્ષયોપશમ, તે જ ક્ષાયોપશમિક - x - મતિજ્ઞાનાદિ પર્યાય વિશેષ. (શંકા) ઔપશમિક અને ક્ષાયોપશમિકમાં શો ભેદ છે ? કેમકે બંનેમાં ઉદીર્ણનો ક્ષય, અનુદીર્ણનો ઉપશમ છે. (સમાધાન) ક્ષાયોપશમિકમાં વિપાક વેદન નથી, પ્રદેશવેદન જ હોય છે, ઔપશમિકમાં તો પ્રદેશવેદન પણ નથી.

पारिणामिए - પરિણમન તે પરિણામ, તે જ પારિણામિક છે.

सन्निवाइए - ઔદયિકાદિ ભાવોમાં બે વગેરે ભાવોનો સંયોગ.

સંસ્થાન-આકૃતિ વિશેષ. તે જીવ-અજીવ બે ભેદથી છે, તેમાં અજીવ સંસ્થાન પાંચ ભેદે છે. તેમાં પરિમંડલ સંસ્થાન બહારથી વૃત્તાકાર, મધ્યમાં પોલું વલય જેવું



છે, તે ઘન, પ્રતર બે ભેદે છે. वट्ट - વૃત્ત, પરિમંડલ જ પણ અંદરથી પોલાણરહિત, જેમકે કુલાલચક્ર. આ પણ ઘન, પ્રતર બે ભેદે છે. વળી તે એકૈક બે ભેદે છે - સમસંખ્ય અને વિષમસંખ્ય પ્રદેશ ભેદથી. એ પ્રમાણે ત્ર્યસ્ર, ચતુરસ્ર. ત્ર્યસ્ર-શ્રૃંગાટકવત્ છે, ચતુરસ્ર તે ચતુષ્કોણ છે, જેમકે કુંભિકા. આયત - દંડની જેમ લાંબુ છે, તે ત્રણ ભેદે છે - શ્રેણી, પ્રતર, ઘન. તે એકૈક - સમસંખ્ય અને વિષમસંખ્ય પ્રદેશ ભેદથી છે. આ પાંચે વિશ્રસા પ્રયોગથી થાય છે.

જીવ સંસ્થાન - સંસ્થાન નામ કર્મની ઉત્તર પ્રકૃતિ ઉદયથી સંપાદ્ય જીવોનો આકાર છે. તે છ ભેદે છે — (૧) સમચતુરસ્ર - તુલ્ય આરોહ પરિણાહ, સંપૂર્ણ અંગ અવયવ, પોતાના અંગુલ વડે ૧૦૦ આંગળ ઉંચા છે તુલ્ય આરોહ પરિણાહત્વથી સમપણે, પૂર્ણ અવયવત્વથી ચતુરસ્રત્વ છે. એ પ્રમાણે પરિમંડલ, (૨) જેમ સમચતુરસ્ર છે, તેમ ન્યગ્રોધ પરિમંડલ જાણવું ન્યગ્રોધ-વટવૃક્ષ માફક પરિમંડલ, નાભિની ઉપર ચતુરસ્ર લક્ષણ યુક્ત પણ નીચેનો ભાગ પ્રમાણથી હીનતર હોય. (૩) સાદિ-નાભિની નીચે ચતુરસ્રલક્ષણ યુક્ત, પણ ઉપરનો ભાગ તદનુરૂપ ન હોય. (૪) કુબ્જ-ગ્રીવા આદિ, હાથ-પગ ચતુરસ્ર લક્ષણયુક્ત સંક્ષિપ્ત, વિકૃત મધ્ય. (૫) વામન-મધ્ય ગ્રીવાદિ, હાથ-પગ પણ આદિ લક્ષણ ન્યૂન. (૬) હુંડ-સર્વે અવયવોમાં આદિ લક્ષણ વિસંવાદ યુક્ત હોય. - - સંસ્થાન વક્તવ્યતા કહી, હવે સંસ્થાનવાળા અણગારની વક્તવ્યતા વિશેષ જણાવવા કહે છે —

**● સૂત્ર-૬૨૧ :-**

***ભગવન્ ! ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અણગાર મૂર્છિત યાવત્ અધ્યુપપન્ન થઈ આહાર કરે છે, પછી સ્વાભાવિક રૂપે કાળ કરે છે અને પછી અમૂર્છિત, અગૃદ્ધ યાવત્ અનાસક્ત થઈને આહાર કરે છે ? હા, ગૌતમ ! ભક્ત પચ્ચક્ખાણકર્તા અણગાર - x - એ રીતે આહાર કરે છે, માટે પૂર્વવત્ કહ્યું.***

**● વિવેચન-૬૨૧ :-**

ભક્ત પચ્ચક્ખાયક એટલે અનશની, મૂર્છિત - મૂર્છા પામેલ, આહાર સંરક્ષણાનુબંધ થયેલ અથવા તેના દોષના વિષયમાં મૂઢ. યાવત્ શબ્દથી ગ્રથિત - આહાર વિષયક સ્નેહતંતુ વડે સંદર્ભિત, ગૃદ્ધ-પ્રાપ્ત આહારમાં આસક્ત અથવા અતૃપ્તત્વથી તેમાં આકાંક્ષાવાળો. અધ્યુપપન્ન - અપ્રાપ્ત આહાર ચિંતામાં અધિકતાથી ઉપપન્ન. आहार - - x - તીવ્ર ક્ષુધાવેદનીય કર્મના ઉદયથી અસમાધિમાં તેના ઉપશમન માટે પ્રયુક્ત. आहारयति - ઉપભોગ કરે. આહાર કરીને સ્વભાવિક મારણાંતિક સમુદ્ઘાતને કરે છે. તેની - x - પછી તેનાથી નિવૃત્ત થાય. અમૂર્છિતાદિ વિશેષણ યુક્ત આહારને કરે છે, પ્રશાંત પરિણામના સદ્ભાવથી, એ પ્રશ્ન છે. ઉત્તર છે - હા, તેમ કરે. કોઈક ભક્તપ્રત્યાખ્યાન કર્તાને આવો ભાવ થાય છે.

ભક્તપ્રત્યાખ્યાનકર્તા કદાચિત્ અનુત્તર દેવમાં ઉપજે તેથી કહે છે —

**● સૂત્ર-૬૨૨,૬૨૩ :-**

***[૬૨૨] ભગવન્ ! લવસપ્તમ દેવ શું લવસપ્તમ હોય છે ? હા, હોય છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! જેમ કોઈ પુરુષ તરુણ યાવત્***

*નિપુણ-શિલ્પોપક હોય, તે પરિપક્વ, કાપવાને યોગ્ય અવસ્થાને પ્રાપ્ત, પીળા પડેલ, પીળી જાળીવાળા શાલિ - વ્રીહિ - ઘઉં - જવ - જવજવની વિખરાયેલ નાલોને હાથથી એકઠા કરી, મુઠ્ઠીમાં પકડી નવી ધાર પર ચડાવેલ તીક્ષ્ણ દાંતથી શીઘ્રતાથી કાપે, એ રીતે સાત લવ જેટલા સમયમાં કાપી લે, હે ગૌતમ ! જો તે દેવનું આટલું વધુ આયુ હોય તો તે એ જ ભવે સિદ્ધ થઈ યાવત્ અંત કરે છે. તેથી તે - x - લવસપ્તમ કહેવાય.*

*[૬૨૩] ભગવન્ ! 'અનુત્તરોપપાતિક દેવ' અનુત્તરોપપાતિક દેવ હોય છે ? હા, હોય છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! અનુત્તરોપપાતિક દેવોને અનુત્તર શબ્દો યાવત્ અનુત્તર સ્પર્શ હોય છે, તેથી હે ગૌતમ ! એવું - x - કહ્યું છે. - - ભગવન્ ! અનુત્તરોપપાતિક દેવો કેટલા કર્મ બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવપણે ઉત્પન્ન થાય છે ? ગૌતમ ! શ્રમણ નિર્ગ્રન્થ ષષ્ઠભક્ત તપથી જેટલા કર્મોની નિર્જરા કરે છે, તેટલા કર્મો બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવ દેવપણે ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૬૨૨,૬૨૩ :-**

લવ - શાલ્યાદિની વળી લણવાની ક્રિયાથી માપેલ કાળવિભાગ. સાત સંખ્યા જેનું પ્રમાણ છે તે કાળ લવસપ્તમ, લવસપ્તમ કાળ પર્યન્ત આયુ બાકી હોતાં જે શુભ અધ્યવસાયવૃત્ત થઈને સિદ્ધિમાં જ જતાં, દેવપણે ઉત્પન્ન થાય, તે લવસપ્તમ દેવ. તે સર્વાર્થસિદ્ધ અનુત્તર વિમાન નિવાસી.

કોઈ પુરુષ-તરુણાદિ વ્યાખ્યાન પૂર્વવત્ છે. पक्काण - પાકેલ, परियायाण - કાપવા યોગ્ય અવસ્થાને પ્રાપ્ત, हरियाण - પિંડીભૂત, તે પત્રની અપેક્ષાએ પણ હોય, તેથી કહે છે — हरियकंडाण - પીળી પડેલ જાલ વાળા, नवपज्जणएण - પ્રત્યગ્ર, તાજા લોઢાને તપાવી ઘણથી કૂટીને તીક્ષ્ણ બનાવેલ, असियएण - દાંતરડાથી, पडिसाहरिया - વિખરાયેલ નાલને હાથથી એકઠી કરીને, संखिविया - મુઠ્ઠીમાં પકડીને.

આ રીતે પ્રજ્ઞાપકની લવનક્રિયા શીઘ્રત્વ દર્શાવીને - x - કહે છે - કપાય તે લવ, ચોખા વગેરેને લણવા તે લવ. તેમાં સાત લવ જેટલો કાળ થાય. - x - x - દ્રવ્ય દેવત્વ અર્થાત્ સાધુ અવસ્થામાં. જેનું ભવ-ગ્રહણ સંબંધી આયુષ્ય પૂર્ણ થયું નથી, તેના વડે જ. - x -

લવસપ્તમ, અનુત્તરોપપાતિક હોય છે, તેથી અનુત્તરોપપાતિક દેવની પ્રરૂપણા માટે બે સૂત્ર કહે છે - अनुत्तर - સર્વ પ્રધાન અનુત્તર શબ્દાદિ વિષય યોગથી, उपपात - જન્મ, તે જેને છે તે અનુત્તરોપપાતિક. - - જેટલામાં છઠ્ઠભક્તિક સુસાધુ કર્મો ખપાવે, એટલાં કર્મો બાકી રહેતા અનુત્તરોપપાતિક દેવમાં ઉત્પન્ન થાય છે.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૮-"અંતર" ❀

— x — x — x — x —

ઉદ્દેશા-૭-માં તુલ્યતારૂપ વસ્તુનો ધર્મ કહ્યો. આઠમામાં અંતરરૂપે તે જ કહે છે. આ સંબંધે આવેલ આદિ સૂત્ર —



● **સૂત્ર-૬૨૪ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીનું કેટલું અબાધાએ અંતર છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન અંતર છે.*

*ભગવન્ ! શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વીમાં કેટલું અબાધા અંતર છે ? એ પ્રમાણે યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વી સુધી કહેવું.*

*ભગવન્ ! અધઃસપ્તમી પૃથ્વી અને અલોકનું અબાધા અંતર કેટલું છે ? ગૌતમ ! અસંખ્યાત હજાર યોજન અબાધાએ અંતર છે.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીથી જ્યોતિષ્કનું કેટલું અંતર છે ? ગૌતમ ! ૭૯૦ યોજન અબાધાએ અંતર કહેલ છે.*

*ભગવન્ ! જ્યોતિષ્કથી સુધર્મ-ઈશાન કલ્પનું કેટલું અંતર છે ? ગૌતમ ! અસંખ્યાત યોજન યાવત્ અંતર કહેલ છે.*

*ભગવન્ ! સૌધર્મ-ઈશાનથી સનત્કુમાર-માહેન્દ્રનું કેટલું ? એ પ્રમાણે જ છે. - - સનત્કુમાર-માહેન્દ્રથી બ્રહ્મલોક કલ્પનું અંતર ? એ પ્રમાણે જ છે. ભગવન્ ! બ્રહ્મલોકથી લાંતક કલ્પનું ? એ પ્રમાણે જ છે.*

*ભગવન્ ! લાંતકથી મહાશુક્ર કલ્પનું ? એ પ્રમાણે અંતર છે મહાશુક્ર કલ્પથી સહસ્રારનું એમ જ છે. સહસ્રારથી આનત-પ્રાણત કલ્પનું એમ જ છે, આનત-પ્રાણત કલ્પથી આરણ-અચ્યુત કલ્પનું એમ જ છે. આરણ-અચ્યુતથી ગ્રૈવેયક અને ગ્રૈવેયકથી અનુત્તર વિમાનનું એમ જ છે.*

*ભગવન્ ! અનુત્તર વિમાનથી ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીનું અંતર ? ગૌતમ ! બાર યોજન અબાધાએ અંતર છે - - ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીથી અલોકનું અંતર ? ગૌતમ ! દેશોન યોજન અબાધા અંતર છે.*

● **વિવેચન-૬૨૪ :-**

अबाधाए - બાધા એટલે પરસ્પર સંશ્લેષથી પીડન, બાધા નહીં તે અબાધા, તે અબાધાથી જે અંતર - વ્યવધાન. અહીં અંતર શબ્દ મધ્ય વિશેષાદિ અર્થમાં વર્તમાન છે, તેના વ્યવચ્છેદથી વ્યવધાન અર્થના પરિગ્રહને માટે અબાધા ગ્રહણ કર્યુ. असंखेज्जाइं जोयण० અહીં યોજન પ્રાયઃ પ્રમાણાંગુલ નિષ્પન્ન લેવો. - x - અહીં પર્વતાદિના ગ્રહણના ઉપલક્ષણત્વથી અન્યથા આદિત્ય પ્રકાશાદિ પણ પ્રમાણ-યોજનપ્રમેયતા થાય છે. તથા અધોલોક ગ્રામમાં તેના પ્રકાશની અપ્રાપ્તિ પ્રાપ્ત થાય છે. આત્માંગુલના અનિયતત્વથી અવ્યવહાર અંગ પણે રવિ પ્રકાશનું ઉચ્છ્રયયોજન પ્રમેયત્વ છે. તેના અતિ લઘુત્વથી પ્રમાણ યોજન પ્રમિત ક્ષેત્રની અવ્યાપ્તિ છે (ઈત્યાદિ) - x - x -

ઈષત્ પ્રાગ્ભારાના ઉપરના યોજનનો જે ક્રોશ, તે ક્રોશનો છઠ્ઠો ભાગ, આટલી સિદ્ધની અવગાહના કહેલી છે.

અહીં સિદ્ધિ અને અલોકનું દેશ ન્યૂન યોજન અંતર કહ્યું, આવશ્યકમાં યોજન જ કહ્યું છે. તેમાં કિંચિત્ ન્યૂનતાની વિવક્ષા કરી નથી, તેમાં વિરોધ ન સમજવો. - - પૃથ્વી આદિનું અંતર કહ્યું. તે જીવોને ગમ્ય છે, જીવ વિશેષ ગતિને આશ્રીને આ ત્રણ સૂત્ર કહે છે —

● **સૂત્ર-૬૨૫ :-**

*ભગવન્ ! ઉષ્ણતાથી હત, તૃષાથી હત, દવાગ્નિ જ્વાલાથી હત આ શાલવૃક્ષ કાળમાસે કાળ કરીને ક્યાં જાય છે ? ક્યાં ઉપજે છે ? ગૌતમ ! આ જ રાજગૃહનગરમાં શાલવૃક્ષપણે ઉત્પન્ન થશે. તે ત્યાં અર્ચિત-વંદિત-પૂજિત-સત્કારિત-સન્માનિત અને દિવ્ય, સત્ય, સત્યાવપાત, અન્નિહિત પ્રાતિહાર્ય, લીંપેલ-પોંતેલ પૂજનીય થશે.*

*ભગવન્ ! તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! આ ઉષ્ણતાથી અભિહત, તૃષાથી અભિહત, દવાગ્નિ જ્વાલાથી અભિહત શાલ યષ્ટિકા કાળમાસે કાળ કરીને યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વિંધ્યગિરિના પાદ મૂળમાં માહેશ્વરી નગરીમાં શાલ્મલી વૃક્ષરૂપે ફરી ઉત્પન્ન થશે. તે ત્યાં અર્ચિત-વંદિત-પૂજિત યાવત્ લીંપેલ-ગુંપેલ પૂજનીક થશે. ભગવન્ ! ત્યાંથી અનંતર ઉદ્વર્તીને૦ બાકી શાલવૃક્ષ મુજબ યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! આ ઉષ્ણતાથી અભિહત આદિ ઉદુંબર યષ્ટિકા કાળમાસે કાળ કરીને યાવત્ ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં પાડલિપુત્ર નામક નગરમાં પાડિલવૃક્ષપણે ફરી જન્મ લેશે. તે ત્યાં અર્ચિત, વંદિત યાવત્ થશે. યાવત્ પૂર્વવત્ - x - અંત કરશે.*

● **વિવેચન-૬૨૫ :-**

दिव्व - પ્રધાન, सच्चोवाए - સત્યાવપાત, सन्निहिय पाडिहेर० વિહિત પ્રાતિહાર્ય-પ્રતિહાર કર્મ, જેને દેવનું સાંનિધ્ય છે તે. शालयष्टिका - અહીં જો કે શાલવૃક્ષાદિમાં અનેક જીવો હોય છે, તો પણ પ્રથમ જીવની અપેક્ષાએ ત્રણે સૂત્રો જાણવા. - - આવા પ્રકારના પ્રશ્નો વનસ્પતિના જીવત્વમાં અશ્રદ્ધા કરતા શ્રોતાની અપેક્ષાએ ગૌતમ સ્વામીએ કરેલ, તેમ જાણવું. - - ગતિ પ્રક્રમથી આ કહે છે —

● **સૂત્ર-૬૨૬,૬૨૭ :-**

*[૬૨૬] તે કાળે, તે સમયે અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો ગ્રીષ્મકાળ સમયમાં એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં યાવત્ આરાધક.*

*[૬૨૭] ભગવન્ ! ઘણાં લોકો પરસ્પર એમ કહે છે, એ રીતે નિશ્ચે અંબડ પરિવ્રાજક કાંપિલ્યપુર નગરમાં સો ઘરોમાં એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં અંબડનું કથન યાવત્ દૃઢ પ્રતિજ્ઞ૦ અંત કરશે.*

● **વિવેચન-૬૨૬,૬૨૭ :-**

एवं जहा उववाइए० અહીં યાવત્ કરણથી અહીં અર્થ વડે કંઈક દેખાડે છે - ગ્રીષ્મકાળ સમયમાં ગંગાના ઉભયકૂળ - કાંપિલ્ય પુરથી પુરિમતાલપુર જતાં, તેઓ અટવીમાં પ્રવેશ્યા, પૂર્વે ગૃહિત પાણી વપરાઈ જતાં ખલાસ થયું, પછી તેઓ તરસ્યા થયા, પાણી દેનાર કોઈ ન મળતા અને અદત્તને ન લેવા, અર્હત્‌ને નમસ્કાર પૂર્વક અનશન સ્વીકાર્યુ, કાળ કરીને બ્રહ્મલોકે ગયા, પરલોકના આરાધક થયા.



घरसए - કથાંશ કહીએ છીએ - વસતિને ભોગવે છે, આ સાંભળી ગૌતમ પૂછ્યું - ભગવન્ ! આ કેવી રીતે બને ? ત્યારે ભગવંતે કહ્યું — ગૌતમ ! આ સત્ય છે. કેમકે અંબડને વૈક્રિયલબ્ધિ હતી. તેથી લોકોને વિસ્મય પમાડવાના હેતુથી કરતો. ત્યારે ગૌતમે પૂછ્યું — ભગવત્ સમીપે અંબડ દીક્ષા લેશે ? ભગવંતે કહ્યું — ના, એમ નથી. કેવલ જીવ-અજીવત્વાદિ ગુણને જાણીને, અનશન કરીને, બ્રહ્મલોકે જશે, ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં 'દૃઢપ્રતિજ્ઞ' નામે મહર્દ્ધિક થઈ, મોક્ષે જશે. - - તેના શિષ્યો દેવપણે ઉપજ્યા. તેથી દેવ કથન કરે છે —

● **સૂત્ર-૬૨૮ થી ૬૩૦ :-**

*[૬૨૮] ભગવન્ શું "અવ્યાબાધ દેવ" અ-વ્યાબાધ દેવ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! પ્રત્યેક અવ્યાબાધ દેવ, પ્રત્યેક પુરુષની, પ્રત્યેક આંખની પલક ઉપર દિવ્ય દેવર્દ્ધિ, દિવ્ય દેવદ્યુતિ, દિવ્ય દેવ યુક્તિ, દિવ્ય દેવાનુભાગ, દિવ્ય બત્રીશવિધ નૃત્યવિધિ દેખાડવાને સમર્થ છે, (એમ કરતા તે દેવ) તે પુરુષને કંઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડતો નથી, શરીર છેદ કરતો નથી. એટલી સૂક્ષ્મતાથી તે દેવ નાટ્યવિધિ દેખાડી શકે છે. તેથી તે દેવ અવ્યાબાધ દેવ કહેવાય.*

*[૬૨૯] ભગવન્ ! શું દેવેન્દ્ર દેવરાજ શક્ર, પોતાના હાથમાં ગ્રહણ કરેલ તલવારથી કોઈ પુરુષનું મસ્તક કાપી કમંડલમાં નાંખવા સમર્થ છે ? હા, સમર્થ છે. - - તે આમ કઈ રીતે કરે છે ?*

*ગૌતમ! (તે મસ્તકને) છેદી-છેદીને નાંખે છે, ભેદી-ભેદીને નાંખે છે, કૂટી-કૂટીને નાંખે છે, ચૂર્ણ કરી-કરીને નાંખે છે. ત્યારપછી જલ્દીથી પુનઃ મસ્તક બનાવી દે છે. (આ પ્રક્રિયામાં) તે પુરુષને કંઈ પણ આબાધા કે વ્યાબાધા પહોંચાડતો નથી. આ પ્રકારની સૂક્ષ્મતાપૂર્વક મસ્તક કાપીને તે કમંડલુમાં નાંખે છે.*

*[૬૩૦] ભગવન્ ! 'જૃંભક દેવ' જૃંભક દેવ છે ? હા, છે. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જૃંભક દેવો, નિત્ય પ્રમોદી, અતિ ક્રીડાશીલ, કંદર્પરતિ, મોહનશીલ હોય છે. જે કોઈ તે દેવને ક્રુદ્ધ જુએ છે, તે પુરુષ મહાન્ અપયશ પામે છે. જે કોઈ તે દેવને સંતુષ્ટ જુએ છે, તે મહા યશને પામે છે. તેથી હે ગૌતમ ! જૃંભગ દેવો છે.*

*ભગવન્ ! જૃંભગ દેવો કેટલા ભેદે છે, ગૌતમ ! દશ ભેદે — અન્નજૃંભગ, પાનજૃંભગ, વસ્ત્રજૃંભગ, લયનજૃંભગ, શયનજૃંભગ, પુષ્પજૃંભગ, ફળજૃંભગ, પુષ્પફળજૃંભગ, વિદ્યાજૃંભગ, અવ્યક્તજૃંભગ.*

*ભગવન્ ! જૃંભગ દેવો ક્યાં નિવાસ કરે છે ? ગૌતમ ! બધાં દીર્ઘ વૈતાઢ્યોમાં, ચિત્ર-વિચિત્ર-યમક-પર્વતોમાં, કાંચનગિરિમાં, અહીં જૃંભગ દેવો નિવાસ કરે છે - - ભગવન્ ! જૃંભગ દેવોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! એક પલ્યોપમ. - ભગવન્ ! તે એમ જ છે.*

● **વિવેચન-૬૨૮ થી ૬૩૦ :-**

अव्वाबाह - બીજાને પીડા પહોંચાડવી તે વ્યાબાધ, તેના નિષેધથી અવ્યાબાધ.

તેઓ લોકાંતિક દેવની મધ્યે રહેલા જાણવા. કહ્યું છે — સારસ્વત, આદિત્ય, વહ્નિ, વરુણ, ગર્દતોય, તુષિત, અવ્યાબાધ, અગ્ન્યર્ચા, રિષ્ઠા.

अच्छिपत्तंसि - આંખની પાંપણ, आबाह - કિંચિત્ બાધા, पबाह - પ્રકૃષ્ટ બાધા, वाबाह એમ ક્યાંક છે, તેનો અર્થ વિશિષ્ટ બાધાં છે. छविच्छेय - શરીરનો છેદ, एसुहुम - એટલું સૂક્ષ્મ. - x - सपाणिण - પોતાના હાથે. જો શક્ર મસ્તકને કમંડલમાં નાંખવા સમર્થ છે, તો તેનો પ્રક્ષેપ કઈ રીતે તે કરે છે ? - કહે છે -

છરી વડે કૂષ્માંડાદિ માફક નાના-નાના ટુકડા કરીને કમંડલમાં પ્રક્ષેપે છે. શાડી આદિ માફક ઉભા ચીરા કરી - કરીને, ખાંડણીયામાં તલ આદિ માફક કૂટી-કૂટીને, શિલા પર શિલાપુત્રક ગંધ દ્રવ્ય માફક ચૂર્ણ કરીને. (ઈત્યાદિ રીતે) મસ્તકને કમંડલમાં પ્રક્ષેપે છે.

परिसंधाएज्ज - એકઠું કરે છે एसुहुम - આટલું સૂક્ષ્મ કરીને.

जृंभग - સ્વચ્છંદચારીપણે ચેષ્ટા કરે તે જૃંભક - તિર્છાલોકવાસી વ્યંતરદેવ વિશેષ. पमुइयपक्कीलिय - સંતોષવાળા હોવાથી આનંદિત અને પ્રકૃષ્ટ ક્રીડા કર્તા. कंदप्परइ - કેલિરતિક, मोहणसील - મૈથુનસેવી સ્વભાવા. अजस - ઉપલક્ષણથી આના અનર્થને પામનાર. जस - ઉપલક્ષણથી આના અર્થને - વૈક્રિયલબ્ધ્યાદિને વજસ્વામીવત્ પામનાર. તેઓના શાપ-અનુગ્રહ કરવાના સામર્થ્યથી અને તેમના સ્વભાવથી.

(૧) अन्नजृंभक - ભોજનને સરસ-નીરસ કરવાની કે તેની માત્રા વધારી-ઘટાડી દેવાની શક્તિવાળા દેવ. - - (૨) પાનજૃંભક-આ પ્રમાણે પાન આદિમાં પણ કહેવું. વિશેષ એ કે - લયન - ગૃહ. पुप्फफलजंभग - ઉભય જૃંભક, આને સ્થાને मंतजंभग - વાચનાંતરમાં દેખાય છે. अवियत्तजंभग - અવ્યક્ત અન્નાદિવિભાગથી જૃંભકો જે છે તે. ક્યાંક अहिवइजंभग - દેખાય છે. તેમાં અધિપતિમાં - રાજાદિ નાયક વિષયમાં જૃંભક. सव्वेसु चेव दीहवेयड्ढेसु - પ્રતિક્ષેત્રમાં તેનો સદ્ભાવ તે ૧૭૦ સંખ્યક દીર્ઘવિજયાર્દ્ધ પર્વત વિશેષમાં. અહીં દીર્ઘ ગ્રહણ વર્તુળ વિજયાર્દ્ધના નિષેધ માટે છે. चित्तविचित्तादि. દેવકુરુમાં શીતોદાનદીના ઉભય પડખે ચિત્રકૂટ અને વિચિત્રકૂટ પર્વત છે. તથા ઉત્તરકુરુમાં શીતા નદીના બંને પડકે યમક-સમક નામે પર્વતો છે. कंचनपव्वए. ઉત્તર કુરુમાં શીતા નદી સંબંધી પાંચ નીલવત્ આદિ દ્રહોના ક્રમે રહેલ પ્રત્યેક પૂર્વ-પશ્ચિમ કિનારે દશ-દશ કાંચન નામે પર્વતો છે. તે ૧૦૦ થાય છે. એ રીતે દેવકુરુમાં પણ શીતોદા નદી સંબંધી નિષધદ્રહાદિ આસપાસ ૧૦૦ છે. એ રીતે ૨૦૦ કંચનગિરિ છે. એ રીતે ધાતકીખંડાદિમાં પણ જાણવા.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૯-"અણગાર" ❀

— x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં દેવોનું વિચિત્ર વિષયમાં સામર્થ્ય કહ્યું, તે હોવાથી તેઓમાં સ્વકર્મલેશ્યા પરિજ્ઞાન સામર્થ્ય નથી. તેમ સાધુને પણ —

**● સૂત્ર-૬૩૧ :-**

***ભગવન્ ! ભાવિતાત્મા અણગાર. જે પોતાની કર્મલેશ્યાને ન જાણે, ન જુએ. તે શું સરૂપી અને સકર્મલેશ્યને જાણે-જુએ ? હા, ગૌતમ ! ભાવિતાત્મા તે જાણે જુએ. - - ભગવન્ ! શું સરૂપી સકર્મલેશ્ય પુદ્ગલો અવભાસાદિ થાય છે ? હા, થાય છે. - - ભગવન્ ! તે સરૂપી-સકર્મલેશ્ય પુદ્ગલ કયા છે ? ગૌતમ ! ચંદ્ર અને સૂર્ય દેવના વિમાનોથી નીકળેલ બાહ્ય લેશ્યા તેને અવભાસે છે, પ્રકાશે છે. એ પ્રમાણે હે ગૌતમ ! તે સરૂપી-સકર્મલેશ્યી પુદ્ગલો અવભાસિતાદિ થાય છે.***



**● વિવેચન-૬૩૧ :-**

ભાવિતાત્મા - સંયમ ભાવના વડે વાસિત અંતઃકરણવાળા આત્મા સંબંધી કર્મને યોગ્ય લેશ્યા-કૃષ્ણાદિ અથવા કર્મની લેશ્યા. તે કર્મલેશ્યાને વિશેષથી ન જાણે, સામાન્યથી ન જુએ. કેમકે કૃષ્ણાદિ લેશ્યાના કર્મદ્રવ્ય શ્લેષણની અતિ સૂક્ષ્મતાથી છદ્મસ્થને તે જ્ઞાન ગોચર નથી. જે કર્મલેશ્યાવાળો જીવ છે, તેને - આત્માને. सरूवि - રૂપથી - રૂપ અને રૂપવાન્‌ના અભેદથી શરીર વડે વર્તે છે તે. - x - અર્થાત્ શરીરયુક્ત. તેથી જ કર્મલેશ્યા સહ વર્તમાનને જાણે છે — ચક્ષુથી ગ્રાહ્ય હોવાથી જીવને અને શરીરને, કથંચિત્ શરીરથી અભિન્ન.

સરૂપીને સકર્મલેશ્યને આશ્રીને પૂછે છે - अत्थिणं० - 'सरूपी' - રૂપની સાથે એટલે કે મૂર્તપણે, વર્ણાદિવાળા. પુદ્ગલ તે સ્કંધરૂપ. ओभासंति - પ્રકાશે છે. लेसा - તેજ, બહારથી નીકળેલ. અહીં જો કે ચંદ્રાદિ વિમાન પુદ્ગલો જ પૃથ્વીકાયિકપણે સચેતનત્વથી સકર્મલેશ્યી છે, તો પણ તેમાંથી નીકળેલ પ્રકાશ પુદ્ગલોના તેના હેતુપણાથી ઉપચારથી સકર્મલેશ્યત્વ જાણવું. - પુદ્ગલાધિકારથી કહે છે —

**● સૂત્ર-૬૩૨,૬૩૩ :-**

*[૬૩૨] ભગવન્ ! નૈરયિકોને આત્ત પુદ્ગલ હોય કે અનાત્ત ? ગૌતમ ! આત્ત પુદ્ગલ નથી, અનાત્ત પુદ્ગલ છે. - - ભગવન્ ! અસુરકુમારને શું આત્ત પુદ્ગલ છે કે અનાત્ત ? ગૌતમ ! આત્ત પુદ્ગલ છે, અનાત્ત નથી. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! આત્ત પુદ્ગલ પણ હોય અને અનાત્ત પુદ્ગલ પણ હોય. એ પ્રમાણે મનુષ્ય સુધી જાણવુ. વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિકોને અસુરકુમારવત્ જાણવા.*

*ભગવન્ ! નૈરયિકોને ઈષ્ટ પુદ્ગલ હોય કે અનિષ્ટ ? ગૌતમ ! ઈષ્ટ પુદ્ગલ ન હોય, અનિષ્ટ હોય. જેમ આત્ત પુદ્ગલો કહ્યા. તેમ ઈષ્ટ પણ કહેવા. કાંત, પ્રિય, મનોજ્ઞ પણ કહેવા. આ પાંચ દંડક છે.*

*[૬૩૩] ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ શું હજાર રૂપ વિકુર્વી, હજાર ભાષા બોલાવા સમર્થ છે ? હા, સમર્થ છે. ભગવન્ ! શું તે એક ભાષા છે કે હજાર ભાષા છે ? ગૌતમ ! તે એક ભાષા છે, હજાર ભાષા નથી.*

**● વિવેચન-૬૩૨,૬૩૩ :-**

अत्त - અભિવિધિથી જે દુઃખથી સંરક્ષણ આપે અને સુખને ઉત્પન્ન કરે તે આત્રા. અથવા आप्ता - એકાંત હિતવાળી. તેથી જ રમણીય. આની જેઓ પૂર્વે

મનોજ્ઞપણે વ્યાખ્યા કરી છે, તે જોવી. ઈષ્ટાદિ પૂર્વવત્.

પુદ્‌ગલ અધિકારથી આ કહે છે — આ ભાષા એક છે. કેમકે જીવ એકત્વથી ઉપયોગ એકત્વપણું છે. એક જીવને એક સમયે એક ઉપયોગ જ હોય છે. - x - x - હવે પુદ્‌ગલ અધિકારથી આ કહે છે —

● સૂત્ર-૬૩૪ :-

*તે કાળે, તે સમયે ગૌતમસ્વામીએ તત્કાળ ઉદિત, જાસુમણ પુષ્પ પુંજ પ્રકાશ સમાન લાલ વર્ણનો બાળસૂર્ય જોયો, જોઈને જાતશ્રદ્ધ યાવત્ સમુત્પન્ન કુતુહલ થઈ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવે છે યાવત્ નમીને યાવત્ આ પ્રમાણે કહ્યું — ભગવન્! આ સૂર્ય શું છે?, આ સૂર્યનો અર્થ શો છે? ગૌતમ! સૂર્ય શુભ છે, સૂર્યનો અર્થ શુભ છે. - - ભગવન્! આ સૂર્ય શું છે? આ સૂર્યની પ્રભા શું છે? એ પ્રમાણે જ કહેવું. એ પ્રમાણે છાયા અને લેશ્યા કહેવી.*

● વિવેચન-૬૩૪ :-

अचिरोद्गत - ઉગેલો માત્ર. તેથી બાળસૂર્ય. જાસુમણા નામક વૃક્ષ, તેના પુષ્પના પ્રકાશવાળો હોવાથી લાલ રંગનો. - - આ સૂર્યનું સ્વરૂપ શું છે ? સૂર્ય શબ્દનો અર્થ શું છે ? સૂર્યનું સ્વરૂપ શુભ છે, સૂર્ય વિમાન પૃથ્વીકાયિકોના આતપ નામે પુન્યપ્રકૃત્તિનું ઉદયવર્તી છે, લોકમાં પણ પ્રશસ્ત છે અને જ્યોતિષ્કેન્દ્ર છે. તથા સૂર્યનો શબ્દાર્થ શુભ છે જે ક્ષમા, તપ, દાન અને યુદ્ધાદિ વિષયક શૂરવીરોને માટે હિતકર હોય છે, તે સૂર્ય છે અથવા શૂરોમાં જે સાધુ છે, તે સૂર્ય છે. पभ - દીપ્તિ. छाया - શોભા કે પ્રતિબિંબ. लेश्या - વર્ણ. - - લેશ્યા પ્રક્રમથી કહે છે —

● સૂત્ર-૬૩૫ :-

*ભગવન્ ! જે આ શ્રમણ નિર્ગ્રન્થ આર્યત્વયુક્ત થઈ વિચરે છે, તેઓ કોની તેજોલેશ્યાનું અતિક્રમણ કરે છે ? ગૌતમ ! એક માસના પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ વ્યંતર દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે. બે માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ અસુરેન્દ્ર વર્જીને બાકી ભવનવાસી દેવની તેજોલેશ્યાને અતિક્રમે છે. ત્રણ માસ પર્યાયવાળા શ્રમણ અસુરકુમાર દેવોની તેજોલેશ્યાને, ચાર માસ પર્યાયવાળા ગ્રહ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક દેવોની તેજોલેશ્યાને, પાંચ માસ પર્યાયવાળા ચંદ્ર-સૂર્ય જ્યોતિષ્કેન્દ્ર જ્યોતિષ્રાજની તેજોલેશ્યાને, છ માસ પર્યાયવાળા શ્રમણ સૌધર્મ-ઈશાન દેવોની, સાત માસ પર્યાયવાળા સનંતકુમાર-માહેન્દ્ર દેવોની, આઠ માસ પર્યાયવાળા બ્રહ્મલોક-લાંતકના દેવોની તેજોલેશ્યાને, દશ માસ પર્યાયવાળા આનત-પ્રાણત આરણ-અચ્યુત દેવોની, ૧૧-માસ પર્યાયવાળા ગ્રૈવેયક દેવોની, બાર માસ પર્યાયવાળા શ્રમણ નિર્ગ્રન્થ અનુત્તરોપપાતિક દેવોની તેજોલેશ્યાને અતિક્રમે છે.*

*ત્યારપછી શુક્લ, શુક્લાભિજાત થઈને પછી સિદ્ધ થાય છે યાવત્ અંત કરે છે. ભગવન્ ! તે એમ જ છે (૨) કહી વિચરે છે.*

● વિવેચન-૬૩૫ :-

જે આ પ્રત્યક્ષ. अज्जत्ताए - આર્યપણે, પાપકર્મથી બહાર થયેલા અથવા



આજપર્યન્ત વર્તતા. तेयलेस्स० - સુખાસિકા તેજોલેશ્યા જ પ્રશસ્તલેશ્યા ઉપલક્ષણથી તે સુખાસિકાનો હેતુ છે, અહીં કારણમાં કાર્યના ઉપચારથી તેજોલેશ્યા શબ્દ વડે સુખાસિકા કહેલ છે. वीइवयंति - વ્યતિક્રમે છે. असुरिंद - ચમર અને બલિને વર્જીને. - - એક વર્ષથી ઉપર જતાં - શુક્લ નામે અભિન્નવૃત્ત, અમત્સરી, કૃતજ્ઞ ઈત્યાદિ, બીજા કહે છે — નિરતિચાર ચારિત્ર. सुक्काभिजाइ - પરમ શુક્લ.

ઉક્ત કથન શ્રમણ વિશેષાશ્રિત છે, બધાં આવા છે તેમ નહીં.

## ❀ શતક-૧૪, ઉદ્દેશો-૧૦-‘‘કેવલી’’ ❀

— x — x — x — x —

૦ અનંતર શુક્લ કહ્યા. તે તત્ત્વથી કેવલી છે. કેવલી આદિ અર્થ પ્રતિબદ્ધ એવો દશમો ઉદ્દેશો કહે છે —

● સૂત્ર-૬૩૬ :-

*ભગવન્ ! શું કેવલી, છદ્મસ્થને જાણે-જુએ ? હા, જાણે-જુએ. ભગવન્ ! જે રીતે કેવલી, છદ્મસ્થને જાણે-જુએ, તે રીતે સિદ્ધો પણ છદ્મસ્થને જાણે-જુએ. હા, જાણે-જુએ.*

*ભગવન્ ! શું કેવળી, આધોવધિકને જાણે-જુએ ? હા, ગૌતમ ! જાણે-જુએ. એ પ્રમાણે પરમાધોવધિક પણ કહેવા. એ પ્રમાણે જ કેવલી અને સિદ્ધ યાવત્ કેવળીને જાણે અને જુએ.*

*ભગવન્ ! જે રીતે કેવલી, સિદ્ધને જાણે-જુએ, તેવી રીતે સિદ્ધ પણ સિદ્ધને જાણે-જુએ. હા, જાણે અને જુએ.*

*ભગવન્ ! કેવલી બોલે છે કે ઉત્તર આપે છે ? હા, બોલે અને ઉત્તર (પણ) આપે. - - ભગવન્ ! જેમ કેવલી બોલે કે ઉત્તર આપે, તે રીતે સિદ્ધો પણ બોલે કે ઉત્તર આપે ? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્ ! એમ કેમ કહો છો કે - x -યાવત્ સિદ્ધો ન બોલે, ન ઉત્તર આપે ? ગૌતમ ! કેવલી, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ સહિત હોય છે. જ્યારે સિદ્ધો ઉત્થાન યાવત્ પુરુષાકાર પરાક્રમથી રહિત હોય છે. તેથી એમ કહ્યું કે યાવત્ ઉત્તર ન આપે.*

*ભગવન્ ! કેવલી, (પોતાની આંખ) ખોલે કે બંધ કરે ? હા, તેમ કરે. એ પ્રમાણે આકુંચન કે પ્રસારણ કરે, એ પ્રમાણે સ્થાન-શય્યા-નિષધા કરે છે. [સિદ્ધોમાં આ બધાનો નિષેધ જાણવો.]*

*ભગવન્ ! કેવલી આ રત્નપ્રભા પૃથ્વીને રત્નપ્રભા પૃથ્વી એ રીતે જાણે-જુએ ? હા, જાણે-જુએ. - - ભગવન્ ! જે રીતે કેવલી રત્નપ્રભાપૃથ્વીને રત્નપ્રભાપૃથ્વી એમ જાણે-જુએ. તે રીતે સિદ્ધો પણ રત્નપ્રભા પૃથ્વીને જાણે-જુએ. હા, જાણે અને જુએ.*

*ભગવન્ ! કેવલી, શર્કરાપ્રભા પૃથ્વીને, શર્કરાપ્રભા પૃથ્વી છે, એમ જાણે-જુએ ? પૂર્વવત્ કહેવું. અધઃસપ્તમી સુધી આમ કહેવું.*

*ભગવન્ ! કેવલી સૌધર્મ કલ્પને જાણે-જુએ ? હા, જાણે-જુએ. એ પ્રમાણે જ ઈશાન યાવત્ અચ્યુતકલ્પને જાણે-જુએ.*

*ભગવન્ ! કેવલી, ગ્રૈવેયક વિમાનને ગ્રૈવેયક વિમાન એમ જાણે-જુએ ? પૂર્વવત્. એ રીતે અનુત્તર વિમાનને પણ જાણે-જુએ.*

*ભગવન્ ! કેવલી, ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીને ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વી રૂપે જાણે-જુએ ? પૂર્વવત્. [આ બધું સિદ્ધોમાં પણ સમજી લેવું.]*

*ભગવન્ ! કેવલી, પરમાણુ પુદ્ગલને પરમાણુ પુદ્ગલરૂપે જાણે-જુએ ? પૂર્વવત્. એ પ્રમાણે દ્વિપ્રદેશિક સ્કંધ, એ પ્રમાણે યાવત્ હે ભગવન્ ! કેવલી, અનંત પ્રદેશિક સ્કંધને અનંતપ્રદેશિક સ્કંધરૂપે જે રીતે જાણે-જુએ છે, તે રીતે સિદ્ધો પણ - x - જાણે અને જુએ ? હા, જાણે અને જુએ. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૬૩૬ :-**

અહીં કેવલી શબ્દથી ભવસ્થ કેવલી જ લેવા. પછી સિદ્ધોમાં ગ્રહણ થશે. आहोहियं - પ્રતિનિયત ક્ષેત્રમાં અવધિજ્ઞાન. - x - भासेज्ज - પૂછ્યુ ન હોય ત્યારે બોલે. वागरेज्ज - પૂછવામાં આવે ત્યારે ઉત્તર આપે. ठाण - ઉર્ધ્વસ્થાન, નિષદન સ્થાન, ત્વગ્ વર્તનસ્થાન. सेज्ज - શય્યા, निसीहिय - અલ્પતરકાલિક વસતિ. चेएज्ज - કરે.

**મુનિ દીપરત્નસાગર દ્વારા કરાયેલ**
**શતક-૧૪-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





## 卐 શતક-૧૫ 卐

-- x -- x --

૦ ચૌદમાં શતકની વ્યાખ્યા કરી, હવે પંદરમું આરંભીએ છીએ તેનો પૂર્વની સાથે આ સંબંધ છે - અનંતર શતકમાં કેવલી રત્નપ્રભાદિ વસ્તુ જાણે છે, તેમ કહ્યું, તે પરિજ્ઞાન આત્મસંબંધી છે. જેમ ભગવંત મહાવીર ગૌતમ પાસે પોતાના શિષ્યાભાસ ગોશાલકનું નરકાદિ આશ્રિત કહ્યું, તે કહે છે —

● **સૂત્ર-૬૩૭ :-**

*ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર. તે કાળે, તે સમયે શ્રાવસ્તી નામે નગરી હતી. તે શ્રાવસ્તી નગરીની બહાર ઈશાન ખૂણામાં ત્યાં કોષ્ઠક નામે ચૈત્ય હતું. તે શ્રાવસ્તી નગરીમાં હાલાહલા નામે કુંભારણ આજીવિક-ઉપાસિકા રહેતી હતી, તેણી આઢ્ય યાવત્ અપરિભૂત હતી. આજીવિક સિદ્ધાંતની લબ્ધાર્થા, ગૃહિતાર્થા, પુછિતાર્થા, વિનિશ્ચિતાર્થા, અસ્થિમજ્જાવત્ પ્રેમ-અનુરાગ રક્તા હતી. હે આયુષ્યમાન્ ! આજીવિક સિદ્ધાંત જ અર્થ છે, એ જ પમરાર્થ છે, બાકી બધો અનર્થ છે, એમ તેમાં આત્માને ભાવિત કરી રહેતી હતી.*

*તે કાળે, તે સમયે ગોશલક મંખલિપુત્ર ૨૪ વર્ષના પર્યાયવાળો હતો, તે હાલાહલા કુંભારણની કુંભારાપણમાં આજીવિકસંઘથી પરિવરીને આજીવિક સિદ્ધાંતમાં આત્માને ભાવિત કરતો રહેલો.*

*ત્યારે તે ગોશાળા પાસે અન્ય કોઈ દિવસે છ દિશાચરો આવ્યા, તે આ — શાણ, કલંદ, કર્ણિકાર, અચ્છિદ્ર, અગ્નિવૈશ્યાયયન, ગૌતમપુત્ર અર્જુન. ત્યારે તે છ દિશાચરો પૂર્વશ્રુતમાં કથિત અષ્ટાંગ નિમિત્ત અને દશમાં માર્ગમાં પોત-પોતાના મતિદર્શનોથી નિર્યૂહણા કરીને ગોશાલક મંખલિપુત્ર પાસે ઉપસ્થિત થયા.*

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર. તે અષ્ટાંગ મહાનિમિત્તના કોઈ ઉપદેશ દ્વારા સર્વે — પ્રાણ, ભૂત, જીવ, સત્વોને માટે આ છ અનતિક્રમણીય વાતોના વિષયમાં ઉત્તર આપવા લાગ્યો. તે આ — લાભ, અલાભ, સુખ, દુઃખ, જીવિત અને મરણ. ત્યારે તે ગોશાળો તે અષ્ટાંગ મહાનિમિત્તના સ્વલ્પ ઉપદેશ માત્રથી શ્રાવસ્તી નગરીમાં જિન ન હોવા છતાં 'હું જિન છું' તેમ કહેતો, અરહંત ન હોવા છતાં 'હું અરહંત છું' એમ કહેતો, કેવલી ન હોવા છતાં 'હું કેવલી છું' એમ કહેતો અસર્વજ્ઞ છતાં સર્વજ્ઞ પ્રલાપતો, અજિન છતાં જિન છે તેમ કહેવા લાગ્યો.*

● **વિવેચન-૬૩૭ :-**

મંખલિપુત્ર-મંખલિ નામક મંખનો પુત્ર. ૨૪ વર્ષના પ્રવ્રજ્યા પર્યાયવાળો. दिसाचर - દિશાની મર્યાદામાં વિચરતા, પોતાને ભગવંતના શિષ્ય માનતા એવા દિક્ચરો. ટીકાકાર કહે છે — દિક્ચરા એટલે ભગવંત પાર્શ્વસ્થીભૂત શિષ્યો. ચૂર્ણિકાર કહે છે ભ૦ પાર્શ્વના શિષ્યો. अंतियं पाउब्भविज्ज - સમીપે આવ્યો.

अट्ठविहं૦ - આઠ પ્રકારના નિમિત્ત - દિવ્ય, ઔત્પાત, આંતરિક્ષ, ભૌમ, આંગ, સ્વર, લક્ષણ અને વ્યંજન. पूर्वगत - પૂર્વ નામના શ્રુત વિશેષમાં રહેલ. માર્ગ એટલે ગીતમાર્ગ અને નૃત્યમાર્ગ - दसम - અહીં નવમ શબ્દ લુપ્ત હોવાથી નવમો અને

દશમો એમ જાણવું. सएहिं - સ્વક, સ્વકાય. मइदंसण - મતિ એટલે બુદ્ધિ કે મતિ અને દર્શન એટલે પ્રમેયનો પરિચ્છેદ. તે મતિ દર્શન निज्जूहंति - પૂર્વ લક્ષણ શ્રુત પર્યાય યૂથથી ઉદ્ધરેલ. उवट्ठाइंसु - ઉપસ્થિત થયા.

- x - x - अनतिक्रमणीय - ઓળંગવી અશક્ય. वागरण - પૂછે ત્યારે ઉત્તર અપાય તે. પુરુષાર્થની ઉપયોગીતાથી આ છ કહ્યા છે. અન્યથા નષ્ટ-મુષ્ટ-ચિંતા-લૂકા આદિ બીજા પણ ઘણાં નિમિત્તો દેખાય છે.

अजिणे जिणप्पलावि - અજિન એટલે વીતરાગ થઈને પોતાને જિન એમ પ્રકર્ષથી બોલવાના સ્વભાવવાળો, એ રીતે બીજા પદો કહેવા. વિશેષ એ કે - अर्हन् - પૂજા યોગ્ય, केवली - परिपूर्ण ज्ञानादि - x -

● સૂત્ર-૬૩૮ :-

*ત્યારે શ્રાવસ્તી નગરીમાં શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં ઘણાં લોકો પરસ્પર એકબીજાને આમ કહેવા યાવત્ પ્રરૂપવા લાગ્યા કે — હે દેવાનુપ્રિયો ! એ પ્રમાણે ખરેખર, ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી યાવત્ કહેવડાવતો વિચરે છે તો આ વાત કઈ રીતે માનવી ?*

*તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર જે ગૌતમ ગોત્રના હતા, યાવત્ નિરંતર છટ્ઠ-છટ્ઠ તપ કરતા૦ એ પ્રમાણે જેમ બીજા શતકમાં નિર્ગ્રન્થ ઉદ્દેશકમાં કહ્યું છે યાવત્ ભ્રમણ કરતાં ઘણાં લોકોના શબ્દોને સાંભળે છે. ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે — હે દેવાનુપ્રિયો ! ખરેખર, ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી યાવત્ કહેતો વિચરે છે, તે કેમ માનવું ?*

*ત્યારે ગૌતમસ્વામીએ ઘણાં લોકો પાસે આ વાત સાંભળી, અવધારી યાવત્ જાતશ્રદ્ધ યાવત્ ભોજન-પાન દેખાડીને યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું — એ પ્રમાણે હે ભગવન્! હું ભ્રમણ કરતો હતો ત્યારે ઈત્યાદિ બધું કહેવું યાવત્ જિન શબ્દ પ્રકાશતો વિચરે છે. તો હે ભગવન્! આ વાત કેમ માનવી? તેથી હે ભગવન્! હું ગોશાળા મંખલિપુત્રના ઉત્થાન-પરિયાણ આપ કહો તેમ ઈચ્છુ છું.*

*ગૌતમાદિને સંબોધીને શ્રમણ ભગવન્ મહાવીરે ગૌતમસ્વામીને આમ કહ્યું — જે તે ઘણાં લોકો પરસ્પર એમ કહે છે-પ્રરૂપે છે - ખરેખર, ગોશાળો જિન, જિનપ્રલાપી યાવત્ કહેતો વિચરે છે. તે મિથ્યા છે. હે ગૌતમ ! હું એ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપુ છું કે —*

*— ખરેખર, આ ગોશાલક મંખલિપુત્રના 'મંખલિ' નામે મંખ પિતા હતા. તે મંખલિ મંખને ભદ્રા નામે સુકુમાલ યાવત્ પ્રતિરૂપ પત્ની હતી, ત્યારે તે ભદ્રા પત્ની અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ.*

*તે કાળે, તે સમયે શરવણ નામે સંનિવેશ હતું. તે ઋદ્ધિમય, સ્તિમિત યાવત્ દેવલોક સમાન પ્રકાશવાળુ, પ્રાસાદીય આદિ હતું. તે શરવણ સંનિવેશમાં ગોબહુલ બ્રાહ્મણ રહેતો હતો, તે આઢ્ય યાવત્ સંપરિભૂત, ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત હતો. ગોબહુલ 'બ્રાહ્મણની ગોશાળા' હતી. ત્યારે તે મંખલી મંખ અન્ય કોઈ દિવસે ગર્ભિણી પત્ની-ભદ્રા-સાથે હાથમાં ચિત્રફલક લઈને મંખપણાથી પોતાને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ચાલતો ગામ-ગામ વિચરતો જ્યાં શરવણ સંનિવેશ હતું, જ્યાં ગોબહુલ બ્રાહ્મણની ગોશાળા હતી, ત્યાં આવ્યો. આવીને ગોબહુલ બ્રાહ્મણની ગોશાળાના એક ભાગમાં ભાંડાદિ રાખ્યા. રાખીને શરવણ સંનિવેશના ઉચ્ચ-નીચ-મધ્યમ કુળોમાં ગૃહસામુદાનિક ભિક્ષાચર્યાએ ભટકતો વસતિમાં ચોતરફ માર્ગ ગવેષણા કરતો, વસતિમાં ચોતરફ બધે માર્ગ ગવેષણા કરવા છતાં અન્યત્ર વસતિ પ્રાપ્ત ન થતાં તે ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં એક ખૂણામાં નિવાસ કરીને રહ્યો.*



*ત્યારે તે ભદ્રા નવ માસ બહુ પ્રતિપૂર્ણ થયા, સાડા સાત દિવસ વીત્યા પછી સુકુમાલ યાવત્ પ્રતિરૂપ બાળકને જન્મ આપ્યો.*

*ત્યારે તે બાળકના માતાપિતાએ અગીયારમો દિવસ વીત્યા પછી યાવત્ બારમે દિવસે આ - આવા પ્રકારે ગૌણ-ગુણનિષ્પન્ન નામ કર્યુ - જેથી અમારો આ બાળક ગોબહુલ બ્રાહ્મણની ગોશાળામાં જન્મ્યો છે, તેથી અમારા આ બાળકનું નામ ગોશાળો-ગોશાલક થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ ગોશાલક નામ રાખ્યું.*

*ત્યારપછી તે ગોશાલક બાળક બાળભાવથી મુક્ત થયો, તેને વિજ્ઞાન પરિણમ્યુ. યૌવનને પામ્યો. સ્વયં સ્વતંત્રપણે એક ચિત્રફલક કર્યુ, સ્વયં ચિત્રફલકને હાથમાં લઈ મંખપણે પોતાને ભાવિત કરતો વિચર્યો.*

● વિવેચન-૬૩૮ :-

બીજા શતકનો પાંચમો ''નિર્ગ્રન્થ'' ઉદ્દેશક परियान - વિવિધ વ્યતિકર પરિગમન, તે જ પારિયાનિક - ચરિત્ર. उत्थान - જન્મથી લઈને - x - मंख - ચિત્રફલક લઈને ફરતો ભિક્ષુક વિશેષ. सुकुमाल० સુકુમાર હાથ, પગ અને લક્ષણ-વ્યંજન ગુણોથી યુક્ત. रिद्धत्थिमिय - ઋદ્ધ, સ્તિમિત, સમૃદ્ધ, પ્રમુદીત, જન-જાનપદ. - x - पाडिएक्क - એક આત્મા પ્રતિ - x -

● સૂત્ર-૬૩૯ :-

*તે કાળે, તે સમયે હે ગૌતમ ! હું ૩૦-વર્ષ સુધી ગૃહવાસમાં રહીને, માતા-પિતા દેવગત થયા પછી. એ પ્રમાણે જેમ 'ભાવના' અધ્યયનમાં કહ્યું તેમ યાવત્ એક દેવદૂષ્ય ગ્રહણ કરીને મુંડ થઈને, ઘરથી નીકળીને અણગારપણે પ્રવ્રજિત થયો. ત્યારે હે ગૌતમ ! હું પહેલાં વર્ષાવાસમાં પાક્ષિક-પાક્ષિક તપ કરતો અસ્થિગ્રામની નિશ્રાએ પહેલું ચોમાસું રહ્યો.*

*બીજા વર્ષાવાસમાં માસ-માસક્ષમણ કરતો પૂર્વાનુપૂર્વી ચાલતા એક ગામથી બીજે ગામ વિચરતા જ્યાં રાજગૃહ નગર, જ્યાં નાલંદા બહાર જે તંતુવાય શાળા, ત્યાં આવ્યો. આવીને ત્યાં યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને - x - તે તંતુવાય શાળાના એક ભાગમાં વર્ષાવાસ સ્વીકારીને રહ્યો.*

*ત્યારે હે ગૌતમ ! હું પહેલું માસક્ષમણ સ્વીકારીને રહેલો હતો. ત્યારે તે*

ગોશાલક મંખલિપુત્ર હાથમાં ચિત્રફલક લઈને મંખપણે પોતાને ભાવિત કરતો પૂર્વાનુપૂર્વી ચાલતો યાવત્ વિચરતો જ્યાં રાજગૃહનગર, જ્યાં નાલંદાની બહારની તંતુવાય શાળા, ત્યાં આવ્યો, આવીને તંતુવાય શાળાના એક ભાગમા ભાંડાદિ મૂક્યા. મૂકીને રાજગૃહનગરમાં ઉચ્ચ, નીચ યાવત્ અન્યત્ર ક્યાંય વસતિ ન મળતાં, તે જ તંતુવાય શાળાના એક ભાગમાં જ્યાં હું રહેતો હતો, ત્યાં હે ગૌતમ ! વર્ષાવાસ સ્વીકારી રહ્યો.

ત્યારપછી હે ગૌતમ ! પહેલાં માસક્ષમણના પારણામાં હું તંતુવાય શાળાથી નીકળ્યો. નીકળીને નાલંદાની બહારથી વચ્ચોવચ્ચ થઈને જ્યાં રાજગૃહનગર હતું ત્યાં આવ્યો, આવીને રાજગૃહ નગરના ઉચ્ચ-નીચ યાવત્ ભ્રમણ કરતાં વિજય ગાથાપતિના ઘરમાં પ્રવેશ્યો. ત્યારે તે વિજય ગાથાપતિ મને આવતો જોઈને હર્ષિત-સંતુષ્ટ થઈને જલ્દીથી આસનેથી ઉભો થયો, થઈને પાદપીઠ ઉપર પગ મૂકી નીચે ઉતર્યો. ઉતરીને એક શાટિક ઉત્તરાસંગ કર્યુ, મસ્તકે હાથની અંજલિ જોડી, મારા તરફ સાત-આઠ પગલાં સામે આવ્યો. મને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, કરીને મને વંદન-નમસ્કાર કર્યા, કરીને મને વિપુલ-અશન, પાન, ખાદિમ, સ્વાદિમથી પ્રતિલાભીશ એમ વિચારી સંતુષ્ટ થયો, પ્રતિલાભતા પણ સંતુષ્ટ થયો. પ્રતિલાભીને પણ સંતુષ્ટ થયો.

ત્યારપછી તે વિજય ગાથાપતિની તે દ્રવ્યશુદ્ધિ, દાયકશુદ્ધિ, તપસ્વી વિશુદ્ધિ, ત્રિકરણ શુદ્ધિ, પ્રતિગ્રાહક (પાત્ર) શુદ્ધિ, ત્રિવિધ-ત્રિકરણ શુદ્ધિથી દાન વડે મને પ્રતિલાભિત કરતા દેવાયુષ્ બાંધ્યું, સંસાર પરિમિત કર્યો, તેના ઘરમાં આ પંચ દિવ્યો પ્રગટ થયાં, તે આ - વસુધારા વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પોનો નિપાત, વસ્ત્રનો ઉત્ક્ષેપ, દેવદુંદુભીનો નાદ, તન્મધ્યે આકાશમાં ''અહોદાનં-અહોદાનં'' ઉદ્‌ઘોષણા.

ત્યારે રાજગૃહનગરમાં શ્રૃંગાટકે યાવત્ માર્ગમાં ઘણાં લોકો પરસ્પર આ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે - હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિને ધન્ય છે, વિજય ગાથાપતિ કૃતાર્થ છે, કૃતપુન્ય છે, કૃતલક્ષણ છે. હે દેવાનુપ્રિયો ! વિજય ગાથાપતિનો આ લોક સફળ છે, વિજય ગાથાપતિનો મનુષ્ય જન્મ-જીવિત ફળ સુલબ્ધ છે કે જેના ઘરમાં તથારૂપ સાધુને સાધુરૂપ પ્રતિલાભિત કરતાં આ પાંચ દિવ્યો પ્રગટ થયા. જેમકે - વસુધારા વૃષ્ટિ યાવત્ અહોદાનં-અહોદાનંની ઉદ્‌ઘોષણા. તેથી તે ધન્ય, કૃતાર્થ, કૃતપુણ્ય, કૃતલક્ષણ, બંને લોક સાર્થક, સુલબ્ધ મનુષ્ય જન્મ-જીવિત ફળ તે વિજય ગાથાપતિના થયા.

ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર ઘણાં લોકો પાસે આ અર્થને સાંભળીને, સમજીને સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ, જ્યાં વિજય ગાથાપતિનું ગૃહ હતું ત્યાં આવ્યો, આવીને વિજય ગાથાપતિના ઘરમાં વસુધારાની વૃષ્ટિ, પંચવર્ણી પુષ્પોનો નિપાત જોયો. મને વિજય ગાથાપતિના ઘરમાંથી નીકળતો જોયો, જોઈને હૃષ્ટ-તુષ્ટ થઈ, મારી પાસે આવ્યો, મને ત્રણ વખત આદક્ષિણ-પ્રદક્ષિણા કરી, મને વંદન-નમસ્કાર કર્યા, મને આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! તમે મારા



ધર્માચાર્ય છો, હું તમારો ધર્મશિષ્ય છું ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલક મંખલિપુત્રની આ વાતનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો, પણ હું મૌન રહ્યો.

ત્યારપછી હે ગૌતમ ! હું રાજગૃહનગરથી નીકળ્યો, નીકળીને નાલંદાની બહાર વચ્ચોવચ્ચથી ચાલતા જ્યાં તંતુવાય શાળા હતી, ત્યાં આવ્યો. આવીને બીજુ માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારપછી, ગૌતમ ! હું બીજા માસક્ષમણના પારણે, તંતુવાયશાળાથી નીકળ્યો, નીકળીને નાલંદા બહારથી મધ્યમાં ચાલતા જ્યાં રાજગૃહનગર યાવત્ ભ્રમણ કરતો આનંદ ગાથાપતિના ઘરમાં પ્રવેશ્યો.

ત્યારે તે આનંદ ગાથાપતિ મને આવતો જોઈને૦ વિજય ગાથાપતિમાં કહ્યા મુજબ જાણવું. વિશેષ એ કે - મને વિપુલ ખાદ્ય વિધિથી પ્રતિલાભશે એમ વિચારી સંતુષ્ટ થયો. બાકી બધું પૂર્વવત્ —

— યાવત્ ત્રીજું માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારપછી હે ગૌતમ ! હું ત્રીજા માસક્ષમણના પારણે તંતુવાય શાળાથી નીકળ્યો. નીકળીને પૂર્વવત્ યાવત્ ભ્રમણ કરતાં સુનંદ ગાથાપતિના ઘેર પ્રવેશ્યો. ત્યારે સુનંદ ગાથાપતિનું વૃત્તાંત વિજય ગાથાપતિ માફક કહેવું. વિશેષ એ કે - મને સર્વકામગુણિત ભોજન વડે પ્રતિલાભ્યો. બાકી પૂર્વવત્ —

— યાવત્ ચોથું માસક્ષમણ સ્વીકારીને રહ્યો. ત્યારે નાલંદા બહાર નીકટમાં એક કોલ્લાગ નામે સંનિવેશ હતું. સંનિવેશ વર્ણન કરવું તે કોલ્લાગ સંનિવેશમાં 'બહુલ' નામે બ્રાહ્મણ રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત હતો. ત્યારે તે બહુલ બ્રાહ્મણ કાર્તિક ચાતુર્માસિકના પડવે વિપુલ મધુ-ઘૃત સંયુક્ત પરમાન્નથી બ્રાહ્મણોને (જમાડ્યા અને) આચમન કરાવ્યું. ત્યારે હે ગૌતમ! હું ચોથા માસક્ષમણના પારમએ તંતુવાય શાળાથી નીકળ્યો, નીકળીને નાલંદા બહાર વચ્ચોવચ્ચથી નીકળ્યો, નીકળીને જ્યાં કોલ્લાગ સંનિશ હતું, ત્યાં આવ્યો. કોલ્લાગ સંનિવેશના ઉચ્ચનીચ યાવત્ ભ્રમણ કરતા બહુલ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ્યો. ત્યારે તે બહુલ બ્રાહ્મણ મને આવતો જોઈને૦ - પૂર્વવત્ જાણવું. યાવત્ મને વિપુલ મધુ-ઘૃત સંયુક્ત પરમાન્નથી પ્રતિલાભશે એમ વિચારી તુષ્ટ થયો. બાકી વિજયગાથાપતિવત્ જાણવું યાવત્ બહુલ બ્રાહ્મણના (પ્રશંસિત છે.)

ત્યારે તે ગોશાળો મંખલિપુત્ર, મને તંતુવાયશાળામાં ન જોઈને રાજગૃહનગરમાં અંદર-બહાર ચોતરફ મારી માર્ગણા-ગવેષણા કરવા લાગ્યો. મારી ક્યાંય શ્રુતિ-ક્ષુતિ-પ્રવૃત્તિની જાણ ન થતાં જ્યાં તંતુવાય શાળા હતી ત્યાં આવ્યો. ત્યાં આવીને શાટિકા, પાટિકા, કુંડિકા, ઉપાનહ ચિત્રફલક આદિ બ્રાહ્મણોને આપી દીધાં, આપીને દાઢી-મૂંછ સહિત મુંડન કરાવ્યું. કરાવીને તંતુવાયશાળાની બહાર નીકળ્યો. નીકળીને નાલંદા બાહિરિકાથી વચ્ચોવચ્ચ ચાલ્યો, પછી જ્યાં કોલ્લાગ સંનિવેશ હતું ત્યાં આવ્યો, ત્યારે તે કોલ્લાગ સંનિવેશની બહાર ઘણાં લોકોને પરસ્પર એમ કહેતા યાવત્ પ્રરૂપતા (સાંભળ્યા) હે દેવાનુપ્રિયો! બહુલ બ્રાહ્મણ ધન્ય છે, ઈત્યાદિ યાવત્ તેનો જન્મ, જીવિત સફળ છે.

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર ઘણાં લોકો પાસે આ અર્થ સાંભળી, અવધારીને આ - આવા પ્રકારનો તેને મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો. મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવન્ મહાવીરની જેવી ઋદ્ધિ, દ્યુતિ, યશ, બળ, વીર્ય, પુરુષાકાર પરાક્રમ લબ્ધ-પ્રાપ્ત અને અભિસન્મુખ થયેલ છે, તેવી બીજા કોઈ તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણની ઋદ્ધિ, દ્યુતિ યાવત્ પરાક્રમ લબ્ધ-પ્રાપ્ત-અભિસન્મુખ થયેલ નથી. તેથી નિઃસંદેહ આ મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ ભગવંત મહાવીર અહીં જ હશે, એમ કરીને કોલ્લાગ સંનિવેશમાં અંદર-બહાર, ચારે તરફ મારી માર્ગણા-ગવેષણા કરી, મને ચોતરફ યાવત્ શોધતાં કોલ્લાગ સંનિવેશની બાહ્ય પ્રણિતભૂમિમાં મારી સન્મુખ આવી મળ્યો.*

*ત્યારે તે ગોશાળો હર્ષિત-સંતુષ્ટ થઈ મને ત્રણ વખત આદક્ષિણપ્રદક્ષિણા કરી યાવત્ નમન કરીને આમ કહ્યું — હે ભગવન્! તમે મારા ધર્માચાર્ય છો, હું તમારો શિષ્ય છું. ત્યારે હે ગૌતમ! મેં ગોશાળાની આ વાતનો સ્વીકાર કર્યો. ત્યારપછી હે ગૌતમ! હું ગોશાલક મંખલિપુત્ર સાથે પ્રણિત ભૂમિમાં છ વર્ષ સુધી લાભ-અલાભ, સુખ-દુઃખ, સત્કાર-અસત્કારને અનુભવતો અનિત્ય જાગરિકા કરતો વિચર્યો.*

**● વિવેચન-૬૩૯ :-**

अगारवास - ગૃહવાસ, સેવીને, એ પ્રમાણે આચાર સૂત્રના બીજા શ્રુતસ્કંધના ૧૫માં ભાવના અધ્યયનમાં કહ્યા મુજબ. આના દ્વારા એમ સૂચવે છે કે — અભિગ્રહ સમાપ્ત થતાં, હિરણ્ય-સુવર્ણાદિનો ત્યાગ કરીને, પ્રવ્રજ્યા સ્વીકારના પ્રથમ વર્ષે, નિશ્રા કરીને પહેલું અંતરાવાસ-વર્ષના પ્રથમ અવસરમાં - જેમાં વર્ષા થાય તે અંતર વર્ષ અથવા અંતરમાં અર્થાત્ શોધેલ ક્ષેત્ર પ્રાપ્ત ન થવા છતાં સાધુને અવશ્ય આવાસ કરવો જોઈએ તે અંતરાવાસ અર્થાત્ વર્ષાકાળ એટલે ચાતુર્માસિક અવસ્થાન.

બીજા વર્ષે, કુવિંદશાળામાં. મુકુલાકાર હાથ કર્યા છે જેણે તે 'અંજલિ મઉલિય હત્થે'. दव्वशुद्ध - ઓદનાદિ દ્રવ્ય શુદ્ધ-ઉદ્‌ગમાદિ દોષરહિત દાન, दायगशुद्ध - આશંસાદિ દોષરહિત દાયક, એમ બીજું પણ. तिविहेण - ઉક્ત લક્ષણથી ત્રિવિધ અથવા કૃત-કારિત-અનુમિત ભેદથી, ત્રિકરણ-મન, વચન, કાયાથી શુદ્ધ. વસુધારા-દ્રવ્યરૂપ ધારાની વૃષ્ટિ.

- x - कयत्थ - સ્વ પ્રયોજનકૃત. कयलक्खण - ફળવત્ કૃત્. कया णं लोग - આ લોક, પરલોકના શુભ ફળને કરેલ, જન્મ અને જીવિતનું જે ફળ તે. तहारूव - તથાવિધ અવિજ્ઞાતવ્રત વિશેષ. साधौ - શ્રમણમાં, साधुरूप - સાધુ આકાર, धम्मंतेवासी - શિલ્પાદિના ગ્રહણને માટે પણ શિષ્ય થાય, તેથી કહે છે — ધર્મ-શિષ્ય.

खज्जगविही - ખંડ-ખાદ્યાદિ લક્ષણ ભોજન વડે. गुणिय - અભિલાષભૂત રસાદિથી થયેલ, તે સર્વ કામગુણિત, परमन्न - ખીર વડે. आयामेत्थ - તે ભોજનદાન પછી, તેની શુદ્ધિ માટે આચમન કરાવીને અર્થાત્ જમાડીને. सब्भिंतरबाहिरिए - બાહ્ય અને અભ્યંતર સહિત. मग्गणगवेसण - અન્વયથી માર્ગણ અને વ્યતિરેકથી ગવેષણ. - x - सुइ - સંભળાય તે શ્રુતિ-શબ્દ, તેમાં આંખ વડે જોતાં,અર્થ શબ્દથી નિશ્ચય



કરાયેલ શ્રુતિ લેવી. खुइ - ક્ષુતિ, છીંક. આ પણ ન દેખાતાં મનુષ્યની હોય. पवत्ति - પ્રવૃત્તિ, વાર્તા.

साडिया - પરધાન વસ્ત્રો, पाडिया - ઉત્તરીય વસ્ત્રો, ક્યાંક भंडिया - રાંધવાના વાસણ, પણ દેખાય છે. माहणे आयाम - શાટિકાદિ બ્રાહ્મણને આપે છે. सउत्तरोट्ठ - દાઢી-મુંછ સહિત. मुंड - મુંડન કરાવ્યું. पणियभूमि - ભાંડ વિશ્રામ સ્થાન અથવા મનોજ્ઞભૂમિમાં. अभिसमन्नागए - મળ્યો. - x - ભગવંતે અક્ષીણ રાગપણાથી, પરિચયથી કિંચિત્ સ્નેહ ગર્ભિત અનુકંપાથી, છદ્મસ્થતાથી અનાગત દોષ ન જાણીને અને અવશ્ય થનાર એમ સમજીને એ (અર્થ) વાતને સ્વીકારી, અનિત્ય ચિંતા કરી.

**● સૂત્ર-૬૪૦ :-**

*ત્યારપછી હે ગૌતમ ! હું અન્ય કોઈ દિવસે પ્રથમ શરદકાળ સમયમાં (જ્યારે) અલ્પવૃષ્ટિ થયેલ (ત્યારે) ગોશાળા સાથે સિદ્ધાર્થગ્રામ નગરથી કુર્મારગ્રામ નગરે વિહાર કરવા નીકળ્યો, તે સિદ્ધાર્થગ્રામ નગરથી કુર્મારગ્રામ નગરના અંતરમાં એક મોટો તલનો છોડ, પુષ્પ-પત્ર યુક્ત હર્યોભર્યો, શ્રી વડે અતિ શોભતો રહેલો હતો. ત્યારે તે ગોશાળાએ તલનો છોડ જોઈને, મને વંદન-નમસ્કાર કરીને આમ પૂછ્યું કે — હે ભગવન્ ! આ તલનો છોડ નિષ્પન્ન થશે કે નહીં ? આ સાત તલપુષ્પજીવો મરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? (ત્યારે મેં કહ્યું) આ તલનો છોડ નિષ્પન્ન થશે, આ સાત તલ પુષ્પ મરીને આજ તલના છોડમાં સાત તલ રૂપે ઉત્પન્ન થશે.*

*ત્યારે તે ગોશાળાએ મેં આમ કહેતા, આ વાતની શ્રદ્ધા ન કરી, પ્રતીતિ ન કરી, રુચી ન કરી, આ કથનની અશ્રદ્ધા, અપ્રીતિ, અરુચિ કરીને મારા નિમિત્તે "આ મિથ્યાવાદી થઈ જાય" તેમ વિચારીને મારી પાસેથી ધીમે-ધીમે પાછળ સરક્યો, સરકીને જ્યાં તલનો છોડ હતો ત્યાં ગયો. જઈને તે તલના છોડને માટી સહિત સમૂલ ઉખાડીને એકાંતે ફેંકી દીધો. હે ગૌતમ ! તે જ ક્ષણે દિવ્ય વાદળો પ્રગટ થયા, ત્યારપછી તે દિવ્ય વાદળ જલ્દીથી ગર્જવા લાગ્યા, તુરંત જ વિજળીઓ થવા લાગી, શીઘ્રતાથી અતિ માટી કે અતિ પાણી ન થાય તે રીતે પાણીની બુંદો વરસી, રજ અને ધૂળને શાંત કરી દીધી, દિવ્ય સલીલ-ઉદક વર્ષા વરસી, જ્યાં તે તલનો છોડ રહેલો, તે ત્યાં જ ચોંટી ગયો, ત્યાંજ બદ્ધમૂલ થઈને ત્યાંજ સ્થિર થઈ ગયો. તે સાત તણપુષ્પના જીવો મરીને ફરી તે જ તલના છોડમાં એક તલફલિકામાં સાત તલરૂપે ઉત્પન્ન થયા.*

**● વિવેચન-૬૪૦ :-**

સિદ્ધાંત ભાષાથી માગસર-પોષને શરદ કહે છે. તેમાં પ્રથમ શરત્કાળ એટલે માગસરમાં, વર્ષા થયેલ ન હતી ત્યારે, બીજા કોઈ આસો અને કારતકને શરદ્‌ઋતુ કહે છે. "અલ્પવૃષ્ટિને કારણે તેમાં પણ વિચરણમાં કોઈ દોષ નથી "— આ વાત અસંગત છે. ભગવંત પણ અવશ્ય પર્યુષણના કર્તવ્યપણાથી, પર્યુષણ કલ્પ કરે. हरियगरेरिज्जमाण - વનસ્પતિથી અતિ શોભતું. - - "ત્યારે મેં ગોશાળાને આમ કહ્યું." અહીં જો કે ભગવંતને પૂર્વકાળે સ્વીકૃત્ મૌનનો અભિગ્રહ છતાં ઉત્તર

આપવાને માટે કદાચ કોઈ વચનની છુટ્ટી અભિગ્રહમાં સંભવે છે.

तिलसंगलियाए - તલની ફળીમાં, ममं पणिहाय - મને આશ્રીને ''આ મિથ્યાવાદી થાઓ'' એવો વિકલ્પ કરીને. अब्भवद्दलए - અભ્ર રૂપ વાર-પાણીના દલિકો. पतणतणायइ - પ્રકર્ષથી ગર્જે છે. - x - नाइमट्टियं - અતિ કાદવ નહીં તે રીતે. पविरलपप्फुसिय - પ્રવિરલ વિપ્રુષ, रयरेणुविणासण - રજ એટલે વાયુથી ઉડેલ આકાશવર્તી રેણુ - ભૂમિસ્થિત ધૂળ, તે બંનેને ઉપશમક, सलिलोदग - શીતાદિ મહાનદીના જેવો રસમય.

● **સૂત્ર-૬૪૧ થી ૬૪૪ :-**

*[૬૪૧] ત્યારપછી હે ગૌતમ ! હું ગોશાલક મંખલિપુત્ર સાથે જ્યાં કુંડગ્રામનગર હતું ત્યાં આવ્યો, ત્યારે તે કુંડગ્રામ નગરની બહાર વૈશ્યાયન નામે બાલ તપસ્વી નિરંતર છટ્ઠ-છટ્ઠના તપકર્મ સાથે બે હાથને ઉંચા કરી-કરીને સૂર્યાભિમુખ રહી, આતાપના ભૂમિમાં આતાપના લેતો વિચરતો હતો. સૂર્યના તેજથી તપેલી તે 'જુ'ઓ ચોતરફ પડતી હતી. પ્રાણ-ભૂત-જીવ-સત્ત્વની અનુકંપાથી તે પડતી એવી 'જુ'ને વારંવાર ત્યાંને ત્યાં રાખતો હતો.*

*ત્યારે તે ગોશાળાએ વૈશ્યાયન બાલતપસ્વીને જોયો, જોઈને મારી પાસેથી ધીમે-ધીમે પાછળ સરક્યો, સરકીને જ્યાં વૈશ્યાયન બાલતપસ્વી હતો, ત્યાં ગયો, જઈને બાલતપસ્વીને આમ કહ્યું. શું તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ છો કે 'જૂ'ના સજ્જાતર છો ? ત્યારે તે વૈશ્યાયને ગોશાળાના આ કથનનો આદર ન કર્યો, સ્વીકાર્યુ નહીં, પણ મૌન રહ્યો. ત્યારે તે ગોશાળાએ, વૈશ્યાયનને બે ત્રણ વખત આમ પૂછ્યું કે – શું તમે તત્ત્વજ્ઞ કે મુનિ યાવત્ શય્યાતર છો ?*

*ત્યારે તે વૈશ્યાયને ગોશાળાએ બે-ત્રણ વખત આમ કહેતા શીઘ્ર કોપિત થયો યાવત્ દાંત કચકચાવતો આતાપના ભૂમિથી ઉતર્યો, ઉતરીને તૈજસ સમુદ્ઘાતથી સમવહત થયો, થઈને સાત-આઠ પગલાં પાછો ખસ્યો, ખસીને ગોશાળાના વધને માટે શરીરમાં રહેલ તેજને બહાર કાઢ્યું, ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાની અનુકંપા માટે વૈશ્યાયનના તેજ ને પ્રતિસંહરણાર્થે તેના માર્ગમાં શીતલ તેજોલેશ્યા બહાર કાઢી, જેથી મારી શીતલ તેજોલેશ્યાથી વૈશ્યાયનની તેજોલેશ્યાનો પ્રતિઘાત થઈ જાય.*

*ત્યારે તે વૈશ્યાયન, મારી શીતલ તેજોલેશ્યાથી પોતાની ઉષ્ણ તેજોલેશ્યાનો પ્રતિઘાત થયો જાણીને ગોશાળાના શરીરને કંઈ પણ આબાધા કે વ્યાબાધા કે શરીર છેદ ન કરી શક્યાનું જોઈને, પોતાની તેજોલેશ્યાને પાછી સંહરી લીધી. સંહરીને મને એમ કહ્યું કે મેં જાણી લીધું ભગવન્ ! મેં જાણી લીધું.*

*ત્યારે તે ગોશાળાએ મને એમ કહ્યું કે – ભગવન ! આ જૂંઓના શય્યાતરે, આપને એમ શું કહ્યું કે ''મેં જાણી લીધું, ભગવન્ ! મેં સમજી લીધું.'' ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાને કહ્યું કે હે ગોશાળા ! તું વૈશ્યાયન બાલતપસ્વીને જોઈને મારી પાસેથી મૌનપૂર્વક પાછો સરકીને વૈશ્યાયન પાસે ગયો, જઈને વૈશ્યાયનને પૂછ્યું કે – શું તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ છો અથવા જૂંઓના શય્યાતર છો ? ત્યારે તે વૈશ્યાયને, તારા આ કથનનો આદર ન કર્યો, સ્વીકાર ન કર્યો પણ મૌન રહ્યા. ત્યારે હે ગૌશાળા ! તે બાલતપસ્વીને બીજી-ત્રીજી વખત પણ પૂછ્યું કે – તમે તત્ત્વજ્ઞ કે તપસ્વી મુનિ યાવત્ શય્યાતર છો ?, ત્યારે તે વૈશ્યાયને, તને બીજી-ત્રીજી વખત આમ કહેતો જાણીને અતિ કોપિત થઈ યાવત્ પાછા ખસ્યા, ખસીને તારા વધને માટે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી. ત્યારે હે ગોશાળા ! મેં તારી અનુકંપાથી વૈશ્યાયન બાલતપસ્વીની ઉષ્ણ તેજોલેશ્યાના પ્રતિસંહરણ માટે, તેના માર્ગમાં શીતલ તેજોલેશ્યા છોડી યાવત્ તેને પ્રતિહત જાણીને તારા શરીરને કંઈપણ આબાધા કે વ્યાબાધા કે શરીર છેદ ન કરાયેલ જોઈને તેણે ઉષ્ણ તેજોલેશ્યા પાછી સંહરી લીધી, સંહરીને મને કહ્યું – ભગવન્ ! મેં જાણી લીધું, ભગવન્ ! મેં સમજી લીધું.*



*ત્યારે તે ગોશાલકે મારી પાસેથી આ અર્થને સાંભળી, અવધારીને ભયભીત થયો યાવત્ સંજાત ભયથી મને વંદન, નમન કરીને, મને એમ પૂછ્યું કે – ભગવન્ ! સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા કઈ રીતે પ્રાપ્ત થાય ? ત્યારે હે ગૌતમ ! મેં ગોશાલકને કહ્યું – ગોશાલક ! જે નખસહિત બંધ કરેલ મુઠ્ઠી જેટલા અડદના બાકુળા તથા એક કોગળા જેટલાં પાણીથી નિરંતર છટ્ઠ-છટ્ઠના તપશ્ચરણપૂર્વક બંને હાથ ઉંચા રાખીને યાવત્ આતાપના લઈ વિચરે, તેને છ માસને અંતે સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યા પ્રાપ્ત થાય છે. ત્યારે ગોશાલકે મારી આ વાતને સમ્યક્ વિનયપૂર્વક સ્વીકારી.*

*[૬૪૨] ત્યારે હે ગૌતમ ! હું અન્ય કોઈ દિવસે ગોશાળા મંખલિપુત્રની સાથે કૂર્મગ્રામ નગરથી સિદ્ધાર્થ ગ્રામ નગરે વિચરવા નીકળ્યો. જ્યારે અમે તે સ્થાનની નજીક આવ્યા. જ્યાં તે તલનો છોડ હતો, ત્યારે તે ગોશાળાએ કહ્યું – ભગવન્ ! આપે તે દિવસે મને આમ કહેલ યાવત્ પ્રરૂપેલ કે હે ગોશાળા ! આ તલનો છોડ નિષ્પન્ન થશે, યાવત્ સાત તલ ઉત્પન્ન થશે. તે મિથ્યા છે, તે આ પ્રત્યક્ષ દેખાય છે કે આ તે તલનો છોડ નિષ્પન્ન થયો નથી, અનિષ્પન્ન જ છે અને તે સાત તલપુષ્પજીવો ચ્યવીને આ તલના છોડમાં, તેની એક તલની ફળીમાં સાત તલ ઉત્પન્ન થયા નથી.*

*ત્યારે હે ગૌતમ ! મેં ગોશાળાને કહ્યું – ત્યારે મેં કહેલા યાવત્ પ્રરૂપેલા આ કથનની તે શ્રદ્ધા, પ્રતીતિ, રુચિ કરી ન હતી. એ કથનની અશ્રદ્ધા, અપ્રીતિ, અરુચિ કરતો, મારા નિમિત્તે આ મિથ્યાવાદી થાઓ, એમ વિચારી મારી પાસેથી નીકળી, ધીમે ધીમે પાછો ખસ્યો, ખસીને જ્યાં તલનો છોડ હતો, ત્યાં ગયો. યાવત્ એકાંતમાં તે છોડ ફેંકી દીધો. હે ગોશાળા ! તત્ક્ષણ જ દિવ્ય વાદળો પ્રગટ્યા. ત્યારે તે દિવ્ય વાદળો યાવત્ તે તલનો છોડ એક તલ ફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયો. હે ગોશાળા ! એ રીતે તે તલનો છોડ નિષ્પન્ન જ છે, અનિષ્પન્ન નથી, તે સાત તલ પુષ્પજીવો પણ મરીને આ જ તલનો છોડની એક તલફળીમાં સાત તલ રૂપે ઉત્પન્ન થયા છે. આ પ્રકારે હે ગોશાલક ! વનસ્પતિકાયિક પ્રવૃત્ત પરિહાર પરિહરે છે.*

*ત્યારે તે ગોશાલકે મારા એ કથનની યાવત્ પ્રરૂપેલા એ અર્થની શ્રદ્ધાદિ ન કર્યા, એ કથનની અશ્રદ્ધા યાવત્ અરૂચિ કરી, જ્યાં તલનો છોડ હતો, ત્યાં જઈને તલના છોડની તલફળી તોડી તોડીને તેને હથેલીમાં રાખીને મસળીને સાત તલ બહાર કાઢ્યા. ત્યારપછી તે ગોશાળાએ તે સાત તલને ગણતાં આ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો - બધાં જીવ આ પ્રકારે પરિવૃત્ય પરિહાર કરે છે. હે ગૌતમ ! આ ગોશાલકનો પરિવર્ત છે અને હે ગૌતમ ! આ ગોશાળાનું મારી પાસેથી પોતાનું પૃથક્ વિચરણ છે.*

*[૬૪૩] ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે નખસહિત એક મુઠ્ઠીમાં આવે તેટલાં અડદના બાકુળા અને એક કોગળા જેટલું પાણી લઈને નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મ પૂર્વક, બે હાથને ઉંચા રાખીને યાવત્ વિચરવા લાગ્યો. ત્યારે તે ગોશાળાને છ માસને અંતે સંક્ષિપ્ત વિપુલ તેજોલેશ્યા ઉત્પન્ન થઈ.*

*[૬૪૪] ત્યારે તે ગોશાલક મંખલિપુત્રને અન્ય કોઈ દિવસે આ છ દિશાચરો, તેની પાસે આવ્યા. તે આ - શાણ આદિ પૂર્વવત્ કહેવું યાવત્ અજિન હોવા છતાં જિન શબ્દ પ્રકાશતો વિચરે છે.*

*હે ગૌતમ ! ખરેખર તે ગોશાળો જિન નથી, તે જિનપ્રલાપી યાવત્ જિનશબ્દને બોલતો વિચરે છે. વસ્તુતઃ ગોશાળો અજિન છે, જિનપ્રલાપી છે યાવત્ જિન શબ્દને સ્વયં પ્રકાશતો વિચરે છે.*

*ત્યારપછી તે મહા મોટી મહત્ પર્ષદા શિવની જેમ પાછી ફરી.*

*ત્યારે શ્રાવસ્તી નગરીના શૃંગાટકે યાવત્ ઘણાં લોકો પરસ્પર યાવત્ પ્રરૂપવા લાગ્યા કે હે દેવાનુપ્રિયો! ગોશાળો પોતાને જિન, જિનપ્રલાપી કહેતો યાવત્ વિચરે છે, તે મિથ્યા છે. શ્રમણ ભગવન્ મહાવીર એ પ્રમાણે કહે છે યાવત્ પ્રરૂપે છે કે તે ગોશાલક મંખલિપુત્રના મંખલી નામે મંખ પિતા હતા, ઈત્યાદિ બધું પૂર્વોક્ત કથન જાણવું - કહેવું યાવત્ તે જિન નથી છતાં જિન શબ્દ બોલતો વિચરે છે. પણ તે ગોશાળો જિન નથી, માત્ર જિનપ્રલાપી થઈ વિચરે છે. શ્રમણ ભગવન્ મહાવીર જિન છે, જિન કહેતા એવા યાવત્ જિન શબ્દને પ્રકાશતા વિચરે છે.*

*ત્યારે તે ગોશાળાએ ઘણાં લોકો પાસે આ કથન સાંભળીને અવધાર્યુ. તે અતિ ક્રોધિત થયો યાવત્ દાંત કચકચાવતો આતાપના ભૂમિથી નીચે ઉતર્યો, ઉતરીને શ્રાવસ્તીનગરી વચ્ચોવચ્ચથી હાલાહલા કુંભારણની કુંભારાપણે આવ્યો. આવીને હાલાહલા કુંભારણની કુંભારાપણમાં આજીવિક સંઘથી પરિવૃત્ત થઈને, અતિ રોષ ધારણ કરતો ત્યાં રહ્યો.*

**● વિવેચન-૬૪૧ થી ૬૪૪ :-**

પ્રાણાદિની સામાન્યથી જે દયા, તેના વડે અથવા 'જૂ' જ ઉચ્છ્વાસાદિ પ્રાણથી ભાવથી પ્રાણ છે, હોવાના ધર્મકત્વથી ભૂત, ઉપયોગ લક્ષણત્વથી જીવ, સત્વ યુક્તતાથી સત્વ. किं भवं मुणी मुणिए . શું તમે તપસ્વી છો કે જ્ઞાત તત્ત્વ છો અથવા શું તમે તપસ્વી છો અથવા શું તમે યતિ કે ગ્રહગૃહિત છો? કે વિકલ્પે જૂઓના સ્થાન દાતા છો?



सत्तट्ठ पयाइं० પ્રત્યત્ન વિશેષાર્થે ઉંટની જેમ પ્રહાર કરવા, सीउसिणं तेयलेस्सं - પોતે કરેલી ઉષ્ણ તેજોલેશ્યા. से गयमेयं भगवंगयगयमेयं - હે ભગવન્ ! મેં તે જાણ્યું-સમજી લીધું કે ભગવન્ આપની કૃપાથી આ બળ્યો નથી. સંભ્રમાર્થે ગત શબ્દનું પુનઃ પુનઃ ઉચ્ચારણ છે અહીં ભગવંતે ગોશાળાનું સંરક્ષણ કર્યુ, તે સરાગત્વ અને સત્ત્વદયાથી છે, જે સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિઓનું ન કર્યુ તે વીતરાગત્વથી અને અનુપજીવકત્વ લબ્ધિ અથવા અવશ્યં ભાવિભાવત્વથી જાણવું.

संखित्तविउल तेयलेसे - સંક્ષિપ્ત અપ્રયોગકાળમાં અને વિપુલ-પ્રયોગકાળમાં તેજોલેશ્યા લબ્ધિ વિશેષ. सनहाए - નખ સહિત અર્થાત્ જે મુઠ્ઠી બંધ કરાતા આંગળીના નખ અંગુઠા નીચે રહે कुम्मासपिंडियाए - કુલ્માષ એટલે અડધા પક્વ મગ આદિ કે અડદ, वियडासएण - વિકટ એટલે જળ, તેનો આશય કે આશ્રય-સ્થાન. તેને વૃદ્ધો ચુલ્લુભર (કોળીયા જેટલું) કહે છે - x - x -

वणस्सइकाइयाओ पउट्टपरिहार - પરિવૃત્ત્ય એટલે મરી મરીને તે જ વનસ્પતિશરીરનો પરિભોગ, તેમાં જ ઉત્પાદ. खुड्डइ - તોડે છે, पउट्ट - પરિવર્તવાદ, - x - x - जहा सिवे - શિવરાજર્ષિ ચરિત્ર મુજબ. एवं वावि - પ્રજ્ઞાપકને જણાવતું ઉપચિહ્ન.

**● સૂત્ર-૬૪૫ થી ૬૪૭ :-**

*[૬૪૫] તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના શિષ્ય, આનંદ નામે સ્થવિર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, નિરંતર છઠ્ઠ-છઠ્ઠના તપોકર્મ વડે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા. ત્યારે તે આનંદ સ્થવિર છઠ્ઠ તપના પારણે પ્રથમ પોરિસિમાં જેમ ગૌતમસ્વામીમાં કહેલું તેમ પૂછે છે, તે રીતે યાવત્ ઉચ્ચ-નીચ-મધ્યમ યાવત્ (ગૃહોમાં) ભ્રમણ કરતાં હાલાહલા કુંભારણની કુંભારાપણની નજીકથી પસાર થયા.*

*ત્યારે તે ગોશાલક મંખલિપુત્રે આનંદસ્થવિરને હાલાહલા કુંભારણની કુંભારાપણની નીકટથી પસાર થતાં જોયા. જોઈને આમ કહ્યું — હે આનંદ ! અહીં આવ. એક મોટું દૃષ્ટાંત સાંભળ.*

*ત્યારે તે આનંદ સ્થવિર ગોશાળાએ આમ કહ્યું ત્યારે હાલાહલા કુંભારણની કુંભારાપણમાં જ્યાં ગોશાળો હતો ત્યાં આવ્યા. ત્યારે તે ગોશાલકે આનંદ સ્થવિરને કહ્યું — હે આનંદ ! એ પ્રમાણે આજથી ઘણાં વર્ષો પૂર્વે કેટલાંક ઉચ્ચ-નીચ વણિકો અર્થીઅર્થી, અર્થલુબ્ધ, અર્થગવેષી, અર્થકાંક્ષિત, અર્થપિપાસુ, અર્થની ગવેષણાર્થે વિવિધ વિપુલ કરિયાણાના વાસણાદિના ગાડા-ગાડી ભરીને અને ઘણું જ ભોજન-પાનનું પાથેય લઈને એક મહાન્ અગામિક, અનૌધિક, છિન્નાપાત, લાંબા માર્ગવાળી અટવીમાં પ્રવેશ્યા.*

*ત્યારે તે વણિકોએ, તે અકામિત, અનૌધિક, છિન્નાપાત દીર્ઘ માર્ગવાળી અટવીના કોઈ દેશમાં પહોંચીને તે પૂર્વગૃહિત પાણી અનુક્રમે પીતા-પીતા તે પાણી પુરુ થઈ ગયું. ત્યારે તે વણિકો, પાણી ખલાસ થઈ જવાથી તૃષાથી પરાભૂત થઈને પરસ્પર બોલાવીને, એકબીજાને કહ્યું — હે દેવાનુપ્રિયો! આ પ્રમાણે આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં કોઈ દેશ ભાગમાં પહોંચતા જ તે પૂર્વગૃહિત ઉદક*

અનુક્રમે પીવાતા-પીવાતા ખલાસ થઈ ગયેલ છે. તો હે દેવાનુપ્રિયો! આપણા માટે એ શ્રેયસ્કર છે કે આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ પાણીની માર્ગણા-ગવેષણા કરીએ. એમ વિચારી પરસ્પર પાસે આ કથનનો સ્વીકાર કર્યો.

ત્યારપછી તે અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ પાણીની માર્ગણા ગવેષણા કરે છે. ચોતરફ પાણીની માર્ગણા ગવેષણા કરતાં એક મોટા વનખંડમાં પહોંચ્યા, જે કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ પ્રસન્નતાદાયક અને પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતું. તે વનખંડના બહુ મધ્ય દેશભાગમાં એક મોટો રાફડો જોયો. તે રાફડાના ચાર ઉંચે ઉઠેલા, સિંહની કેશરા સમાન ચાર શરીર હતા. તીર્છા ફેલાયેલા હતા. નીચે અર્દ્ધસર્પાકારે, અર્ધસર્પ સંસ્થાન સંસ્થિત પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ હતા.

ત્યારે તે વણિકો હર્ષિત, સંતુષ્ટ૦ થઈને એકબીજાને બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં ચોતરફ માર્ગણા-ગવેષણા કરતાં આ વનખંડ જોયું જે કૃષ્ણ યાવત્ કૃષ્ણાવભાસ છે, આ વનખંડના બહુમધ્યદેશ ભાગમાં આ રાફડો જોયો, આ રાફડાના અતિ ઉંચા યાવત્ પ્રતિરૂપ ચાર શરીરાકાર છે. તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે આ રાફડાના પહેલાં શિખરને ભેદીએ. અહીં ઘણું ઉદાર શ્રેષ્ઠ પાણી મળશે. ત્યારે તે વણિકોએ પરસ્પર પાસે આ કથન સ્વીકાર્યું, પછી તે રાફડાનું પહેલું શિખર ભેદ્યુ. તેઓએ ત્યાં સ્વચ્છ, પથ્ય, ઉત્તમ, હલકું, સ્ફટિકવર્ણી ઉદાર શ્રેષ્ઠ જળને જોયું. ત્યારે તે વણિકો હૃષ્ટ-તુષ્ટ૦ થઈને તે પાણી પીધું, પોતાના વાહનોને પાયું, વાસણો ભર્યા.

ફરી વખત તેઓએ એકબીજાને આમ કહ્યું — એ રીતે હે દેવાનુપ્રિયો ! આપણે આ રાફડાના પહેલાં શીખરને ભેદતા ઉદાર, શ્રેષ્ઠ જળ મેળવ્યું. હે દેવાનુપ્રિયો ! આપણે માટે શ્રેયસ્કર છે કે આ રાફડાના બીજા શિખરને પણ ભેદીએ. તેનાથી આપણને પર્યાપ્ત ઉત્તમ સુવર્ણરત્ન પ્રાપ્ત થશે. ત્યારે તે વણિકો એકબીજાની પાસે આ કથનને સાંભળીને, તે રાફડાનું બીજું શિખર ભેદ્યુ, તેઓએ ત્યાં સ્વચ્છ, જાત્ય, તપનીય, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, ઉદાર, શ્રેષ્ઠ સુવર્ણ પ્રાપ્ત કર્યુ. ત્યારે તે વણિકોએ હર્ષિત, સંતુષ્ટ થઈને ભાજનો, ભર્યા, ભરીને વાહનોને પણ ભરી લીધાં.

ત્રીજા વખત પણ એકબીજાને આમ કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ રાફડાનું પહેલું શિખર ભેદ્યુ અને ઉદાર શ્રેષ્ઠ જળ મળ્યું. બીજા શિખરને ભેદ્યુ અને ઉદાર શ્રેષ્ઠ સુવર્ણ મળ્યું. હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે આ રાફડાનું ત્રીજું શિખર પણ ભેદીએ. એમાંથી આપણને ઉદાર મણિરત્ન પ્રાપ્ત થશે. ત્યારે તે વણિકોએ એકબીજા પાસે આ કથનને સ્વીકાર્યું, સ્વીકારીને તે રાફડાનું ત્રીજું શિખર પણ ભેદ્યુ, તેમાંથી વિમલ, નિર્મલ, અતિ ગોળ, નિષ્કલ, મહાર્થ, મહાર્ઘ, મહાર્હ, ઉદાર, મણિરત્નો પ્રાપ્ત કર્યા. ત્યારે તે વણિકોએ હર્ષિત, સંતુષ્ટ થઈને વાસણો અને પ્રવહણ ભરી લીધાં.

ચોથી વખત એકબીજાને બોલાવીને કહ્યું — દેવાનુપ્રિયો ! આપણે આ



રીતે આ રાફડાનું પહેલું શિખર ભેદીને ઉદાર શ્રેષ્ઠ જળ મેળવ્યું, બીજા શિખરને ભેદીને ઉદાર સુવર્ણ રત્ન મેળવ્યું, ત્રીજું શિખર ભેદીને ઉદાર મણિરત્ન મેળવ્યું, આપણે શ્રેયસ્કર છે કે આ રાફડાનું ચોથું શિખર ભેદીને ઉત્તમ, મહાર્ઘ, મહાર્હ ઉદાર વજરત્ન મેળવશું.

ત્યારે તે વણિકોમાંનો એક વણિક, જે હિતકામી, સુખકામી, પથ્યકામી, અનુકંપક, નિઃશ્રેયસિક, હિતસુખનિઃશ્રેયસકામી હતો, તે વણિકે આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો! આપણે આ રાફડાના પહેલા શિખરને ભેદીને ઉદાર, શ્રેષ્ઠ જળ યાવત્ ત્રીજા શિખરને ભેદીને ઉદાર મણિરત્નો પ્રાપ્ત કર્યા. હવે બસ કરો. આપણે માટે આટલું પર્યાપ્ત છે, આ ચોથા શિખરને ન ભેદો, ચોથું શિખર આપણે ઉપસર્ગ કરનારું થશે. ત્યારે તે વણિકોએ તે હિતકામી, સુખકામી યાવત્ હિતસુખ નિઃશ્રેયસકામી વણિકને આમ કહેતા યાવત્ પ્રરૂપતા, તે અર્થની શ્રદ્ધા યાવત્ રુચિ ન કરી, આ કથનની અશ્રદ્ધા યાવત્ અરુચિ કરીને તે રાફડાનું ચોથું શિખર ભેદ્યુ.

તેમાંથી ત્યાં ઉગ્રવિષ, ચંડવિષ, ઘોરવિષ, મહાવિષ, અતિકાય, મહાકાય, મસિ અને મૂષા સમાન કાળો, વિષ-રોષ પૂર્ણ નયનવાળો, અંજનપુંજ સમાન કાંતિવાળો, લાલ આંખોવાળો, ચંચળ-ચાલતી-યમલયુગલ જીભવાળો, પૃથ્વીતલની વેણી સમાન, ઉત્કટ-સ્ફૂટ-કુટિલ-જટિલ-કર્કશ-વિકટ-ફટાટોપ કરવામાં દક્ષ, લુહારની ધમણ સમાન ધમધમતો - અનાકલિત્ત પ્રચંડ તીવ્ર રોષવાળો-સમુખી-ત્વરિત-ચપળ-ધમધમ કરતો દૃષ્ટિવિષ સર્પ સંઘટ્ટિત થયો. ત્યારે તે દૃષ્ટિવિષ સર્પ, તે વણિકોથી સંઘટ્ટન પામતા અતિ ક્રોધિત થયો યાવત્ મિસમિસાટ કરતો ધીમે ધીમે ઉઠ્યો, ઉઠીને સરસર કરતો રાફડાના શિખરતલે ચડ્યો, ચડીને સૂર્યને એકીટસે જોયો. જોઈને તે વણિકોને અનિમેષ દૃષ્ટિએ ચોતરફ જોયા. ત્યારે તે વણિકો, તે દૃષ્ટિવિષ સર્પ વડે અનિમેષ દૃષ્ટિએ ચોતરફથી સારી રીતે અવલોકાતા (જોવાતા) શીઘ્ર જ ભાંડ-માત્ર-ઉપકરણ સમેત એક જ પ્રહારથી કૂટાઘાત સમાન ભસ્મરાશિ થઈ ગયા.

તેમાં જે વણિક તે વણિકોનો હિતકામક યાવત્ હિત-સુખ-નિઃશ્રેયસકામક હતો, તેની અનુકંપાથી દેવતાએ ભાંડ-માત્ર-ઉપકરણ સહિત તેને તેના પોતાના નગરમાં પહોંચાડી દીધો.

એ પ્રમાણે હે આનંદ ! તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ, જ્ઞાતપુત્ર, ઉદારપર્યાય પ્રાપ્ત કરેલ છે. ઉદાર કીર્તિ, વર્ણ, શબ્દ, શ્લોકને દેવ-મનુષ્ય-અસુર સહિતના લોકમાં પુરાય છે, ગુંજે છે, સત્વાય છે કે “આ પ્રમાણે શ્રમણ ભગવંત મહાવીર છે.” પણ જો મારા વિષયમાં આજ પછી કંઈપણ કહેશે, તો જેમ તે રાફડાના સર્પે પોતાના તપ, તેજથી એક જ પ્રહારમાં-કૂટાઘાતથી તે વણિકોને બાળીને રાખ કરી દીધા, તેમ હું પણ તેમને બાળીને રાખ કરી દઈશ, પરંતુ હે આનંદ ! જેમ તે વણિક, તે વણિકોનો હિતકામક યાવત્ નિઃશ્રેયસકામક હતો, તેને અનુકંપાથી દેવતાએ ભાંડ-માત્ર-ઉપકરણ સહિત યાવત્ નગરમાં પહોંચાડ્યો. તેમ હું પણ તારું સંરક્ષણ અને સંગોપન કરીશ. તેથી હે આનંદ ! તું જા અને

*તારા ધર્માચાર્ય અને ધર્મોપદેશક શ્રમણ જ્ઞાતપુત્રને આ વાત કર.*

*ત્યારે તે આનંદ સ્થવિર ગોશાલક પાસે આ વાત સાંભળીને ભયભીત થયો યાવત્ સંજાતભય, ગોશાળા પાસેથી હાલાહલ કુંભારણની કુંભકારાપણથી નીકળ્યો, નીકળીને શીઘ્ર, ત્વરિત શ્રાવસ્તી નગરીની મધ્યેથી નીકળ્યો, નીકળીને જ્યાં કોષ્ઠક ચૈત્ય હતું, જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણપ્રદક્ષિણા કરી, કરીને વંદન-નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું — હે ભગવન્ ! એ પ્રમાણે છટ્ઠ તપના પારણે આપની અનુજ્ઞા પામીને શ્રાવસ્તી નગરીના ઉચ્ચ-નીચ યાવત્ ભ્રમણ કરતાં હાલાહલા કુંભારણ યાવત્ પસાર થતો હતો ત્યારે ગોશાલકે મને હાલાહલા સમીપે યાવત્ જોયો, જોઈને કહ્યું કે — હે આણંદ ! અહીં આવ. એક મોટું દૃષ્ટાંત સાંભળ. ત્યારે હું ગોશાળાએ બોલાવતા હાલાહલા કુંભારણની કુંભારાપણમાં ગોશાળા પાસે ગયો. ત્યારે તે ગોશાળાએ મને આમ કહ્યું — હે આણંદ ! ઘણાં કાળ પૂર્વે કેટલાંક ઉચ્ચનીચ વણિકો હતા. ઈત્યાદિ પૂર્વવત્ બધું કહેવું.*

*[૬૪૬] હે ભગવન્ ! તો શું ગોશાલક પોતાના તપતેજથી એક પ્રહારમાં કૂટાઘાત સમાન ભસ્મરાશિ કરવા સમર્થ છે ? ભગવન્ ! ગોશાળાનો આ વિષયમાત્ર છે કે તે આવું કરવાને સમર્થ પણ છે ?*

*હે આનંદ ! ગોશાળો યાવત્ તેમ કરવા સમર્થ છે. - x - x - પણ અરહંત ભગવંતને તેમ ન કરી શકે. પરંતુ તેમને ઉપતાપ કરી શકે. હે આનંદ ! ગોશાળાનું જેટલું તપ-તેજ છે, તેથી અનંતગુણ વિશિષ્ઠતર તપ-તેજ અનગાર ભગવંતોનું છે, પણ અણગાર ભગવંતો ક્ષાંતિક્ષમ હોય છે. હે આનંદ ! જેટલું અણગાર ભગવંતનું તપ તેજ છે, તેથી અનંતગુણ વિશિષ્ટતર તપ-તેજ સ્થવિર ભગવંતોનું છે, પણ સ્થવિરો ક્ષાંતિક્ષમ હોય છે. હે આણંદ સ્થવિરોનું જે તપ-તેજ છે, તેથી અનંત ગુણ વિશિષ્ટતર તપ-તેજ અરહંત ભગવંતોનું છે, પરંતુ અરહંતોનું તપ-તેજ છે. કેમકે તેઓ ક્ષાંતિક્ષમ છે. હે આનંદ ! તેથી ગોશાળો પોતાના તપ-તેજ દ્વારા યાવત્ ભસ્મ કરવામાં સમર્થ છે. હે આનંદ ! આ તેનો વિષય છે, અને તેમ કરવાને સમર્થ પણ છે. પણ અરિહંત ભગવંતને નહીં, હા, તેમને પરિતાપિત તો કરી શકે છે.*

*[૬૪૭] હે આનંદ ! તું જા, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થોને આ વાત કહે કે — હે આર્યો ! તમારાથી કોઈએ ગોશાલક મંખલિપુત્રને ધાર્મિક પ્રતિપ્રેરણાથી પ્રતિપ્રેરણા ન કરવી. ધાર્મિક પ્રતિસારણાથી પ્રતિસારણા ન કરવી, ધાર્મિક પ્રત્યુપચારથી પ્રત્યુપચાર ન કરે. કેમકે ગોશાલકે શ્રમણ નિર્ગ્રન્થો પ્રતિ વિશેષ મિથ્યાત્વભાવ ધારણ કરેલ છે.*

*ત્યારે તે આનંદ સ્થવિર, શ્રમણ ભગવંત મહાવીરને આમ કહેતા સાંભળીને ભગવંતને વંદન-નમસ્કાર કરી, ગૌતમાદિ શ્રમણ નિર્ગ્રન્થો પાસે આવ્યા, આવીને તેઓને આમંત્ર્યા, આમંત્રીને કહ્યું કે — હે આર્યો! છટ્ઠના પારણે ભગવંતની અનુજ્ઞા પામીને શ્રાવસ્તીનગરીના ઉચ્ચ-નીચ આદિ બધું પૂર્વવત્ કહેવું યાવત્*



***જ્ઞાતપુત્રે આ કથન કરેલ છે, તમારામાંથી કોઈએ હે યાવત્ તે મિથ્યાત્વી થયો છે.***

**● વિવેચન-૬૪૫ થી ૬૪૭ :-**

उवमिय - વિશિષ્ટ દૃષ્ટાંત, चिरातीताए - દીર્ઘ અતીત કાળમાં, उच्चावय - ઉત્તમ, અનુત્તમ. अत्थत्थि - દ્રવ્ય પ્રયોજન. अत्थलुद्ध - દ્રવ્ય લાલસા, તેથી જ અર્થની ગવેષણા કરતા, પ્રાપ્ત થવા છતાં ધનની ઈચ્છા નષ્ટ ન થઈ હોય, અપ્રાપ્ત અર્થ-વિષયમાં સંજાત તૃષ્ણા. पणियभंड - વ્યવહારને અર્થે ભાંડ કે કરિયાણારૂપ ભાંડ, પણ ભાજન નહીં તે. सगडीसागड - ગાડી-ગાડાંનો સમૂહ. भत्त पाणपत्थयणं - ભક્ત, પાન રૂપ જે ભાથું કે પાથેય. अगामिय - અગ્રામિક કે અકામિક - અભિલાષ ન કરવાના વિષયરૂપ. अणोहिय - અવિદ્યમાન અગાધ જળપ્રવાહ. छिन्नावाय - આવાગમન રહિત, दीहमद्ध - લાંબો માર્ગ કે કાળવાળી.

કૃષ્ણ, કૃષ્ણાવભાસ. અહીં યાવત્ કરણથી નીલ-નીલાવભાસ, હરિત-હરિતાવભાસ આદિ. वम्मीय - વલ્મીક, રાફડો. वप्पुओ - શરીર, શિખર. अब्भुग्गयाओ - અભ્યુદ્ગત, ઉચ્ચ. अभिनिसढा - અભિવિધિથી નિર્ગત સટ-તેના અવયવરૂપ, સિંહની કેશરાવત્. અહીં તેનું ઉર્ધ્વગત સ્વરૂપ કહ્યું. હવે તીછું કહે છે — સુસંવૃત્ત, અતિ વિસ્તીર્ણ નહીં. અધો - અર્દ્ધ સર્પરૂપ. જેવું સાપનું પેટ છેદીને પુચ્છથી ઉર્ધ્વીકૃત એવું. - x - x - ओरालं उदगरयणं० આદિ-આવી ભૂમિ ગર્તામાં ઉદક હોય છે. રાફડામાં ગર્તા અવશ્ય હોય, શિખર ભેદતા ગર્તા પ્રગટ થશે. તેમાં પાણી હશે. अच्छ - નિર્મળ, पत्थ - રોગોપશમ હેતુ, जच्च - સંસ્કાર રહિત. - x - જેની સ્ફટિક વર્ણ આભા છે, તેવું તેથી જ પ્રધાન અને ઉત્કૃષ્ટત્વથી ઉદકરત્ન જેવું. - બળદો આદિ. - x -

अच्छ - નિર્મળ, जच्च - અકૃત્રિમ, તપનીય, મહાપ્રયોજન, મહામૂલ્ય, મહતાને યોગ્ય, આવનારા મળથી રહિત, સ્વાભાવિક મળ રહિત, અત્યંત ગોળ, ત્રાસાદિરત્ન દોષરહિત, વજ્ર નામે રત્ન.

हित - અપાય અભાવ, सुख - આનંદરૂપ, पत्थ - આનંદનું કારણ, आणुकंपिए - અનુકંપાથી વિચરનાર, निस्सेयसिए - જે મોક્ષને ઈચ્છે છે, આ બધાંને સાથે ગુણરૂપ કહેવા હિતાદિ૦ કહ્યું.

હવે બહું થયું, અલં શબ્દ પર્યાપ્ત અર્થમાં છે, આત્યંતિક પ્રતિષેધ બતાવવા આ શબ્દ છે. - x - (તે સર્પ કેવો છે ?) દુર્જર વિષવાળો, જોતાની સાથે મનુષ્યકાયા બળવા લાગે તેવું વિષ, પરંપરાએ હજાર પુરુષને હણવામાં સમર્થ વિષ, જંબૂદ્વીપ પ્રમાણ દેહમાં વ્યાપવા સમર્થ વિષ - - અતિકાયોમાં પણ અતિકાય-મહાકાય. કાજળ અને સોનાને તપાવવાના વાસણ વિશેષની જેમ કાળો. દૃષ્ટિવિષ અને રોષથી પૂર્ણ, અંજન પુંજના સમૂહ જેવી દીપ્તિવાળો, - x - લાલ આંખોવાળો, અતિ ચપળ, લપલપાય થતી બે જીભવાળો. ધરણિતલની વેણી-કેશબંધ વિશેષ માફક કેમકે કાળો-લાંબો-શ્લક્ષ્ણાદિ સાધર્મ્ય છે બીજા વડે અધ્વંસનીય હોવાથી ઉત્કટ, વ્યક્ત, સ્વરૂપથી વક્ર, જટિલ, - x - બળવાનપણાથી નિષ્ઠુર, વીસ્તીર્ણ, ફણાનો આરંભ કરવામાં દક્ષ. લોઢાની જેમ ધમાતો - અગ્નિ વડે તપાવાયેલ, ધમધમતો - x - અનિવારિત કે અનાકલિત અપ્રમેય ચંડ તીવ્ર રોષવાળો - x - કૂતરાની જેમ ભસતો હોય તેવો, અતિ ચપળ

- x - તે સર્પ હતો.

સર્પની ગતિ દર્શાવતા કહે છે — સરસર સરકતો, તે સૂર્યને જુએ છે, જેથી દૃષ્ટિરૂપ વિષ તીક્ષ્ણ બને. - x - એક જ પ્રહારમાં જેમાં ભસ્મીકરણ કરી શકે તેવો, પાષાણમય મારણ મહાયંત્રની જેમ હણતો. - x - પર્યાય એટલે અવસ્થા. કીર્તિ-સર્વ દિશાવ્યાપી સાધુવાદ, વર્ણ-એક દિશા વ્યાપી, શબ્દ-અર્ધ દિશાવ્યાપી, શ્લોક-પ્રશંસા. - x - પુવ્વંતિ - જતાં, ગુવંતિ - વ્યાકુલ થાય, થુવંતિ - અભિનંદે છે. - x - x - તવેણં તેએણં - તપોજન્ય તેજ, તે તેજોલેશ્યા વડે. - દાહના ભયથી રક્ષણ કરીશ, ક્ષેમ સ્થાન પ્રાપ્તિ વડે સંગોપીશ.

● સૂત્ર-૬૪૮ :-

જ્યારે આનંદ સ્થવિર ગૌતમાદિ શ્રમણનિર્ગ્રન્થને આ વાત કહેતા હતા, તેટલામાં તે ગોશાલક મંખલિપુત્ર હાલાહલા કુંભારણની કુંભકારાપણથી નીકળીને, આજીવિક સંઘથી પરિવરીને મહા રોષને ધારણ કરેલો શીઘ્ર, ત્વરિત યાવત્ શ્રાવસ્તીનગરીની મધ્યેથી નીકળ્યો. નીકળીને કોષ્ઠક ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવ્યો, આવીને ભગવંતની સમીપ ઉભો રહ્યો, ભગવંતને આમ કહ્યું —

હે આયુષ્યમાન્ કાશ્યપ ! મારે માટે સારું કહો છો ! - x - મારે વિશે કહો છો કે ગોશાલક મારો ધર્મશિષ્ય છે - x - જે મંખલિપુત્ર તમારો ધર્મશિષ્ય હતો તે શુક્લ, શુક્લાભિજાત્ય થઈને કાળમાસે કાળ કરી કોઈ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો છે. હું ઉદાયી નામે કૌંડિન્યાયન ગોત્રીય છું, મેં ગૌતમપુત્ર અર્જુનના શરીરનો ત્યાગ કર્યો. કરીને ગોશાલક મંખલિપુત્રના શરીરમાં પ્રવેશ કર્યો છે. મેં આ સાતમો પ્રવૃત્ત પરિહાર કરેલ છે.

હે આયુષ્યમન્ કાશ્યપ ! અમારા સિદ્ધાંત મુજબ જે કોઈ સિદ્ધ થયા છે, થાય છે કે થશે તે બધાં ૮૪ લાખ મહાકલ્પ, સાત દિવ્ય, સાત સંયૂથ, સાત સંનિગર્ભ, સાત પ્રવૃત્ત પરિહાર અને ૫૬૦૬૦૩ કર્મોને ભેદીને અનુક્રમે ક્ષય કરીને પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત-પરિનિવૃત્ત થઈને બધાં દુઃખોનો અંત કર્યો છે - કરે છે અને કરશે.

જેમ ગંગા મહાનદી જ્યાંથી નીકળી છે અને જ્યાં સમાપ્ત થાય છે, તેનો માર્ગ ૫૦૦ યોજન લાંબો અને અડધો યોજન પહોળો છે, ઉંડાઈ ૫૦૦ ધનુષ્ છે. આ ગંગાના પ્રમાણવાળી સાત ગંગા મળીને એક મહાગંગા થાય છે. સાત મહાગંગા મળીને એક સાદીનગંગા છે. સાત સાદીનગંગા મળીને એક મૃતગંગા થાય છે, સાત મૃતગંગાની એક લોહિતગંગા, સાત લોહિતગંગા મળીને એક અવંતીગંગા, સાત અવંતીગંગા મળીને એક પરમાવતી, એ પ્રમાણે સપૂર્વાપર મળીને ૧૧૭૬૪૯ ગંગા થાય છે. - x -

તેનો બે પ્રકારે ઉદ્ધાર કહ્યો છે — સૂક્ષ્મ અને બાદર બોંદિ કલેવર. તેમાં સૂક્ષ્મ બોંદિ કલેવર ઉદ્ધાર સ્થાપ્ય છે. તેમાં બાદર બોંદિ કલેવર ઉદ્ધારમાં, સો-સો વર્ષે એક એક ગંગા વાલુકણ કાઢવામાં જેટલો કાળમાં તે કોઠા ક્ષીણ, નીરજ, નિર્લેપ, નિષ્ઠિત થાય છે, તે એક સરપ્રમાણ છે, આ સરપ્રમાણથી ત્રણ લાખ શર પ્રમાણ કાળથી એક





મહાકલ્પ થાય, ૮૪ લાખ મહાકલ્પોનો એક મહામાનસ થાય છે.

અનંત સંયૂથથી જીવ ચ્યવીને સંયૂથ દેવભવમાં ઉપરના માનસમાં સંયૂથ દેવ ઉત્પન્ન થાય છે. તે ત્યાં દિવ્ય ભોગોપભોગને ભોગવતો વિચરે છે, વિચરીને તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિનો ક્ષય થતાં અનંતર ચ્યવીને પ્રથમ સંજ્ઞીગર્ભમાં જીવરૂપે ઉપજે છે.

ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મધ્યમ માનસ સંયૂથ દેવમાં ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગોપભોગને યાવત્ વિચરીને. તે દેવલોકથી આયુ આદિ ક્ષય થતાં યાવત્ ચ્યવીને બીજા સંજ્ઞી ગર્ભમાં ઉપજે છે.

તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને હેઠ્ઠિલ્લ માણસ સંયૂથ દેવપણે ઉપજે છે, તે ત્યાં દિવ્યભોગ ભોગવી યાવત્ ચ્યવીને ત્રીજા સંજ્ઞીગર્ભમાં જીવરૂપે ઉત્પન્ન થાય છે.

તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને ઉપરના માનુષોત્તરમાં સંયૂથ દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને ચોથા સંજ્ઞી ગર્ભ જીવમાં ઉત્પન્ન થાય છે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મધ્યમ માનુષોત્તરમાં સંયૂથદેવરૂપે ઉપજે છે, તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને પાંચમાં સંજ્ઞીગર્ભમાં જીવ રૂપે જન્મે છે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને હેઠ્ઠિલ્લ માનુષોત્તરમાં સંયૂથ દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને છઠ્ઠા સંજ્ઞીગર્ભ જીવમાં જન્મે છે.

તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને બ્રહ્મલોક નામે કલ્પે દેવરૂપે ઉપજે છે. તે કલ્પ પૂર્વ-પશ્ચિમ લાંબો, ઉત્તર-દક્ષિણ વિસ્તીર્ણ છે. જેમ સ્થાન પદમાં યાવત્ પાંચ અવતંસક કહ્યા છે. તે આ-અશોકાવતંસક યાવત્ પ્રતિરૂપ છે. તે ત્યાં દેવરૂપે ઉપજે છે. તે ત્યાં દશ સાગરોપમ દિવ્ય ભોગ યાવત્ ચ્યવીને સાતમાં સંજ્ઞીગર્ભજીવ રૂપે ઉત્પન્ન થાય છે. તે ત્યાં નવ માસ બહુપ્રતિપૂર્ણ અને સાત રાતદિવસ યાવત્ વીત્યા પછી સુકુમાલ, ભદ્રલક, મૃદુ, કુંડલ કુંચિત કેશવાળા, મૃષ્ટ ગંડસ્થલકર્ણ પીઠક, દેવકુમાર સમ બાળકને જન્મ આપ્યો.

હે કાશ્યપ ! તે બાળક હું છું, તે પછી મેં, હે આયુષ્યમાન્ કાશ્યપ ! કુમારાવસ્થામાં લીધેલ પ્રવ્રજ્યાથી, કુમારાવસ્થામાં બ્રહ્મચર્યવાસથી અવિદ્ધકર્ણ હતો, મને પ્રવ્રજ્યા લેવાની બુદ્ધિ પ્રાપ્ત થઈ. પછી મેં સાત પરિવૃત્ત પરિહારમાં સંચાર કર્યો. જે આ છે — એણેયક, મલ્લરામક, મલ્લમંડિક, રોહ, ભારદ્વાજ, ગૌતમપુત્રઅર્જુન અને ગોશાલક.

તેમાં જે પહેલો પ્રવૃત્ત પરિહાર, તે રાજગૃહ નગરની બહાર મંડિક કુક્ષિ ચૈત્યમાં કૌંડિયાયણ ગોત્રીય ઉદાયીના શરીરનો ત્યાગ કરીને એણેયકના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૨૨ વર્ષે પહેલો પરિહાર કર્યો.

તેમાં જે બીજો પ્રવૃત્ત પરિહાર, તે ઉદ્દંડપુરનગરની બહાર ચંદ્રાવતરણ ચૈત્યમાં એણેયકનું શરીર છોડીને મલ્લરામના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૨૧ વર્ષ રહી બીજો પ્રવૃત્ત પરિહાર કર્યો.

તેમાં જે ત્રીજો પ્રવૃત્ત પરિહાર, તે ચંપાનગરી બહાર અંગમંદિર ચૈત્યમાં મલ્લરામનું શરીર છોડીને મંડિતના શરીરમાં પ્રવેશ કર્યો. મલ્લમંડિતના શરીરમાં

*૨૦ વર્ષ રહી, ત્રીજો પ્રવૃત્ત પરિહાર કર્યો.*

*તેમાં જે ચોથો પ્રવૃત્ત પરિહાર, તે વારાણસીનગરી બહાર કામ મહાવન ચૈત્યમાં મંડિતનું શરીર છોડીને રોહના શરીરમાં પ્રવેશ કર્યો. રોહમાં ૧૯ વર્ષ રહી, ચોથો પ્રવૃત્ત પરિહાર કર્યો.*

*તેમાં જે પાંચમો પ્રવૃત્ત પરિહાર, તે આલભિકાનગરી બહાર પ્રાપ્ત કાલક ચૈત્યમાં રોહનું શરીર છોડીને ભારદ્વાજના શરીરમાં પ્રવેશ કર્યો. ભારદ્વાજના શરીરમાં ૧૮ વર્ષ રહી, પાંચમો પ્રવૃત્ત પરિહાર કર્યો.*

*તેમાં જે છટ્ઠો પ્રવૃત્ત પરિહાર, તે વૈશાલી નગરીની બહાર કોંડિયાયન ચૈત્યમાં ભારદ્વાજનું શરીર છોડીને ગૌતમપુત્ર અર્જુનના શરીરમાં પ્રવેશ કર્યો. તેમાં ૧૭ વર્ષ રહી, છટ્ઠો પ્રવૃત્ત પરિહાર પરિહર્યો.*

*તેમાં જે સાતમો પ્રવૃત્ત પરિહાર, તે અહીં જ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની કુંભકારાપણમાં ગૌતમપુત્ર અર્જુનના શરીરને છોડીને ગોશાલક મંખલિપુત્રના શરીરને પર્યાપ્ત, સ્થિર, ધ્રુવ, ધારણીય, શીત, સહ, ઉષ્ણસહ, વિવિધ દંશમશક પરિષહોપસર્ગસહ, સ્થિર સંઘયણ જાણીને તેમાં પ્રવેશ કર્યો. તેમાં ૧૬ વર્ષથી આ સાતમો પ્રવૃત્ત પરિહાર છે.*

*આ પ્રમાણે હે આયુષ્યમાન્ કાશ્યપ ! આ ૧૩૩ વર્ષોમાં મારા આ સાત પ્રવૃત્ત પરિહાર થયા છે, એમ મેં કહેલ. તે હે આયુષ્યમાન્ કાશ્યપ ! તમે ઠીક કહો છો કે મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મશિષ્ય છે. એ તમે ઠીક જ કહ્યું છે કે મંખલિપુત્ર ગોશાલક મારો ધર્મ શિષ્ય છે.*

**● વિવેચન-૬૪૮ :-**

पभु - ગોશાળો ભસ્મરાશી કરવા સમર્થ છે ? તે એક પ્રશ્ન છે. સામર્થ્ય બીજી રીતે - વિષયમાત્ર અપેક્ષાએ તેમ હોવું. - x - x - पारितावणिय - પારિતાપનિકી ક્રિયા કરવા. अणगार - સામાન્ય સાધુ, खंतिक्खम - ક્ષાંતિ વડે, ક્રોધ નિગ્રહથી ખમવું. थेर - વય, શ્રુત, પર્યાય સ્થવિર. पडिचोयणा - તેના મતથી પ્રતિકૂળ કર્તવ્ય પ્રોત્સાહન. पडिसाहरणा - તેના મતને પ્રતિકૂળ વિસ્મૃત અર્થને યાદ કરાવવો. - x - पडोयार - પ્રત્યુપચાર કે પ્રત્યુપકાર. - x - मिच्छं - મિથ્યાત્વ કે મ્લેચ્છત્વ, અનાર્યત્વ सुट्ठु - ઉપાલંભ વચન, आउसो - આયુષ્યમાન્, ચિરપ્રશસ્તજીવિત. कासव - કાશ્યપગોત્રીય. पउट्टपरिहार - શરીરાંતર પ્રવેશ.

ગોશાળાના સિદ્ધાંતના અર્થ વૃદ્ધોએ કહેલ નથી, પરંતુ ચૂર્ણિકાર કહે છે — તે સંદિગ્ધ છે, તેથી સિદ્ધાંતથી લખી શકાય નહીં. તો પણ શબ્દાનુસાર કંઈક કહીએ છીએ — ૮૪ લાખ મહાકલ્પ, તેમાં कल्प - કાળ વિશેષ, તે લોકપ્રસિદ્ધ પણ હોય, તેના વિચ્છેદ માટે મહાકલ્પ કહ્યું તેનું સ્વરૂપ આ રીતે — સાત દેવભવ, સાત સંયૂથ-નિકાય વિશેષ, સાત મનુષ્યગર્ભમાં વાસ, તેમના મતે મોક્ષગામીના સાત સાંતર થાય છે, આવું તે સ્વયં જ કહે છે. સાત શરીરાંતર પ્રવેશ. આ સાતમા સંજ્ઞીગર્ભ પછી ક્રમથી જાણવા. કર્મવિષયમાં પાંચ લાખ, ત્રણ કર્મ ભેદો, ખપાવીને. તે મહાકલ્પનું પ્રમાણ કહે છે - x - તેમાં જઈને સમસ્તપણે સમાપ્ત થાય.



આ ગંગાનો માર્ગ. ગંગાનો માર્ગ અભેદ ગંગા પ્રમાણથી કહ્યો. ગંગાદિ વડે જે મહાગંગાદિ કહ્યા તે સપૂર્વાપર જાણવું. તે ગંગાદિના ગંગામાં રહેલ વાલુકાકણાદિના બે ઉદ્ધાર કહ્યા. અસંખ્યાત ખંડીકૃત્ વાલુકા કણરૂપ ઉદ્ધાર તે સૂક્ષ્મબોંદિ કલેવર. બાદર આકાર વાલુકાકણરૂપ તે બાદર બોંદિકલેવર, તેમાં આ બીજા ભેદની વ્યાખ્યા કરી છે.

अवहाय - છોડીને, कोट्ठ - ગંગા સમુદાયરૂપ, खीण - ક્ષીણ, તે અવશેષના સદ્‌ભાવમાં કહેવાયા છે. नीरए - તે ભૂમિગત રજના અભાવે પણ કહેવાય. તેથી કહે છે — निर्लेप. ભૂમિના ભેદનથી સંશ્લિષ્ટ રેતીના અભાવે, निष्ठित - નિરવયવી કરાયેલ. - - તેટલો કાળખંડ 'સર' સંજ્ઞા થાય છે. 'સર' એ જ ઉક્ત લક્ષણ પ્રમાણ છે. - x - એ રીતે ૮૪ લાખ મહાકલ્પ પ્રરૂપ્યો.

હવે સાત દિવ્યાદિની પ્રરૂપણા - અનંતજીવ સમુદાયરૂપ નિકાય તે અનંત સંયૂથ. चयं० ચ્યવન કરીને અથવા દેહને ત્યજીને. उवरिल्ल - ઉપરિતન, મધ્યમ, અધસ્તન માનસનો સદ્‌ભાવ છે, તેથી બીજાનો છેદ કરવા 'ઉપરિતન' કહ્યું - x - संजूह - નિકાય વિશેષ દેવમાં, પહેલો દિવ્યભવ સંજ્ઞી ગર્ભ સંખ્યા સૂત્રોક્ત જ છે. - x - x -

मानसोत्तर - મહામાનસમાં પૂર્વોક્ત મહાકલ્પથી માપેલ આયુષ્ય, જે પૂર્વે કહ્યું — ૮૪ લાખ મહાકલ્પ ખપાવીને, તેને પહેલો મહામાનસની અપેક્ષાએ કહેવું. અન્યથા ત્રીજી મહામાનસનાં તે ઘણાં થઈ જશે. આમાં ઉપરિમ આદિ ભેદથી ત્રણમાં, માનુષોત્તર ત્રણમાં સંયૂથ ત્રણ દેવભવ, સાતમો દેવ ભવ બ્રહ્મલોકમાં. તે સંયૂથ દેવ હોતો નથી.

पाईणपडीणायए - આ લંબાઈ, પહોડાઈ સ્થાપના માત્રથી જાણવી, તે પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાન સંસ્થિત હોય છે. जहा ठाणपदे પ્રજ્ઞાપના સૂત્રનું બીજું પદ, તેમાં કહ્યા મુજબ બ્રહ્મલોકનું સ્વરૂપ કહેવું. असोगवडेंसए० યાવત્ શબ્દથી સપ્તવર્ણ, ચંપક, ચૂત - અવતંસક મધ્યે બ્રહ્મલોકાવતંસક છે ઈત્યાદિ - x - x - कोमारियाए पवज्जाए કુમાર માફક કૌમારી, તે પ્રવ્રજ્યાના વિષયભૂત. अविद्धकन्नए - અવ્યુત્પન્ન મતિ. - x - अलं थिरं - અત્યંત સ્થિર, કેમકે વિવક્ષિત કાળ સુધી તે અવશ્ય રહે છે. ध्रुवं - તેના ગુણોના ધ્રુવત્વથી તેથી જ ધારણીય - x - x - .

**● સૂત્ર-૬૪૯ થી ૬૫૪ :-**

*[૬૪૯] ત્યારે શ્રમણ ભગવન્ મહાવીરે ગોશાલક મંખલિપુત્રને આ પ્રમાણે કહ્યું — હે ગોશાળા ! જેમ કોઈ ચોર હોય, ગ્રામવાસીથી પરાભવ પામતો હોય, તે કોઈ ખાડા, દરિ, દુર્ગ, નિમ્નસ્થાન, પર્વત કે વિષયને પ્રાપ્ત ન કરી શકવાથી, પોતાને એક મોટા ઉનના રોમથી, શણના રોમથી કપાસના પક્ષ્મથી કે તણખલાં વડે પોતાને આવૃત્ત કરીને રહે અને ન ઢંકાયેલને પણ સ્વયં ઢંકાયેલ માને, અપ્રચ્છન્ન છતાં પોતાને પ્રચ્છન્ન માને, અલુપ્ત છતાં પોતાને લુપ્તમાને, અપલાયિત છતાં પોતાને પલાયિત માને, એ પ્રમાણે હે ગોશાલક ! તું બીજો ન હોવા છતાં તને 'બીજો છો' તેમ બતાવે છે. તેથી હે ગોશાળા ! તું આવું ન કર, આમ કરવું તારે ઉચિત નથી, તું તે જ છે, તારી તે જ છાયા છે, તું બીજો કોઈ નથી.*

*[૬૫૦] ત્યારે તે ગોશાલક મંખલિપુત્ર શ્રમણ ભગવંત મહાવીરને આમ કહેતા સાંભળીને ક્રોધિત આદિ થયો, ભગવંતને ઉટપટાંગ આક્રોશવચનથી*

આક્રોશવા લાગ્યો, ઉદ્‌ઘર્ષણા વચનોથી અપમાન કરવા લાગ્યો, સારા-ખરાબ શબ્દોથી નિર્ભર્ત્સના કરવા લાગ્યો. વિવિધ દુર્વચનોથી તિરસ્કાર કરવા લાગ્યો. પછી આ પ્રમાણે કહ્યું – કદાચ તમે નષ્ટ થઈ ગયા છો, વિનષ્ટ થઈ ગયા છો, ભ્રષ્ટ થઈ ગયા છો, નષ્ટ-વિનષ્ટ-ભ્રષ્ટ થઈ ગયા છો. આજે તમે જીવતા નહીં રહો, મારા દ્વારા તમારું શુભ થવાનું નથી.

[૬૫૧] તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્ય પૂર્વ દેશમાં જન્મેલ સર્વાનુભૂતિ અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તેણે ધર્માચાર્યના અનુરાગથી, ગોશાલકના કથન પ્રતિ અશ્રદ્ધા કરતા ઉત્થાનથી ઉઠ્યા, ઉઠીને ગોશાળા પાસે આવ્યા, આવીને ગોશાળાને કહ્યું – હે ગોશાળા ! જે મનુષ્ય તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ આર્ય ધાર્મિક સુવચન સાંભળે છે, તે પણ તેમને વંદન-નમસ્કાર કરે ચે યાવત્ કલ્યાણ-મંગલ-દેવ-ચૈત્યરૂપ તેમની પર્યુપાસના કરે છે. તો હે ગોશાળા ! તારા માટે તો કહેવું જ શું ? ભગવંતે તને પ્રવ્રજિત કર્યો, ભગવંતે જ મુંડિત કર્યો, ભગવંતે જ શિક્ષા આપી, ભગવંતે જ કેળવ્યો, ભગવંતે જ બહુશ્રુત કર્યો અને તું ભગવંત પ્રત્યે જ મિથ્યાત્વ અંગીકાર કરે છે. હે ગોશાલક ! તું આવું ન કર, તારે માટે આમ કરવું યોગ્ય નથી, તું તે જ ગોશાળો છો, બીજો નથી, તારી તે જ પ્રકૃતિ છે.

ત્યારે તે ગોશાળો સર્વાનુભૂતિ અણગારને આમ કહેતા સાંભળી ક્રોધિતાદિ થયો. સર્વાનુભૂતિ અણગારને પોતાના તપ-તેજથી એક પ્રહારમાં કૂટાઘાત માફક યાવત્ ભસ્મરાશિ કરી દીધા.

ત્યારે તે ગોશાલકે સર્વાનુભૂતિ અણગારને - x - યાવત્ ભસ્મરાશિ કર્યા પછી બીજી વખત પણ શ્રમણ ભગવંત મહાવીરને સારા-ખરાબ શબ્દો વડે આક્રોશ કર્યો યાવત્ તમને સુખ નથી.

તે કાળે, તે સમયે ભગવંતના શિષ્ય કૌશલ જાનપદી સુનક્ષત્ર અણગાર, જે પ્રકૃતિભદ્રક, વિનીત હતા. તેણે ધર્માચાર્યના અનુરાગથી જેમ સર્વાનુભૂતિએ કહ્યું, તેમ કહ્યું યાવત્ હે ગોશાલક ! તું તે જ છે, તારી પ્રકૃતિ તે જ છે, તું બીજો કોઈ નથી.

સુનક્ષત્ર અણગારે આમ કહેતા ગોશાળો ક્રોધિતાદિ થયો. પોતાના તપ-તેજથી સુનક્ષત્ર અણગારને બાળી નાંખ્યા. ત્યારે તે સુનક્ષત્ર અણગાર, ગોશાળાના તપ-તેજથી પરિતાપિત થતાં, ભગવંત પાસે આવ્યા, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમન કર્યા, સ્વયં જ પાંચ મહાવ્રતોનું (પુનઃ) આરોપણ કર્યું, શ્રમણ-શ્રમણીઓને ખમાવ્યા, ખમાવીને, આલોચના-પ્રતિક્રમણ કરી, સમાધિ પામી ક્રમશઃ કાળ કર્યો.

ત્યારે તે ગોશાળો સુનક્ષત્ર અણગારને પોતાના તપ-તેજથી પરિતાપીને શ્રમણ ભગવંત મહાવીરને સારા-ખરાબ શબ્દોથી આક્રોશ કરતો યાવત્ તને સુખ નથી કહ્યું. ત્યારે ભગવંતે તેને એમ કહ્યું – હે ગોશાળા ! જે તથારૂપ શ્રમણ કે બ્રાહ્મણ પાસે એક પણ ધાર્મિક વચન સાંભળે યાવત્ પર્યુપાસે છે. હે



ગોશાળા ! તારે માટે તો કહેવું જ શું ? તને મેં જ પ્રવ્રજિત કર્યો યાવત્ મેં જ બહુશ્રુત કર્યો. મારા પ્રત્યે તેં મિથ્યાત્વ અપનાવ્યું. હે ગોશાળા ! તું એવું ન કર, યાવત્ તું બીજો કોઈ નથી.

ત્યારે તે ગોશાલક, ભગવંતને આમ કહેતા સાંભળી ક્રોધિત આદિ થયો, તૈજસ સમુદ્‌ઘાતથી સમવહત થયો, પછી સાત આઠ ડગલાં પાછો ખસ્યો. ખસીને ભગવંતના વધને માટે શરીરમાં રહેલ તેજ કાઢ્યું જેમ વાતોત્કલિકા, વાત મંડલિકા પર્વત, ભીંત, સ્તંભ, સ્તૂપથી આવારિત અને નિવારિત થતી, તે પર્વતાદિ પર પોતાનો થોડો પણ પ્રભાવ ન દેખાડતી, વિશેષ પ્રભાવ ન દેખાડતી રહે. તે જ રીતે ભગવંતના વધ માટે ગોશાળાએ શરીરમાંથી કાઢેલી તેજોલેશ્યા ભગવંત પર થોડો કે વધુ પ્રભાવ ન દેખાડી શકી, માત્ર પ્રદક્ષિણા કરી, ઉપર આકાશમાં ઉછળી ગઈ ત્યાંથી પડીને, પાછી ફરતા ગોશાળાના શરીરને વારંવાર દઝાડતી, છેલ્લે ગોશાળાના શરીરમાં જ પ્રવેશી ગઈ.

ત્યારે તે ગોશાલક પોતાની તેજોલેશ્યાથી પરાભૂત થઈને શ્રમણ ભગવંત મહાવીરને કહેવા લાગ્યો. હે આયુષ્યમાન્ કાશ્યપ ! તું મારા તપ-તેજથી પરાભવ પામીને છ મહિનામાં પિત્તજ્વર ગ્રસ્તશરીરી, દાહની પીડા અનુભવતો છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે ગોશાળાને કહ્યું – હે ગોશાળા ! હું તારા તપ-તેજથી પરાભૂત થઈને છ માસમાં યાવત્ કાળ નહીં કરું. હું હજી બીજા સોળ વર્ષ 'જિન'પણે સુહસ્તીવત્ વિચરીશ. પણ હે ગોશાળા ! તું તારા પોતાના તપ-તેજથી પરાભૂત થઈને સાત રાત્રિને અંતે પિત્તજ્વરથી ગ્રસ્ત શરીરે યાવત્ છદ્મસ્થાવસ્થામાં કાળ કરીશ.

ત્યારે શ્રાવસ્તી નગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગમાં ઘણાં લોકો એકબીજાને આમ કહેતા યાવત્ પ્રરૂપતા હતા કે હે દેવાનુપ્રિયો ! શ્રાવસ્તી નગરી બહાર કોષ્ઠક ચૈત્યમાં બે જિનો પરસ્પર સંલાપ કરે છે - એક કહે છે – તું પહેલા કાળ કરીશ. બીજો કહે છે – તું પહેલા કાળ કરીશ. તેમાં કોણ સમ્યગ્‌વાદી અને કોણ મિથ્યાદવાદી ? તેમાં જે મુખ્ય માણસ હતો, તેણે કહ્યું કે ભગવંત સમ્યગ્‌વાદી છે, ગોશાળો મિથ્યાવાદી છે.

હે આર્યો ! એમ શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું – હે આર્યો ! જેમ કોઈ તૃણ-કાષ્ઠ-પત્ર-છાલ-તુષ-ભૂસ-છાણ કે કચરાનો ઢગલો હોય તેને અગ્નિધ્માપિત, અગ્નિ ઝોસીત, અગ્નિ પારિણામિત થવાથી હતતેજ, ગતતેજ, નષ્ટતેજ, ભ્રષ્ટતેજ, લુપ્તતેજ, વિનષ્ટતેજ યાવત્ થાય તેમ મંખલિપુત્ર ગોશાળાએ મારા વધને માટે શરીરમાંથી તેજોલેશ્યા કાઢી, તેથી તે હતતેજ, ગતતેજ યાવત્ વિનષ્ટ તેજવાળો થઈ ગયો છે, હવે હે આર્યો ! તમે સ્વેચ્છાથી ગોશાળાને ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરો, ધાર્મિક પ્રતિસારણાથી સ્મારિત કરો, ધાર્મિક પ્રત્યુપચાર વડે ઉપચાર કરો, ધાર્મિક અર્થ-હેતુ-પ્રશ્ન-વ્યાકરણ અને કારણો વડે તેને નિપૃષ્ટ પ્રશ્નવ્યાકરણ કરો.

ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો, ભગવંત આમ કહેતા, ભગવંતને વંદન-નમસ્કાર કરીને ગોશાળા પાસે ગયા, ગોશાળાને ધાર્મિક પ્રતિચોદના વડે પ્રેરે છે, ધાર્મિક પ્રતિ સારણાથી સ્મારિત કરે છે, ધાર્મિક પ્રત્યુપચારથી ઉપચાર કરે છે, ધાર્મિક અર્થ-હેતુ-કારણો વડે યાવત્ નિરુત્તર કરે છે.

ત્યારે તે ગોશાળો શ્રમણ-નિર્ગ્રન્થ દ્વારા ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરિત થઈને યાવત્ નિરૂત્તર કરાયો ત્યારે ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતો ગોશાળો, તે શ્રમણ-નિર્ગ્રન્થોના શરીરને કંઈપણ આબાધા કે વ્યાબાધા ઉત્પન્ન કરવા કે શરીર છેદ કરવા સમર્થ થયો નહીં, ત્યારે કેટલાંક આજીવિક સ્થવિરો જોયું કે શ્રમણ નિર્ગ્રન્થો દ્વારા ગોશાળાને ધાર્મિક પ્રતિચોદનાથી પ્રેરિત કરાતા, ધાર્મિક પ્રતિસારણાથી સ્મારિત કરાતા, ધાર્મિક પ્રત્યુપચારથી ઉપચાર કરાતા, અર્થ-હેતુ આદિથી નિરુત્તર કરાતા યાવત્ ક્રોધિત થઈને યાવત્ દાંત કચકચાવતા પણ ગોશાળો શ્રમણ નિર્ગ્રન્થોના શરીરને કંઈપણ આબાધા, વ્યાબાધા કે શરીર છેદ કરી શકતો નથી, તે જોઈને ગોશાળાના પાસેથી સ્વયં નીકળી જઈને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવી, ભગવંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી, ભગવંતનો આશ્રય કરી વિચરવા લાગ્યા.

કેટલાંક આજીવિક સ્થવિરો ગોશાળાના આશ્રયે જ રહ્યા.

ત્યારે તે ગોશાળો જે કાર્ય માટે શીઘ્ર આવેલો, તે કાર્યને સાધી ન શક્યો, ત્યારે હતાશ થઈને ચારે દિશામાં જોતો, દીર્ઘ ઉચ્છ્વાસ નિઃશ્વાસ કરતો, દાઢીના વાળ ખેંચતો, ગર્દન પાછળનો ભાગ ખંજવાળતો, કુલ્લાના ભાગ ઉપર હાથ પછાડતો, હાથ હલાવતો, બંને પગ વડે ભૂમિને પીટતો, અરેરે ! હા હા ! હું હણાઈ ગયો, એમ બડબડતો ભગવંત પાસેથી કોષ્ઠક ચૈત્યથી નીકળી ગયો, નીકળીને શ્રાવસ્તીનગરીમાં હાલાહલા કુંભારણની કુંભારાપણે આવ્યો. આવીને ત્યાં આમ્રગુટલી હાથમાં લઈને મદ્યપાનક કરતો વારંવાર ગાતો, વારંવાર નાચતો, વારંવાર હાલાહલા કુંભારણને અંજલિકર્મ કરતો શીતલ માટીના પાણી વડે પોતાના શરીરનું પરિસિંચન કરતો વિચરવા લાગ્યો.

[૬૫૨] હે આર્યો! એમ કહીને શ્રમણ ભગવંત મહાવીરે શ્રમણ નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું — હે આર્યો! ગોશાલક મંખલિપુત્રે મારા વધને માટે તેના શરીરમાંથી તેજોલેશ્યા કાઢેલી. તે તેજ ૧૬-જનપદોના ઘાત-વધ-ઉચ્છેદ-ભસ્મ કરવાને પર્યાપ્ત હતું તે ૧૬-જનપદ આ પ્રમાણે — અંગ, બંગ, મગધ, મલય, માલવ, અચ્છ, વત્સ, કૌત્સ, પાટ, લાઢ, વજ, મૌલી, કાશી, કૌશલ, અવધ અને સુંભુત્તર.

હે આર્યો ! ગોશાલક મંખલિપુત્ર હાલાહલા કુંભારણની કુંભકારાપણમાં હાથમાં આમ્રગુટલી લઈને, મદ્યપાન કરતો, વારંવાર યાવત્ અંજલિકર્મ કરતો વિચરી રહ્યો છે. તે પોતાના તે પાપનું પ્રચ્છાદન કરવા માટે આ આઠ ચરિમોની પ્રરૂપણા કરે છે. તે આ :- ચરમ એવા — પાન, ગાન, નાટ્ય, અંજલિકર્મ, પુષ્કલસંવર્તક મહામેઘ, સચેનક ગંધહસ્તી, મહાશિલાકંટક સંગ્રામ અને (તીર્થંકર એટલે ગોશાલક મંખલિપુત્ર) હું આ અવસર્પિણીના ૨૪-તિર્થંકરોમાં ચરમ તિર્થંકરરૂપે



સિદ્ધ થઈ યાવત્ અંત કરીશ.

હે આર્યો ! ગોશાળો શીતલ મૃતિકા પાનક વડે આચમન ઉદકથી શરીરને પરિસિંચતો વિચરે છે, તે પાપને છુપાવવા માટે આ ચાર પાનક પ્રરૂપશે - તે પાનક ક્યા છે ? પાનક ચાર ભેદે છે — ગોપૃષ્ઠક, હાથથી મસળેલ, આતપથી તપેલ, શિલાથી પડેલ. તે અપાનક કયા છે ? અપાનક ચાર ભેદે છે — સ્થાલપાનક, છાલપાનક, સિંબલિપાનક, શુદ્ધપાનક.

તે સ્થાલપાનક શું છે ? પાણી વડે ભીંજાયેલ — થાળ, વારક, મોટો ઘડો, કળશ હોય. જેનો હાથથી સ્પર્શ થાય, પણ પાણી પી ન શકાય તે.

તે ત્વચા (છાલ) પાનક શું છે ? જે આમ્ર, અંબાડગ આદિ જેમ પ્રયોગપદમાં કહ્યા યાવત્ બોર, તિંદુરુક તથા જે તરુણ, અપક્વ હોય, મુખમાં રાખીને થોડું કે વિશેષ ચૂસાય, પણ તેનું પાણી ન પી શકાય તે.

તે શિંબલિપાનક શું છે ? જે કલાય-મગ-અડદ કે શિંબલીની ફલી તરુણ અને અપક્વ હોય, તેને કોઈ થોડું કે વિશેષ ચાવે, પણ પાણી પી ન શકે.

તે શુદ્ધપાનક શું છે ? જે છ માસ શુદ્ધ ખાદિમ ખાય, બે માસ પૃથ્વી સંથારે સુએ, બે માસ કાષ્ઠ સંથારે સુએ, બે માસ દર્ભ સંથારે સુએ. તેને છ માસ પ્રતિપૂર્ણ થતાં, છેલ્લી રાત્રિમાં બે મહાર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ પ્રગટ થાય છે — પૂર્ણભદ્ર, માણિભદ્ર. ત્યારે તે દેવો શીતળ અને ભીના હાથો વડે તેના શરીરને સ્પર્શે છે, જે તે દેવોનું અનુમોદન કરે, તે આશીવિષ રૂપ કર્મ કરે છે. જે તે દેવોનું અનુમોદન નથી કરતા, તેના શરીરમાં સ્વયં અગ્નિકાય સંભવે છે, તે પોતાના તેજ વડે શરીરને બાળે છે. ત્યાર પછી તે સિદ્ધ થાય છે યાવત્ દુઃખોનો અંત કરે છે. તે શુદ્ધ પાનક છે.

તે શ્રાવસ્તી નગરીમાં અયંપુલ નામે આજીવિકોપાસક રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. હાલાહલા માફક તે આજીવિક સિદ્ધાંત વડે આત્માને ભાવિત કરતો વિચરતો હતો. ત્યારે તે અયંપુલ આજીવિકોપાસકને મધ્ય રાત્રિના સમયે અન્ય કોઈ દિવસે કુટુંબ જાગરિકાથી જાગતા આ આવા પ્રકારનો મનોગત યાવત્ સંકલ્પ થયો કે — 'હલ્લા' નામે જીવડું કેવા આકારે છે ?

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસકને બીજી વખત પણ આવા પ્રકારનો મનોગત સંકલ્પ યાવત્ ઉત્પન્ન થયો - નિશ્ચે મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્ર ઉત્પન્ન જ્ઞાનદર્શનધર યાવત્ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, આ શ્રાવસ્તી નગરીમાં હાલાહલા કુંભારણની કુંભકુરાપણમાં આજીવિક સંઘથી પરિવૃત્ત થઈને આજીવિક સિદ્ધાંતથી આત્માને ભાવિત કરતા વિચરે છે. મારા માટે શ્રેયકર છે કે કાલે યાવત્ સૂર્ય જાજ્વલ્યમાન થતાં તેમને વંદન યાવત્ પર્યુપાસના કરી આ અને આવા પ્રકારના પ્રશ્નો પૂછું (ઉત્તર મેળવું) એ પ્રમાણે નિશ્ચય કર્યો.

બીજે દિવસે યાવત્ જાજ્વલ્યમાન્ સૂર્ય થતાં (અયંપુલે) સ્નાન કર્યું યાવત્ અલ્પ પણ મહાર્ઘ આભરણાલંકૃત્ શરીર (કરીને) પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને પગે ચાલતાં શ્રાવસ્તી નગરીની મધ્યે થઈને હાલાહલા કુંભારણની

કુંભકારાપણે આવ્યો. આવીને ગોશાલકને ત્યાં હાથમાં આમ્રગુટલી લઈ યાવત્ અંજલિકર્મ કરતાં, શીતળ માટી વડે યાવત્ ગાત્રોને સિંચતા જોઈને લજ્જિત, ઉદાસ, વ્રીડિત થઈ ધીમ ધીમે પાછળ સરકવા લાગ્યો. જ્યારે આજીવિક સ્થવિરોએ અયંપુલ આજીવિકોપાસકને લજ્જિત યાવત્ પાછળ ખસતો જોયો, ત્યારે જોઈને આમ કહ્યું – હે અયંપુલ ! અહીં આવ્યો. ત્યારે આજીવિક સ્થવિરો દ્વારા બોલાવાયેલ અયંપુલ આજીવિક સ્થવિરો પાસે આવ્યો, આવીને તેઓને વંદન, નમસ્કાર કર્યા. કરીને થોડો સમીપ બેસી પર્યુપાસવા લાગ્યો.

હે અયંપુલ ! એમ આમંત્રી આજીવિક સ્થવિરોએ અયંપુલ આજીવિક ઉપાસકને આમ કહ્યું – હે અયંપુલ ! મધ્યરાત્રિ પછીના કાળે યાવત્ 'હલ્લા' કયા આકારે છે ? ત્યાર પછી હે અયંપુલ ! બીજી વખત પણ તને એવો વિચાર આવ્યો૦ ઈત્યાદિ બધું જ કહેવું. યાવત્ શ્રાવસ્તી નગરી મધ્યેથી હાલાહલા કુંભારણની કુંભકારાપણે અહીં તું શીઘ્ર આવ્યો, હે અયંપુલ ! શું આ અર્થ બરાબર છે ? - - હા, છે.

હે અયંપુલ ! જ્યારે તારા ધર્માચાર્ય, ધર્મોપદેશક ગોશાલક મંખલિપુત્રને અહીં હાથમાં આમ્રગુટલી લઈ યાવત્ અંજલિ કરતાં વિચરે છે, તેમણે આ આઠ ચરિમો પ્રરૂપ્યા છે. ચરમ પાન યાવત્ બધાં દુઃખોનો અંત કરશે. હે અયંપુલ ! જે આ તારા ધર્માચાર્ય ધર્મોપદેશક ગોશાલક માટીવાળા શીતળ પાણીથી શરીરને સિંચન કરતા વિચરે છે તેમણે આ ચાર પાનક અને ચાર અપાનક પ્રરૂપેલ છે, તે પાનક કયા પ્રકારે છે ? યાવત્ ત્યારપછી તેઓ સિદ્ધ થઈ યાવત્ અંત કરશે. તેથી હે અયંપુલ ! તમે જાઓ, તમારા ધર્માચાર્ય૦ને આવા પ્રશ્નો પૂછો.

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસક, આજીવિક સ્થવિરોએ આ પ્રમાણે કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠ્યો. ઉઠીને ગોશાલક પાસે જવા નીકળ્યો. ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાલકને તે આમ્ર ગુટલી એકાંતમાં ફેંકી દેવાનો સંકેત કર્યો. ત્યારે ગોશાલકે આજીવિક સ્થવિરોના સંકેતને સ્વીકારી, તે આમ્રગુટિકાને એકાંતમાં ફેંકી દીધી.

ત્યારે તે અયંપુલ આજીવિકોપાસક, ગોશાલકની પાસે ગયો. જઈને ગોશાલકને ત્રણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસવા લાગ્યો.

અયંપુલાદિને આમંત્રી, ગોશાલક મંખલિપુત્રે અયંપુલને આમ કહ્યું – હે અયંપુલ ! મધ્યરાત્રિ પછીના કાળે યાવત્ મારી પાસે શીઘ્ર આવેલ છે. હે અયંપુલ ! શું આ અર્થ સમર્થ છે ? હા, છે. મારી પાસે તે આમ્રગુટલી નહીં, આમ્ર ફળની છાલ હતી. (તારો પ્રશ્ન છે—) 'હલ્લા'નો આકાર શું છે ? 'હલ્લા' વાંસના મૂળના આકારે છે. હે વીરો ! વીણા વગાડો (૨).

ત્યારે તે અયંપુલ, ગોશાલક મંખલિપુત્ર પાસે આ આવા પ્રકારનો ઉત્તર પામીને હૃષ્ટ, તુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો. પછી ગોશાલકને વંદન, નમસ્કાર કરી, કેટલાંયે પ્રશ્નો પૂછ્યા, અર્થ ગ્રહણ કર્યા. પછી ઉત્થાનથી ઉઠ્યો, ઉઠીને ગોશાલકને વંદન, નમન કરી પીછો ફર્યો.



ત્યારે તે ગોશાલકે પોતાનું મરણ નજીક જાણીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા, બોલાવ્યા, બોલાવીને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો! તમે મને કાલગત જાણીને સુગંધી ગંધોદકથી સ્નાન કરાવજો, કરાવીને કોમળ, રૂંવાટીવાળા ગંધકાષાયિક વસ્ત્રથી મારું શરીર લુંછજો. પછી સરસ ગોશીર્ષ ચંદનથી શરીરને લિંપજો, પછી મહાર્હ હંસલક્ષણ પટશાટક મને પહેરાવજો. મહાર્હ સર્વાલંકારથી વિભૂષિત કરજો. સહસ્રપુરુષવાહિની શિબિકામાં પધરાવજો, પછી શ્રાવસ્તીનગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં મોટા મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરાવતા આમ કહેજો – હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન, જિનપ્રલાપી થઈ યાવત્ જિનશબ્દને પ્રકાશતો વિચરીને આ અવસર્પિણીના ચોવીશ તિર્થંકરોમાં ચરમ તિર્થંકરરૂપે સિદ્ધ યાવત્ સર્વ દુઃખથી ક્ષીણ થયા, ઋદ્ધિ-સત્કાર સાથે મારા શરીરનું નીહરણ કરજો. ત્યારે આજીવિક સ્થવિરોએ ગોશાલક મંખલિપુત્રના આ કથનનો વિનયપૂર્વક સ્વીકાર કર્યો.

[૬૫૩] ત્યારપછી સાતમી રાત્રિ પસાર થતી હતી ત્યારે તે ગોશાલક મંખલિપુત્રને સમ્યક્ત્વ પ્રાપ્ત થયું. ત્યારે તેને આવા પ્રકારે મનોગત સંકલ્પ યાવત્ સમુત્પન્ન થયો - નિશ્ચે હું જિન નથી, તો પણ હું જિનપ્રલાપી થઈ યાવત્ જિન શબ્દથી સ્વયંને પ્રગટ કરતો વિચરું છું. હું ગોશાલક મંખલિપુત્ર, શ્રમણઘાતક, શ્રમણમારક, શ્રમણપ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયનો અયશકારક, અવર્ણકારક, અકીર્તિકારક છું. હું અસત્ ભાવના પૂર્ણ મિથ્યાત્વ અભિનિવેશથી પોતાને-પરને-તદુભયને વ્યુદ્‌ગ્રાહિત કરતો, વ્યુત્પાદિત કરતો વિચરીને, મારી જ તેજોલેશ્યાથી પરાભૂત થઈને, સાતમી રાત્રિને અંતે પિત્તજ્વરથી ગ્રસ્ત શરીરી થઈને દાહથી બળતો, છદ્મસ્થાવસ્થામાં જ કાળ કરીશ, (ખરેખર તો) શ્રમણ ભગવંત મહાવીર જિન, જિનપ્રલાપી યાવત્ જિનશબ્દ પ્રકાશતા વિચરે છે.

ગોશાલકે આ પ્રકારે સંપ્રેક્ષણ કર્યું, કરીને આજીવિક સ્થવિરોને બોલાવ્યા. બોલાવીને ઉચ્ચ-નીચ સોગંદોથી યુક્ત કરીને આમ કહ્યું – હું જિન નથી, તો પણ જિનપ્રલાપી યાવત્ ઓળખાવતો વિચર્યો છું. હું ગોશાલક મંખલિપુત્ર, શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે જ કાળ કરીશ. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિન પ્રલાપી છે યાવત્ જિન શબ્દથી પ્રગટ કરતા વિચરે છે. હે દેવાનુપ્રિયો! તમે મને કાળધર્મ પ્રાપ્ત જાણીને મારા ડાબા પગમાં શુંબનું દોરડું બાંધજો, બાંધીને ત્રણ વખત મારા મોઢામાં થુંકજો. પછી શ્રાવસ્તીનગરીના શ્રૃંગાટક યાવત્ માર્ગોમાં અહીં-તહીં ઘસેડતા મોટા-મોટા શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા આ પ્રમાણે કહેજો – હે દેવાનુપ્રિયો! ગોશાલક મંખલિપુત્ર જિન ન હતો, માત્ર જિનપ્રલાપી યાવત્ થઈને વિચરતો હતો. આ ગોશાલક મંખલિપુત્ર શ્રમણઘાતક હતો યાવત્ છદ્મસ્થપણે જ મર્યો. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિનપ્રલાપી છે યાવત્ વિચરે છે. મહા અઋદ્ધિપૂર્વક, અસત્કાર કરતાં મારા શરીરનું નીહરણ કરજો. આમ બોલીને કાળધર્મ પામ્યો.

[૬૫૪] ત્યારે તે આજીવિક સ્થવિરોએ ગોશાળાને કાલગત જાણીને

*હાલાહલા કુંભારણની કુંભકારાપણના બારણા બંધ કર્યા. કરીને તે દુકાનમાં બહુ મધ્યદેશ ભાગમાં શ્રાવસ્તીનગરી આલેખી, આલેખીને ગોશાલક મંખલિપુત્રના શરીરને ડાબા પાગે શુંબની દોરડી બાંધી, પછી ત્રણ વખત તે મૃતકના મુખમાં થુંક્યા. થુંકીને (ચીતરેલ) શ્રાવસ્તીના શ્રૃંગાટક યાવત્ માર્ગમાં અહીં-તહીં (શરીરને) ઘસેડ્યું. તે વખતે મંદમંદ શબ્દોથી ઉદ્‌ઘોષણા કરતા આમ કહ્યું કે — હે દેવાનુપ્રિયો ! ગોશાલક મંખલીપુત્ર જિન ન હતા, જિનપ્રલાપી થઈ યાવત્ વિચરતા હતા. આ ગોશાલક મંખલિપુત્ર શ્રમણ ઘાતક યાવત્ છદ્મસ્થપણે કાળ પામ્યા. શ્રમણ ભગવંત મહાવીર જિન છે, જિન પ્રલાપી છે, યાવત્ વિચરે છે. આ પ્રમાણે શપથ (સોગંદ)થી મુક્ત થયા.*

*ત્યારપછી બીજી વખત પૂજા સત્કારના સ્થિરિકરણાર્થે ગોશાલક મંખલિપુત્રના ડાબા પગથી સુંબની દોરડી છોડી નાંખી, છોડીને હાલાહલા કુંભારણની કુંભારાપણના દ્વાર પણ ખોલી નાંખ્યા, ખોલીને ગોશાળાના શરીરને સુગંધી ગંધોદક વડે સ્નાન કરાવ્યું ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ મહાન ઋદ્ધિ સત્કાર સાથે તેના શરીરનું નીહરણ કર્યું.*

● **વિવેચન-૬૪૯ થી ૬૫૪ :-**

गड्डं - ગર્ત, दरि - શીયાળાદિએ બનાવેલ નાની ગુફા, दुग्ग - દુઃખે જવાય તેવા વન-ગહનાદિ. निन्न - શુષ્ક સરોવરાદિ. विसम - ગર્ત્ત, પાષાણાદિ વ્યાકુલ, तणसूएण - તણખલાંનો અગ્રભાગ. अणावरिए - આવરણની અલ્પતાથી અનાવૃત, उवलभसि - દેખાડે છે. ઉપાલંભ દે છે. - x - x - छाया - પ્રકૃતિ. - - उच्चावयाहिं - અસમંજસ વડે, आउसणाहिं - 'તું મરી ગયો' આદિ આક્રોશ વચનથી. आक्रोशयति - શાપ આપે છે. उद्धंसणाहिं - તું દુષ્કુલીન છે. આદિ અપમાનજનક વચનોથી. - x - निब्भंछणाहिं - ''મારે તમારું પ્રયોજન નથી'' આદિ કઠોર વચનોથી. निब्भंछेहिं - હંમેશા દુષ્ટ કહીને. निच्छोडणाहिं - ''તીર્થંકરનો ચિન્હો છોડ'' ઈત્યાદિ દુર્વચનોથી. - x - नट्ठेइ - સ્વ આચાર નાશથી નષ્ટ. - હું એમ જ માનું છું કે તું નાશ જ પામેલો છે. विणट्ठ - મૃત, भट्ठ - ભ્રષ્ટ, સંપત્તિરહિત થયો છે. - x -

पाईण जाणवए - પ્રાચીન જનપદ, પૂર્વીય. पव्वाविए - શિષ્યપણે સ્વીકારેલ. मुंडाविए - શિષ્યપણે અનુમત થઈ મુંડેલ. सेहाविए - વ્રતિપણાએ શિક્ષિત. सिक्खाविए - તેજોલેશ્યાદિ ઉપદેશ દાનથી શિક્ષિત. નિયતિવાદાદિ પ્રતિપત્તિના હેતુપણે બહુશ્રુત કરેલ. - x - वाउक्कलियाए - જે વાયુ વાય તે. वायमंडलियाइ - મંડલાકાર વાતો વાયુ, आवरिज्जमाण - સ્ખલન પામતો - x - x - अंचित - એક વખત જવું તે अंचितांचि - પુનર્ગમન અથવા ગમનાગમન अन्नाइट्ठ - અભિવ્યાપ્ત - x - x - अगणिझामिए - અગ્નિ વડે દગ્ધ, अगणिझूसिए - અગ્નિ વડે સેવિત, अगणिपरिणामिए - અગ્નિ વડે પૂર્વ સ્વભાવ ત્યાગીને આત્મભાવમાં ગયેલ, પછી हततेज - જેનું તેજ હણાઈ ગયેલ છે, गततेज - તેજ ચાલ્યું જવું. ઈત્યાદિ - x - x -

छंदेण - ઈચ્છાનુસાર, निप्पट्ठपसिणवागरण - પ્રશ્નનો ઉત્તર ન દઈ શકવા યોગ્ય, रुंदाइ पलोएमाणे - દિશાઓમાં દીર્ઘ દૃષ્ટિપાત કરવો, આ માનથી હણાયેલાનું લક્ષણ



છે. - x - दाढियाए लोमाइं - દાઢી-મૂંછના વાળ, अवडुं - ગર્દનનો પાછળનો ભાગ. पुयलिं पप्फोडेमाणे - કુલ્લાને ઠોકતો એવો, विणिद्धुणमाणे - હલાવતો એવો - x - अंबकूणगहत्थगए - હાથમાં આમ્રફળ લઈને, પોતાના તપ-તેજ જનિત દાહનતે ઉપશમાવવા આમ્રની ગુટલી ચૂષતો, ગાન આદિ મધપાન કૃત વિકાર જાણવા. मट्टिया पाणएण - માટી મિશ્રિત જળ, માટીનું જળ સામાન્યથી પણ હોય, તેથી કહે છે - आयंचणिओदएणं - આતંચનિકોદક - કુંભારના જે વાસણમાં રહેલ માટી મિશ્રિત જળ. - x - x - x - उच्छायणयाए - સચેતન અચેતનમાં વસ્તુના ઉચ્છાદન માટે આ વાત બીજા પ્રકારે થાય છે તે અગ્નિપરિણામ ઉપદર્શનાર્થે કહે છે - भासीकरणयाए - ભસ્મસાત કરવો.

वज्जस्स - અવદ્ય, પાપ-મધપાનાદિ પાપ. चरम - આમ ફરી નહીં થાય એમ કરીને. તેમાં પાનક આદિ ચાર કહ્યા, આની ચરમતાં પોતાના નિર્વાણગમનથી છે. આ જિનના નિર્વાણકાળે અવશ્ય થનાર છે, તેથી આમાં દોષ નથી, તથા હું આ દાહના ઉપશમ માટે સેવતો નથી, એ અર્થના પ્રકાશનાર્થપણાથી પોતાના પાપના પ્રચ્છાદન માટે છે. પુષ્કલ સંવર્તકાદિ ત્રણ બાહ્યો અહીં ઉપયોગી નથી છતાં સામાન્યજનના ચિત્ત રંજન માટે 'ચરમ' કહેવાયા છે - x - x - पाणग - વ્રતિ યોગ્ય જળ વિશેષ अपाणयाइ - પાનક સદૃશ, શીતલત્વથી દાહ ઉપશમ હેતુઓ. गोपुट्ठए - ગાયની પૃષ્ઠેથી પડેલ, - x - थालपाणए - સ્થાલના પાનક વત્, અહીં ઉપલક્ષણથી બીજા ભાજનનું ગ્રહણ લેવું. - x - x - सुद्धपाणए - દેવ વડે સ્પર્શિત. दाथालय - ભીનો થાળ, दावारग - ઉદકવારક दाकुंभग - મોટો કુંભ, दाकलश - નાનો કળશ. पओगपए - પ્રજ્ઞાપનાનું ૧૬મું પદ. - x -

तरुणग - અભિનવ, आमग - અપક્વ, आपीडयेत् - કિંચિત્ પીડા કરે. कल - કલાય, ધાન્ય વિશેષ. सिंबलि - વૃક્ષ વિશેષે, - x - x - संसि - સ્વકીય, हल्ल - ગોપાલિકા, તૃણ સમાન આકારવાળો કીડો. - x - वागरण - પ્રશ્ન, विलिए - અકાર્યકૃત્ લજ્જાથી વિષણ્ણ, લજ્જિત, विड्डे - વ્રીડિત, પ્રકર્ષલજ્જાવાન્. - x -

एगंतमंते - વિજનમાં, ભૂ વિભાગમાં, જ્યાં અયંપુલ ગોશાળા પાસે ન આવી શકે. संगार - સંકેત, અયંપુલ આવે છે, આમ્રગુટિકા ફેંકી દો. तं नो खलु एस अंबकूणए - આ આમ્રગુટલી નથી, તે યતિને અકલ્પ્ય છે, જે તે આમ્રગુટલીરૂપે કલ્પી છે, તે આમ્રની છાલ છે. તે નિર્વાણ કાળે કલ્પે છે.

हल्ला संस्थान - વાંસના મૂળમાં રહેલ તૃણ ગોપાલિકા. એમ કહીને મદિરાના મદથી વિહ્વળ મનોવૃત્તિથી બોલે છે - વીણા વગાડો. બે વખત આ વાક્ય બોલ્યો તે ઉન્માદ વચન છે, તે સાંભળવા છતાં તેના ઉપાસકને ગોશાલક પ્રતિ અવિશ્વાસ કે અશ્રદ્ધા ન થઈ, કેમકે ''સિદ્ધિ પ્રાપ્ત કરનારને ચરમગાન આદિ દોષરૂપ નથી'' આદિ વચનોથી અયંપુલની બુદ્ધિ વિમોહિત હતી. - - हंसलक्खण - હંસ રૂપે શુક્લ, इड्ढीसक्कार - ઋદ્ધિ વડે જે સત્કાર-પૂજા વિશેષ અથવા ઋદ્ધિ, સત્કારનો સમુદય-એટલે લોકોનો સંઘ. समणघायए - બે શ્રમણોનો તેજોલેશ્યાથી કરેલ ઘાત. दाहवक्कंतीए - દાહ ઉત્પત્તિ વડે. सुंब - વલ્કની દોરડી, उट्ठुभह - થૂંકવું ક્યાંક उच्छुभह દેખાય છે, તે અપશબ્દ છે. आकट्टविकट्ट - અહીં-તહીં ઘસેડવું. पूयासक्कार० પૂર્વ પ્રાપ્ત પૂજાસત્કારના સ્થિરતા

હેતુથી, જો ગોશાળાના શરીરની વિશિષ્ટ પૂજા ન કરાય તો લોકો જાણશે કે આજિન નથી, આ જિનશિષ્યો નથી, તેથી તેમને સ્થિર કરવા પૂજાસત્કાર કર્યો.

● સૂત્ર-૬૫૫ થી ૬૫૭ :-

*[૬૫૫] ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે શ્રાવસ્તી નગરીના કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદોમાં વિહાર કરતા વિચરે છે. - - તે કાળે, તે સમયે મેંઢિકગ્રામનગર હતું, તેની બહાર ઈશાનકોણમાં શાલકોષ્ઠક નામે ચૈત્ય હતું યાવત્ પૃથ્વીશીલાપટ્ટક હતો. તે શાલકોષ્ઠક ચૈત્યની થોડે સમીપમાં એક મોટો માલુકા કચ્છ હતો. તે કૃષ્ણ, કૃષ્ણાવભાસ યાવત્ મહામેઘ સમાન હતો, પત્ર-પુષ્પ-ફળ-હરિતકથી લચકતો અને શ્રી વડે અતી શોભતો હતો.*

*તે મેંઢિક ગામનગરમાં રેવતી નામે ગાથાપત્ની રહેતી હતી, તે આઢ્ય યાવત્ અપરિભૂત હતી. - - ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુ-પૂર્વી વિચરતા યાવત્ મેંઢિકગ્રામનગરમાં શાલકોષ્ઠક ચૈત્યે પધાર્યા યાવત્ પર્ષદા પાછી ફરી.*

*ત્યારે ભગવંત મહાવીરના શરીરમાં વિપુલ રોગાતંક પ્રાદુર્ભૂત થયો, ઉજ્જ્વલ યાવત્ દૂરધિસહ્ય પિતજ્વર પરિગત શરીરમાં દાહ વ્યાપ્ત થતાં યાવત્ વિચરે છે. તથા લોહી ઉક્ત ઝાળા પણ થયા. ચાતુર્વર્ણ લોકો કહેવા લાગ્યા - શ્રમણ ભગવંત મહાવીર, ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી પરાભૂત થઈને, છ માસને અંતે પિત્તજ્વર ગ્રસ્ત શરીરમાં દાહથી પીડિત થઈને છદ્મસ્થપણે જ કાળ કરશે.*

*તે કાળે, તે સમયે ભગવંત મહાવીરના શિષ્ય સીંહ નામક અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તે માલૂકા કચ્છથી થોડે સમીપ નિરંતર છટ્ઠ છટ્ઠ તપોકર્મ સાથે બંને હાથ ઉંચા કરી વિચરતા હતા.*

*ત્યારે તે સીંહ અણગારને ધ્યાનાંતરિકામાં વર્તતા આ આવા પ્રકારનો યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો - ખરેખર, મારા ધર્માચાર્ય, ધર્મોપદેશક શ્રમણ ભગવંત મહાવીરના શરીરમાં વિપુલ રોગાતંક ઉત્પન્ન થયો છે, ઉજ્જ્વલ વેદના છે યાવત્ છદ્મસ્થપણે કાળ કરશે. અન્યતીર્થિકો કહેશે કે છદ્મસ્થપણે જ કાળધર્મ પામ્યા, આવા પ્રકારના મહા મનોમાનસિક દુઃખથી અભિભૂત થઈને આતાપના ભૂમિથી ઉતર્યા. ઉતરીને માલુકાકચ્છે આવ્યા, તેમાં પ્રવેશ્યા. પ્રવેશીને મોટા મોટા શબ્દોથી (અવાજથી) 'કુહુકુહુ' કરતાં (જોર-જોરથી) રડવા લાગ્યા.*

*હે આર્યો ! એમ આમંત્રીને ભગવંત મહાવીરે શ્રમણનિર્ગ્રન્થોને આમંત્રીને આ પ્રમાણે કહ્યું — ખરેખર, હે આર્યો ! મારા શિષ્ય સીંહ અણગાર પ્રકૃતિભદ્રક ઈત્યાદિ બધું કહેવું યાવત્ તે મોટેમોટેથી રડી રહ્યા છે તો હે આર્યો ! જાઓ. તમે સીંહ અણગારને બોલાવો.*

*ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો ભગવંત દ્વારા આમ કહેવાતા ભગવંતને વંદન-નમસ્કાર કર્યા. કરીને ભગવંત પાસેથી શાણકોષ્ઠ ચૈત્યથી નીકળ્યા, નીકળીને માલુકાકચ્છમાં સીંહ અણગાર પાસે આવ્યા. આવીને સીંહ અણગારને આમ કહ્યું*



*— હે સીંહ ! ધર્માચાર્ય તમને બોલાવે છે.*

*ત્યારે તે સીંહ અણગાર શ્રમણનિર્ગ્રન્થ સાથે માલુકાકચ્છથી નીકળ્યા. નીકળીને શાણ કોષ્ઠક ચૈત્યે ભગવંત મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી યાવત્ પર્યુપાસના કરી. સીંહાદિને આમંત્રી ભગવંત મહાવીરે સીંહ અણગારને આમ કહ્યું — હે સીંહ! ધ્યાનાંતરિકામાં વર્તતા તને આવા પ્રકારનો યાવત્ તું રડવા લાગ્યો. હે સીંહ! આ અર્થ સમર્થ છે. હા, છે.*

*હે સીંહ ! ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી પરાભૂત થઈને, છ માસને અંતે યાવત્ કાળ કરવાનો નથી. હું બીજા સાડા પંદર વર્ષ ગંધહસ્તિ માફક જિનરૂપે વિચરીશ. તો હે સીંહ ! તું, મેંઢિક ગ્રામ નગરે રેવતી ગાથાપત્નીના ઘરે જા, ત્યાં રેવતીએ મારે માટે કોહલાના બે ફળ સંસ્કારિત કરેલા છે. તેનું મારે પ્રયોજન નથી, પરંતુ તેને ત્યાં માર્જારા નામક વાયૂપશાંતક બિજોરાપાક કાલે તૈયાર કરેલ છે તે લઈ આવ, મારે તેનું પ્રયોજન છે.*

*ત્યારે તે સીંહ અણગાર, શ્રમણ ભગવંત મહાવીરે આ પ્રમાણે કહેતા, હર્ષિત સંતુષ્ટ યાવત્ આનંદિત હૃદય થઈ શ્રમણ ભગવંતને વાંદી, નમી અત્વરિત-અચપળ-અસંભ્રાંતપણે મુહપત્તિ પડિલેહ છે. પછી ગૌતમસ્વામી માફક યાવત્ શ્રમણ ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંત મહાવીરને વંદન, નમસ્કાર કરી, તેમની પાસેથી શાણ કોષ્ઠક ચૈત્યથી નીકળ્યા, નીકળીને અત્વરિત યાવત્ મેંઢિકગ્રામ નગરે આવ્યા. આવીને મેંઢિકગ્રામ નગરની વચ્ચોવચ્ચ થઈને રેવતી ગાથાપત્નીનું ઘર હતું, ત્યાં આવીને તેણીનાં ઘરમાં પ્રવેશ્યા.*

*ત્યારે તે રેવતી ગાથાપત્ની સીંહ અણગારને આવતા જોઈને હર્ષિત, સંતુષ્ટ થઈને જલ્દીથી આસનથી ઉભી થઈ, પછી સીંહ અણગાર પ્રતિ સાત-આઠ પગલાં સામે ગઈ, જઈને તેમને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરી, વંદન-નમસ્કાર કરી આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિય! આજ્ઞા કરો. આપના આગમનનું પ્રયોજન જણાવો.*

*ત્યારે સીંહ અણગારે રેવતી ગાથાપત્નીને આમ કહ્યું કે — હે દેવાનુપ્રિય! તમે ભગવંત મહાવીર માટે બે કોહલાના ફળ સંસ્કારિત કરેલ છે, તેનું પ્રયોજન નથી. પરંતુ માર્જર વાયુ ઉપશાંતક બિજૌરાપાક તૈયાર કરેલ છે, તેનું મારે પ્રયોજન છે.*

*ત્યારે તે રેવતી ગાથાપત્નીએ સીંહ અણગારને આમ કહ્યું — એવા કોણ જ્ઞાની કે તપસ્વી છે, જેણે તમને આ અર્થ કહ્યો અને મારા અંતરનું રહસ્ય જલ્દી બતાવી દીધું કે જેથી તમે આ જાણો છો ? ત્યારે સ્કંદકના વર્ણન સમાન સિંહ અણગારે કહ્યું યાવત્ હું જાણું છું.*

*ત્યારે સીંહ અણગાર પાસે આ વાત સાંભળી, અવધારી રેવતી ગાથાપત્ની હર્ષિત, સંતુષ્ટ થઈને, રસોઈ ગૃહમાં આવી, આવીને વાસણ ખોલ્યુ, ખોલીને સીંહ અણગાર પાસે આવી, આવીને સીંહ અણગારના પાત્રમાં, તે બધો બિજૌરાપાક સમ્યક્ પ્રકારે વહોરાવ્યો.*

રેવતી ગાથાપત્નીએ તે દ્રવ્યશુદ્ધિથી યાવત્ દાનથી સીંહ અણગારને પ્રતિલાભિત કરતાં દેવાયુ બાંધ્યું, જેમ વિજય ગાથાપતિ યાવત્ રેવતી ગાથાપત્નીનો જન્મ અને જીવિત સફળ છે (૨).

ત્યારે તે સીંહ અણગાર રેવતી ગાથાપત્નીના ઘેરથી નીકળ્યા. નીકળીને મેંઢિક ગ્રામનગરની વચ્ચોવચ્ચથી નીકળ્યા, નીકળીને ગૌતમસ્વામીની માફક યાવત્ ભોજન-પાન દેખાડ્યા. દેખાડીને શ્રમણ ભગવંત મહાવીરના હાથમાં સમ્યક્ પ્રકારે રાખી દીધો.

ત્યારે શ્રમણ ભગવંત મહાવીરે અમૂર્છિત યાવત્ અનાસક્ત રહીને જેમ બિલમાં સર્પ પ્રવેશે તેમ તે આહારને પોતાના શરીરરૂપી કોઠામાં પ્રક્ષેપ્યો. ત્યારે ભગવંતને તે આહાર કર્યા પછી તે વિપુલ રોગાતંક જલ્દીથી ઉપશાંત થઈ ગયો. તેઓ હર્ષિત યાવત્ રોગરહિત, બલિષ્ઠ શરીરી થઈ ગયા. તેનાથી શ્રમણો સંતુષ્ટ થયા, શ્રમણીઓ સંતુષ્ટ થયા, શ્રાવક-શ્રાવિકાઓ સંતુષ્ટ થયા, દેવ-દેવીઓ સંતુષ્ટ થયા. દેવ-મનુષ્ય અસુર સહિત લોક સંતુષ્ટ, હર્ષિત થયો. કેમકે ભગવંત હૃષ્ટ થયા.

[૬૫૬] ભગવન્! એમ સંબોધન કરી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને કહ્યું – હે દેવાનુપ્રિય! આપના શિષ્ય પ્રાચીન જાનપદી સર્વાનુભૂતિ નામક અણગાર જે પ્રકૃતિ ભદ્રક યાવત્ વિનિત હતા, હે ભગવન્! તે ત્યારે ગોશાલક મંખલિપુત્રના તપ-તેજથી ભસ્મરાશિ કરાયા પછી ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા?

હે ગૌતમ! મારા શિષ્ય પ્રાચીન જાનપદી, સર્વાનુભૂતિ નામે અણગાર, જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા, તે ત્યારે ગોશાળા દ્વારા ભસ્મરાશિ કરાયા પછી, ઉંચે ચંદ્ર-સૂર્ય યાવત્ બ્રહ્મલોક-લાંતક-મહાશુક્ર કલ્પ ઓળંગીને સહસ્રાર કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે. ત્યાં કેટલાંક દેવોની ૧૮ સાગરોપમ સ્થિતિ છે, ત્યાં સર્વાનુભૂતિની દેવની પણ ૧૮ સાગરોપમ સ્થિતિ છે. તે સર્વાનુભૂતિ દેવ તે દેવલોકથી આયુ-ભવ-સ્થિતિ ક્ષય પછી યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.

એ પ્રમાણે આપ દેવાનુપ્રિયના શિષ્ય કૌશલ જાનપદી સુનક્ષત્ર નામક અણગાર જે પ્રકૃતિભદ્રક યાવત્ વિનીત હતા. હે ભગવન્! તે ત્યારે ગોશાલક મંખલિપુત્રના તપથી પરિતાપિત થઈને કાળમાસે કાળ કરીને ક્યાં ગયા? ક્યાં ઉત્પન્ન થયા?

હે ગૌતમ ! મારા શિષ્ય સુનક્ષત્ર અણગાર૦ - x - હતા. તે ગોશાળાના તપ તેજથી પરિતાપિત થઈને મારી પાસે આવ્યા. આવીને વાંદી, નમીને સ્વયં જ પાંચ મહાવ્રત આરોપી, પછી શ્રમણ-શ્રમણીને ખમાવીને આલોચના પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ કાળ માસે કાળ કરી ઉંચે ચંદ્ર-સૂર્ય યાવત્ આનત-પ્રાણત આરણ કલ્પને ઓળંગીને અચ્યુત કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં કેટલાંક દેવોની બાવીશ સાગરોપમ સ્થિતિ કહી છે, ત્યાં સુનક્ષત્ર દેવની પણ



બાવીશ સાગરોપમ સ્થિતિ હતી. બાકી સર્વાનુભૂતિ૦ યાવત્ અંત કરશે.

[૬૫૭] એ પ્રમાણે આપ દેવાનુપ્રિયનો અંતેવાસી કુશિષ્ય ગોશાલક મંખલિપુત્ર હતો હે ભગવન્ ! તે ગોશાલક કાળ માસે કાળ કરીને ક્યાં ગયો ? ક્યાં ઉત્પન્ન થયો ? હે ગૌતમ ! મારો અંતેવાસી કુશિષ્ય ગોશાલ નામક મંખલિપુત્ર, શ્રમણ ઘાતક યાવત્ છદ્મસ્થપણે કાળમાસે કાળ કરી ચંદ્રથી ઉપર યાવત્ અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થયો. ત્યાં કેટલાંક દેવોની બાવીશ સાગરોપમ સ્થિતિ છે, ગોશાલક દેવની પણ ત્યાં બાવીશ સાગરોપમની સ્થિતિ થઈ.

ભગવન્! તે ગોશાલક દેવ તે દેવલોકથી આયુક્ષયાદિ પછી યાવત્ ક્યાં ઉપજશે? ગૌતમ! આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિંધ્યગિરિના પાદમૂલમાં પુંડ્ર જનપદમાં શતદ્વાર નગરમાં સંમુતિ રાજાની ભદ્રા નામે રાણીની કુક્ષીમાં પુત્રરૂપે ઉત્પન્ન થશે. તે ત્યાં નવ માસ પ્રતિપૂર્ણ થતાં યાવત્ વીત્યા બાદ યાવત્ સુરૂપ બાળકરૂપે જન્મ લેશે. જે રાત્રિએ તે બાળક જન્મશે, તે રાત્રિએ શતદ્વાર નગરમાં અંદર અને બહાર ભાર પ્રમાણ, કુંભ પ્રમાણ પદ્મ અને રત્નોની વર્ષા થશે.

ત્યારે તે બાળકના માતા-પિતા ૧૧મો દિવસ વીત્યા પછી યાવત્ બારમાં દિવસે આવા પ્રકારે ગૌણ, ગુણ નિષ્પન્ન નામ કરશે. જ્યારેથી આ બાળકનો જન્મ થયો, શતદ્વાર નગરની અંદર-બહાર યાવત્ રત્નોની વૃષ્ટિ થઈ, તેથી અમારા આ બાળકનું નામ મહાપદ્મ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતાએ તેનું નામ મહાપદ્મ રાખ્યું. ત્યારે તે મહાપદ્મ બાળકના માતાપિતાએ સાતિરેક આઠ વર્ષનો થયેલો જાણીને શોભન તિથિ, કરણ, દિવસ, નક્ષત્ર, મુહૂર્તમાં ઘણાં મોટા રાજ્યાભિષેકથી અભિષિક્ત કરશે તે ત્યાં રાજા થશે, તે મહાહિમવંતાદિ રાજા થઈ૦ યાવત્ વિચરશે.

ત્યારે તે મહાપદ્મ રાજા અન્ય કોઈ દિવસે મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય બે દેવો સેનાકર્મ કરશે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર.

તે જોઈને શતદ્વાર નગરના ઘણાં રાજા, ઈશ્વર, તલવર યાવત્ મહાસૌખ્ય દેવ સેનાકર્મ કરે છે. (તે જોઈને) યાવત્ સાર્થવાહ આદિ એકબીજાને બોલાવીને આ પ્રમાણે કહેશે – હે દેવાનુપ્રિયો ! જે કારણથી આપણા મહાપદ્મ રાજાને મહર્દ્ધિક એવા બે દેવો યાવત્ સેનાકર્મ કરે છે - પૂર્ણભદ્ર અને માણિભદ્ર, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા મહાપદ્મ રાજાનું બીજું નામ દેવસેન થાઓ.

ત્યારે મહાપદ્મ રાજાનું બીજું નામ 'દેવસેન' થશે.

ત્યારે તે દેવસેન રાજાને અન્ય કોઈ દિવસે શંખતલ સમાન વિમલ, ચાર દાંતવાળો હસ્તિરત્ન ઉત્પન્ન થશે. ત્યારે તે દેવસેન રાજા તે શંખતલ સમાન વિમલ, ચતુર્દન્ત હસ્તીરત્ન ઉપર આરૂઢ થઈને શતદ્વાર નગરની વચ્ચોવચ્ચથી વારંવાર આવશે-જશે ત્યારે શતદ્વાર નગરમાં ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સર્વે એકબીજાને બોલાવીને પરસ્પર કહેશે કે હે દેવાનુપ્રિયો ! જેથી આપણો દેવસેન રાજા શંખતલ સમાન વિમલ, ચતુર્દન્ત હસ્તિરત્ન ઉત્પન્ન થયો છે, તેથી હે દેવાનુપ્રિયો ! આપણા દેવસેન રાજાનું ત્રીજું નામ વિમલવાહન થાઓ, ત્યારથી

તે દેવસેન રાજાનું ત્રીજું નામ વિમલવાહન થશે.

ત્યારે તે વિમલવાહન રાજા અન્ય કોઈ દિવસે શ્રમણનિર્ગ્રન્થ પ્રત્યે મિથ્યાત્વને અંગીકૃત્ કરશે. તે કેટલાંક શ્રમણો પ્રત્યે આક્રોશ કરશે, કેટલાંકનો ઉપહાસ કરશે, કેટલાંકને એકમેકથી અલગ કરશે, કેટલાંકની ભર્ત્સના કરશે, કેટલાંકને બાંધશે, કેટલાંકને નિરુંભશે, કેટલાંકનો અંગચ્છેદ કરશે, કેટલાંકને મારશે, ઉપદ્રવ કરશે, વસ્ત્ર-પાત્ર-કંબલ-પાદ પ્રૌંછનકને છિન્નભિન્ન કરશે - નાશ કરશે - અપહરણ કરશે, કેટલાંકના ભોજન-પાનનો વિચ્છેદ કરશે, કેટલાંકને નિર્નગર કરશે, કેટલાંકને નિર્વાસિત કરશે.

ત્યારે શતદ્વાર નગરમાં ઘણા રાજા, ઈશ્વર યાવત્ કહેશે - હે દેવાનુપ્રિયો ! વિમલવાહન રાજા શ્રમણ નિર્ગ્રન્થ પ્રતિ મિથ્યાત્વવાસિત થઈને કેટલાંક શ્રમણાદિ પ્રત્યે આક્રોશ કરે છે યાવત્ નિર્વાસિત કરે છે. હે દેવાનુપ્રિયો ! તે આપણે માટે શ્રેયસ્કર નથી, તે વિમલવાહન રાજા માટે પણ શ્રેયસ્કર નથી, તે રાજ્ય-રાષ્ટ્ર-સૈન્ય-વાહન-પુર-અંતઃપુર કે જનપદ માટે પણ શ્રેયસ્કર નથી કે જે આ વિમલવાહન રાજા શ્રમણ-નિર્ગ્રન્થો પ્રત્યે મિથ્યાત્વી થયો છે. હે દેવાનુપ્રિયો ! તો શ્રેયસ્કર છે કે આપણે વિમલવાહન રાજાને આ વિષયમાં વિનયપૂર્વક કહીએ.

— આ પ્રમાણે વિચારી એકબીજાની પાસે આ અર્થને સ્વીકારીને વિમલવાહન રાજા પાસે જશે, જઈને બે હાથ જોડી, વિમલવાહન રાજાને જય વિજય વડે વધાવીને એમ કહેશે — હે દેવાનુપ્રિય ! શ્રમણ નિર્ગ્રન્થો પ્રતિ આપ મિથ્યાત્વી થયા છો. કેટલાંક પર આપ આક્રોશ કરો છો યાવત્ કેટલાંકને આપ નિર્વાસિત કરો છો, હે દેવાનુપ્રિય ! તે આપના કે અમારા માટે શ્રેયસ્કર નથી, રાજ્ય, રાષ્ટ્ર યાવત્ જનપદ માટે પણ શ્રેયસ્કર નથી કે આપ દેવાનુપ્રિય શ્રમણ નિર્ગ્રન્થ પ્રતિ અનાર્યત્વ સ્વીકારો. હે દેવાનુપ્રિય ! આપ આ અકાર્યથી અટકો.

ત્યારે તે વિમલવાહન રાજા, તે ઘણાં રાજા, ઈશ્વર યાવત્ સાર્થવાહ આદિ વિનયપૂર્વક કહેશે, ત્યારે "ધર્મ કંઈ નથી, તપ મિથ્યા છે" એવી બુદ્ધિ છતાં મિથ્યા વિનય બતાવી આ વાતને સ્વીકારી લેશે.

તે શતદ્વાર નગરની બહાર ઈશાન ખૂણામાં સુભૂમિભાગ નામે ઉદ્યાન હશે. તે સર્વઋતુક૦ આદિ હશે.

તે કાળે, તે સમયે વિમલ અરહંતના પ્રશિષ્ય સુમંગલ નામે અણગાર, જાતિસંપન્નાદિ ધર્મઘોષ અણગાર સમાન હશે યાવત્ તેઓ સંક્ષિપ્ત-વિપુલ તેજોલેશ્યાવાળા, ત્રણ જ્ઞાન વડે યુક્ત હશે. તેઓ સુભૂમિભાગ ઉદ્યાનની કંઈક સમીપે નિરંતર છઠ્ઠ-છઠ્ઠ તપ કરતા યાવત્ આતાપના લેતા વિચરશે.

ત્યારે અન્ય કોઈ દિવસે તે વિમલવાહન રાજા રથચર્યા કરવા નીકળશે. ત્યારે તે રાજા સુભૂમિભાગ ઉદ્યાનની કંઈક સમીપથી રથચર્યા કરતા નિરંતર છઠ્ઠ છઠ્ઠના તપપૂર્વક યાવત્ આતાપના લેતા સુમંગલ અણગારને જોશે. જોઈને ક્રોધિત થઈ યાવત્ ધમધમતો, સુમંગલ અણગારને રથશિર વડે પાડી દેશે. ત્યારે તે સુમંગલ અણગાર, વિમલવાહન રાજા દ્વારા રથશિર વડે પાડી દેવાતા, ધીમે





ધીમે ઉઠ્યા, ઉઠીને ફરી બીજી વખત ઉંચા હાથ રાખીને યાવત્ આતાપના લેતા વિચરવા લાગશે.

ત્યારે તે રાજા, સુમંગલ અણગારને બીજી વખત પણ રથના અગ્રભાગથી પાડી દેશે, ત્યારે તે સુમંગલ મુનિ, વિમલવાહને બીજી વખત પાડી દીધા પછી પણ ધીમે ધીમે ઉઠી જશે, ઉઠીને અવધિજ્ઞાન પ્રયોજશે, પછી વિમલવાહન રાજાનો ભૂતકાળ અવધિજ્ઞાનથી જોશે. જોઈને રાજાને એમ કહેશે કે — તું વિમલવાહન રાજા નથી, તું દેવસેન કે મહાપદ્મ પણ નથી, તું આજથી પૂર્વે ત્રીજા ભવમાં ગોશાલક નામે મંખલિપુત્ર હતો, શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે મૃત્યુ પામેલ.

તે સમયે સર્વાનુભૂતિ અણગાર સમર્થ હોવા છતાં (તારો અપરાધ) સમ્યક્ પ્રકારે સહેલ, ખમેલ, તિતિક્ષેલ, અધ્યાસિત કરેલ. એ પ્રમાણે ત્યારે સુનક્ષત્ર અણગારે પણ યાવત્ અધ્યાસિત કરેલ. જે સમયે શ્રમણ ભગવંત મહાવીરે પણ સમર્થ હોવા છતાં યાવત્ અધ્યાસિત કરેલ. પરંતુ હું તે પ્રમાણે સહન યાવત્ અધ્યાસિત કરીશ નહીં. હું તને મારા તપ-તેજથી તારા ઘોડા, રથ અને સારથિ સહિત એક જ પ્રહારમાં કૂટાઘાત સમાન ભસ્મરાશિ કરી દઈશ.

ત્યારે તે વિમલવાહન રાજા, સુમંગલ અણગારને આમ કહેતા સાંભળીને ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતો, સુમંગલ અણગારને ત્રીજી વખત રથના અગ્રભાગથી પાડી દેશે. ત્યારે તે સુમંગલ અણગાર, વિમલવાહન રાજાએ ત્રીજી વખત પાડી દેતા ક્રોધિત થઈ યાવત્ દાંત કચકચાવતા આતાપના ભૂમિથી ઉતરશે, ઉતરીને તૈજસ સમુદ્ઘાતથી સમવહન થઈને સાત-આઠ ડગલાં પાછા ખસશે, ખસીને વિમલવાહન રાજાને ઘોડા-રથ-સારથીસહિત પોતાના તપ-તેજથી ભસ્મરાશિ કરી દેશે.

ભગવન્ ! સુમંગલ અણગાર વિમલવાહન રાજાને ઘોડા સહિત યાવત્ ભસ્મરાશિ કરીને ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ? ગૌતમ ! સુમંગલ અણગાર - x - ત્યારપછી ઘણાં ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ, દશમ, બારસ યાવત્ વિચિત્ર તપકર્મોથી પોતાના આત્માને ભાવિત કરતાં ઘણાં વર્ષો શ્રામણ્ય પર્યાય પાળશે, પાળીને માસિકી સંલેખના કરી ૬૦ ભક્તોને અનશન વડે યાવત્ છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ ચંદ્રથી પણ ઉંચે યાવત્ ૧૦૦ ગ્રૈવેયક વિમાનાવાસ ઓળંગી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉપજશે. ત્યાં દેવોની અજઘન્ય-ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમની સ્થિતિ હોય છે, ત્યાં સુમંગલદેવની પણ અજઘન્યોત્કૃષ્ટ ૩૩-સાગરોપમની સ્થિતિ થશે.

ભગવન્ ! તે સુમંગલ દેવ તે દેવલોકથી ચ્યવી યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ દુઃખોનો અંત કરશે.

● **વિવેચન-૬૫૫ થી ૬૫૭ :-**

શાલકોષ્ઠક ચૈત્યનું વર્ણન કરવું, પૃથ્વીશિલાપટ્ટકનું વર્ણન કરવું યાવત્ - x - ઉત્તમ અશોકવૃક્ષની નીચે - x - ઈત્યાદિ.

માલુકા નામે એક અસ્થિક વૃક્ષ વિશેષ, તેનું જે ગહન તે માલુયાકચ્છ. - -

શરીર વ્યાપકત્વથી વિપુલ, રોગ-પીડાકારી તે જ આતંક-વ્યાધિ તે રોગાતંક. उज्जवल - તીવ્ર, યાવત્ શબ્દથી આમ કહેવું — तिउल - મનોવચનકાય લક્ષણના અનર્થને માટે જય કરે છે. पगाढ - પ્રકર્ષ कक्कस - કર્કશદ્રવ્યત્ અનિષ્ટ, चंड - રૌદ્ર, तिव्व - સામાન્યથી મરણનો હેતુ, दुक्ख - દુઃખના હેતુરૂપ, ક્યાંક दुग्ग શબ્દ છે - દુર્ગમવત્. दुरहियास દુરધિસહ્ય, સહેવી અશક્ય. જેને દાહ ઉત્પન્ન થયો છે દાહ વ્યુત્ક્રાંતિક - x - लोहियवच्चाइं - લોહીના ઝાડા, તે અત્યંત વેદના ઉત્પાદક રોગ થવાથી થાય છે. चाउवण्ण - બ્રાહ્મણાદિ લોક.

झाणंतरियाए - એક ધ્યાનની સમાપ્તિ, બીજાનો આરંભ. मणोमाणसिएण - મનમાં જ, બાહ્ય વચનાદિ વડે અપ્રકાશિત માનસિક દુઃખ, दुवे कवोया - કબૂતર પક્ષીના વર્ણ સમાન કપોત-કૂષ્માંડ, નાના કપોતક જેવું શરીર-વનસ્પતિદેહ હોવાથી કપોત શરીર અથવા કપોત શરીર માફક ધૂસરવર્ણ સદેશ કપોતક ફળ અર્થાત્ કુષ્માંડ ફળ, તે સંસ્કારિત કરેલ. તેમાં ઘણાં પાપપણાથી તેનું પ્રયોજન નથી. - x - मज्जारकडए - માર્જાર નામક વાયુ વિશેષના ઉપશમન માટે સંસ્કારેલ તે માર્જારકૃત્ બીજા કહે છે કે માર્જાર-બિડાલ નામે વનસ્પતિ વિશેષ વડે કરાયેલ. તે બીજપૂરક કટાહ એટલે બિજૌરાપાક કહેવાય છે. નિરવધ હોવાથી તે લાવ.

पत्तग मोएति - પાત્રક એટલે પિઠરક, સીક્કા ઉપરથી તેને ઉતાર્યુ. जहा विजय० આ શતકમાં ‘વિજય’ના વસુધારાદિ યુક્ત વર્ણન છે, તે અહીં કહેવું. बिलमिव० બિલ એટલે છિદ્ર, તેમાં સર્પ પ્રવેશે, તેમ પોતાને કલ્પીને સિંહ અણગારે લાવેલ આહારને શરીર કોઠામાં નાંખે છે. हट्ठ - નિર્વ્યાધિ, अरोग - પીડારહિત, तुष्ट - સંતુષ્ટ, हृष्ट - વિસ્મીત. - x -

भारग्गसो - ભાર પ્રમાણ, ભારક એટલે પુરુષો દ્વારા ઉપાડાનાર ૧૨૦ પલ પ્રમાણ. कुंभग्गसो - અનેક કુંભપ્રમાણ, જઘન્યથી ૬૦ આઢક, મધ્યમથી-૮૦ આઢક, ઉત્કૃષ્ટથી ૧૦૦ આઢક પ્રમાણ. પદ્મ અને રત્નની વર્ષા सेए - શ્વેત, संखदल० શંખનો જે ખંડ કે તલ, તેના રૂપ વિમલ, તદ્વત્.

आउसिहिइ - આક્રોશ વચન કહેવા, निच्छोडेहिइ - હાથ વગેરે અવયવને છૂટા કરવા, निब्भत्थेहिए - આક્રોશ સિવાયના દુર્વચનો કહેવા, पमारेहिइ - મરણ ક્રિયાનો પ્રારંભ કરશે. उद्दवेहिइ - ઉપદ્રવ કરશે અથવા મારશે અને ઉપદ્રવ કરશે. आच्छिंदिहिइ - થોડું છેદશે, विच्छिंदेहिइ - વિશેષથી કે વિવિધ રીતે છેદશે. भिंदिहिइ - તોડફોડ કરશે, अवहरिहिइ - અપહરણ કરશે, ઉછાળી દેશે. निन्नगर - નગરથી બહાર કરશે.

रज्जस्स - રાજ્ય, રાજ્યાદિ પદાર્થ સમુદાય એટલે સ્વામી, અમાત્ય, રાષ્ટ્ર, કોશ, દુર્ગ, સૈન્ય, મિત્રો એ રાજ્યના સાત અંગો છે. રાષ્ટ્રાદિ તેનાથી વિશેષ છે. રાષ્ટ્ર-જનપદનો એક દેશ. विरमंतुणं० વિરમણ કદાચ વચનાદિ અપેક્ષાએ પણ થાય, તેથી કહે છે — કરણનો નિષેધ.

विमलस्स - વિમલજિન, ઉત્સર્પિણીમાં ૨૧માં થશે, તેવું સમવાયાંગમાં કહેલ છે. તે અવસર્પિણીમાં ચોથા જિનના સ્થાને પ્રાપ્ત થાય છે, તેથી અર્વાચીન જિન અંતરમાં ઘણાં કરોડ સાગરોપમને ઓળંગીને પ્રાપ્ત થાય. આ મહાપદ્મનું ૨૨-સાગરોપમ



આયુ થશે, તેથી આ આલાવો દુર્ગમ છે. અથવા જે ૨૨-સાગરોપમાંતે ઉત્સર્પિણીમાં જે તીર્થંકર થશે, તે પણ વિમલ નામે સંભવે છે. કેમકે મહાપુરુષોના અનેક નામો હોઈ શકે છે. - - पउप्पए - પ્રશિષ્ય. जहा धम्मघोस० ૧૧માં શતકના ૧૧માં ઉદ્દેશામાં કહેવાયેલ ધર્મઘોષનું વર્ણન અહીં કહેવું - x -

नोल्लावेहिइ - પ્રેરશે, સહિત આદિ એકાર્થ છે.

● **સૂત્ર-૬૫૮ :-**

***ભગવન્ ! વિમલવાહન રાજા, સુમંગલ અણગાર દ્વારા ઘોડા સહિત યાવત્ ભસ્મરાશિ કરાતા ક્યાં જશે ? ક્યાં ઉત્પન્ન થશે ?***

***હે ગૌતમ! - x - તે અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટ. કાળ સ્થિતિ નરકમાં નૈરયિકપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને મત્સ્ય થશે, તે ત્યાં શસ્ત્રવધથી દાહપીડા થતાં કાળમાસે કાળ કરીને બીજી વખત પણ અધઃસપ્તમી પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ સ્થિતિ નૈરયિકરૂપે ઉપજશે. ત્યાંથી ચ્યવી અનંતર મત્સ્યપણે ઉપજશે.***

***ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને છઠ્ઠી તમા પૃથ્વીમાં ઉત્કૃષ્ટી કાળ સ્થિતિવાળા નરકમાં નૈરયિકરૂપે ઉપજશે. તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને સ્ત્રીરૂપે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી દાહ પામી યાવત્ બીજી વખત છઠ્ઠી તમા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ યાવત્ ઉદ્વર્તીને ફરી સ્ત્રી થશે.***

***સ્ત્રીપણામાં ફરી શસ્ત્ર વધથી યાવત્ મરીને પાંચમી ધૂમપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળ યાવત્ ઉદ્વર્તીને ઉરઃપરિસર્પમાં ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને બીજી વખત પાંચમીમાં યાવત્ ત્યાંથી ઉદ્વર્તીને બીજી વખત ઉરઃપરિસર્પમાં ઉપજશે.***

***ત્યાંથી યાવત્ મરીને ચોથી પંકપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ કાળ સ્થિતિમાં ઉપજી યાવત્ ઉદ્વર્તીને સીંહપણે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી તે જ પ્રમાણે યાવત્ મરીને ફરી બીજી વખત ચોથી પંકપ્રભામાં યાવત્ ઉદ્વર્તીને બીજી વખત પણ સીંહપણે ઉપજશે.***

***સીંહપણે યાવત્ મરીને ત્રીજી વાલુકાપ્રભામાં ઉત્કૃષ્ટકાલ યાવત્ ઉદ્વર્તીને પક્ષીમાં ઉત્પન્ન થશે. તેમાં પણ શસ્ત્ર વધથી યાવત્ મરીને બીજી વખત વાલુકાપ્રભામાં યાવત્ ઉદ્વર્તીને બીજી વખત પક્ષી થશે.***

***પક્ષીપણે યાવત્ મરીને બીજી શર્કરાપ્રભામાં જશે યાવત્ ઉદ્વર્તીને સરિસર્પમાં ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને ફરી બીજી વખત શર્કરાપ્રભામાં જશે યાવત્ ઉદ્વર્તીને સરીસર્પમાં ઉપજશે.***

***સરીસર્પમાંથી યાવત્ મરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટકાળ સ્થિતિક નરકમાં નૈરયિકપણે ઉપજશે. યાવત્ ઉદ્વર્તીને સંજ્ઞીમાં ઉપજશે, ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને અસંજ્ઞીમાં ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરીને બીજી વખત આ રત્નપ્રભામાં પલ્યોપમના અસંખ્યાત ભાગ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિક થશે.***

***તે ત્યાંથી ઉદ્વર્તીને યાવત્ જે આ ખેચર જીવોના ભેદ છે તે થશે. જેમકે***

*ચર્મપક્ષી, રોમપક્ષી, સમુદ્ગકપક્ષી, વિતતપક્ષી, તેમાં અનેક લાખ વખત મરી-મરી તેમાં જ વારંવાર જન્મ લેશે. બધે જ શસ્ત્ર વધથી દાહવેદનાપૂર્વક કાળમાસે કાળ કરીને — ... જે આ ભુજ પરિસર્પના ભેદોમાં ઉપજશે. જેમકે - ગોધ, નકુલ ઈત્યાદિ 'પ્રજ્ઞાપના' સૂત્રમાં કહ્યા મુજબ યાવત્ જાહકાદિ. ત્યાં અનેક લાખ વાર યાવત્ ખેચરવત્ બધું કહેવું યાવત્ ત્યાંથી મરીને જે આ ઉર પરિસર્પના ભેદો છે, જેમકે — સર્પ, અજગર, આશાલિક, મહોરગ આદિમાં અનેક લાખ વાર ઉપજશે યાવત્ મરીને જે આ ચતુષ્પદના ભેદો છે - જેમકે - એકખુર, દ્વિખુર, ગંડીપદ, સનખ પદાદિ તેમાં અનેક લાખ વાર ઉપજશે યાવત્ મરીને જે આ જલચરના ભેદો છે - જેમકે - મત્સ્ય, કચ્છભ યાવત્ સુંસુમાર તેમાં અનેક લાખ વખત ઉપજશે. યાવત્ તેમાં મરીને—*

*— જે આ ચતુરિન્દ્રિયના ભેદો છે. જેમકે - અંધિક, પૌત્રિકાદિ જેમ પન્નવણા પદમાં કહ્યા છે યાવત્ ગોમયકીડો, તેમાં અનેક લાખ ભવોમાં ઉપજી યાવત્ મરીને જે આ તેઈન્દ્રિયના ભેદો છે જેમકે - ઉપચિત યાવત્ હસ્તિસૌંડ, તેમાં અનેક લાખ ભવ કરી યાવત્ જે આ બેઈન્દ્રિયના ભેદો છે, જેમકે - પુલાકૃમિ યાવત્ સમુદ્રલિક્ષા, તેમાં અનેક લાખ ભવ કરીને યાવત્ મરીને —*

*— જે આ વનસ્પતિકાયના ભેદો છે. જેમકે - વૃક્ષ, ગુચ્છ યાવત્ કુહગ, તેમાં અનેક લાખ ભવ કરીને યાવત્ મરીને પછી વિશેષ કટુ રસવાળા વૃક્ષો અને વેલોમાં ઉપજશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરીને જે આ વાઉકાયિકના ભેદો છે. જેમકે - પૂર્વવાયુ યાવત્ શુદ્ધ વાયુ, તેમાં અનેક લાખ ભવો કરીને યાવત્ મરીને, જે આ તેઉકાયિકના ભેદો છે, જેમકે - અંગાર યાવત્ સૂર્યકાંતમણિ નિઃસૃત અગ્નિ આદિમાં અનેક લાખ ભવો કરીને યાવત્ મરશે. પછી જે આ અપ્કાયિકના ભેદો છે, જેમકે ઓસ યાવત્ ખાઈનું પાણી, તેમાં અનેક લાખ ભવો કરશે યાવત્ (મરી મરીને ફરી) જન્મશે-વિશેષતયા ખારા પાણી તથા ખાઈના પાણીમાં ઉત્પન્ન થશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરીને, જે આ પૃથ્વીકાયિકના ભેદો છે, જેમકે - પૃથ્વી, શર્કરા, યાવત્ સૂર્યકાંત મણિ, તેમાં અનેક લાખ વખત યાવત્ ફરી ફરીને જન્મશે. વિશેષતયા તે ખર-બાદર પૃથ્વીકાયિકમાં જન્મશે. બધે જ શસ્ત્રવધથી યાવત્ મરણ પામીને —*

*રાજગૃહનગર બહાર વેશ્યારૂપે ઉત્પન્ન થશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરણ પામીને બીજી વખત રાજગૃહનગરની અંદર વેશ્યાપણે ઉપજશે. ત્યાં પણ શસ્ત્રવધથી યાવત્ મરણ પામશે.*

● **વિવેચન-૬૫૮ :-**

सत्थवज्झे - શસ્ત્રથી વધ થઈને દાહ ઉત્પત્તિથી કાળ કરે તે. અહીં યથોક્ત ક્રમથી અસંજ્ઞી આદિ રત્નપ્રભાદિમાં જે ઉત્પન્ન થાય છે. તે આ ઉત્પાદિત છે. કહ્યું છે કે અસંજ્ઞી પહેલી નરકમાં, સરિસૃપ બીજીમાં, પક્ષી ત્રીજીમાં, સીંહો ચોથીમાં, ઉરપરિસર્પ પાંચમીમાં, સ્ત્રીઓ છઠ્ઠીમાં, મત્સ્ય અને મનુષ્યો સાતમી નરક પૃથ્વીમાં (જઈ શકે).

विहाण - ભેદો. चम्मपक्खी - વલ્ગુલી આદિ, लोमपक्खी - હંસ આદિ,



समुग्गपक्खा - સમુદ્ગકાકાર પાંખવાળા મનુષ્ય ક્ષેત્રની બહાર રહેલા, वियपक्खा - વિસ્તારિત પાંખોવાળા સમયક્ષેત્ર બહાર રહેલા. अणेगसय० ઈત્યાદિ જે કહ્યું, તે આંતર જ જાણવું, નિરંતર પંચેન્દ્રિયત્વ પામેલને ઉત્કર્ષથી આઠ ભવ પ્રમાણ જ. - x - जहा पन्नवणाए - પ્રજ્ઞાપનાના પહેલા પદમાં છે - - एगखुर - અશ્વાદિ, दुखुर - ગાય આદિ, गंडीपद - હાથી આદિ, सणहप्पय - સિંહાદિ નખવાળા.

कच्छभ આદિથી ગ્રાહ, મગર, પોત્તિક લેવા. जहा पन्नवणा વડે આમ સૂચવે છે - મત્સ્યાદિ. उवचियाण० આદિ શબ્દથી રોહિણિય, કૂંથુ, પિપિલિકા ઈત્યાદિ. पुलाकिमिय० અહીં યાવત્ શબ્દથી કુક્ષિકૃમિ, ગંડોલક, ગોલોમ આદિ લેવા. વૃક્ષોમાં એકાસ્થિક, બહુબીજક ભેદથી બે ભેદ, તેમાં એકાસ્થિક તે નિંબ, આમ્ર આદિ, बहुबीज થી અસ્થિક, તિંદુકાદિ લેવા, गुच्छ - વૃંતાકી આદિ, યાવત્ શબ્દથી ગુલ્મ, લતા, વલ્લી, પર્વક, તૃણ, વલય, હરિત, ઔષધિ, જલરુહ લેવા. તેમાં ગુલ્મ-નવમાલિકા આદિ, લતા - પદ્મલતા આદિ, વલ્લી-પુષ્પફલી આદિ, પર્વક-શેરડી આદિ, તૃણ-દર્ભ, કુશ આદિ, વલય-તાલ, તમાલાદિ, હરિત-અધ્યારોહક, તંદુલીયકાદિ, ઔષધિ-શાલિ, ઘઉં આદિ, જલરુહ-કુમુદાદિ જાણવા.

कुहुण - અપ્કાય વગેરે ભૂમિ ફોડા. उस्सन्न - બહુલતાથી, पाईणवाय - પૂર્વ વાયુ યાવત્ શબ્દથી પડીણવાયુ, દક્ષિણવાયુ ઈત્યાદિ, सुद्धवायाणं - મંદ સ્તિમિત વાયુ, इंगाल - અંગારા, અહીં યાવત્ શબ્દથી જ્વાલા, મુર્મુર, અર્ચીઃ ઈત્યાદિ. તેમાં જ્વાલા - પવન સંબદ્ધ સ્વરૂપ, મુર્મુર-કુંકુકાદિમાં મસૃણ અગ્નિરૂપ, અર્ચિષ્ - વાયુ પ્રતિબદ્ધ જ્વાલા ओसाण - રાત્રિ જલ, અહીં યાવત્ શબ્દથી હિમ, મહિકાદિ લેવા. खाओदय - ભૂમિમાં જે જળ છે તે, पुढवि० માટી, શર્કરાદિ. યાવત્ શબ્દથી વાલુકા, ઉપલ લેવું, सूरकंत - મણિ વિશેષ, बाहिं खरियत्ता - નગર બહારવર્તી વેશ્યાપણે- x -

● **સૂત્ર-૬૫૯ :-**

*આ જ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં વિંધ્યગિરિની તળેટીમાં બેભેલ સંનિવેશમાં બ્રાહ્મણ કુળમાં બાલિકારૂપે જન્મશે. ત્યારે તે બાલિકા બાલ્યભાવ છોડીને યૌવનને પ્રાપ્ત કરશે, ત્યારે તેના માતા-પિતા ઉચિત શુલ્ક અને ઉચિત વિનય દ્વારા પ્રતિરૂપ પતિને પત્નીરૂપે આપશે.*

*તેણી તેની પત્ની થશે, તે (પતિને) ઈષ્ટ, કાંત, યાવત્ અનુમત ભાંડ કરંડક સમાન, રત્નના પટારા સમાન સુરક્ષિત, વસ્ત્રોની પેટી સમાન સુસંપરિગૃહ, રત્નકરંડક સમાન સુસારક્ષિત, સુસંગોપિત, શીત કે ઉષ્ણ યાવત્ પરીષહોપસર્ગ તેને ન સ્પર્શે. (એ રીતે રાખી) ત્યારે તે બાલિકા અન્ય કોઈ દિવસે ગર્ભિણી થઈ શ્વશૂર કૂળથી પીયર જતી એવી માર્ગમાં દાવાગ્નિની જ્વાલાથી પીડિત થઈ કાળમાસે કાળ કરીને દક્ષિણદિશાના અગ્નિકુમાર દેવોમાં દેવપણે થશે.*

*તે દેવ ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીરને પામશે ત્યાં કેવલ બોધિને પામશે, પામીને મુંડ થઈને ઘર છોડીને અણગાર પ્રવ્રજ્યા લેશે. ત્યાં પણ શ્રામણ્ય વિરાધી કાળમાસે કાળ માસે કાળ કરી દક્ષિણના અસુરકુમાર દેવોમાં દેવપણે ઉપજશે. તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામીને, પૂર્વવત્ યાવત્ ત્યાં*

*પણ શ્રામણ્ય વિરાધી કાળ માસે યાવત્ કરીને દક્ષિણ દિશામાં નાગકુમાર દેવોમાં દેવપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ચ્યવીને૰ આ આલાવાઓ વડે દક્ષિણ દિશાના સુવર્ણકુમારોમાં, એ રીતે વિદ્યુત્કુમારોમાં ઉત્પન્ન થશે, આ રીતે અગ્નિકુમાર દેવોને છોડીને યાવત્ દક્ષિણ દિશાના સ્તનિતકુમારોમાં ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી યાવત્ ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામશે યાવત્ શ્રામણ્ય વિરાધી જ્યોતિષ્ક દેવોમાં ઉત્પન્ન થશે, તે ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીર પામીને યાવત્ અવિરાહિત શ્રામણ્યથી કાળમાસે કાળ કરીને સૌધર્મ કલ્પે દેવપણે ઉપજશે. તે ત્યાંથી અનંતર ચ્યવીને મનુષ્ય શરીર પામીને કેવલ બોધિ પામશે, ત્યાં પણ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળ માસે કાળ કરીને ઈશાન કલ્પે દેવપણે ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી ચ્યવીને મનુષ્ય શરીર પામશે, ત્યાં પણ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળમાસે કાળ કરીને સનત્કુમાર કલ્પે દેવપણે ઉપજશે. તે ત્યાંથી ચ્યવીને૰ એ પ્રમાણે જેમ સનત્કુમાર, તેમ બ્રહ્મલોક, મહાશુક્ર, આનત, આરણમાં (ઉપજશે). તે ત્યાંથી યાવત્ શ્રામણ્ય વિરાધ્યા વિના કાળમાસે કાળ કરી સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થશે.*

*તે ત્યાંથી અનંતર ચ્યવીને મહાવિદેહ વર્ષ ક્ષેત્રમાં. જે આ કુળો છે - આઢ્ય યાવત્ અપરિભૂત, તેવા પ્રકારના કુળમાં પુત્રરૂપે જન્મશે. એ પ્રમાણે જેમ 'ઉવવાઈ'માં દૃઢ પ્રતિજ્ઞની વક્તવ્યતા કહી છે, તે સમગ્ર વક્તવ્યતા સંપૂર્ણ અહીં કહેવી. યાવત્ ઉત્તમ કેવળ જ્ઞાનદર્શન ઉત્પન્ન થશે.*

*ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ કેવલી પોતાનો અતીતકાળ ઉપયોગપૂર્વક જોશે. જોઈને શ્રમણ નિર્ગ્રન્થોને બોલાવશે, બોલાવીને આમ કહેશે — હે આર્યો ! હું દીર્ઘકાળ પૂર્વે ગોશાલક નામક મંખલિપુત્ર હતો. શ્રમણઘાતક યાવત્ છદ્મસ્થપણે જ કાળ પામ્યો. હે આર્યો ! તે પાપમૂલક (કર્મોના ફળરૂપે) હું અનાદિ અનંત દીર્ઘમાર્ગવાળા ચાતુરંત સંસાર કાંતારમાં ભમ્યો. તેથી હે આર્યો ! તમારામાંથી કોઈએ પણ આચાર્ય પ્રત્યનીક, ઉપાધ્યાય પ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયના અયશ-અવર્ણ-અકીર્તિ કરનારા ન થવું. મેં જે રીતે અનાદિ અનંત યાવત્ સંસાર કાંતારનું પરિભ્રમણ કર્યુ, તેમ તમે સંસારાટવીમાં પરિભ્રમણ ન કરજો.*

*ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો દૃઢપ્રતિજ્ઞ કેવલીની પાસે આ વાત સાંભળી, અવધારી ભયભીત થયા, ત્રાસ પામ્યા, સંસારના ભયથી ઉદ્વિગ્ન થઈ દૃઢ પ્રતિજ્ઞ કેવલીને વંદન-નમન કરશે. કરીને તે સ્થાનની આલોચના, નિંદા યાવત્ તપશ્ચરણનો સ્વીકાર કરશે.*

*ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણાં વર્ષો કેવલપર્યાયને પાળીને, પોતાના આયુષ્યને શેષ જાણીને ભક્ત પ્રત્યાખ્યાન કરશે. એ પ્રમાણે જેમ "ઉવવાઈ" સૂત્રમાં કહ્યું. તેમ યાવત્ સર્વે દુઃખોનો અંત કરશે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૬૫૯ :-**

પડિરૂવિએણ - ઉચિત શુલ્ક દઈને. ભંડકરંડગસમાણે - આભરણ ભાજન તુલ્ય



આદેય. તેલ્લકેલા૰ તેલના આશ્રય ભાજન વિશેષ - x - તે સારી રીતે સંગોપનીય હોય છે, અન્યથા ઢોળાતા તેલની હાનિ થાય છે. ચેલપેડા૰ વસ્ત્રોની પેટી માફક સારી રીતે સંપરિવૃત્ત-નિરૂપદ્રવ સ્થાને રાખેલ.

દાહિણિલ્લેસુ૰ વિરાધિત શ્રામણ્યત્વથી અસુરકુમાર થયો, અન્યથા વૈમાનિકમાં જ ઉત્પત્તિ થાય છે. અહીં જે 'દાક્ષિણ્યમાં' કહ્યું. તે તેના ક્રૂરકર્મત્વથી દક્ષિણ ક્ષેત્રમાં ઉત્પાદ થાય, એમ જાણવું.

અવિરાહિય સામન્ન એટલે આરાધિત ચારિત્ર. અહીં આરાધિત ચારિત્રથી - ચારિત્ર સ્વીકારના સમયથી આરંભીને મરણ પર્યન્ત નિરતિચાર પણે તેનું પાલન કરવું. કહ્યું છે કે — અહીં આરાધના, ચારિત્રના સ્વીકાર સમયથી આરંભીને આમરણાંત અજસ્ર વિધિથી સંયમ પાળવો.

આ પ્રમાણે અહીં જો કે ચારિત્ર સ્વીકાર ભવે વિરાધના યુક્ત અગ્નિકુમાર વર્જિત ભવનપતિ, જ્યોતિષ્ક હેતુ ભવ સહિત દશ, અવિરાધના ભવો યથોક્ત સૌધર્માદિ દેવલોક સર્વાર્થસિદ્ધિ ઉત્પત્તિ હેતુ સાત અને આઠમાં સિદ્ધિગમન રૂપ અંતિમ ભવ, એમ આઠ ભવ થાય છે. સાંભળેલ છે કે ચારિત્ર આઠ ભવ જ હોય, તો પણ વિરોધ નથી. કેમકે અવિરાધિત ભવોનું જ ગ્રહણ કરવું. બીજા કહે છે — "ચારિત્ર પ્રાપ્તિ આઠ ભવ સુધી જ થાય" તેથી આ સૂત્રમાં - x - ચારિત્ર સ્વીકાર વિશેષિત જ ભવ લેવા. આરાધના, વિરાધના વિશેષણ ન કરવું, અન્યથા જે ભગવંત મહાવીરે હાલિકને જે પ્રવ્રજ્યા બીજ આપેલ, તે નિરર્થક થાય. કેમકે સમ્યક્ત્વ માત્રથી જ બીજ માત્ર સિદ્ધ છે. જે ચારિત્ર દાન તે આઠમાં ચારિત્રમાં સિદ્ધિ છે. - x - જે દશ વિરાધના ભવોમાં તેનું ચારિત્ર કહ્યું તે દ્રવ્યથી પણ હોય, તેથી તેમાં દોષ નથી. - x - x - વળી ચૂર્ણિકારે આરાધના પક્ષને સમર્થન આપેલ છે. जहा उववाइए - અંબડ પરિવ્રાજક કથાનક જાણવું.

*આ શતકમાં ગોશાલકનો વર્તમાન ભવ અને ભાવિ ભવો દર્શાવ્યા છે, ગોશાલકના પૂર્વભવનું કથાનક 'મહાનિશીથ' સૂત્રમાં આવે છે. જિજ્ઞાસુઓએ અમારા મહાનિશીથના અનુવાદને અથવા આગમ કથાનુયોગ જોવા*

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૫-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ૬ શતક-૧૬ ૬
-- x -- x --

૦ ૧૫માં શતકની વ્યાખ્યા કરી. તેમાં એકેન્દ્રિયોમાં ગોશાળાના જીવના અનેક વખત જન્મ-મરણ કહ્યા. અહીં પણ જીવના જન્મમરણાદિ કહે છે. એ સંબંધથી આવેલ આ શતકની ઉદ્દેશક સૂચક ગાથા —

● સૂત્ર-૬૬૦ :-

*અધિકરણી, જરા, કર્મ, યાવતીય, ગંગદત્ત, સ્વપ્ન, ઉપયોગ, લોક, બલિ, અવધિ, દ્વીપ, ઉદધિ, દિશા, સ્તનિત આ ૧૪-ઉદ્દેશા છે.*

● વિવેચન-૬૬૦ :-

(૧) અધિકરણી - લોઢા આદિને કૂટવાની એરણ, લોઢાનું ઉપકરણ વિશેષ, તે વગેરે પદાર્થ વિશેષિત અર્થ-વિષયનો ઉદ્દેશક તે અધિકરણી. (૨) જરા-જરા આદિ અર્થ વિષયત્વથી, (૩) કર્મ-કર્મપ્રકૃતિ આદિ અર્થ વિષયપણાથી, (૪) જાવઈય-આ આદિ શબ્દથી ઉપલક્ષિત ઉદ્દેશો.

(૫) ગંગદત્ત - આ દેવ વક્તવ્યતા પ્રતિબદ્ધ. (૬) સ્વપ્ન-સંબંધી મીમાંસા, (૭) ઉપયોગ-ઉપયોગાર્થ પ્રતિપાદકત્વથી (૮) લોક-લોકસ્વરૂપ વિષયક, (૯) બલિ-બલિ સંબંધી પદાર્થ જણાવતો. (૧૦) અવધિ-અવધિ જ્ઞાનની પ્રરૂપણાર્થત્વથી. (૧૧) દ્વીપ-દ્વીપકુમાર વક્તવ્યતા, (૧૨) ઉદધિ-ઉદધિકુમાર વિષયક, (૧૩) દિશા-દિશાકુમાર વિષયક, (૧૪) સ્તનીત-સ્તનીત કુમાર વિષયક.

### ❀ શતક-૧૬, ઉદ્દેશો-૧-"અધિકરણી" ❀
-- x -- x -- x -- x -- x -- x --

● સૂત્ર-૬૬૧,૬૬૨ :-

*[૬૬૧] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ પર્યુપાસના કરતા આ પ્રમાણે કહ્યું — ભગવન્ ! શું અધિકરણમાં વાયુકાય ઉત્પન્ન થાય છે ? હા, થાય છે. - - ભગવન્ ! શું તે સ્પર્શીને મરે છે કે સ્પર્શ્યા વિના મરે છે ? ગૌતમ ! સ્પર્શીને મરે છે, સ્પર્શ્યા વિના નહીં. - - ભગવન્ ! તે સશરીરી નીકળે છે કે અશરીરી નીકળે છે ? એ પ્રમાણે જેમ સ્કંદકમાં કહ્યું તેમ યાવત્ શરીરરહિત થઈને જતો નથી.*

*[૬૬૨] ભગવન્ ! અંગારકારિકામાં અગ્નિકાય કેટલો કાળ રહે છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ત્રણ રાત્રિદિવસ. ત્યાં બીજા વાયુકાયિક જીવ પણ ઉત્પન્ન થાય છે. કેમકે વાયુકાય વિના અગ્નિકાય પ્રજ્વલિત થતાં નથી.*

● વિવેચન-૬૬૧,૬૬૨ :-

પહેલા ઉદ્દેશાની પ્રસ્તાવનાર્થે કહે છે — - x - अहिगरणिंसि० અધિકરણમાં વાયુકાય વ્યુત્ક્રમે છે - લોઢાના ઘણના ઘાતથી ઉત્પન્ન થાય છે. આ આક્રાંત સંભવત્વથી પહેલાં અચેતનપણે ઉત્પન્ન થવા છતાં પણ પછી સચેતન થઈ જાય છે, તેમ સંભવે છે. ઉત્પન્ન થઈને મરે છે, તેથી પ્રશ્ન કરતાં કહે છે — से भंते० આદિ.



સ્પર્શીને સ્વકાય શસ્ત્રાદિ વડે સશરીર કલેવરથી નીકળે છે, કાર્મણાદિ અપેક્ષાથી કહ્યું, પણ ઔદારિકાદિ અપેક્ષાથી તે અશરીરી છે.

અગ્નિના સહચરપણાથી વાયુ, વાયુ સૂત્ર પછી અગ્નિ સૂત્ર કહે છે — इंगालकारिया - અંગારાને કરે છે, તે અંગારકારિકા, અગ્નિની સગડી, તેમાં માત્ર અગ્નિકાય નથી હોતો, બીજો વાયુકાય પણ ઉત્પન્ન થાય છે, કહ્યું છે કે — "જ્યાં અગ્નિ ત્યાં વાયુ" - x - અગ્નિ અધિકારથી આ કહે છે —

● સૂત્ર-૬૬૩ :-

*ભગવન્ ! લોઢું તપાવવાની ભઠ્ઠીમાં તપેલ લોઢાને સાણસી વડે ઉંચું-નીચું કરનાર પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ લોઢું તપાવવાની ભઠ્ઠીમાં લોઢાની સાણસી વડે લોઢાને ઉંચુ-નીચું કરે છે, ત્યાં સુધી તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાત ક્રિયા સુધીની પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે. જે જીવોનું શરીર લોઢું બનેલ છે, લોઢાની ભઠ્ઠી-સાણસી બની છે, અંગારા બનેલ છે, અંગાર કઢ્ઢિણિ, ધમણ બની છે, તે બધાં જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ સ્પૃષ્ટ થાય છે.*

*ભગવન્! લોહભઠ્ઠીમાંથી, લોઢાને, લોહસાણસી વડે પકડીને એરણ પર રાખતા અને ઉપાડતા પુરુષને કેટલી ક્રિયાઓ લાગે છે? ગૌતમ! જ્યાં સુધી લોહ ભઠ્ઠીમાંથી લોઢાને સાણસી વડે પકડીને યાવત્ રાખે છે, ત્યાં સુધી તે પુરુષ કાયિકી યાવત્ પ્રાણાતિપાતિકી પાંચે ક્રિયાથી સ્પૃષ્ટ થાય છે. જે જીવોના શરીરથી લોઢું-સાણસી-ઘણ-હથોડો-એૈરણ-એૈરણનું લાકડું બનેલ છે, ઉદકદ્રોણી બની છે, અધિકરણ શાળા બની છે, તે બધાં જીવો કાયિકી આદિ પાંચે ક્રિયાઓથી સ્પૃષ્ટ થાય છે.*

● વિવેચન-૬૬૩ :-

अयं - લોઢું, अयकोट्ठंसि - લોઢા તપાવવાની ભઠ્ઠી, उव्विह-पव्विह ઉત્ક્ષેપતો કે પ્રક્ષેપતો. इंगालकड्ढिणि - અંગારા કાઢવાની લોઢાની છડી. भत्थ - ધમણ, આ બધાં પદાર્થોના મૂળ જીવને પાંચ ક્રિયા લાગે —

चम्मेट्ठे - ઘણ, લોઢાને કુટવાના પ્રયોજનથી બનેલ લોઢાનું લુહારાદિનું ઉપકરણ વિશેષ. मुट्ठिए - નાનો ઘણ, अहिगरणखोडि - જે લાકડામાં અધિકરણી રખાય છે તે. उदगदोणि - પાણીનું વાસણ જેમાં તપેલ લોઢું શીતળ કરવાને નખાય છે. अहिगरणसाला - લોહારશાળા. - - પૂર્વે ક્રિયા પ્રરૂપી, તેમાં અધિકરણિકી છે, તે અધિકરણથી હોય છે, તેથી તે બંનેના નિરૂપણાર્થે કહે છે —

● સૂત્ર-૬૬૪,૬૬૫ :-

*[૬૬૪] ભગવન્ ! જીવ, અધિકરણી છે કે અધિકરણ ? ગૌતમ ! જીવ, અધિકરણી પણ છે અને અધિકરણ પણ છે. - - ભગવન્ ! આમ કેમ કહો છો - x - ? ગૌતમ ! અવિરતિને આશ્રીને તે બંને કહેલ છે.*

*ભગવન્ ! નૈરયિક, શું અધિકરણી કે અધિકરણ છે ? ગૌતમ ! અધિકરણી*

*પણ છે, અધિકરણ પણ છે. એ પ્રમાણે જેમ જીવમાં કહ્યું તેમ નૈરયિકમાં પણ કહેવું, એ પ્રમાણે નિરંતર યાવત્ વૈમાનિક કહેવું.*

*ભગવન્ ! જીવ, શું સાધિકરણી છે કે નિરધિકરણી ? ગૌતમ ! સાધિકરણી છે, નિરધિકરણી નથી. આમ કેમ કહ્યું પ્રશ્ન. ગૌતમ ! અવિરતિને આશ્રીને. કહ્યું યાવત્ નિરધિકરણી નથી. યાવત્ વૈમાનિક આમ કહેવું.*

*ભગવન્ ! શું જીવ, આત્માધિકરણી છે, પરાધિકરણી છે, તદુભયાધિકરણી છે ? ગૌતમ ! તે ત્રણે છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે યાવત્ તદુભયાધિકરણી પણ છે. ગૌતમ ! અવિરતિને આશ્રીને તે પ્રમાણે કહ્યું યાવત્ તદુભયાધિકરણી પણ છે, યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! શું જીવોના અધિકરણ આત્મપ્રયોગથી થાય છે, પરપ્રયોગથી થાય છે કે તદુભયપ્રયોગથી થાય છે ? ગૌતમ ! આ ત્રણે છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! અવિરતિને આશ્રીને. તેથી કહ્યું કે યાવત્ તદુભય પ્રયોગથી થાય છે. યાવત્ વૈમાનિક.*

*[૬૬૫] ભગવન્ ! શરીર કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે - ઔદારિક યાવત્ કાર્મણ. - - ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી કહી છે ? ગૌતમ ! પાંચ. તે આ - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય.*

*ભગવન્ ! યોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ. તે આ - મનોયોગ, વચનયોગ, કાયયોગ. - - ભગવન્ ! ઔદારિક શરીર બાંધતો જીવ અધિકરણી છે કે અધિકરણ ? ગૌતમ ! બંને છે. ભગવન્ ! એમ કેમ કહો છો કે બંને છે ? ગૌતમ ! અવિરતિને આશ્રીને યાવત્ અધિકરણ પણ છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક, ઔદારિક શરીર બાંધતા અધિકરણી છે કે અધિકરણ ? પૂર્વવત્. એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. એ રીતે વૈક્રિયશરીરમાં પણ જાણવું. વિશેષ એ કે - જેને જે શરીર હોય, તે તેને કહેવું.*

*આહારક શરીર બાંધતો જીવ અધિકરણી છે? પ્રશ્ન. ગૌતમ! અધિકરણી પણ છે. અધિકરણ પણ છે. - - એમ કેમ કહ્યું? ગૌતમ! પ્રમાદને આશ્રીને એમ કહ્યું કે યાવત્ અધિકરણ પણ છે. એ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું. તૈજસ શરીર, ઔદારિકવત્ જાણવું. વિશેષ એ કે - સર્વે જીવોને કહેવા. કાર્મણ શરીર પણ એ પ્રમાણે છે.*

*ભગવન્ ! શ્રોત્રેન્દ્રિયને બાંધતો જીવ અધિકરણી કે અધિકરણ છે ? એ પ્રમાણે જેમ ઔદારિક શરીર કહ્યું, તેમ શ્રોત્રેન્દ્રિય પણ કહેવું. વિશેષ એ કે - જેને શ્રોત્રેન્દ્રિય હોય, તેને કહેવી. એ પ્રમાણે ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શનેન્દ્રિય પણ કહેવી. વિશેષ એ કે - જેને જે ઈન્દ્રિય હોય, તેને તે પ્રકારે કહેવું.*

*ભગવન્! મનોયોગને બાંધતો જીવ અધિકરણી કે અધિકરણ? એ પ્રમાણે જેમ શ્રોત્રેન્દ્રિયમાં કહ્યું, તેમ બધું કહેવું. વચનયોગ એ પ્રમાણે જ છે. વિશેષ એ કે - એકેન્દ્રિયોને વર્જવા. એ પ્રમાણે કાયયોગ પણ કહેવો. વિશેષ એ કે*



*સર્વે જીવોને વૈમાનિક સુધી કહેવા. ભગવન્! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૬૬૪,૬૬૫ :-**

अहिगरणि वि - અધિકરણ એટલે દુર્ગતિ નિમિત્ત. વસ્તુ વિવક્ષાથી શરીર, ઈન્દ્રિયો તથા બાહ્ય હળ, ગાડુ આદિ પરિગ્રહ જેને હોય તે અધિકરણી. अहिगरण - શરીરાદિ અધિકરણ વડે કંઈક વ્યતિરિક્તપણાથી અધિકરણ જીવ. આ બંને જીવને અવિરતિને આશ્રીને કહ્યા છે, તેથી જે વિરતિવાળા છે, તે મને શરીરાદિ ભાવ છતાં પણ અધિકરણી નથી, અધિકરણ પણ નથી.

આ જ કથન ૨૪-દંડકને આશ્રીને બતાવે છે - નૈરયિકાદિ અધિકરણી જીવ પૂર્વે કહ્યા છે, તે દૂરવર્તી હોવા છતાં અધિકરણ વડે કહે છે. જેમકે ગોમાન. તેથી અહીં પૂછે છે - જીવ, સાધિકરણી આદિ. શરીરાદિ સહિત વર્તે તે સાધિકરણી, સંસારી જીવને શરીર, ઈન્દ્રિયરૂપ અધિકરણ સર્વદા સાથે હોવાથી આમ કહ્યું. શસ્ત્રાદિ અધિકરણ અપેક્ષાએ સ્વસ્વામી ભાવના અવિરતિરૂપ સહવર્તીપણાથી જીવ સાધિકરણ કહેવાય. પરંતુ સંયતોને શરીરાદિ હોવા છતાં અવિરતિના અભાવથી આધિકરણિત્વ નથી. निरधिकरणी - જેમાંથી અધિકરણ ચાલ્યું ગયું છે તે. - x - તે હોતું નથી. અવિરતિને અધિકરણરૂપે અદૂરવર્તિત્વથી કહ્યું. અથવા પુત્ર, મિત્રાદિ વડે વર્તે છે, તે આધિકરણી. કોઈક જીવને પુત્રાદિના અભાવે પણ, તે વિષયક વિરતિના અભાવથી સાધિકરણત્વ જાણવું. તેથી નિરધિકરણી નથી એમ મંતવ્ય છે. - - - અધિકરણ અધિકારથી કહે છે –

અધિકરણી કૃષિ આદિવાળો આત્મ અધિકરણી છે. (શંકા) જેને કૃષિ આદિ નથી, તે કઈ રીતે અધિકરણી છે? અવિરતિ અપેક્ષાએ. पराहिगरणि બીજાના અધિકરણમાં પ્રવર્તનથી અધિકરણી તે. तदुभयाहिगरणि - આત્મા અને પર બંને તે તદુભય, તેથી અધિકરણી જે છે તે. હવે અધિકરણની જ હેતુ પ્રરૂપણાર્થે કહે છે – जीवाणं आदि. आयप्पओग - આત્માના પ્રયોગ-મન વગેરે વ્યાપારથી નિષ્પાદિત જે છે તે. એ પ્રમાણે બીજા બંને કહેવા. (શંકા) જેને વચનાદિ પરપ્રવર્તન વસ્તુ નથી. તેને કઈ રીતે પરપ્રયોગ નિર્વર્તિતાદિ થાય? આ આશંકા નિવારવા કહે છે – અવિરતિની અપેક્ષાએ ત્રણે પણ હોય, તેમ વિચારવું.

હવે શરીરીને ઈન્દ્રિય અને યોગના નિષ્પાદનમાં જીવાદિનું અધિકરણત્વમાં સૂત્રમાં કહ્યું. - x - x - આ આલાવો પૃથ્વીકાયિક સૂત્રમાં સમસ્ત કહેવો. - x - જે જીવ પદને જે હોય તે કહેવો. તેમાં નારક-દેવોને, વાયુને, પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યોને તે હોય છે, તેમ જાણવું.

पमायपडुच्च - આ આહારક શરીર સંયમીને જ હોય, તેમાં અવિરતિના અભાવ છતાં પણ પ્રમાદથી અધિકરણીત્વ જાણવું. તે મનુષ્યને જ હોય છે - x - શ્રોત્રેન્દ્રિય એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય સિવાયનાને હોય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશા-૨-“જરા” ❀

– x – x – x – x – x – x –

૦ જીવોનું અધિકરણ કહ્યું. તેમાં જ જરા, શોકાદિ ધર્મ અહીં કહે છે –

● **સૂત્ર-૬૬૬ :-**

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! શું જીવોને જરા અને શોક હોય ? ગૌતમ ! તે બંને હોય. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે જીવો શારીરિક વેદના વેદે છે, તે જીવોને જરા હોય છે. જે જીવો માનસિક વેદના વેદે છે, તેઓને શોક હોય છે. તેથી આ પ્રમાણે કહ્યું છે. એ પ્રમાણે નૈરયિકોને પણ જાણવું. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.*

*ભગવન્ ! પૃથ્વીકાયિકને જરા અને શોક હોય ? ગૌતમ ! પૃથ્વીકાયિકને જરા હોય, શોક નહીં. ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! પૃથ્વીકાયિક શારીરિક વેદના વેદે છે, માનસિક વેદના ન વેદે, તેથી કહ્યું. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી જાણવું. બાકીનાને જીવની માફક જાણવું. યાવત્ વૈમાનિક. - - ભગવન્ ! તે એમ જ છે યાવત્ પર્યુપાસે છે.*

● **વિવેચન-૬૬૬ :-**

जरा - વયની હાનિ. તે શારીરિક દુઃખરૂપ છે, બીજા પણ શારીરિક દુઃખો હોય, તે આના દ્વારા જાણવા. - x - सोग - દીનતા, ઉપલક્ષણથી અહીં બધાં માનસિક દુઃખો લેવા, તેનાથી શોક થાય છે. ૨૪-દંડકોમાં જેમને શરીર છે, તેમને જરા છે. જેમને મન પણ છે, તેમને બંને છે.

વૈમાનિકોના જરા-શોક કહ્યા. તેમાંના જ શક્રનું વિશેષ કથન—

● **સૂત્ર-૬૬૭ :-**

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજશક્ર, વજ્રપાણી, પુરંદર યાવત્ ભોગવતો વિચરતો હતો. આ સંપૂર્ણ જંબૂદ્વીપ દ્વીપને પોતાના વિપુલ અવધિજ્ઞાન દ્વારા ઉપયોગપૂર્વક જોતા શ્રમણ ભગવંત મહાવીરને જંબૂદ્વીપમાં જુએ છે. એ પ્રમાણે જેમ ત્રીજા શતકમાં ઈશાનને કહેલ, તે પ્રમાણે શક્રને પણ કહેવો. વિશેષ એ કે — આભિયોગિક દેવોને બોલાવતો નથી, પદાતિસેનાના અધિપતિ હરી (હરીનૈગમેષી) દેવ છે, સુઘોષા ઘંટા છે, પાલક વિમાનકારી છે, પાલક વિમાનનો નિર્યાણમાર્ગ ઉત્તર દિશા છે, અગ્નિકોણમાં રતિકર પર્વત છે. બાકી પૂર્વવત્ યાવત્ (ભગવંતને) નામ કહી, પર્યુપાસે છે. (ભગવંતે) ધર્મકથા કહી, યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*ત્યારે તે શક્રેન્દ્ર ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત, સંતુષ્ટ થઈ ભગવંતને વંદન, નમસ્કાર કર્યા. કરીને આમ કહ્યું — ભગવન્ ! અવગ્રહ કેટલા ભેદે છે ? શક્ર : પાંચ ભેદે છે — દેવેન્દ્રાવગ્રહ, રાજાવગ્રહ, ગાથાપતિઅવગ્રહ, સાગારિકાવગ્રહ, સાધર્મિકાવગ્રહ.*

*ભગવન્ ! જે આ આજકાલ શ્રમણ નિર્ગ્રન્થો વિચરે છે, તેઓને હું અવગ્રહની અનુજ્ઞા આપું છું, એમ કહી ભગવંતને વંદન-નમસ્કાર કરે છે. કરીને તે જ દિવ્ય યાનવિમાનમાં ચઢે છે, ચઢીને જે દિશામાંથી આવ્યો હતો, તે જ દિશામાં પાછો ગયો. - - - ભગવન્ ! એમ આમંત્રી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન-નમસ્કાર કરીને આમ કહ્યું — ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ*



*શક્ર, જે આપને પૂર્વોક્ત કહ્યું, તે અર્થ સત્ય છે ? હા, સત્ય છે.*

● **વિવેચન-૬૬૭ :-**

एवं जहा ईसाणो० જેમ ત્રીજા શતકના પહેલા ઉદ્દેશામાં ઈશાનને 'રાજપ્રશ્નીય'ના અતિદેશથી કહ્યો. તેમ અહીં શક્ર પણ કહેવો. સર્વથા સામ્યના પરિહારાર્થે કહે છે — આભિયોગ દેવને બોલાવતો નથી ઈત્યાદિ. તેમાં ઈશાનેન્દ્ર ભગવંત મહાવીરને જોઈને આભિયોગિક દેવોને બોલાવે છે, શક્ર નથી બોલાવતો, તથા ઈશાનને પદાતિ સૈન્યાધિપતિ લઘુપરાક્રમ છે, નંદીઘોષ ઘંટા વગાડવા નિયુક્ત કર્યો છે, અહીં સુઘોષા ઘંટા વગાડવા હરિણૈગમેષી દેવ છે, ત્યાં પુષ્પકદેવ વિમાન રચે છે, અહીં પાલક દેવ છે, વિમાન ત્યાં પુષ્પક છે, અહીં પાલક છે ત્યાં દક્ષિણ નિર્યાણમાર્ગ છે, અહીં ઉત્તર છે, ઈત્યાદિ - x -

પોતાનું નામ બતાવવા કહે છે — હે ભદંત ! હું દેવરાજ શક્ર, તમને વંદુ છું, નમું છું. उग्गह - સ્વામી વડે સ્વીકારાય, તે અવગ્રહ. શક્ર કે ઈશાનનો અવગ્રહ તે દેવેન્દ્રાવગ્રહ, તેમાં દક્ષિણ અને ઉત્તર લોકાર્દ્ધ કહેવા. ચક્રવર્તી રાજાનો અવગ્રહ — છ ખંડ ભરતાદિ ક્ષેત્રનો, તે રાજાવગ્રહ. ગૃહપતિ એટલે માંડલિક રાજાનો અવગ્રહ-સ્વકીય મંડલ તે. ઘર સહિત વર્તે તે સાગાર, તે સાગારિકનો અવગ્રહ. સમાન ધર્મ વડે ચરે તે સાધર્મિક, સાધુની અપેક્ષાએ સાધુ, તેમનો અવગ્રહ, તે સાધર્મિકાવગ્રહ.

ક્ષેત્રને આશ્રીને પાંચ કોશ, શેષકાળમાં એક માસ, વર્ષાઋતુમાં ચાર માસ યાવત્ સાધર્મિકાવગ્રહ છે, તે સાંભળીને ઈન્દ્રે કહ્યું — હું દેવેન્દ્ર અવગ્રહની અનુજ્ઞા આપું છું. - x - અર્થથી સત્ય છે, પણ સમ્યગ્ વાદી છે કે નહીં ?

● **સૂત્ર-૬૬૮ :-**

*ભગવન્ ! દેવરાજ દેવેન્દ્ર શક્ર, સમ્યગ્વાદી છે કે મિથ્યાવાદી ? ગૌતમ ! સમ્યક્વાદી છે, મિથ્યાવાદી નથી. - - - ભગવન્ ! દેવેન્દ્ર દેવરાજ શક્ર, સત્યા-મૃષા-સત્યામૃષા કે અસત્યામૃષા ભાષા બોલે છે ? ગૌતમ ! સત્યભાષા પણ બોલે છે યાવત્ અસત્યામૃષા પણ ભાષા બોલે છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર સાવધ ભાષા બોલે કે અનવધ ? ગૌતમ ! સાવધ ભાષા પણ બોલે, નિરવધ પણ. ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! જ્યારે શક્રેન્દ્ર, સૂક્ષ્મકાયને મુખ ઢાંક્યા વિના બોલે છે, ત્યારે તે સાવધ ભાષા બોલે છે, જ્યારે સૂક્ષ્મકાયને મુખ ઢાંકીને બોલે છે, ત્યારે તે અનવધ ભાષા બોલે છે. તેથી પૂર્વવત્ કહ્યું યાવત્ બોલે છે.*

*ભગવન્ ! શક્રેન્દ્ર ભવસિદ્ધિક છે કે અભવસિદ્ધિક છે ? સમ્યગ્દૃષ્ટિ છે ? એ રીતે જેમ મોકઉદ્દેશામાં સનત્કુમાર યાવત્ અચરિમ છે.*

● **વિવેચન-૬૬૮ :-**

જેનો સમ્યગ્ બોલવાનો સ્વભાવ છે, તે સમ્યગ્વાદી. પ્રાયઃ શક્ર સમ્યક્ જ બોલે છે. સમ્યગ્વાદી સ્વભાવ છતાં પ્રમાદાદિથી શું શક્ર ચતુર્વિધા ભાષા બોલે કે નહીં ? બોલે. સત્યભાષા પણ ક્યારેક બોલતા સાવધ સંભવે છે, તેથી પૂછે છે. પાપ સહિત - ગર્હિત કર્મથી સાવધ. તે સૂક્ષ્મકાય એટલે હાથ આદિમાં વસ્તુ, બીજા કહે

છે – સૂક્ષ્મકાય એટલે વસ્ત્ર, અનિજ્જૂહિત્ત - ન આપીને, હાથ આદિ વડે મુખને ઢાંકીને જ બોલનારને જીવ સંરક્ષણથી ભાષા અનવધ થાય છે, બીજાને સાવધ થાય.

શક્રને આશ્રીને જ કહે છે – मोउद्देशक - શતક-૩ નો ઉદ્દેશો-૧.

● **સૂત્ર-૬૬૯ :-**

***ભગવન્ ! જીવો, ચેતનકૃત્ કર્મો કરે છે કે અચેતનકૃત્ કર્મો કરે છે ? ગૌતમ ! જીવો ચેતનકૃત્ કર્મો કરે છે, અચેતનકૃત્ નહીં. ભગવન્ ! એમ કેમ કહો છો ? ગૌતમ ! જીવોને આહારોપચિત, શરીરોપચિત, ક્લેવર રૂપે ઉપચિત પુદ્‌ગલો છે, તે તથા-તથારૂપે પરિણત થાય છે, તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મો અચેતનકૃત્ નથી. તે પુદ્‌ગલો દુઃસ્થાન રૂપ, દુઃશય્યારૂપ, દુર્નિષધારૂપથી તે-તે રૂપે પરિણમે છે. તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મ અચેતનકૃત્ નથી.***

***તે પુદ્‌ગલો આતંકરૂપે, સંકલ્પરૂપે અને મરણાંતરૂપે પરિણત થઈને જીવના વધને માટે થાય છે, તેથી હે આયુષ્યમાન્ શ્રમણો ! કર્મ અચેતનકૃત્ નથી. તેથી કહ્યું કે યાવત્ કર્મ ચેતનકૃત્ હોય છે. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક પર્યન્ત જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨).***

● **વિવેચન-૬૬૯ :-**

અનંતર શક્રનું સ્વરૂપ કહ્યું, તે કર્મથી થાય છે, તે સંબંધે કર્મ સ્વરૂપ પ્રરૂપણાર્થે આ સૂત્ર છે. चेयकडकम्म - ચૈતન્ય એટલે જીવ સ્વરૂપ રૂપ ચેતના, તેના વડે બાંધેલ તે ચેતઃકૃત્ કર્મ. कज्जंति - થાય છે. કઈ રીતે ? જીવોને જ, અજીવોને નહીં. આહારરૂપપણે સંચિત જે પુદ્‌ગલો, અવ્યક્ત અવયવ શરીર, તેથી બોંદિરૂપે સંચિત જે પુદ્‌ગલો. ક્લેવર રૂપે સંચિત જે પુદ્‌ગલ, તે-તે પ્રકારે અર્થાત્ આહારાદિરૂપે તે પુદ્‌ગલો પરિણમે છે. એ પ્રમાણે કર્મ પુદ્‌ગલો પણ જીવોને જ તે-તે રૂપે પરિણમે, તેથી ચૈતન્યવત્ કર્મો છે. પણ અચેતનકૃત્ કર્મો હોતા નથી. - અથવા -

चेय - ચયનં, ચય. પુદ્‌ગલસંચય રૂપે કર્મો હોય છે. કઈ રીતે ? આહાર રૂપે ઉપચિત પુદ્‌ગલ થાય છે, તથા બોંદિ અને ક્લેવરરૂપે આશ્રિત પુદ્‌ગલો થાય છે. વિશેષ શું કહીએ ? ઉચ્છ્‌વાસાદિરૂપે તે પુદ્‌ગલો પરિણમે છે. અસંચયકૃત્ કર્મો આહારાદિ રૂપે થતાં નથી.

दुट्ठाण - શીત, આતપ, દંશ-મશકાદિ યુક્ત - કાયોત્સર્ગ સ્થાને. दुसेज्जा - દુઃખોત્પાદક વસતિમાં, दुन्निसीहियासु - દુઃખહેતુક સ્વાધ્યાય ભૂમિમાં. તે તે પ્રકારે ઘણી જ અશાતા ઉત્પન્ન કરીને, તે કાર્મણ પુદ્‌ગલો પરિણમે છે. તેથી જીવોને જ અસાતા સંભવે છે, તેઓ આ અસાતાહેતુભૂત કર્મો કરે છે. જીવના કૃતત્વમાં જ તેનું चेतः - કૃતત્વ સિદ્ધ છે. - x -

જે કારણથી દુઃસ્થાનાદિમાં અસાતાહેતુપણે પુદ્‌ગલો પરિણમે છે, તેથી અચેતકૃત્ કર્મો-અસંચયરૂપ કર્મો નથી. અસંચયરૂપ અતિ સૂક્ષ્મત્વથી અસાતા ઉત્પાદકપણું અસંભવે છે. आतंक - કૃચ્છ્ર જીવિતકારી જ્વરાદિ, તે જીવના મરણને માટે થાય છે. संकल्प - ભયાદિ વિકલ્પો. मरणांत - મરણરૂપ અંત - વિનાશ, જેનાથી છે તે, દંડાદિ



ઘાત. તે-તે પ્રકારે વધના જનકત્વથી તે આતંકાદિજનક અસાતા વેદનીય સંબંધે તે પુદ્‌ગલો વર્તે છે. આવો વધ જીવોનો જ હોય, વધના હેતુરૂપ અસાતાવેદ્ય પુદ્‌ગલો જીવકૃત્ છે. તેથી ચેતઃકૃત્ કર્મો હોય, અચેતકૃત્ ન હોય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૩-"કર્મ" ❀

— x — x — x — x — x — x —

૦ કર્મો કહ્યા. અહીં પણ તે જ કહે છે. તે સંબંધે આવેલ સૂત્ર –

● **સૂત્ર-૬૭૦ :-**

***રાજગૃહે યાવત્ આમ પૂછ્યું – ભગવન્ કર્મપ્રકૃતિઓ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - - ભગવન્ ! જીવ, જ્ઞાનાવરણીય કર્મને વેદતો કેટલી કર્મપ્રકૃતિઓ વેદે છે ? ગૌતમ ! આઠ. એ પ્રમાણે જેને 'પન્નવણા'માં 'વેદ-વેદ' પદમાં કહ્યું, તે બધું જ અહીં કહેવું. - - - વેદબંધ, બંધવેદ અને બંધ-બંધ પદ પણ તેમજ કહેવા યાવત્ વૈમાનિક. ભગવંત ! તે એમ જ છે.***

● **વિવેચન-૬૭૦ :-**

- x - વેદ-વેદ, કર્મ પ્રકૃત્તિના એકના વેદનમાં, બીજી પ્રકૃતિઓ જે (ઉદ્દેશા) પદમાં કહેવાઈ છે, તે 'વેદાવેદ'. તે પન્નવણાનું ૨૭-મું પદ છે. તે અર્થથી આ રીતે – ગૌતમ ! આઠ કર્મપ્રકૃતિ વેદે છે, મોહના ક્ષય કે ઉપશમમાં સાત વેદે છે. બાકીના ઘાતીના ક્ષયે ચાર વેદે છે. એ પ્રમાણે મનુષ્યોમાં પણ જાણવું. નારકાદિથી વૈમાનિક સુધી આઠ જ (કર્મપ્રકૃતિ) હોય.

वेदबंध - એક જ કર્મ પ્રકૃતિના વેદનમાં બીજી કેટલીનો બંધ થાય, એવું જેમાં પ્રતિપાદન છે તે, તે પ્રજ્ઞાપના સૂત્રનું ૨૬મું પદ છે. તે આ રીતે – ભગવન્ ! કેટલી કર્મપ્રકૃત્તિઓ કહી છે ? ગૌતમ ! આઠ. તે આ - જ્ઞાનાવરણ યાવત્ અંતરાય. એ પ્રમાણે નૈરયિકથી વૈમાનિક સુધી કહેવું. ભગવન્ ! જીવને જ્ઞાનાવરણીય કર્મ વેદતા કેટલી કર્મપ્રકૃતિ બાંધે ? ગૌતમ ! સાત, આઠ, છ કે એક પ્રકારે બાંધે. ઈત્યાદિ - x - x - x - કહેવું.

बंधवेद - એક કર્મ પ્રકૃતિના બંધમાં બીજી કેટલીને વેદે છે ? એ અર્થવાળુ બંધ વેદ પદ છે. તે પ્રજ્ઞાપનાનું ૨૫-મું પદ છે. તે આ રીતે – ભગવન્ ! કેટલી૦ ? ઈત્યાદિ પૂર્વવત્. વિશેષ આ રીતે – ભગવન્ ! જીવ જ્ઞાનાવરણીય કર્મ બાંધતા, કેટલી કર્મપ્રકૃતિ વેદે છે ? ગૌતમ ! નિયમા આઠ કર્મપ્રકૃતિ વેદે છે ઈત્યાદિ.

बंधबंध - એકના બંધમાં બીજી કેટલી બાંધે ? તે બંધબંધ. તે પ્રજ્ઞાપનાનું ૨૪-મું પદ છે. તે આ રીતે – કેટલી ? આદિ પૂર્વવત્. વિશેષ આ રીતે – ભગવન્ ! જીવ, જ્ઞાનાવરણીય કર્મ બાંધતા, કેટલી કર્મપ્રકૃતિઓ બાંધે ? ગૌતમ ! સાત, આઠ કે છ બાંધે, ઈત્યાદિ.

ક્યાંક આ સંગ્રહ ગાથા દેખાય છે - "વેદાવેદ પહેલું, વેદાબંધ બીજું, બંધાવેદ ત્રીજું, બંધબંધ ચોથું." બંધક્રિયા કહી, ક્રિયા વિશેષને કહે છે –

● સૂત્ર-૬૭૧ :-

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર, અન્ય કોઈ દિવસે રાજગૃહ નગરના ગુણશીલ ચૈત્યથી નીકળ્યા, નીકળીને બાહ્ય જનપદ વિહારથી વિચરે છે. - - તે કાળે, તે સમયે ઉલ્લૂકતીર નામે નગર હતું, તે નગરની બહાર ઈશાન ખૂણામાં એકજંબૂ નામે ચૈત્ય હતું. વર્ણન કરવું.*

*ત્યારે ભગવંત મહાવીર અન્ય કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા યાવત્ એકજંબૂએ સમોસર્યા યાવત્ પર્ષદા પાછી ગઈ.*

*ભગવન્! એમ સંબોધીને ગૌતમસ્વામીએ ભગવંતને વંદન, નમસ્કાર કર્યા. વાંદી-નમીને કહ્યું કે — ભગવન્ ભાવિતાત્મા અણગાર નિરંતર છઠ્ઠ તપ કરતા યાવત્ આતાપના લેતા, દિવસના પૂર્વાર્દ્ધમાં પોતાના હાથ, પગ, બાજુ કે જંઘાને સંકોચવું કે પ્રસારવું ન કલ્પે, પણ પશ્ચિમાર્દ્ધમાં પોતાના હાથ, પગ યાવત્ જંઘાને સંકોચવી કે પ્રસારવી કલ્પે છે. તેને લટકતી અર્શ હોય, કોઈ વૈદ્ય, તે જુએ, ઋષિને ભૂમિ ઉપર સુવડાવે, પછી અર્શને કાપે, તો હે ભગવન્! જે છેદે તેને કેટલી ક્રિયા લાગે? જેના અર્શ છેદાય તેને એક ધર્માંતરાય સિવાય બીજી ક્રિયા ન લાગે? હા, ગૌતમ! જે છેદે તેને યાવત્ ધર્માન્તરાય. ભગવન્! તે એમજ છે, એમ જ છે.*

● વિવેચન-૬૭૧ :-

पुरच्छिमेणं - પૂર્વભાગે, પૂર્વાહ્ણે. अवड्ढं - અડધો દિવસ પર્યન્ત હાથ આદિને સંકોચવાનું ન કલ્પે, કેમકે કાયોત્સર્ગમાં રહેલ હોય. पच्चच्छिम - પશ્ચિમ ભાગે, अवड्ढदिवसं - દિવસનો બાકીનો અર્ધ ભાગ, હાથ આદિને સંકોચવા કલ્પે, કેમકે કાયોત્સર્ગનો અભાવ હોય. આમ ચૂર્ણિ અનુસાર કહ્યું.

अंसियाओ - નાકમાં રહેલ અર્શો. તે સાધુ કાયોત્સર્ગ કરતા હોય ત્યારે તેના લટકતાં અર્શને જોઈને, તેને છેદવાને, તે સાધુને ભૂમિ ઉપર પાડી દે, પાડ્યા વિના છેદ કરવો અશક્ય છે. તેમ કરનાર વૈદ્યને ધર્મબુદ્ધિએ છેદ કરતો શુભ ક્રિયા અને લોભાદિથી છેદે તો અશુભ ક્રિયા લાગે. જે સાધુના અર્શ છેદાય તેને નિર્વ્યાપારતાથી ક્રિયા ન લાગે. જો કે ધર્માન્તરાય ક્રિયા તો તેને પણ લાગે. અર્શ છેદની અનુમોદનાથી શુભધ્યાન વિચ્છેદ થાય.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૪-"જાવંતિય" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ અનગાર વક્તવ્યતા કહી, અહીં પણ તે જ કહે છે —

● સૂત્ર-૬૭૨ :-

*રાજગૃહમાં યાવત્ આમ પૂછ્યું — ભગવન્ ! અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મોની નિર્જરા કરે, શું તેટલા કર્મ નરકોમાં નૈરયિક એક વર્ષમાં, અનેક વર્ષોમાં, સો વર્ષોમાં ખપાવે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! ચોથભક્ત કરનાર શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મોની નિર્જરા કરે, એટલા કર્મો નરકમાં નૈરયિક સો વર્ષોમાં, અનેક સો વર્ષોમાં હજાર વર્ષોમાં,*





*લાખ વર્ષોમાં ખપાવે છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્! છઠ્ઠભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મો નરકમાં નૈરયિક હજાર વર્ષમાં, હજારો વર્ષમાં, લાખ વર્ષોમાં ખપાવે? ના, તે અર્થ સમર્થ નથી. - - - ભગવન્! અષ્ટમભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો ખપાવે, એટલા કર્મો નરકમાં નૈરયિક લાખ વર્ષે, લાખો વર્ષે, કરોડ વર્ષે ખપાવે? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! દશમ ભક્તિક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મો નરકમાં નૈરયિક કરોડ વર્ષે, કરોડો વર્ષે, કોડાકોડી વર્ષે ખપાવે ? ના, તે અર્થ સમર્થ નથી. - - - ભગવન્ ! એમ કેમ કહો છો. અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મો નિર્જરે એટલા કર્મ નરકમાં નૈરયિક એક વર્ષે, અનેક વર્ષોમાં, સો વર્ષમાં કે હજાર વર્ષમાં ન ખપાવે, ચતુર્થભક્તિક જેટલા૦ ઈત્યાદિ પૂર્વોક્ત કથન કહેવું યાવત્ કોડાકોડી વર્ષે ન ખપાવે ?*

*ગૌતમ! જેમ કોઈ વૃદ્ધ પુરુષ, જરા જર્જરિત દેહવાળો, જેની ચામડી શિથિલ હોવાથી સંકોચાઈને કરચલીવાળી થઈ હોય, દાંતની પંક્તિ ઘણાં દાંતો પડી જવાથી, થોડા દાંત રહ્યા હોય, જે ગરમી અને તરસથી પીડાતો હોય, જે આતુર, ભૂખ્યો, તરસ્યો, દુર્બળ, કલાંત હોય, તેવો વૃદ્ધ એક મોટા કોશાંબ વૃક્ષની સૂકી-જટીલ-ગંઠિલ્લ-ચિકણી-વાંકી-નિરાધાર ગંડિકા ઉપર કુંઠિત પરસુ વડે પ્રહાર કરે, તે વખતે તે પુરુષ મોટા મોટા અવાજો કરે તો પણ તે લાકડીના મોટા-મોટા ટુકડા ન કરી શકે, આ પ્રમાણે હે ગૌતમ! નૈરયિકોએ (પોતાના) પાપ કર્મો ગાઢ કર્યા હોય, ચીકણા કર્યા હોય એ પ્રમાણે છઠ્ઠા શતક મુજબ યાવત્ મહાપર્યવસાણા ન થાય.*

*જેમ કોઈ પુરુષ એરણ ઉપર ઘણની ચોંટ મારતો મોટા-મોટા શબ્દોથી યાવત્ મહાપર્યવસાનવાળો ન થાય. - - - જેમ કોઈ પુરુષ તરુણ, બલવાન્ યાવત્ મેઘાવી, નિપુણ, શિલ્પોપક હોય, તે એક મોટા શાલ્મલી વૃક્ષની ભીની, અજટીલ, અગંઠિલ્લ, અચિક્કણ, અવક્ર, આધાર ઉપર રહેલ ગંડિકા ઉપર તીક્ષ્ણ કુહાડીથી પ્રહાર કરે તો જોર જોરથી શબ્દો કર્યા વિના, સરળતાથી તેના મોટા-મોટા ટુકડા કરી દે છે. આ જ પ્રમાણે હે ગૌતમ ! જે શ્રમણ નિર્ગ્રન્થોએ પોતાના કર્મો યથાબાદર, શિથિલ, નિષ્ઠિત કર્યા હોય યાવત્ જલ્દીથી નષ્ટ થઈ જાય છે. જેટલા-તેટલામાં યાવત્ મહાપર્યવસાનવાળા થાય છે.*

*હે ગૌતમ ! જેમ કોઈ પુરુષ સુકા તૃણના પૂળાને યાવત્ અગ્નિમાં નાંખે તો તે જલ્દી બળી જાય છે, તેમ૦ ઈત્યાદિ શતક-૬-માં જેમ કહ્યું તેમ તપેલા લોહ ઉપર જળબિંદુ યાવત્ મહાપર્યવસાનવાળા થાય છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે — અન્નગ્લાયક શ્રમણ નિર્ગ્રન્થ જેટલા કર્મ નિર્જરે યાવત્ કોડાકોડ વરસે પણ ન ખપાવે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૬૭૨ :-**

अन्नगिलायते - અન્ન વિના ગ્લાન થાય, તે અન્નગ્લાયક, રસોઈ થઈ જાય તેટલો વખત પણ ભુખથી પીડાતો, પ્રતીક્ષા ન કરી શકે તે. જે પર્યુષિત કૂરાદિ સવારમાં જ કૂરગડુની જેમ ખાય છે. જો કે ચૂર્ણિકારે અન્નગ્લાયકનો અર્થ કર્યો છે - નિઃસ્પૃહત્વથી શીતકૂર ભોજી અંત-પ્રાંત આહારી. હવે એમ કેમ માનવું કે નારકો મહાકષ્ટ પામીને, ઘણાં કાળે પણ તેટલા કર્મ ન ખપાવે, જેટલા સાધુ અલ્પ કષ્ટે, અલ્પ કાળે ખપાવે ? સૂત્રકારશ્રી દૃષ્ટાંત વડે તેનો ઉત્તર આપે છે. - x -

जुन्न - જીર્ણ, હાનિવાળો દેહ. તે કારણવશ અવૃદ્ધ ભાવે પણ થાય, તેથી કહે છે – જરા વડે જર્જરિત દેહ. તેથી જ શિથિલપણે ત્વચા કડચલી વડે યુક્ત થાય - x - દાંત પડી ગયા હોય, - x - દુઃખમાં રહેલો હોય, झुंझिए - ભુખ્યો કે ઝુરતો હોય, બળહીન હોય, મનથી થાકેલો હોય, આવો પુરુષ છેદનમાં અસમર્થ થાય છે. कोसंबगंडिय - કોઈ વૃક્ષ વિશેષ, તેની ગંડિકા, जडिल - વળેલી, गंठिल्ल - ગાંઠોવાળી, चिक्कण - સ્નિગ્ધ સ્કંધ નિષ્પન્ન, वाइद्ध - વક્ર, अपत्तियं - આધાર રહિત. આવી ગંડિકા દુશ્છેદ્ય હોય છે. વળી કુહાડી પણ અચ્છેદક હોય. છટ્ઠાશતક મુજબ કહેવું.

### ❀ શતક-૧૬, ઉદ્દેશો-૫-''ગંગદત્ત'' ❀

–– x –– x –– x –– x –– x –– x ––

૦ નારકોની કર્મનિર્જરા શક્તિ કહી, અહીં દેવગમનાદિ શક્તિ –

● **સૂત્ર-૬૭૩ થી ૬૭૫ :-**

*[૬૭૩] તે કાળે, તે સમયે ઉલ્લૂકતીર નામે નગર હતું. એકજંબૂક ચૈત્ય હતું. તે કાળે, તે સમયે સ્વામી પધાર્યા, પર્ષદા પાછી ગઈ.*

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વજ્રપાણી, એ રીતે જેમ બીજા ઉદ્દેશામાં કહ્યું, તેમ દિવ્ય યાન વિમાન વડે આવ્યા. યાવત્ જ્યાં શ્રમણ ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને યાવત્ નમીને આમ કહ્યું – ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના અહીં આવવાને સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી.*

*ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ બાહ્ય પુદ્ગલ ગ્રહણ કરીને અહીં આવવા સમર્થ છે ? હા, સમર્થ છે.*

*ભગવન્! મહર્દ્ધિક દેવ૦ એ પ્રમાણે આ આલાવાથી જવા, બોલવા, ઉત્તર દેવા, આંખ ખોલવા કે બંધ કરવા, સંકોચન કે પ્રસારણમાં, સ્થાન-શય્યા-નિષધા કરવામાં, વિકુર્વણા કરવામાં, પરિચારણા કરવામાં સમર્થ છે? યાવત્ હા, સમર્થ છે. આ આઠ ઉત્ક્ષિપ્ત પ્રશ્નોના ઉત્તરો પૂછ્યા, પૂછીને સંભ્રમપૂર્વક વંદન કર્યા, કરીને તે જ દિવ્ય યાનવિમાનમાં આરૂઢ થઈને, જે દિશાથી આવેલો, તે જ દિશામાં પાછો ગયો.*

*[૬૭૪] ભગવન્ ! એમ સંબોધીને ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને વંદન, નમન કરી આમ પૂછ્યું – અન્ય કોઈ દિવસોમાં હે ભગવન્ ! દેવેન્દ્ર*



*દેવરાજ શક્ર આપ દેવાનુપ્રિયને વંદન, નમન, સત્કાર, યાવત્ પર્યુપાસના કરે છે, પણ હે ભગવન્ ! આજે શક્રેન્દ્ર આપને આઠ પ્રશ્નોના ઉત્તર પૂછીને સંભ્રાંતતાથી વંદન, નમન યાવત્ કરીને જલ્દી ચાલ્યો ગયો, તેનું શું કારણ ? ગૌતમાદિને આમંત્રીને ભગવંતે કહ્યું –*

*હે ગૌતમ ! તે કાળે, તે સમયે મહાશુક્રકલ્પના મહાસામાન્ય વિમાનમાં મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય બે દેવો એક જ વિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. તેમાં એક માયી મિથ્યાદૃષ્ટિ, બીજો અમાયી સમ્યગ્ દૃષ્ટિ હતો. ત્યારે તે માયીમિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવે, તે અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક દેવને આમ કહ્યું – પરિણમતા પુદ્ગલ પરિણત ન કહેવાય, અપરિણત કહેવાય. કેમકે તે પરિણત થઈ રહ્યા છે. તેથી આવા પુદ્ગલો પરિણત નથી. અપરિણત છે.*

*ત્યારે અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે માયી મિથ્યાદૃષ્ટિ દેવને કહ્યું કે – પરિણમતા પુદ્ગલ પરિણત કહેવાય, અપરિણત નહીં, કેમકે તે પુદ્ગલો પરિણમી રહ્યા છે, માટે પરિણત છે, અપરિણત નથી. આમ કહીને અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે, તેને પરાજિત કર્યો.*

*ત્યારે અમાયી સમ્યગ્દૃષ્ટિ દેવે અવધિજ્ઞાન પ્રયોજીને મને જોયો, જોઈને તેને એવો વિચાર યાવત્ ઉત્પન્ન થયો કે – શ્રમણ ભગવંત મહાવીર જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લૂકાતીર નગરમાં એકજંબૂક ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે. તો મારે માટે શ્રેયસ્કર છે કે હું ભગવંતને વાંદી યાવત્ પર્યુપાસીને આ પ્રશ્ન પૂછીને ઉત્તર મેળવું. એ પ્રમાણે વિચાર કર્યો, કરીને ૪૦૦૦ સામાનિક દેવોના પરિવાર સાથે સૂર્યાભદેવની માફક યાવત્ નિર્ઘોષનાદિત શબ્દો સહ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં ઉલ્લૂકાતીર નગરમાં એકજંબૂક ચૈત્યમાં મારી પાસે આવવા નીકળ્યો. - - ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્ર તે દેવની દિવ્ય દેવઋદ્ધિ, દેવદ્યુતિ, દેવાનુભાગ, તેજોલેશ્યાને સહન ન કરવાથી મને આઠ ઉક્ષિપ્ત પ્રશ્ન-વ્યાકરણ પૂછી સંભ્રાતપણે યાવત્ ગયો.*

*[૬૭૫] જ્યારે શ્રમણ ભગવંત મહાવીર ગૌતમસ્વામીને ઉક્ત વાત કહી રહ્યા હતા, તેટલામાં તે દેવ જલ્દીથી ત્યાં આવી ગયો. ત્યારે તે દેવે શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત વંદન, નમસ્કાર કરીને આમ કહ્યું – ભગવન્ ! મહાશુક્ર કલ્પના મહાસામાન્ય વિમાનમાં ઉત્પન્ન એક માયી મિથ્યાદૃષ્ટિ દેવે મને આમ કહ્યું – પરિણમતા પુદ્ગલો પરિણત નથી. અપરિણત જ પરિણમે છે. કેમકે તે પુદ્ગલો પરિણમી રહ્યા છે તેથી તે પરિણત નથી, પણ અપરિણત છે. ત્યારે મેં તે માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક દેવને એમ કહ્યું કે – પરિણમતા પુદ્ગલ પરિણત છે, અપરિણત નથી. કેમકે તે પુદ્ગલો પરિણત થઈ રહ્યા છે, માટે પરિણત કહેવાય, અપરિણત નહીં. આ કથન કેવું છે ?*

*ગંગદત્તને આમંત્રીને ભગવંતે ગંગદત્તને આમ કહ્યું – હે ગંગદત્ત ! હું પણ એ પ્રમાણે જ કહું છું આદિ. - પરિણમતા પુદ્ગલો યાવત્ અપરિણત નથી.*

*આ અર્થ સત્ય છે. ત્યારે તે ગંગદત્ત દેવ ભગવંત મહાવીર પાસે આ અર્થ સાંભળી, અવધારી હર્ષિત-સંતુષ્ટ થઈ ભગવંતને વંદન-નમસ્કાર કર્યા. કરીને બહુ દૂર નહીં તે રીતે યાવત્ પર્યુપાસના કરવા લાગ્યો.*

*ત્યારે ભગવંતે ગંગદત્ત દેવને અને પર્ષદાને યાવત્ ધર્મ કહ્યો યાવત્ આરાધક થયો. ત્યારે તે ગંગદત્ત દેવ ભગવંત પાસે ધર્મ સાંભળી, અવધારી હર્ષિત-સંતુષ્ટ થઈ, ઉત્થાનથી ઉઠીને ભગવંતને વંદન-નમન કર્યું, કરીને આમ કહ્યું – હે ભગવન્ ! હું ગંગદત્ત દેવ શું ભવસિદ્ધિક છું કે અભવસિદ્ધિક ? એ પ્રમાણે સૂર્યાભદેવવત્ કહેવું યાવત્ બત્રીશવિધ નૃત્યવિધિ દેખાડી, પછી યાવત્ તે જ દિશામાં પાછો ગયો.*

**● વિવેચન-૬૭૩ થી ૬૭૫ :-**

અહીં બધાં જ સંસારી બાહ્ય પુદ્ગલોને ગ્રહણ કર્યા વિના કોઈ ક્રિયા ન કરે, એ સિદ્ધ જ છે. પરંતુ મહર્દ્ધિક દેવ, મહર્દ્ધિકપણાથી ગમનાદિ ક્રિયાને કદાચ કરી શકે એ સંભાવનાથી શકે પ્રશ્ન કર્યો છે. ભાસિત્તए - કહેવા, वागरित्तए - ઉત્તર દેવાને. એ બે, ત્રીજો પ્રશ્ન, ચોથો ઉન્મેષ, પાંચમું આકુંચનાદિ, છઠ્ઠું સ્થાન, સાતમી વિકુર્વણા, આઠમો પરિચાર. એ અવિસ્તારિત સ્વરૂપના પ્રશ્નો પૂછ્યા, ઉત્તરો મેળવ્યા. संभतिय० - ઉત્સુકતાથી નિર્વૃત્ત, સંભ્રમ વંદન વડે. - - વર્તમાન, અતીતકાળના વિરોધથી કહે છે –

પરિણમતા એવાને પરિણત નથી તેમ કહેવું એ મિથ્યાદૃષ્ટિ વચન છે. સમ્યગ્દૃષ્ટિ વચન આ છે - પરિણમતા પુદ્ગલો પરિણત છે, અપરિણિત નથી. પરિણામના સદ્ભાવે પરિણમે છે, તેમ કહ્યું. કેમકે પરિણત્વ અવશ્ય થનાર છે - x - x - સૂર્યાભવત્ પરિવારથી આમ કહે છે – ત્રણ પર્ષદા, સાત સૈન્ય, સાત સૈન્યાધિપતિ, ૧૬,૦૦૦ આત્મરક્ષક દેવ - x - ઈત્યાદિ.

**● સૂત્ર-૬૭૬ :-**

*ભંતે ! એમ આમંત્રી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ આ પ્રમાણે કહ્યું – ભગવન્ ! ગંગદત્ત દેવને તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવધુતિ યાવત્ ક્યાં અનુપ્રવેશી ? ગૌતમ ! શરીરમાં ગઈ, શરીરમાં પ્રવેશી. કૂટાગાર શાળાના દૃષ્ટાંતે યાવત્ શરીરમાં અનુપ્રવેશી. અહો ! હે ભગવન્ ! ગંગદત્ત દેવની મહાઋદ્ધિ યાવત્ મહાસૌખ્ય !*

*ભગવન્ ! ગંગદત્ત દેવે તે દિવ્ય દેવઋદ્ધિ, દિવ્ય દેવધુતિ કઈ રીતે પ્રાપ્ત કરી યાવત્ ગંગદત્ત દેવને તે કઈ રીતે અભિસન્મુખ થઈ ?*

*ગૌતમાદિને સંબોધી ભગવંત મહાવીરે, ગૌતમસ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! તે કાળે, તે સમયે આ જ જંબૂદ્વીપ દ્વીપના ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં ગંગદત્ત નામે ગાથાપતિ રહેતો હતો, તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો.*

*તે કાળે, તે સમયે અરહંત મુનિસુવ્રત, જે આદિકર યાવત્ સર્વજ્ઞ, સર્વદર્શી હતા. આકાશગત ચક્રસહિત યાવત્ દેવો દ્વારા ખેંચાતા (ધર્મધ્વજ યુક્ત), શીષ્યગણથી સંપરિવૃત્ત, પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગ્રામ વિચરતા યાવત્ જ્યાં સહસ્રામ્રવન ઉદ્યાને યાવત્ વિચરતા હતા. પર્ષદા નીકળી - x -*



*ત્યારે તે ગંગદત્ત ગાથાપતિ, આ વૃત્તાંત પ્રાપ્ત થતાં હૃષ્ટ તુષ્ટ યાવત્ બલિકર્મ કરી યાવત્ અલંકૃત્ શરીરે પોતાના ઘેરથી નીકળે છે, નીકળીને પગે ચાલીને હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી સહસ્રામ્રવન ઉદ્યાનમાં મુનિસુવ્રત અરહંત પાસે આવ્યો. આવીને મુનિસુવ્રત અરહંતને ત્રણ વખત પ્રદક્ષિણા કરી યાવત્ ત્રણ પ્રકારની પર્યુપાસનાથી પર્યુપાસે છે.*

*ત્યારે મુનિસુવ્રત અરહંતે ગંગદત્તને તથા તે મોટી યાવત્ પર્ષદા પાછી ગઈ. - - - ત્યારે તે ગંગદત્ત ગાથાપતિ મુનિસુવ્રતસ્વામી પાસે ધર્મ સાંભળી, અવધારીને હર્ષિત, સંતુષ્ટ થઈ ઉત્થાનથી ઉઠે છે. ઉઠીને મુનિસુવ્રત અરહંતને વંદન-નમન કરે છે. કરીને આમ કહ્યું – ભગવન્ ! હું નિર્ગ્રન્થ પ્રવચનની શ્રદ્ધા કરું છું યાવત્ જેમ આપ કહો છો, તેમજ છે.*

*હે દેવાનુપ્રિય! મોટા પુત્રને કુટુંબમાં સ્થાપી, પછી દેવાનુપ્રિય પાસે હું મુંડ યાવત્ પ્રવ્રજિત થવા ઈચ્છુ છું - - હે દેવાનુપ્રિય! સુખ ઉપજે તેમ કરો, પ્રતિબંધ ન કરો. ત્યારે તે ગંગદત્ત, મુનિસુવ્રત સ્વામીને આમ કહેતા સાંભળીને હૃષ્ટ-તુષ્ટ થઈ, મુનિસુવ્રત સ્વામીને વાંદી-નમીને તેમની પાસેથી, સહસ્રામ્રવન ઉદ્યાનથી નીકળે છે. નીકળીને હસ્તિનાપુર નગરમાં પોતાને ઘેર આવે છે. આવીને વિપુલ અશન, પાન યાવત્ તૈયાર કરાવે છે, કરાવીને મિત્ર-જ્ઞાતિજન-નિજકને યાવત્ આમંત્રે છે, આમંત્રીને પછી સ્નાન કર્યું યાવત્ પૂરણશ્રેષ્ઠી સમાન મોટા પુત્રને કુટુંબ ભાર સોંપે છે.*

*ત્યાર પછી તે મિત્ર, જ્ઞાતિજન યાવત્ મોટાપુત્રને પૂછે છે, પૂછીને સહસ્ર પુરુષ-વાહિની શિબિકામાં આરૂઢ થાય છે, થઈને મિત્ર, જ્ઞાતિજન, નિજક યાવત્ પરિજન અને મોટા પુત્રથી સમ્યક્ અનુગમન કરાતો સર્વઋદ્ધિ યાવત્ વાદ્યોના ઘોષપૂર્વક હસ્તિનાપુરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને સહસ્રામ્રવન ઉદ્યાને આવે છે. આવીને છત્ર આદિ તીર્થંકર અતિશય જુએ છે. ઉદાયન રાજા માફક યાવત્ જાતે જ આભરણ ઉતારે છે, જાતે જ પંચમુષ્ટી લોચ કરે છે. કરીને મુનિસુવ્રત અરહંત પાસે ઉદાયન માફક આવીને તે રીતે દીક્ષા લે છે. તે રીતે અગિયાર અંગોને ભણે છે. યાવત્ માસિકી સંલેખનાથી ૬૦ ભક્તને અનશન વડે યાવત્ છેદીને, આલોચના-પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી કાળ માસે કાળ કરીને મહાશુક્ર કલ્પે મહાસામાન્ય વિમાનમાં ઉપપાત સભામાં દેવ શયનીયમાં યાવત્ ગંગદત્ત દેવપણે ઉત્પન્ન થયો.*

*ત્યારે તે તત્કાળ ઉત્પન્ન ગંગદત્ત દેવ પંચવિધ પર્યાપ્તિ વડે પર્યાપ્તિભાવને પામ્યો. તે આ - આહાર પર્યાપ્તિ યાવત્ ભાષામનઃ પર્યાપ્તિ વડે. હે ગૌતમ ! એ પ્રમાણે ગંગદત્ત દેવે તે દિવ્ય દેવઋદ્ધિ યાવત્ અભિસન્મુખ કરી. - - - ભગવન્ ! ગંગદત્ત દેવની કેટલો કાળ સ્થિતિ છે ? ગૌતમ ! સાત સાગરોપમ.*

*- - - ભગવન્ ! ગંગદત્ત દેવ, તે દેવલોકથી આયુનો ક્ષય થતાં યાવત્ મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ અંત કરશે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૬૭૬ :-**

અહીં શક્ર પૂર્વભવમાં કાર્તિક નામે અભિનવ શ્રેષ્ઠી થયો, ગંગદત્ત જીર્ણ શ્રેષ્ઠી. તેને પ્રાયઃ ઈર્ષ્યા હતી, તે અસહનનું કારણ સંભવે છે. जहा सूरियाभ - દ્વારા આમ કહે છે – સમ્યગ્દષ્ટિ કે મિથ્યાદૃષ્ટિ, પરિત્ત સંસારી કે અનંત સંસારી, સુલભબોધિ કે દુર્લભ બોધિ, આરાધક કે વિરાધક, ચરમ-અચરમ ઈત્યાદિ (પ્રશ્નો જાણવા).

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૬-"સ્વપ્ન" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ગંગદત્તની સિદ્ધિ કહી. તે કેટલાંકને સ્વપ્નથી સૂચિત થાય, માટે –

**● સૂત્ર-૬૭૭ થી ૬૭૯ :-**

*[૬૭૭] ભગવન્ ! સ્વપ્નદર્શન કેટલા પ્રકારે છે ? ગૌતમ ! પાંચ પ્રકારે છે – યથાતથ્ય, પ્રતાન, ચિંતા, તદ્વિપરીત, અવ્યક્ત દર્શન.*

*ભગવન્! સુતા સ્વપ્ન જુએ, જાગતા સ્વપ્ન જુએ કે સુતા-જાગતાં સ્વપ્ન જુએ? ગૌતમ! સુતા કે જાગતાં સ્વપ્ન ન જુએ, સુતા-જાગતાં સ્વપ્ન જુએ છે. - - - ભગવન્! જીવો, સુતા છે, જાગતા છે કે સુતા-જાગતા? ગૌતમ! જીવો ત્રણે છે. - - - ભગવન્! નૈરયિકો સુતા છે? પ્રશ્ન. ગૌતમ! નૈરયિકો સુપ્ત છે, જાગૃત કે સુપ્તજાગૃત નથી. એ પ્રમાણે ચઉરિન્દ્રિય સુધી કહેવું. - - - ભગવન્! પંચેન્દ્રિય તિર્યંચયોનિક શું સુતા છે? પ્રશ્ન. ગૌતમ! સુપ્ત અને સુપ્તજાગૃત છે, જાગૃત નહીં. મનુષ્યોને જીવની માફક જાણવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

*[૬૭૮] ભગવન્ ! સ્વપ્નને સંવૃત્ત જુએ, અસંવૃત્ત જુએ, સંવૃત્તા-સંવૃત્ત જુએ. ગૌતમ ! ત્રણે સ્વપ્નોને જુએ છે. સંવૃત્ત જીવ જે સ્વપ્ન જુએ તે યથાતથ્ય જુએ છે. અસંવૃત્ત જે સ્વપ્ન જુએ. તે તથ્ય પણ હોય અતથ્ય પણ હોય. સંવૃત્તાસંવૃત્ત જે સ્વપ્ન જુએ તે અસંવૃત્ત સમાન જાણવું.*

*ભગવન્ ! જીવો શું સંવૃત્ત છે, અસંવૃત્ત છે કે સંવૃત્તાસંવૃત્ત ? ગૌતમ ! જીવો ત્રણે પ્રકારે હોય, એ પ્રમાણે જેમ સુપ્તદંડક છે તેમ કહેવું.*

*ભગવન્ ! સ્વપ્નો કેટલા ભેદે છે ? ગૌતમ ! ૪૨ સ્વપ્નો છે. - - ભગવન્ ! મહાસ્વપ્ન કેટલા ભેદે છે ? ગૌતમ ! ૩૦-ભેદે છે. - - ભગવન્ ! સર્વે સ્વપ્ના કેટલા ભેદે છે ? ગૌતમ ! ૭૨-ભેદે કહેલા છે.*

*ભગવન્ ! તિર્થંકરની માતા તિર્થંકર ગર્ભમાં આવે ત્યારે કેટલા મહાસ્વપ્નો જોઈને જાગે છે ? ગૌતમ ! - x - ૩૦ મહા સ્વપ્નોમાંથી ૧૪-મહાસ્વપ્નો જોઈને જાગે છે. તે આ – હાથી, વૃષભ, સીંહ, અભિષેક ઈત્યાદિ.*

*ભગવન્ ! ચક્રવર્તીની માતા ચક્રવર્તી ગર્ભમાં આવે ત્યારે કેટલા મહાસ્વપ્નો*



*જોઈને જાગે છે ? ગૌતમ ! - x - તીર્થંકર માતાવત્ જાણવું.*

*ભગવન્! વાસુદેવની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! વાસુદેવ માતા યાવત્ વાસુદેવ ગર્ભમાં આવતા આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ સાત મહાસ્વપ્ન જોઈને જાગે છે. - - બલદેવની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! બલદેવની માતા યાવત્ આ ચૌદ મહાસ્વપ્નોમાંથી કોઈ ચાર મહાસ્વપ્ન જોઈને જાગે છે. - - ભગવન્! માંડલીકની માતા વિશે પ્રશ્ન. ગૌતમ! માંડલીકની માતા યાવત્ આ ચૌદમાનું કોઈ એક સ્વપ્ન જોઈને જાગે.*

*[૬૭૯] શ્રમણ ભગવંત મહાવીર પોતાના છદ્મસ્થ કાળની અંતિમ રાત્રિએ આ દશ મહાસ્વપ્નો જોઈને જાગ્યા. તે આ પ્રમાણે –*

*(૧) એક મહા ઘોર અને તેજસ્વીરૂપવાળા તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કર્યો, જોઈને જાગ્યા. (૨) એક મહાન્ શ્વેત પાંખવાળા પુંસ્કોકિલને સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૩) એક મહાન્ ચિત્રવિચિત્ર પાંખવાળા પુંસ્કોકીલને સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૪) એક મહાન્ માળાયુગલ જે સર્વરત્નમય હતું, તે સ્વપ્નમાં જોઈને જાગ્યા. (૫) એક મોટો શ્વેતવર્ગ સ્વપ્નમાં જોઈને જાગ્યા.*

*(૬) એક મોટા પદ્મસરોવર જે ચોતરફ કુસુમિત હતું, તે જોઈને જાગ્યા. (૭) એક મોટો સાગર, જે હજારો તરંગો અને કલ્લોલોથી યુક્ત હતો, તેને ભૂજાથી તર્યા, તેવું સ્વપ્ન જોઈને જાગ્યા. (૮) પોતાના તેજથી જાજ્વલ્યમાન્ એક મહાન્ સૂર્યને જોઈને જાગ્યા. (૯) એક મોટા માનુષોત્તર પર્વતને નીલ વૈડૂર્ય મણિ સમાન પોતાના આંતરડાથી ચોતરફથી આવેષ્ટિત-પરિવેષ્ટિત જોઈને જાગ્યા. (૧૦) એક મહાન્ મંદરપર્વતની મેરુ ચૂલિકા ઉપર શ્રેષ્ઠ સીંહાસન ઉપર પોતાને સ્વપ્નમાં બેસેલા જોઈને જાગ્યા.*

*(૧) ભગવંતે ઘોર, તેજસ્વી રૂપવાળા તાલપિશાચને સ્વપ્નમાં પરાજિત કર્યો, તેથી ભગવંત મહા મોહનીય કર્મને મૂળથી નાશ કરશે.*

*(૨) ભગવંતે જે મોટુ શુક્લ પાંખવાળુ પુસ્કોકીલ જોયું તેથી તેઓ શુક્લ ધ્યાનવાળા થઈને વિચરશે. - -*

*(૩) ચિત્રવિચિત્ર પાંખાળુ પુસ્તકોકીલને જોયું, તેથી ભગવંત સ્વસમય-પરસમયિક વિચિત્ર દ્વાદશાંગી ગણિપિટકને કહેશે. પ્રજ્ઞપ્ત કરશે, પ્રરૂપિત કરશે, દેખાડશે - નિર્દેશશે - ઉપનિર્દેશશે. તે આચાર, સૂત્રકૃત્ યાવત્ દૃષ્ટિવાદ.*

*(૪) ભગવંતે એક મહાન્ માળા યુગલ જોયું - x - તેથી બે ધર્મો પ્રરૂપશે. તે આ - આગાર ધર્મ, અણગાર ધર્મ.*

*(૫) ભગવંતે જે મોટો શ્વેત ગોવર્ગ જોયો - x - તેથી ભગવંતને ચાતુર્વણ શ્રમણસંઘ થશે - x - x -*

*(૬) ભગવંતે એક મહા પદ્મસરોવર જોયું - x - તેથી ભગવંત ચાર પ્રકારે દેવોની પ્રરૂપણા કરશે - ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*(૭) ભગવંત એક મહાસાગર તર્યા - x - તેથી ભગવંત મહાવીર અનાદિ*

***અનંત યાવત્ સંસારકાંતારને તરી ગયા.***

***(૮) ભગવંત એક મોટા સૂર્ય જોઈને જાગ્યા - x - તેથી તેમણે અનંત, અનુત્તર, નિરાબાધ, નિર્વ્યાઘાત, સમગ્ર, પ્રતિપૂર્ણ કેવળ ઉપજ્યું.***

***(૯) ભગવંતે પોતાના આંતરડાથી માનુષોત્તર પર્વતને વીંટ્યો - x - તેથી ભગવંત, ઉદાર કીર્તિ-વર્ણ-શબ્દ-શ્લોકને પ્રાપ્ત થયા.***

***(૧૦) ભગવંત મહાવીર મેરુ પર્વતની મેરુ ચૂલિકાએ યાવત્ જાગ્યા, તેથી ભગવંતે દેવ-મનુષ્ય-અસુરની પર્ષદા મધ્યે કેવલી ધર્મ કહ્યો.***

● **વિવેચન-૬૭૭ થી ૬૭૯ :-**

સ્વપ્ન - સ્વાપ ક્રિયા અનુગત અર્થ વિકલ્પનું દર્શન - અનુભવન. તે સ્વપ્ન ભેદથી પાંચ પ્રકારે છે. - - अहातच्च - જે પ્રકારે સત્ય કે તત્ત્વ વડે જે વર્તે છે, તે યથાતથ્ય કે યથાતત્ત્વ. તે દૃષ્ટાંત અવિસંવાદી કે ફળ અવિસંવાદી છે. તેમાં દૃષ્ટાર્થ અવિસંવાદી સ્વપ્ન કોઈ પણ સ્વપ્નને જુએ છે - જેમકે સ્વપ્નમાં ફળને હાથમાં આપતા જોઈને જાગે ત્યારે તેવું જ બને. ફળ-અવિસંવાદી, કોઈએ સ્વપ્નમાં પોતાને હાથી આદિ ઉપર બેસેલ જોઈને, જાગ્યા પછી કાલાંતરે તેને સંપત્તિ મળે.

પ્રતાન સ્વપ્ન - વિસ્તાર, તદ્‌રૂપ સ્વપ્ન તે સત્ય કે અસત્ય પણ થાય. આ ભેદ વિશેષણકૃત્ છે, એ રીતે આગળ પણ જાણવું.

ચિંતાસ્વપ્ન - જાગૃત્ અવસ્થાની જે ચિંતા - અર્થચિંતન, તેને દેખાડનાર સ્વપ્ન તે ચિંતા સ્વપ્ન. - - તદ્વિપરિત સ્વપ્ન - જે વસ્તુ સ્વપ્નમાં જુએ. તેના વિપરીત અર્થની જાગ્યા પછી પ્રાપ્તિ થવી - x - x - બીજા 'તદ્વિપરીત'નો આવો અર્થ કરે છે - કોઈક સ્વરૂપે મૃત્તિકા સ્થળમાં આરૂઢ પોતાને સ્વપ્નમાં જુએ, તે અશ્વ પર આરૂઢ થયો હોય.

અવ્યક્ત દર્શન-અસ્પષ્ટ અનુભવ. સ્વપ્નાર્થનું અવ્યક્ત દર્શન. સ્વપ્નના અધિકારથી જ આ પ્રમાણે બતાવતા કહે છે –

सुत्तजागर - બહુ સુતો નહીં, બહુ જાગતો નહીં. આ સુતો-જાગતો દ્રવ્ય-ભાવથી થાય છે. તેમાં દ્રવ્યથી નિદ્રા અપેક્ષાએ, ભાવથી વિરતિ અપેક્ષાએ. તેમાં સ્વપ્ન વ્યતિકર નિદ્રાપેક્ષાએ કહ્યો છે.

હવે વિરતિ અપેક્ષાએ જીવાદિ-૨૫-પદોનું સુપ્તત્વ-જાગરત્વ પ્રરૂપે છે. તેમાં સર્વવિરતિરૂપ નૈશ્ચયિક પ્રબોધ ભાવથી સુપ્ત. સર્વવિરતિરૂપ પ્રવર જાગરણના સદ્‌ભાવથી જાગૃત, દેશવિરતને સુપ્તજાગૃત.

પૂર્વે સ્વપ્ન જોનાર કહ્યા. હવે સ્વપ્નનો તથ્યાતથ્ય વિભાગ સૂત્રકાર દેખાડે છે. (તેમાં) संवृत्त - નિરુદ્ધાશ્રવ દ્વાર એટલે સર્વવિરત. આને जागर શબ્દકૃત્ વિશેષ છે. બંને સર્વવિરતને જણાવનારા છે. પરંતુ 'જાગર' શબ્દ સર્વવિરતિયુક્ત બોધ અપેક્ષાએ કહ્યો છે, જ્યારે સંવૃત્ત શબ્દ તથાવિધ બોધયુક્ત સર્વવિરતિ અપેક્ષાએ છે - x - સંવૃત્તને અહીં વિશિષ્ટતર સંવૃતત્વ યુક્ત લેવો. તે પ્રાયઃ ક્ષીણમળપણાથી અને દેવતાના અનુગ્રહ યુક્તત્વથી સત્ય સ્વપ્નને જુએ છે. - x - x -

સ્વપ્નના અધિકારથી જ કહે છે – વિશિષ્ટ ફળ સૂચક સ્વપ્નની અપેક્ષાએ



૪૨-અન્યથા અસંખ્યેય, તે સંભવે છે. મહાસુવિણ - મહત્તમ ફળ સૂચક. બંને મળીને-૭૨ છે. अंतिमराइयंसि - રાત્રિના અંત ભાગે.

घोररूवदित्तधर - ઘોર, જે રૂપ અને દીપ્ત કે દૃપ્ત, તેને જે ધારણ કરે છે, તે. तालपिशाच - તાલ, એક વૃક્ષ છે, તે સ્વભાવિક ઉંચુ છે, તે તાલ જેવો પિશાચ. આ પિશાચાદિ વિષયથી મોહનીયાદિ વડે સ્વપ્નફળ વિષયરૂપ સાથે સાધર્મ્ય સ્વયં જાણવું. पुंसकोइलग - કોકિલ પુરુષ. उम्मीवीइसहस्सकलियं - ઉર્મી એટલે મહાકલ્લોલ, વીચી તે નાના કલ્લોલ અથવા ઉર્મીના વીચય, તે હજારો હતા.

हरिवेरुलियवण्णाभेणं - હરિત એટલે નીલ, વૈડૂર્યવર્ણી. आवेढिय - અભિવિધિથી સર્વથા વેષ્ટિત. परिवेढिय - પુનઃ પુનઃ એ અર્થ છે. गणिपिडग - ગણીની અર્થ પરિચ્છેદની પેટી માફક પેટી - આશ્રય અથવા ગણિ એટલે આચાર્યની પિટક માફક સર્વસ્વ ભાજન માફક તે ગણિપિટક.

आघवेइ - સામાન્ય, વિશેષ રૂપથી કહે છે. पन्नवेति - તે સામાન્યથી. पन्नवेति - તે સામાન્યથી. परूवेइ - પ્રતિ સૂત્રના અર્થ કથનથી. दंसेइ - તેના અભિધેયના પ્રત્યુપેક્ષણાદિ ક્રિયાદર્શનથી. निदंसेइ - અનુકંપા વડે કંઈક ગ્રહણ કરતા નિશ્ચયથી પુનઃ પુનઃ દર્શાવે. उवदंसेइ - બધાં નય યુક્તિથી દેખાડે.

चाउवण्णाइन्न - ચાતુર્વર્ણથી આકીર્ણ-જ્ઞાનાદિ ગુણ વડે ચાર પ્રકારના દેવની પ્રજ્ઞાપના-પ્રતિબોધે છે. अणंत - વિષયની અનંતતાથી, अनुत्तर - સર્વમાં પ્રધાનત્વથી. निव्वाधाए - કટ, ભીંતાદિથી અપ્રતિહત, निरावरण - ક્ષાયિકપણાથી, कसिण - સકલ અર્થ ગ્રાહકત્વથી ઈત્યાદિ - x -

● **સૂત્ર-૬૮૦ :-**

***કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટી અશ્વપંક્તિ, ગજપંક્તિ યાવત્ વૃષભપંક્તિને અવલોકતો જુએ. તેને આરોહતો આરોહે અને પોતાને આરૂઢ થયેલો માને, એવું સ્વપ્ન જોઈને તત્ક્ષણ જાગે તો તે જ ભવમાં સિદ્ધ થાય છે, યાવત્ દુઃખનો અંત કરે છે.***

***કોઈ સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટી દોરડી, પૂર્વથી પશ્ચિમ લાંબી, સમુદ્રને બંને કિનારે સ્પર્શતી અવલોકતો જુએ, પોતાના બંને હાથે તેને સમેટતો સમેટે, પોતે સમેટી તેમ માને, તુરંત તે જાગે તો તે જ ભવગ્રહણથી યાવત્ દુઃખનો અંત કરે.***

***સ્ત્રી કે પુરુષ એક મોટી દોરડી, પૂર્વ-પશ્ચિમ લાંબી, લોકના બંને છેડાને અવલોકતો જુએ, તેને છેદન કરતો છેદે, પોતે છેદી તેમ માને, તુરંત જાગે તો યાવત્ દુઃખનો અંત કરે છે. - - - સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા કાળા દોરા યાવત્ સફેદ દોરાને અવલોકતો જુએ. તેની ગુંચને ઉકેલતો ઉકેલે, પોતે ઉકેલી તેમ માને તો તત્ક્ષણ જ યાવત્ દુઃખનો અંત કરે.***

***સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા લોઢા-તાંબુ-ત્રપુષ-સીસાના ઢગલાને અવલોકતો જુએ, તેના પર ચડતો એવો ચડે, પોતે ચડ્યો તેમ માને, તત્ક્ષણ***

*જ જાગી જાય તો બે ભવગ્રહણથી સિદ્ધ થાય યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા હિરણ્ય-સુવર્ણ-રત્ન-વજ્રના ઢગલાંને જુએ. આરોહતો આરોહે, પોતાને આરૂઢ થયો માને. પછી તુરંત જાગી જાય તો તે જ ભવે સિદ્ધ થાય યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા તૃણરાશી, 'તેજોનિસર્ગ' (શતક) મુજબ યાવત્ કચરાના ઢગલાંને જુએ. તેને વિખેરે, પોતે તેને વિખેર્યો તેમ માને, તત્ક્ષણ જાગે, તો તેજ ભવે યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા સર-વીરણ-વંશીમૂલ - વલ્લીમૂલના સ્તંભને જુએ, તેને ઉખાડીને ફેંકે, પોતે ઉખેડી નાંખ્યો તેમ માને, તત્ક્ષણ જાગી જાય, તો તે જ ભવે યાવત્ દુઃખનો અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા ક્ષીર-દહિ-ઘી-મધુના કુંભને જુએ, ઉપાડે, ઉપાડ્યો એમ માને, જલ્દી જાગે, તે ભવે યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા-સૌવીર-સુરારૂપ-તેલ-ચરબીનો કુંભ, તેને ભેદે, ભેદ્યો એમ માને, જલ્દી જાગે, બે ભવે સિદ્ધ થાય.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટા પદ્મ સરોવરને પુષ્પીત થયેલો જુએ, તેનું અવગાહન કરે, મેં અવગાહન કર્યુ તેમ માને, તત્ક્ષણ જાગી જાય, તો તે જ ભવે યાવત્ દુઃખનો અંત કરે છે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક મોટો સાગર, તરંગ-કલ્લોલથી યાવત્ ઉછડતો જુએ. તેને તરી જાય, તર્યો તેમ માને, જલ્દીથી યાવત્ અંત કરે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક સર્વરત્નમય મહાભવનને જુએ, આરૂઢ થાય, પ્રવેશ કરતો પ્રવેશે, મેં પ્રવેશ કર્યો તેમ પોતાને માને જલ્દીથી જાગી જાય, તો તે જ ભવે યાવત્ સર્વ દુઃખનો અંત કરે છે.*

*સ્ત્રી કે પુરુષ સ્વપ્નાંતે એક સર્વરત્નમય વિમાનને જુએ, આરોહણ કરે, પોતે આરોહણ કર્યુ માને, જલ્દીથી જાગે, યાવત્ અંત કરે.*

**● વિવેચન-૬૮૦ :-**

સ્વપ્નાંતે - સ્વપ્નના વિભાગમાં, સ્વપ્નને અંતે. ગજપંક્તિ, અહીં યાવત્ શબ્દથી નરપંક્તિ, એ રીતે કિંનર, કિંપુરુષ, મહોરગ, ગંધર્વ પંક્તિ, જોવાના ગુણયુક્ત થઈ જુએ - અવલોકન કરે. दामिणि - ગાય આદિના બંધનરૂપ વિશેષ દોરડું. दुहओ - બંને પડખે, संवेल्लेमाणे - સમેટતો, પોતે સમેટ્યુ તેમ માને. उग्गोवेमाणे - ઉખેડતો, ગુંચ ઉકેલતો. જે રીતે ગોશાલકમાં "તેજ નિસર્ગ" કહ્યો. આના દ્વારા એમ સૂચવે છે - પત્રનો - છાલનો - ભુસાનો-તુસનો-છાણનો ઢગલો. सुराविय - સુરારૂપ જે જળ, તેનો કુંભ, सोवीरग - સૌવીર, કાંજી. - - સ્વપ્નો કહ્યા, હવે ગંધપુદ્ગલ —

**● સૂત્ર-૬૮૧ :-**

*ભગવન્ ! કોઈ કોષ્ઠપુટ યાવત્ કેતકીપુટ ખોલી, એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય, અનુકૂળ હવા વહેતી હોય, તો તેની ગંધ ફેલાય અથવા કોષ્ઠ યાવત્ કેતકી વાયુમાં વહે ? ગૌતમ ! કોષ્ઠ યાવત્ કેતકી ન વહે પણ ઘ્રાણ સહગામી પુદ્ગલો વહે છે. ભગવન્ ! તેમજ છે.*



**● વિવેચન-૬૮૧ :-**

જે કોષ્ઠમાં વાસસમુહ પકાવાય તે, કોષ્ઠનો પુડો તે કોષ્ઠપુટ. યાવત્ શબ્દથી આમ જાણવું — પત્રપુટ, ચોયપુટ, તગરપુટ. તેમાં પત્ર એટલે તમાલપત્ર, ચોય-ત્વચા, તગર-ગંધ દ્રવ્ય વિશેષ. अणुवायंसि - અનુકૂળ વહેતો. - x - उब्भिज्जमाण - પ્રબળતાથી ઉર્ધ્વ. યાવત્ શબ્દથી અહીં નિબ્ભિજ્જમાણ, ઉક્કિરિજ્જમાણ, વિકિરિજ્જમાણ ઈત્યાદિ લેવું.

કોષ્ઠ - વાસસમુદાય, દૂરથી આવે છે, આવીને ઘ્રાણગ્રાહ્ય થાય છે. સુંઘાય તે ઘ્રાણ, ગંધ-ગંધોપલંભ ક્રિયા. તેથી સાથે જતાં પુદ્ગલો.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૭-"ઉપયોગ" ❀

— x — x — x — x — x — x —

ઉદ્દેશા-૬-ને અંતે ગંધ પુદ્ગલો વહે છે, તેમ કહ્યું. તે ઉપયોગ વડે જણાય છે. તેથી ઉપયોગ અને તેની વિશેષભૂત 'પશ્યતા' અહીં કહે છે —

**● સૂત્ર-૬૮૨ :-**

*ભગવન્ ! ઉપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે. એ પ્રમાણે પન્નવણાના ઉપયોગ પદ મુજબ સંપૂર્ણ કહેવું. 'પશ્યતા' પદ પણ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૬૮૨ :-**

ઉપયોગ પદ, પ્રજ્ઞાપનાનું ૨૯મું પદ છે. તે આ રીતે - ઉપયોગ બે ભેદે - સાકારોપયોગ, અનાકારોપયોગ. સાકારોપયોગ આઠ ભેદે છે - આભિનિબોધિક સાકારોપયોગ યાવત્ વિભંગજ્ઞાન સાકારોપયોગ. ભગવન્ ! અનાકારોપયોગ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — ચક્ષુ, અચક્ષુ, અવધિ, કેવલ - દર્શન અનાકારોપયોગ ઈત્યાદિ. આ વ્યક્ત જ છે.

અહીં 'પશ્યતા' પદ કહેવું. તે પ્રજ્ઞાપનાનું ૩૦-મું પદ છે. તે આ રીતે - ભગવન્ ! પશ્યતા કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સાકાર પશ્યતા, અનાકાર પશ્યતા. સાકારપશ્યતા છ ભેદે - શ્રુતજ્ઞાન યાવત્ કેવલજ્ઞાન સાકાર પશ્યતા અને શ્રુતઅજ્ઞાન, વિભંગજ્ઞાન સાકાર પશ્યતા. અનાકાર પશ્યતા ત્રણ ભેદે — ચક્ષુ, અવધિ, કેવલ-દર્શનાકાર પશ્યતા.

આનો અર્થ આમ છે - પશ્યતા એટલે બોધ પરિણામ વિશેષ. પશ્યતા અને ઉપયોગ સાકાર-અનાકાર ભેદમાં વિશેષતા શું છે ? જેમાં ત્રૈકાલિક અવબોધ છે, તેમાં પશ્યતા છે, જેમાં વર્તમાનકાળ અને ત્રૈકાલિક છે, તે ઉપયોગ છે. તેથી સાકાર પશ્યતામાં મતિજ્ઞાન, મતિઅજ્ઞાન કહ્યા નથી. કેમકે તેને 'સાંપ્રતકાળ વિષયમાં ઉત્પન્ન-વિનષ્ટાર્થપણું છે. પશ્યતામાં માત્ર ચક્ષુર્દર્શન કેમ કહ્યું ? ચક્ષુ ઈન્દ્રિયનો ઉપયોગ બાકી ઈન્દ્રિયોના ઉપયોગની અપેક્ષાએ અલ્પકાળપણે છે. તેથી તે અર્થ પરિચ્છેદ

જલ્દીથી કરે છે. આ અર્થ પ્રજ્ઞાપનાથી વિશેષરૂપે જાણવો.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૮-"લોક" ❀

— x — x — x — x — x — x —

૦ ઉપયોગ કહ્યો. તે લોક વિષયક પણ હોય, તેથી 'લોક' કહે છે —

● સૂત્ર-૬૮૩,૬૮૪ :-

*[૬૮૩] ભગવન્ ! લોક કેટલો મોટો છે ? ગૌતમ ! ઘણો મોટો છે. જેમ શતક-૧૨માં કહ્યું, તેમ અસંખ્ય કોડાકોડી યોજન પરીક્ષેપથી લોક છે, ત્યાં સુધી કહેવું. - - - ભગવન્ ! લોકના પૂર્વીય ચરમાંતમાં શું જીવ, જીવદેશ, જીવપ્રદેશ, અજીવ, અજીવદેશ, અજીવપ્રદેશ છે ? ગૌતમ ! જીવ નથી, જીવદેશથી અજીવ પ્રદેશ સુધી પાંચે પણ છે. જે જીવ દેશો છે, તે નિયમા એકેન્દ્રિય જીવોના દેશો છે, અથવા એકેન્દ્રિયના દેશો અને બેઈન્દ્રિયનો દેશ છે એ પ્રમાણે જેમ દશમાં શતકમાં કહેલ આગ્નેયી દિશાનુસાર જાણવું. વિશેષ એ કે — ઘણાં દેશોના વિષયમાં અનિન્દ્રિય સંબંધિત પહેલો ભંગ ન કહેવો. તથા ત્યાં જે અરૂપી અજીવ છે, તે છ પ્રકારે છે, ત્યાં કાળ નથી. શેષ પૂર્વવત્.*

*ભગવન્ ! લોકના દક્ષિણ ચરમાંતમાં શું જીવો૦ છે ? પૂર્વવત્. એ પ્રમાણે પશ્ચિમી અને ઉત્તરી ચરમાંતના વિષયમાં પણ જાણવું.*

*ભગવન્ ! લોકના ઉપરી ચરમાંતમાં જીવો છે ? પ્રશ્ન. ગૌતમ ! જીવો નથી, જીવ દેશથી અજીવપ્રદેશ એ પાંચે છે જે જીવદેશો છે, તે નિયમા એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિય દેશો છે. અથવા એકેન્દ્રિય અને અનિન્દ્રિયના દેશો તથા બેઈન્દ્રિયનો એક દેશ છે. અથવા એકેન્દ્રિય, અનિન્દ્રિય, બેઈન્દ્રિયના દેશો છે, એ રીતે વચ્ચેના ભંગને છોડીને યાવત્ પંચેન્દ્રિય સુધી કહેવું.*

*અહીં જે જીવ પ્રદેશ છે, તે નિયમા એકેન્દ્રિય અને અનિન્દ્રિયના પ્રદેશ છે, અથવા એકેન્દ્રિયો, અનિન્દ્રિયો, બેઈન્દ્રિયના પ્રદેશ છે, અથવા એકેન્દ્રિયો, અનિન્દ્રિયો, બેઈન્દ્રિયોના પ્રદેશો છે. આ રીતે પહેલા ભંગને છોડીને પંચેન્દ્રિયો સુધી બધા ભંગ કહેવા, અજીવોને દશમ શતક મુજબ તમાદિશા પર્યન્ત બધું જ સંપૂર્ણ તેમજ કહેવું.*

*ભગવન્! શું લોકના અધઃસ્તન ચરમાંતમાં જીવો૦ છે, પ્રશ્ન. ગૌતમ! જીવ નથી, જીવ દેશો યાવત્ અજીવ પ્રદેશો છે. જે જીવદેશો છે, તે નિયમા એકેન્દ્રિય દેશો છે, અથવા એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિયનો એક દેશ છે, અથવા એકેન્દ્રિય દેશો અને બેઈન્દ્રિયોના દેશો છે. એ રીતે મધ્યનો ભંગ છોડીને યાવત્ અનિન્દ્રિયો સુધી કહેવું. બધાં પ્રદેશોને છોડીને આદિનો ભંગ છોડીને બધું પૂર્વીય ચરમાંત સુધી તેમજ કહેવું. અજીવો વિશે ઉપરના ચરમાંતની વક્તવ્યતા અનુસાર કહેવું.*

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીના પૂર્વીય ચરમાંતમાં જીવ૦ છે ? પ્રશ્ન. ગૌતમ ! જીવ નથી. એ પ્રમાણે જેમ લોકના કહ્યા તેમ ચારે ચરમાંતો યાવત્ ઉત્તરીય સુધી કહેવા. ઉપરિતનને જેમ દશમાં શતકમાં વિમલા દિશામાં કહ્યું, તેમ*



*બધું કહેવું. અધઃસ્તન ચરમાંતમાં તેમજ કહેવું. વિશેષ એ કે — પંચેન્દ્રિયના ત્રણ ભંગો કહેવા. બાકી પૂર્વવત્.*

*રત્નપ્રભાના ચારે ચરમાંતો કહ્યા, એ રીતે શર્કરાપ્રભાના પણ ચાર ચરમાંતો કહેવા. રત્નપ્રભાના અધઃસ્તન ચરમાંત સમાન શર્કરાપ્રભાના ઉપરિતન અને અધસ્તન ચરમાંતની વક્તવ્યતા કહેવી. આ પ્રમાણે અધઃસપ્તમી પૃથ્વીના ચરમાંતોના વિષયમાં કહેવું.*

*એ પ્રમાણે સૌધર્મ યાવત્ અચ્યુતમાં કહેવું. ગ્રૈવેયકમાં પણ એમ જ કહેવું. વિશેષ એ કે — તેમાં ઉપરિતન અને અધઃસ્તન ચરમાંત વિષયમાં, જીવ દેશોના સંબંધમાં પંચેન્દ્રિયોમાં પણ વચ્ચેનો ભંગ ન કહેવો. એ રીતે ગ્રૈવેયક વિમાનોની જેમ અનુત્તર વિમાનો અને ઇષત્ પ્રાગ્ભારા કહેવા.*

*[૬૮૪] ભગવન્ ! પરમાણુ પુદ્ગલ, એક સમયમાં લોકના પૂર્વથી પશ્ચિમ ચરમાંત અને પશ્ચિમ ચરમાંતથી પૂર્વ ચરમાંત સુધી, તથા દક્ષિણ ચરમાંતથી ઉત્તર ચરમાંત અને ઉત્તરથી દક્ષિણ ચરમાંત જઈ શકે ? ઉપરથી નીચે, નીચેથી ઉપરના ચરમાંતે જઈ શકે ? હા, ગૌતમ ! જઈ શકે.*

● વિવેચન-૬૮૩,૬૮૪ :-

चरमंत - ચરમ રૂપ અંત તે ચરમાંત, તે અસંખ્યાત પ્રદેશ અવગાહી હોવાથી જીવનો સંભવ નથી. તેથી 'જીવ નથી' તેમ કહ્યું. જીવ દેશાદિનો તો એક પ્રદેશે પણ અવગાહ સંભવે છે. - x - ધર્માસ્તિકાય આદિના દેશો, સ્કંધ દેશો ત્યાં સંભવે છે, એ રીતે અજીવપ્રદેશ પણ કહેવા.

હવે જીવાદિ દેશાદિમાં વિશેષ કહે છે — જે જીવ દેશો છે, તે પૃથ્વી આદિ એકેન્દ્રિય જીવોના દેશો છે, તે લોકાંતે અવશ્ય હોય તે એક વિકલ્પ, બીજા પ્રકારે - એકેન્દ્રિયોના બહુત્વથી, તેના ઘણાં દેશો હોય અને બેઈન્દ્રિયનો કદાચિત્ એક દેશ હોય, તે દ્વિકયોગ વિકલ્પ. જો કે લોકાંતે બેઈન્દ્રિય ન હોય, તો પણ જે બેઈન્દ્રિય, એકેન્દ્રિયમાં ઉત્પન્ન થનાર હોય, તે મારણાંતિક સમુદ્ઘાતથી જાય તેને આશ્રીને વિકલ્પ છે.

જેમ દશમાં શતકમાં આગ્નેયી દિશા આશ્રીને કહ્યું, તેમ અહીં પૂર્વ ચરમાંતને આશ્રીને કહેવું. - x - x - અહીં જે વિશેષતા કહી તે આ - અનિન્દ્રિય આદિ. અનિન્દ્રિય સંબંધી દેશ વિષયે ત્રણ ભંગ છે. અથવા એકેન્દ્રિય દેશો અને અનિન્દ્રિયનો દેશ. એ રૂપ પહેલો ભગ, તે અહીં ન કહેવો. કેમકે કેવલી સમુદ્ઘાતમાં કપાટાદિ અવસ્થામાં લોકના પૂર્વ ચરમાંતે પ્રદેશ વૃદ્ધિ હાનિકૃત લોકદંતક સદ્ભાવે અનિન્દ્રિયના ઘણાં દેશોનો સંભવ છે, એકનો નહીં. આગ્નેયી દિશામાં - x - સાત અરૂપી કહ્યા. પૂર્વ ચરમાંતે અદ્ધા સમયનો પણ અભાવે છે - x -

उवरिल्ले० વડે સિદ્ધ ઉપલક્ષિત ઉપરિતન ચરમાંત વિવક્ષિત, ત્યાં એકેન્દ્રિય દેશો, અનિન્દ્રિય દેશો હોય. ઈત્યાદિ - x - x - જો કે બેઈન્દ્રિયના ઉપરિતન ચરમાંતે મારણાંતિક સમુદ્ઘાત વડે જવા છતાં દેશ જ ત્યાં સંભવે છે - x - દેશો ન સંભવે. - x - x - x - आइल्ल विरहिओ એવું જે કહ્યું, તેનો આ અર્થ છે - પૂર્વોક્ત ત્રણ ભંગમાં પ્રદેશ અપેક્ષાથી

અથવા એકેન્દ્રિય પ્રદેશો, અનિન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિય પ્રદેશો, એ પહેલો ભંગ ન કહેવો. કેમકે બેઈન્દ્રિય પ્રદેશનો અસંભવ છે. - x - x - અજીવો. દશમશતકમાં કહેલ તમા દિશા મુજબ કહેવા. - x - x - ત્યાં તમા દિશા આશ્રીત કથન અહીં ઉપરિતન ચરમાંતને આશ્રીને કહેવું. તે આ રીતે - જે અજીવો છે તે બે ભેદે છે - રૂપી અજીવ, અરૂપી અજીવ. રૂપી અજીવ ચાર ભેદે - સ્કંધાદિ. અરૂપી અજીવ છ ભેદે - નોધર્માસ્તિકાય, ધર્માસ્તિકાયનો દેશ, ધર્માસ્તિકાયના પ્રદેશો, એ રીતે અધર્મ, આકાશના છે.

ભગવન્ ! લોકના અધઃસ્તન૦ આદિ. પૂર્વ ચરમાંતવત્ ભંગો કહેવા. - x - તેમાં મધ્યમ ભંગ વર્જવો. - x - x - દેશભંગકો કહ્યા. હવે પ્રદેશભંગકને બતાવવા માટે કહે છે — પ્રદેશ વિચારણામાં પહેલા ભંગરહિત પ્રદેશો કહેવા. પહેલા ભંગમાં એક વચનાંત પ્રદેશ શબ્દ લીધો છે, તે પ્રદેશોના અધઃચરમાંતે પણ બહુપણાથી સંભવતો નથી. પણ આ સંભવે છે - અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિય પ્રદેશો અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિયોના પ્રદેશો - x - x - x -

ઉપરિતન, દશમ શતકની વિમલા દિશા માફક કહેવા. અર્થાત્ દશમાં શતકમાં જેમ વિમલા દિશા કહી, તેમ રત્નપ્રભાનો ઉપરિતન ચરમાંત સંપૂર્ણ કહેવો. - x - x - x - રત્નપ્રભામાં બેઈન્દ્રિયને આશ્રીને, તે એકેન્દ્રિય અપેક્ષાએ ઘણાં થોડા છે, તેથી ઉપરિતન ચરમાંતે તેમાં કદાચિત્ દેશ હોય. એ પ્રમાણે તેઈન્દ્રિયાદિથી અનિન્દ્રિયાંતમાં, એ રીતે - જે જીવ પ્રદેશો તે નિયમા એકેન્દ્રિય પ્રદેશો છે અથવા એકેન્દ્રિય પ્રદેશો પણ છે, બેઈન્દ્રિય પ્રદેશો છે (૧) અથવા એકેન્દ્રિય પ્રદેશો અને બેઈન્દ્રિયોના પ્રદેશો (૨). એ પ્રમાણે તેઈન્દ્રિયાદિથી અનિન્દ્રિયાંતમાં છે.

- x - x - x - x - જેમ લોકનો અધઃચરમાંત કહ્યો, એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીનો પણ આ છે, તે અનંતરોક્ત જ. વિશેષમાં આ પ્રમાણે - લોકના અધસ્તન ચરમાંતમાં બેઈન્દ્રિયાદિના દેશ ભંગક ત્રણ, મધ્યમ ભંગરહિત કહ્યા, અહીં રત્નપ્રભાના અધઃસ્તન ચરમાંતમાં પંચેન્દ્રિયોના પરિપૂર્ણ જ તે કહેવા. બાકીના બેઈન્દ્રિયાદિના મધ્યમ ભંગરહિત જ કહેવા. - x - x - બેઈન્દ્રિયોના રત્નપ્રભાના અધસ્તન ચરમાંતમાં મારણાંતિક સમુદ્ઘાતથી જતા હોવાથી તેમાં 'દેશ' જ સંભવે છે, 'દેશો' નહીં. તેના એક પ્રતર રૂપત્વથી એક દેશ હેતુપણાથી તેઓને તેમાં મધ્યમ ભંગરહિત છે.

- x - चत्तारि चरमांत - પૂર્વ, પશ્ચિમ, દક્ષિણ, ઉત્તર રૂપ છે. - x - શર્કરાપ્રભાના ઉપરિતન, અધસ્તન ચરમાંતો, રત્નપ્રભાના ઉપરિતન-અધસ્તન ચરમાંતવત્ કહેવા. બેઈન્દ્રિયાદિમાં પૂર્વોક્ત યુક્ત મધ્યમ ભંગરહિત, પંચેન્દ્રિયમાં પરિપૂર્ણ ત્રણે દેશભંગક. પ્રદેશ વિચારણામાં બેઈન્દ્રિયાદિમાં બધે આધ ભંગરહિત બે ભંગો કહેવા. અજીવની વિચારણામાં ચારરૂપી, છ અરૂપી કહેવા.

હવે શર્કરાપ્રભાના અતિદેશથી બાકીની પૃથ્વીના સૌધર્માદિ દેવલોક અને ગ્રૈવેયક વિમાનની, વક્તવ્યતા સૂત્રકારે કહી છે. ગ્રૈવેયક વિમાનમાં જે વિશેષ છે, તે બતાવે છે - नवरं ઈત્યાદિ. અચ્યુતાંત દેવલોકોમાં દેવ પંચેન્દ્રિયોના ગમનાગમન સદ્ભાવથી ઉપરિતન-અધસ્તન ચરમાંતમાં પંચેન્દ્રિયમાં દેશને આશ્રીને ત્રણ ભંગ



સંભવે. ગ્રૈવેયકમાં તેમ ન હોવાથી, બેઈન્દ્રિયાદિ માફક પંચેન્દ્રિયમાં પણ મધ્યમ ભંગરહિત, તેના શેષ ભંગરહિત બે ભંગ સંભવે છે.

ચરમ અધિકારથી આ કહે છે — પરમાણુનું ગમન સામર્થ્ય તથા સ્વભાવત્વથી છે, એમ માનવું. - - - અનંતર પરમાણુની ક્રિયા વિશેષ કહી, તેથી હવે ક્રિયાધિકાર —

**● સૂત્ર-૬૮૫ :-**

***ભગવન્ ! વર્ષા વરસે છે કે નથી વરસતી એ જાણવા કોઈ પુરુષ હાથ, પગ, બાહુ કે ઉરુને સંકોચે કે ફેલાવે તો તેને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! - x - તે પુરુષને કાયિકી યાવત્ પાંચે ક્રિયા સ્પર્શે.***

**● વિવેચન-૬૮૫ :-**

वासं वासइ - મેઘ વર્ષે છે કે નહીં, તે જાણવાને. અચક્ષુથી આકાશમાં વર્ષાને જાણવા હાથ આદિના પ્રસારણથી જ જણાશે, તેમ માની હાથ આદિને સંકોચે કે પ્રસારે. - - સંકોચના પ્રસ્તાવથી કહે છે —

**● સૂત્ર-૬૮૬ :-**

***ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ લોકાંતે રહીને અલોકમાં હાથ યાવત્ ઉરુને સંકોચવા કે પ્રસારવાને સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - યાવત્ સમર્થ નથી ? જીવોને આહારોપચિત-શરીરોપચિત-કલેવરોપચિત પુદ્ગલો હોય છે. પુદ્ગલોને આશ્રીને જીવો કે અજીવોની ગતિપર્યાય કહેલ છે. અલોકે જીવ નથી કે પુદ્ગલ નથી, તેથી એમ કહ્યું. ભગવન્ ! તે એમ જ છે (૨).***

**● વિવેચન-૬૮૬ :-**

जीवानां - જીવાનુગત, आहारोपचित - આહારરૂપે ઉપચિત बोंदिचिया - અવ્યક્ત અવયવ શરીરરૂપપણે ચિત, कडेवरचिया - શરીર રૂપપણે ચિત, ઉપલક્ષણથી ઉચ્છ્વાસપણે ચિત પુદ્ગલો પણ જાણવા. આના વડે આમ કહે છે — જીવોને અનુગામી સ્વભાવવાળા પુદ્ગલો હોય છે. તેથી જે ક્ષેત્રમાં જીવ હોય, તે ક્ષેત્રમાં પુદ્ગલોની ગતિ હોય તથા પુદ્ગલોને આશ્રીને જીવો અને પુદ્ગલોનો ગતિધર્મ કહ્યો છે. અર્થાત્ જ્યાં પુદ્ગલ હોય. જ્યાં જ જીવો અને પુદ્ગલોની ગતિ હોય. અલોકમાં જીવ કે પુદ્ગલ નથી. તેથી ત્યાં જીવ અને પુદ્ગલોની ગતિ નથી. તેના અભાવે દેવ હાથ આદિ પ્રસારી ન શકે.

## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૯-"બલીન્દ્ર" ❀

— x — x — x — x — x — x —

દેવ વક્તવ્યતા કહી. અહીં દેવ વિશેષ બલિ વિશેષને કહે છે —

**● સૂત્ર-૬૮૭ :-**

***ભગવન્! વૈરોચનેન્દ્ર વૈરોચનરાજ બલિની સુધર્માસભા ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપના મેરુ પર્વતની ઉત્તરે તિર્છા અસંખ્ય યોજન ગયા પછી જેમ ચમરની યાવત્ ૪૨,૦૦૦ યોજન ગયા પછી ત્યાં બલીન્દ્રનો રુચકેન્દ્ર નામે ઉત્પાત્ પર્વત***

*છે, તે ૧૭૨૧ યોજન ઉંચો છે ઈત્યાદિ તિગિચ્છિ કૂડવત્ કહેવું પ્રાસાદાવતંસકનું પ્રમાણ પણ તેમજ છે. સીંહાસન, સપરિવાર બલિનો પરિચારનો અર્થ તેમજ છે. વિશેષ એ - રુચકેન્દ્ર પ્રભાદિ છે. બાકી પૂર્વવત્ યાવત્ બલિચંચા રાજધાની અને બીજાનું આધિપત્ય કરે છે યાવત્ રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વતની ઉત્તરે ૬,૫૫,૪૫,૫૦,૦૦૦ તિર્છુ જતાં યાવત્ ૪૦,૦૦૦ યોજન જતાં બલીન્દ્રની રાજધાની છે તેનો વિષ્કંભ એક લાખ યોજન છે, બાકી પૂર્વવત્. યાવત્ બલિપીઠ તથા ઉપપાત યાવત્ આત્મરક્ષક, બધું તે પ્રમાણે સંપૂર્ણ કહેવું. વિશેષ એ કે સાતિરેક સાગરોપમ સ્થિતિ છે. બાકી પૂર્વવત્ યાવત્ બલી. - - ભગવન્! તે એમ જ છે.*

● **વિવેચન-૬૮૭ :-**

જેમ બીજા શતકના આઠમાં ઉદ્દેશામાં ચમરની સુધર્માસભા કહી, તેમ બલિની પણ કહેવી. જેમ ચમરનો બીજા શતકમાં આઠમો ઉદ્દેશામાં કહ્યું તેમ તિગિચ્છિકૂટ નામે ઉત્પાત પર્વતના પ્રમાણ મુજબ રુચકેન્દ્રનું પ્રમાણ કહેવું. પ્રાસાદાવતંસકનું પ્રમાણ ચમરસંબંધી તિગિચ્છિકૂટ ઉત્પાત્ પર્વત ઉપર રહેલ પ્રાસાદાવતંસક મુજબ બલિના રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વતના પ્રાસાદનું પ્રમાણ કહેવું. પ્રાસાદાવતંસકના મધ્ય ભાગે બલિ, બલિના પરિવારને સિંહાસન સહ કહેવો. તે પણ બીજા શતક મુજબ જાણવું. માત્ર ત્યાં ચમરના સામાનિકો ૬૪,૦૦૦ છે - x - ત્યાં બલિના ૬૦,૦૦૦ કહેવા.

જેમ તિગિચ્છિકૂટનું નામ અન્વર્થ છે. તેમ અહીં પણ કહેવું. કેવળ - x - x - રુચકેન્દ્રપ્રભા તેની હોય છે તેમ કહેવું. રુચકેન્દ્ર તે રત્ન વિશેષ છે. અર્થથી સૂત્ર આ પ્રમાણે કહેવું — ભગવન્! ક્યાં કારણે રુચકેન્દ્ર. રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વત કહેવાય છે? ગૌતમ! રુચકેન્દ્રે ઘણાં ઉત્પલ, પદ્મ, કુમુદો છે યાવત્ રુચકેન્દ્રવર્ણ, રુચકેન્દ્રલેશ્યા, રુચકેન્દ્રપ્રભા છે, તેથી રુચકેન્દ્રને રુચકેન્દ્ર ઉત્પાત્ પર્વત કહે છે. જેમ ચમરચંચાનો વ્યતિકર સૂત્રે કહ્યો, તેમજ અહીં પણ કહેવો. - ૫૫,૫૦,૫૦,૦૦૦ જતાં. આ રત્નપ્રભા પૃથ્વી૦ એ રીતે પ્રમાણ છે. લંબાઈ પહોળાઈથી એક લાક યોજન, ૩,૧૬,૨૨૭ યોજન ૩-કોશ, ૨૮ ધનુષ્, ૧૩॥ અંગુલથી કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપ છે યાવત્ નગરીના પ્રમાણ પછી પ્રાકાર, તેના દ્વાર, ઉપકારિકાલયન, પ્રાસાદાવતંસક, સુધર્માસભા, ચૈત્ય, ભવન, ઉપપાતસભા, દ્રહ, અભિષેક સભા, અલંકારિકસભા, વ્યવસાયસભા આદિનું પ્રમાણ અને સ્વરૂપ એ બધું બલિપીઠ સુધી કહેવું. તે બધું બીજા સ્થાનેથી જાણવું.

ઉપપાત સભામાં બલિનો ઉપપાત કહેવો. - x - x - जाव आयरक्ख અહીં યાવત્ શબ્દથી અભિષેક, અલંકાર ગ્રહણ, પુસ્તક વાચન, સિદ્ધાયતન, પ્રતિમાપૂજા, સુધર્માસભા ગમન, ત્યાં રહેલ સામાનિકો, અગ્રમહિષી, પર્ષદા, અનીકાધિપતિ, આત્મરક્ષક આદિ કહેવા.

આ વક્તવ્યતા પ્રતિબદ્ધ સમસ્ત સૂત્રના અતિદેશને માટે કહે છે — “તે બધું જ સંપૂર્ણ”, સર્વથા સામ્ય પરિહારાર્થે કહ્યું — ચમરની સાગરોપમ સ્થિતિ છે, બલિની સાતિરેક સાગરોપમ કહેવી.





## ❀ શતક-૧૬, ઉદ્દેશો-૧૦-“અવધિજ્ઞાન” ❀

— x — x — x — x — x — x —

૦ બલિ વક્તવ્યતા કહી. ‘બલિ’ અવધિવાળો હોય, તેથી અવધિ કહે છે.

● **સૂત્ર-૬૮૮ :-**

*ભગવન્ ! અવધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે. અહીં ‘અવધિ પદ’ સંપૂર્ણ કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. - x -*

● **વિવેચન-૬૮૮ :-**

‘અવધિપદ’ પ્રજ્ઞાપનાનું ૩૩-મું પદ છે. જેમકે - તે આ છે - ભવપ્રત્યયિક, ક્ષાયોપશમિક. બે ને ભવપ્રત્યયિક છે - દેવો અને નારકોને. બે ને ક્ષાયોપશમિક છે - મનુષ્યોને, તિર્યંચ પંચેન્દ્રિયોને. ઈત્યાદિ.

## ❀ શતક-૧૬, ઉદ્દેશક-૧૧ થી ૧૪-“દ્વિપાદિકુમારો” ❀

— x — x — x — x — x — x —

૦ દશમામાં અવધિ કહ્યું, હવે અવધિ વિશેષને કહે છે —

● **સૂત્ર-૬૮૯ થી ૬૯૨ :-**

*[૬૮૯] ભગવન્! દ્વિપકુમારો બધાં સમાહારક, સમુસ્સાસ-નિસ્સાસા છે? ના, તે અર્થ સમર્થ નથી. જેમ શતક-૧, ઉદ્દેશો-૨-માં દ્વીપ કુમાર વક્તવ્યતા છે, તેમજ યાવત્ સમાયુષ્ક, સમઉચ્છ્વાસ-નિઃશ્વાસા છે - - ભગવન્! દ્વીપકુમારોને કેટલી લેશ્યા છે? ગૌતમ! ચાર. કૃષ્ણ યાવત્ તેજોલેશ્યા. દ્વીપકુમારની આ કૃષ્ણ યાવત્ તેજોલેશ્યામાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે? ગૌતમ! સૌથી થોડા તેજોલેશ્યી દ્વીપકુમારો, કાપોતલેશ્યી અસંખ્યાતગણા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. - - ભગવન્! આ દ્વીપકુમારોમાં કૃષ્ણલેશ્યી યાવત્ તેજોલેશ્યીમાં કોણ કોનાથી અલ્પર્દ્ધિક કે મહર્દ્ધિક છે. ગૌતમ! કૃષ્ણલેશ્યીથી નીલલેશ્યી મહર્દ્ધિક યાવત્ સમર્દ્ધિક તેજોલેશ્યી છે. ભગવન્! તે એમ જ છે.*

*[૬૯૦] ભગવન્ ! ઉદધિકુમારો બધાં સમાહારા૦ પૂર્વવત્. ૧૨/૬૯૦*

*[૬૯૧] એ પ્રમાણે દિશાકુમારો પણ જાણવા. ૧૩/૬૯૧.*

*[૬૯૨] એ પ્રમાણે સ્તનિતકુમારો પણ જાણવા ૧૪/૬૯૨.*

● **વિવેચન-૬૮૯ થી ૬૯૨ :-**

અહીં ૧૧ થી ૧૪ ઉદ્દેશામાં ક્રમશઃ ૬૮૯ થી ૬૯૨ સૂત્ર છે.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૬ નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## ॥ શતક-૧૭ ॥

-- x -- x --

૦ સોળમાં શતકની વ્યાખ્યા કરી, હવે ૧૭-મું આરંભ છે.

● સૂત્ર-૬૯૩ :-

*— ભગવતી શ્રુતદેવતાને નમસ્કાર થાઓ.*

*— કુંજર, સંયત, શૈલેશી, ક્રિયા, ઈશાન, પૃથ્વી, પૃથ્વી, અપ્, અપ્, વાયુ, વાયુ, એકેન્દ્રિય, નાગ, સુવર્ણ, વિદ્યુત્, વાયુ, અગ્નિ-૧૭ ઉદ્દેશા છે.*

● વિવેચન-૬૯૩ :-

(૧) કુંજર-શ્રેણિક પુત્ર કોણિક રાજાના ઉદાયી હાથીને આશ્રીને (૨) સંયત-સંયતાદિ અર્થ પ્રતિપાદક. (૩) શૈલેશી-શૈલેશી આદિ વક્તવ્યતા. (૪) ક્રિયા-ક્રિયાદિ અર્થ જણાવતો, (૫) ઈશાન-ઈશાનેન્દ્ર વક્તવ્યતા. (૬-૭) પૃથ્વી અર્થે, (૮-૯) અપ્કાય અર્થે. (૧૦-૧૧) વાયુકાય અર્થે, (૧૨) એકેન્દ્રિય સ્વરૂપ અર્થે, (૧૩) નાગકુમાર વક્તવ્યતાર્થે, (૧૪) સુવર્ણકુમાર વક્તવ્યાર્થે, (૧૫) વિદ્યુત્કુમાર અભિધાયક, (૧૬) વાયુકુમારવક્તવ્યતાર્થે, (૧૭) અગ્નિકુમાર વક્તવ્યતાર્થે.

### ❀ શતક-૧૭, ઉદ્દેશો-૧-"કુંજર" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ પહેલા ઉદ્દેશાનો અર્થ પ્રતિપાદનાર્થે કહે છે —

● સૂત્ર-૬૯૫ :-

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ઉદાયી હસ્તિરાજ ક્યાંથી અનંતર ઉદ્વર્તીને ઉદાયી હસ્તિરાજપણે ઉત્પન્ન થયો. ગૌતમ ! અસુરકુમાર દેવમાંથી અનંતર ઉદ્વર્તીને ઉદાયી હસ્તિરાજપણે ઉપન્યો છે.*

*ભગવન્! ઉદાયી હસ્તિરાજ કાળમાસે કાળ કરીને ક્યાં જશે? ક્યાં ઉત્પન્ન થશે? ગૌતમ! આ રત્નપ્રભા પૃથ્વીમાં ઉત્કૃષ્ટ સાગરોપમ સ્થિતિવાળા નરકાવાસમાં નૈરયિકપણે ઉપજશે. - - ભગવન્! તે ત્યાંથી અનંતર ઉદ્વર્તીને ક્યાં જશે? ક્યાં ઉપજશે? ગૌતમ! મહાવિદેહ ક્ષેત્રમાં સિદ્ધ થશે યાવત્ (સર્વે દુઃખોનો) અંત કરશે.*

*ભગવન્ ! ભૂતાનંદ હસ્તિરાજ ક્યાંથી અનંતર ઉદ્વર્તીને ભૂતાનંદ હસ્તિરાજપણે, એ પ્રમાણે ઉદાયીની માફક યાવત્ અંત કરશે.*

● વિવેચન-૬૯૬ :-

ભૂતાનંદ નામે કોણિક રાજનો પ્રધાનહસ્તી. - - અહીં ભૂતાનંદની ઉદ્વર્તનાદિ ક્રિયા કહી, એ ક્રિયાધિકારથી આમ કહે છે —

● સૂત્ર-૬૯૬ :-

*ભગવન્ ! કોઈ પુરુષ તાડના વૃક્ષ ઉપર ચઢી, પછી તે તાડથી તાડના ફળને હલાવે કે પાડે, તો તે પુરુષને કેટલી ક્રિયા લાગે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ તાડવૃક્ષે ચડી, તાડના ફળને હલાવે કે પાડે, ત્યાં સુધી તે પુરુષને કાયિકી યાવત્ પાંચ ક્રિયા સ્પર્શે છે. જે જીવોના શરીરથી તાડવૃક્ષ, તાડફળ ઉત્પન્ન થયેલ છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચ ક્રિયા લાગે.*



*ભગવન્! તે તાડફળ પોતાના ભારથી યાવત્ નીચે પડે છે, તેનાથી જે જીવ યાવત્ જીવનથી રહિત થાય છે, તેનાથી તે પુરુષને કેટલી ક્રિયા લાગે? ગૌતમ! - x - યાવત્ તે ફળ વડે જીવો જીવનરહિત થાય તેટલામાં તે પુરુષને કાયિકી યાવત્ ચાર ક્રિયાઓ સ્પૃષ્ટ થાય. જે જીવોના શરીરથી તાડફળ બન્યું છે, તે જીવોને કાયિકી યાવત્ પાંચે ક્રિયા સ્પર્શે. જે જીવ નીચે પડતાં તાડફળને માટે સ્વાભાવિક રૂપે ઉપકારક હોય છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ લાગે.*

*ભગવન્ ! કોઈ પુરુષ વૃક્ષના મૂળને હલાવે કે નીચે પાડે તો તેને કેટલી ક્રિયાઓ લાગે ? ગૌતમ ! જ્યાં સુધી તે પુરુષ વૃક્ષના મૂળને હલાવે કે પાડે ત્યાં સુધી, તે પુરુષને કાયિકી યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે. જે જીવોના શરીરોથી મૂળ યાવત્ બીજ નિષ્પન્ન થયા છે, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયાઓ લાગે.*

*ભગવન્! તે મૂલ પોતાના ભારથી યાવત્ જીવનરહિત થાય, ત્યારે હે ભગવન્! તે પુરુષને કેટલી ક્રિયાઓ લાગે? ગૌતમ! જ્યાં સુધી તે મૂલ પોતાના ભારથી યાવત્ જીવનરહિત થાય, ત્યાં સુધી તે પુરુષને કાયિક આદિ ચાર ક્રિયાઓ લાગે. જે જીવોના શરીરથી તે કંદ યાવત્ બીજ નિષ્પન્ન થયા છે, તે જીવોને કાયિકી આદિ ચાર ક્રિયાઓ લાગે. જે જીવોના શરીરથી મૂલ નિષ્પન્ન થયેલ છે, તે જીવોને કાયિકી આદિ પાંચ ક્રિયા સ્પર્શે, જે જીવ પડતા એવા મૂલના સ્વાભાવિક ઉપકારક હોય, તે જીવોને પણ કાયિકી આદિ પાંચે ક્રિયા લાગે છે.*

*ભગવન્ ! વૃક્ષના કંદને હલાવે૦ ? ગૌતમ ! તે પુરુષને યાવત્ પાંચ ક્રિયાઓ સ્પર્શે છે. જે જીવોના શરીરથી મૂલ યાવત્ બીજ નિષ્પન્ન થયા હોય, તે જીવોને યાવત્ પાંચે ક્રિયાઓ સ્પર્શે. - - ભગવન્ ! તે કંદ પોતાના ભારથી ? યાવત્ ચાર ક્રિયા લાગે. જે જીવોના શરીરથી મૂળ, સ્કંધ નિષ્પન્ન થયા હોય તેને યાવત્ ચાર ક્રિયા લાગે. જે જીવોના શરીરથી કંદ નિવર્તેલ હોય, તે જીવોને પણ પાંચ ક્રિયા લાગે. જે જીવો, તે નીચે પડતા કંદના સ્વાભાવિક ઉપકારી હોય, તેને યાવત્ પાંચે ક્રિયાઓ લાગે. જેમ સ્કંધમાં કહ્યું, તેમ યાવત્ બીજમાં કહેવું.*

● વિવેચન-૬૯૬ :-

તાલ - તાલવૃક્ષ, પચાલેમાણે - ચલાવે, પવાડેમાણે - નીચે પાડે (૧) તાડ ફળને, તાડફળ આશ્રિત જીવોને પુરુષ પ્રાણાતિપાત ક્રિયાકારી છે, જે પ્રાણાતિપાત ક્રિયાકારક છે તેને પાંચે ક્રિયા લાગે તેમ કહ્યું. (૨) જે તાલફળ નિષ્પન્ન કરનાર જીવો છે, તે પણ પાંચ ક્રિયાને સ્પર્શે. કેમકે સંઘટ્ટન આદિથી તે અન્ય જીવોને મારે છે. (૩) પુરુષે તાલફળને હલાવ્યા પછી તે ફળ પોતાના ભારેપણાથી, સંભારિકતાથી, ગુરુકસંભારિકતાથી પડે, ત્યારે આકાશાદિમાં પ્રાણોને જીવિતથી રહિત કરે છે. તેમ થતાં તે પુરુષને ચાર ક્રિયા લાગે, વધ નિમિત્ત ભાવના અલ્પત્વથી તેને ચારની જ વિવક્ષા છે. તે અલ્પત્વ સાક્ષાત્ વધના અભાવે અને તાલફળે જીવો હણ્યા છે, માટે છે. (૪) એ પ્રમાણે તાળફળ નિષ્પન્ન જીવો પણ કહેવા. (૫) ફળ નિર્વર્તકને પાંચ ક્રિયા જ છે, કેમકે તેઓ વધના સાક્ષાત્ નિમિત્ત છે. (૬) નીચે પડેલ ફળના જે ઉપકારી જીવો છે, તેમને પણ પાંચ ક્રિયા છે, કેમકે વધમાં તેનો બહુતરભાવ છે. આ

સૂત્રનું વિશેષ વ્યાખ્યાન પાંચમાં શતકમાં કહેલ કાંડ ક્ષેપ કરનાર પુરુષ સૂત્રથી જાણવું.

આના ફળ દ્વારથી પણ છ ક્રિયા સ્થાનો કહ્યા. મૂળ આદિમાં પણ છ કહેવા. આ કંદસૂત્ર માફક સ્કંધ, ત્વક્, શાખા, પ્રવાલ પત્ર, પુષ્પ, ફળ, બીજ સૂત્રો પણ કહેવા. - - ક્રિયાધિકારથી શરીર-ઈન્દ્રિય-યોગમાં ક્રિયા.

● સૂત્ર-૬૯૭ :-

*ભગવન્ ! શરીર કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ. - ઔદારિક યાવત્ કાર્મણ. - - ભગવન્ ! ઈન્દ્રિયો કેટલી છે ? ગૌતમ ! પાંચ. - શ્રોત્રેન્દ્રિય યાવત્ સ્પર્શનેન્દ્રિય. - - ભગવન્ ! યોગ કેટલા છે ? ગૌતમ ! ત્રણ. - મનોયોગ, વચનયોગ, કાયયોગ.*

*ભગવન્ ! ઔદારિક શરીરને નિષ્પન્ન કરતો જીવ કેટલી ક્રિયાવાળો હોય છે ? ગૌતમ ! કદાચિત્ ત્રણ કે ચાર કે પાંચ. એ પ્રમાણે પૃથ્વીકાયિક, એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. આ પ્રમાણે વૈક્રિય શરીરના પણ બે દંડક કહેવા. વિશેષ એ કે — જેને વૈક્રિય શરીર હોય તેને તે કહેવું. એ પ્રમાણે કાર્મણ શરીર સુધી કહેવું. - - એ પ્રમાણે પાંચે ઈન્દ્રિયો અને ત્રણે યોગોમાં જે જેને હોય, તેને તે કહેવા. એ રીતે ૨૬-દંડકો થાય.*

● વિવેચન-૬૯૭ :-

કદાચ ત્રણ, કદાચ ચાર, કદાચ પાંચ ક્રિયા - જો ઔદારિક શરીર પરપરિતાપ આદિ અભાવે નિર્વર્તે, તો ત્રણ ક્રિયા, જો પરપરિતાપ કરતા નિર્વર્તે તો ચાર ક્રિયા, જો બીજાને અતિપાત કરતા નિર્વર્તે તો પાંચ ક્રિયા લાગે. - - પૃથક્ત્વદંડકમાં 'કદાચિત્' શબ્દપ્રયોગ નથી. ૨૬-દંડક આ રીતે - પાંચ શરીર, પાંચ ઈન્દ્રિય, ત્રણ યોગ મળીને-૧૩. તેને એકવચન, બહુવચનથી ગુણતાં-૨૬. અનંતરક્રિયા કહી. તે જીવધર્મા છે, તેથી જીવધર્માધિકારથી જીવધર્મરૂપ ભાવો કહે છે.

● સૂત્ર-૬૯૮ :-

*ભગવન્ ! ભાવો કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે. તે આ — ઔદયિક, ઔપશમિક યાવત્ સંનિપાતિક. - - તે ઔદયિક શું છે ? ઔદયિક ભાવ બે ભેદે - ઔદયિક અને ઔદયિકનિષ્પન્ન. એ પ્રમાણે આ અભિલાપથી જેમ અનુયોગ દ્વારમાં છ-નામ કહ્યા, તે સંપૂર્ણ કહેવા. યાવત્ તે સંનિપાતિક ભાવ છે - ભગવન્ ! તે એમ જ છે.*

● વિવેચન-૬૯૮ :-

ઔદયિકાદિનું સ્વરૂપ પૂર્વે કહેલું જ છે. અનુયોગદ્વારની સાક્ષી વડે આમ કહે છે — તે ઔદયિક શું છે ? આઠ કર્મપ્રકૃતિના ઉદયથી, તે ઔદયિક છે.

## ❁ શતક-૧૭, ઉદ્દેશક-૨-''સંયત'' ❁

-- x -- x -- x -- x -- x -- x -- x --

૦ ભાવો કહ્યા. તેથી યુક્ત-સંયતાદિ હોય છે, તેથી તેને કહે છે —

● સૂત્ર-૬૯૯ :-

*ભગવન્ ! શું સંયત, વિરત, પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાનકર્તા*



*એવા જીવ ધર્મસ્થિત છે ? અને અસંયત, અવિરત-પાપકર્મનો પ્રતિઘાત અને પ્રત્યાખ્યાન ન કર્તા અધર્મસ્થિત છે ? સંયતાસંયત ધર્માધર્મમાં સ્થિત છે ? હા, ગૌતમ ! સંયત, વિરત યાવત્ ધર્માધર્મ સ્થિત છે.*

*ભગવન્! આ ધર્મ, અધર્મ કે ધર્માધર્મમાં કોઈ બેસવા યાવત્ પડખાં ફેરવવા સમર્થ છે? ગૌતમ! તે અર્થ સમર્થ નથી. ભગવન્! કયા કારણે આમ કહો - x - છો? ગૌતમ! સંયત, વિરત યાવત્ પાપકર્મ૦ ધર્મસ્થિત ધર્મને સ્વીકારીને વિચરે છે. અસંયત યાવત્ અધર્મસ્થિત અધર્મને સ્વીકારીને વિચરે છે. સંયતાસંયત ધર્માધર્મમાં સ્થિત ધર્માધર્મ સ્વીકારીને વિચરે છે. તેથી એમ કહ્યું કે યાવત્ સ્થિત છે.*

*ભગવન્ ! જીવો, શું ધર્મસ્થિત, અધર્મસ્થિત કે ધર્માધર્મસ્થિત છે ? ગૌતમ ! જીવો, ત્રણેમાં સ્થિત છે : - - નૈરયિક૦ પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિક ધર્મસ્થિત નથી, અધર્મસ્થિત છે, ધર્માધર્મમાં સ્થિત નથી. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી જાણવું. - - પંચેન્દ્રિય તિર્યંચયોનિક૦ પ્રશ્ન ? ગૌતમ ! તેઓ ધર્મમાં સ્થિત નથી. અધર્મ અને ધર્માધર્મ સ્થિત છે. - - મનુષ્યોને જીવો માફક કહેવા. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ જાણવા.*

● વિવેચન-૬૯૯ :-

ધમ્મ - સંયત, ધર્માદિમાં કોઈ બેસવાને સમર્થ છે ? આ અર્થ સમર્થ નથી, કેમકે ધર્માદિ અમૂર્ત્ત છે. આસનાદિ કરણ શક્ય છે. હવે ધર્મસ્થિતપણાદિ દંડકમાં નિરૂપવા કહે છે. સંયતાદિ પૂર્વે કહેલ છે. તે પંડિતાદિ કહેવાય છે. આ અર્થમાં અન્યતીર્થિક મતને બતાવવા કહે છે —

● સૂત્ર-૭૦૦ :-

*ભગવન્! અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એવું છે કે શ્રમણ પંડિત છે, શ્રાવક બાલપંડિત છે, જેણે એક પણ પ્રાણીનો દંડ છોડેલ નથી, તે એકાંતબાલ કહેવાય છે. હે ભગવન્! અન્યતીર્થિકોનું આ કથન કઈ રીતે યથાર્થ છે? ગૌતમ! અન્યતીર્થિકો જે આમ કહે છે૦ યાવત્. તેઓ મિથ્યા કહે છે. ગૌતમ! હું આ પ્રમાણે કહું છું યાવત્ પ્રરૂપુ છું. - શ્રમણો પંડિત છે, શ્રાવકો બાલપંડિત છે. જેણે એક પણ પ્રાણીના વધનો ત્યાગ કર્યો છે તેને એકાંત બાલ ન કહેવાય.*

*ભગવન્ ! જીવો બાલ છે ?, પંડિત છે કે બાલ પંડિત છે ? ગૌતમ ! જીવો આ ત્રણે છે. - - નૈરયિકો વિશે પ્રશ્ન. ગૌતમ ! નૈરયિકો બાલ છે, પંડિત કે બાલ પંડિત નથી. આ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી કહેવું. - - પંચેન્દ્રિય તિર્યંચ૦ પ્રશ્ન ? ગૌતમ ! તેઓ પંડિત નથી, બાળ કે બાળપંડિત છે. મનુષ્યને જીવ માફક કહેવા. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકવત્ કહેવા.*

● વિવેચન-૭૦૦ :-

'શ્રમણ તે પંડિત, શ્રાવક તે બાલપંડિત' આ બંને જિનમતને સ્વીકાર્યનો અનુવાદ છે. બીજો પક્ષ દૂષિત થાય છે, તે પ્રરૂપેલ છે - જે મનુષ્યે એક પણ જીવને અપરાધાદિમાં

કે પૃથ્વીકાયાદિમાં વધ છોડ્યો નથી, પ્રત્યાખ્યાન કરેલ નથી. તે એકાંતબાલ કહેવો. આવા શ્રાવકો એકાંતબાલ જ છે, બાલ પંડિત નથી. એકાંતબાલને સર્વ પ્રાણીના દંડનો ત્યાગ છે. એવો બીજાનો મત છે. સ્વમત એવો છે - એક પ્રાણીનો પણ જેણે દંડ પરિહાર કરેલ છે, તે એકાંતે બાલ નથી. પણ બાલપંડિત છે. કેમકે વિરતિનો અંશે પણ સદ્ભાવ છે, મિશ્રત્વ છે. - - આ જ બાલત્વાદિ જીવાદિમાં નિરૂપે છે.

પૂર્વોક્ત સંયતાદિ, આ પંડિતાદિ જો કે શબ્દથી જ ભેદ છે, અર્થથી નહીં, તો પણ સંયતત્વાદિ વ્યપદેશ ક્રિયા અપેક્ષાએ છે - x - x -

● **સૂત્ર-૭૦૧,૭૦૨ :-**

***[૭૦૧] ભગવન્! અન્યતીર્થિક એમ કહે છે યાવત્ પ્રરૂપે છે - એ રીતે પ્રાણાતિપાદ, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શનશલ્યમાં વર્તતા પ્રાણીનો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. પ્રાણાતિપાત વિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેકમાં વર્તતો જીવ અન્ય છે અને જીવાત્મા અન્ય છે. - - ઔત્પાતિકી યાવત્ પારિણામિકી બુદ્ધિમાં વર્તતો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. ઔત્પાતિકી અવગ્રહ, ઇહા, અપાય, ધારણામાં વર્તમાન યાવત્ જીવાત્મા અન્ય છે. - - ઉત્થાન યાવત્ પરાક્રમમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) નૈરયિક-તિર્યંચ-મનુષ્ય-દેવત્વમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) - - જ્ઞાનાવરણીય યાવત્ અંતરાયમાં વર્તતો યાવત્ જીવાત્મા (અન્ય છે) એ રીતે કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં, સમ્યગ્ દૃષ્ટ્યાદિ ત્રણ, એ રીતે ચક્ષુદર્શનાદિ ચાર, આભિનિબોધિકજ્ઞાનાદિ પાંચ, મતિઅજ્ઞાનાદિ ત્રણ, આહાર સંજ્ઞાદિ ચાર, ઔદારિક શરીરાદિ પાંચ, મનોયોગાદિ ત્રણ, સાકારોપયોગ-અનાકારોપયોગમાં વર્તતો જીવ અન્ય છે, જીવાત્મા અન્ય છે. ભગવન્! આ કેવી રીતે માનવું ?***

***ગૌતમ ! જે તે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ મિથ્યા કહે છે. પણ હે ગૌતમ ! હું એમ કહું છું યાવત્ પ્રરૂપુ છું કે - એ રીતે પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં વર્તતો જીવ તે જ છે, જીવાત્મા તે જ છે. યાવત્ અનાકારોપયોગમાં વર્તતો જીવ તે જ છે, જીવાત્મા તે જ છે.***

***[૭૦૨] ભગવન્! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ પહેલા રૂપી થઈ, પછી અરૂપીને વિકુર્વવામાં સમર્થ છે? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો - x - છો? ગૌતમ! હું આ જાણું છું, હું આ જોઉં છું, હું આ નિશ્ચિત જાણું છું, હું આ પુરી તરફથી જાણું છું. મેં આ જાણ્યું - જોયું - નિશ્ચિત કર્યું- પુરી રીતે જાણ્યું છે, કે તથા પ્રકારના સરૂપી, સકર્મ. સરાગ, સવેદ, સમોહ, સલેશ્ય, સશરીર અને તે શરીરથી અવિપ્રમુક્ત જીવના વિષયમાં એવું સમ્પ્રજ્ઞાત હોય છે. તે આ - કાળાપણું યાવત્ શુક્લત્વ, સુરભિગંધત્વ કે દુરભિગંધત્વ, તિક્ત યાવત્ મધુર, કર્કશત્વ યાવત્ રૂક્ષત્વ હોય છે. તેથી હે ગૌતમ! યાવત્ તે દેવ સમર્થ નથી.***

***ભગવન્ ! તે જીવ, પહેલા અરૂપી થઈ, રૂપી વિકુર્વવા સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. ગૌતમ ! હું આ જાણું છું, યાવત્ તથા પ્રકાર જીવ અરૂપ,***



***અકર્મ, અરાગ, અવેદ, અમોહ, અલેશ્ય, અશરીર, તે શરીરથી વિપ્રમુક્ત જીવના વિષયમાં એવું જ્ઞાત નથી કે - કાળાપણું યાવત્ રૂક્ષપણું છે. આ કારણે હે ગૌતમ ! તે દેવ પૂર્વોક્ત રીતે વિકુર્વણા કરી ન શકે.***

***ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.***

● **વિવેચન-૭૦૧,૭૦૨ :-**

પ્રાણાતિપાતાદિમાં વર્તતો શરીરી. જે જીવે, પ્રાણોને ધારણ કરે તે જીવ. शरीर - પ્રકૃતિ. अन्य - સિવાય, દેહસંબંધી અધિષ્ઠાતૃત્વથી જીવાત્મા પુરુષ અન્ય છે. તેમનું અન્યત્વ પુદ્ગલ-અપુદ્ગલ સ્વભાવત્વથી છે. તેથી શરીરને પ્રાણાતિપાતાદિમાં વર્તતું શરીર છે, પણ આત્મા નથી.

બીજા કહે છે — જે જીવે તે જીવ-નારકાદિ પર્યાય, જીવાત્મા તે સર્વભેદાનુગામી જીવદ્રવ્ય. દ્રવ્ય-પર્યાયથી અન્યત્વ છે, તથા વિધ પ્રતિભાસ ભેદ નિબંધનત્વથી ઘટ-પટાદિવત્ જુદા છે. - x - x -

બીજા કહે છે — જીવ અન્ય છે, જીવાત્મા - જીવનું સ્વરૂપ અન્ય છે. પ્રાણાતિપાતાદિ વિચિત્ર ક્રિયાભિધાન અહીં સર્વાવસ્થામાં જીવ-જીવાત્માનો ભેદ બતાવવાને આ પરમત છે. - - - સ્વમત એમ છે કે - તે જ જીવશરીર છે, તે જ જીવાત્મા-જીવ છે. જો કે આ બેમાં અત્યંત ભેદ નથી. જો અત્યંત ભેદ હોય તો દેહ વડે સ્પૃષ્ટને અસંવેદન પ્રસંગ દેહકૃતને કર્મોની જન્માંતર વેદના અભાવનો પ્રસંગ છે. - x - અત્યંત અભેદમાં પરલોકના અભાવ થાય.

દ્રવ્ય-પર્યાય વ્યાખ્યાનમાં પણ દ્રવ્ય-પર્યાયનો અત્યંત ભેદ નથી. જે પ્રતિભાસ ભેદ છે, તે આત્યંતિક ભેદ નથી. પણ પદાર્થોનો જ તુલ્ય-અતુલ્ય રૂપકૃત્ છે. जीवात्मा - જીવસ્વરૂપ. આ વ્યાખ્યાન સ્વરૂપવાન્ છે, સ્વરૂપથી અત્યંત ભિન્ન નથી. ભેદમાં જ નિઃસ્વરૂપતા તેને પ્રાપ્ત થાય. શબ્દ ભેદથી વસ્તુભેદ નથી. - x - પૂર્વે જીવદ્રવ્ય અને તેના પર્યાયનો ભેદ કહ્યો. હવે જીવદ્રવ્ય વિશેષ પર્યાયાંતર આપત્તિ વક્તવ્યતા કહે છે —

વિવક્ષિત કાળથી પૂર્વે શરીરાદિ પુદ્ગલ સંબંધથી મૂર્ત્ત થઈને મૂર્ત્ત થાય છે. अरूपी - રૂપાતીત અમૂર્ત્ત આત્માને એમ જાણવું.

સ્વકીય વચનના અવ્યભિચારિત્વને કહેવા, સદ્બોધપૂર્વક દર્શાવે છે. હું વક્ષ્યમાણ અધિકૃત્ પ્રશ્ન નિર્ણયભૂત વસ્તુને જાણું છું. - x - સામાન્ય પરિચ્છેદથી દર્શન વડે. बुज्झामि - શ્રદ્ધા કરું છું, बोध - સમ્યગ્ દર્શન પર્યાયત્વથી. - x - બધાં પરિચ્છેદ પ્રકારો વડે હું જાણું છું. આના દ્વારા વર્તમાનકાળમાં અર્થપરિચ્છેદકત્વ કહ્યું, તે જ અતીતકાળમાં દર્શાવે છે.

- x - x - તે દેવત્વાદિ પ્રકાર પ્રાપ્ત, सरूवी - વર્ણ, ગંધાદિ ગુણવાન્. સ્વરૂપથી અમૂર્ત્ત એવા જીવને આ કઈ રીતે ? તે કહે છે. કર્મ પુદ્ગલના સંબંધથી છે. આ કઈ રીતે ? રાગ સંબંધે કર્મસંબંધ છે. અહીં રાગ તે માયા-લોભ લક્ષણ લેવો. તથા સ્ત્રી આદિ વેદયુક્ત, મોહ-સ્ત્રી આદિમાં સ્નેહ, મિથ્યાત્વ કે ચારિત્ર મોહ. સલેશ્ય, સશરીરી, જે શરીરથી સશરીર છે, તે શરીરથી અવિમુક્ત. - x - x - x -

આનાથી વિપરીત દેખાડે છે - सच्चेव णं भंते ! इत्यादि. - x - x - अरूवी

- અવર્ણાદિ, રૂવિ - વર્ણાદિત્વ, આ રીતે અસત્વપણાથી કેવલી પણ આ રીતે જાણતા નથી. असत्त्वं - મુક્તને કર્મબંધ હેતુ અભાવે કર્મ અભાવથી છે. તેના અભાવે શરીર અભાવે વર્ણાદિ અભાવ છે, તેથી અરૂપી થઈને રૂપી ન થાય.

## ❀ શતક-૧૭, ઉદ્દેશો-૩-"શૈલેષી" ❀

-- x -- x -- x -- x -- x -- x -- x --

૦ બીજા ઉદ્દેશાને અંતે રૂપિતા ભવન લક્ષણ, જીવનો ધર્મનિરૂપિત, અહીં તેના એજનાદિ લક્ષણ નિરૂપે છે, એ સંબંધે આવેલ સૂત્ર —

**● સૂત્ર-૭૦૩ :-**

*ભગવન્ ! શૈલેશી પ્રતિપન્ન અણગાર સદા. નિરંતર કાંપે છે, વિશેષ કાંપે છે. યાવત્ તે-તે ભાવોમાં પરિણમે છે ? ના, તે અર્થ સમર્થ નથી. સિવાય કે પરપ્રયોગથી (એમ થાય.) - - ભગવન્ ! એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે — દ્રવ્યૈજના, ક્ષેત્રૈજના, કાલૈજના, ભવૈજના, ભાવૈજના.*

*ભગવન્ ! દ્રવ્ય એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — નૈરયિક - તિર્યંચ - મનુષ્ય - દેવ દ્રવ્ય એજના. ભગવન્ ! એમ કેમ કહ્યું કે નૈરયિક દ્રવ્યએજના (૨) છે ? ગૌતમ ! નૈરયિક, નૈરયિક દ્રવ્યમાં વર્ત્તેલ છે - વર્તે છે - વર્તશે. તેથી નૈરયિકો, નૈરયિક દ્રવ્યમાં વર્તતા નૈરયિક દ્રવ્ય એજનામાં કંપ્યા છે - કંપે છે - કંપશે. તેથી યાવત્ દ્રવ્યેજના કહી છે.*

*ભગવન્ ! એમ કેમ કહો છો તિર્યંચયોનિક દ્રવ્ય એજના (૨) છે ? પૂર્વવત્. વિશેષ એ કે - તિર્યંચયોનિક દ્રવ્યેજના કહેવું. બાકી પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ દેવ દ્રવ્યેજના. - - - ભગવન્ ! ક્ષેત્ર એજના કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે — નૈરયિક યાવત્ દેવ ક્ષેત્ર એજના. ભગવન્ ! એમ કેમ કહો છો - નૈરયિક ક્ષેત્રવેદના (૨) છે ? પૂર્વવત્. વિશેષ આ - નૈરયિક ક્ષેત્ર વેદના કહેવું. એ પ્રમાણે યાવત્ દેવક્ષેત્રવેદના. - - એ પ્રમાણે કાળ, ભવ અને ભાવથી પણ દેવ ભાવ એજના પર્યન્ત કહેવું.*

**● વિવેચન-૭૦૩ :-**

नो इणट्ठे समट्ठे - એમ આ નિષેધ છે. તે બીજો એકાદ પરપ્રયોગ વડે થાય. એજનાદિ કારણ મધ્યે પરપ્રયોગથી એક શૈલેશી એજના થાય, પણ બીજા કારણે નહીં. એજનાદિ અધિકારથી જ કહે છે — द्रव्याणां - નારકાદિ જીવ સંપૃક્ત પુદ્‌ગલ દ્રવ્યોના નારકાદિ જીવ દ્રવ્યોની એજના-ચલના, તે દ્રવ્યૈજના.

ક્ષેત્ર-નારકાદિ ક્ષેત્રમાં વર્તતાની એજના, તે ક્ષેત્રૈજણા. - - કાળનારકાદિ કાળમાં વર્તતાની એજના, તે કાલૈજના. - - ભવ-નારકાદિ ભવમાં વર્તનારની એજના તે ભવૈજના. - - ભાવ - ઔદયિકાદિરૂપે વર્તતા નારકાદિની તદ્‌ગત પુદ્‌ગલ દ્રવ્યોની એજના, તે ભાવૈજના.

નૈરયિક લક્ષણ, જે જીવદ્રવ્ય, દ્રવ્ય-પર્યાયથી કથંચિત્ ભેદથી નારકત્વ. તેમાં વર્તતા, નૈરયિક જીવ સંપૃક્ત પુદ્‌ગલ દ્રવ્યોની કે નૈરયિક દ્રવ્યોની એજના, તે નૈરયિકદ્રવ્યૈજના, તેમાં અનુભવવાળો - વિશેષ કહે છે —



**● સૂત્ર-૭૦૪,૭૦૫ :-**

*[૭૦૪] ભગવન્ ! 'ચલના' કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ — શરીરચલણા, ઈન્દ્રિયચલણા, યોગચલણા.*

*ભગવન્ ! શરીરચલણા કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે — ઔદારિક શરીરચલણા યાવત્ કાર્મણ શરીરચલણા.*

*ભગવન્ ! ઈન્દ્રિયચલણા કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ — શ્રોત્રેન્દ્રિયચલણા યાવત્ સ્પર્શનેન્દ્રિયચલણા.*

*ભગવન્ ! યોગચલમા કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે — મનોયોગ ચલણા, વચનયોગ ચલણા, કાયયોગ ચલણા.*

*ભગવન્! ઔદારિક ચલણાને ઔદારિક ચલણા કેમ કહો છો? ગૌતમ! જે જીવ ઔદારિક શરીરમાં વર્તતા ઔદારિક શરીરનો યોગ્ય દ્રવ્યોને ઔદારિક શરીરરૂપે પરિણમાવતા ઔદારિક શરીર ચલણ ચલ્યા, ચલે છે કે ચલશે. તેથી યાવત્ આમ કહ્યું છે.*

*ભગવન્ વૈક્રિય શરીર ચલણાને વૈક્રિય૦ કેમ કહો છો ? પૂર્વવત્. વિશેષ એ કે - વૈક્રિય શરીરમાં વર્તતા૦ કાર્મણ શરીર ચલણા સુધી એ પ્રમાણે કહેવું. - - - ભગવન્ ! શ્રોત્રેન્દ્રિય ચલણાને શ્રોત્ર૦ કેમ કહે છે ? ગૌતમ ! જીવો શ્રોત્રેન્દ્રિયમાં વર્તતા શ્રોત્રેન્દ્રિય પ્રાયોગ્ય દ્રવ્યો શ્રોત્રેન્દ્રિયરૂપે પરિણમાવતા શ્રોત્રેન્દ્રિય ચલણ ચાલ્યા, ચાલે છે, ચાલશે તેથી યાવત્ એમ કહ્યું. એ રીતે સ્પર્શનેન્દ્રિય ચલણા સુધી કહેવું.*

*ભગવન્ ! એમ કેમ કહો છો મનોયોગચલણા મનો૦ ? ગૌતમ ! જીવો મનોયોગમાં વર્તતા મનોયોગ પ્રાયોગ્ય દ્રવ્યોને મનો યોગપણે પરિણાવતા મનોયોગ ચલણ ચાલ્યા, ચાલે છે, ચાલશે. તેથી યાવત્ મનોયોગ ચલણા કહ્યું. એ રીતે વચનયોગ, કાયયોગ ચલણા છે.*

*[૭૦૫] ભગવન્ ! સંવેગ, નિર્વેદ, ગુરુ સાધર્મિક શુશ્રુષા, આલોચના, નિંદા, ગર્હા, ક્ષમાપના, શ્રુતસહાયતા, વ્યુપશમના ભાવમાં અપ્રતિબદ્ધતા, વિનિવર્તના, વિવિક્ત શયનાસન આસેવનતા, શ્રોત્રેન્દ્રિય સંવર યાવત્ સ્પર્શનેન્દ્રિયસંવર, યોગ પ્રત્યાખ્યાન, શરીર પ્રત્યાખ્યાન, કષાય-સંભોગ-ઉપધિ-ભક્ત પ્રત્યાખ્યાન, ક્ષમા, વિરાગતા, ભાવ-યોગ-કરણ સત્ય, મન-વચન-કાય સમન્વાહરણ, ક્રોધ વિવેક યાવત્ મિથ્યાદર્શન શલ્ય વિવેક, જ્ઞાન-દર્શન-ચારિત્ર સંપન્નતા, વેદના અધ્યાસતા, મારણાંતિક અધ્યાસનતા; આ પદોનું ભગવન્ ! અંતિમ ફળ શું છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! ગૌતમ ! સંવેગ, નિર્વેગ યાવત્ મારણાંતિક અધ્યાસનતા૦ આ બધાંનું અંતિમ ફળ સિદ્ધિ છે. તેમ હે શ્રમણાયુષ્ય ! જાણવું. ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૦૪,૭૦૫ :-**

ચલણ એજનની માફક સ્પષ્ટ છે. શરીર - ઔદારિકાદિ, ચલના - તેને યોગ્ય પુદ્‌ગલોનું તે રૂપે પરિણમનમાં વ્યાપાર તે શરીર ચલના. આ પ્રમાણે ઈન્દ્રિય-યોગ

ચલન પણ જાણવું. - x -

ચલના ધર્મ ભેદથી કહ્યો. હવે સંવેગાદિ ધર્મને ફળથી કહે છે સંવેગ - મોક્ષાભિલાષ, નિર્વેદ-સંસારવિરક્તતા, ગુરુ-દીક્ષાદિ આચાર્ય, સાધર્મિક-સામાન્ય સાધુ, સુશ્રૂષણતા-સેવા. આલોયણા-વિધિપૂર્વક સર્વે દોષોની ગુરુ સમક્ષ પ્રકાશના. નિંદણયા-આત્મા વડે આત્મદોષની કુત્સા, ગરહણયા - બીજા સન્મુખ આત્મ દોષોને કહેવા. ખમાવણયા - બીજા અસંતોષવાળાને ક્ષમા આપવી. વિઉસમણયા-ઉપશાંતતા, બીજાને ક્રોધથી નિવૃત્ત કરી, સ્વયં ક્રોધનો ત્યાગ કરવો.

સુયસહાયયા - જેને શ્રુત જ એકમાત્ર સહાય છે, તે શ્રુતસહાય. ભાવે અપ્પડિબદ્ધ-હાસ્યાદિમાં અનાસક્ત, અનુબંધવર્જન - વિણિવટ્ટણય - અસંયમ સ્થાનોથી વિરમવું તે, વિવિત્ત સયણાસણસેવણયા - સ્ત્રી આદિ સંસક્ત જે શયન, આસનો ઉપલક્ષણથી ઉપાશ્રય, તેનું જે સેવન તે.

યોગ પ્રત્યાખ્યાન - કરવું, કરાવવું, અનુમોદવું રૂપ મન વગેરેના વ્યાપારોનું પ્રાણાતિપાતાદિમાં પ્રત્યાખ્યાન - ન કરવાની પ્રતિજ્ઞા-શરીર પ્રત્યાખ્યાન-અભિષ્વંગ પ્રતિવર્જન પરિજ્ઞા. કષાય પચ્ચક્ખાણ - ક્રોધાદિ પ્રત્યાખ્યાન, તે ન કરવાની પ્રતિજ્ઞા. સંભોગ પચ્ચક્ખાણ-એક માંડલીમાં બેસીને સાધુનો ભોજનાદિ જે વ્યવહાર તે સંભોગ, જિનકલ્પાદિ સ્વીકારી તેનો પરિહાર કરવો તે. ઉપધિ પચ્ચક્ખાણ-અધિક ઉપધિનો ત્યાગ.

ખમ-ક્ષાંતિ, વિરાગયા - વીતરાગતા, રાગદ્વેષ અપગમ રૂપ. ભાવસત્ય - શુદ્ધ અંતરાત્મારૂપ પારમાર્થિક અવિતથત્વ. યોગસત્ય મન-વચન-કાયની અવિતથતા. કરણસત્ય - પ્રતિલેખનાદિ યથોક્ત રૂપે કરવા. મનસમન્નાહરણયા - મનને સમ્યક્, સ્વસ્થરૂપે મર્યાદા વડે આગમમાં કહેલ ભાવમાં અભિવ્યાપ્તિ કે સંક્ષેપણ. એમ બીજા પણ કહેવા, કોહ વિવેગ - ક્રોધ, કોપ ત્યાગ, તેની દુરંતતાદિ પરિભાવનાથી ઉદયનો નિરોધ. વેયણ અહિયાસણયા - ક્ષુધાદિ પીડા સહેવી. મારણંતિય-અહિયાસણયા-કલ્યાણ મિત્ર-બુદ્ધિ વડે મારણાંતિક ઉપસર્ગ સહેવો.

## ❁ શતક-૧૭, ઉદ્દેશો-૩-"ક્રિયા" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ એજનાદિ ક્રિયા કહી, અહીં ક્રિયા કહે છે, એ સંબંધ છે.

● **સૂત્ર-૭૦૬,૭૦૭ :-**

*[૭૦૬] તે કાળે, તે સમયે રાજગૃહનગરમાં યાવત્ આમ કહ્યું — જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે છે ? હા, કરે છે. - - ભગવન્ ! તે સ્પૃષ્ટ કરાય કે અસ્પૃષ્ટ ? ગૌતમ ! સ્પૃષ્ટ કરાય, અસ્પૃષ્ટ ન કરાય. એ રીતે જેમ શતક-૧-ઉદ્દેશા-૬-માં કહ્યું, તેમ યાવત્ "અનુક્રમ વિના નહીં" સુધી કહેવું. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે — જીવ અને એકેન્દ્રિયને નિર્વ્યાઘાત અપેક્ષાએ છ દિશામાં અને વ્યાઘાતની અપેક્ષાએ કદાચ ત્રણ દિશામાં, કદાચ ચાર દિશામાં, કદાચ પાંચમાં, બાકીનાને નિયમા છ દિશામાં છે.*

*ભગવન્ ! જીવો મૃષાવાદ ક્રિયા કરે છે ? હા, કરે છે. ભગવન્ ! તે સ્પૃષ્ટ કરે છે. આદિ પ્રાણાતિપાત દંડક માફક મૃષાવાદ પણ કહેવો. એ પ્રમાણે અદત્તાદાન, મૈથુન, પરિગ્રહમાં પણ જાણવું. આ પાંચ દંડકો છે.*

*ભગવન્ ! જે સમયે જીવ પ્રાણાતિપાત ક્રિયા કરે, તે સમયે તે સ્પૃષ્ટ ક્રિયા કરે કે અસ્પૃષ્ટ ? પૂર્વવત્ યાવત્ કહેવું. વૈમાનિક સુધી કહેવું. એ પ્રમાણે પરિગ્રહ સુધી કહેવું, એ પ્રમાણે આ પાંચ દંડકો છે.*

*ભગવન્ ! જે દેશમાં જીવો પ્રાણાતિપાત ક્રિયા કરે, તે સ્પૃષ્ટ કરે કે અસ્પૃષ્ટ. પરિગ્રહ સુધી પૂર્વવત્ કહેવું. આ પણ પાંચ દંડક.*

*ભગવન્ ! જે પ્રદેશમાં જીવ પ્રાણાતિપાત ક્રિયા કરે તે સ્પૃષ્ટ કરે કે અસ્પૃષ્ટ ? પૂર્વવત્, પાંચ દંડક, પરિગ્રહ સુધી કહેવા. ૨૦ દંડક થયા.*

*[૭૦૭] ભગવન્ ! જીવોનું દુઃખ આત્મકૃત્ છે, પરકૃત છે કે તદુભય કૃત ? ગૌતમ ! દુઃખ આત્મકૃત્ છે, પરકૃત કે ઉભયકૃત નથી. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - ભગવન્ ! જીવો શું આત્મકૃત્ દુઃખ વેદે છે, પરકૃત કે તદુભયકૃત્ દુઃખ વેદે છે ? ગૌતમ ! આત્મકૃત્ દુઃખ વેદે છે. પરકૃત્ કે તદુભયકૃત્ નહીં. આમ વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! જીવોને આત્મકૃત્ વેદના૦ છે, પ્રશ્ન ? ગૌતમ ! આત્મકૃત્ વેદના છે, પરકૃત્ કે ઉભયકૃત્ નહીં. વૈમાનિક સુધી આમ જાણવું.*

*ભગવન્ ! જીવો આત્મકૃત્ વેદના વેદે છે ? પરકૃત્ કે ઉભય કૃત્ વેદના વેદે છે ? ગૌતમ ! આત્મકૃત્ વેદના વેદે છે. પરકૃત્ કે ઉભય કૃત્ નહીં. આમ વૈમાનિક સુધી જાણવું. - - ભગવન્ ! તે એમ જ છે (૨)*

● **વિવેચન-૭૦૬,૭૦૭ :-**

શતક-૧-ઉદ્દેશો-૬-મુજબ આમ સૂચવે છે - ભગવન્ ! શું તે અવગાઢ કરે છે કે અનવગાઢ ? ગૌતમ ! અવગાઢ કરે છે, અનવગાઢ નહીં.

જે સમયે પ્રાણાતિપાત ક્રિયા-કર્મ કરે છે, અહીં 'તેમાં' એમ વાક્ય શેષ જાણવું. દેસ - ક્ષેત્ર વિભાગ, પએસ - લઘુતમ ક્ષેત્ર વિભાગ. ક્રિયા પૂર્વે કહી, તે કર્મ છે, કર્મ-દુઃખહેતુપણાથી દુઃખ છે. તે માટે બે દંડક કહ્યા. વેદના કર્મજન્યા હોય, તેના નિરૂપણ માટે બે દંડક છે.

## ❁ શતક-૧૭, ઉદ્દેશો-૫-"ઈશાન" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ વૈમાનિક વક્તવ્યતા કહી, અહીં વૈમાનિક વિશેષ ઈશાનને કહે છે —

● **સૂત્ર-૭૦૮ :-**

*ભગવન્! દેવેન્દ્ર દેવરાજ ઈશાનની સુધર્માસભા ક્યાં છે? ગૌતમ! જંબૂદ્વીપમાં મેરુ પર્વતની ઉત્તરે, આ રત્નપ્રભા પૃથ્વીના બહુ સમરમણીય ભૂમિ ભાગથી ઉપર ચંદ્ર સૂર્ય૦ જેમ સ્થાનપદમાં કહ્યું છે, તેમ યાવત્ મધ્યમાં ઈશાનાવતંસક મહાવિમાન છે, તે મહાવિમાન સાડા બાર લાખ યોજન ઈત્યાદિ જેમ દશમાં શતકમાં શક્ર વિમાન વક્તવ્યતા છે, તે અહીં પણ ઈશાનની સંપૂર્ણ કહેવી. યાવત્ આત્મરક્ષક દેવો. સ્થિતિ સાતિરેક બે સાગરોપમ છે, બાકી પૂર્વવત્. તે પ્રમાણે યાવત્ દેવેન્દ્ર દેવરાજ ઈશાન સુધી કહેવું. ભગવન્! તે એમ*

*જ છે (૨).*

● **વિવેચન-૭૦૮ :-**

"સ્થાનપદ" એ પ્રજ્ઞાપનાનું બીજું પદ છે. તે આ રીતે – ઉંચે ચંદ્ર, સૂર્ય, ગ્રહગણ, નક્ષત્ર, તારાથી ઘણાં સેંકડો યોજન, ઘણાં હજારો યોજન, ઘણાં લાખો યોજન યાવત્ જઈને આ ઈશાન નામક કલ્પ છે. ઈત્યાદિ. શતક-૧૦-ની શકવિમાન વક્તવ્યતા મુજબ. તે આ - સાડા બાર લાખ લંબાઈ, પહોડાઈ, ૩૯,૫૨,૮૪૮ યોજન પરીક્ષેપથી છે.

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૬-"પૃથ્વીકાયિક" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઈશાન કલ્પ કહ્યો, અહીં કલ્પાદિમાં પૃથ્વીકાયોત્પત્તિ કહે છે.

● **સૂત્ર-૭૦૯ :-**

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીમાં સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય છે. ભગવન્ ! તે પહેલા ઉપજી, પછી આહારગ્રહણ કરે કે પહેલા આહાર લઈ, પછી ઉપજે ? ગૌતમ ! પૂર્વે ઉત્પન્ન થઈ પછી પણ આહારે, પહેલાં આહારી પછી પણ ઉપજે.*

*ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? ગૌતમ ! પૃથ્વીકાયિકને ત્રણ સમુદ્ઘાત કહ્યા છે – વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત.*

*મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત દેશથી પણ સમુદ્ઘાત કરે છે અને સર્વથી પણ સમુદ્ઘાત કરે છે. દેશથી સમુદ્ઘાત કરતા, પહેલાં આહાર પુદ્ગલ ગ્રહી, પછી ઉત્પન્ન થાય. સર્વથી સમુદ્ઘાત કરે ત્યારે, પહેલાં પહેલાં ઉત્પન્ન થઈ, પછી પુદ્ગલ ગ્રહે. તેથી આમ કહેલ છે.*

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક, આ રત્નપ્રભા પૃથ્વીમાં યાવત્ સમુદ્ઘાત કરીને, ઈશાન કલ્પે પૃથ્વીકાયિકપણે૦ એ રીતે ઈશાનમાં પણ કહેવું. એ રીતે યાવત્ અચ્યુત-ગ્રૈવેયક-અનુત્તરવિમાન, ઈષત્ પ્રાગ્ભારામાં છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ, શર્કરાપ્રભામાં સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પે પૃથ્વીકાયિકપણે૦ એ પ્રમાણે રત્નપ્રભા પૃથ્વીકાયિકવત્ શર્કરાપ્રભામાં પણ પૃથ્વીકાયિકનો ઉપપાત કહેવો યાવત્ ઈષત્પ્રાગ્ભારા.*

*એ પ્રમાણે રત્નપ્રભાની વક્તવ્યતા માફક યાવત્ અધઃસપ્તમીમાં પૃથ્વીકાયિકનો ઉપપાત કહેવો. ભગવન્ ! તે એમ જ છે (૨).*

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૭-"પૃથ્વીકાયિક" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૦ :-**

*ભગવન્ ! જે પૃથ્વીકાયિક જીવ સૌધર્મકલ્પમાં મરણસમુદ્ઘાત કરીને આ રત્નપ્રભામાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થવા યોગ્ય છે, તે પહેલાં ઉત્પન્ન થઈ, પછી આહાર ગ્રહણ કરે કે પહેલા આહારગ્રહી પછી ઉત્પન્ન થાય ?*

*ગૌતમ ! જેમ રત્નપ્રભા પૃથ્વીકાયિકો સર્વે કલ્પમાં યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં ઉત્પાદ કહ્યો. તેમ સૌધર્મ પૃથ્વીકાયિકનો સાતે પૃથ્વીમાં ઉપપાદ કહેવો. યાવત્*



*અધઃસપ્તમીમાં કહેવું... એ રીતે સૌધર્મ પૃથ્વીકાયિકનો સર્વે પૃથ્વીમાં ઉપપાત કહ્યો, એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીકાયિકનો સર્વે પૃથ્વીમાં ઉપપાદ, અધઃસપ્તમી સુધી કહેવો. ભગવન્ ! તે એમ જ છે.*

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૮-"અપ્કાયિક" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૧ :-**

*ભગવન્ ! અપ્કાયિક આ રત્નપ્રભામાં મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પે ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ આદિ, જેમ પૃથ્વીકાયિકમાં કહ્યું, તેમ અપ્કાયમાં પણ સર્વે કલ્પોમાં યાવત્ ઈષત્ પ્રાગ્ભારામાં તે પ્રમાણે જ ઉપપાત કહેવો. - - એ પ્રમાણે જેમ રત્નપ્રભા અપ્કાયિકનો ઉપપાત કહ્યો તેમ યાવત્ અધઃસપ્તમીપૃથ્વીમાં અપ્કાયનો ઉત્પાદ, ઇષત્ પ્રાગ્ભારા સુધી કહેવો.*

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૯, "અપ્કાયિક" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૨ :-**

*ભગવન્! જે અપ્કાયિક સૌધર્મ કલ્પમાં મરણ સમુદ્ઘાત કરીને આ રત્નપ્રભા પૃથ્વીમાં ઘનોદધિ વલયોમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય૦ બાકી પૂર્વવત્. એ રીતે યાવત્ અધઃસપ્તમીમાં, સૌધર્મ-અપ્કાયિક મુજબ કહેવું. એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા અપ્કાયિક યાવત્ અધઃસપ્તમીમાં ઉપપાત કહેવો. - - ભગવન્! તે એમ જ છે (૨).*

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૧૦,૧૧-"વાયુકાયિક" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૩,૭૧૪ :-**

*[૭૧૩] ભગવન્ ! વાયુકાયિક, આ રત્નપ્રભામાં યાવત્ સૌધર્મકલ્પે વાયુકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે પૃથ્વીકાયિક માફક કહેવા. વિશેષ એ કે - વાયુકાયિકને ચાર સમુદ્ઘાતો છે - વેદના યાવત્ વૈક્રિય૦ મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત દેશથી કરે૦ બાકી પૂર્વવત્. યાવત્ અધઃસપ્તમીમાં સમુદ્ઘાત કરીને૦ ઇષત્પ્રાગ્ભારા સુધી ઉત્પાદ કહેવો.*

*[૭૧૪] ભગવન્ ! જે વાયુકાયિક સૌધર્મકલ્પે સમવહત થઈને આ રત્નપ્રભા પૃથ્વીના ઘનવાત, તનુવાત, ઘનવાત વલયમાં, તનુવાત વલયમાં વાયુકાયિકપણે ઉપજવા યોગ્ય હોય૦ બાકી પૂર્વવત્. એ રીતે જેમ સૌધર્મ વાયુકાયિકનો ઉત્પાદ સાતે પૃથ્વીમાં કહ્યો, એ રીતે યાવત્ ઈષત્ પ્રાગ્ભારા વાયુકાયિકનો અધઃસપ્તમી સુધી યાવત્ ઉત્પાદ કહેવો.*

**❀ શતક-૧૭, ઉદ્દેશો-૧૨-"એકેન્દ્રિય" ❀**

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૫ :-**

*ભગવન્ ! એકેન્દ્રિયો બધાં સમાનાહારી, સમશરીરી છે ? એ પ્રમાણે*

*શતક-૧-ના ઉદ્દેશક-૨-માં પૃથ્વીકાયિકની વક્તવ્યતા કહી. તે અહીં એકેન્દ્રિયોમાં કહેવી. યાવત્ સમાયુષ્, સમોપપન્નક, (નથી).*

*ભગવન્ ! એકેન્દ્રિયોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! ચાર. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ તેજોલેશ્યા. - - ભગવન્ ! આ એકેન્દ્રિયોને કૃષ્ણલેશ્યાદિમાં યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! એકેન્દ્રિયોમાં સૌથી ઓછા તેજોલેશ્યી, કાપોતલેશ્યી અનંતા, નીલલેશ્યી વિશેષાધિક, કૃષ્ણલેશ્યી વિશેષાધિક છે. - - ભગવન્ ! એકેન્દ્રિયોમાં આ કૃષ્ણલેશ્યીની ઋદ્ધિ દ્વીપકુમારો (શતક-૧૬, ઉદ્દેશો-૧૧)માં કહી છે, તેમ અહીં કહેવી.*

## ❁ શતક-૧૭, ઉદ્દેશો-૧૩ થી ૧૭ "નાગાદિકુમારો" ❁

-- x -- x -- x -- x -- x -- x --

● **સૂત્ર-૭૧૬ થી ૭૨૦ :-**

*[૭૧૬] ભગવન્ ! નાગકુમારો બધાં સમાહારા, જેમ શતક-૧૬માં દ્વીપકુમાર ઉદ્દેશામાં કહ્યું, તેમ બધું સંપૂર્ણ કહેવું. યાવત્ ઋદ્ધિ - x -*

*[૭૧૭] ભગવન્ ! સુવર્ણકુમારો સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૧૮] ભગવન્ ! વિદ્યુત્કુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૧૯] ભગવન્ ! વાયુકુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

*[૭૨૦] ભગવન્ ! અગ્નિકુમારો બધાં સમાહારી૦ પૂર્વવત્ - x -*

● **વિવેચન-૭૧૦ થી ૭૨૦ :-** *[ઉદ્દેશક-૭ થી ૧૭નું]*

समोहए - સમવહત - મારણાંતિક સમુદ્ઘાત કરવો. उववज्जित्त - ઉત્પાદ ક્ષેત્રે જઈને, संपाउणेज्ज - પુદ્ગલ ગ્રહણ કરે. - x - મારણાંતિક સમુદ્ઘાતથી નિવર્તીને, જો પૂર્વ શરીરનો સર્વથાત્યાગ કરી દડાની ગતિથી ઉત્પત્તિદેશે જાય તો પુદ્ગલો પછી ગ્રહ અર્થાત્ પછી આહાર કરે-જાય - x - જો મારણાંતિક સમુદ્ઘાત કરતા મરે, તો ઇલિકાગતિથી ઉત્પાદ સ્થાને જાય, ત્યારે પહેલા પુદ્ગલ લે પછી ઉત્પન્ન થાય. પૂર્વ શરીરમાં રહીને જીવ પ્રદેશ સંહરીને સમસ્ત જીવ પ્રદેશથી ઉત્પત્તિ ક્ષેત્રમાં થાય. - x - જો મારણાંતિક સમુદ્ઘાત કરતો મરે તો - x - જીવદેશના પૂર્વ દેહમાં રહીને દેશથી ઉત્પત્તિ દેશ પ્રાપ્ત કરીને દેશથી સમુદ્ઘાત કરે. જો સમુદ્ઘાતથી નિવૃત્ત થઈ મરે તો સર્વ પ્રદેશ સંહરી ઉત્પત્તિ દેશને પામીને સર્વથી સમવહત કહેવાય. ઇત્યાદિ

**મુનિદીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૭ નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**



# 卐 શતક-૧૮ 卐

-- x -- x --

૦ શતક-૧૭ની વ્યાખ્યા કરી, હવે ક્રમશઃ આવેલ શતક-૧૮ની —

● **સૂત્ર-૭૨૧ :-**

*પ્રથમ, વિશાખા, માકંદિક, પ્રાણાતિપાત, અસુર, ગુડ, કેવલિ, અનગાર, ભવ્ય, સોમિલ. આ દશ ઉદ્દેશા શતક-૧૮માં છે.*

● **વિવેચન-૭૨૧ :-**

(૧) પ્રથમ - જીવાદિ વિષયોના પ્રથમ-અપ્રથમત્વાદિની વિચારણા. (૨) વિશાખા-વિશાખાનગરી ઉપલક્ષિત, (૩) માકંદિક-માકંદ પુત્ર નામક અણગાર ઉપલક્ષિત. (૪) પ્રાણાતિપાત-પ્રાણાતિપાતાદિ વિષયક, (૫) અસુર-અસુરાદિ વક્તવ્યતાપ્રધાન, (૬) ગુલ-ગુડ આદિ પદાર્થ વિશેષ સ્વરૂપ નિરુપણ. (૭) કેવલિ-કેવલિ આદિ વિષયક, (૮) અણગાર-અનગારાદિ વિષયક, (૯) ભવિય-ભવ્યદ્રવ્ય નારકાદિ પ્રરૂપણાર્થે (૧૦) સોમિલ-બ્રાહ્મણની વક્તવ્યતા. अट्ठारसे - શતક-૧૮માં આ ઉદ્દેશાઓ છે.

## ❁ શતક-૧૮, ઉદ્દેશો-૧-"પ્રથમ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ તેમાં પહેલા ઉદ્દેશાના પ્રતિપાદન અર્થે કહે છે —

● **સૂત્ર-૭૨૨ થી ૭૨૬ :-**

*[૭૨૨] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — જીવ, જીવભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી અપ્રથમ છે. એ પ્રમાણે નૈરયિકથી લઈને વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! સિદ્ધ, સિદ્ધ ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી. - - ભગવન્ ! જીવો, જીવ ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.*

*સિદ્ધોનો પ્રશ્ન ? ગૌતમ ! પ્રથમ છે, અપ્રથમ નથી.*

*ભગવન્ ! આહારક જીવ, આહાર ભાવથી પ્રથમ છે કે અપ્રથમ ? ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. યાવત્ વૈમાનિક. બહુવચનમાં એમ જ છે.*

*ભગવન્ ! અણાહારક જીવ અણાહારક ભાવથી પ્રશ્ન ? ગૌતમ ! કદાચ પ્રથમ હોય, કદાચ અપ્રથમ હોય. - - ભગવન્ ! અણાહારક જીવો અણાહારક ભાવથી ? પ્રશ્ન. પ્રથમ પણ હોય, અપ્રથમ પણ હોય. - - નૈરયિકો યાવત્ વૈમાનિક ? પ્રથમ નથી, અપ્રથમ છે. સિદ્ધો ? પ્રથમ છે, અપ્રથમ નથી. - - આ પ્રમાણે પ્રત્યેક દંડકમાં પૃચ્છા કહેવી.*

*ભવસિદ્ધિક એક કે અનેક જીવ, આહારક મુજબ. એ રીતે અભવસિદ્ધિક પણ છે. ભગવન્ ! નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવ ? પ્રશ્ન. ગૌતમ ! પ્રથમ છે. અપ્રથમ નથી. નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક જીવો નોભવસિદ્ધિક નોઅભવસિદ્ધિક ભાવથી ? પૂર્વવત્. એ રીતે બહુવચનમાં બંને જાણવા.*

ભગવન્ ! સંજ્ઞીજીવ, સંજ્ઞીભાવથી પ્રથમ છે ? પ્રશ્ન. ગૌતમ ! પ્રથમ નથી, અપ્રથમ છે. એ રીતે વિકલેન્દ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક સુધી જાણવું. બહુવચનમાં પણ આમ જ કહેવું. - - અસંજ્ઞી પણ એ રીતે જ એકવચન, બહુવચનથી છે વિશેષ એ કે - યાવત્ વ્યંતર, નોસંજ્ઞી નોઅસંજ્ઞી જીવ, મનુષ્ય અને સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. એ રીતે બહુવચનમાં પણ છે.

ભગવન્ ! સલેશ્યીનો પ્રશ્ન. ગૌતમ ! આહારક મુજબ છે. એ રીતે બહુવચનમાં પણ છે. કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યામાં પણ એ રીતે છે. વિશેષ એ કે - જેને જે લેશ્યા હોય તે કહેવી. - - અલેશ્યી જીવ, મનુષ્ય અને સિદ્ધ નોસંજ્ઞીનોઅસંજ્ઞી માફક કહેવા.

ભગવન્ ! સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિ ભાવથી શું પ્રથમ છે ? પૃચ્છા. ગૌતમ ! કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ છે. એ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું. સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. બહુવચનમાં જીવો પ્રથમ પણ છે. અપ્રથમ પણ છે. એ રીતે વૈમાનિક સુધી કહેવું. સિદ્ધો પ્રથમ છે, અપ્રથમ નથી. - - - મિથ્યાદૃષ્ટિ જીવ એક કે બહુવચનમાં આહારક માફક જાણવા. - - - સમ્યગ્મિથ્યાદૃષ્ટિ જીવ એકવચનમાં કે બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. વિશેષ એ કે - જેને સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ હોય તેને તે કહેવી.

સંયત જીવ અને મનુષ્ય, એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. - - - અસંયતને આહારકવત્ જાણવા. - - સંયતાસંયત જીવ, પંચેન્દ્રિય-તિર્યંચયોનિક, મનુષ્ય એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ સમાન જાણવા. - - - નોસંયતનોઅસંયતનોસંયતાસંયત જીવ અને સિદ્ધ એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

સકષાયી, ક્રોધકષાયી યાવત્ લોભકષાયી જીવો એકવચન-બહુવચનમાં આહારકવત્ જાણવા. - - - અકષાયી જીવો કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. સિદ્ધ પ્રથમ છે, અપ્રથમ નથી. બહુવચનમાં જીવો અને મનુષ્યો પ્રથમ પણ છે, અપ્રથમ પણ છે. સિદ્ધો પ્રથમ છે, અપ્રથમ નથી.

જ્ઞાની એકવચન-બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. આભિનિબોધિક જ્ઞાની યાવત્ મનઃપર્યવજ્ઞાની એકવચન-બહુવચનમાં એ પ્રમાણે છે. વિશેષ એ કે જે જેને હોય, તે તેને કહેવું. - - કેવળજ્ઞાની જીવ, મનુષ્ય અને સિદ્ધ એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી. - - અજ્ઞાની, મતિઅજ્ઞાની, શ્રુતઅજ્ઞાની, વિભંગજ્ઞાની એકવચન-બહુવચનમાં આહારકની માફક જાણવા.

સયોગી, મનોયોગી, વચનયોગી, કાયયોગી એકવચન-બહુવચનમાં આહારક માફક કહેવા. વિશેષ એ કે - જેને જે યોગ હોય તે કહેવો. અયોગી જીવ, મનુષ્ય, સિદ્ધ, એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત જીવ એકવચન-બહુવચનમાં અનાહારક માફક કહેવા.





સવેદક યાવત્ નપુંસકવેદક એકત્વ-પૃથકત્વમાં આહારક માફક કહેવા. વિશેષ એ કે જેને જે વેદ હોય તે કહેવો. - - - અવેદક એક કે બહુવચનમાં જીવ, મનુષ્ય, સિદ્ધમાં અકષાયી માફક કહેવા.

સશરીરી, આહારકવત્ કહેવા. એ પ્રમાણે યાવત્ કાર્મણશરીરી જાણવા. જેને જે શરીર હોય તે. વિશેષ એ કે - આહારક શરીરી એક કે બહુવચનમાં સમ્યગ્દૃષ્ટિ માફક જાણવા. અશરીરી જીવો અને સિદ્ધો એકવચન-બહુવચનમાં પ્રથમ છે, અપ્રથમ નથી.

પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિથી અપર્યાપ્ત જીવો આહારકવત્ જાણવા. વિશેષ એ કે — જેને જે હોય તે કહેવી. વૈમાનિક સુધીના જીવ પ્રથમ છે, અપ્રથમ નથી. - - - અહીં લક્ષણ ગાથા છે —

[૭૨૩] જેને જે ભાવ પૂર્વેથી પ્રાપ્ત છે તે, તે ભાવથી અપ્રથમ છે, બાકીના-જેમને તે ભાવ પૂર્વે પ્રાપ્ત થયા નથી. તે, તે ભાવે પ્રથમ છે.

[૭૨૪] ભગવન્ ! જીવ, જીવભાવથી ચરમ છે કે અચરમ ? ગૌતમ ! ચરમ નથી, અચરમ છે. - - ભગવન્ ! નૈરયિક, નૈરયિક ભાવથી ? પ્રશ્ન. ગૌતમ ! કદાચ ચરમ, કદાચ અચરમ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું. સિદ્ધોને જીવની માફક કહેવા.

આહારક જીવ સર્વત્ર એકવચનમાં કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે બહુવચનમાં ચરમ પણ છે, અચરમ પણ છે - - અનાહારક જીવ, સિદ્ધ એકવચન-બહુવચનમાં ચરમ નથી, અચરમ છે. બાકીના સ્થાનોમાં એકવચન-બહુવચનમાં આહારક માફક જાણવું.

ભવસિદ્ધિક જીવપદમાં એક કે બહુવચનમાં ચરમ છે, અચરમ નથી. બાકીના સ્થાનોમાં આહારકવત્ જાણવા. - - - અભવસિદ્ધિક સર્વત્ર એકવચન-બહુવચનમાં ચરમ નથી, અચરમ છે. નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક જીવો અને સિદ્ધો એક કે બહુવચનમાં અભવસિદ્ધિકવત્ જાણવા.

સંજ્ઞી, આહારકવત્ છે, અસંજ્ઞી પણ તેમ છે નોસંજ્ઞીનોઅસંજ્ઞી જીવપદ અને સિદ્ધપદમાં ચરમ છે. મનુષ્ય પદમાં બંને વચનમાં ચરમ છે.

સલેશ્ય યાવત્ શુક્લલેશ્ય, આહારકવત્ છે. માત્ર જે જેને હોય તે કહેવું. - - - અલેશ્ય, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્ જાણવા.

સમ્યગ્દૃષ્ટિ, અણાહારકવત્ છે. - - મિથ્યાદૃષ્ટિ, આહારક માફક છે. - - - સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં એકેન્દ્રિય, વિકલેન્દ્રિયને વર્જીને કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ બહુવચનમાં ચરમ પણ છે, અચરમ પણ છે.

સંયત જીવ અને મનુષ્ય, આહારકવત્ છે. - - અસંયત પણ તેમજ છે. - - સંયતાસંયત પણ તેમજ છે. માત્ર જે જેને હોય તે કહેવું નોસંયતનોઅસંયતનો-સંયતાસંયતને નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક માફક જાણવા.

સકષાયી યાવત્ લોભકષાયી સર્વસ્થાનોમાં આહારકવત્ છે. - - અકષાયી

*જીવ પદે અને સિદ્ધમાં ચરમ નથી, અચરમ છે. મનુષ્યપદમાં કથંચિત્ ચરમ, કથંચિત્ અચરમ છે.*

*જ્ઞાની, સર્વત્ર સમ્યગ્દૃષ્ટિ સમાન છે, આભિનિબોધિક જ્ઞાની યાવત્ મનઃપર્યવજ્ઞાની, આહારકવત્ છે. માત્ર જેને જે હોય તે કહેવું. કેવલજ્ઞાની, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્, અજ્ઞાની યાવત્ વિભંગજ્ઞાની, આહારકવત્.*

*સંયોગી યાવત્ કાયયોગી, આહારકવત્, જેને જે યોગ હોય તે કહેવો. અયોગી, નોસંજ્ઞીનોઅસંજ્ઞીવત્ કહેવા.*

*સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત, અનાહારકવત્ છે.*

*સવેદક યાવત્ નપુંસકવેદક, આહારકવત્ છે. - - અવેદક, અકષાયી માફક જાણવા.*

*સશરીરી યાવત્ કાર્મણશરીરી, આહારકવત્ છે. માત્ર જે જેને હોય તે કહેવું. અશરીરી, નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિકવત્ છે.*

*પાંચ પર્યાપ્તિથી પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિથી અપર્યાપ્ત આહારકવત્ છે. સર્વત્ર એકવચન-બહુવચનમાં દંડકો કહેવા - લક્ષણ ગાથા -*

*[૭૨૫] જે જીવ, જે ભાવને પુનઃ પ્રાપ્ત કરશે તે, તે ભાવથી અચરમ થશે. જેનો જે ભાવથી અત્યંત વિયોગ થશે તે, તે ભાવે ચરમ થશે.*

*[૭૨૬] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે કહી વિચરે છે.*

● **વિવેચન-૭૨૨ થી ૭૨૬ :-**

ક્યાંક આવી ઉદ્દેશક દ્વાર સંગ્રહણી ગાથા દેખાય છે — જીવ, આહારક, ભવ, સંજ્ઞી, લેશ્યા, દૃષ્ટિ, સંયત, કષાય, જ્ઞાન, યોગ, ઉપયોગ, વેદ, શરીર, પર્યાપ્તિ. આના અર્થો ઉદ્દેશકના અર્થથી જાણવા. તેમાં પ્રથમ દ્વારને કહે છે —

જીવ જીવત્વથી પ્રથમતા ધર્મયુક્ત છે ? જીવત્વ હોતા પ્રથમથી પ્રાપ્ત છે કે અપ્રથમ - અનાદિ અવસ્થિત જીવ. અહીં પ્રથમત્વ અપ્રથમત્વ લક્ષણગાથા છે, જે સૂત્ર-૭૨૩ની સમાનાર્થક છે. નારક પણ અપ્રથમ છે, અનાદિ સંસારમાં નારકત્વ પૂર્વે અનંતીવાર પ્રાપ્ત થયેલ છે. સિદ્ધ વડે સિદ્ધત્વ પૂર્વે અપ્રાપ્ત છે, માટે પ્રથમ કહ્યું.

આહારક દ્વારમાં - આહારકત્વથી પ્રથમ નથી, અનાદિ ભવમાં પૂર્વે અનંતવાર તે પ્રાપ્ત થયું છે. એ રીતે નારકાદિ પણ કહેવા. સિદ્ધોને આહારકપણાથી ન પૂછાય, કેમકે તેઓ અણાહારી છે. કોઈક જીવ અનાહારકત્વથી પ્રથમ છે, જેમકે સિદ્ધ. કોઈ અપ્રથમ છે. જેમકે - સંસારી. સંસારીને વિગ્રહગતિમાં અનાહારકત્વ પૂર્વે અનંતીવાર થયેલ છે. - x - x -

ભવ્ય દ્વારમાં - ભવસિદ્ધિક એકત્વ-બહુત્વથી આહારકની જેમ કહેવા. અર્થાત્ અપ્રથમ. જેમ ભવ્યનું ભવ્યત્વ અનાદિ સિદ્ધ છે, તેથી ભવ્યત્વથી પ્રથમ નથી. આ રીતે અભવસિદ્ધિક પણ કહેવા. નોભવસિદ્ધિકનોઅભવસિદ્ધિક જીવ અને સિદ્ધમાં જ સંભવે, નારકાદિમાં નહીં. આ પદથી સિદ્ધને જ કહેવાય છે, તેના એકત્વ-પૃથકત્વમાં પ્રથમ છે તેમ કહેવું.



સંજ્ઞી દ્વારમાં - સંજ્ઞી ભાવથી અપ્રથમ છે, કેમકે પૂર્વે અનંતવાર સંજ્ઞીત્વ પામેલ છે. એકથી ચાર ઈન્દ્રિયને વર્જીને બાકીનાને 'અપ્રથમ' કહેવા. એ રીત અસંજ્ઞી પણ કહેવા. - x - પૃથ્વી આદિ અસંજ્ઞી જ છે. તેમ અપ્રથમત્વ પૂર્વે અનંતવાર અસંજ્ઞીપણાની પ્રાપ્તિ છે. ઉભયનિષેધ પદ જીવ, મનુષ્ય, સિદ્ધમાં છે, તેમાં પ્રથમત્વ કહેવું. - x -

લેશ્યાદ્વારમાં - અપ્રથમ કહેવું. કેમકે અનાદિથી સલેશ્યત્વ છે. - x - x - અલેશ્ય પદ જીવ, મનુષ્ય, સિદ્ધોમાં હોય છે, તેમનું પ્રથમત્વ કહેવું.

દૃષ્ટિ દ્વારમાં - કેટલાંક સમ્યગ્દૃષ્ટિ જીવ સમ્યગ્દૃષ્ટિપણે પ્રથમ હોય, જેને પહેલી વખત સમ્યગ્દર્શન થયું હોય. કેટલાંક અપ્રથમ હોય, જેને પતિત થયા પછી, સમ્યગ્દર્શનની પુનઃપ્રાપ્તિ થઈ હોય. એકેન્દ્રિયોને સમ્યક્ત્વ નથી, તેથી તેમનું વર્જન કર્યુ. બાકીના પ્રથમ કે અપ્રથમ હોઈ શકે. - x - સિદ્ધો પ્રથમ જ હોય. - x -

મિથ્યાદૃષ્ટિઓને એકવચન-બહુવચનમાં અપ્રથમત્વ છે. મિથ્યાત્વ અનાદિનું છે. - - સમ્યક્મિથ્યાદૃષ્ટિ પ્રથમ પણ હોય, અપ્રથમ પણ હોય. કેમકે સમ્યગ્મિથ્યાદર્શન પહેલું કે બીજું આદિ પણ પામે. વિશેષ એ કે - જેને હોય તેને કહેવું. જેમકે - નારકાદિને મિશ્ર દર્શન હોય છે. તે જ અહીં પ્રથમ-અપ્રથમ વિચારણાનો અધિકાર છે.

સંયતદ્વારમાં - અહીં જીવ પદ, મનુષ્ય પદ એ બે છે. તેમને એકત્વાદિ વડે સમ્યગ્દૃષ્ટિની માફક કહેવા. પ્રથમ હોય કે અપ્રથમ હોય. સંયમનો પ્રથમ કે દ્વિતીયાદિ લાભની અપેક્ષાએ આ જાણવું. - - - અસંયત આહારક માફક કહેવા. જેમકે અનાદિપણાથી અસંયત હોવાથી અપ્રથમ છે. - - સંયતાસંયત જીવપદમાં, પંચેન્દ્રિય તિર્યંચપદમાં, મનુષ્યપદમાં હોય છે. એકત્વાદિ વડે સમ્યગ્દૃષ્ટિવત્ કહેવા. કદાચ પ્રથમ હોય, કદાચ અપ્રથમ હોય. પ્રથમ-અપ્રથમત્વ પહેલી કે બીજીવાર અપેક્ષાએ છે. - - નોસંયમનોઅસંયમનોમિશ્ર એ જીવ અને સિદ્ધને હોય, તે પ્રથમ છે.

કષાયદ્વારમાં - કષાયી આહારકવત્ અપ્રથમ છે. કેમકે અનાદિપણાથી કષાયિત્વ છે. - - અકષાય જીવને પ્રથમ હોય. યથાખ્યાત ચારિત્રના પ્રથમ લાભમાં, દ્વિતીયાદિ લાભમાં અપ્રથમ હોય. એ પ્રમાણે મનુષ્યો પણ જાણવા. સિદ્ધ પ્રથમ જ હોય. કેમકે સિદ્ધત્વ અનુગતને. અકષાયભાવ પહેલીવાર હોય છે.

જ્ઞાનદ્વારમાં - કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ હોય. તેમાં કેવલી પ્રથમ છે. અકેવલીને પહેલી વખત જ્ઞાનલાભ થાય છે માટે. જીવાદિ દંડક વિચારણામાં જે જીવનારકાદિને જે મતિજ્ઞાનાદિ હોય, તે તેને કહેવા. - x - અજ્ઞાની 'અપ્રથમ' છે. અનાદિથી અનંત અજ્ઞાનની ભેદસહિત પ્રાપ્તિ હોવાથી.

યોગદ્વારમાં - આહારકવત્ અપ્રથમ છે. જીવ નારકાદિ દંડક વિચારણામાં જે જીવાદિને જે યોગ હોય તે કહેવો. - - - અયોગીમાં જીવ, મનુષ્ય, સિદ્ધ આવે. તે પ્રથમ જ હોય.

ઉપયોગદ્વારમાં - સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત બંને જેમ અનાહારક છે, તેમ કહેવા. તે જીવપદમાં 'પ્રથમ' છે. સિદ્ધ અપેક્ષાએ અપ્રથમ છે, સંસારી અપેક્ષાએ-નારકાદિ વૈમાનિકાંત પદોમાં પ્રથમ નથી પણ અપ્રથમ છે, કેમકે તે અનાદિથી પ્રાપ્ત

છે. સિદ્ધ પદમાં પ્રથમ છે, અપ્રથમ નથી. સાકાર-અનાકારોપયોગમાં સિદ્ધત્વને 'પ્રથમ' છે.

વેદદ્વારમાં - આહારક માફક અપ્રથમ જ છે. જીવાદિ દંડક વિચારણામાં નારકાદિ જેને જે નપુંસકાદિ વેદ હોય, તે તેને કહેવો. - - અવેદક, અકષાયીવત્ કહેવા. જીવ, મનુષ્ય, સિદ્ધ ત્રણે પદોમાંથી પહેલા બે પદમાં કદાચ 'પ્રથમ' હોય છે. કદાચ અપ્રથમ છે. કેમકે અવેદકત્વ પહેલા કે બીજાદિ અપેક્ષાએ છે. 'સિદ્ધ' અપ્રથમ છે.

શરીરદ્વારમાં - આહારક માફક અપ્રથમ જ છે. આહારક શરીરી, સમ્યગ્દૃષ્ટિ માફક કદાચ પ્રથમ, કદાચ અપ્રથમ છે. આ પ્રથમ અને દ્વિતીયાદિ આહારક શરીરના લાભની અપેક્ષાએ છે. - - અશરીરી જીવ સિદ્ધ કહેવાય, તે 'પ્રથમ' જ છે.

પર્યાપ્તિદ્વારમાં - પાંચ પર્યાપ્તિ વડે પર્યાપ્ત, પાંચ અપર્યાપ્તિ વડે અપર્યાપ્તક, તે આહારકવત્ અપ્રથમ છે. દંડક વિચારણામાં જેને જે પર્યાપ્તિ હોય, તેને તે કહેવી.

હવે પ્રથમ-અપ્રથમ લક્ષણને જણાવે છે - જે ભાવ જીવત્વાદિ વડે જે જીવાદિથી પૂર્વે પ્રાપ્ત હોય, તે જીવાદિ તે ભાવે અપ્રથમ હોય. પૂર્વે જે ભાવ અપ્રાપ્ત હોય, તેનાથી 'પ્રથમ' હોય છે. - x -

હવે પ્રથમ-અપ્રથમ લક્ષણને જણાવે છે - જે ભાવ જીવત્વાદિ વડે જે જીવાદિથી પૂર્વે પ્રાપ્ત હોય, તે જીવાદિ તે ભાવે અપ્રથમ હોય. પૂર્વે જે ભાવ અપ્રાપ્ત હોય, તેનાથી. 'પ્રથમ' હોય છે. - x -

હવે પ્રથમાદિના વિપક્ષરૂપ ચરમાદિત્વ જીવાદિષુ દ્વારમાં જ નિરૂપણ કરતા કહે છે —

જીવ જીવત્વ પર્યાયથી ચરમ છે ? શું જીવત્વના પ્રાપ્તવ્યના ચરમ ભાગે છે, શું જીવત્વને છોડી દે છે. अचरम - અવિદ્યમાન જીવત્વ ચરમ સમય. અર્થાત્ જીવત્વને અત્યંત છોડતો નથી. આ પ્રશ્ન છે —

જીવત્વના અવ્યવચ્છેદથી પ્રાપ્તવ્ય જીવત્વનું અવસાન નથી. - - જે નારક નારકત્વથી ઉદ્વર્તીને ફરી નરકગતિમાં ન જાય, કેમકે સિદ્ધમાં જાય, તે ચરમ અને બીજાને 'અચરમ' જાણવા. આ પ્રમાણે વૈમાનિક સુધી છે. સિદ્ધ, જીવની જેમ અચરમ છે. કેમકે સિદ્ધત્વ ન જાય. બહુવચન દંડક તે પ્રકારે જ છે.

આહારકદ્વારમાં - બધાં જીવાદિ પદોમાં, જે નિર્વસે તે ચરમ બીજા - અચરમ. - - અનાહારક પદે અનાહારકત્વથી જીવ અને સિદ્ધને અચરમ કહેવા. તેમનું અનાહારકત્વ અનંત છે માટે. જીવને સિદ્ધ અવસ્થામાં જ આમ છે, નારકાદિ પદોમાં કદાચ ચરમ, કદાચ અચરમ છે. જે નારકાદિને અનાહારકત્વ ફરી ન પ્રાપ્ત થાય, તે ચરમ, જેને તે ફરી પ્રાપ્ત થાય, તેને તે અચરમ.

ભવ્યદ્વારમાં - ભવ્ય જીવો ભવ્યત્વથી ચરમ છે, સિદ્ધિ ગમનથી ભવ્યત્વની ચરમ પ્રાપ્તિ છે. આ બધાં જ. ભવ સિદ્ધિક જીવો મોક્ષ પામશે જ, એ વચન પ્રામાણ્યથી આ કહેલું છે. - - અભવસિદ્ધિક બધાં જીવાદિ પદોમાં 'ચરમ' નથી, કેમકે અભવ્યને ભવ્યત્વ અભાવ છે. નો ભવ૦ આદિ ઉભય નિષેધથી જીવપદ, સિદ્ધપદમાં અભવસિદ્ધિક



માફક અચરમ, તેના સિદ્ધત્વથી અને સિદ્ધત્વપર્યાય જતો નથી માટે.

સંજ્ઞીદ્વારમાં - કદાચ ચરમ, કદાચ અચરમ છે. એ રીતે અસંજ્ઞી પણ જાણવા. ઉભયનિષેધપણાથી જીવ અને સિદ્ધ અચરમ છે મનુષ્ય ચરમ છે. કેમકે ઉભય નિષેધવાન્ મનુષ્યને કેવલિત્વ પ્રાપ્તિ પછી ફરી મનુષ્યત્વનો લાભ થતો નથી.

લેશ્યાદ્વારમાં - સલેશ્યી, આહારકવત્ કદાચ ચરમ, કદાચ અચરમ. તેમાં જે નિર્વાણ પામે, તે સલેશ્યત્વથી ચરમ, બીજા અચરમ.

દૃષ્ટિદ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ જીવ અને સિદ્ધ અચરમ છે. કેમકે જીવનું સમ્યક્ત્વ અવશ્ય પડનાર છે, તે સિદ્ધને પતિત ન થાય. નારકાદિ કદાચ ચરમ, કદાચ અચરમ. જે નારકાદિ નારકત્વાદિ સાથે ફરી સમ્યક્ત્વ ન પામે, તે ચરમ. તે સિવાયના તે અચરમ. - - મિથ્યા દૃષ્ટિ કદાચ ચરમ, કદાચ અચરમ. જે જીવ નિર્વાસે છે, તે મિથ્યાદૃષ્ટિત્વથી ચરમ, તે સિવાયના છે, તે અચરમ છે. નારકાદિમાં જે મિથ્યાત્વયુક્ત નારકત્વ ફરી ન પામે, તે ચરમ અને બીજા અચરમ. સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ એકેન્દ્રિય, વિકલેન્દ્રિય વર્જીને કેમકે તેઓમાં મિશ્ર ન હોય. નારકાદિ દંડકમાં આ મિશ્રાલાપક ન કહેવો. ઉપલક્ષણથી સમ્યગ્દૃષ્ટિ આલાવામાં એકેન્દ્રિયનું વર્જન જાણવું. બીજે પણ જ્યાં જે ન સંભવે, ત્યાં તે વર્જવું. જેમકે - સંજ્ઞીપદમાં એકેન્દ્રિયાદિ, અસંજ્ઞી પદમાં જ્યોતિષ્કાદિ. - x -

સંયત દ્વારમાં - સંયત જીવ કદાચ ચરમ હોય, કે જેને ફરી સંયમ ન મળે તે. બાકીના અચરમ. મનુષ્યોને પણ આમ જ જાણવા. કેમકે તેને સંયતત્વ છે. આ પ્રમાણે સંયતાસંયત પણ જાણવા. આ પદ ફક્ત જીવ, પંચેન્દ્રિયતિર્યંચ, મનુષ્ય પદોમાં જ કહેવું. - x - x -

કષાયદ્વારમાં - સકષાયી ભેદ સહિત, જીવાદિ સ્થાનોમાં કદાચ ચરમ, કદાચ અચરમ છે. તેમાં જે જીવો નિર્વાણ પામે તે સકષાયીત્વથી ચરમ છે, બીજા અચરમ છે. નારકાદિમાં જે સકષાયીપણે નારકાદિને ફરી ન પામે તે ચરમ અને બીજા અચરમ. - - અકષાયી, ઉપશાંત મોહાદિ, તે જીવ, મનુષ્ય અને સિદ્ધ છે. તેમાં જીવ અને સિદ્ધ અચરમ છે, કેમકે જીવનું અકષાયીત્વ અવશ્ય પ્રતિપતિત છે. સિદ્ધનું પતિત ન થાય, અકષાયત્વ પ્રાપ્ત મનુષ્ય જે ફરી મનુષ્યત્વ ન પામે, તે ચરમ, જે ફરી પામે તે અચરમ છે.

જ્ઞાનદ્વારમાં - સમ્યગ્દૃષ્ટિ દૃષ્ટાંત પ્રાપ્ત અર્થ છે - જીવો અને સિદ્ધો અચરમ છે. જીવને જ્ઞાન પતિત થાય, ફરી પામે માટે અચરમ. સિદ્ધ - અક્ષીણજ્ઞાન ભાવવાળા હોય અચરમ છે. બાકીના જ્ઞાનોપેત નારકત્વાદિને પુનઃ લાભના અસંભવમાં ચરમ, અન્યથા અચરમ. બધાં જીવાદિ સિદ્ધાંતોમાં એકેન્દ્રિયને વર્જીને જાણવું જ્ઞાનભેદ પેક્ષાએ કહે છે - આભિનિબોધિક આદિ. તે કદાચ ચરમ, કદાચ અચરમ છે. તેમાં આભિનિબોધિકાદિ જ્ઞાન, જે કેવળજ્ઞાન પ્રાપ્તિ પછી. ફરી પ્રાપ્ત ન થાય તે ચરમ અને બીજું અચરમ. જે નારકાદિ જીવને આભિનિબોધિકાદિ જે હોય, તે તેને કહેવું. કેવલજ્ઞાનીને અચરમ કહેવા. - - અજ્ઞાની, ભેદ સહિત કદાચ ચરમ, કદાચ અચરમ હોય, જે ફરી અજ્ઞાન ન પામે તે ચરમ, જે અભવ્ય, જ્ઞાન ન પામે તે અચરમ. - x - x -

હવે ચરમાચરમ લક્ષણ જણાવવા કહે છે – જે નારકાદિ જીવો નારકત્વાદિ જીવત્વથી પડે કે ન પડે, - x - તે, તે ભાવથી તે ભાવાપેક્ષા અચરમ છે. સર્વથા વિરહ જે જીવાદિને જે ભાવથી તે પ્રાપ્ત થાય, તે તે ભાવાપેક્ષાએ તે અચરમ છે. જેને તે ભાવથી સર્વથા વિરહ થાય તે ચરમ.

### ❁ શતક-૧૮, ઉદ્દેશો-૨-''વિશાખા'' ❁

–– x –– x –– x –– x –– x –– x ––

ઉદ્દેશા-૧-માં વૈમાનિક વૈમાનિક ભાવથી કદાચ ચરમ, કદાચ અચરમ કહ્યો. વૈમાનિક વિશેષ જે તે ભાવથી ચરમ છે, તે અહીં કહે છે –

● **સૂત્ર-૭૨૭ :-**

*તે કાળે, તે સમયે વિશાખા નામે નગરી હતી. બહુપુત્રિક ચૈત્ય હતું, સ્વામી પધાર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*તે કાળે, તે સમયે દેવેન્દ્ર દેવરાજ શક્ર, વજ્રપાણી, પુરંદર૦ આદિ શતક-૧૬, ઉદ્દેશા-૨ મુજબ તે રીતે દિવ્ય યાન વિમાનથી આવ્યો. વિશેષ એ કે – આભિયોગાદિ દેવો હતા. યાવત્ બત્રીશવિધ નાટ્યવિધિ દેખાડી. દેખાડીને યાવત્ પાછો ગયો.*

*ભંતે ! એમ સંબોધી, ગૌતમસ્વામીએ શ્રમણ ભગવંત મહાવીરને યાવત્ આમ કહ્યું – જેમ શતક-૩-માં ઈશાન૦ તેમજ કૂટાગાર દૃષ્ટાંત, તેમજ પૂર્વભવ પૃચ્છા યાવત્ અભિમુખ થઈ ? ગૌતમાદિને સંબોધીને ભગવંત ગૌતમસ્વામીને આમ કહ્યું – હે ગૌતમ ! તે કાળે, તે સમયે આજ જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં હસ્તિનાપુર નામે નગર હતું. સહસ્રામ્રવન ઉદ્યાન હતું. તે હસ્તિનાપુર નગરમાં કાર્તિક નામે શ્રેષ્ઠી રહેતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. વણિકોમાં અગ્રસ્થાને હતો, તે ૧૦૦૮ વણિકોમાં ઘણાં જ કાર્યોમાં, કારણોમાં કુટુંબમાં૦ એ પ્રમાણે યાવત્ જેમ રાયપ્પસણેઈયમાં ચિત્તસારથી યાવત્ ચક્ષુભૂત હતો. તે ૧૦૦૮ વણિકનું આધિપત્ય કરતો યાવત્ પાલન કરતો હતો. જીવાજીવનો જ્ઞાતા એવો શ્રાવક હતો યાવત્ વિચરતો હતો.*

*તે કાળે, તે સમયે અરહંત મુનિસુવ્રત, આદિકર૦ જેમ શતક-૧૬માં કહ્યું તેમ યાવત્ પધાર્યા, યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, આ વૃત્તાંત જાણીને હર્ષિત, સંતુષ્ટ થયો આદિ શતક-૧૧-માં સુદર્શનમાં કહ્યું, તેમ નીકળ્યો. યાવત્ સેવે છે.*

*ત્યારે તે મુનિસુવ્રત અરહંતે કાર્તિક શ્રેષ્ઠી આદિને ધર્મ કહ્યો, યાવત્ પર્ષદા પાછી ગઈ. - - ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, મુનિસુવ્રત યાવત્ સાંભળીને, અવધારીને હર્ષિત, સંતુષ્ટ થઈ, ઉત્થાનથી ઉઠ્યો. ઉઠીને મુનિસુવ્રત સ્વામીને યાવત્ આમ કહ્યું – ભગવન્ ! એ પ્રમાણે યાવત્ જેમ તમે કહો છો. વિશેષ એ કે – હે દેવાનુપ્રિય ! ૧૦૦૮ વણિકોને પૂછીને, મોટા પુત્રને કુટુંબમાં સ્થાપીને, ત્યારપછી હું આપ દેવાનુપ્રિયની પાસે દીક્ષા લેવા (ઈચ્છુ છું). - - યથા સુખં, યાવત્ પ્રતિબંધ ન કરો.*



*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી યાવત્ નીકળે છે. હસ્તિનાપુરે પોતાના નગરમાં, પોતાના ઘેર આવે છે. આવીને ૧૦૦૮ વણિકોને બોલાવે છે. પછી આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! મેં મુનિસુવ્રત અરહંત પાસે ધર્મ સાંભળ્યો, તે ધર્મ મને ઈષ્ટ છે, પ્રતીષ્ઠ છે, રુચેલ છે. હે દેવાનુપ્રિયો ! હું સંસારના ભયથી ઉદ્વિગ્ન થયો છું યાવત્ દીક્ષા લેવા ઈચ્છુ છું. હે દેવાનુપ્રિયો ! તમે શું કરશો ?, કયો વ્યવસાય કરશો ?, તમારા હૃદયમાં શું ઈષ્ટ છે ? તમારું સામર્થ્ય શું છે ? ત્યારે તે ૧૦૦૮ વણિકોએ તેને આમ કહ્યું –*

*હે દેવાનુપ્રિય ! જો તમે સંસારના ભયથી ઉદ્વિગ્ન છો યાવત્ દીક્ષા લેશો, તો હે દેવાનુપ્રિય ! અમારે બીજા કોનું આલંબન છે ? કોનો આધાર કે પ્રતિબંધ છે ? હે દેવાનુપ્રિય ! અમે પણ સંસારના ભયથી ઉદ્વિગ્ન, જન્મ-મરણથી ભયભીત છીએ. આપ દેવાનુપ્રિયની સાથે મુનિસુવ્રત અરહંતની પાસે મુંડ થઈને ઘરથી નીકળી, દીક્ષા લઈશું.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠીએ ૧૦૦૮ વણિકોને આમ કહ્યું – હે દેવાનુપ્રિયો ! જો તમે સંસારભયથી ઉદ્વિગ્ન અને જન્મ-મરણથી ડરીને મારી સાથે મુનિસુવ્રતસ્વામી પાસે યાવત્ દીક્ષા લેવા ઈચ્છતા હો, તો તમે પોત-પોતાના ઘેર જાઓ, પોતાના ઘરમાં વિપુલ અશન, પાન યાવત્ તૈયાર કરાવો. મિત્ર, જ્ઞાતિજન યાવત્ સમક્ષ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપો. સ્થાપીને, તે મિત્ર, જ્ઞાતિજન યાવત્ મોટા પુત્રને પૂછીને સહસ્રપુરુષવાહિની શીબિકામાં આરૂઢ થઈને, મિત્ર-જ્ઞાતિજન યાવત્-પરિજન અને મોટા પુત્ર દ્વારા સમ્યક્ અનુગમન કરાતા સર્વ ઋદ્ધિ યાવત્ નાદથી કાળક્ષેપ કર્યા વિના, મારી પાસે આવો.*

*ત્યારે તે ૧૦૦૮ વણિકો કાર્તિક શ્રેષ્ઠીના આ અર્થને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને પોત-પોતાના ઘેર આવે છે. આવીને વિપુલ અશન યાવત્ તૈયાર કરાવે છે. કરાવીને મિત્ર, જ્ઞાતિજન યાવત્ તેમની સમક્ષ મોટા પુત્રને કુટુંબમાં સ્થાપે છે. પછી તે બધાંને પૂછીને, સહસ્ર પુરુષ વાહિની શિબિકામાં આરૂઢ થઈને, મિત્ર-જ્ઞાતિજન યાવત્ પરિજન અને મોટા પુત્ર દ્વારા સમ્યક્ અનુગમન કરાતા સર્વઋદ્ધિ યાવત્ નાદથી, કાળક્ષેપ કર્યા વિના કાર્તિક શ્રેષ્ઠી પાસે આવે છે.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી વિપુલ અશનાદિ૦ ગંગદત્તની માફક યાવત્ મિત્ર, જ્ઞાતિજન યાવત્ પરિજન અને મોટા પુત્ર તથા ૧૦૦૮ વણિકો વડે સમ્યક્ અનુગમન કરાતો સર્વઋદ્ધિ યાવત્ નાદપૂર્વક હસ્તિનાપુર નગરની વચ્ચોવચ્ચથી ગંગદત્ત માફક નીકળી યાવત્ હે ભગવન્ ! આ લોક આદીપ્ત છે, પ્રદીપ્ત છે, આદીપ્ત-પ્રદીપ્ત છે યાવત્ આનુગામિકપણે થશે. તેથી હે ભગવન્ ! હું ઈચ્છુ છું કે ૧૦૦૮ વણિકો સાથે આપ પોતે જ દીક્ષા આપો. યાવત્ ધર્મ કહો.*

*ત્યારે તે મુનિસુવ્રત અરહંત, કાર્તિક શ્રેષ્ઠીને ૧૦૦૮ વણિકો સાથે પોતે જ દીક્ષા આપી અને ધર્મ કહે છે કે – હે દેવાનુપ્રિયો ! આ રીતે જવું, આ રીતે*

*ચાલવું યાવત્ સંયમ પાલન કરવું.*

*ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી, ૧૦૦૮ વણિકો સાથે મુનિસુવ્રત અરહંત પાસે આ આવા પ્રકારનો ધર્મોપદેશ સમ્યક્ સ્વીકારે છે. તેમની આજ્ઞા મુજબ જ ચાલે છે યાવત્ સંયમપાલન કરે છે. ત્યારે તે કાર્તિક શ્રેષ્ઠી ૧૦૦૮ વણિકો (અણગાર)સહ અણગાર થયા ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી થયા.*

*ત્યારે કાર્તિક અણગાર મુનિસુવ્રત અરહંતના તથારૂપ સ્થવિરો પાસે સામાયિકાદિ ચૌદ પૂર્વોને ભણ્યા, ઘણાં ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ યાવત્ આત્માને ભાવિત કરતાં બહુ પ્રતિપૂર્ણ ૧૨ વર્ષનો શ્રામણ્ય પર્યાય પાળીને માસિકી સંલેખના વડે આત્માને સેવીને, ૬૦ ભક્તોને અનશન વડે છેદીને, આલોચના કરીને, યાવત્ કાળ કરીને સૌધર્મ કલ્પમાં, સૌધર્માવતંસક વિમાનમાં ઉપપાત સભામાં દેવશય્યામાં યાવત્ દેવેન્દ્ર શક્રપણે ઉત્પન્ન થયા.*

*ત્યારે તે દેવેન્દ્ર દેવરાજ શક્રે, ઉત્પન્ન થઈને૦ બાકીનું ગંગદત્તવત્ જાણવું યાવત્ અંત કરશે. વિશેષ એ કે – તેની સ્થિતિ બે સાગરોપમ છે. બાકી પૂર્વવત્. ભગવન્ ! તે એમ જ છે (૨).*

**● વિવેચન-૭૨૭ :-**

નૈગમ - વ્યાપારી, વણિક. કજ્જ-ગૃહકરણ સ્વજન સન્માન આદિ કૃત્યોમાં. કારણ - ઇષ્ટાર્થ હેતુમાં, કૃષિ પશુપોષણ વાણિજ્યાદિમાં, કુટુંબ - સંબંધ વિશેષવાળું મનુષ્યવૃંદ જેમ રાયપ્પસેણઈયમાં કહ્યું – આના દ્વાર એમ કહે છે કે – મંત્રો, ગુહ્ય, રહસ્ય, વ્યવહાર, નિશ્ચયાદિમાં. પૂછવામાં મેઢીભૂત, આહારમાં આલંબનભૂત, ઇત્યાદિ - x - x - તથા मंत्रेषु - પર્યાલોચનમાં, गुह्येषु - લજ્જાનીય વ્યવહાર ગોપવવામાં, રહસ્ય - એકાંત યોગ્ય, નિશ્ચય - ચોક્કસ નિર્ણય, આપૃચ્છનીય - પૂછવા યોગ્ય, આ શું છે ? મેઢી - ખલક મધ્યવર્તી સ્તંભ, આધારભૂત - x - x - प्रमाण - પ્રત્યક્ષાદિ પ્રમાણવત્ તેમની વાત અવિરુદ્ધ હોય. તેમજ કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કે નિવૃત્તિ કરવી. આધાર - આધેય માફક બધા કાર્યોમાં લોકોને ઉપકારી. આલંબન - દોરડાદિની માફક, આપત્તિમાં પડેલને બહાર કાઢે ચક્ષુ - લોચન, તેની માફક લોકની વિવિધ કાર્યમાં પ્રવૃત્તિ-નિવૃત્તિ વિષયક પ્રદર્શક. ઈત્યાદિ.

## ❁ શતક-૧૮, ઉદ્દેશો-૩-"માકંદીપુત્ર" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ કાર્તિકની અંતક્રિયા કહી, અહીં પૃથ્વી આદિની વિચારે છે –

**● સૂત્ર-૭૨૮ :-**

*તે કાળે, તે સમયે રાજગૃહનગર હતું, ગુણશિલક ચૈત્ય હતું. યાવત્ પર્ષદા પાછી ગઈ. - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના યાવત્ શિષ્ય માકંદિકપુત્ર નામે અનગાર, પ્રકૃતિ ભદ્રક જેમ મંડિકપુત્ર યાવત્ પર્યુપાસના કરતા આમ કહ્યું –*

*ભગવન્ ! શું કાપોતલેશ્યી પૃથ્વીકાયિક, કાપોતલેશ્યી પૃથ્વીકાયિકજીવોમાં મરીને અંતરરહિત મનુષ્ય શરીર પ્રાપ્ત કરે છે ? પછી કેવલબોધિ પામે છે ? પછી સિદ્ધ-બુદ્ધ-મુક્ત થઈ યાવત્ દુઃખોનો અંત કરે ? હા, માકંદિકપુત્ર ! યાવત્ (તે રીતે) અંત કરે છે.*

*ભગવન્ ! તે કાપોતલેશ્યી અપ્કાયિક, કાપોતલેશ્યી અપ્કાયિકથી અનંતર ઉદ્વર્તીને મનુષ્ય શરીર પામે, પછી કેવલબોધિ પામે પછી યાવત્ દુઃખનો અંત કરે ? હા, માકંદિક પુત્ર ! યાવત્ અંત કરે છે.*

*ભગવન્ ! કાપોતલેશ્યી વનસ્પતિકાયિક એ રીતે યાવત્ અંત કરે છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, કહી માકંદિકપુત્ર અણગાર શ્રમણ ભગવન્ મહાવીરને યાવત્ નમીને જ્યાં શ્રમણ નિર્ગ્રન્થો છે. ત્યાં આવે છે, આવીને શ્રમણ નિર્ગ્રન્થોને આમ કહે છે – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વીકાય પૂર્વવત્ યાવત્ અંત કરે. હે આર્યો ! કાપોતલેશ્યી અપ્કાયિક યાવત્ અંત કરે. હે કાર્યો ! કાપોતલેશ્યી વનસ્પતિકાયિક યાવત્ એ રીતે અંત કરે છે.*

*ત્યારે તે શ્રમણ નિર્ગ્રન્થો માકંદિક પુત્ર અણગારને આમ કહેતા યાવત્ પ્રરૂપતા, આ અર્થની શ્રદ્ધાદિ કરતા નથી. આ અર્થની અશ્રદ્ધા કરતા, શ્રમણ ભગવન્ મહાવીર પાસે આવ્યા. આવીને ભગવંતને વંદન, નમસ્કાર કર્યા, કરીને આમ કહ્યું – ભગવન્ ! માકંદિક પુત્ર અણગારે અમને આમ કહ્યું યાવત્ પ્રરૂપ્યું – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વીકાયિક યાવત્ અંત કરે છે, હે આર્યો ! કાપોતલેશ્યી અપ્કાયિક યાવત્ અંત કરે છે, એ રીતે વનસ્પતિકાયિક પણ યાવત્ અંત કરે છે. એ કઈ રીતે ?*

*આર્યો ! એમ સંબોધી ભગવંતે શ્રમણ-નિર્ગ્રન્થોને આમંત્રીને આમ કહ્યું – હે આર્યો ! જે માકંદિક પુત્ર અણગારે તમને એમ કહ્યું યાવત્ પ્રરૂપ્યુ કે – હે આર્યો ! કાપોતલેશ્યી પૃથ્વી-અપ્-વનસ્પતિકાય યાવત્ અંત કરે છે, આ અર્થ સત્ય છે. હે આર્યો ! હું પણ એમ જ કહું છું. હે આર્યો ! નિશ્ચિતપણે કૃષ્ણલેશ્યી પૃથ્વીકાય, કૃષ્ણલેશ્યી પૃથ્વીકાયિકથી યાવત્ દુઃખનો અંત કરે છે, એ પ્રમાણે હે આર્યો ! નીલલેશ્યી પૃથ્વીકાયિક યાવત્ અંત કરે છે. એ રીતે કાપોતલેશ્યી પણ પૃથ્વીકાયિક માફક અપ્કાયિક, વનસ્પતિકાયિક પણ જાણવા. આ અર્થ સત્ય છે. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે, એમ કહી શ્રમણ નિર્ગ્રન્થો ભગવંતને વાંદી, નમીને માકંદિક પુત્ર અણગાર પાસે ગયા, તેને વંદન, નમસ્કાર કર્યા, પછી આ અર્થને માટે સમ્યક્ વિનયપૂર્વક વારંવાર ખમાવ્યા.*

**● વિવેચન-૭૨૮ :-**

जहा मंडियपुत्ते० એમ કહીને આ સૂચવે છે - પ્રકૃતિ ઉપશાંત, પ્રકૃતિથી પાતળા ક્રોધ-માન-માયા-લોભ આદિ. અહીં પૃથ્વી, અપ્, વનસ્પતિના અનંતર ભવે મનુષ્યત્વ પ્રાપ્તિથી અંતઃક્રિયા સંભવે છે. તેઉ-વાયુમાં ન સંભવે, કેમકે તે બેમાં અનંતર ભવે માનુષત્વ અપ્રાપ્તિથી પૃથ્વી આદિ ત્રણની જ અંતક્રિયાને આશ્રીને કહેલ છે. તેજો-વાયુ કહ્યા નથી. - - અંતક્રિયા કહી, હવે અંતક્રિયામાં નિર્જરતા પુદ્ગલો કહે છે –

● સૂત્ર-૭૨૯ :-

*ત્યારે તે માકંદિકપુત્ર અણગાર ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને વંદે-નમે છે. પછી આમ પૂછ્યું — ભગવન્ ! ભાવિતાત્મા અણગાર સર્વે કર્મોને વેદતા, સર્વે કર્મોને નિર્જરતા ચરમ મરણે મરતા, સર્વ મરણે મરતા, સર્વ શરીર ત્યાગ કરતાં, ચરમ કર્મ વેદતા, ચરમ કર્મ નિર્જરતા, ચરમ શરીર છોડતા, મારણાંતિક કર્મ વેદતા-નિર્જરતા-મરતા, મારણાંતિક શરીર છોડતા, જે ચરમ નિર્જરા પુદ્‌ગલો છે, શું તે સૂક્ષ્મ કહેલ છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! શું તે પુદ્‌ગલ સમગ્ર લોકનું અવગાહન કરીને રહેલ છે ?*

*હા, માકંદિક પુત્ર ! ભાવિતાત્મા અણગારના યાવત્ (ચરમ નિર્જરા પુદ્‌ગલો) લોકને અવગાહીને રહે છે.*

*ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્ય, તે નિર્જરાપુદ્‌ગલોના અન્યત્વ અને વિવિધત્વને કંઈ પણ જાણે-દેખે ? જેમ પહેલા ઈન્દ્રિય ઉદ્દેશક (પદ)માં કહ્યું તેમ, યાવત્ વૈમાનિક યાવત્ જે તેમાં ઉપયોગયુક્ત છે, તે જાણે-દેખે અને આહારરૂપે ગ્રહે. (પણ ઉપયોગરહિત હોય તે) ન જાણે - ન દેખે. પણ તેને ગ્રહણ કરે. આ પ્રમાણે નિક્ષેપો કહેવો.*

*ભગવન્ ! શું નૈરયિકો નિર્જરાપુદ્‌ગલોને ન જાણે, ન દેખે પણ ગ્રહણ કરે. એ રીતે યાવત્ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહેવા.*

*ભગવન્! મનુષ્ય, નિર્જરા પુદ્‌ગલોને શું જાણે-દેખે-ગ્રહે કે ન જાણે-ન દેખે - ન ગ્રહે? ગૌતમ! કોઈક જાણે-દેખે-ગ્રહે. કોઈક ન જાણે. - ન દેખે - ગ્રહે. ભગવન્! એમ કેમ કહ્યું - x -? ગૌતમ! મનુષ્યો બે ભેદે છે - સંજ્ઞીભૂત, અસંજ્ઞીભૂત. તેમાં જે અસંજ્ઞીભૂત છે, તે ન જાણે - ન દેખે - ગ્રહે. જે સંજ્ઞીભૂત છે, તે બે ભેદે - ઉપયુક્ત અને અનુપયુક્ત, તેમાં જે અનુપયુક્ત છે, તે ન જાણે - ન દેખે - ગ્રહે. તેમાં જે ઉપયુક્ત છે, તે જાણે - દેખે - ગ્રહે. તેથી ગૌતમ! - x - પૂર્વવત્ કહ્યું.*

*વ્યંતર અને જ્યોતિષ્કને નૈરયિકવત્ જાણવા.*

*ભગવન્ ! વૈમાનિક, તે નિર્જરા પુદ્‌ગલોને શું જાણે ? છ પ્રશ્ન. ગૌતમ ! મનુષ્યવત્ જાણવું. વિશેષ એ કે — વૈમાનિકો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક, અમાયી-સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ૦ છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે. જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૦ છે, તે બે ભેદે - અનંતરોપપન્નક, પરંપરોપપન્નક તેમાં જે અનંતરોપપન્નક છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે. તેમાં જે પરંપરોપપન્નક છે, તે બે ભેદે - પર્યાપ્તા, અપર્યાપ્તા. તેમાં જે અપર્યાપ્તા છે. તે ન જાણે - ન જુએ - ગ્રહે. જે પર્યાપ્તા છે તે બે ભેદે - ઉપયુક્ત, અનુપયુક્ત. તેમાં જે અનુપયુક્ત છે, તે ન જાણે - ન જુએ - ગ્રહે.*

● વિવેચન-૭૨૯ :-

ભાવિતાત્મા - જ્ઞાનાદિ વડે વાસિત આત્મા. અહીં કેવલી લેવા. તેમના સર્વ



કર્મ-ભવોપગ્રાહીરૂપે - x - છે. વેદયતઃ - પ્રદેશ અને વિપાક અનુભવ વડે અનુભવતો. તેથી સર્વે કર્મ ભવોપગ્રાહી રૂપે જ આત્મપ્રદેશથી ખેરવતો. તથા સર્વાયુ પુદ્‌ગલાપેક્ષા અંતિમ મરણે મરતો, સમસ્ત ઔદારિકાદિ શરીરને છોડતો. આ જ કહે છે —

चरम कर्म्म - આયુષ્યના ચરમ સમયે વેદેલ, વેદતો અને નિર્જરતો. ચરમાયુ પુદ્‌ગલાપેક્ષાએ મરણ કરતો, ચરમાવસ્થાના શરીરને છોડતો. આ જ વાત પ્રગટ કહે છે — સર્વાયુ લક્ષણ મરણની સમીપે, આયુના ચરમ સમયે થાય તે મારણાંતિક, ભવોપગ્રાહીરૂપે વેદતો, નિર્જરતો. તથા મારણાંતિકાયુ દલિક અપેક્ષાએ મરણ કરતો, શરીર છોડતો, જે સર્વાન્તિમ નિર્જીર્ણકર્મદલિક સૂક્ષ્મ તે પુદ્‌ગલોને ભગવંત વડે પ્રજ્ઞાપેલ છે. - x - x - તેનો ઉત્તર આપે છે.

હા, માકંદિકપુત્ર૦ ઈત્યાદિ. તેને કેવલી જ જાણે. - x - છદ્મસ્થ અહીં નિરતિશય લેવા. आणत्तं - અન્યત્વ, બંને અણગાર સંબંધી જે પુદ્‌ગલો તેનો ભેદ. पाणत्तं - વર્ણાદિ કૃત્ નાનાત્વ 'ઈન્દ્રિય પદ' તે પ્રજ્ઞાપનાનું ૧૫મું પદ, તેનો ઉદ્દેશો-૧- તેમાંથી બાકીનું કહેવું. આ અર્થાતિદેશ છે. તેથી જ્યાં અહીં ''ગોયમ'' કહ્યું ત્યાં 'માકંદિક પુત્ર' એમ વાચવું કેમકે પ્રશ્ન તેણે પૂછેલ છે. તે આ છે — ન્યૂન કે તુચ્છ, ગુરુ કે લઘુ જાણે-જુએ? ગૌતમ! આ અર્થ સમર્થ નથી. કેમ? - x -ગૌતમ! દેવોમાં પણ કેટલાંક તે નિર્જરા પુદ્‌ગલોને - x - જાણે કે જુએ નહીં તેથી હે ગૌતમ! એમ કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે પુદ્‌ગલો ન જાણે - ન જુએ. હે આયુષ્યમાન્ શ્રમણો! તે પુદ્‌ગલો સૂક્ષ્મ છે.

અહીં अवम - ન્યૂન, तुच्छ - નિઃસાર, સૂત્રમાં ''દેવોમાં પણ કેટલાંક'' એમ કહ્યું — કેમકે પ્રાયઃ દેવ, મનુષ્યથી પ્રાયઃ પટુપ્રજ્ઞ હોય. દેવોમાં પણ કોઈ વિશિષ્ટ અવધિજ્ઞાન વિકલ હોય. તેઓ જો નિર્જરા પુદ્‌ગલમાં કંઈ અન્યત્વાદિ ન જાણે, તો મનુષ્ય શું જાણવાના ? પણ વિશિષ્ટ અવધિજ્ઞાનયુક્ત દેવ, જાણે તેમ સમજવું.

યાવત્ વૈમાનિક વડે ઈન્દ્રિયપદનો ઉદ્દેશો-૧-કહ્યો. તેના દ્વારા - x - ૨૪-દંડક સૂચવ્યા. ક્યાં સુધી ? ''જે ઉપયુક્ત હોય'' ત્યાં સુધી. આ દંડક છે - ભગવન્ ! નૈરયિકો શું નિર્જરા પુદ્‌ગલને જાણે-જુએ, ગ્રહણ કરે ? કે નહીં ? બાકી તો લખેલ જ છે. વિશેષ એ કે — જ્યાં आहारयंति - કહ્યું છે, ત્યાં બધે ઓજાહાર જ લેવો. તે શરીર વિશેષથી ગ્રાહ્ય છે, આહારકત્વનો સર્વત્ર-અભાવ છે. લોમાહાર અને પ્રક્ષેપાહારનો ત્વચા અને મુખના ભાવે જ ભાવ છે. - x - x -

મનુષ્ય સૂત્રમાં સંજ્ઞીભૂત વિશિષ્ટ અવધિજ્ઞાની આદિ જ ગ્રહણ કરે કે જે નિર્જરા પુદ્‌ગલો તેમના જ્ઞાનવિષયક હોય. વૈમાનિક સૂત્રમાં વૈમાનિક અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપયુક્તમાં જે વિશિષ્ટ અવધિવાળા જ જાણે. માયીમિથ્યાદૃષ્ટિ ન જાણે.

નિર્જરા પુદ્‌ગલ કહ્યા, તે 'બંધ' હોય તો થાય. માટે 'બંધ' કહે છે —

● સૂત્ર-૭૩૦ :-

*ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? હે માકંદિક પુત્ર ! બે ભેદે — દ્રવ્યબંધ, ભાવબંધ. - - ભગવન્ ! દ્રવ્યબંધ કેટલા ભેદે છે ? માકંદિકપુત્ર ! બે ભેદે - પ્રયોગબંધ, વીસ્રસાબંધ. - - ભગવન્ ! વીસ્રસાબંધ કેટલા ભેદે છે ? માકંદિક*

*પુત્ર ! બે ભેદે - સાદી વીસ્રસાબંધ, અનાદી વીસ્રસાબંધ - - ભગવન્ ! પ્રયોગબંધ કેટલા ભેદે છે ? બે - શિથિલ બંધનબંધ, ઘન બંધનબંધ.*

*ભાવબંધ, ભગવન્ ! કેટલા ભેદે છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલ પ્રકૃતિબંધ, ઉત્તર પ્રકૃતિબંધ. - - ભગવન્ ! નૈરયિકને કેટલા ભેદે ભાવબંધ છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલ પ્રકૃતિબંધ, ઉત્તર પ્રકૃતિબંધ. એ પ્રમાણે વૈમાનિક સુધી જાણવું.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા ભેદે છે ? માકંદિકપુત્ર ! બે ભેદે - મૂલપ્રકૃતિબંધ, ઉત્તરપ્રકૃતિબંધ. - - ભગવન્ ! નૈરયિકને જ્ઞાનાવરણીય કર્મનો ભાવબંધ કેટલા ભેદે છે ? માકંદિક પુત્ર ! બે ભેદે - મૂલપ્રકૃતિબંધ, ઉત્તરપ્રકૃતિબંધ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. જ્ઞાનાવરણીયના દંડક માફક અંતરાય કર્મના ભેદ કહેવા.*

● વિવેચન-૭૩૦ :-

દ્રવ્યબંધ, આગમાદિ ભેદથી અનેકવિધ છે. અહીં કેવળ ઉભય વ્યતિરિક્ત ગ્રહણ કરવો. તે દ્રવ્યથી-સ્નેહરજ્જૂ આદિ દ્રવ્યનો કે પરસ્પર બંધ તે દ્રવ્યબંધ. ભાવબંધ, આગમાદિ ભેદથી બે પ્રકારે - તે અહીં નોઆગમથી ગ્રહણ કરવો. તેમાં ભાવથી - મિથ્યાત્વાદિ ભવ અથવા ઉપયોગભાવથી અવ્યતિરેકથી જીવનો બંધ. પ્રયોગબંધ - જીવપ્રયોગ વડે દ્રવ્યોનું બંધન. વિસ્રસા એટલે સ્વભાવથી. સાદિ વિસ્રસાબંધ - વાદળોનો, અનાદિ વિસ્રસાબંધ - ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયાદિનો. શિથિલબંધન - ઘાસના પૂળાદિનો, ઘનવિસ્રસાબંધ-રથ ચક્રાદિનો. - - કર્માધિકારથી આ કહે છે –

● સૂત્ર-૭૩૧ :-

*ભગવન્ ! જીવે પાપકર્મ કર્યુ છે યાવત્ કરશે, તેમાં પરસ્પર કોઈ ભેદ છે ? હા, છે. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - ? માકંદિકપુત્ર ! જેમ કોઈ પુરુષ ધનુષ્યને ગ્રહણ કરે, પછી બાણ ગ્રહણ કરે, સ્થાનથી ઉભો રહે બાણને કાન સુધી ખેંચે, તે બાણને ઉંચે આકાશમાં ફેંકે, તો હે માકંદિકપુત્ર ! આકાશમાં ફેંકેલ તે બાણના કંપનમાં ભેદ છે યાવત્ તે તે ભાવે પરિણમન કરે તેમાં ભેદ છે ? હા, ભગવન્ ! તેના કંપનમાં યાવત્ પરિણમનમાં પણ ભેદ છે. હે માકંદિકપુત્ર ! તેથી કહ્યું કે યાવત્ તેમાં ભેદ છે.*

*નૈરયિકો જે પાપકર્મ કરે છે ? પૂર્વવત્ યાવત્ વૈમાનિકમાં છે.*

● વિવેચન-૭૩૧ :-

एयइ - કંપે છે. - x - नानात्वं - અકંપન અવસ્થા અપેક્ષાએ ભેદ. યાવત્ શબ્દથી વિશેષ કંપે છે આદિ જાણવું - જેમ બાણને ઉંચે ફેંકતા કંપનાદિથી ભેદ છે, એ પ્રમાણે કર્મના કૃતત્વ, ક્રિયમાણત્વ અને કરિષ્યમાણત્વરૂપ તીવ્ર-મંદ પરિણામ ભેદથી, તેને અનુરૂપ કાર્યકારિત્વરૂપ ભેદો જાણવા. - - અનંતર કર્મ કહ્યા. તે પુદ્ગલ રૂપ છે તેથી પુદ્ગલ –



● સૂત્ર-૭૩૨ :-

*ભગવન્ ! નૈરયિકો, જે પુદ્ગલો આહારપણે ગ્રહણ કરે છે, ભગવન્ ! તે પુદ્ગલોનો કેટલો ભાગ ભાવિકાળમાં આહારરૂપે ગૃહિત થાય છે. કેટલો ભાગ નિર્જરે છે ? માકંદિક પુત્ર ! અસંખ્યાતમો ભાગ આહાર કરે છે, અનંત ભાગ નિર્જરે છે (છોડે છે.) - - ભગવન્ ! કોઈ જીવ તે નિર્જરા પુદ્ગલોમાં બેસવા યાવત્ સુવા માટે સમર્થ છે ? ના, તે અર્થ સમર્થ નથી. આ પુદ્ગલો અનાધાર રૂપ કહ્યા છે. વૈમાનિક સુધી આમ કહેવું.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૩૨ :-

सेयकालंसि - ગ્રહણ પછીના ભવિષ્યકાળે. ગૃહીત પુદ્ગલના અસંખ્યાતમા ભાગે આહાર કરે છે, ગૃહીતનો જ અનંતભાગ મૂત્રાદિવત્ છોડે છે. चक्किय - સમર્થ છે ? જેના વડે આધાર કરાય તે આધરણ, તેનો નિષેધ અનાધારણ - આધાર આપવાને સમર્થ. આમ જિનેશ્વરે કહ્યું છે.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૪-“પ્રાણાતિપાત” ❀

–– x –– x –– x –– x –– x –– x ––

૦ ઉદ્દેશા-૩-ને અંતે નિર્જરા પુદ્ગલમાં બેસવું આદિ પદથી અર્થ થકી પરિભોગ વિચાર્યો. અહીં પ્રાણાતિપાતાદિ વિચારે છે –

● સૂત્ર-૭૩૩ થી ૭૩૫ :-

*[૭૩૩] તે કાળે, તે સમયે રાજગૃહમાં યાવત્ ગૌતમસ્વામીએ આમ પૂછ્યું – ભગવન્ ! પ્રાણાતિપાત, મૃષાવાદ, યાવત્ મિથ્યાદર્શનશલ્ય અને પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિરમણ, પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, ધર્માસ્તિકાય-અધર્માસ્તિકાય-આકાશાસ્તિકાય - શરીરરહિત જીવ - પરમાણુપુદ્ગલ, શૈલેશીપ્રતિપન્ન અણગાર અને સર્વે બાદર બોંદિધર કલેવર, આ બધાં બે પ્રકારે છે - જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્ય. ભગવન્ ! શું આ બધાં જીવના પરિભોગમાં આવે ?*

*ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ આ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય કેટલાંક જીવોને પરિભોગપણે જલ્દી આવે છે, કેટલાંક જીવોને યાવત્ નથી આવતા. - - ભગવન્ ! એમ કેમ કહો છો - x - ?*

*ગૌતમ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય, પૃથ્વીકાયિક યાવત્ વનસ્પતિકાયિક, બધાં બાદર બોંદિધર કલેવર, આ બધાં જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય બે ભેદે છે, તે જીવના પરિભોગમાં જલ્દી આવે છે. પણ પ્રાણાતિપાત વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય યાવત્ પરમાણુ પુદ્ગલ શૈલેશી પ્રતિપન્ન અણગાર. આ બધાં જીવદ્રવ્ય-અજીવદ્રવ્ય બે ભેદે છે, તે જીવના પરિભોગમાં જલ્દી નથી આવતા, તેથી એમ કહ્યું કે યાવત્ જલ્દી આવતા નથી.*

*[૭૩૪] ભગવન્ ! કષાય કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. અહીં*

*કષાયપદ સંપૂર્ણ કહેવું યાવત્ લોભથી નિર્જરશે.*

*ભગવન્ ! યુગ્મ કેટલા છે ? ગૌતમ ! ચાર યુગ્મ છે - કૃતયુગ્મ, ત્ર્યોજ, દ્વાપરયુગ્મ, કલ્યોજ. - - ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે રાશિ ચતુષ્કથી અપહાર કરતા શેષ ચાર રહે, તે કૃતયુગ્મ. જેમાં રાશી ચતુષ્કથી અપહાર કરતા શેષ ત્રણ રહે તે ત્ર્યોજ, જેમાં રાશી ચતુષ્ક અપહાર કરતા શેષ બે રહે, તે દ્વાપરયુગ્મ, જેમાં રાશી ચતુષ્ક અપહાર કરતા એક શેષ વધે. તે કલ્યોજ છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું યાવત્ કલ્યોજ.*

*ભગવન્ ! નૈરયિક, શું કૃતયુગ્મ કે યાવત્ કલ્યોજ છે ? ગૌતમ ! જઘન્યપદમાં કૃતયુગ્મ, ઉત્કૃષ્ટપદમાં ત્ર્યોજ, અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચિત્ કૃતયુગ્મ યાવત્ કલ્યોજ છે. સ્તનીતકુમાર સુધી કહેવું.*

*વનસ્પતિકાયિકની પૃચ્છા. ગૌતમ ! જઘન્ય અને ઉત્કૃષ્ટ પદમાં અપદ છે. અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચ કૃતયુગ્મ યાવત્ કલ્યોજ.*

*બેઈન્દ્રિયની પૃચ્છા. ગૌતમ ! જઘન્યપદે કૃતયુગ્મ, ઉત્કૃષ્ટ પદે દ્વાપરયુગ્મ, અજઘન્યોત્કૃષ્ટ પદમાં કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. એ પ્રમાણે યાવત્ ચતુરિન્દ્રિય શેષ એકેન્દ્રિયો, બેઈન્દ્રિયવત્ કહેવા. પંચેન્દ્રિય તિર્યંચયોનિક યાવત્ વૈમાનિક, નૈરયિકવત્ કહેવા. સિદ્ધો, વનસ્પતિકાયિક માફક કહેવા.*

*ભગવન્ ! સ્ત્રીઓ શું કૃતયુગ્મ છે ? પ્રશ્ન. ગૌતમ ! જઘન્ય પદે કૃતયુગ્મ, ઉત્કૃષ્ટપદે કદાચ કૃતયુગ્મ, અજઘન્યોત્કૃષ્ટપદે કદાચ કૃતયુગ્મ યાવત્ કદાચ કલ્યોજ. આ પ્રમાણે અસુરકુમારની સ્ત્રીઓ યાવત્ સ્તનિતકુમારની સ્ત્રીઓ જાણવી. એ પ્રમાણે તિર્યંચયોનિક સ્ત્રીઓ અને માનુષી સ્ત્રીઓ, એ પ્રમાણે યાવત્ વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક દેવી જાણવી.*

*[૭૩૫] ભગવન્ ! જેટલા અલ્પાયુવાળા અંધકવૃષ્ણી ભવ છે તેટલાં જ ઉત્કૃષ્ટાયુવાળા અંધકવૃષ્ણી જીવ છે ? હાં, ગૌતમ ! જેટલા અલ્પ આયુવાળા અંધકવૃષ્ણી જીવ છે, તેટલા ઉત્કૃષ્ટ૦ વાળા છે. ભગવન્ ! તેમજ છે.*

**● વિવેચન-૭૩૩ થી ૭૩૫ :-**

असरीरपडिबद्ध - સર્વ શરીર ત્યજેલ જીવ, बायरबोंदिधरा कलेवर - સ્થૂલાકાર ધારી, સૂક્ષ્મ નહીં નિશ્ચેતન દેહ અથવા બાદરાકારધારી કડેવરથી અવ્યતિરેકથી. કડેવર એટલે બેઈન્દ્રિયાદિ જીવો.

આ પ્રાણાતિપાતાદિ સામાન્યથી બે ભેદે છે, પ્રત્યેક નહીં. તેમાં પૃથ્વીકાયાદિ જીવ દ્રવ્યો છે, પ્રાણાતિપાતાદિ જીવદ્રવ્યો નથી, તેના ધર્મો છે. તેથી અજીવદ્રવ્યો ધર્માસ્તિકાયાદિ - x - છે. જીવોના પરિભોગમાં આવે છે અર્થાત્ જીવો વડે ભોગવાય છે. તેમાં પ્રાણાતિપાતાદિ જ્યારે કરે, ત્યારે તેને પ્રવૃત્તિરૂપે સેવે છે, તેથી તેનો પરિભોગ છે અથવા ચારિત્રમોહનીય કર્મદલિક ભોગહેતુથી તેમના ચારિત્ર મોહાનુભોગ તે પ્રાણાતિપાતાદિ પરિભોગ કહેવાય. પૃથ્વી આદિનો પરિભોગ ગમન-શોચનાદિ વડે છે.



પ્રાણાતિપાતાવિરમણાદિનો પરિભોગ નથી, વધાદિ વિરતિરૂપત્વથી, તેમના જીવસ્વરૂપત્વથી છે. ધર્માસ્તિકાયાદિનો - x - x - તેના અનુપયોગથી પરિભોગ નથી. પરિભોગ કષાયથી થાય, તેથી કષાય —

કષાય પદ પ્રજ્ઞાપનાનું ૧૪-મું પદ છે. તે આ રીતે — ક્રોધ કષાય, માનકષાય, માયાકષાય, લોભકષાય ઈત્યાદિ - x - x -

અહીં નારકાદિને આઠે કર્મો ઉદયમાં વર્તે છે. ઉદયવર્તીનું અવશ્ય નિર્જરણ થાય. તેઓ કષાયોદયવર્તી છે, તેથી કષાયોદયે કર્મ નિર્જરાના ભાવથી ક્રોધાદિ વડે વૈમાનિકના આઠ કર્મોની નિર્જરા કહી છે.

અનંતર કષાય નિરૂપણ કર્યુ. તે ચાર સંખ્યાથી કૃતયુગ્મ લક્ષણ સંખ્યા વિશેષ કહેવા. તેથી હવે યુગ્મ સ્વરૂપ પ્રતિપાદન કરે છે —

ગણિત પરિભાષાથી સમરાશિને યુગ્મ કહે છે. વિષમને ઓજ કહે છે. અહીં બે રાશીને યુગ્મ, બે રાશીને ઓજ શબ્દથી કહેવી. - x - ચારે યુગ્મ તે રાશી છે. તેમાં कडजुम्म - કૃત એટલે સિદ્ધ, પૂર્ણ. પછી બીજી રાશિ-સંજ્ઞાતર અભાવે, ઓજ વગેરેવત્ અપૂર્ણ છે જે તે યુગ્મ-સમરાશિ વિશેષ તે કૃતયુગ્મ. ત્ર્યોજ-ત્રણ વગેરેથી જ કૃતયુગ્મથી કે ઉપરિવર્તી વડે ઓજ-વિષમ રાશિ વિશેષ તે ત્ર્યોજ. બે આદિથી જ કૃત્યુગ્મથી ઉપરીવર્તી જે બીજું યુગ્મ તે દ્વાપરયુગ્મ. કલ્યોજ - એકાદિ, ઓજ-વિષમરાશિ વિશેષ, તે કલ્યોજ.

જે રાશિ ચતુષ્કથી અપહાર દ્વારા અપહાર કરાતા ચાર શેષ વધે તે કૃતયુગ્મ કહેવાય છે. જે રાશિમાં 'ચાર'પણાથી ચતુષ્ક અપહાર નથી, તે પણ 'ચાર' અંતપણાના સદ્ભાવથી કૃતયુગ્મ જ છે.

અનંતર કૃતયુગ્માદિ રાશિ પ્રરૂપી. હવે તેના વડે જ નારકાદિને પ્રરૂપતા કહે છે — અત્યંત અલ્પપણાથી જઘન્યપદમાં કૃતયુગ્મસંજ્ઞિત. સર્વોત્કૃષ્ટતામાં ત્ર્યોજ સંજ્ઞિત, મધ્યમ પદમાં ચારે છે. આ બધું આજ્ઞા પ્રામાણ્યથી જાણવું. વનસ્પતિકાયિક જઘન્યોત્કૃષ્ટ પદે 'અપદ' છે. કેમકે તેનો અભાવ છે. નારકાદિને કાલાંતરે પણ જે જઘન્યોત્કૃષ્ટ પદ પ્રાપ્ત થતું નથી, તેમ વનસ્પતિમાં પણ જાણવું. તેઓના પરંપરાથી સિદ્ધિગમન વડે, તે રાશિ અનંતત્વના અપરિત્યાગથી અનિયતરૂપથી આમ કહ્યું. - x - x -

જીવ પરિણામ અધિકારથી આ કહે છે — वर - અર્વાક્ ભાગવર્તી, આયુષ્યની અપેક્ષાએ અલ્પાયુષ્ક. अंधगवण्हि - अंह्रिप - વૃક્ષ, તેનો આશ્રય કરીને રહેતો અગ્નિ અર્થાત્ બાદર તેજસ્કાયિક, બીજા કહે છે - अंधक - અપ્રકાશક, સૂક્ષ્મનામકર્મો-દયાદિથી, વહ્નિ એટલે અગ્નિ અર્થાત્ સૂક્ષ્મ અગ્નિકાયિક જીવ. तावइय - તેટલા પરિમાણમાં, पर - પ્રકૃષ્ટ, સ્થિતિથી દીર્ઘાયુષ્ય.

## ❀ શતક-૧૮, ઉદ્દેશ-૫-"અસુરકુમાર" ❀

— x — x — x — x — x — x —

૦ ચોથા ઉદ્દેશકને અંતે તેઉકાયની વક્તવ્યતા કહી, તે ભાસ્વર જીવો છે. તેથી અહીં ભાસ્વરજીવ વિશેષ વક્તવ્યતા કહે છે —

● સૂત્ર-૭૩૬ :-

*ભગવન્ ! બે અસુરકુમાર દેવ, એક જ અસુરકુમારાવાસમાં અસુરકુમાર દેવરૂપે ઉત્પન્ન થયા. તેમાં એક અસુરકુમાર દેવ પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતો, બીજો અસુરકુમાર દેવ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ ન હતો. હે ભગવન્ ! આવું કેમ હોય ?*

*ગૌતમ ! અસુરકુમાર દેવો બે ભેદે છે - વૈક્રિયશરીરી અને અવૈક્રિય શરીરી. તેમાં જે વૈક્રિયશરીરી અસુરકુમાર દેવ છે, તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે, જે અવૈક્રિય શરીરી અસુરકુમાર દેવ છે, તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી. - - ભગવન્ ! આવું કેમ કહો છો ?*

*ગૌતમ ! જેમ, આ મનુષ્યલોકમાં કોઈ બે પુરુષ હોય, તેમાંથી એક પુરુષ અલંકૃત્, વિભૂષિત હોય અને એક પુરુષ અલંકૃત્, વિભૂષિત ન હોય. ગૌતમ ! આ બંને પુરુષોમાં કયો પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે અને કયો પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી, જે પુરુષ અલંકૃત્ અને વિભૂષિત છે તે કે અલંકૃત્, વિભૂષિત નથી તે ? - - ભગવન્ ! તેમાં જે પુરુષ અલંકૃત્ અને વિભૂષિત છે, તે પુરુષ પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ છે, જે અલંકૃત્, વિભૂષિત નથી તે પ્રાસાદીય યાવત્ પ્રતિરૂપ નથી, તેથી આમ કહ્યું.*

*ભગવન્ ! બે નાગકુમાર દેવો છે, એક નાગકુમાર૦ ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ સ્તનિતકુમાર. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક આમ જ છે.*

● વિવેચન-૭૩૬ :-

वेउव्वियसरीर - વિભૂષિત શરીર. - x - x -

● સૂત્ર-૭૩૭ :-

*ભગવન્ ! બે નૈરયિક, એક જ નરકાવાસમાં નૈરયિકપણે ઉત્પન્ન થયા, તેમાં એક નૈરયિક મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો છે અને એક નૈરયિક અલ્પકર્મવાળો યાવત્ અલ્પ વેદનાવાળો છે. આમ કેમ ?*

*ગૌતમ ! નૈરયિક બે ભેદે છે - માયીમિથ્યાદૅષ્ટિ ઉપપન્નક, અમાયી સમ્યક્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયીમિથ્યાદૃષ્ટિ૦ છે તે નૈરયિક મહાકર્મવાળો યાવત્ મહાવેદનાવાળો છે, તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૦ નૈરયિક અલ્પકર્મવાળા યાવત્ અલ્પ વેદનાવાળા છે.*

*ભગવન્ ! બે અસુરકુમાર ? પૂર્વવત્. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિય વર્જીને વૈમાનિક સુધી કહેવું.*

● વિવેચન-૭૩૭ :-

'મહાકર્મવાળા' અહીં યાવત્ શબ્દથી મહાક્રિયાવાળા, મહાઆશ્રવવાળા જાણવું. અહીં એકેન્દ્રિયાદિ વર્જન કર્યુ કેમકે તેમાં માયી૦ અમાયી૦ વિશેષણ યોજાતું નથી. - - નારકાદિ વક્તવ્યતા કહી, તે આયુષ્ક પ્રતિસંવેદનાવાળા છે. તેથી આયુ કથન —





● સૂત્ર-૭૩૮,૭૩૯ :-

*[૭૩૮] ભગવન્ ! નૈરયિક, અનંતર ઉદ્વર્તીને જે પંચેન્દ્રિય તિર્યંચયોનિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, ભગવન્ ! તે કયુ આયુ સંવેદે છે ?*

*ગૌતમ ! તે નૈરયિકાયુ પ્રતિસંવેદે છે અને પંચેન્દ્રિય તિર્યંચાયુને સન્મુખ કરીને રહે છે. આ પ્રમાણે મનુષ્યમાં પણ જાણવું. વિશેષ એ કે — તે મનુષ્યાયુને સન્મુખ કરીને રહે છે.*

*ભગવન્ ! અસુરકુમાર ઉદ્વર્તીને અનંતર જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે ? પ્રશ્ન. ગૌતમ ! તે અસુરકુમારાયુ પ્રતિસંવેદે છે અને પૃથ્વીકાયિકાયુને સન્મુખ કરીને રહે છે - - એ પ્રમાણે જે જેમાં ઉત્પન્ન થવાને યોગ્ય હોય, તેને સન્મુખ કરીને રહે છે અને જ્યાં રહ્યો હોય, તે આયુને પ્રતિસંવેદે છે. આમ વૈમાનિક સુધી જાણવું. વિશેષ એ કે - પૃથ્વીકાયિક જે પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે પૃથ્વીકાયિકાયુ પ્રતિસંવેદે છે અને અન્ય પૃથ્વીકાયિકાયુને ઉદયાભિમુખ કરીને રહે છે. આ પ્રમાણે યાવત્ મનુષ્ય સ્વસ્થાનમાં ઉત્પાદ કહેવો. પરસ્થાને પૂર્વવત્.*

*[૭૩૯] ભગવન્ ! બે અસુરકુમારો એક અસુરકુમારાવાસમાં અસુરકુમાર દેવપણે ઉપજ્યા. તેમાં એક અસુરકુમાર દેવ - "હું ઋજુરૂપથી વિકુર્વણા કરીશ", એમ વિચારે. તે ઋજુરૂપ વિકુર્વે. જો વક્રરૂપ વિકુર્વવાને ઈચ્છે તો વક્રરૂપ વિકુર્વે. તે જે રૂપ વિકુર્વવા ઈચ્છે, તેવું વિકુર્વે. (જ્યારે) બીજો અસુરકુમાર દેવ ઋજુરૂપ વિકુર્વવા ઈચ્છે, તો વક્રરૂપ વિકુર્વી દે અને વક્રરૂપ વિકુર્વવા ઈચ્છે તો ઋજુરૂપ વિકુર્વી દે, જ્યાં જે ઈચ્છે, ત્યાં તેવું રૂપ વિકુર્વી શકતો નથી.*

*ભગવન્ ! આવું કેમ બને ? ગૌતમ ! અસુરકુમાર દેવો બે ભેદે છે - માયી મિથ્યાદૃષ્ટિ ઉપપન્નક અને અમાયી સમ્યગ્દૃષ્ટિ ઉપપન્નક. તેમાં જે માયી મિથ્યાદૃષ્ટિ૦ અસુરકુમાર દેવ છે, તે ઋજુ વિકુર્વવા જતાં વક્ર રૂપ વિકુર્વે છે, યાવત્ તે રૂપે વિકુર્વી શકતો નથી. તેમાં જે અમાયી સમ્યગ્દૃષ્ટિ૦ અસુરકુમાર દેવ છે, તે ઋજુ રૂપ વિકુર્વવા ઈચ્છતાં ઋજુ જ વિકુર્વે યાવત્ તે વિકુર્વે.*

*ભગવન્ ! બે નાગકુમારો૦ ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક જાણવા. ભગવન્ ! તેમજ છે.*

● વિવેચન-૭૩૮,૭૩૯ :-

નૈરયિકાદિ વ્યક્ત જ છે. - - પૂર્વે આયુ પ્રતિસંવેદના કહી. હવે તેની વિશેષ વક્તવ્યતા કહે છે — ભગવન્ ! બે અસુરકુમારાદિ૦ *[અહીં વૃત્તિ સ્વયં સ્પષ્ટ છે, કોઈ વિશેષતા નથી, માટે નોંધેલ નથી.]*

## ❀ શતક-૧૮, ઉદ્દેશ-૬-"ગુડવર્ણાદિ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં અસુરાદિની સચેતનની અનેક સ્વભાવતા કહી, છઠ્ઠામાં ગોળ-આદિ અચેતન-સચેતનની વિચારાય છે —

● **સૂત્ર-૭૪૦ :-**

*ભગવન્ ! ફાણિત ગોળ કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળો ? ગૌતમ ! આ વિષયમાં બે નયો છે — નિશ્ચયનય, વ્યવહારિકનય. વ્યવહારિક નયથી ફાણિત ગોળ મધુર રસવાળો છે, નૈશ્ચયિક નયથી ગોળ પાંચ વર્ણ, બે ગંધ, પાંચ રસ અને આઠ સ્પર્શવાળો છે.*

*ભગવન્ ! ભ્રમર કેટલા વર્ણાદિથી છે ? ગૌતમ ! અહીં બે નય છે — નિશ્ચયનય, વ્યવહારનય. વ્યવહારનયથી ભ્રમર કાળો છે, નિશ્ચય નયથી પાંચવર્ણ યાવત્ આઠ સ્પર્શવાળો છે.*

*ભગવન્! પોપટની પાંખ કેટલા વર્ણાદિયુક્ત છે? પૂર્વવત્. વિશેષ આ — વ્યવહાર નયથી પોપટની પાંખ લીલી છે. નિશ્ચય નયથી પાંચવર્ણનો છે. બાકી પૂર્વવત્. - - આ રીતે આ અભિલાપથી મજીઠ લાલ છે, હળદર પીળી છે, શંખ શ્વેત છે, કોષ્ઠ સુરભિગંધ નથી. મૃતકશરીર દુરભિગંધ છે, લીંમડો કડવો છે, સુંઠ તીખી છે, કપિત્થ કાષાયિક છે, આંબલી ખાટી છે, ખાંડ મધુર છે, વજ કર્કશ છે, માખણ મૃદુ છે, લોઢું ભારે છે, ઉલુકપત્ર હલ્કા છે, હિમ શીત છે, અગ્નિકાય ઉષ્ણ છે, તેલ સ્નિગ્ધ છે. - - - ભગવન્! રાખ? પ્રશ્ન. ગૌતમ! એમાં બે નય છે. - x - વ્યવહારથી રુક્ષ, નિશ્ચયથી પાંચ વર્ણ યાવત્ આઠ સ્પર્શવાળી છે.*

● **વિવેચન-૭૪૦ :-**

फाणियगुल - ઢીલો ગોળ, गोड्डु - ગૌલ્ય-મધુર રસ સહિત. ववहार - લોક પ્રસિદ્ધ વ્યવહાર, - x - નિશ્ચયથી પંચવર્ણી પરમાણુ હોય.

● **સૂત્ર-૭૪૧ :-**

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ કેટલા વર્ણ યાવત્ સ્પર્શવાળા છે ? ગૌતમ ! એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ. - - ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિનો છે ? ગૌતમ ! કદાચ એક વર્ણ-કદાચ બે વર્ણ. કદાચ એક ગંધ-કદાચ બે, કદાચ એક રસ- કદાચ બે, કદાચ બે સ્પર્શ-કદાચ ત્રણ - કદાચ ચાર સ્પર્શ. એ રીતે ત્રિપ્રદેશિક સ્કંધ પણ જાણવું. વિશેષ એ કે - કદાચ એક વર્ણ - બે વર્ણ કે ત્રણ વર્ણ, એ પ્રમાણે રસાદિમાં પણ જાણવું. બાકી બધું દ્વિપ્રદેશિક સ્કંધ મુજબ જાણવું. એ પ્રમાણે ચતુ પ્રદેશિક સ્કંધ છે. વિશેષ એ કે - કદાચ એક વર્ણ યાવત્ ચાર વર્ણ, બાકી પૂર્વવત્ એ પ્રમાણે પંચપ્રદેશિક સ્કંધ જાણવો વિશેષ એ કે - કદાચ એકવર્ણ યાવત્ પાંચ વર્ણ, એ પ્રમાણે રસાદિમાં પણ જાણવું. ગંધ-સ્પર્શ તે મુજબ જ. પંચપ્રદેશિક કહ્યો એ રીતે યાવત્ અસંખ્યપ્રદેશિક સ્કંધ કહેવો.*

*ભગવન્ ! સૂક્ષ્મ પરિણત અનંતપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? પૂર્વવત્ બધું કહેવું. - - ભગવન્ ! બાદર પરિણત અનંત પ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? ગૌતમ ! કદાચ એક વર્ણ યાવત્ પંચવર્ણ, કદાચ એક કે બે ગંધ, કદાચ એક યાવત્ પાંચ રસ, કદાચ ચાર સ્પર્શ યાવત્ આઠ સ્પર્શવાળો છે.*



● **વિવેચન-૭૪૧ :-**

અહીં વર્ણ-ગંધ-રસમાં ક્રમશઃ પાંચ-બે-પાંચ ભેદો છે. બે સ્પર્શ :- સ્નિગ્ધ-રૂક્ષ, શીત-ઉષ્ણ, એમ પરસ્પર અવિરુદ્ધ સ્પર્શયુક્ત. અહીં ચાર વિકલ્પ થશે. શીત-સ્નિગ્ધ, ઉષ્ણ-રૂક્ષ.

દ્વિપ્રદેશિક - બંને પ્રદેશના એક વર્ણથી એક વર્ણી, અહીં પાંચ વિકલ્પો છે. પ્રત્યેક પ્રદેશ વર્ણાન્તરના ભાવથી બે વર્ણ હોય. અહીં દશ ભેદો થશે. એ પ્રમાણે ગંધાદિમાં જાણવું. બે સ્પર્શ - બે પ્રદેશના શીત-સ્નિગ્ધત્વ આદિ ભાવથી, અહીં ચાર વિકલ્પો થાય. કદાચ ત્રણ સ્પર્શ-અહીં ચાર વિકલ્પ, તેમાં બંને પ્રદેશના શીત ભાવથી, એકનો સ્નિગ્ધ ભાવ - બીજાનો રૂક્ષ ભાવ, ઈત્યાદિ - x - x - આ જ ન્યાયે બે પ્રદેશના રૂક્ષ ભાવથી ચાર વિકલ્પો. અહીં દેશથી શીત, દેશથી ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ વચનથી. - x -

સૂક્ષ્મ પરિણામ૦ આદિ અનંતપ્રદેશિક બાદર પરિણામી સ્કંધ પણ હોય, બે અણુ આદિ તો સૂક્ષ્મ પરિણામ જ છે, તેથી અનંતપ્રદેશી સ્કંધ સૂક્ષ્મ પરિણામત્વથી વિશેષિત કર્યો. તેમાં આદ્ય ચાર સ્પર્શો સૂક્ષ્મ, બાદર અને અનંતપ્રદેશિક સ્કંધમાં હોય છે. - મૃદુ, કઠિન, ગુરુ અને લઘુ.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૭-''કેવલી'' ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશો-૬-માં નયવાદી મતને આશ્રીને વસ્તુ વિચારી, સાતમાં અન્યતીર્થિક મત આશ્રીને તે વિચારીએ છીએ —

● **સૂત્ર-૭૪૨ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ પ્રરૂપે છે - કેવલી યક્ષાવેશથી આવિષ્ટ હોય ત્યારે બે ભાષાઓ બોલે છે - મૃષા, સત્યામૃષા. ભગવન્ ! એ કેવી રીતે બને ? ગૌતમ ! જે અન્યતીર્થિકો આમ કહે છે યાવત્ તે મિથ્યા કહે છે, ગૌતમ ! હું એમ કહું છું કે — કેવલી યક્ષાવેશથી આવિષ્ટ થતાં નથી. કેવલી યક્ષાવેશથી આવિષ્ટ થઈને મૃષા કે સત્યામૃષા ભાષા બોલતા નથી. કેવલી અસાવદ્ય, અપરોપઘાતિક એવી બે ભાષા બોલે — સત્ય, અસત્યા-અમૃષા.*

● **વિવેચન-૭૪૨ :-**

जक्खाएसेणं - દેવના આવેશથી અધિષ્ઠીત. કેવલી અનંત વીર્યવાળા હોવાથી યક્ષાવેશથી આવિષ્ટ ન થાય. अण्णातिट्ठ - પરવશીકૃત્. સત્યાદિ બે ભાષા બોલતા કેવલી ઉપધિ, પરિગ્રહ, પ્રણિધાનાદિ વસ્તુ ભાખે —

● **સૂત્ર-૭૪૩ :-**

*ભગવન્ ! ઉપધિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - કર્મોપધિ, શરીરોપધિ, બાહ્ય ભાંડ માત્રોપકરણ ઉપધિ. - - ભગવન્ ! નૈરયિકો વિશે પ્રશ્ન - ગૌતમ ! બે ભેદે ઉપધિ છે — કર્મોપધિ, શરીરોપધિ. એકેન્દ્રિયોને છોડીને*

*વૈમાનિક પર્યન્ત બાકી બધાંને ત્રણ પ્રકારે ઉપધિ છે. એકેન્દ્રિયોને બે ભેદે ઉપધિ છે તે આ - કર્મોપધિ અને શરીરોપધિ.*

*ભગવન્ ! ઉપધિ કેટલા ભેદે છે ? ત્રણ ભેદે - સચિત, અચિત, મિશ્ર. એ પ્રમાણે નૈરયિકની પણ છે, એ રીતે વૈમાનિક સુધી બધું કહેવું.*

*ભગવન્ ! પરિગ્રહ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. - કર્મ પરિગ્રહ, શરીર પરિગ્રહ, બાહ્ય ભાંડ માત્રોપકરણ પરિગ્રહ. - - ભગવન્ ! નૈરયિકોને ? ઉપધિની માફક પરિગ્રહના પણ બે દંડકો કહેવા.*

*ભગવન્ ! પ્રણિધાન કેટલાં ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - મનપ્રણિધાન, વચનપ્રણિધાન, કાયપ્રણિધાન. - - ભગવન્ ! નૈરયિકોને કેટલા ભેદે પ્રણિધાન છે ? પૂર્વવત્ યાવત્ સ્તનિતકુમાર. પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! એક જ કાય પ્રણિધાન. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી છે. બેઈન્દ્રિયોની પૃચ્છા. ગૌતમ ! બે પ્રણિધાન-વચન પ્રણિધાન, કાયપ્રણિધાન. એ પ્રમાણે ચતુરિન્દ્રિય સુધી કહેવું. બાકીના વૈમાનિક સુધીનાને ત્રણ પ્રણિધાન છે.*

*ભગવન્ ! દુષ્પ્રણિધાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે - મનઃદુષ્પ્રણિધાનાદિ, પ્રણિધાનમાં કહ્યા મુજબ દંડક અહીં પણ કહેવા.*

*ભગવન્ ! સુપ્રણિધાન કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે - મનઃસુપ્રણિધાન, વચનસુપ્રણિધાન, કાયસુપ્રણિધાન. ભગવન્ ! મનુષ્યને કેટલાં સુપ્રણિધાન છે ? પૂર્વવત્. વૈમાનિક સુધી આમ કહેવું.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે ત્યારપછી શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ બાહ્ય જનપદમાં વિચરે છે.*

● વિવેચન-૭૪૩ :-

ઉપધિ - જેનાથી આત્મા શુભાશુભગતિમાં સ્થિર કરાય તે. बाहिरभंडमत्त० બાહ્ય-કર્મ, શરીર સિવાયના. જે ભાંડ-માત્ર-ઉપકરણ તે રૂપ ઉપધિ, તે. તેમાં ભાંડ-માત્ર વાસણરૂપ છે. ઉપકરણ-વસ્ત્રાદિ એકેન્દ્રિયોને ભાંડ-માત્ર ન હોય. તેમના સિવાયના જીવાતે ત્રિવિધ ઉપધિ છે.

सच्चित्त - શરીરાદિ સચિત્ત દ્રવ્યો, એ પ્રમાણે નૈરયિકોને પણ એમ કહીને આમ સૂચવે છે — ભગવન્ ! નૈરયિકોને કેટલી ઉપધિ છે ? ગૌતમ ! ત્રણ ભેદે — સચિત્ત, અચિત્ત, મિશ્ર. નારકોની સચિત્ત ઉપધિ, તે શરીર. અચિત્ત તે ઉત્પત્તિ સ્થાન, મિશ્ર-ઉચ્છ્વાસાદિ પુદ્ગલ યુક્ત શરીર જ, તેનાં સચેતન-અચેતનત્વથી મિશ્રરૂપે છે.

પરિગ્રહણ કરાય તે પરિગ્રહ. ઉપધિ અને પરિગ્રહમાં શો ભેદ ? જે ઉપકારક છે તે ઉપધિ, મમત્ત્વબુદ્ધિથી ગ્રહણ કરાય તે પરિગ્રહ.

પણિહાણ-મન વગેરેનું પ્રકર્ષથી નિશ્ચિત વિષયમાં આલંબન. કેવલી ભાષિત અર્થમાં વિપ્રતિપદ્યમાન અહંવાદીનો નિરાસ કરતું ચરિત્ર —

● સૂત્ર-૭૪૪ થી ૭૪૮ :-

*[૭૪૪] તે કાળે, તે સમયે રાજગૃહનગર, ગુણશીલ ચૈત્ય, યાવત્*



*પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્યથી કંઈક સમીપ ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા. તે આ પ્રમાણે છે — કાલોદાયી, શૈલોદાયી૦ આદિ શતક-૭-માં અન્યતીર્થિકોદ્દેશકમાં કહ્યા મુજબ યાવત્ તે કેમ માનવું ?*

*ત્યાં રાજગૃહ નગરમાં મદ્રુક નામે શ્રાવક વસતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. જીવાજીવનો જ્ઞાતા થઈ વિચરતો હતો.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર અન્યદા કોઈ દિવસે પૂર્વાનુપૂર્વી ચાલતા, યાવત્ પધાર્યા, પર્ષદા નીકળી યાવત્ પર્યુપાસના કરે છે.*

*ત્યારે મદ્રુક શ્રાવકે આ વૃત્તાંત જાણ્યો. તે હર્ષિત, સંતુષ્ટ યાવત્ આનંદિત હૃદય થયો. સ્નાન કર્યુ યાવત્ શરીર અલંકારી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતા રાજગૃહનગરે યાવત્ પ્રસ્થાન કર્યુ. ચાલતા ચાલતા તે અન્યતીર્થિકોની નીકટથી પસાર થયો.*

*ત્યારે તે અન્યતીર્થિકોએ મદ્રુક શ્રાવકને નીકટથી પસાર થતો જોયો. જોઈને એકબીજાને બોલાવી, આ પ્રમાણે કહ્યું — હે દેવાનુપ્રિયો ! આપણે આ વાત અવિદિત છે, આ મદ્રુક શ્રાવક આપણી નિકટથી જઈ રહ્યો છે, તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે કે આપણે મદ્રુક શ્રાવકનો આ પદાર્થ પૂછીએ. એમ કરીને એકબીજા સમીપે, આ વાતને સ્વીકારી, સ્વીકારીને મદ્રુક શ્રાવક પાસે આવ્યા. આવીને મદ્રુક શ્રાવકને આમ કહ્યું —*

*હે મદ્રુક ! તમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક, શ્રમણ, જ્ઞાતપુત્ર પાંચ અસ્તિકાય પ્રરૂપે છે. જેમ શતક-૭-માં અન્યતીર્થિક ઉદ્દેશામાં કહ્યું તેમ યાવત્ હે મદ્રુક ! આમ કઈ રીતે છે ?*

*ત્યારે તે મદ્રુક શ્રાવકે તે અન્યતીર્થિકોને આમ કહ્યું — જ્યારે [અસ્તિકાય] કાર્ય કરે છે, તે આપણે જાણીએ - જોઈએ છીએ, જો કાર્ય કરતા નથી તો આપણે જાણતા-જોતા નથી. ત્યારે અન્યતીર્થિકોએ આમ પૂછ્યું — હે મદ્રુક ! તું કેવો શ્રાવક છે કે તું આ અર્થને જાણતો-જોતો નથી ?*

*ત્યારે મદ્રુક શ્રાવકે તે અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આયુષ્માનો ! વાયુ વાય છે ? — હા, વાય છે. હે આયુષ્માનો ! તમે વહેતી હવાનું રૂપ જુઓ છો ?, - ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્માનો ! ઘ્રાણ સહગત પુદ્ગલો છે ? હા, છે. તમે ઘ્રાણ સહગત પુદ્ગલના રૂપને જોયું છે ? ના, તે અર્થ સમર્થ નથી. - હે આયુષ્માનો ! અરણિ સહગત અગ્નિકાય છે ? હા છે. તમે અરણિસહગત અગ્નિકાયના રૂપને જુઓ છો ? ના, તે અર્થ સમર્થ નથી. હે આયુષ્માનો ! સમુદ્રને પાર જઈને રૂપો છે ? - હા, છે. તમે સમુદ્ર પારગત રૂપોને જુઓ છો ?, - ના, તે અર્થ સમર્થ નથી, હે આયુષ્માનો ! દેવલોકગત રૂપો છે ? - હા, છે. તમે દેવલોકગત રૂપોને જુઓ છો ? ના, તેમ નથી.*

*હે આયુષ્માનો ! આ પ્રમાણે હું, તમે, કે બીજા કોઈ છદ્મસ્થ જે કંઈ ન જાણીએ, ન જોઈએ, "તે બધું નથી હોતું" એવું માનીએ તો આ લોકમાં ઘણાં*

પદાર્થોનું અસ્તિત્વ ન રહે. એમ કહી મદ્રુકે તેમને પ્રતિહત કર્યા. એમ કરીને ગુણશીલ ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવ્યા, આવીને ભગવંત મહાવીરને પંચવિધ અભિગમથી યાવત્ પર્યુપાસ્યા.

મદ્રુકને આમંત્રી, ભગવંતે મદ્રુકને આમ કહ્યું — હે મદ્રુક ! તે અન્યતીર્થિકોને સારું કહ્યું. તે તેમને સારો ઉત્તર આપ્યો. હે મદ્રુક ! અર્થ, હેતુ, પ્રશ્ન કે ઉત્તરને જાણ્યા-જોયા-સાંભળ્યા-સંમત-વિજ્ઞાત થયા વિના જે કોઈ બહુજન મધ્યે કહે છે - પ્રજ્ઞાપે છે યાવત્ ઉપદેશે છે, તે અરિહંતની-અરિહંત પ્રજ્ઞપ્ત ધર્મની - કેવલીની અને કેવલી પ્રજ્ઞપ્ત ધર્મની આશાતનામાં વર્તે છે. હે મદ્રુક ! તેં તેમને આવો જવાબ આપ્યો. તે ઘણું સારું કર્યું, ઉત્તમ કાર્ય કર્યું, યાવત્ અન્યતીર્થિકોને નિરુત્તર કરી દીધા.

ત્યારે મદ્રુક શ્રાવક શ્રમણ ભગવંત મહાવીરે આમ કહેતા હર્ષિત, સંતુષ્ટ થઈને ભગવંતને વાંદી, નમીને સમીપે જઈ યાવત્ સેવે છે.

ત્યારે ભગવંતે મદ્રુક શ્રાવકને યાવત્ તે મોટી પર્ષદાને ધર્મ કહ્યો યાવત્ પર્ષદા પાછી ફરી.

ત્યારે મદ્રુક શ્રાવક યાવત્ ધર્મ સાંભળીને હર્ષિત, સંતુષ્ટ થઈને પ્રશ્નાદિ પૂછ્યા, પૂછીને અર્થો જાણવા, ઉત્થાનથી ઉઠીને ભગવંતને વાંદી-નમી યાવત્ પાછો ગયો. - - - ભંતે ! એમ આમંત્રી ગૌતમસ્વામીએ ભગવંત મહાવીરને વાંદી-નમી આમ કહ્યું — હે ભંતે ! મદ્રુક શ્રાવક આપ દેવાનુપ્રિય પાસે યાવત્ પ્રવ્રજિત થવા સમર્થ છે ? ના, તેમ નથી. એ પ્રમાણે જેમ શંખ શ્રાવકમાં કહ્યું, તેમ અરુણાભમાં યાવત્ અંત કરશે.

[૭૪૫] હે ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, હજાર રૂપ વિકુર્વીને પરસ્પર સંગ્રામ કરવા સમર્થ છે ? હા, છે - - ભગવન્ ! તે વૈક્રિય શરીર એક જીવ સંબદ્ધ છે કે અનેક જીવ સંબદ્ધ ? ગૌતમ ! એકજીવ સંબદ્ધ છે, અનેકજીવ સંબદ્ધ નથી. ભગવન્ ! તે વિકુર્વીત શરીરના અંતરાલ શું એકજીવ સ્પૃષ્ટ છે કે અનેકજીવ સ્પૃષ્ટ ? ગૌતમ ! એકજીવ સ્પૃષ્ટ છે, અનેક જીવ સ્પૃષ્ટ નથી. હે ભગવન્ ! કોઈ પુરુષ, તે વૈક્રિયકૃત્ શરીરોના અંતરમાં પોતાનો હાથ, પગ આદિ શતક-૮, ઉદ્દેશા-૩-મુજબ કહેવું યાવત્ તેમાં શસ્ત્રાક્રમણ કરી શકે નહીં.

[૭૪૬] ભગવન્ ! શું દેવો અને અસુરોમાં સંગ્રામ થાય છે ? હા. થાય છે. ભગવન્ ! દેવો અને અસુરો સંગ્રામમાં વર્તતા હોય ત્યારે કઈ વસ્તુ, તે દેવોના શ્રેષ્ઠ શસ્ત્રરૂપે પરિણત થાય છે ? ગૌતમ ! તે દેવો, જે તૃણ-કાષ્ઠ-પત્ર-કંકરને સ્પર્શ કરે, તે વસ્તુ તે દેવોને શસ્ત્રરૂપે પરિણમે છે.

ભગવન્ ! જેમ દેવોમાં કહ્યું તેમ અસુરોકુમારોમાં કહેવાય ? ના, તે અર્થ સમર્થ નથી. અસુરકુમારોને નિત્ય વિકુર્વિત શસ્ત્ર હોય.

[૭૪૭] ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, લવણ સમુદ્રને ચોતરફ પ્રદક્ષિણા કરી જલ્દી આવવાને સમર્થ છે ? હા, સમર્થ છે. ભગવન્ ! મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ, એ રીતે ધાતકીખંડ દ્વીપને૦ ? યાવત્ હા, છે. એ રીતે રુચકવરદ્વીપને૦ ? યાવત્, હા સમર્થ છે. તેનાથી આગળ દેવો જાય છે, પણ તેની ચોતરફ પ્રદક્ષિણા કરતાં નથી.



[૭૪૮] ભગવન્ ! શું એવા પણ દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦, ૨૦૦, ૩૦૦ કે ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષોમાં ખપાવી દે ? હા, છે - - ભગવન્ ! એવા દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્ય એક-બે કે ત્રણ હજાર અને ઉત્કૃષ્ટ ૫૦૦૦ વર્ષોમાં ખપાવી દે ? હા, છે.

ભગવન્ ! શું એવા દેવ પણ છે, જે અનંત કર્માંશોને જઘન્યથી એક, બે કે ત્રણ લાખ અને ઉત્કૃષ્ટથી પાંચ લાખ વર્ષોમાં ખપાવે ? હા, છે.

ભગવન્ ! એવા કોણ દેવ છે, જે અનંત કર્માંશોને જઘન્ય ૧૦૦ યાવત્ ૫૦૦ વર્ષોમાં ખપાવે છે ? એવા કોણ દેવ છે, જે યાવત્ ૫૦૦૦ વર્ષોમાં ખપાવે છે ? એવા કોણ દેવ છે જે યાવત્ પાંચ લાખ વર્ષોમાં ખપાવે ?

ગૌતમ ! વ્યંતર દેવો અનંત કર્માંશોને ૧૦૦ વર્ષોમાં ખપાવે છે, અસુરેન્દ્ર સિવાયના ભવનપતિ દેવ અનંત કર્માંશોને ૨૦૦ વર્ષમાં ખપાવે. અસુરકુમાર દેવો અનંત કર્માંશોને ૩૦૦ વર્ષોમાં ખપાવે.

ગ્રહ-નક્ષત્ર-તારારૂપ જ્યોતિષ્ક દેવો અનંત કર્માંશોને ૪૦૦ વર્ષમાં યાવત્ ખપાવે. ચંદ્ર-સૂર્ય જ્યોતિષ્કેન્દ્રો જ્યોતિષ્રાજ અનંત કર્માંશોને ૫૦૦ વર્ષોમાં ખપાવે.

સૌધર્મ, ઈશાન દેવો ૧૦૦૦ વર્ષોમાં યાવત્ ખપાવે, સનત્કુમાર-માહેન્દ્ર દેવો ૨૦૦૦ વર્ષોમાં યાવત્ ખપાવે, એ પ્રમાણે આ આલાવાથી બ્રહ્મલોક-લાંતક દેવો ૩૦૦૦ વર્ષોમાં ખપાવે, મહાશુક્ર-સહસ્રાર દેવો ૪૦૦૦ વર્ષોમાં, આનત-પ્રાણત આરણ-અચ્યુત દેવો ૫૦૦૦ વર્ષોમાં ખપાવે.

નીચલી ગ્રૈવેયકના દેવો અનંત કર્માંશોને એક લાખ વર્ષમાં ખપાવે, મધ્યમ ગ્રૈવેયકના દેવો બે લાખ વર્ષોમાં, ઉપરની ગ્રૈવેયકના દેવો ત્રણ લાખ વર્ષોમાં, વિજયાદિ ચારના દેવો ચાર લાખ વર્ષોમાં અને સર્વાર્થ-સિદ્ધના દેવો અનંત કર્માંશોને પાંચ લાખ વર્ષોમાં ખપાવે છે.

એ કારણે હે ગૌતમ ! તે દેવો જે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦, ૨૦૦, ૩૦૦ અને ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષોમાં ખપાવે છે, યાવત્ પાંચ હજાર વર્ષોમાં ખપાવે છે. યાવત્ પાંચ લાખ વર્ષોમાં ખપાવે. ભગવન્ ! તેમજ છે.

● વિવેચન-૭૪૪ થી ૭૪૮ :-

'જેમ શતક-૭-માં છે' ઈત્યાદિ વડે જે કહ્યું, તે અર્થથી કંઈક દર્શાવે છે — કાલોદાયી, શૈલોદાયી, સેવાલોદાયી આદિ અન્યતીર્થિકોના. એકઠા થતાં આવો પ્રશ્ન ઉત્પન્ન થયો, જે ભ૦ મહાવીર પંચાસ્તિકાયોમાં ધર્માસ્તિકાયાદિ પ્રજ્ઞાપના કરે છે, તેમાં ધર્મ-અધર્મ-આકાશ-પુદ્ગલાસ્તિકાય અચેતન છે અને જીવાસ્તિકાય સચેતન છે. ધર્મ-અધર્મ-આકાશ-જીવ૦ ચાર અરૂપી અને પુદ્ગલાસ્તિકાય રૂપી છે તેમ કહે છે.

તે કેમ માનવું ? વળી સચેતન-અચેતનાદિરૂપે અદૃશ્યમાનત્વથી અસંભવ છે, અવિદ્વત્પ્રકૃત છે. જો તે ધર્માસ્તિકાયાદિ વડે કાર્ય સ્વીકારે, તો તે કાર્ય વડે તેને જાણીએ, જોઈએ. જેમકે - ધૂમાડા વડે અગ્નિ. તેના વડે કાર્ય ન કરીએ તો ન જાણીએ ન જોઈએ. કેમકે કાર્યાદિ લિંગ-દ્વાર વડે જ પૂર્વદર્શિત અતીંદ્રિય પદાર્થો જણાય છે, આપણને ધર્માતિસ્કાયાદિ પ્રતીત નથી-કાર્યાદિ લિંગ દેખાતા નથી, તેના અભાવે આપણે જાણતા નથી.

હવે મદ્રુક ધર્માસ્તિકાયાદિથી અપરિજ્ઞાત હતો, તેથી તેને ઉપાલંભ આપે છે - તું કેવો શ્રાવક છો ? ધર્માસ્તિકાયાદિ અસ્તિત્વ લક્ષણને જાણતો નથી. ત્યારે ઉપાલંભ પામેલો તે - x - અન્યતીર્થિકોને નિરૂત્તર કરવાને માટે કહે છે — अत्थिणं० આદિ. घाणसहगय - ગંધ ગુણ, તેની સાથે - સહચરિત હોવાથી ઘ્રાણસહગત. अरणि - અગ્નિ માટે કાષ્ઠનું મથન કરવું, તેની સાથે ગયેલ તે, અરણિ સહગત.

હે મદ્રુક તેં જે અસ્તિકાયને જાણતો ન હતો, ત્યારે હું જાણું છું એમ કહ્યું, તે સારું કર્યુ. અન્યથા ન જાણવા છતાં હું જાણું છું એમ કહેત તો અર્હત્ આદિની આશાતનાકારક થયો હોત.

મદ્રુક શ્રાવક અરુણાભવિમાને દેવ થયો, તેથી દેવાધિકાર —

तासिं बोदीणं अंतर - તેઓએ વિકુર્વેલા શરીરના અંતર. એ પ્રમાણે જેમ શતક-૮-માં આના દ્વારા સૂચવે છે કે — પગ, હાથ, આંગળી, શલાકા, લાકડી કે કલિંચ વડે હલાવે-ચલાવે કે બીજા તીક્ષ્ણ શસ્ત્રજાત વડે છેદે, વિશેષ છેદે કે અગ્નિકાયમાં બાળે, તેના જીવપ્રદેશને આબાધા કે વ્યાબાધા કરે, શરીરચ્છેદ કરે ? ના, આ અર્થ સમર્થ નથી.

અહીં જે તૃણ, કાષ્ઠ આદિ કહ્યું, તે જે દેવોને તૃણાદિ પણ પ્રહરણ થાય છે, તે અચિંત્ય પુણ્ય-સંભારનાવશથી કહ્યું. જેમ સુભૂમ ચક્રવર્તીને થાળી ચક્ર બની ગયેલી. અસુરોની જે નિત્ય વિકુર્વણા તે-તે તે દેવની અપેક્ષાએ થાય છે, કેમકે તેઓ મંદતર પુણ્યવાળા હોવાથી તેવા પુરુષો માફક જાણવું.

वीतीवएज्ज - એક દિશામાં જાય છે. પણ બધે ભમતો નથી. કેમકે તેવા પ્રયોજનનો અભાવ સંભવે છે.

अत्थि णं भंते ! આદિ. આ દેવોના પુણ્યકર્મ પુદ્ગલો પ્રકૃષ્ટ, પ્રકૃષ્ટતર, પ્રકૃષ્ટતમ અનુભાગવાળા, આયુકર્મની સહચરિતાથી, વેદનીય અનંતાનંત હોય છે, તે હોવાથી, હે ભગવન્ ! તે દેવો તે અનંતાનંત કર્માંશોની મધ્યે અનંત કર્માંશોને જઘન્યથી ૧૦૦ વર્ષે-ઉત્કૃષ્ટથી ૫૦૦ વર્ષે ખપાવે ? વ્યંતરો અનંતકર્માંશોને ૧૦૦ વર્ષે ખપાવે. અનંતા એવા તે પુદ્ગલોને અલ્પાનુભાગ પણે થોડા કાળમાં ખપાવવા શક્ય હોવાથી આમ કહ્યું - x - ઈત્યાદિ સૂત્રાર્થવત્ જાણવું.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૮-''અનગારક્રિયા'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૭ને અંતે કર્મક્ષપણા કહી, અહીં તેનો બંધ કહે છે —



**● સૂત્ર-૭૪૯ :-**

*રાજગૃહે યાવત્ આમ કહ્યું — ભગવન્ ! સંમુખ અને બંને તરફ યુગમાત્ર ભૂમિને જોતાં ઈર્યાપૂર્વક ગમન કરતાં ભાવિતાત્મા અણગારના પગ નીચે મરઘીનું બચ્ચું, બતકનું બચ્ચું, કુલિંગછાય, આવીને મરે તો તે અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે કે સાંપરાયિકી ક્રિયા લાગે ? ગૌતમ ! યાવત્ તે ભાવિતાત્મા અણગારને ઐર્યાપથિકી ક્રિયા લાગે, બીજી નહીં.*

*ભગવન્ ! એમ કેમ કહ્યું ? જેમ શતક-૭-માં સંવૃત્ત ઉદ્દેશામાં યાવત્ અર્થના નિક્ષેપ સુધી કહેવું. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે. યાવત્ વિચરે છે. પછી ભગવંત મહાવીર બાહ્ય જનપદમાં યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૭૪૯ :-**

पुरओ - આગળ, दुहओ - દ્વિધા, अंतराअंतरा - બંને પડખે અને પાછળ. युगमाया-યૂપ માત્ર દૃષ્ટિથી, रीयं-ગમન કરતો.

कुक्कुडपोयए - કુકડીના બચ્ચા, वट्ट - વર્તક, પક્ષી વિશેષ, કુલિંગીચ્છાએ - કીડી જેવું જંતુ. परियावज्जेज्ज - મરે.

શતક-૭-મુજબ, આ દ્વારા જે સૂચવ્યું તે કંઈ કહે છે — ભગવન્ ! એમ કેમ કહ્યું ? ગૌતમ ! જેના ક્રોધાદિ નષ્ટ થયા છે, તેમને ઈર્યાપથિકી ક્રિયા જ લાગે, આદિ. - x - x - પૂર્વે ગમન આશ્રિત વિચાર કર્યો. હવે તેને જ આશ્રીને અન્યતીર્થિકના મતનો નિષેધ કહે છે —

**● સૂત્ર-૭૫૦,૭૫૧ :-**

*[૭૫૦] તે કાળે, તે સમયે રાજગૃહ યાવત્ પૃથ્વીશિલાપટ્ટક હતો. તે ગુણશીલ ચૈત્યની સમીપે ઘણાં અન્યતીર્થિકો રહેતા હતા.*

*ત્યારે શ્રમણ ભગવન્ મહાવીર યાવત્ સમોસર્યા યાવત્ પર્ષદા નીકળી. - - - તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઈન્દ્રભૂતિ અણગાર યાવત્ ઉર્ધ્વજાનૂ યાવત્ વિચરે છે.*

*ત્યારે તે અન્યતીર્થિકો, ગૌતમસ્વામી પાસે આવ્યા, આવીને ગૌતમસ્વામીને આમ કહ્યું — હે આર્ય! તમે ત્રિવિધ ત્રિવિધ અસંયત યાવત્ એકાંતબાલ છો. - - ત્યારે ગૌતમસ્વામીએ, અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આર્યો! કયા કારણથી અમે ત્રિવિધ ત્રિવિધે અસંયત યાવત્ એકાંતબાલ છીએ? - - ત્યારે તે અન્યતીર્થિકોએ ગૌતમસ્વામીને આમ કહ્યું — હે આર્ય! તમે ગમન કરતી વેળા જીવોને આક્રાંત કરો છો, મારો છો યાવત્ ઉપદ્રવ કરો છો. તેથી તમે જીવોને આક્રાંત કરતા, યાવત્ ઉપદ્રવ કરતા હોવાથી ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો.*

*ત્યારે ગૌતમસ્વામીએ, તે અન્યતીર્થિકોને આમ કહ્યું કે — હે આર્યો ! અમે ગમન કરતી વેળા જીવોને કચડતા નથી યાવત્ ઉપદ્રવ કરતા નથી. હે આર્યો ! અમે ગમન કરતી વેળા કાયા, યોગ, ગતિને આશ્રીને વિશેષ રૂપે નિરીક્ષણ કરીને ચાલીએ છીએ, અમે એ રીતે જોઈ-જોઈને ચાલીએ છીએ,*

*વિશેષ-વિશેષ નિરીક્ષણ કરતાં ચાલીએ છીએ. તેથી અમે જીવોને કચડતા નથી યાવત્ ઉપદ્રવિત કરતા નથી. તેથી અમે પ્રાણોને કચડ્યા વિના યાવત્ ઉપદ્રવ કર્યા વિના ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંત પંડિત થઈએ છીએ.*

*હે આર્યો ! તમે જે સ્વયં ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો. - - ત્યારે તે અન્યતીર્થિકોએ ગૌતમસ્વામીને આમ કહ્યું — કયા કારણે હે આર્યો ! અમે ત્રિવિધ ત્રિવિધે યાવત્ એકાંતબાલ છીએ ?*

*ત્યારે ગૌતમસ્વામીએ, તે અન્યતીર્થિકોને આમ કહ્યું — હે આર્યો ! તમે જ ચાલતીવેળા પ્રાણોને કચડો છો યાવત્ ઉપદ્રવ કરો છો. તેથી તમે પ્રાણોને કચડતા યાવત્ ઉપદ્રવ કરતા ત્રિવિધે યાવત્ એકાંતબાલ છો. ત્યારે ગૌતમસ્વામીએ તે અન્યતીર્થિકોને આ રીતે નિરુત્તર કર્યા, કરીને જ્યાં ભગવંત મહાવીર હતા, ત્યાં આવીને ભગવંતને વંદન-નમસ્કાર કર્યા, કરીને ભગવંત સમીપે યાવત્ પર્યુપાસના કરે છે.*

*ગૌતમસ્વામીને આમંત્રી ભગવંતે, ગૌતમને આમ કહ્યું — તેં હે ગૌતમ ! તે અન્યતીર્થિકોને સારું કહ્યું, તેમને યથાર્થ કહ્યું. હે ગૌતમ ! મારા ઘણા શિષ્યો શ્રમણ નિર્ગ્રન્થ છદ્મસ્થ છે. જે તમારી જેમ ઉત્તર દેવામાં સમર્થ નથી. જેમ તમે અન્યતીર્થિકોને સારું કહ્યું, તેમને આમ કહ્યું તે યથાર્થ છે. ત્યારપછી ભગવંતે આમ કહેતા, ગૌતમસ્વામી હર્ષિત, સંતુષ્ટ થયા. ભગવંતને વંદન-નમસ્કાર કર્યા અને આ પ્રમાણે પૂછ્યું—*

*[૭૫૧] ભગવન્ ! શું છદ્મસ્થ મનુષ્યો પરમાણુ પુદ્ગલને જાણે છે - જુએ છે ? અથવા નથી જાણતા-નથી જોતા ? ગૌતમ ! કેટલાંક જાણે છે, જોતા નથી. કેટલાંક જાણતા નથી - જોતા નથી.*

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય દ્વિપ્રદેશિક સ્કંધને શું જાણે છે, જુએ છે ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશિક સ્કંધમાં કહેવું.*

*ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય અનંતપ્રદેશી સ્કંધને ? પ્રશ્ન. ગૌતમ ! કેટલાંક જાણે છે, જુએ છે. કેટલાંક જાણે છે, જોતા નથી. કેટલાંક જાણતા નથી, જુએ છે. કેટલાંક જાણતા નથી, જોતા નથી.*

*ભગવન્ ! શું આધોવધિક મનુષ્ય પરમાણુ પુદ્ગલને ? છદ્મસ્થ અનુસાર આધોવધિકને કહેવા યાવત્ અનંતપ્રદેશી સ્કંધ કહેવો.*

*ભગવન્! પરમાધોવધિક મનુષ્ય, જે સમયે જાણે છે, તે સમયે જુએ છે અને જે સમયે જુએ છે, તે સમયે જાણે છે? ના, તે અર્થ સમર્થ નથી. ભગવન્! એમ કેમ કહો છો - x -? ગૌતમ! સાકારમાં તે જ્ઞાન હોય, અનાકારમાં તે દર્શન હોય. તેથી યાવત્ કહ્યું કે તે સમયે ન જાણે. અનંતપ્રદેશી સુધી કહેવું.*

*ભગવન્ ! કેવલી મનુષ્ય પરમાણુ પુદ્ગલને ? પરમાધોવધિની માફક કેવલી પણ કહેવા. યાવત્ અનંતપ્રદેશી. - ભગવન્ ! તેમજ છે.*



**● વિવેચન-૭૫૦,૭૫૧ :-**

पेच्चेह - આક્રમે, કચડે. कायं - દેહને આશ્રીને ચાલીએ તે યોગ. દેહથી જ ગમનાર્થે સમર્થ હોય છે. તેથી ચાલીએ છીએ, અશ્વ-શકટાદિથી નહીં. योग - સંયમ વ્યાપાર, જ્ઞાનાદિના પ્રયોજનમાં ઉપયોગી હોવાથી ભિક્ષાટનાદિ કરીએ, તે સિવાય નહીં. रीयं - અત્વરિત આદિપણે ગમન વિશેષ. કઈ રીતે? જોઈ-જોઈને, પ્રકર્ષથી જોઈ-જોઈને. - - પૂર્વે છદ્મસ્થને આશ્રીને - x - કહ્યું. હવે છદ્મસ્થ આશ્રીને પ્રશ્ન કરતાં કહે છે —

અહીં છદ્મસ્થ નિરતિશય જ લેવા. जाणइ न पासइ - શ્રુતોપયુક્ત શ્રુતજ્ઞાની, શ્રુતમાં દર્શનનો અભાવ છે. તેનાથી અન્ય - ન જાણે, ન જુએ. અનંત પ્રદેશી સૂત્રમાં ચાર ભંગ થાય છે. (૧) સ્પર્શાદિ વડે જાણે છે, આંખ વડે જુએ છે. (૨) બીજો સ્પર્શાદિથી જાણે છે પણ આંખ વડે જોતો નથી, આંખનો અભાવ છે. (૩) સ્પર્શાદિથી અગોચરપણાથી જાણતો નથી, આંખ વડે જુએ છે. (૪) અવિષયત્વથી બીજો જાણતો નથી અને જોતો નથી. છદ્મસ્થાધિકારથી છદ્મસ્થ વિશેષભૂત એવા આધો-અવધિ અને પરમાધો-અવધિ બે સૂત્ર છે.

પરમાવધિક અવશ્ય અંતર્મુહૂર્તમાં કેવલી થાય છે, તેથી કેવલીસૂત્ર. તેમાં साकार - વિશેષ ગ્રહણ સ્વરૂપ, તે પરમાધોવધિકને તેવું જ્ઞાન હોય છે. તેનાથી વિપર્યયભૂત દર્શન છે, તેથી પરસ્પર વિરુદ્ધથી એક સમયે ન સંભવે.

## ۞ શતક-૧૮, ઉદ્દેશો-૯-''ભવ્યદ્રવ્ય'' ۞

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-ને અંતે કેવલી પ્રરૂપ્યા. તે ભવ્યદ્રવ્યસિદ્ધ છે. તેથી ભવ્યદ્રવ્ય અધિકારથી અહીં ભવ્યદ્રવ્ય નારકાદિને કહે છે —

**● સૂત્ર-૭૫૨ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! ભવ્યદ્રવ્ય નૈરયિક શું ભવ્યદ્રવ્ય નૈરયિક છે ? હા, છે. - - ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? જે કોઈ પંચેન્દ્રિય તિર્યંચયોનિક કે મનુષ્ય, નૈરયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય છે, તે ભવ્યદ્રવ્ય નૈરયિક કહેવાય છે. તેથી યાવત્ આમ કહેલું છે. આ પ્રમાણે સ્તનિતકુમાર પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! ભવ્યદ્રવ્ય પૃથ્વીકાયિક, ભવ્યદ્રવ્યપૃથ્વી૦ છે ? હા, છે. એમ કેમ ? ગૌતમ ! જે તિર્યંચયોનિક કે મનુષ્ય કે દેવ પૃથ્વીકાયિકમાં ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભવ્ય દ્રવ્ય પૃથ્વીકાયિક કહેવાય છે, તેથી કહ્યું છે. આ રીતે જ અપ્કાયિક, વનસ્પતિકાયિકને જાણવા. - - તેઉ, વાયુ, બે - ત્રણ - ચાર ઈન્દ્રિયોવાળામાં જે કોઈ તિર્યંચ કે મનુષ્ય ઉત્પન્ન થવા યોગ્ય હોય તે ભવ્ય દ્રવ્ય તેઉકાયિક આદિ કહેવાય છે. - - જે કોઈ નૈરયિક યાવત્ દેવ પંચેન્દ્રિય તિર્યંચયોનિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય, તે ભવ્ય દ્રવ્ય પંચેન્દ્રિય તિર્યંચયોનિક કહેવાય, આ રીતે મનુષ્ય પણ કહેવા. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને નૈરયિકો માફક કહેવા.*

*ભગવન્ ! ભવ્ય દ્રવ્ય નૈરયિકની કેટલા કાળની સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી પૂર્વકોટિ. - - ભવ્ય દ્રવ્ય અસુરકુમારની, ભગવન્ ! કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ ત્રણ પલ્યોપમ, એ રીતે યાવત્ સ્તનિતકુમાર જાણવા.*

*ભવ્ય દ્રવ્ય પૃથ્વીકાયની પૃચ્છા. ગૌતમ ! જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ સાતિરેક બે સાગરોપમ. આ પ્રમાણે અપ્કાયને પણ જાણવા. તેઉ અને વાયુને નૈરયિકવત્ જાણવું. વનસ્પતિકાયને પૃથ્વીકાયવત્ જાણવા. બે-ત્રણ-ચાર ઈન્દ્રિયવાળાને નૈરયિકવત્ જાણવા. પંચેન્દ્રિય તિર્યંચની જઘન્યથી અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ. એ પ્રમાણે મનુષ્ય પણ છે. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા. ભગવન્ ! તેમજ છે.*

**● વિવેચન-૭૫૨ :-**

ભવ્ય દ્રવ્ય નૈરયિક - દ્રવ્યભૂત નારક, તે ભૂતનારક પર્યાયતાથી પણ હોય છે, તેથી ભવ્ય શબ્દથી વિશેષિત કરેલ છે. - x - તેઓ એકભવિક બદ્ધ આયુષ્ક અભિમુખ નામ-ગોત્ર ભેદવાળા હોય છે.

ભવ્ય દ્રવ્ય નૈરયિકાદિ૦માં સંજ્ઞી કે અસંજ્ઞી નરકગામીને અંતર્મુહૂર્તાયુ અપેક્ષાએ અંતર્મુહૂર્ત સ્થિતિ કહી, પૂર્વકોટી-મનુષ્ય અને પંચેન્દ્રિય તિર્યંચને આશ્રીને છે, ભવ્યદ્રવ્ય અસુરાદિને પણ જઘન્યા આ જ સ્થિતિ છે. ઉત્કૃષ્ટી ત્રણ પલ્યોપમ તે ઉત્તરકુરુ આદિ યુગલ મનુષ્ય આશ્રીને છે, કેમકે તેઓ મરીને દેવોમાં ઉત્પન્ન થાય છે. દ્રવ્ય પૃથ્વીકાયિકની સાતિરેક બે સાગરોપમ સ્થિતિ ઈશાન દેવને આશ્રીને છે. દ્રવ્ય તેઉ, દ્રવ્ય વાયુ બંને જઘન્ય અંતર્મુહૂર્ત અને ઉત્કૃષ્ટ પૂર્વકોટી છે. દેવ, યુગલ બંને ત્યાં ઉત્પન્ન ન થાય. પંચેન્દ્રિય તિર્યંચની ઉત્કૃષ્ટ ૩૩-સાગરોપમ, સાતમી નરકાશ્રીત છે.

## ❀ શતક-૧૮, ઉદ્દેશો-૧૦-"સોમિલ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશક-૯-ને અંતે ભવ્ય દ્રવ્ય નારકાદિ વક્તવ્યતા કહી, હવે ભવ્ય દ્રવ્યાધિકારથી ભવ્યદ્રવ્ય દેવ અણગારની વક્તવ્યતા અહીં કહે છે —

**● સૂત્ર-૭૫૩ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્! ભાવિતાત્મા અણગાર તલવાર કે અસ્ત્રાની ધાર ઉપર રહી શકે? હા, રહી શકે. તે ત્યાં છેદાય, ભેદાય? ના, તે અર્થ યોગ્ય નથી, કેમકે તેના ઉપર શસ્ત્ર સંક્રમણ ન કરે. એ રીતે જેમ પાંચમાં શતકમાં પરમાણુ પુદ્ગલ વક્તવ્યતા છે, તે યાવત્ "ભગવન્! ભાવિતાત્મા અણગાર ઉદકાવર્તમાં યાવત્ પ્રવેશે, તેને શસ્ત્ર સંક્રમણ ન કરે?" - ત્યાં સુધી કહેવી.*

**● વિવેચન-૭૫૩ :-**

અહીં અણગારની ક્ષુર-ધારાદિ પ્રવેશ વૈક્રિય લબ્ધિ સામર્થ્યથી જાણવો. શતક-૫- મુજબ કહી આમ સૂચવે છે - ભગવન્ ! ભાવિતાત્મા અણગાર અગ્નિકાય મધ્યેથી જઈ શકે ? હા, જઈ શકે - x - ઈત્યાદિ. - - અહીં અણગારની અસિધારાદિ



વક્તવ્યતા કહી, હવે અવગાહનાને જ - x - પરમાણુ આદિમાં કહે છે —

**● સૂત્ર-૭૫૪ :-**

*ભગવન્ ! પરમાણુ પુદ્ગલ, વાયુકાયથી સ્પૃષ્ટ છે કે વાયુકાય પરમાણુ પુદ્ગલથી સ્પૃષ્ટ છે ? ગૌતમ ! પરમાણુ પુદ્ગલ, વાયુકાયથી સ્પૃષ્ટ છે પણ વાયુકાય પરમાણુ પુદ્ગલથી સ્પૃષ્ટ નથી. - - ભગવન્ ! દ્વિપ્રદેશિકસ્કંધ વાયુકાયથી ? પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ અસંખ્યપ્રદેશિક કહેવો.*

*ભગવન્! અનંતપ્રદેશિક સ્કંધ, વાયુકાયને? પૃચ્છા. ગૌતમ! અનંત પ્રદેશી સ્કંધ વાયુકાય વડે સ્પૃષ્ટ છે, વાયુકાય, અનંતપ્રદેશી સ્કંધ વડે કદાચ સ્પૃષ્ટ છે, કદાચ સ્પૃષ્ટ નથી. - - - ભગવન્! મશક વાયુકાય વડે સ્પૃષ્ટ છે કે વાયુકાય મશક વડે સ્પૃષ્ટ છે? ગૌતમ! મશક વાયુકાય વડે સ્પૃષ્ટ છે, વાયુકાય મશક વડે સ્પૃષ્ટ નથી.*

**● વિવેચન-૭૫૪ :-**

वाउयाएणं फुडे० પરમાણુ પુદ્ગલ વાયુકાય વડે વ્યાપ્ત અર્થાત્ મધ્યમમાં નાંખેલ છે. नो वाउयाए० - વાયુકાય પરમાણુ પુદ્ગલ વડે વ્યાપ્ત નથી. વાયુના મોટાપણાથી અણુના નિષ્પ્રદેશત્વથી અતિસૂક્ષ્મતાથી ન વ્યાપી શકે.

અનંતપ્રદેશી સ્કંધ વાયુ વડે વ્યાપ્ત હોય છે. કેમકે તે સૂક્ષ્મતર છે, વાયુકાય વળી અનંતપ્રદેશી સ્કંધ વડે વ્યાપ્ત હોય, ન પણ હોય. કઈ રીતે ? જો તે વાયુકાય સ્કંધાપેક્ષાએ મોટા હોય, ત્યારે વાયુ તેના વડે વ્યાપ્ત થાય છે.

वस्ति - મશક, વાયુકાય વડે સમસ્તપણે વ્યાપ્ત છે, કેમકે તેની ખાલી જગ્યાને પૂરે છે. વાયુકાય, મશક વડે સ્પૃષ્ટ નથી. - x - પુદ્ગલ દ્રવ્યો સ્પૃષ્ટત્વ ધર્મથી નિરૂપ્યા. હવે વર્ણાદિ વડે તેને જ નિરૂપે છે —

**● સૂત્ર-૭૫૫ :-**

*ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે વર્ણથી કાળા-લીલા-લાલ-પીળા-શ્વેત, ગંધથી સુગંધી-દુર્ગંધ, રસથી તિક્ત-કટુક-કષાય-અંબિલ-મધુર, સ્પર્શથી કર્કશ-મૃદુ-ભારે-હલકો-શીત-ઉષ્ણ-સ્નિગ્ધ-રૂક્ષ એ દ્રવ્યો અન્યોન્યબદ્ધ છે. - સ્પૃષ્ટ છે - યાવત્ સંબદ્ધ છે ? હા, છે. એ રીતે યાવત્ અધઃસપ્તમી સુધી જાણવું. - - - ભગવન્ ! સૌધર્મકલ્પની નીચે૦ પૂર્વવત્, એ પ્રમાણે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી૦ ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે. પછી ભગવંત મહાવીર પણ યાવત્ બાહ્ય જનપદ વિહારે વિચરે છે.*

**● વિવેચન-૭૫૫ :-**

अन्नमन्नबद्धाइं - આશ્લેષથી ગાઢ, अन्नमन्नपुट्ठाइं - આશ્લેષથી આગાઢ. યાવત્ શબ્દથી એકક્ષેત્રાશ્રિત કહેવું, પરસ્પર સમુદાયથી સંબદ્ધ. - - પુદ્ગલ દ્રવ્યો નિરૂપ્યા. હવે આત્મદ્રવ્યધર્મ અનાત્મદ્રવ્ય - x - નિરૂપે છે.

**● સૂત્ર-૭૫૬ :-**

*તે કાળે, તે સમયે વાણિજયગ્રામ નામે નગર હતું. દ્યુતિપલાશ ચૈત્ય હતું,*

*તે વાણિજ્યગ્રામ નગરમાં સોમિલ નામે બ્રાહ્મણ વસતો હતો. તે આઢ્ય યાવત્ અપરિભૂત હતો. ઋગ્વેદ યાવત્ સુપરિનિષ્ઠિત, ૫૦૦ શિષ્યો અને પોતાના કુટુંબનું આધિપત્ય કરતો યાવત્ વિચરતો હતો.*

*ત્યારે શ્રમણ ભગવંત મહાવીર યાવત્ સમોસર્યા યાવત્ પર્ષદા પર્યુપાસે છે.*

*ત્યારે તે સોમિલ બ્રાહ્મણને આ વૃત્તાંત જાણીને આવા પ્રકારે યાવત્ સંકલ્પ ઉત્પન્ન થયો. શ્રમણ જ્ઞાતપુત્ર પૂર્વાનુપૂર્વી ચાલતા, ગ્રામાનુગામ વિચરતા, સુખે સુખે યાવત્ અહીં આવી, યાવત્ દૂતિપલાશક ચૈત્યમાં યથાપ્રતિરૂપ યાવત્ વિચરે છે. તો હું ત્યાં ભગવંતની પાસે જઈ. આ આવા પ્રકારના અર્થો યાવત્ વ્યાકરણ પૂછીશ. તેઓ જો આ, આવા પ્રકારના અર્થો યાવત્ વ્યાકરણનો ઉત્તરો આપશે, તો વાંદીશ-નમીશ યાવત્ પર્યુપાસીશ. જો તેઓ મારા આ અને આવા અર્થવાળા યાવત્ વ્યાકરણનો ઉત્તર નહીં આપે તો હું આવા અર્થો યાવત્ વ્યાકરણ વડે તેઓને નિરુત્તર કરી દઈશ.*

*આ પ્રમાણે વિચાર્યું, વિચારીને સ્નાન કર્યુ યાવત્ શરીરને અલંકૃત્ કરી, પોતાના ઘેરથી નીકળ્યો, નીકળીને પગે ચાલતો ૧૦૦ શિષ્યો સાથે સંપરીવરીને વાણિજ્ય ગ્રામનગરની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને દૂતિપલાશક ચૈત્યમાં ભગવંત મહાવીર પાસે આવીને, સમીપે રહીને ભગવંતને આ પ્રમાણે પૂછ્યું - . . . આપને યાત્રા, યાપનીય, અવ્યાબાધ, પ્રાસુક વિહાર છે ?*

*હે સોમિલ ! મારે યાત્રા પણ છે, મારે યાપનીય પણ છે, મારે અવ્યાબાધ પણ છે અને મારે પ્રાસુકવિહાર પણ છે.*

*ભગવન્ ! આપની યાત્રા કેવી છે ? - - હે સોમિલ ! મારા તપ, નિયમ, સંયમ, સ્વાધ્યાય, ધ્યાન, આવશ્યકાદિ યોગમાં યતના તે યાત્રા છે.*

*ભગવન્ ! આપને યાપનીય શું છે ? સોમિલ ! યાપનીય બે ભેદે છે - ઈન્દ્રિયયાપનીય, નોઈન્દ્રિયયાપનીય. - - તે ઈન્દ્રિય યાપનીય શું છે ? જે મારી શ્રોત્ર-ચક્ષુ-ઘ્રાણ-જીભ-સ્પર્શ ઈન્દ્રિયો નિરૂપઘાત અને મારે વશ વર્તે છે, તે ઈન્દ્રિય યાપનીય છે. - - તે નોઈન્દ્રિયયાપનીય શું છે ? જે મારા ક્રોધ-માન-માયા-લોભ નષ્ટ થયા છે, ઉદય પ્રાપ્ત નથી તે નોઈન્દ્રિય યાપનીય છે. આ પ્રમાણે મારા આ યાપનીય છે.*

*ભગવન્ ! તમારે અવ્યાબાધ શું છે ? સોમિલ ! જે મારા વાતજ, પિતજ, કફજ, સંનિપાતિકજ વિવિધ રોગાતંક અને શરીરગતદોષ ઉપશાંત છે, ઉદયમાં વર્તતા નથી, તે (મારા) અવ્યાબાધ છે.*

*ભગવન્ ! તમારે પ્રાસુક વિહાર શું છે ? સોમિલ ! જે આરામ, ઉધાન, દેવકુલ, સભા, પ્રપામાં સ્ત્રી-પશુ-નપુંસક વર્જિત વસતિમાં પ્રાસુક એષણીય પીઠફલક શય્યા સંસ્તારક સ્વીકારીને વિચરું છું. તે પ્રાસુક વિહાર છે.*

*ભગવન્ ! આપને સરિસવ ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? સોમિલ ! સરિસવ મારે ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે. - - એમ કેમ કહો છો ?*



*હે સોમિલ! (તમારા) બ્રાહ્મણનયોમાં સરિસવ બે ભેદે છે. તે આ રીતે - મિત્ર સરિસવ અને ધાન્ય સરિસવ. તેમાં જે મિત્ર સરિસવ છે, તે ત્રણ ભેદે છે — સહજાત, સહવર્ધિત, સહપાંશુ કિડિત. આ ત્રણે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય સરિસવ છે, તે બે ભેદે છે - તે આ — શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત. તેમાં જે અશસ્ત્ર પરિણત છે તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે શસ્ત્ર પરિણત છે, તે બે ભેદે છે - એષણીય અને અનેષણીય. તેમાં જે અનેષણીય છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, તેમાં જે એષણીય છે, તે બે ભેદે છે - યાચિત અને અયાચિત. તેમાં જે અયાચિત છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે યચિત છે તે બે ભેદે છે - લબ્ધ અને અલબ્ધ. તેમાં જે અલબ્ધ છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે, તેમાં જે લબ્ધ છે, તે શ્રમણ નિર્ગ્રન્થોને ભક્ષ્ય છે. તેથી હે સોમિલ! એમ કહ્યું કે યાવત્ ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે.*

*ભગવન્ ! તમારે 'માસ' ભક્ષ્ય છે કે અભક્ષ્ય ? હે સોમિલ ! મારે 'માસ' ભક્ષ્ય પણ છે અને અભક્ષ્ય પણ છે. એમ કેમ કહો છો - x - ?*

*હે સોમિલ ! બ્રાહ્મણ નયોમાં 'માસ' બે ભેદે છે. તે આ રીતે — દ્રવ્ય માસ અને કાલમાસ. તેમાં જે કાલમાસ છે, તે શ્રાવણથી અષાઢ સુધી બાર ભેદે છે. તે આ રીતે — શ્રાવણ, ભાદ્રપદ, આસોજ, કાર્તિક, મૃગશિર, પોષ, માઘ, ફાલ્ગુન, ચૈત્ર, વૈશાખ, જ્યેષ્ઠ મૂલ, આષાઢ. તે (માસ) શ્રમણ નિર્ગ્રન્થને અભક્ષ્ય છે. તેમાં જે દ્રવ્ય માસ છે, તે બે ભેદે છે — અર્થમાસ, ધાન્યમાસ. તેમાં જે અર્થમાસ છે, તે બે ભેદે છે - સુવર્ણમાસ અને રૂપ્યમાસ. તે બંને શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્યમાસ છે, તે બે ભેદે છે - શસ્ત્ર પરિણત અને અશસ્ત્ર પરિણત. એ પ્રમાણે જેમ ધાન્યસરિસવમાં કહ્યું તેમ અહીં કહેવું યાવત્ તેથી કહ્યું કે યાવત્ અભક્ષ્ય છે.*

*ભગવન્ ! આપને કુલત્થા ભક્ષ્ય છે કે અભક્ષ્ય. હે સોમિલ ! કુલત્થા ભક્ષ્ય પણ છે, અભક્ષ્ય પણ છે. એમ કેમ કહ્યું યાવત્ અભક્ષ્ય છે ?*

*હે સોમિલ ! તમારા બ્રાહ્મણનયમાં કુલત્થા બે પ્રકારે છે. તે આ પ્રમાણે - સ્ત્રી કુલત્થા અને ધાન્ય કુલત્થા. તેમાં જે સ્ત્રીકુલત્થા છે, તે ત્રણ ભેદે છે. તે આ પ્રમાણે — કુલ કન્યા, કુલ વધૂ, કૂલ માતા. આ ત્રણે શ્રમણ નિર્ગ્રન્થોને અભક્ષ્ય છે. તેમાં જે ધાન્ય કુલત્થા છે૦ જેમ ધાન્ય સરિસવમાં કહ્યું તેમ જાણવું. તેથી એમ કહ્યું કે યાવત્ અભક્ષ્ય પણ છે.*

**● વિવેચન-૭૫૬ :-**

इमाइं - આ કહેવાનાર યાત્રા, યાપનીયાદિ. जत्त - યાન, યાત્રા એટલે સંયમ યોગમાં પ્રવૃત્તિ. जवणिज्जं - યાપનીય, મોક્ષમાર્ગમાં જતાં પ્રયોજક ઈન્દ્રિયાદિ વશ્યતારૂપ ધર્મ. अव्वाबाह - શરીરે બાધાનો અભાવ. फासुयविहार - પ્રાસુક વિહાર, નિર્જીવ આશ્રય. तवनियमादि०-तव - અનશન આદિ. नियम - તે વિષયક અભિગ્રહ વિશેષ. જેમકે આટલો તપ, સ્વાધ્યાય, વૈયાવચ્ચાદિ મારે અવશ્ય રાત્રિ-દિવસમાં કરવો. સંયમ

- પડિલેહણાદિ. સ્વાધ્યાય - ધર્મકથાદિ, ધ્યાન - ધર્મ આદિ. આવશ્યક - છ પ્રકારે.

આમાં જો કે ભગવંતને કિંચિત્ વિશેષથી સંભવતું નથી, તો પણ તેના ફળના સદ્‌ભાવથી, તે છે તેમ જાણવું. जयण - પ્રવૃત્તિ.

इंदियजवणिज्जं - ઈન્દ્રિયવિષયવશ્યત્વ. એ રીતે नोइंदिय० વિશેષ એ - નો શબ્દ મિશ્ર વચનત્વથી ઈન્દ્રિય વડે મિશ્ર સહ અર્થત્વથી કે ઈન્દ્રિયોને સહચરિત તે નોઈન્દ્રિય-કષાયો. આ યાત્રાદિ પદો સામયિક ગંભીર અર્થત્વથી ભગવંતને - x - તેમની અપભ્રાજનાર્થે પ્રશ્ન કરેલ.

सरिसव - સદૈશવય, અન્યત્ર સરસવ. दव्वमास - દ્રવ્યરૂપ માષ. कालमास - કાળરૂપ માસ. कुलत्था - કુલાંગના, અન્યત્ર ધાન્ય વિશેષ.

હવે ભગવંત વસ્તુ તત્ત્વજ્ઞાન જિજ્ઞાસાથી કહે છે —

● **સૂત્ર-૭૫૭ :-**

***ભગવન્ ! આપ એક છો, બે છો, અક્ષય છો, અવ્યય છો, અવસ્થિત છો કે અનેક ભૂતભાવ ભવિક છો ? હે સોમિલ ! હું એક પણ છું યાવત્ અનેકભૂત ભાવ ભાવિક પણ છું ભગવન્ ! કયા કારણે આપ એમ કહો છો કે યાવત્ હું ભાવિક પણ છું ?***

***હે સોમિલ! દ્રવ્યાર્થપણે હું એક છું, જ્ઞાન-દર્શન અર્થથી હું બે છું, પ્રદેશાર્થથી હું અક્ષય છું, અવ્યય છું અને અવસ્થિત પણ છું ઉપયોગ અર્થથી હું અનેક ભૂત-ભાવ-ભાવિક પણ છું, તે કારણથી યાવત્ હું ભાવિક પણ છું (તેમ કહ્યું).***

***(આ બધું સાંભળી) તે સોમિલ બ્રાહ્મણ સંબુદ્ધ થયો. શ્રમણ ભગવંત મહાવીરને૦ સ્કંદકની માફક યાવત્ તે જે કંઈ આપ કહો છો. જે પ્રકારે આપ દેવાનુપ્રિયની પાસે ઘણાં રાજા, ઈશ્વર એ પ્રમાણે જેમ 'રાયપ્પસેણઈય'માં ચિત્રસારથી યાવત્ બાર પ્રકારે શ્રાવક ધર્મને સ્વીકારે છે, સ્વીકારીને શ્રમણ ભગવંત મહાવીરને વાંદીને યાવત્ પાછો ગયો. ત્યારે તે સોમિલ બ્રાહ્મણ શ્રાવક થયો યાવત્ જીવાજીવનો જ્ઞાતા થયો યાવત્ વિચરણ કરવા લાગ્યો.***

***ભંતે ! એમ સંબોધન કરીને, ગૌતમસ્વામી, શ્રમણ ભગવંત મહાવીરને વંદે છે, નમે છે. વાંદી-નમીને પૂછ્યું — હે ભગવન્ ! સોમિલ બ્રાહ્મણ આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને૦ ? જેમ શંખ શ્રાવકમાં કહ્યું, તેમ સંપૂર્ણ કહેવું યાવત્ અંત કરશે.***

***ભગવન્ ! તે એમજ છે, એમજ છે, યાવત્ વિચરે છે.***

● **વિવેચન-૭૫૭ :-**

एगेभवे - આપ એક છો, એ પ્રમાણે એકત્વને સ્વીકારીને ભગવંતે શ્રોત્રાદિ અવયવોના, પોતાને અનેક લબ્ધિથી એકત્વ દૂષણ આપશે એ બુદ્ધિએ આમ કહ્યું. આપ બે છો, એમ દ્વિત્વના સ્વીકારમાં એકત્વ વિશિષ્ટ અર્થતા દ્વિત્વ વિરોધથી મને દ્વિત્વનું દુષણ આપશે, એ બુદ્ધિએ ઉત્તર આપ્યો.

અક્ષય આદિ ત્રણ પદ વડે નિત્ય આત્મ પક્ષ જણાવ્યો. અનેકમાં ભૂત-





અતીત, ભાવ-સત્તાપરિણામ, ભવ્ય-જે ભાવિમાં છે તે. આના દ્વારા અતીત અને ભવિષ્યત્ સત્તા પ્રશ્ન વડે અનિત્યતા પક્ષ સ્થાપ્યો. એક તર પરિગ્રહમાં તેને જ દૂષણ થાય, તેથી ભગવંતે સ્યાદ્વાદના નિખિલ દોષગોચર અતિક્રાંતપણાને અવલંબીને ઉત્તર આપ્યો. કઈ રીતે ?

દ્રવ્યાર્થતાથી - જીવદ્રવ્યના એકત્વથી 'હું એક છું' પણ પ્રદેશાર્થતાથી નહીં. અનેકત્વથી હું છું એવા અવયવવાદીના એકત્વોપલંભ બાધક નથી. - x - પદાર્થના સ્વભાવાંતર બેની અપેક્ષાથી દ્વિત્વ પણ અવિરુદ્ધ છે તેથી કહ્યું — જ્ઞાન, દર્શન અર્થપણે હું બે છું. - x - જેમ એકજ દેવદત્તાદિ પુરુષ તે તે અપેક્ષાએ પિતૃત્વ, પુત્રત્વ, ભ્રાતૃત્વ, આદિ અનેક સ્વભાવે હોઈ શકે. - - - પ્રદેશાર્થતાથી અસંખ્યાત પ્રદેશતાને આશ્રીને હું અક્ષત પણ છું કેમકે સર્વથા પ્રદેશોના ક્ષયનો અભાવ છે તથા હું અવ્યય પણ છું કેમકે કેટલાંક વ્યયનો અભાવ છે. - x -

વળી અવસ્થિત અર્થાત્ હું નિત્ય પણ છું, અસંખ્યાત પ્રદેશિતા જ ક્યારેય પણ દૂર થતી નથી, તેથી નિત્યતાના સ્વીકારમાં દોષ નથી તથા - - ઉપયોગ અર્થપણે - વિવિધ વિષયમાં અનુપયોગપણાને આશ્રીને અનેકભૂત-ભાવ-ભવિક પણ હું છું. કેમકે ભૂત-ભાવિ કાળમાં અનેક વિષય બોધના આત્માના કથંચિત્ ભિન્ન ભૂતત્વ અને ભાવિત્વથી અનિત્યપક્ષમાં પણ અહીં દોષ નથી.

જેમ 'રાયપ્પસેણઈય'માં આદિ. વડે જે સૂચવેલ છે, તે કંઈક અર્થથી દર્શાવે છે - જેમ દેવાનુપ્રિયની પાસે ઘણાં રાજા, ઈશ્વર, તલવર આદિ, હિરણ્ય-સુવર્ણાદિ ત્યજીને મુંડ થઈને, ઘર છોડીને, અનગારિતા પ્રવ્રજ્યા લે છે, તેમ હું પ્રવ્રજિત થવા સમર્થ નથી, તેથી હું અણુવ્રતાદિ ગૃહસ્થ ધર્મ, ભગવંતની પાસે સ્વીકારું ઈત્યાદિ - x - x -

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૮-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

## 卐 શતક-૧૯ 卐

-- x -- x --

૦ શતક-૧૮ની વ્યાખ્યા કરી, હવે અવસરે આવેલ શતક-૧૯ કહે છે.

● **સૂત્ર-૭૫૮ :-**

*લેશ્યા, ગર્ભ, પૃથ્વી, મહાસવ, ચરમ, દ્વીપ, ભવન, નિર્વૃતિ, કરણ, વનચરસુર, આ દશ ઉદ્દેશકો, શતક-૧૯-માં છે.*

● **વિવેચન-૭૫૮ :-**

(૧) લેશ્યા-પહેલા ઉદ્દેશામાં કહેવી, તેથી આને લેશ્યા ઉદ્દેશક કહ્યો. એ પ્રમાણે બીજે પણ કહેવું. (૨) ગર્ભ-ગર્ભ અભિધાયક, (૩) પૃથ્વી-પૃથ્વીકાયિક આદિ વક્તવ્યતા. (૪) મહાસ્રવ-નારકા, મહાશ્રવ, મહાક્રિયા આદિ પદાર્થ. (૫) ચરમ-અલ્પસ્થિતિક નારકાદિ વડે પરમ-મહાસ્થિતિકતાથી મહાકર્મવાળા આદિ અર્થ પ્રતિપાદનાર્થે. (૬) દ્વીપ-દ્વીપ અભિધાનાર્થે, (૭) ભવન-ભવનાદિ અર્થાભિધાનાર્થે, (૮) નિર્વૃત્તિ-શરીરાદિની નિષ્પત્તિ, (૯) કરણ-કરણાર્થે. (૧૦) વનચરસુર-વ્યંતર દેવોની વક્તવ્યતા.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૧-"લેશ્યા" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ તેમાં પહેલો ઉદ્દેશો વ્યાખ્યાયિત કરીએ છીએ. તેનું આદિ સૂત્ર —

● **સૂત્ર-૭૫૯ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! લેશ્યા કેટલી છે ? ગૌતમ ! છ. તે આ પ્રમાણે - જેમ પન્નવણાનો ચોથો લેશ્યા ઉદ્દેશો સંપૂર્ણ કહેવો. ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૫૯ :-**

'પ્રજ્ઞાપના' સૂત્રના પદ-૧૭ નો ઉદ્દેશો-૪-લેશ્યા ઉદ્દેશો આ સ્થાને કહેવો. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા ઈત્યાદિ.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૨-"ગર્ભ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ લેશ્યા અધિકારવાળા બીજા ઉદ્દેશાનું આદિ સૂત્ર —

● **સૂત્ર-૭૬૦ :-**

*ભગવન્ ! લેશ્યાઓ કેટલી છે ? એ રીતે જેમ પન્નવણાનો ગર્ભ ઉદ્દેશો છે, તે સંપૂર્ણ કહેવો. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૬૦ :-**

एवं - આ ક્રમ વડે જેમ 'પ્રજ્ઞાપના' સૂત્રમાં ૧૭માં પદમાં છટ્ઠો ગર્ભોદ્દેશક-ગર્ભસૂત્ર ઉપલક્ષિત ઉદ્દેશો છે, તે અહીં કહેવો. તેના ન્યૂનાધિકત્વ પરિહારાર્થે કહ્યું કે — સંપૂર્ણ ઉદ્દેશો કહેવો. આના દ્વારા જે સૂચવ્યું તે આ છે - ગૌતમ ! છ લેશ્યા છે. તે આ - કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા. - - ભગવન્ ! મનુષ્યોને કેટલી લેશ્યા છે ? ગૌતમ ! છ, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, આદિ.



જે સૂત્રોને આશ્રીને ગર્ભ ઉદ્દેશક અહીં કહ્યો તે આ છે - ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય કૃષ્ણલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, ગૌતમ ! કરે. ભગવન્ ! કૃષ્ણલેશ્યી મનુષ્ય, નીલલેશ્યી ગર્ભને ઉત્પન્ન કરે ? હા, ગૌતમ ! કરે. આદિ.

### ❁ શતક-૧૯, ઉદ્દેશો-૩-"પૃથ્વી" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ બીજા ઉદ્દેશામાં લેશ્યા કહી, પૃથ્વીકાયિકાદિત્વથી ઉત્પન્ન થાય. તેથી ત્રીજા ઉદ્દેશામાં પૃથ્વીકાયિકાદિને નીરૂપે છે. આ સંબંધે આદિ સૂત્ર —

● **સૂત્ર-૭૬૧ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! શું કદાચિત્ યાવત્ ચાર, પાંચ પૃથ્વીકાયિક મળીને સાધારણ શરીર બાંધે છે ? બાંધીને પછી આહાર કરે છે. પરિણમાવે છે, શરીરનો બંધ કરે છે ? ના, તે અર્થ સમર્થ નથી. કેમકે પૃથ્વીકાયિક જીવ પ્રત્યેક આહારી, પ્રત્યેક પરિણામી, પ્રત્યેક શરીર બાંધે છે. ત્યારપછી તેઓ આહાર કરે છે, પરિણમાવે છે, શરીર બાંધે છે.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! ચાર. તે આ — કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા. - - ભગવન્ ! તે જીવો શું સમ્યક્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્મિથ્યાદૃષ્ટિ છે ? ગૌતમ ! તેઓ સમ્યક્દૃષ્ટિ કે સમ્યક્મિથ્યાદૃષ્ટિ નથી, મિથ્યાદૃષ્ટિ છે.*

*ભગવન્ ! તે જીવો શું જ્ઞાની છે કે અજ્ઞાની ? ગૌતમ ! જ્ઞાની નથી. અજ્ઞાની છે. તે આ - મતિ અજ્ઞાની, શ્રુત અજ્ઞાની.*

*ભગવન્ ! તે જીવો શું મનોયોગી, વચનયોગી, કાયયોગી છે ? ગૌતમ ! મનોયોગી કે વચનયોગી નથી. કાયયોગી છે.*

*ભગવન્ ! તે જીવો શું સાકારોપયુક્ત, અનાકારોપયુક્ત છે ? ગૌતમ ! સાકારોપયુક્ત પણ છે, અનાકારોપયુક્ત પણ છે.*

*ભગવન્ ! તે જીવો શું આહાર કરે છે ? ગૌતમ ! દ્રવ્યથી અનંત પ્રદેશિક દ્રવ્યો૦ એ રીતે જેમ પન્નવણાના પહેલા આહારોદ્દેશકમાં કહ્યું છે, તેમ યાવત્ સર્વ આત્મપ્રદેશથી આહાર કરે છે - ત્યાં સુધી કહેવું.*

*ભગવન્ ! તે જીવો જે આહાર કરે છે, તેનો ચય થાય છે અને જે આહાર નથી કરતા, તેનો ચય નથી થતો ? ચીર્ણ આહાર બહાર નીકળે છે અથવા શરીરાદિરૂપે પરિણમે છે ? હા, ગૌતમ ! યાવત્ તેમજ છે.*

*ભગવન્ ! તે જીવોને એ પ્રમાણે સંજ્ઞા, પ્રજ્ઞા, મન અને વચન હોય છે કે — અમે આહાર કરીએ છીએ ? ના, તે અર્થ સમર્થ નથી. તો પણ તેઓ આહાર તો કરે જ છે. - - - ભગવન્ ! તે જીવોને એ પ્રમાણે સંજ્ઞા યાવત્ વચન હોય છે કે — અમે ઈષ્ટ-અનિષ્ટ સ્પર્શને વેદે કે પ્રતિસંવેદે છે ? ના, તે અર્થ સમર્થ નથી, તો પણ તેઓ વેદન-પ્રતિસંવેદન કરે છે.*

*ભગવન્ ! તે જીવો શું પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન યાવત્*

***મિથ્યાદર્શનશલ્ય રહેલા છે ? ગૌતમ ! પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્યમાં રહેલા હોય છે. તે જીવો બીજા જીવોની હિંસાદિ કરે છે, તેઓને પણ આજીવ અમારી હિંસાદિ કરનાર છે, તેવું ભેદ જ્ઞાન હોતું નથી.***

***ભગવન્ ! તે જીવો ક્યાંથી આવીને ઉત્પન્ન થાય છે ? શું તેઓ નૈરયિકોથી આવીને ઉત્પન્ન થાય છે ? એ પ્રમાણે જેમ વ્યુત્ક્રાંતિ પદમાં પૃથ્વીકાયિકનો ઉત્પાદ કહ્યો, તેમ અહીં કહેવો.***

***ભગવન્ ! તે જીવોની કેટલી કાળ સ્થિતિ છે ? ગૌતમ ! જઘન્યા અંતર્મુહૂર્ત્ત અને ઉત્કૃષ્ટી બાવીશ હજાર વર્ષ.***

***ભગવન્ ! તે જીવોને કેટલા સમુદ્ઘાતો છે ? ગૌતમ ! ત્રણ, તે આ છે — વેદના, કષાય, મારણાંતિક સમુદ્ઘાત. - - ભગવન્ ! તે જીવો મારણાંતિક સમુદ્ઘાતથી સમવહત થઈ મરે કે અસમવહત થઈને મરે ? ગૌતમ ! સમવહત થઈને પણ મરે, અસમવહત થઈને પણ મરે.***

***ભગવન્ ! તે જીવો અનંતર ઉદ્વર્તીને ક્યાં જાય છે ? ક્યાં ઉત્પન્ન થાય છે ? વ્યુત્ક્રાંતિ પદ મુજબ ઉદ્વર્તના કહેવી.***

***ભગવન્ ! શું યાવત્ ચાર-પાંચ અપ્કાયિક ભેગા થઈને એક સાધારણ શરીર બાંધે છે ? બાંધીને પછી આહાર કરે છે ? જે પૃથ્વીકાયિકના આલાવા છે, તે જ અહીં કહેવા યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ એ કે — સ્થિતિ ઉત્કૃષ્ટથી ૭૦૦૦ વર્ષ કહેવી. બાકી બધું પૂર્વવત્.***

***ભગવન્ ! શું યાવત્ ચાર-પાંચ તેઉકાયિક૦ ? પૂર્વવત્. વિશેષ એ કે — ઉત્પાદ, સ્થિતિ, ઉદ્વર્તના પન્નવણા મુજબ, બાકી પૂર્વવત્ કહેવું.***

***વાયુકાયિકને એ પ્રમાણે જ જાણવા. સમુદ્ઘાત ચાર કહેવા.***

***ભગવન્ ! કદાચ યાવત્ ચાર-પાંચ વનસ્પતિકાયિક૦ પૃચ્છા, ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. અનંતા વનસ્પતિકાયિક એકઠા થઈ સાધારણ શરીર બાંધે છે. બાંધીને ત્યારપછી આહાર કરે છે, પરિણમાવે છે. બાકી બધું તેઉકાયિકવત્ કહેવું યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ આ કે — આહાર નિયમા છ દિશાથી, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી પણ અંતર્મુહૂર્ત્ત. બાકી પૂર્વવત્.***

**● વિવેચન-૭૬૧ :-**

આ દ્વાર ગાથા ક્યાંક દેખાય છે — સ્યાત્, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ, ઉપયોગ, કિમાહાર, પ્રાણાતિપાત, ઉત્પાદ, સ્થિતિ, સમુદ્ઘાત, ઉદ્વર્તના, આનો અર્થ વનસ્પતિદંડકાંત ઉદ્દેશકાર્થથી જાણવો.

તેમાં 'સ્યાત્' દ્વારમાં - સ્યાત્ એટલે થાય અથવા પ્રાયઃ પૃથ્વીકાયિક પ્રત્યેકશરીર બાંધે એ સિદ્ધ થયું. પણ સિય - સ્યાત્ એટલે કદાચિત્ 'યાવત્ ચાર-પાંચ પૃથ્વીકાય, અહીં યાવત્ શબ્દથી બે કે ત્રણ અને ઉપલક્ષણત્વથી વધારે પૃથ્વીકાયિક જીવો. एगओ - એકભૂત, સંયુજ્ય. સામાન્ય શરીર બાંધે. તેના યોગ્ય પુદ્ગલ ગ્રહણ કરીને. आहारेंति - વિશેષ આહાર અપેક્ષાથી સામાન્ય આહારના અવિશિષ્ટ શરીર બંધન



સમયે. અથવા આહાર કરીને પરિણમાવેલા પુદ્ગલ વડે શરીરના પૂર્વબંધની અપેક્ષાએ વિશેષથી બંધ કરે, એમ અર્થ કહેવો. - - આ અર્થ સમર્થ નથી કેમકે પૃથ્વીકાયિકો પ્રત્યેકાહારી, પ્રત્યેક પરિણામી છે, તેથી પ્રત્યેક શરીર બાંધે છે, તે તેને યોગ્ય પુદ્ગલ ગ્રહણથી તેનો આહાર કરે છે.

'કિમાહાર' દ્વારમાં - પ્રજ્ઞાપનાના ૨૮માં પદના પહેલા 'આહાર' નામક ઉદ્દેશામાં સૂત્ર છે, તે આમ કહેવું — ક્ષેત્રથી અસંખ્યપ્રદેશાવગાઢ, કાળથી કોઈપણ કાળસ્થિતિ, ભાવથી વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા ઈત્યાદિ. तं चिज्जइ - તે પુદ્ગલો શરીર, ઈન્દ્રિયપણે પરિણમે છે. ચીર્ણ-આહારિત તે પુદ્ગલો મળવત્ વિનાશ પામે, સારરૂપે શરીર, ઈન્દ્રિયપણે પરિણમે. पलिसप्पइ - પરિપ્રવર્તે છે. पन्ना - પ્રજ્ઞા, સૂક્ષ્માર્થ વિષયામતિ, मणोइ - મનોદ્રવ્ય સ્વભાવ. वई - વાક્દ્રવ્ય શ્રુતરૂપ.

'પ્રાણાતિપાત' દ્વારમાં - પ્રાણાતિપાત વૃત્તિ. - x - આવા વચનાદિ અભાવે પણ પૃથ્વીકાયિકાદિને મૃષાવાદાદિ વડે કહે છે, તે મૃષાવાદાદિ અવિરતિ આશ્રીને કહેવાય છે, હવે હણાયેલ જીવોનો શો વૃત્તાંત છે, તે કહે છે — જેમાં જીવોનો અતિપાતાદિ વિષયભૂત પ્રસ્તાવથી પૃથ્વીકાયિકના સંબંધિ અતિપાતાદિ વડે અતિપાતાદિકારી જીવ કહેવાય. તે જીવોના અતિપાતાદિ વિષયભૂત, માત્ર ઘાતક નહીં

'ઉત્પાદ' દ્વારમાં, વ્યુત્ક્રાંતિપદ મુજબ, આ પ્રજ્ઞાપનાનું છટ્ઠું પદ છે, આના વડે સૂચવે છે — શું નૈરયિક, તિર્યંચ, મનુષ્ય કે દેવથી આવીને ઉપજે છે ? ગૌતમ ! નૈરયિકથી આવીને ન ઉપજે, તિર્યંચ, મનુષ્ય, દેવથી આવીને ઉપજે છે. - - - સમુદ્ઘાતદ્વારમાં - સમુદ્ઘાતમાં વર્તતા કરેલ દંડ અથવા દંડથી વિરમીને સમુદ્ઘાત કર્યા વિના.

'ઉદ્વર્તના' દ્વારમાં - વ્યુત્ક્રાંતિપદ મુજબ - શું નૈરયિકમાં કે યાવત્ દેવમાં ? ગૌતમ ! નૈરયિક કે દેવમાં ન ઉપજે, તિર્યંચ કે મનુષ્યમાં ઉપજે છે. તેજસ્કાયિક દંડકમાં, અહીં સ્યાત્ આદિ દ્વારો પૃથ્વીકાયિક દંડકવત્ કહેવા. ઉત્પાદાદિમાં આટલું વિશેષ છે. - તેઓનો ઉત્પાદ તિર્યંચ અને મનુષ્યોથી જ છે, સ્થિતિ ઉત્કૃષ્ટે ત્રણ અહોરાત્ર, ત્યાંથી ઉદ્વર્તીને તેઓ તિર્યંચમાં જ ઉત્પન્ન થાય છે. જેમ ઉત્પાદ વિશેષ છે, તેમ લેશ્યામાં પણ તેઓ અપ્રશસ્ત તેજોલેશ્યી જ છે. પૃથ્વીકાયિકને પહેલી ચાર લેશ્યા છે. - x - વાયુકાય દંડકમાં - વેદના, કષાય, મારણાંતિક, વૈક્રિયરૂપ ચાર સમુદ્ઘાત સંભવે છે કેમકે તેમને વૈક્રિય શરીર સંભવે. વનસ્પતિકાયિક દંડકમાં જે 'નિયમા છ દિશામાંથી આહાર' છે, તેમ કહ્યું તે સમજાતું નથી. લોકાંત નિષ્કુટોને આશ્રીને ત્રણ દિશામાંથી આહાર તેમને સંભવે છે, અથવા બાદર નિગોદને આશ્રીને આ જાણવું.

આ જ પૃથ્વી આદિની અવગાહના, અલ્પત્વાદિ નિરૂપણ —

**● સૂત્ર-૭૬૨ :-**

***ભગવન્ ! આ સૂક્ષ્મ-બાદર, પર્યાપ્તા-અપર્યાપ્તા પૃથ્વી-અપ્-તેઉ-વાયુ અને વનસ્પતિકાયિક જીવોની જઘન્ય અને ઉત્કૃષ્ટ અવગાહનાઓમાંથી કોણ કોનાથી***

*યાવત્ વિશેષાધિક છે ?*

*ગૌતમ ! (૧) સૌથી થોડી અપર્યાપ્તા સૂક્ષ્મ નિગોદની જઘન્ય અવગાહના, (૨) અપર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૩) અપર્યાપ્તા સૂક્ષ્મ તેઉકાયની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૪) અપર્યાપ્તા સૂક્ષ્મ અપ્કાયની જઘન્યા અસંખ્યાતગણી, (૫) અપર્યાપ્તા સૂક્ષ્મ પૃથ્વી૦ની જઘન્યા અસંખ્યાતગણી.*

*(૬) અપર્યાપ્તા બાદરવાયુ૦ની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૭) અપર્યાપ્તા બાદર તેઉની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૮) અપર્યાપ્તા બાદર અપ્કાયની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૯) અપર્યાપ્તા બાદર પૃથ્વીની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૧૦,૧૧) પર્યાપ્તા-અપર્યાપ્તા પ્રત્યેકશરીરી બાદર વનસ્પતિકાયની બાદર નિગોદની જઘન્યા અવગાહના બંને તુલ્ય અને અસંખ્યાતગણી.*

*(૧૨) તેનાથી પર્યાપ્તા સૂક્ષ્મનિગોદની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૧૩) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક (૧૪) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક. (૧૫) પર્યાપ્તા સૂક્ષ્મ વાયુકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી. (૧૬) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક. (૧૭) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી વિશેષાધિક, (૧૮ થી ૨૦) એ પ્રમાણે સૂક્ષ્મ તેઉકાયની જાણવી.*

*(૨૧ થી ૨૩) એ પ્રમાણે સૂક્ષ્મ અપ્કાય પણ છે. (૨૪ થી ૨૬) એ રીતે સૂક્ષ્મ પૃથ્વીકાયિક, તે વિશેષાધિક છે. (૨૭ થી ૨૯) એ રીતે બાદર વાયુકાયિક૦ તે તે વિશેષાધિક છે (૩૦ થી ૩૨) એ રીતે બાદર તેઉકાયિક૦ વિશેષાધિક છે. (૩૩ થી ૩૫) એ રીતે બાદર અપ્કાયિકની૦ વિશેષાધિક. (૩૬) થી ૩૮) એ રીતે બાદર પૃથ્વીકાયિકની૦ વિશેષાધિક છે. - - બધી ત્રણ ગમ વડે કહેવી.*

*(૩૯) પર્યાપ્તા બાદરનિગોદની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી, (૪૦) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક છે. (૪૧) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના વિશેષાધિક, (૪૨) પર્યાપ્તા પ્રત્યેક શરીર બાદર વનસ્પતિકાયિકની જઘન્યા અવગાહના અસંખ્યાતગણી (૪૩) તેની જ અપર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના અસંખ્યાતગણી. (૪૪) તેની જ પર્યાપ્તાની ઉત્કૃષ્ટી અવગાહના અસંખ્યાતગણી છે.*

● **વિવેચન-૭૬૨ :-**

અહીં પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-નિગોદના પ્રત્યેક, સૂક્ષ્મ, બાદર ભેદો છે. એ રીતે આ દશ અને અગિયાર પ્રત્યેક વનસ્પતિ, એ પ્રત્યેકના પર્યાપ્તા-અપર્યાપ્તા એમ ૨૨-ભેદ થયા. તે પણ જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના એ રીતે ૪૪-ભેદ, જીવ ભેદોમાં સ્તોકાદિ પદથી અવગાહના કહેવી.

સ્થાપના આ રીતે — પૃથ્વીકાયની નીચે સૂક્ષ્મ-બાદર પદ, તેની નીચે પ્રત્યેકને



પર્યાપ્તા-અપર્યાપ્તા પદ, તેની નીચે પ્રત્યેકની જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના. એ રીતે અપ્કાયિકાદિ પણ સ્થાપવા, પ્રત્યેક વનસ્પતિની નીચે પર્યાપ્તા-અપર્યાપ્તા બે પદ, તેની નીચે પ્રત્યેકની જઘન્ય-ઉત્કૃષ્ટી અવગાહના લેવી. આ પૃથ્વી આદિની અંગુલની અસંખ્યાત ભાગ માત્ર અવગાહનત્વ છતાં અસંખ્યેય ભેદત્વથી અંગુલનો અસંખ્યાત ભાગ, બીજા-બીજાની અપેક્ષાએ અસંખ્યગુમત્વમાં વિરોધ નથી. પ્રત્યેક શરીર વનસ્પતિની ઉત્કૃષ્ટ અવગાહના સમધિક ૧૦૦૦ યોજન જાણવી.

પૃથ્વી આદિના જે અવગાહના ભેદો, તેનું સ્તોકાદિ કહ્યું. હવે કાયાને આશ્રીને તેનું જ ઈતર-ઈતર અપેક્ષાએ સૂક્ષ્મત્વ કહે છે —

● **સૂત્ર-૭૬૩ :-**

*ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સર્વેથી સૂક્ષ્મતર છે ?*

*ગૌતમ ! વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મ, વનસ્પતિકાયિક સૌથી સૂક્ષ્મતર છે - - ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! વાયુકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - - ભગવન્ ! આ પૃથ્વી-અપ્-તેઉકાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! તેઉકાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - - ભગવન્ ! આ પૃથવીકાયિક, અપ્કાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે - - ભગવન્ ! આ પૃથ્વીકાયિક, અપ્કાયિકમાં કઈ કાય સૌથી સૂક્ષ્મ અને કઈ કાય સૌથી સૂક્ષ્મતર છે ? ગૌતમ ! અપ્કાય સૌથી સૂક્ષ્મ અને સૂક્ષ્મતર છે. - -*

*ભગવન્! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુ-વનસ્પતિકાયિકમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! વનસ્પતિકાય સૌથી બાદર અને બાદરતર છે. - - ભગવન્! આ પૃથ્વી-અપ્-તેઉ-વાયુકાયિકમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! પૃથ્વીકાય સૌથી બાદર અને સૌથી બાદરતર છે. ભગવન્! આ અપ્કાય-તેઉકાય-વાયુકાયની કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! અપ્કાય સૌથી બાદર, સૌથી બાદરતર છે, ભગવન્! આ તેઉકાય અને વાયુકાયમાં કઈ કાય સૌથી બાદર, કઈ કાય સૌથી બાદરતર છે? ગૌતમ! તેઉકાય સૌથી બાદર, સૌથી બાદરતર છે.*

*ભગવન્ ! પૃથ્વી શરીર કેટલું મોટું છે ? ગૌતમ ! અનંત સૂક્ષ્મવનસ્પતિ-કાયિકના જેટલા શરીરો છે, તેટલા સૂક્ષ્મ વાયુકાયના શરીર થાય છે, અસંખ્યાત સૂક્ષ્મ વાયુકાયિકના જેટલા શરીરો છે, તેટલું એક સૂક્ષ્મ અગ્નિકાયનું શરીર થાય છે. અસંખ્યાત સૂક્ષ્મતેઉકાયના જેટલા શરીર છે, તેટલું એક સૂક્ષ્મ અપ્કાયનું શરીર છે. અસંખ્યાત સૂક્ષ્મ અપ્કાયના જેટલા શરીર છે, તેટલું એક સૂક્ષ્મ પૃથ્વીકાયનું શરીર છે —*

*— અસંખ્યાત સૂક્ષ્મ પૃથ્વીકાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર*

*વાયુકાયનું શરીર છે. અસંખ્યાત બાદર વાયુકાયિકના જેટલા શરીર છે, તેટલું એક બાદર તેઉકાયનું શરીર છે, અસંખ્યાત બાદર તેઉકાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર અપ્‌કાયનું શરીર છે, અસંખ્યાત બાદર અપ્‌કાયના જેટલા શરીર છે. તેટલું એક બાદર અપ્‌કાયનું શરીર છે, અસંખ્યાત બાદર અપ્‌કાયના જેટલા શરીર છે, તેટલું એક બાદર પૃથ્વીકાયનું શરીર છે ગૌતમ ! પૃથ્વીકાયનું શરીર આટલું મોટું કહ્યું છે.*

**● વિવેચન-૭૬૩ :-**

कयरे काए - કેટલા જીવનિકાય, સર્વસુહૂમ-સૌથી સૂક્ષ્મ, આ ચક્ષુથી અગ્રાહ્યતા માત્રથી બીજા પદાર્થની અપેક્ષા વિના છે. જેમ સૂક્ષ્મવાયુ. સૂક્ષ્મ મન, તેથી કહે છે – બધાં મધ્યે અતિશય સૂક્ષ્મતર, તે સૂક્ષ્મતરક.

સૂક્ષ્મ વિપરીત બાદર, તેથી સૂક્ષ્મત્વના નિરૂપણ પછી પૃથ્વી આદિના બાદરત્વનું નિરૂપણ કરે છે. પૂર્વોક્ત અર્થ બીજા પ્રકારે કહે છે –

અનંતા સૂક્ષ્મ વનસ્પતિકાયિકોના જેટલા શરીરો છે, તે એક સૂક્ષ્મ વાયુનું શરીર છે. અહીં યાવત્ ગ્રહણથી અસંખ્યાત શરીરો લેવા, અનંત વનસ્પતિના એકથી અસંખ્યાત શરીરત્વથી તેના અનંત શરીરનો અભાવથી પૂર્વે સૂક્ષ્મ વનસ્પતિ અવગાહના અપેક્ષાએ સૂક્ષ્મ વાયુ અવગાહનાનું અસંખ્યાત ગુણત્વ કહ્યું. વાયુ જ જેનું શરીર છે તે, સૂક્ષ્મપણાથી, સૂક્ષ્મ વાયુશરીર, તેનું અસંખ્યાતપણું - x - જેટલા શરીર પ્રત્યેક શરીરપણાથી છે, તેમનું અસંખ્યાતપણું. બીજી રીતે અવગાહના –

**● સૂત્ર-૭૬૪ :-**

*ભગવન્! પૃથ્વીકાયિકની શરીરાવગાહના કેટલી મોટી છે? ગૌતમ! જેમ કોઈ ચાતુરંત ચક્રવર્તી રાજાની ચંદન ઘસનારી દાસી તરુણ, બળવાન્, યુગવાન્, યુવાન, રોગરહિત યાવત્ નિપુણ-શિલ્પકર્મવાળી હોય, વિશેષ - અહીં ચર્મેષ્ઠ, દ્રુઘણ, મુષ્ટિક આદિ વ્યાયામ સાધનોથી સુદૃઢ બનેલ શરીરવાળી, ઈત્યાદિ વિશેષણ ન કહેવા. બાકી પૂર્વવત્ યાવત્ નિપુણ શીલ્પકર્મવાળી, વજ્રમય તિક્ષ્ણ શિલાપર, વજ્રમય તીક્ષ્ણ લોહથી લાખના ગોળાની સમાન, પૃથ્વીકાયનો મોટો પિંડ લઈને વારંવાર એકઠો કરતી અને સંક્ષેપતી - હું હમણાં પીસી નાંખીશ, એમ વિચારતી ૨૧-વાર પીસે. તો હે ગૌતમ! કેટલાંક પૃથ્વીકાયિક સ્પર્શ પામે અને કેટલાંક પૃથ્વીકાય સ્પર્શ ન પામે. કેટલાંક સંઘટ્ટન પામે અને કેટલાંક સંઘટ્ટન ન પામે, કેટલાંક પીડા પામે અને કેટલાંક પીડા ન પામે, કેટલાંક ઉદ્વર્તે અને કેટલાંક ન ઉદ્વર્તે. કેટલાંક પીસાય અને કેટલાંક ન પીસાય. હે ગૌતમ! પૃથ્વીકાયિકની આટલી મોટી શરીરાવગાહના છે.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક આક્રાંત થતા કેવી વેદના અનુભવતા વિચરે છે ? ગૌતમ ! જેમ કોઈ તરુણ, બળવાન્ યાવત્ નિપુણશિલ્પકર્મી એક પુરુષ હોય, તે કોઈ જીર્ણ, જરાજર્જરિત દેહવાળા યાવત્ દુર્બળ પુરુષના મસ્તકે મુટ્ઠી વડે પ્રહાર કરે, તો તે પુરુષના મુટ્ઠી પ્રહારથી તે વૃદ્ધ કેવી પીડા અનુભવે છે ? હે આયુષ્યમાન્ શ્રમણ ! તે અનિષ્ટ પીડા અનુભવે. તેમ હે ગૌતમ ! તે પુરુષની વેદના કરતા, પૃથ્વીકાયિક જીવ આક્રાંત થાય ત્યારે આથી પણ અધિકતર અનિષ્ઠ, અકાંત યાવત્ અમણામ વેદનાને અનુભવતા વિચરે છે.*



*ભગવન્ ! અપ્‌કાય, સંઘટ્ટન પામતા કેવી વેદના અનુભવે ? ગૌતમ ! જેમ પૃથ્વીકાયિકમાં કહ્યું તેમ જાણવું. એ રીતે તેઉકાય અને વાયુકાયમાં પણ જાણવું, એ રીતે વનસ્પતિકાયિક પણ જાણવું યાવત્ વિચરે છે ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૬૪ :-**

વર્ણકપેસિકા - ચંદનપીસનારી, તરુણી-વિકસતી વયવાળી, બલવં-સામર્થ્યવાળી, જુગવં-સુષમદુષમાદિ વિશિષ્ટકાળવાળી. જુવાણિ-વયને પ્રાપ્ત. અપ્પાયંક-નીરોગી, (વર્ણન) - સ્થિર હસ્તાગ્ર, દૃઢ હાથ-પગ-પીઠ-ઉરુ આદિવાળી. અહીં ચર્મેષ્ટ, દુઘણ આદિ ન કહેવું. - x - x - x - તિક્‌ખ-કઠોર, वइरामईए - વજ્રમયી, તે જ છેદરહિત, કઠિન હોય છે સણહકરણીય - જેમાં ચૂર્ણરૂપ દ્રવ્યો કરાય છે તે પેષણશિલા. વર્તકવરેણ - લોષ્ટકપ્રધાન, પુઢવિકાઈય - પૃથ્વીકાયિકનો સમુદય. જતુ ગોલા સમાન - ડિંભરૂપ રમવાના લાખના ગોળા પ્રમાણ અર્થાત્ બહુ મોટા નહીં.

પડિસાહરિએ૦ પ્રતિસંહરણ શિલાના અને શિલાપુત્રકને સંહરીને પિંડરૂપ કરણ - x - કેટલાંક શિલામાં કે શિલાપુત્રકમાં ચોંટે છે, સંઘર્ષિત થાય, પીડાય, મરે છે. કઈ રીતે ? પીસાઈને. આટલા મોટા અર્થાત્ અતિસૂક્ષ્મ છે. વિશિષ્ટ પેષણ સામગ્રીમાં (પણ) કેટલાંક પીસાઈને સ્પર્શ પણ પામતા નથી. - x - સંઘટ્ટ એ આક્રમણનો ભેદ છે તેથી આક્રાંત પૃથ્વી આદિને જેવી વેદના થાય છે તે કહી – મુટ્ઠી વડે આક્રમણ કરાતાં, - x - ઉક્ત લક્ષણા વેદના હોવાથી આમ કહ્યું.

## ❀ શતક-૧૯, ઉદ્દેશો-૪-"મહાશ્રવ" ❀

— x — x — x — x — x — x —

૦ પૃથ્વીકાયાદિ મહાવેદના ત્રીજા ઉદ્દેશામાં કહી, ચોથા ઉદ્દેશામાં નારકાદિ મહાવેદનાદિ ધર્મ વડે નિરૂપે છે, એ સંબંધે આવેલ સૂત્ર –

**● સૂત્ર-૭૬૫ :-**

*ભગવન્ ! (૧) શું નૈરયિક જીવ મહાસ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! આ અર્થ સમર્થ નથી. (૨) ભગવન્ ! નૈરયિકો, મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? હા, છે. (૩) ભગવન્ ! નૈરયિકો મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. (૪) નૈરયિકો મહાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી. (૫) ભગવન્ ! નૈરયિકો મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.*

*(૬) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા*

*છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૭) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૮) ભગવન્ ! નૈરયિક મહાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૯) ભગવન્ ! નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૦) ભગવન્ ! નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તેમ નથી.*

*(૧૧) નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૨) નૈરયિક અલ્પાશ્રવ, મહાક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? ના, તે અર્થ સમર્થ નથી. (૧૩) નૈરયિક, અલ્પાશ્રવ, અલ્પક્રિયા, મહાવેદના, અલ્પનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. (૧૫) નૈરયિક અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, મહાનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. (૧૬) નૈરયિક અલ્પાશ્રવ, અલ્પ ક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી. આ ૧૬ ભંગ.*

*ભગવન્ ! અસુરકુમાર મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? તે અર્થ સમર્થ નથી, એ પ્રમાણે ચોથો ભંગ કહેવો, બાકીના ૧૫-ભંગનો નિષેધ કરવો. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક મહાશ્રવ, મહાક્રિયા, મહાવેદના, મહાનિર્જરાવાળા છે ? હા, કદાચ હોય, એ પ્રમાણે યાવત્ ભગવન્ ! પૃથ્વીકાયિક શું અલ્પાશ્રવ, અલ્પક્રિયા, અલ્પવેદના, અલ્પનિર્જરાવાળા છે ? હા, કદાચ હોય. એ પ્રમાણે મનુષ્ય સુધી કહેવું. વ્યંતર, જ્યોતિષ્ક. વૈમાનિકને અસુરકુમાર માફક કહેવા. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૬૫ :-**

સિય - હોય છે, નૈરયિકો, મહાશ્રવી-પ્રચૂરકર્મબંધ નથી. મહાક્રિયા-કાયિકી આદિ ક્રિયાના મહાપણાથી. મહાવેદના-વેદનાથી તીવ્રતાથી. મહાનિર્જરા-ઘણાં કર્મોના ક્ષયથી. આ ચાર પદોના ૧૬ ભેદ થાય છે. આ ભેદોમાં નારકોને બીજા ભંગમાં જાણવા, કેમકે તેઓને આશ્રવાદિ ત્રણનું મોટાપણું છે અને કર્મનિર્જરાનું અલ્પપણું છે. બાકીનાનો નિષેધ કર્યો છે.

અસુરાદિ દેવોમાં ચોથો ભંગ કહ્યો છે, તેઓ મહાશ્રવ અને મહાક્રિયાવાળા છે, કેમકે વિશિષ્ટ અવિરતિથી યુક્ત છે. પ્રાયઃ અસાતાના ઉદયના અભાવે અલ્પ વેદનાવાળા છે, પ્રાયઃ અશુભ પરિણામથી અલ્પનિર્જરાવાળા છે.

પૃથ્વી આદિમાં ચારે પણ પદો, તેની પરિણતિની વિચિત્રતાથી સવ્યભિચાર સોળે પણ ભંગ થાય છે.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૫-"ચરમ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૪-માં નારકાદિ કહ્યા. અહીં પણ બીજા ભંગથી તે કહે છે —



**● સૂત્ર-૭૬૬ :-**

*ભગવન્ ! શું નૈરયિક ચરમ પણ છે અને પરમ પણ છે ? હા, છે. - - ભગવન્ ! શું ચરમ નૈરયિકો કરતા પરમ નૈરયિક મહાકર્મવાળા (મહાક્રિયાવાળા) મહાશ્રવવાળા અને મહાવેદનાવાળા છે. પરમ નૈરયિક કરતા ચરમ નૈરયિક અલ્પકર્મવાળા યાવત્ અલ્પવેદનાવાળા છે ? હા, ગૌતમ ! ચરમ કરતા પરમ નૈરયિક યાવત્ મહાવેદનાવાળા છે. ઈત્યાદિ - x -*

*ભગવન્ ! એમ કેમ કહ્યું કે યાવત્ અલ્પ વેદનાવાળા છે ? હે ગૌતમ ! સ્થિતિને આશ્રીને, આ કારણે હે ગૌતમ ! આમ કહ્યું છે.*

*ભગવન્ ! અસુરકુમારો ચરમ પણ છે અને પરમ પણ છે ? પૂર્વવત્. વિશેષ એ કે — વિપરીત કહેવું, પરમ અલ્પકર્મી છે, ચરમ મહાકર્મી છે. બાકી પૂર્વવત્. સ્તનિતકુમાર સુધી આમ જ જાણવું.*

*પૃથ્વીકાયિકથી મનુષ્ય સુધી, નૈરયિકવત્ જાણવું. વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકને અસુરકુમારવત્ જાણવા.*

**● વિવેચન-૭૬૬ :-**

ચરમ - અલ્પ સ્થિતિવાળા, પરમ - મહાસ્થિતિવાળા. ઠિઇંપડુચ્ચ - જે નારકોની વધુ સ્થિતિ છે, તે અલ્પસ્થિતિવાળા કરતાં, અશુભકર્મોપેક્ષાએ મહાકર્મવાળા આદિ છે. જેમની અલ્પસ્થિતિ છે તે બીજા કરતાં અલ્પકર્મવાળા આદિ હોય છે. - - અસુર સૂત્રમાં પૂર્વોક્ત અપેક્ષાએ વિપરીત કહેવું. તે આ રીતે - ભગવન્! શું ચરમ અસુરકુમાર કરતા પરમ અસુરકુમારો અલ્પકર્મવાળા આદિ છે, ઈત્યાદિ. તેમનું અલ્પકર્મત્વ અસાતાદિ અશુભકર્મ અપેક્ષાએ છે. અલ્પક્રિયત્વ તથાવિધ કાયિકી આદિ કષ્ટક્રિયા અપેક્ષાએ છે. અલ્પ આશ્રવત્વ તથાવિધ કષ્ટ ક્રિયાજન્ય કર્મબંધ અપેક્ષાએ છે. અલ્પ વેદનત્વ પીડા અભાવ અપેક્ષાએ જાણવું. - - અલ્પસ્થિતિક ઔદારિક શરીરી કરતાં મહાસ્થિતિકો મહાકર્મોદયવાળા હોય છે. - x - હવે વેદના સ્વરૂપ કહે છે —

**● સૂત્ર-૭૬૭ :-**

*ભગવન્ ! વેદના કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે પ્રકારે-નિદા અને અનિદા. - - ભગવન્ ! નૈરયિકો નિદા વેદના વેદે છે કે અનિદા વેદના ? પન્નવણા મુજબ કહેવું યાવત્ વૈમાનિક. ભગવન્ ! તે એમ જ છે.*

**● વિવેચન-૭૬૭ :-**

નિદા - નિયતદાન, જીવની શુદ્ધિ અથવા જ્ઞાનનો આભોગ. તેનાથી યુક્ત વેદના પણ નિદા-આભોગવાળી છે. અનિદા - અનાભોગવાળી, - x - પન્નવણા મુજબ - તે આ - ગૌતમ ! નિદા વેદના પણ વેદે, અનિદા પણ વેદે.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૬-"દ્વીપ" ❁

-- x -- x -- x -- x -- x -- x --

વેદના કહી, તે દ્વીપાદિમાં થાય, તેથી અહીં દ્વીપાદિ કહીએ છીએ—

● **સૂત્ર-૭૬૮ :-**

*ભગવન્ ! દ્વીપ-સમુદ્રો ક્યાં છે ? ભગવન્ ! દ્વીપ સમુદ્રો કેટલા છે ? કયા આકારે છે ? - જેમ જીવાભિગમમાં દ્વીપ-સમુદ્ર ઉદ્દેશો છે, તે જ અહીં જ્યોતિષ્કમંડલ ઉદ્દેશો છે, તે જ અહીં જ્યોતિષ્કમંડલ ઉદ્દેશો વર્જીને કહેવો. યાવત્ પરિણામ, જીવનો ઉત્પાદ યાવત્ અનંતવાર સુધી કહેવું. - - ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૬૮ :-**

જેમ જીવાભિગમમાં - તે આ પ્રમાણે - ભગવન્ ! દ્વીપ સમુદ્રોના આકાર-ભાવ પ્રત્યાવતાર શું છે ? ગૌતમ ! જંબૂદ્વીપાદિ દ્વીપો, લવણસમુદ્ર ઈત્યાદિ, તે સંપૂર્ણ કહેવો ? ના, જ્યોતિષ્ક પરિમાણ મંડિત જે ઉદ્દેશક, તે વર્જીને કહેવું. જ્યોતિષ્ક મંડિત ઉદ્દેશક આ પ્રમાણે છે –

ભગવન્ ! જંબૂદ્વીપમાં કેટલા ચંદ્રો પ્રભાસતા હતા, પ્રભાસે છે કે પ્રભાસશે ? ઈત્યાદિ. આ ઉદ્દેશો ક્યાં સુધી કહેવો ? પરિણામ સુધી. તે આ છે – ભગવન્ ! દ્વીપસમુદ્રો શું પૃથ્વી પરિણામા છે ? ઈત્યાદિ. તથા ''જીવ ઉપપાત'' દ્વીપ સમુદ્રોમાં જીવ ઉપપાત કહેવો. તે આ છે – ભગવન્ ! દ્વીપ સમુદ્રોમાં સર્વે પ્રાણ આદિ ચારે પૂર્વે પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થયા છે ? હા, ગૌતમ ! અનેકવાર.

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૭-''ભવન'' ❁

–– x –– x –– x –– x –– x –– x ––

૦ ઉદ્દેશા-૬-માં દ્વીપ સમુદ્રો કહ્યા. તેમાં દેવાવાસ (પણ હોય). તેથી દેવાવાસ અધિકારથી અસુરકુમારાદિના આવાસ અહીં કહીએ છીએ.

● **સૂત્ર-૭૬૯ :-**

*ભગવન્ ! અસુરકુમારોના કેટલા લાખ ભવનાવાસ છે ? ગૌતમ ! અસુરકુમારોના ૬૪ લાખ ભવનો છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! બધાં રત્નમય, સ્વચ્છ, શ્લક્ષ્ણ યાવત્ પ્રતિરૂપ છે. તેમાં ઘણાં જીવો અને પુદ્‌ગલો ઉત્પન્ન થાય છે, વિનષ્ટ થાય છે, ચ્યવે છે, ઉત્પન્ન થાય છે. તે ભવનો દ્રવ્યથી શાશ્વત છે. વર્ણ પર્યાયો યાવત્ સ્પર્શ પર્યાયો વડે અશાશ્વત છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*ભગવન્ ! વ્યંતરોના ભૂમિગત નગરાવાસ કેટલા લાખ છે ? ગૌતમ ! વ્યંતરોના ભૂમિગત નગરો અસંખ્યાત લાખ છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! જ્યોતિષ્કોના વિમાનાવાસ કેટલા લાખ છે ? પ્રશ્ન ગૌતમ ! તે અસંખ્યાત લાખ છે. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! સર્વે સ્ફટીકમય છે. બાકી બધું પૂર્વવત્ કહેવું.*

*ભગવન્ ! સૌધર્મકલ્પમાં કેટલા લાખ વિમાનાવાસ છે ? ગૌતમ ! બત્રીશ લાખ. - - ભગવન્ ! તે શેના બનેલા છે ? ગૌતમ ! સર્વે રત્નમય, સ્વચ્છ છે.*



*બાકી પૂર્વવત્. આ પ્રમાણે અનુત્તર વિમાન સુધી કહેવું. વિશેષ એ કે - જેના જેટલા વિમાન કે ભવન હોય તે કહેવા. ભંતે ! તેમજ છે.*

● **વિવેચન-૭૬૯ :-**

ભોમેજ્જનગર - ભૂમિમાં અંદર રહેલા, તે નગરો. - x -

## ❁ શતક-૧૯, ઉદ્દેશો-૮-''નિવૃત્તિ'' ❁

–– x –– x –– x –– x –– x –– x ––

૦ અસુરાદિના ભવનો ઉદ્દેશા-૭-માં કહ્યા. અસુરાદિ નિર્વૃત્તિવાળા છે. તેથી અહીં નિર્વૃત્તિ કહે છે –

● **સૂત્ર-૭૭૦ થી ૭૭૩ :-**

*જીવ નિવૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ યાવત્ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - પૃથ્વીકાય યાવત્ વનસ્પતિકાય એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - સૂક્ષ્મ પૃથ્વીકાયિક એકેન્દ્રિય જીવ નિર્વૃત્તિ અને બાદર પૃથ્વીકાય૦ આ પ્રમાણે આ આલાવા મુજબ ભેદો, જેમ બૃહદ્ બંધાધિકારમાં કહેલ તૈજસશરીરના ભેદો સમાન યાવત્ સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક કલ્પાતીત વૈમાનિક દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ, ભગવન્ ! કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે - પર્યાપ્તક૦ અને અપર્યાપ્તક સર્વાર્થસિદ્ધ અનુત્તરોપપાતિક યાવત્ દેવ પંચેન્દ્રિય જીવ નિર્વૃત્તિ.*

*ભગવન્ ! કર્મનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! આઠ ભેદે. તે આ - જ્ઞાનાવરણીય કર્મ નિર્વૃત્તિ યાવત્ અંતરાય કર્મ નિર્વૃત્તિ.*

*આ પ્રમાણે વૈમાનિક પર્યન્ત જાણવું.*

*ભગવન્ ! શરીર નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ – ઔદારિક શરીર નિર્વૃત્તિ યાવત્ કાર્મણ શરીર નિર્વૃત્તિ.*

*ભગવન્ ! નૈરયિકોની ? એ જ પ્રમાણે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક જાણવું. વિશેષ એ કે - જેને જેટલા શરીર હોય તે કહેવા.*

*ભગવન્ ! સર્વેન્દ્રિય નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - શ્રોત્રેન્દ્રિય નિર્વૃત્તિ યાવત્ સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિ. એ પ્રમાણે નૈરયિક સુધી કહેવું. યાવત્ સ્તનિતકુમાર કહેવા.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! એક સ્પર્શનેન્દ્રિય નિર્વૃત્તિ. એ પ્રમાણે જેને જેટલી ઈન્દ્રિયો છે તે વૈમાનિક પર્યન્ત કહેવી.*

*ભગવન્ ! ભાષા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ - સત્યાભાષાનિર્વૃત્તિ, મૃષાભાષાનિર્વૃત્તિ, સત્યામૃષા ભાષા નિર્વૃત્તિ, અસત્યા-અમૃષા ભાષા નિર્વૃત્તિ. - - આ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને જેને જે ભાષા હોય તે વૈમાનિક પર્યન્ત કહેવી.*

*ભગવન્ ! મનનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ — સત્યમનનિર્વૃત્તિ યાવત્ અસત્યા-અમૃષા મનોનિર્વૃત્તિ. એ પ્રમાણે એકેન્દ્રિય અને વિકલેન્દ્રિયને વર્જીને વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્! કષાય નિર્વૃત્તિ કેટલા ભેદે છે? ગૌતમ! ચાર ભદે. તે આ — ક્રોધકષાય નિર્વૃત્તિ યાવત્ લોભકષાય નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! વર્ણ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - કાળો વર્ણ નિર્વૃત્તિ યાવત્ સફેદવર્ણ નિર્વૃત્તિ. એ પ્રમાણે બધું જ વૈમાનિક પર્યન્ત કહેવું. એ પ્રમાણે ગંધ નિર્વૃત્તિ બે ભેદે છે. તે વૈમાનિક સુધી જાણવું. રસનિર્વૃત્તિ પાંચ ભેદે છે. યાવત્ વૈમાનિક સ્પર્શ નિર્વૃત્તિ આઠ ભેદે છે યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! સંસ્થાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે છે. તે આ — સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ યાવત્ હુંડક સંસ્થાન નિર્વૃત્તિ. - - નૈરયિક વિશે પ્રશ્ન ? ગૌતમ ! એક હુંડક સંસ્થાન નિર્વૃત્તિ. - - અસુરકુમારનો પ્રશ્ન ? ગૌતમ ! એક સમચતુરસ્ર સંસ્થાન નિર્વૃત્તિ એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું. - - પૃથ્વીકાયિક વિશે પૃચ્છા. ગૌતમ ! એક મસૂરચંદ્ર સંસ્થાન નિર્વૃત્તિ. એ રીતે જેને જે સંસ્થાન હોય તેને તે વૈમાનિક પર્યન્ત કહેવું.*

*ભગવન્ ! સંજ્ઞા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે. તે આ - આહાર યાવત્ પરિગ્રહ સંજ્ઞા નિર્વૃત્તિ, એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! લેશ્યા નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! છ ભેદે. તે આ - કૃષ્ણલેશ્યા નિર્વૃત્તિ યાવત્ શુક્લ લેશ્યાનિર્વૃત્તિ. એ રીતે વૈમાનિક પર્યન્ત કહેવું. જેને જેટલી લેશ્યાઓ હોય, તેને તેટલી કહેવી.*

*ભગવન્ ! દૃષ્ટિ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ - સમ્યગ્દૃષ્ટિ નિર્વૃત્તિ, મિથ્યાદૃષ્ટિનિર્વૃત્તિ, સમ્યગ્મિથ્યા દૃષ્ટિ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી જેને જે દૃષ્ટિ હોય તે કહેવી.*

*ભગવન્ ! જ્ઞાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - આભિનિબોધિક જ્ઞાન નિર્વૃત્તિ યાવત્ કેવલજ્ઞાન નિર્વૃત્તિ. એ પ્રમાણે એકેન્દ્રિયને વર્જીને યાવત્ વૈમાનિક સુધી જેને જેટલા જ્ઞાન હોય તે.*

*ભગવન્ ! અજ્ઞાન નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ - મતિ અજ્ઞાન નિર્વૃત્તિ, શ્રુતઅજ્ઞાન નિર્વૃત્તિ, વિભંગજ્ઞાન-નિર્વૃત્તિ. એ રીતે જેને જેટલા અજ્ઞાન હોય તે, વૈમાનિક સુધી કહેવા.*

*ભગવન્ ! યોગનિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. તે આ - મનોયોગ નિર્વૃત્તિ, વચનયોગ નિર્વૃત્તિ, કાયયોગ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી જેને જે પ્રકારે યોગ હોય તે કહેવો.*

*ભગવન્ ! ઉપયોગ નિર્વૃત્તિ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે છે તે આ - સાકારોપયોગ નિર્વૃત્તિ. અનાકારપયોગ નિર્વૃત્તિ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. - - વાચનાંતરમાં અહીં સંગ્રહગાથા છે —*



*[૭૭૧] જીવોની નિર્વૃત્તિ, કર્મપ્રકૃતિ, શરીરનિર્વૃત્તિ, સર્વેન્દ્રિયનિર્વૃત્તિ, ભાષાનિર્વૃત્તિ, મનોનિર્વૃત્તિ, કષાયનિર્વૃત્તિ. (તથા-)*

*[૭૭૨] વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, ઉપયોગ અને યોગ (આ બધાંની નિર્વૃત્તિ).*

*[૭૭૩] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● **વિવેચન-૭૭૦ થી ૭૭૩ :-**

નિર્વર્તન એટલે નિર્વૃત્તિ, નિષ્પત્તિ. જીવની એકેન્દ્રિયાદિપણે નિર્વૃત્તિ, તે જીવનિર્વૃત્તિ. જેમ મહલ્લબંધાધિકારે શતક આઠમાં, ઉદ્દેશા-૯-માં કહેલ છે - તેજો શરીરનો બંધ, એ પ્રમાણે અહીં નિર્વૃત્તિ કહેવી. - x -

પૂર્વ જીવ અપેક્ષાએ નિર્વૃત્તિ કહી, હવે તેના કાર્ય અને તેના ધર્મની અપેક્ષાએ તેને કહે છે — कइविहे० ઈત્યાદિ. કષાય વેદનીય પુદ્ગલનું નિર્વર્તન તે કષાય નિર્વૃત્તિ. - - जस्स जं संठाण० - તેમાં અપ્કાયનું સ્તિબુક સંસ્થાન, તેઉકાયનું સૂચીકલાપ સંસ્થાન, વાયુકાયનું પતાકા સંસ્થાન. વનસ્પતિકાયનું વિવિધ આકારે સંસ્થાન, વિકલેન્દ્રિયોનું હુંડક સંસ્થાન, પંચેન્દ્રિય તિર્યંચો અને મનુષ્યોને છ એ સંસ્થાન હોય છે અને વ્યંતરાદિને સમચતુરસ્ર સંસ્થાન હોય છે.

## ❀ શતક-૧૯, ઉદ્દેશો-૯-"કરણ" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૮-માં નિર્વૃત્તિ કહી, તે 'કરણ' હોય તો થાય. તેથી આ ઉદ્દેશામાં 'કરણ'ને કહે છે. આ સંબંધે આવેલ આદિ સૂત્ર —

● **સૂત્ર-૭૭૪ થી ૭૭૬ :-**

*[૭૭૪] ભગવન્ ! કરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે કરણ છે. તે આ રીતે — દ્રવ્યકરણ, ક્ષેત્રકરણ, કાળકરણ, ભવકરણ, ભાવકરણ.*

*ભગવન્ ! નૈરયિકોને કેટલા ભેદે કરણ છે ? ગૌતમ ! પાંચ ભેદે કરણ છે. તે આ - દ્રવ્યકરણ યાવત્ ભાવકરણ. એ રીતે વૈમાનિક સુધી કહેવું.*

*ભગવન્ ! શરીરકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - ઔદારિક શરીરકરણ યાવત્ કાર્મણશરીરકરણ. એ પ્રમાણે વૈમાનિક સુધી, જેને જેટલા શરીર હોય તેટલા કરણ કહેવા.*

*ભગવન્ ! ઈન્દ્રિયકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે તે આ - શ્રોત્રેન્દ્રિયકરણ યાવત્ સ્પર્શનેન્દ્રિય કરણ. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. જેને જેટલી ઈન્દ્રિયો હોય તેમ કહેવું.*

*એ પ્રમાણે આ ક્રમથી ભાષાકરણ ચાર ભેદે. મનઃકરણે ચાર ભેદે, કષાયકરણ ચાર ભેદે, સમુદ્ઘાતકરણ સાત ભેદે, સંજ્ઞાકરણ ચાર ભેદે, લેશ્યા કરણ છ ભેદે, દૃષ્ટિકરણ ત્રણ ભેદે, વેદકરણ ત્રણ ભેદે - સ્ત્રીવેદકરણ, પુરુષ વેદ કરણ, નપુંસક વેદકરણ. આ સર્વે નૈરયિકાદિ દંડકો વૈમાનિક પર્યન્ત કહેવા. જેને જે હોય, તેને તે બધાં કહેવા.*

*ભગવન્ ! પ્રાણાતિપાત કરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - એકેન્દ્રિય પ્રાણાતિપાત કરણ યાવત્ પંચેન્દ્રિય પ્રાણાતિપાત કરણ. એ પ્રમાણે સંપૂર્ણ, વૈમાનિક સુધીમાં કહેવું.*

*ભગવન્ ! પુદ્ગલકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - વર્ણકરણ, ગંધકરણ, રસકરણ, સ્પર્શકરણ, સંસ્થાનકરણ.*

*ભગવન્ ! વર્ણકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - કાળો વર્ણકરણ યાવત્ સફેદવર્ણ કરણ. - એ પ્રમાણે ભેદો - ગંધકરણ બે ભેદે, રસકરણ પાંચ ભેદે, સ્પર્શકરણ આઠ ભેદે કહેલ છે.*

*ભગવન્ ! સંસ્થાનકરણ કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે છે. તે આ - પરિમંડલ સંસ્થાન યાવત્ આયત સંસ્થાનકરણ.*

*ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

*[૭૭૫,૭૭૬] દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ, ભાવ, શરીરકરણ, ઈન્દ્રિયકરણ, ભાષા, મન, કષાય અને સમુદ્ઘાત.... સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, વેદ, પ્રાણાતિપાત, પુદ્ગલ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંસ્થાન આટલા વિષયો અહીં છે.*

● **વિવેચન-૭૭૪ થી ૭૭૬ :-**

જેના વડે કરાય તે કરણ અથવા ક્રિયામાં સાધકતમ કૃતિ તે કરણ-ક્રિયામાત્ર. (શંકા) આ વ્યાખ્યાનમાં કરણ અને નિર્વૃત્તિમાં ભેદ નથી. નિર્વૃત્તિ પણ ક્રિયારૂપપણે છે. (સમાધાન) એમ નથી. કરણ વડે આરંભેલ ક્રિયા, નિર્વૃત્તિ તે કાર્યની નિષ્પત્તિ છે. - - दव्वकरण - દ્રવ્યરૂપ કરણ અથવા દ્રવ્યનાદાત્રાદિ. - કટ આદિના દ્રવ્યથી, શલાકાદિ દ્રવ્યમાં, પાત્રાદિ કરણ તે દ્રવ્ય કરણ. - - ક્ષેત્રકરણ - ક્ષેત્ર જ કે ક્ષેત્રનું કરણ - શાલિક્ષેત્રાદિનું કરણ, સ્વાધ્યાયાદિનું ક્ષેત્રકરણ. - - કાળકરણ - કાળ જ કે કાળનું કરણ - અવસર આદિનું કરણ, કાળ વડે કે કાળમાં કરણ - - ભવકરણ-નારકાદિ ભવ એ જ કરણ. એ પ્રમાણે ભાવકરણ પણ જાણવું

## ❀ શતક-૧૯, ઉદ્દેશો-૧૦-''વ્યંતર'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ કરણ કહ્યું, અહીં વ્યંતરોનું આહાર કરણ બતાવે છે —

● **સૂત્ર-૭૭૭,૭૭૮ :-**

*[૭૭૭] ભગવન્ ! વ્યંતરો બધાં સમાન આહારવાળા છે ? એ પ્રમાણે જેમ શતક-૧૬માં દ્વીપકુમાર ઉદ્દેશો યાવત્ અલ્પઋદ્ધિક કહેવો.*

*[૭૭૮] ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે૦*

● **વિવેચન-૭૭૭,૭૭૮ :-**

સુગમ છે. માત્ર ઉદ્દેશકનું અંતિમસૂત્ર બતાવેલ છે. તે નોંધેલ નથી.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૧૯-નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**





# 卐 શતક-૨૦ 卐

-- x -- x --

૦ શતક-૧૯ની વ્યાખ્યા કરી, હવે ૨૦માંની આરંભીએ છીએ —

● **સૂત્ર-૭૭૯ :-**

*બેઈન્દ્રિય, આકાશ, પ્રાણવધ, ઉપચય, પરમાણુ, અંતર, બંધ, ભૂમિ, ચારણ, સોપક્રમજીવ. [શતક-૨૦માં આ ૧૦-ઉદ્દેશા છે.]*

● **વિવેચન-૭૭૯ :-**

(૧) બેઈન્દ્રિય-દ્વીન્દ્રિયાદિ વક્તવ્યતા પ્રતિબદ્ધ, (૨) આકાશ-આકાશાદિ અર્થે, (૩) પ્રાણવધ - પ્રાણાતિપાતાદિ અર્થ વિષયક, (૪) ઉપચય-શ્રોત્રેન્દ્રિયાદિ ઉપચયાર્થે, (૫) પરમાણુ-પરમાણુ વક્તવ્યતા, (૬) અંતર-રત્નપ્રભા, શર્કરાપ્રભાદિ અંતરાલ વક્તવ્યતા, (૭) બંધ-જીવ પ્રયોગાદિ બંધાર્થે. (૮) ભૂમિ-કર્મ, અકર્મ ભૂમ્યાદિ પ્રતિપાદનાર્થે, (૯) ચારણ-વિદ્યાચારણાદિ અર્થે, (૧૦) સોપક્રમજીવ-સોપક્રમાયુષ્, નિરૂપક્રમાયુષ્ જીવ.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૧-''બેઈન્દ્રિય'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ તેમાં પહેલા ઉદ્દેશાની વ્યાખ્યા કરીએ છીએ, તેનું આ પહેલું સૂત્ર —

● **સૂત્ર-૭૮૦ :-**

*રાજગૃહમાં યાવત્ આમ કહ્યું — ભગવન્ ! કદાચ યાવત્ ચાર, પાંચ બેઈન્દ્રિયો મળીને એક સાધારણ શરીર બાંધે ? બાંધીને પછી આહાર કરે છે કે પરિણમાવે છે, પછી શરીરને બાંધે છે ? તે અર્થ સમર્થ નથી, કેમકે બેઈન્દ્રિય પૃથક્-પૃથક્ આહારી, પૃથક્-પૃથક્ પરિણમન કરનાર, પૃથક્ શરીર બાંધે છે, પછી આહાર કરે છે, પછી તેને પરિણમાવે છે, પછી શરીર બાંધે છે.*

*ભગવન્ ! તે જીવોને કેટલી લેશ્યાઓ છે ? ગૌતમ ! ત્રણ. તે આ — કૃષ્ણ, નીલ, કાપોતલેશ્યા. એ પ્રમાણે જેમ શતક-૧૯-માં કહ્યું તેમ તેઉકાય યાવત્ ઉદ્વર્તે છે. વિશેષ એ કે — સમ્યગ્દૃષ્ટિ પણ, મિથ્યાદૃષ્ટિ પણ છે. પણ સમ્યગ્ મિથ્યાદૃષ્ટિ નથી હોતા. બે જ્ઞાન-બે અજ્ઞાન નિયમા છે. મનોયોગી નથી, વચનયોગી અને કાયયોગી છે. આહાર નિયમા છ દિશાથી લે.*

*ભગવન્ ! તે જીવોને શું એવી સંજ્ઞા, પ્રજ્ઞા, મન કે વચન હોય છે કે — અમે ઈષ્ટાનિષ્ટ રસ અને સ્પર્શ અનુભવીએ છીએ ? તે અર્થ સમર્થ નથી, પણ તેઓ અનુભવ કરે જ છે. - - સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી બાર વર્ષ છે. બાકી પૂર્વવત્. એ પ્રમાણે તેઈન્દ્રિય, ચતુરિન્દ્રિયમાં પણ જાણવું. માત્ર ઈન્દ્રિય, સ્થિતિમાં ભેદ છે. સ્થિતિ પન્નવણા મુજબ જાણવું.*

*ભગવન્ ! કદાચિત્ યાવત્ ચાર-પાંચ પંચેન્દ્રિયો મળીને એક સાધારણ શરીર બાંધે ? પૂર્વવત્, બેઈન્દ્રિય જીવો સમાન જાણવું. વિશેષ એ કે — લેશ્યા-૬, દૃષ્ટિ-૩, ચાર જ્ઞાન-ત્રણ અજ્ઞાન ભજનાથી, યોગ ત્રણ છે.*

*ભગવન્! તે જીવોને એવી સંજ્ઞા કે પ્રજ્ઞા કે યાવત્ વચન હોય છે કે – "અમે આહાર કરીએ છીએ?" ગૌતમ! કેટલાંકને એવી સંજ્ઞા કે પ્રજ્ઞા કે મન કે વચન હોય છે કે – "અમે આહાર કરીએ છીએ" કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોતું નથી કે – "અમે આહાર કરીએ છીએ." જો કે તેઓ આહાર તો કરે જ છે.*

*ભગવન્ ! તે જીવોને એવી સંજ્ઞા યાવત્ વચન હોય કે – "અમે ઈષ્ટાનિષ્ટ એવા – શબ્દ, રૂપ, ગંધ, રસ, સ્પર્શ અનુભવીએ છીએ ? ગૌતમ ! કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોય છે કે – અમે ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ સ્પર્શ અનુભવીએ છીએ. કેટલાંકને એવી સંજ્ઞા યાવત્ વચન હોતા નથી કે અમે ઈષ્ટાનિષ્ટ શબ્દ યાવત્ સ્પર્શ અનુભવીએ છીએ, પણ અનુભવે છે.*

*ભગવન્ ! તે જીવો શું પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં રહેલા હોય છે ? ગૌતમ ! કેટલાંક પ્રાણાતિપાત યાવત્ મિથ્યા દર્શનશલ્યમાં રહેલા હોય છે. કેટલાંક પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શન શલ્યમાં રહેલા હોતા નથી. જે જીવો પ્રત્યે, તે જીવો આવો વ્યવહાર કરે છે, તે જીવોમાં કેટલાકને એવું વિજ્ઞાન-જ્ઞાન હોય છે અને કેટલાંકને એવું વિજ્ઞાન-જ્ઞાન હોતા નથી. [કે અમે માર્યા જઈશું કે આ અમને મારી નાંખશે.]*

*આ જીવોનો ઉત્પાદ યાવત્ સર્વાર્થસિદ્ધ છે, સ્થિતિ જઘન્યથી અંતર્મુહૂર્ત્ત, ઉત્કૃષ્ટથી ૩૩-સાગરોપમ, કેવલી સિવાયના છ સમુદ્‌ઘાતો, ઉદ્વર્તના-તે બધાં યાવત્ સર્વાર્થસિદ્ધ સુધી જઈ શકે છે. બાકી બેઈન્દ્રિયવત્ બધું જાણવું.*

*ભગવન્ ! આ બેઈન્દ્રિય યાવત્ પંચેન્દ્રિયમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય તેથી વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી ઓછા પંચેન્દ્રિય, ચતુરિન્દ્રિય તેથી વિશેષાધિક છે, તેઈન્દ્રિય વિશેષાધિક, બેઈન્દ્રિય વિશેષાધિક છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૭૮૦ :-**

सिय - સ્યાત્, કદાચિત્ સર્વદા નહીં. एगयओ - એકીભૂત, સંયુજ્ય. साहारणसरीर - અનેક જીવ સામાન્ય બાંધે, તેને યોગ્ય પુદ્‌ગલો ગ્રહણ કરીને તે. ठिइ - સ્થિતિ, તેઈન્દ્રિયની ઉત્કૃષ્ટી ૪૯-દિવસ, ચતુરિન્દ્રિયની છ માસ, બંનેની જઘન્ય સ્થિતિ અંતર્મુહૂર્ત. પંચેન્દ્રિયોને મતિજ્ઞાનાદિ ચાર હોય છે. - x - x - અસંયતો પ્રાણાતિપાતાદિમાં રહે છે. સંયતો તેમાં રહેતા નથી. જે જીવોના સંબંધી અતિપાતાદિ છે તે પંચેન્દ્રિય જીવો કહેવાય છે – જેમકે પ્રાણાતિપાતાદિવાળા છે, તે જીવોને હોય છે તે સંજ્ઞી છે. નાનાત્વં ભેદ, જેમકે આપણે વધ્ય છીએ, આ વધક છે. પણ અસંજ્ઞી તે ન જાણે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૨-"આકાશ" ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ બેઈન્દ્રિયાદિ કહ્યા, તે આકાશાધાર હોય છે, માટે અહીં આકાશ કથન.



● **સૂત્ર-૭૮૧ :-**

*ભગવન્ ! આકાશ કેટલા ભેદે છે ? ગૌતમ ! બે ભેદે – લોકાકાશ અને અલોકાકાશ. - - ભગવન્ ! લોકાકાશ, જીવરૂપ છે કે જીવદેશરૂપ છે ? એ પ્રમાણે જેમ શતક-૨-ના અસ્તિ ઉદ્દેશમાં છે, તેની જેમ અહીં પણ કહેવું. વિશેષ એ કે - આલાવામાં યાવત્ ભગવન્ ! ધર્માસ્તિકાય કેટલો મોટો છે ? ગૌતમ ! લોક, લોકમાત્ર, લોકપ્રમાણ, લોકસ્પૃષ્ટ અને લોકને અવગાહીને રહે છે. એ પ્રમાણે યાવત્ પુદ્‌ગલાસ્તિકાય સુધી કહેવું. જોઈએ.*

*ભગવન્ ! અધોલોક, ધર્માસ્તિકાયને કેટલો અવગાહે છે ? ગૌતમ ! સાતિરેક અડધો. - - એ રીતે આ આલાવાથી બીજા શતક મુજબ યાવત્ ભગવન્ ! ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી લોકાકાશના શું સંખ્યાતમાં ભાગને અવગાહે છે ? પ્રશ્ન - ગૌતમ ! સંખ્યાત ભાગને નહીં, પણ અસંખ્યાત ભાગને અવગાહે છે. તે લોકના સંખ્યાત કે અસંખ્યાત ભાગોને પણ વ્યાપ્ત કરીને સ્થિતિ નથી, સમગ્ર લોકને વ્યાપ્ત કરીને સ્થિત છે. બાકી પૂર્વવત્.*

● **વિવેચન-૭૮૧ :-**

અભિલાવો - આ અર્થ છે. બીજા શતકનો અસ્તિકાય ઉદ્દેશો, અહીં ત્યાં સુધી નિર્વિશેષ કહેવો, જ્યાં સુધી ધર્માસ્તિકાય૦ આદિ સૂત્ર છે. માત્ર 'લોકને સ્પર્શીને'ને બદલે 'લોકને અવગાહીને' રહેલ છે, તેમ કહેવું.

હવે ધર્માસ્તિકાયાદિના એકાર્થિકને કહે છે –

● **સૂત્ર-૭૮૨ :-**

*ભગવન્! ધર્માસ્તિકાયના કેટલા અભિવચન છે? ગૌતમ! અનેક. તે આ – ધર્મ, ધર્માસ્તિકાય, પ્રાણાતિપાતવિરમણ, મૃષાવાદવિરમણ યાવત્ પરિગ્રહ વિરમણ, ક્રોધવિવેક યાવત્ મિથ્યાદર્શનશલ્ય વિવેક, ઈર્યાસમિતિ - x - યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ ખેલ જલ્લ સિંઘાણ પારિષ્ઠાપનિકા સમિતિ, મન-વચન-કાયગુપ્તિ અથવા જે આ કે આવા પ્રકારના છે, તે બધાં ધર્માસ્તિકાયના અભિવચનો છે.*

*ભગવન્ ! અધર્માસ્તિકાયના કેટલા અભિવચનો છે ? ગૌતમ ! અનેક. તે આ – અધર્મ, અધર્માસ્તિકાય, પ્રાણાતિપાત યાવત્ મિથ્યાદર્શનશલ્ય, ઈર્યાઅસમિતિ યાવત્ ઉચ્ચાર પ્રસ્રવણ૦ અસમિતિ. મન-વચન-કાય અગુપ્તિ અથવા જે આ કે આવા પ્રકારના છે તે સર્વે અભિવચનો કહેવા.*

*આકાશાસ્તિકાયનો પ્રશ્ન ? ગૌતમ ! અનેક અભિવચનો છે. તે આ – આકાશ, આકાશાસ્તિકાય, ગગન, નભ, સમ, વિષમ, ખહ, વિહ, વીચિ, વિવર, અંબર, અંબરસ, છિદ્ર, શુષિર, માર્ગ, વિમુખ, અર્દ, વ્યર્દ, આધાર, ભાજન, અંતરિક્ષ, શ્યામ, અવકાશાંતર, સ્ફટિક, અગમ, અનંત અથવા જે આવા કે આવા પ્રકારના છે તે બધાં આકાશાસ્તિકાયના અભિવચનો છે.*

*ભગવન્ ! જીવાસ્તિકાયના અભિવચનો કેટલા છે ? ગૌતમ ! અનેક. તે આ – જીવ, જીવાસ્તિકાય, ભૂત, સત્વ, વિજ્ઞ, ચેતા, જેતા, આત્મા, રંગણ,*

***હિંડુક, પુદ્‌ગલ, માનવ, કર્તા, વિકર્તા, જગત્, જંતુ, યોનિ, સ્વયંભૂ, સશરીરી, નાયક, અંતરાત્મા અથવા આ કે આવા પ્રકારના બધાં તેના પર્યાયો છે.***

***ભગવન્ ! પુદ્‌ગલાસ્તિકાયની પૃચ્છા. ગૌતમ ! અનેક અભિવચનો છે. તે આ — પુદ્‌ગલ, પુદ્‌ગલાસ્તિકાય, પરમાણુપુદ્‌ગલ, દ્વિપ્રદેશિક, ત્રિપ્રદેશિક યાવત્ અસંખ્યપ્રદેશિક કે અનંત પ્રદેશિક અથવા જે આ કે આવા પ્રકારના, તે સર્વે પુદ્‌ગલાસ્તિકાયના અભિવચનો છે. ભગવન્ ! તેમ જ છે.***

**● વિવેચન-૭૮૨ :-**

अभि - અભિધાયક, વચન - શબ્દો, અભિવચન-પર્યાય શબ્દો, धम्म - જીવ અને પુદ્‌ગલોના ગતિપર્યાયમાં ધારણ કરે તે ધર્મ, ધર્માસ્તિકાય-ધર્મ એ જ અસ્તિકાય-પ્રદેશ રાશિ, તે ધર્મ શબ્દના સાધર્મ્યથી અસ્તિકાય રૂપ ધર્મના પ્રાણાતિપાત વિરમણાદિ પર્યાયપણે પ્રવર્તે છે. આવા પ્રકારના-જેમકે ચારિત્રધર્મ અભિધાયક સામાન્ય કે વિશેષ શબ્દો, તે બધાં ધર્માસ્તિકાયના અભિવચનો છે. - - अधम्म - ધર્મ, ઉક્ત લક્ષણથી વિપરીત તે અધર્મ - જીવ અને પુદ્‌ગલોને સ્થિતિમાં ઉપકારી, બાકી પૂર્વવત્.

आकाश - आ - મર્યાદા કે અભિવિધિ વડે બધા અર્થો સ્વ સ્વભાવને જેમાં પામે તે આકાશ. ગગન-અતિશયગમન વિષયત્વથી. નભ-દીપતો નથી તે. સમ-નિમ્ન, ઉન્નતત્વ અભાવથી. વિસમ-દુર્ગમત્વથી. ખહ-ખનન કરતા કે છોડતાં પણ જે રહે તે. વિહ-વિશેષથી ત્યજાય તે. - x - x - વીઈ-વિવિક્ત સ્વભાવથી વીચિ. વિવર-આવરણ રહિત, અંબર-માતા માફક, જનન સાધર્મ્યાત્, અંબા-જળ, તેનું દાન દેનાર. અંબરસ-જેમાંથી જળરૂપ રસ પડે છે. છિદ્ર - છિદ્ર, છેદનના અસ્તિત્વથી, ઝુષિર-શોષીને દાન કરવાથી, મગ્ગ-પથરૂપ. વિમુહ-જેની કોઈ મુખ નથી. अद्द-જેના પર ગમન થાય. वियद्द - વિશેષ ગમન થાય. वोम - વિશેષ રક્ષણ કરવાથી, ભાયણ - વિશ્વના આશ્રયરૂપ, અંતલિકખ - જેનું મધ્યમાં દર્શન થાય તે. સામ-શ્યામવર્ણત્વથી. - x - અગમન-ગમન ક્રિયા રહિતત્વથી. - x -

ચેય - પુદ્‌ગલોના ચયનકર્તા, જેય-કર્મશત્રુને જિતનાર. આય - આત્મા, વિવિધ ગતિમાં સતત ગામીત્વથી. રંગણ-રાગના યોગથી. હિંડુક - હિંડુકત્વથી. - - - પોગ્ગલ - શરીરાદિના પુરણ અને ગલનથી. માણવ - અનાદિથી જૂનો. कत्त-કર્તા, કર્મોના કારક. विगत्त-વિવિધપણે કર્તા અથવા કર્મોનો છેદક. 'જએ'-અતિશય ગમનશીલ હોવાથી જગત્. જંતુ-જન્મે તે. જોણિ-બીજાને ઉત્પન્ન કરનાર હોવાથી યોનિ. સયંભુ-સ્વયં હોવાથી. - x - નાયક-કર્મનો નેતા. અંતરપ્પ-અંતરાત્મા.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૩-''પ્રાણવધ'' ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૨-માં પ્રાણાતિપાતાદિ અધર્માસ્તિકાયના પર્યાયપણે કહ્યા, અહીં તે આત્માના અનન્યત્વથી કહે છે.

**● સૂત્ર-૭૮૩ :-**

***ભગવન્! પ્રાણાતિપાત, મૃષાવાદ યાવત્ મિથ્યાદર્શનશલ્ય, પ્રાણાતિપાત***



***વિરમણ યાવત્ મિથ્યાદર્શનશલ્યવિવેક ઔત્પાતિકી યાવત્ પારિણામિકી, અવગ્રહ યાવત્ ધારણા, ઉત્થાન-કર્મ-બળ-વીર્ય-પુરુષાકાર પરાક્રમ, નૈરયિકત્વ, અસુરકુમારત્વ યાવત્ વૈમાનિકત્વ, જ્ઞાનાવરણીય યાવત્ અંતરાય, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, સમ્યફ્દૃષ્ટિ આદિ ત્રણ, ચક્ષુદર્શનાદિ ચાર, આભિનિબોધિક જ્ઞાન યાવત્ વિભંગજ્ઞાન, આહારસંજ્ઞા આદિ ચાર, ઔદારિકાદિ પાંચ શરીર, મન આદિ ત્રણ યોગ, સાકારોપયોગ - અનાકારોપયોગ, જે આ કે આવા, તે બધાં આત્મા સિવાય બીજે પરિણમન કરતા નથી. હા, ગૌતમ! યાવત્ - x - તે પરિણમતા નથી.***

**● વિવેચન-૭૮૩ :-**

नन्नत्थ० આત્માને છોડીને અન્યત્ર વર્તતા નથી, આત્માના પર્યાયપણાથી, પર્યાય અને પર્યાયી કથંચિત્ એકત્વથી આત્મરૂપ છે, આ બધાં આત્માથી ભિન્નત્વ વડે પરિણમતા નથી. - - જીવ ધર્મો વિચાર્યા, હવે કથંચિત્ અધર્મ જ વર્ણાદિ વિચારીએ છીએ—

**● સૂત્ર-૭૮૪ :-**

***ભગવન્ ! જીવ, ગર્ભમાં ઉત્પન્ન થતાં કેટલા વર્ણ ? એ પ્રમાણે જેમ શતક-૧૨-ના ઉદ્દેશક-૫-માં યાવત્ કર્મથી જગત્ છે, અકર્મથી વિભક્તિ ભાવમાં પરિણમતા નથી. ભગવન્ ! તે એમ જ છે યાવત્ વિચરે છે.***

**● વિવેચન-૭૮૪ :-**

ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ તૈજસ-કાર્મણ શરીર સહિત, ઔદારિક શરીરને ગ્રહણ કરે છે, શરીર વર્ણાદિ યુક્ત છે, તેથી અવ્યતિરિક્ત કથંચિત્ જીવ, તેથી કહ્યું — कतिवण्ण० એ રીતે કેટલા રસ, સ્પર્શ, પરિણામને પામે ?

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૪-''ઉપચય'' ❀

— x — x — x — x — x — x —

૦ પરિણામ કહ્યા પરિણામાધિકારથી ઈન્દ્રિયોપચયરૂપ પરિણામ —

**● સૂત્ર-૭૮૫ :-**

***ભગવન્ ! ઈન્દ્રિયોપચય કેટલા ભેદે છે ? ગૌતમ ! પાંચ ભેદે. તે આ - શ્રોત્રેન્દ્રિયોપચય૦ એમ બીજો ઈન્દ્રિયોદ્દેશક સંપૂર્ણ કહેવો જેમ પન્નવણામાં છે. - - ભગવન્ ! તે એમ જ છે (૨) એમ કહી ગૌતમ યાવત્ વિચરે છે.***

**● વિવેચન-૭૮૫ :-**

જેમ પ્રજ્ઞાપનામાં ૧૫-માં ઈન્દ્રિય પદનો ઉદ્દેશો-૨-છે, તેમ અહીં કહેવું. તે આ રીતે-શ્રોત્રેન્દ્રિયોપચય, ચક્ષુરિન્દ્રિયોપચય૦ ઈત્યાદિ.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૫-''પરમાણુ'' ❀

— x — x — x — x — x — x —

૦ ઈન્દ્રિયોપચય કહ્યો. તે પરમાણુ વડે છે, તેથી પરમાણુ સ્વરૂપ —

**● સૂત્ર-૭૮૬ :-**

***ભગવન્ ! પરમાણુ પુદ્‌ગલ કેટલા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળો છે ? ગૌતમ !***

એક વર્ણ, એક ગંધ, એક રસ, બે સ્પર્શ છે. તે આ પ્રમાણે –

જો એક વર્ણવાળો હોય તો - કદાચિત્ - કાળો, લીલો, લાલ, પીળો કે સફેદ હોય. જો એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી, કદાચ દુર્ગન્ધી હોય, જો એક રસવાળો હોય તો કદાચ તિક્ત, કટુક, કષાય, અમ્લ કે મધુર હોય, જો બે સ્પર્શવાળો હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ કે શીત અને રૂક્ષ કે ઉષ્ણ અને સ્નિગ્ધ કે કદાચ ઉષ્ણ અને રૂક્ષ હોય.

ભગવન્ ! દ્વિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિનો છે ? એ પ્રમાણે જેમ શતક-૧૮, ઉદ્દેશો-૬માં છે, તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો છે. જો એકવર્ણી હોય તો કદાચ કાળો યાવત્ કદાચ સફેદ હોય, જો બે વર્ણી હોય તો કદાચ કાળો અને લીલો, કદાચ કાળો અને લાલ, કદાચ કાળો અને પીળો, કદાચ કાળો અને સફેદ, કદાચ લીલો અને લાલ, કદાચ લીલો-પીળો, કદાચ લીલો અને સફેદ, કદાચ લાલ અને પીળો, કદાચ લાલ અને સફેદ, કદાચ પીળો અને સફેદ. એ રીતે અહીં દ્વિકસંયોગમાં દશ ભંગો છે.

જો એકગંધી હોય તો કદાચ સુરભિગંધ, કદાચ દુરભિગંધ હોય.

જો બે ગંધવાળો હોય તો સુરભિ અને દુરભિગંધવાળો હોય. વર્ણની માફક રસના ભંગો કહેવા. - - જો સ્પર્શ બે હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, એમ જે રીતે પરમાણુ પુદ્‌ગલમાં કહ્યું તેમ કહેવું.

જો ત્રણ સ્પર્શવાળો હોય તો – (૧) સર્વ શીત, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ. (૨) સર્વે ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ. (૩) સર્વે સ્નિગ્ધ, દેશથી શીત, દેશથી ઉષ્ણ. (૪) સર્વે રૂક્ષ, દેશથી શીત, દેશથી ઉષ્ણ હોય.

જો ચાર સ્પર્શવાળો હોય તો દેશથી શીત, દેશથી ઉષ્ણ, દેશથી સ્નિગ્ધ, દેશથી રૂક્ષ, આ રીતે [૪ + ૪ + ૧] નવ ભંગો સ્પર્શમાં થાય છે.

ભગવન્ ! ત્રિપ્રદેશિક સ્કંધ કેટલા વર્ણાદિવાળો છે ? જેમ ઉદ્દેશા-૧૮માં, ઉદ્દેશા-૬-માં યાવત્ "ચાર સ્પર્શવાળા છે" સુધી કહેવું.

જો એક વર્ણવાળો હોય તો કદાચ કાળો યાવત્ સફેદ હોય.

જો બે વર્ણવાળો હોય તો કદાચ કાળો અને લીલો, કદાચ કાળો અને લીલા, કદાચ કાળા અને લીલો, કદાચ કાળો અને લાલ, કદાચ કાળો અને (બે) લાલ, કદાચ કાળા અને લાલ. એ પ્રમાણે પીળા સાથે ત્રણ ભંગ, એ પ્રમાણે સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ લીલો અને લાલ અહીં પણ ત્રણ ભંગ. એ રીતે પીળા સાથે ત્રણ ભંગ, સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ લાલ અને પીળો અહીં ત્રણ ભંગ, એ રીતે સફેદ સાથે ત્રણ ભંગ, કદાચ પીળો અને સફેદ અહીં ત્રણ ભંગ. આ પ્રમાણે તે બધાં-દશ દ્વિકસંયોગી ભંગ મળી ૩૦ ભંગ થાય.

જો ત્રણ વર્ણવાળો હોય તો - કદાચ કાળો, લીલો અને લાલ. કદાચ કાળો, લીલો અને પીળો. કદાચ કાળો, લીલો અને સફેદ. કદાચ કાળો, લાલ અને પીળો, કદાચ કાળો, લાલ અને સફેદ, કદાચ કાળો, પીળો અને સફેદ. કદાચ લીલો, લાલ અને પીળો. કદાચ લીલો, લાલ અને સફેદ. કદાચ લીલો, પીળો અને સફેદ. કદાચ લાલ, પીળો અને સફેદ. આ દશ ત્રિક સંયોગ છે.



જો એક ગંધવાળો હોય તો કદાચ સુગંધી, કદાચ દુર્ગન્ધી હોય.

જો બે ગંધવાળો હોય તો સુગંધી અને દુર્ગંધીના ત્રણ ભંગ થાય.

વર્ણના ભંગની માફક રસના પણ (૪૫) ભંગ કહેવા.

જો બે સ્પર્શવાળો હોય તો કદાચ શીત અને સ્નિગ્ધ, દ્વિપ્રદેશિક સ્કંધની માફક એ પ્રમાણે ચાર ભંગ કહેવા.

જો ત્રણ સ્પર્શવાળો હોય તો સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - સર્વે શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો - સર્વે શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - સર્વે ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - અહીં પણ ત્રણ ભંગો. - સર્વે સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ - અહીં ત્રણ ભંગ. - સર્વે ઋક્ષ, દેશ શીત, દેશ ઉષ્ણ-ત્રણ ભંગ.

જો ચાર સ્પર્શ હોય તો - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશ શીત, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. - દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. - દેશો ગીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. - દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ.

આ રીતે ત્રિપ્રદેશિક સ્પર્શના [૪ + ૧૨ + ૯] ૨૫-ભંગ થાય છે.

ભગવન્ ! ચતુઃપ્રદેશિક સ્કંધ હોય તો કેટલા વર્ણાદિવાળો છે ? જેમ શતક-૧૮માં કહ્યું તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય, કહેવું.

જો એક વર્ણવાળો હોય તો કદાચ કાળો યાવત્ સફેદ હોય.

જો બે વર્ણવાળો હોય તો કદાચ કાળો અને લીલો હોય. - કદાચ કાળો અને લીલા હોય. - કદાચ કાળા અને લીલો હોય. - કદાચ કાળા અને લીલા હોય. - કદાચ કાળો અને લાલ હોય - અહીં ચાર ભંગ - કદાચ કાળો અને પીળો હોય - ચાર ભંગ[૧૨] - કદાચ કાળો અને સફેદ હોય - ચાર ભંગ[૧૬] - કદાચ લીલો અને લાલ હોય - ચાર ભંગ[૨૦]. - કદાચ લીલો અને પીળો હોય - ચાર ભંગ[૨૪]. કદાચ લીલો અને સફેદ હોય - ચાર ભંગ[૨૮] - કદાચ લાલ અને પીળો હોય - ચાર ભંગ[૧૨]. - કદાચ લાલ અને સફેદ હોય - ચાર ભંગ[૩૨] - આ રીતે દશ દ્વિક સંયોગ ભંગના ૪૦ ભંગ છે. (નોંધ - છપાયેલ વૃત્તિમાં અમુક ભંગ બે વખત છપાઈ ગયા છે, જે ભૂલ અમે સુધારેલ છે.)

જો ત્રણ વર્ણવાળો હોય તો - કદાચ કાળો, લીલો અને લાલ. કદાચ કાળો, લીલો અને અનેક અંશ લાલ. કદાચ કાળા, લીલા અને લાલ. કદાચ કાળા, લીલો અને લાલ. એ પ્રમાણે ચાર ભંગ. એ રીતે કાળો, લીલો અને પીળો - ચાર ભંગ. કાળો, લીલો અને સફેદ - ચાર ભંગ. કાળો, લાલ અને પીળો - ચાર ભંગ. કાળો, લાલ અને પીળો - ચાર ભંગ. લીલો, લાલ અને સફેદ - ચાર ભંગ. લીલો, પીળો અને સફેદ - ચાર ભંગ. લાલ, પીળો અને સફેદ - ચાર ભંગ. એ રીતે આ દશ ત્રિક સંયોગમાં એકૈક સંયોગમાં ચાર-ચાર ભંગ,

બધાં મળીને ૪૦ ભંગ.

જો ચાર વર્ણવાળો હોય તો (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, સફેદ. (૩) કદાચ કાળો, લીલો, પીળો, સફેદ. (૪) કદાચ કાળો, લાલ, પીળો, સફેદ. (૫) કદાચ લીલો, લાલ, પીળો, સફેદ. એ રીતે આ ચતુષ્ક સંયોગમાં પાંચ ભંગ. બધાં મળીને (૫ + ૪૦ + ૪૦ + ૫) ૯૦ ભંગો.

જો એક ગંધવાળો હોય તો - કદાચ સુરભિ ગંધ કે દુરભિ ગંધ.

જો બે ગંધવાળો હોય તો - કદાચ સુરભિગંધ અને દુરભિગંધ.

રસસંબંધી ૯૦ ભંગ, વર્ણસંબંધી ૯૦ ભંગ માફક જાણવા.

જો બે સ્પર્શ હોય તો પરમાણુ પુદ્‌ગલ સમાન ચાર ભંગ કહેવા.

જો ત્રણ સ્પર્શ હોય તો (૧) સર્વશીત, દેશસ્નિગ્ધ, દેશરૂક્ષ. (૨) સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૩) સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ, (૪) સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ-ચાર ભંગ. સર્વ સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ-ચાર ભંગ. સર્વ રૂક્ષ, દેશશીત, દેશ ઉષ્ણ-ચાર ભંગ. એ પ્રમાણે ત્રિસ્પર્શવાળા ૧૬ ભંગો.

જો ચાર સ્પર્શ હોય તો – (૧) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ દેશ રૂક્ષ. (૨) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૩) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. (૪) દેશ શીત, દેશ ઉષ્ણ, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૫) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. (૬) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૭) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશોસ્નિગ્ધો, દેશરૂક્ષ. (૮) દેશ શીત, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૯ થી ૧૬) દેશો શીતો, દેશ ઉષ્ણ દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ એ પ્રમાણે ચાર સ્પર્શવાળા ૧૬ ભંગ કહેવા. યાવત્ દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો.

આ પ્રમાણે સ્પર્શસંબંધી (૪ + ૧૬ + ૧૬) ૩૬ ભંગો થયા.

ભગવન્ ! પાંચ પ્રદેશી સ્કંધ કેટલા વર્ણાદિવાળા છે ? જેમ શતક-૧૮માં યાવત્ “કદાચ ચાર સ્પર્શવાળો હોય”, ત્યાં સુધી કહેવું.

જો એક વર્ણવાળો હોય અથવા બે વર્ણવાળો હોય, તો ચતુઃપ્રદેશી સ્કંધ માફક કહેવું.

જો ત્રણ વર્ણવાળો હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ. (૨) કદાચ કાળો, લીલો, અનેક અંશ લાલ. (૩) કદાચ કાળો, લીલા, લાલ. (૪) કદાચ કાળો, લીલા, અનેક અંશ લાલ. (૫) કદાચ કાળા, લીલો, લાલ. (૬) કદાચ કાળા, લીલો, અનેક અંશ લાલ. (૭) કદાચ કાળા, લીલા, લાલ. (૮ થી ૧૪) કદાચ કાળો, લીલો, પીળો - સાત ભંગ (૧૫ થી ૨૧) કાળો, લીલો, સફેદ. (૨૨ થી ૨૮) કાળો, લાલ, પીળો. (૨૯ થી ૩૫) કાળો, લાલ, સફેદ. (૩૬ થી ૪૨) કાળો, પીળો, સફેદ. (૪૩ થી ૪૯) લીલો, લાલ, પીળો. (૫૦ થી ૫૬) લીલો, લાલ, સફેદ. (૫૭ થી ૬૩) લીલો, પીળો, સફેદ (૬૭ થી ૭૦) લાલ, પીળો, સફેદ. - - એ રીતે ત્રિક સંયોગમાં ૭૦ ભંગ થાય.



જો ચાર વર્ણવાળો હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળા. (૩) કદાચ કાળો, લીલો, અનેક અંશ લાલ, પીળો. (૪) કદાચ કાળો, લીલા, લાલ, પીળો. (૫) કદાચ કાળા, લીલો, લાલ, પીળો. એ પાંચ ભંગ. કદાચ કાળો, લીલો, લાલ, સફેદ-પાંચ ભંગ. એ પ્રમાણે – કાળો, લીલો, પીળો, સફેદ એ પાંચ ભંગ. કાળો, લાલ, પીળો, સફેદ - પાંચ ભંગ. લીલો, લાલ, પીળો, સફેદ એ પાંચ ભંગ. એ પ્રમાણે ચતુષ્ક સંયોગમાં ૨૫-ભંગો થાય.

જો પાંચ વર્ણ હોય તો - કાળો, લીલો, લાલ, પીળો, સફેદ. આ બધાં એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગથી [૫ + ૪૦ + ૭૦ + ૨૫ + ૧] એમ કુલ ૧૪૧ ભંગ થાય છે.

ગંધને ચતુઃપ્રદેશિક સમાન અહીં પણ છ ભંગ કહેવા.

વર્ણની માફક રસના પણ ૧૪૧-ભંગ થાય છે.

સ્પર્શના ૩૬-ભંગ ચતુઃપ્રદેશી સ્કંધ સમાન છે.

ભગવન્ ! છ પ્રદેશી સ્કંધના કેટલા વર્ણાદિ છે. જેમ પંચ પ્રદેશી સ્કંધમાં કહ્યું તેમ યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.

જો એક વર્ણ અને બે વર્ણવાળો હોય તો પંચપ્રદેશીવત્ છે.

જો ત્રણ વર્ણવાળો હોય તો કદાચ કાળો, લીલો, લાલ એ રીતે જેમ પંચપ્રદેશીમાં કહ્યું તેમ સાત ભંગ યાવત્ કદાચ કાળા, લીલા, લાલ કદાચ કાળા, લીલા-અનેકાંશ લાલ. આ આઠ ભંગ. એ પ્રમાણે દશત્રિક સંયોગમાં એકૈક સંયોગમાં આઠ ભંગો, એ રીતે કુલ ૮૦ ભંગો.

જો ચાર વર્ણ હોય તો – (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળા. (૩) કદાચ કાળો, લીલો, અનેકાંશ લાલ, પીળો. (૪) કદાચ કાળો, લીલો, અનેકાંશ લાલ, પીળા. (૫) કદાચ કાળો, લીલા, લાલ, પીળો. (૬) કદાચ કાળો, લીલા, લાલ, પીળા. (૭) કદાચ કાળો, લીલા, લાલો, પીળો. (૮) કદાચ કાળા, લીલો, લાલ, પીળો. (૯) કદાચ કાળા, લીલો, લાલ, પીળા. (૧૦) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, (૧૧) કદાચ કાળા, લીલા, લાલ, પીળો. આ અગિયાર ભંગ છે. આ પાંચ ચતુષ્ક સંયોગ કરવા. પ્રત્યેક ચતુષ્ક સંયોગના-૧૧, કુલ ૫૫-ભંગ થશે.

જો પાંચ વર્ણ હોય તો – કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ. કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદો. કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદ. કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદ. કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદ. કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ. આ છ ભંગ કહેવા.

આ પ્રમાણે આ બધાં એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગે [૫ + ૪૦ + ૮૦ + ૫૫ + ૬] ૧૮૬ ભંગ થાય છે.

ગંધ સંબંધી છ ભંગ પંચ પ્રદેશી સ્કંધ સમાન જાણવા.

રસ સંબંધી ૧૮૬ ભંગ, વર્ણ સંબંધી ભંગ સમાન કહેવા.

*સ્પર્શસંબંધી ૩૬ ભંગ ચતુઃપ્રદેશીસ્કંધ સમાન જાણવા.*

*ભગવન્ ! સપ્ત પ્રદેશી સ્કંધ કેટલા વર્ણાદિથી છે ? - પંચપ્રદેશી સ્કંધ સમાન યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.*

*જો એક, બે કે ત્રણ વર્ણવાળો હોય તો ષટ્પ્રદેશી સ્કંધના એક, બે કે ત્રણ વર્ણવાળા અનુસાર ક્રમશઃ તેનો ભંગો જાણવા.*

*જો ચારવર્ણી હોય તો કદાચ કાળો, લીલો, લાલ, પીળો હોય. કદાચ કાળો, લીલો, લાલ, પીળા હોય. કદાચ કાળો, લીલો, લાલો, પીળા હોય. એ પ્રમાણે ચતુષ્ક સંયોગમાં ૧૫ ભંગો કહેવા યાવત્ કદાચ કાળા, લીલા, લાલો, પીળો હોય. આ રીતે પાંચ ચતુષ્ક સંયોગો જાણવા. એકૈક સંયોગમાં ૧૫-ભંગો છે. એ રીતે બધાં મળીને ૭૫ ભંગો થાય.*

*જો પંચવર્ણી હોય તો — (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળો,સફેદો હોય. (૩) કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૪) કદાચ કાળો, લીલો, લાલ, પીળા, સફેદો હોય. (૫) કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૬) કદાચ કાળો, લીલો, લાલો, પીળો, સફેદો હોય. (૭) કદાચ કાળો, લીલો, લાલો, પીળા, સફેદ હોય. (૮) કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદ હોય. (૯) કદાચ કાળો, લીલા, લાલ, પીળો, સફેદો હોય. (૧૦) કદાચ કાળો, લીલા, લાલ, પીળા, સફેદ હોય. (૧૧) કદાચ કાળો, લીલા, લાલો, પીળો, સફેદ હોય. (૧૨) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૧૩) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદો હોય. (૧૪) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૧૫) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૧૬) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદ હોય. આ પ્રમાણે ૧૬ ભંગ થાય. - - - એ રીતે બધા - એક, દ્વિક, ત્રિક, ચતુષ્ક, પંચ સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૭૫ + ૧૬] ૨૧૬ ભંગ થાય.*

*ગંધના ભંગ ચતુઃપ્રદેશી માફક જાણવા. - - રસના ભંગ વર્ણ માફક ૨૧૬ જાણવા. - - સ્પર્શના ભંગ ચતુઃપ્રદેશી માફક જાણવા.*

*ભગવન્ ! આઠ પ્રદેશી સ્કંધ, પ્રશ્ન ? ગૌતમ ! (જો એકવર્ણી) હોય તો સપ્તપ્રદેશી માફક યાવત્ કદાચ ચાર સ્પર્શવાળો હોય.*

*જો એકવર્ણી, બે વર્ણી, ત્રણ વર્ણી હોય તો સપ્તપ્રદેશીવત્.*

*જો ચારવર્ણી હોય તો - કદાચ કાળો, લીલો, લાલ, પીળો હોય. કદાચ કાળો, લીલો, લાલ, પીળા હોય. એ પ્રમાણે સપ્તપ્રદેશી માફક યાવત્ કદાચ કાળા, લીલા, લાલો, પીળો હોય એ ૧૫-ભંગ, કદાચ કાળા, લીલા, લાલો, પીળા હોય. આ ૧૬-ભંગો છે. એ રીતે આ પાંચ, ચતુષ્ક સંયોગવાળા થઈને, એ પ્રમાણે ૮૦ ભાંગા થાય છે.*

*જો પંચવર્ણી હોય તો — (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદો હોય. એ રીતે આ ક્રમથી ભંગો કહેવા. યાવત્ કદાચ કાળો, લીલા, લાલો, પીળા, સફેદ હોય. એમ ૧૫ ભંગ*



*થયા. (૧૬) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૧૭) કદાચ કાળા, લીલો, લાલ, પીળો, સફેદો હોય. (૧૮) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદ હોય. (૧૯) કદાચ કાળા, લીલો, લાલ, પીળા, સફેદો હોય. (૨૦) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદ હોય. (૨૧) કદાચ કાળા, લીલો, લાલો, પીળો, સફેદો હોય. (૨૨) કદાચ કાળા, લીલો, લાલો, પીળા, સફેદ હોય. (૨૩) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદ હોય. (૨૪) કદાચ કાળા, લીલા, લાલ, પીળો, સફેદો હોય, (૨૫) કદાચ કાળા, લીલા, લાલ, પીળા, સફેદ હોય. (૨૬) કદાચ કાળા, લીલા, લાલો, પીળો, સફેદ હોય. આ પંચસંયોગથી ૨૬ ભંગો થાય છે.*

*આ પ્રમાણે પૂર્વાપર સહિત એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૨૬] ૨૩૧ ભંગો થાય છે.*

*ગંધ, સપ્તપ્રદેશીવત્... રસના વર્ણ માફક-૨૩૧ ભંગો છે. સ્પર્શના ભંગો ચતુઃપ્રદેશીકવત્ જાણવા.*

*નવપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ ! અષ્ટપ્રદેશી સ્કંધ સમાન યાવત્ કદાચ ચાર સ્પર્શવાળા હોય.*

*જો એક-બે-ત્રણ-ચાર વર્ણવાળો હોય તો અષ્ટપ્રદેશીવત્.*

*જો પંચવર્ણી હોય તો (૧) કદાચ કાળો, લીલો, લાલ, પીળો, સફેદ હોય. (૨) કાળો, લીલો, લાલ, પીળો, સફેદો હોય. આ પરિપાટીથી એ પ્રમાણે ૩૧-ભંગ કહેવા. - - - એ પ્રમાણે એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગ વડે [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૩૧]કુલ ૨૩૬ ભંગ થાય છે.*

*દશપ્રદેશી સ્કંધની પૃચ્છા. ગૌતમ ! નવપ્રદેશી સ્કંધ માફક યાવત્ ચાર સ્પર્શવાળો છે. - - - જો એક-બે-ત્રણ-ચાર વર્ણવાળા હોય તો ક્રમશઃ નવપ્રદેશી સ્કંધ માફક કહેવો. પંચવર્ણી પણ તેમજ છે. વિશેષ એ કે - ૩૨મો ભંગ કહ્યો છે. આ પ્રમાણે એક-દ્વિક-ત્રિક-ચતુષ્ક-પંચક સંયોગમાં [૫ + ૪૦ + ૮૦ + ૮૦ + ૩૨] બધાં મળીને-૨૩૭ ભંગો છે.*

*ગંધ, નવપ્રદેશીવત્, રસ-અહીં કહેલ ૨૩૭-વર્ણ ભેદ મુજબ ૨૩૭ ભંગો. સ્પર્શ, ચતુઃપ્રદેશીક માફક કહેવા.*

*જેમ દશપ્રદેશી સ્કંધ કહ્યો, તેમ સંખ્યાતપ્રદેશી, અસંખ્યાત પ્રદેશી પણ કહેવા. સૂક્ષ્મ પરિણત અનંતપ્રદેશી પણ આ પ્રમાણે કહેવો.*

**● વિવેચન-૭૮૬ :-**

एगवर्ण - કાળા આદિમાંનો કોઈ પણ એક વર્ણ. એમ જ ગંધાદિ કહેવા. दुफास - શીત, ઉષ્ણ, સ્નિગ્ધ, રૂક્ષમાં પરસ્પર અવિરુદ્ધ કોઈપણ બીજાના યોગથી બે સ્પર્શ, તેમાં ચાર વિકલ્પ - x - બાકીના સ્પર્શો બાદર છે.

દ્વિપ્રદેશની એક વર્ણતા, બંને પ્રદેશ છતાં એક વર્ણ પરિણામથી. તેમાં કાળો આદિ ભેદથી પાંચ વિકલ્પો, દ્વિવર્ણતા-પ્રતિપ્રદેશ વર્ણભેદથી. તેમાં દ્વિકસંયોગમાં દશ વિકલ્પો છે. એ પ્રમાણે ગંધ અને રસમાં પણ જાણવું.

- x - જો ત્રણ સ્પર્શ હોય તો — (૧) બંને પ્રદેશ શીત હોય, સ્નિગ્ધ,

રૂક્ષ એ એક ભંગ. એવા બીજા પણ ત્રણ. ચાર સ્પર્શમાં એક જ ભેદ છે.

ત્રિપ્રદેશિક૦ આદિ - ત્રણે પ્રદેશો કાળાવર્ણી હોય, એ પાંચ વિકલ્પ. બેવર્ણીમાં એક કાળો, બીજો - x - x - કદાચ લીલો, એ એક ભંગ. અથવા - x - કાળો અને બે પ્રદેશ લીલા, બીજો ભંગ અથવા બે પ્રદેશકાળા, એક લીલો એ ત્રીજો ભંગ. એ રીતે દ્વિકસંયોગમાં ત્રણ ભેદવાળા દશદ્વિક સંયોગોમાં કુલ ૩૦-ભંગો થાય છે.

ગંધમાં - એક ગંધમાં બે, બે ગંધમાં એક-અનેક ભેદથી ત્રણ ભંગ.

બે સ્પર્શના સમુદિત પ્રદેશત્રયના દ્વિપ્રદેશિક ચાર ભંગ, ત્રણ સ્પર્શમાં સર્વશીત, ત્રણે પ્રદેશના શીતપણાથી, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - x - x - ઈત્યાદિ સૂત્રવત્ સમજી લેવું. તેમાં કુલ ૧૨ ભંગો થાય છે. ચાર સ્પર્શમાં 'દેશશીત' આદિ એકવચનાંત પદ ચતુષ્ટય. - x - x - ઈત્યાદિ. સૂત્રવત્ સમજી લેવું. - x - x - *[સૂત્રાર્થ જ ક્લિષ્ટ થયો હોય, અમે વૃત્ત્યર્થ આપેલ નથી]*

ચતુઃપ્રદેશિકમાં - બંનેને એક પરિણામ પરિણત એમ કરીને કદાચ કાળો, કદાચ લીલો એ પહેલો ભંગ. અન્ત્ય અનેકત્વ પરિણામવાળો હોય તે દ્વિતીય ભંગ, આદ્ય અનેકત્વ પરિણામી હોય તે ત્રીજો, બંને અનેક પરિણામી હોય તે ચોથો ભંગ જાણવો. એમ દશ દ્વિક સંયોગોમાં પ્રત્યેકની ચતુર્ભંગી કરવાથી ચાલીશ ભેદો થાય. એ રીતે ત્રિવર્ણ, ચતુર્વર્ણાદિના ભંગો પણ છે. *[સૂત્રાર્થ જ ક્લિષ્ટ હોય, અમે વૃત્ત્યર્થ પુરો નોંધેલ નથી.]*

ગંધ વિશે પૂર્વવત્. - - - ત્રણ સ્પર્શ હોય તો (૧) ચારે પ્રદેશોના શીત પરિણામત્વથી 'સર્વશીત' એક ભંગ. 'દેશસ્નિગ્ધ-ચાર મધ્યે બે ના એક પરિણામથી સ્નિગ્ધત્વ વડે. એ રીતે 'દેશ રૂક્ષ'. એ રીતે એક કે અનેક વચનાંતથી જુદા જુદા ભેદો દર્શાવેલા છે. - x - x -

જો ચાર સ્પર્શ હોય તો૦ ઈત્યાદિ 'દેશ શીત' એકાકાર બે પ્રદેશ લક્ષણ, તેવો જ અન્ય 'દેશ ઉષ્ણ'. ઈત્યાદિ - x - x - x - એ પ્રમાણે ૧૬ ભંગો છે. તે માટે એક ગાથા પણ વૃત્તિકારશ્રી નોંધે છે. ભંગોની સ્થાપના પણ દર્શાવી છે. વૃદ્ધ ગાથા પણ છે ઈત્યાદિ કેટલીક બાબતો વૃત્તિકારશ્રી નોંધે છે, *[પણ અમે ક્લિષ્ટતા નિવારવા અનુવાદ કર્યો નથી. જિજ્ઞાસુઓ મૂળ વૃત્તિ જોઈ શકે છે.]*

પંચપ્રદેશીમાં - ત્રણ પદમાં આઠ ભંગો છે. અહીં સાત જ ગ્રહણ કરવા. કેમકે પંચપ્રદેશીમાં આઠમાં ભંગનો અભાવ છે. એ પ્રમાણે દશે ત્રિકસંયોગોમાં સાત ભેદ જાણવા. જો ચારવર્ણી હોય તો ચાર પદોના સોળ ભંગો થાય, તેમાં અહીં પાંચ જ સંભવે છે. તે સૂત્રસિદ્ધ જ છે. પાંચ વર્ણોમાં પાંચ ચતુષ્ક સંયોગો થાય છે. તે પ્રત્યેકમાં પાંચ ગણતાં ૨૫-ભેદો થાય. પાંચ પ્રદેશીના એક-બે-ત્રણ-ચાર-પાંચ વર્ણના સંયોગ વડે બધાં ભંગો મળીને થતા ભંગોની નોંધ સૂત્રાનુસાર જાણવા.

છ પ્રદેશી સ્કંધમાં, અહીં બધું પંચપ્રદેશી માફક જાણવું. વિશેષ એ કે — ત્રિવર્ણીમાં આઠ ભંગો કહેવા. કેમકે અહીં આઠમો ભંગ પણ સંભવે છે એ રીતે દશ ત્રિક સંયોગોથી કુલ-૮૦ ભંગો થાય છે. ચતુર્વણમાં પૂર્વોક્ત ૧૬ ભંગોમાંના



આઠમો, દશમો અને છેલ્લા ત્રણ ભંગો છોડીને ૧૧ ભંગો થાય છે. તેમાં પાંચ ચતુષ્ક સંયોગમાં પ્રત્યેક હોવાથી કુલ ૫૫-ભંગો થશે. જો પંચવર્ણી હોય તો છ ભંગ કહ્યા. આ પ્રમાણે સૂત્રમાં નોંધ્યા મુજબ બધાં મળીને ૧૮૬ ભંગો થશે.

સપ્ત પ્રદેશી સ્કંધમાં - આ ચતુર્વર્ણત્વમાં પૂર્વોક્ત ૧૬ ભંગોમાંથી, છેલ્લો ભંગ છોડીને ૧૫-ભંગો થાય છે. આ પાંચમાં ચતુષ્ક સંયોગોમાં પ્રત્યેકના હોવાથી ૭૫ ભંગો થશે. - x - x - x - x -

અષ્ટપ્રદેશી સ્કંધમાં, અહીં ચતુવર્ણત્વમાં પૂર્વોક્ત સોળે પણ ભંગો હોય છે. તેઓમાં પ્રત્યેકના પાંચ ચતુષ્ક સંયોગોમાં હોવાથી ૮૦ ભંગો થશે. પંચ વર્ણત્વમાં ૩૨-ભંગોમાં સોળમો, ચોવીશમો, ૨૮-મો, અને છેલ્લા ત્રણ ભંગો વર્જતા-૨૬ ભંગો રહેશે. કુલ ૨૩૧ ભંગો થશે.

નવ પ્રદેશી ઈત્યાદિમાં પંચવર્ણત્વમાં બત્રીશ ભંગોમાં માત્ર છેલ્લો ભંગ ન થાય, બાકીના પૂર્વે કહ્યા મુજબ જાણવા.

- **સૂત્ર-૭૮૭,૭૮૮ :-**

***ભગવન્ ! બાદર પરિણત અનંતપ્રદેશી સ્કંધ કેટલા વર્ણ આદિવાળો હોય ? જેમ શતક-૧૮ માં કહ્યું તેમ યાવત્ આઠ સ્પર્શ કહ્યા. વર્ણ, ગંધ, રસ ત્રણે દશપ્રદેશી સ્કંધ સમાન કહેવા.***

***જો ચાર સ્પર્શવાળા હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વભારે, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ હોય. (૨) કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૩) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૪) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વશીત, સર્વ રૂક્ષ હોય. (૫) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વશીત, સર્વ રૂક્ષ હોય. (૬) સર્વ કર્કશ, સર્વલઘુ, સર્વશીત, સર્વરૂક્ષ, (૭) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ. (૮) સર્વ કર્કશ, સર્વલઘુ, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. (૯) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વે શીત, સર્વ સ્નિગ્ધ હોય, (૧૦) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૧૧) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૧૨) સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. (૧૩) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ હોય. (૧૪) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ શીત, સર્વ રૂક્ષ હોય. (૧૫) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ સ્નિગ્ધ હોય. (૧૬) સર્વ મૃદુ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ હોય. - આ ૧૬ ભંગો થાય.***

***જો પાંચ સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ હોય. (૨) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો. (૩) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ શીત, દેશો સ્નિગ્ધો, દેશ રૂક્ષ. (૪) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વશીત, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો. (૫ થી ૮) સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દશે ઋક્ષ-ચાર ભંગ. (૯ થી ૧૨) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ-ચાર ભંગ. (૧૩ થી ૧૬) સર્વ કર્કશ, સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ,***

દેશરૂક્ષ - ચાર ભંગ. આ રીતે કર્કશ સાથે ૧૬-ભંગો [એમ ૧૬ + ૧૬ (૧) બત્રીશ ભંગો થયા.] [સર્વ મૃદુ, સર્વ ભારે, સર્વ શીત, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - ચાર ભંગ એ પ્રમાણે મૃદુ સાથે ૧૬ ભંગ કહેવા. એ રીતે તેના ૩૨-ભંગ થશે.] સર્વ કર્કશ, સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, દેશ શીત, દેશ ઉષ્ણ - ચાર ભંગ થાય - સર્વ કર્કશ, સર્વ ભારે, સર્વ ઋક્ષ, દેશશીત, દેશ ઉષ્ણ - ચાર ભંગ થાય. આ (૨) બત્રીશ ભંગો થશે. સર્વ કર્કશ, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ - એ પણ (૩) બત્રીશ ભંગો થશે. સર્વ ભારે, સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ - એમાં પણ (૪) બત્રીશ ભંગ થશે.

આ રીતે બધાં મળીને કુલ ૧૨૮ ભંગો થશે.

જો છ સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, સર્વ ભારે, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશોરૂક્ષો, (૨) સર્વ કર્કશ, સર્વ ભારે, દેશશીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ એ પ્રમાણે યાવત્ સર્વ કર્કશ, સર્વ ભારે, દેશોશીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો હોય. આ (૧) સોળ ભંગો થશે. - - સર્વ કર્કશ, સર્વ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ (૨) ૧૬-ભંગો થશે. - - સર્વ મૃદુ, સર્વ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ-આમાં પણ (૩) ૧૬ ભંગ થશે. [સર્વ મૃદુ, સર્વ ભારે, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ (૪) સોળ ભંગ થશે. - વૃત્તિમાં આ ૧૬-ભંગ દેખાતા નથી, અમે મૂળ જોઈને નોંધેલ છે, અન્યથા ૬૪ ભેદ ન થાય] આ રીતે કુલ ૬૪ ભેદ થયા. - - - - સર્વ કર્કશ, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આમાં પણ ૬૪ ભંગો થશે. - - (૧) સર્વ કર્કશ, સર્વ સ્નિગ્ધ, દેશ ભારે, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ યાવત્ સર્વ મૃદુ, સર્વ રૂક્ષ, દેશો ભારે, દેશો લઘુ, દેશો શીતો, દેશો ઉષ્ણો-૧૬ એમ ૬૪ ભંગ. - - - - સર્વે ભારે, સર્વે શીત, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ સ્નિગ્ધ, દેશરૂક્ષ એ પ્રમાણે યાવત્ સર્વ લઘુ, સર્વ ઉષ્ણ, દેશો કર્કશો, દેશો સ્નિગ્ધો, દેશો મૃદુઓ, દેશો રૂક્ષો-આ ૬૪ ભંગો થશે. - - - - સર્વ ગુરુ, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગીત, દેશ ઉષ્ણ યાવત્ સર્વ લઘુ, સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો શીતો, દેશો ઉષ્ણો આ ૬૪ ભંગો થશે. - - - - સર્વ શીત, સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ યાવત્ સર્વ ઉષ્ણ, સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો - આ ૬૪ ભંગો થશે. - બધાં છ સ્પર્શો મળીને ૩૮૪ ભંગો થશે.

જો સાત સ્પર્શ હોય તો — (૧) સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ હોય, યાવત્ સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશોસ્નિગ્ધો, દેશો રૂક્ષો - ચાર ભંગો - - - સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશો રૂક્ષો - ચાર ભંગ. - - - સર્વ કર્કશ, દેશગુરુ, દેશ લઘુ, દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - ચાર ભંગ. [અહીં પણ વૃત્તિમાં ક્યાંક કોઈક મુદ્રણ ભૂલ છે. અમારા મૂળ તથા અનુવાદ જોવા] - આ ૧૬-ભંગો થયા. - - - - સર્વ કર્કશ, દેશ ગુરુ, દેશો લઘુઓ, દેશશીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પ્રમાણે 'ગુરુ' એકવચનમાં, 'લઘુ' બહુવચનમાં લઈને ૧૬-ભંગો કહેવા. - - - - સર્વ કર્કશ, દેશો ગુરુકો, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પણ ૧૬ ભંગો કહેવા. - - - - સર્વ કર્કશ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આ પણ ૧૬-ભંગ કહેવા. આ પ્રમાણે કુલ ૬૪-ભંગો થશે.



એ પ્રમાણે મૃદુ સાથે પણ ૬૪ ભંગો કહેવા. - - - - સર્વ ગુરુ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ. આ પ્રમાણે 'ગુરુ' સાથે ૬૪ ભંગો કરવા. - - - - સર્વ લઘુ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે 'લઘુ' સાથે ૬૪-ભંગો કરવા. - - - - સર્વ શીત, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે શીત સાથે ૬૪ ભંગ કરવા. - - - - સર્વ ઉષ્ણ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે ઉષ્ણ સાથે ૬૪ ભંગ કહેવા. - - - - સર્વ સ્નિગ્ધ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ એ પ્રમાણે સ્નિગ્ધ સાથે ૬૪ ભંગ કહેવા. - - - - સર્વ રૂક્ષ, દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ - એ પ્રમાણે રૂક્ષ સાથે પણ ૬૪ ભંગો કહેવા - યાવત્ સર્વ રૂક્ષ, દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશો શીતો, દેશો ઉષ્ણો.

આ પ્રમાણે સાત સ્પર્શના ૫૧૨ ભંગ થાય છે.

જો આઠ સ્પર્શ હોય તો - દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશ શીત, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશો શીતો, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ.

દેશ કર્કશ, દેશમૃદુ, દેશ ગુરુ, દેશ લઘુ, દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આશ્રીને ચાર ભંગ. એ રીતે ૧૬ ભંગો થયા.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશ ગુરુ, દેશો લઘુકો, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - એ પ્રમાણે આ 'ગુરુક' એકવચનમાં, લઘુક બહુવચનમાં લઈને - ૧૬ ભંગ કરવા.

દેશ કર્કશ, દેશ મૃદુ, દેશો ગુરુકો, દેશ લઘુ, દેશ શીત, દેશ ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ ઋક્ષ - આના પણ ૧૬ ભંગો કરવા.

દેશ કર્કશ, દેશમૃદુ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશ શીત, દેશ

*ઉષ્ણ, દેશ સ્નિગ્ધ, દેશ રૂક્ષ - આના પણ ૧૬ ભંગો કહેવા.*

*આ બધાં મળીને ૬૪ ભંગો થયા. તેમાં કર્કશ, મૃદુ બંને એકવચનમાં લીધા છે. - - તેમાં કર્કશ એકવચનમાં અને મૃદુ બહુવચનમાં લઈને (બીજા) ૬૪ ભંગો કરવા. - - તેમાં કર્કશ બહુવચનમાં અને મૃદુ એકવચનમાં લઈને (ત્રીજા) ૬૪-ભંગો કરવા. - - તેમાં કર્કશ, મૃદુ બંને બહુવચનમાં લઈને (ચોથા) ૬૪-ભંગો કરવા. - યાવત્ દેશો કર્કશો, દેશો મૃદુઓ, દેશો ગુરુકો, દેશો લઘુકો, દેશો શીતો, દેશો ઉષ્ણો, દેશો સ્નિગ્ધો, દેશો રૂક્ષો આ છેલ્લો ભાંગો જાણવા. - - આ બધાં મળીને અષ્ટ સ્પર્શવાળા કુલ-૨૫૬ ભાંગાઓ થયા.*

*આ પ્રમાણે આ બાદર પરિણત અનંત પ્રદેશી સ્કંધમાં બધાં સંયોગો મળીને કુલ ૧૨૯૬ ભંગો થયા.*

*[૭૮૮] ભગવન્ ! પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે છે. તે આ - દ્રવ્ય પરમાણુ, ક્ષેત્ર પરમાણુ, કાળ પરમાણુ, ભાવ પરમાણુ.*

*ભગવન્ ! દ્રવ્ય પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — અચ્છેદ્ય, અભેદ્ય, અદગ્ધ, અગ્રાહ્ય. - - ભગવન્ ! ક્ષેત્ર પરમાણુ કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે — અનર્દ્ધ, અમધ્ય, અપ્રદેશ, અવિભાજ્ય.*

*ભગવન્ ! કાળ પરમાણુની પૃચ્છા. ગૌતમ ! ચાર ભેદે છે. તે આ — અવર્ણ, અગંધ, અરસ, અસ્પર્શ. - - ભગવન્ ! ભાવ પરમાણુ કેટલા ભેદે છે ? ચાર ભેદે — વર્ણમંત, ગંધમંત, રસમંત, સ્પર્શ મંત.*

*ભગવન્ ! તે એમ જ છે. એમ જ છે યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૭૮૭,૭૮૮ :-**

બધે જ કર્કશ, ગુરુ, શીત, સ્નિગ્ધ એકદા જ અવિરુદ્ધ. સ્પર્શોના સંભવથી એક ભંગ, ચતુર્થ પદ વ્યત્યયમાં દ્વિતીય. એ રીતે એકાદિ પદના વ્યભિચારથી ૧૬-ભંગો છે. पंचफास० કર્કશ, ગુરુ, શીત વડે સ્નિગ્ધ અને રૂક્ષના એકત્વ, બહુત્વ કરીને ચતુર્ભંગી પ્રાપ્ત થઈ છે. એ રીતે કર્કશ, ગુરુ, ઉષ્ણ વડે ચાર, એમ આઠ ભંગ થયા. આ આઠ કર્કશ અને ગુરુ વડે થયા. એમ બીજા કર્કશ અને લઘુ વડે થયા, તેથી ૧૬-ભંગ કર્કશ પદ વડે થયા. આ જ ભંગો મૃદુ પદ વડે થયા, એ રીતે ૩૨-ભંગો થયા. આ ૩૨-ભંગ સ્નિગ્ધ અને રૂક્ષના એકત્વથી થયા. બીજા ૩૨-ભંગ શીત, ઉષ્ણ વડે, ત્રીજા ગુરુ અને લઘુ વડે, ચોથા કર્કશ અને મૃદુ વડે, એ પ્રમાણે ૧૨૮ ભંગો થાય છે.

છ સ્પર્શમાં — સર્વ કર્કશ, ગુરુ, દેશથી શીત, ઉષ્ણ, સ્નિગ્ધ અને રૂક્ષ છે. અહીં દેશ શીતાદિના ચારે પદના એકત્વાદિ વડે ૧૬-ભંગો. આ સર્વ કર્કશ-ગુરુ વડે થયા. આ જ કર્કશ-લઘુ વડે થાય, તેથી ૩૨-ભંગ. આ બધાં સર્વ કર્કશ પદ વડે પ્રાપ્ત થયા. આ જ સર્વમૃદુ વડે પણ થાય. તેથી ૬૪ ભંગ થાય. આ ૬૪ સર્વ કર્કશ ગુરુ લક્ષણથી દ્વિકસંયોગ વડે સવિર્યયથી થયા. તે રીતે બીજા પણ દ્વિકસંયોગ વડે થઈ શકે. કર્કશ-ગુરુ-શીત-સ્નિગ્ધ લક્ષણ ચાર પદોના છ દ્વિકસંયોગથી એ પ્રમાણે ૬૪ ભંગ. એ રીતે છ દ્વિકસંયોગથી ગુણતા ૩૮૪ ભંગ થાય.





સાત સ્પર્શમાં - અહીં આદ્ય 'કર્કશ' પદ સ્કંધ વ્યાપકત્વથી વિપક્ષ રહિત છે. બાકીના ગુરુ આદિ છ સ્કંધ દેશ આશ્રિત હોવાથી વિપક્ષ સહિત છે. તેથી સાત સ્પર્શો થયા. આમાં ગુરુ આદિ છ પદોના એકત્વ, બહુત્વ વડે ૬૪-ભંગો થાય. તે સર્વ કર્કશ પદથી પ્રાપ્ત થયા. એ રીતે મૃદુ પદથી પણ થાય. તેથી ૧૨૮-ભેદ થાય. એ રીતે ગુરુ-લઘુ વડે બાકીના સાથે ૧૨૮ ભંગ, શીત-ઉષ્ણ વડે પણ ૧૨૮, સ્નિગ્ધ-રૂક્ષ વડે પણ ૧૨૮, એ રીતે ૧૨૮ને ચાર વડે ગુણ ૫૧૨ ભંગો થાય છે.

અષ્ટ સ્પર્શમાં ચાર કર્કશાદિ પદોના વિપક્ષ સહિત આઠ સ્પર્શો. આ બાદર સ્કંધના બે ભાગે વિકલ્પિતના એકત્ર દેશમાં ચાર વિરુદ્ધ છે. આમાં એકત્વ, બહુત્વથી ભંગો થાય છે. તેમાં રૂક્ષના એકત્વ, બહુત્વથી બે, આ બંને સ્નિગ્ધના એકત્વ, બહુત્વથી ચાર ભેદ થાય. - x - આ આ ભેદ ઉષ્ણના બહુવચનથી કહ્યા તે ચાર. શીત પદ બહુવચનથી પણ ચાર. શીતોષ્ણ પદો વડે બહુવચનથી ચાર. એ રીતે ૧૬ ભેદ થયા. લઘુ પદના બહુવચનથી ચાર, લઘુશીત પદ બહુત્વ વડે ચાર, લઘુ-ઉષ્ણ પદો વડે ચાર, લઘુ શીત ઉષ્ણ પદો વડે ચાર. એ રીતે ૧૬ ભંગ. તથા કર્કશાદિ એકવચનથી અને ગુરુ પદના બહુ વચનાંતથી એમ જ છે. ઈત્યાદિ સૂત્રાનુસાર - x - x - x - ૬૪ ભંગો થયા. કર્કશ મૃદુ પદો વડે એકવચનવત્ વડે પણ આ ૬૪ ભંગ. કર્કશ પદના એકત્વ, મૃદુ પદના બહુત્વથી પૂર્વોક્ત ક્રમથી ૬૪-ભંગો કરવા. કર્કશના બહુત્વ અને મૃદુ પદના એકત્વ વડે ૬૪ ભંગ પૂર્વોક્ત ક્રમથી જ કરવા, તેને જ કર્કશ-મૃદુ પદના બહુવચન વડે પૂર્વવત્ ૬૪ ભંગો કરવા. એ રીતે ૬૪ને ૪ વડે ગુણતા ૨૫૬ ભંગો થશે. - x - x -

બાદર સ્કંધમાં ચાર વગેરે સ્પર્શો થાય છે. તેમાં ચતુઃસ્પર્શાદિ ક્રમથી પ્રાપ્ત ભેદોની સંખ્યા - x - x - વૃત્તિકારે યંત્ર બનાવી દર્શાવેલ છે.

પરમાણુ અધિકારથી હવે કહે છે — તેમાં દ્રવ્યરૂપ પરમાણુ તે દ્રવ્ય પરમાણુ, એક અણુ વર્ણાદિ ભાવની અવિવક્ષા અને દ્રવ્યત્વની જ વિવક્ષાથી. એ રીતે ક્ષેત્ર પરમાણુ - આકાશ પ્રદેશ, કાળ પરમાણુ - સમય, ભાવ પરમાણુ - પરમાણુ જ છે, વર્ણાદિ ભાવોના પ્રાધાન્ય વિવક્ષાથી છે.

એક પણ દ્રવ્ય પરમાણુ વિવક્ષાથી ચતુઃસ્વભાવ. अच्छेज्ज છેદ્ય એટલે શસ્ત્રાદિ વડે લતાદિવત્ છેદવું. તેના નિષેધથી અચ્છેદ્ય. અભેદ્ય - સોય વડે ચામડાને ભેદવું, તેના નિષેધથી અભેદ્ય. સૂક્ષ્મત્વથી અગ્નિ વડે અદાહ્ય. તેથી જ હાથ વડે અગ્રાહ્ય. अणद्धे - સમસંખ્ય અવયવ અભાવે. अमज्झ - વિષમ સંખ્યાના અભાવે. अपएस - અવયવ અભાવે નિરંશ. अविभाइम - અવિભાગથી નિર્વૃત્ત, એકરૂપ, વિભાજન અશક્ય.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૬-"અંતર" ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૫-માં પુદ્‌ગલ પરિણામ કહ્યા. અહીં પૃથ્વી આદિ જીવ પરિણામો કહે છે. આ સંબંધે આવેલા આ ઉદ્દેશાનું આદિ સૂત્ર —

● સૂત્ર-૭૮૯ થી ૭૯૧ :-

*ભગવન્ ! પૃથ્વીકાયિક જીવ આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને સૌધર્મકલ્પમાં પૃથ્વીકાયિકરૂપે ઉત્પન્ન થાય, તો હે ભગવન્ ! શું પહેલા ઉત્પન્ન થઈને પછી આહાર કરે કે પહેલા આહાર કરીને પછી ઉત્પન્ન થાય ? ગૌતમ ! પહેલા પણ ઉપજે૰ ઈત્યાદિ, જેમ શતક-૧૭ના ઉદ્દેશા-૬-માં કહ્યું તેમ યાવત્ તે કારણે હે ગૌતમ ! એમ કહ્યું કે પૂર્વે પણ યાવત્ ઉત્પન્ન થાય. વિશેષ એ કે - ત્યાં સંપ્રાપ્ત કરીને, અહીં આહાર કરે છે - એમ કહેવું. બાકી પૂર્વવત્.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને જે ઈશાન કલ્પમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય૰ પૂર્વવત્ કહેવું. યાવત્ ઇષત્ પ્રાગ્ભારાએ ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક શર્કરાપ્રભા અને વાલુકાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને, જે સૌધર્મ યાવત્ ઇષત્ પ્રાગ્ભારામાં ઉત્પન્ન થવા યોગ્ય હોય૰ એ પ્રમાણે આ ક્રમથી યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક સૌધર્મ ઈશાન અને સનત્કુમાર માહેન્દ્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાતમાં મરીને જે આ રત્નપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય, હે ભગવન્ ! તે પહેલાં ઉપજીને પછી આહાર કરે ? ઈત્યાદિ બધું પૂર્વવત્ જાણવું યાવત્ તેથી એ પ્રમાણે કહ્યું છે, યાવત્ નિક્ષેપો કરવો.*

*ભગવન્ ! પૃથ્વીકાયિક સૌધર્મ-ઈશાન સનત્કુમાર માહેન્દ્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને જે શર્કરાપ્રભા પૃથ્વીમાં પૃથ્વીકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય૰ ઈત્યાદિ પૂર્વવત્. યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો. - - એ પ્રમાણે સનત્કુમાર-માહેન્દ્ર અને બ્રહ્મલોક કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને, ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો. - - એ પ્રમાણે બ્રહ્મલોક અને લાંતક કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો.*

*— એ પ્રમાણે લાંતક અને મહાશુક્ર કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં, એ રીતે મહાશુક્ર અને સહસ્રાર કલ્પના અંતરમાં સમવહત થઈને ફરી પણ યાવત્ અધઃસપ્તમીએ એ પ્રમાણે સહસ્રાર અને આનત-પ્રાણત કલ્પના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં, એ પ્રમાણે આનત-પ્રાણત અને આરણ-અચ્યુત કલ્પના અંતરમાં ફરી પણ યાવત્ અધઃસપ્તમીમાં. એ રીતે આરણ-અચ્યુત અને ગ્રૈવેયક વિમાનના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં. એ પ્રમાણે ગ્રૈવેયક વિમાન અને અનુત્તર વિમાનના અંતરમાં યાવત્ અધઃસપ્તમીમાં, એ પ્રમાણએ અનુત્તર વિમાન અને ઇષત્પ્રાગ્ભારામાં યાવત્ અધઃસપ્તમીમાં ઉત્પાદ કહેવો.*



*[૭૯૦] ભગવન્! અપ્કાયિક, આ રત્નપ્રભા અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં સમવહત થઈને, જે સૌધર્મ કલ્પમાં અપ્કાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય, બાકી બધું પૃથ્વીકાયિક મુજબ કહેવું. યાવત્ તેથી એ પ્રમાણે પહેલા અને બીજા કલ્પના અંતરમાં સમવહત થઈને યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં ઉત્પાદ કહેવો. એ રીતે આ ક્રમથી યાવત્ તમા અને અધઃસપ્તમી પૃથ્વીના અંતરમાં સમવહત થઈને યાવત્ ઈષત્પ્રાગ્ભારામાં અપ્કાયિકત્વથી ઉત્પાદ કહેવો.*

*ભગવન્ ! જે અપ્કાયિક સૌધર્મ-ઈશાન સનત્કુમાર-માહેન્દ્ર-કલ્પના અંતરમાં મરણ સમુદ્ઘાત કરે, કરીને જે રત્નપ્રભા પૃથ્વીમાં ઘનોદધિ વલયમાં અપ્કાયિકપણે ઉત્પાદ કહેવો, એ પ્રમાણે યાવત્ અનુત્તર વિમાન અને ઇષત્ પ્રાગ્ભારા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાત કરીને યાવત્ અધઃસપ્તમીના ઘનોદધિ વલયમાં ઉત્પાદ કહેવો.*

*[૭૯૧] ભગવન્ ! વાયુકાયિક, આ રત્નપ્રભા પૃથ્વી અને શર્કરાપ્રભા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાતથી મરીને જે સૌધર્મકલ્પમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવાને યોગ્ય હોય૰ એ પ્રમાણે જેમ શતક-૧૭માં વાયુકાયિક ઉદ્દેશકમાં કહ્યું, તેમ અહીં પણ કહેવું. વિશેષ એ કે — અંતરમાં સમુદ્ઘાત જાણવો, બાકી પૂર્વવત્ યાવત્ અનુત્તર વિમાન અને ઇષત્પ્રાગ્ભારા પૃથ્વીના અંતરમાં મરણ સમુદ્ઘાતથી સમવહત થઈને જે ઘનવાત-તનુવાત, ઘનવાત તનુવાત વલયોમાં વાયુકાયિકપણે ઉત્પન્ન થવા યોગ્ય હોય. બાકી પૂર્વવત્ જાણવું. યાવત્ તેથી એમ કહેવું યાવત્ ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

● વિવેચન-૭૮૯ થી ૭૯૧ :-

શતક-૧૭, ઉદ્દેશો-૬, આના વડે સૂચવે છે - પૂર્વે ઉત્પન્ન થઈ પછી આહાર કરે કે પહેલા આહાર કરી પછી ઉપજે - x - પહેલા ઉત્પન્ન થઈ પછી શરીર પ્રાયોગ્ય પુદ્ગલ ગ્રહણ કરે. - x - અથવા ઉત્પત્તિ ક્ષેત્રમાં પ્રદેશ પ્રક્ષેપણ કરીને પૂર્વે આહાર ગ્રહણ કરે, પછી પૂર્વના ક્ષેત્રથી પ્રદેશો સંહરે. વાચનાંતર અભિપ્રાયથી પૃથ્વી-અપ્-વાયુ વિષયત્વથી ઉદ્દેશક ત્રય, અહીંથી આઠમો છે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૭-''બંધ'' ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૬-માં પૃથ્વી આદિનો આહાર નિરૂપેલ છે અને તે કર્મનો બંધ હોવાથી જ થાય છે, તેથી અહીં બંધ નિરૂપણ કરે છે.

● સૂત્ર-૭૯૨ :-

*ભગવન્ ! બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ ભેદે. તે આ જીવ પ્રયોગબંધ, અનંતર પ્રયોગબંધ, પરંપરબંધ. - - ભગવન્ ! નૈરયિકને કેટલા ભેદે બંધ છે ? - પૂર્વવત્. એ પ્રમાણે યાવત્ વૈમાનિક.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બંધ ત્રણ ભેદે છે. તે આ — જીવપ્રયોગબંધ, અનંતરબંધ, પરંપરબંધ.*

*ભગવન્ ! નૈરયિકોને જ્ઞાનાવરણીય કર્મનો બંધ કેટલા ભેદે છે ? પૂર્વવત્ કહેવું. એ પ્રમાણે યાવત્ વૈમાનિક, એ રીતે અંતરાય સુધી.*

*ભગવન્ ! જ્ઞાનાવરણીય કર્મના ઉદયમાં કેટલા ભેદે બંધ થાય છે ? ગૌતમ ! ત્રણ ભેદે છે. પૂર્વવત્. આ પ્રમાણે નૈરયિકોને પણ કહેવું. એ રીતે વૈમાનિક સુધી કહેવું. એ રીતે યાવત્ અંતરાય ઉદયમાં કહેવું.*

*ભગવન્ ! સ્ત્રી વેદનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે બંધ પૂર્વવત્ છે. - - ભગવન્ ! અસુરકુમારોને સ્ત્રી વેદનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! ત્રણ પ્રકારે પૂર્વવત્ છે. એ પ્રમાણે વૈમાનિક સુધી કહેવું. વિશેષ એ કે — જેને સ્ત્રીવેદ હોય તેને તે કહેવો. એ પ્રમાણે પુરુષ વેદમાં પણ કહેવું, નપુંસકવેદમાં પણ કહેવું. યાવત્ વૈમાનિકોમાં. વિશેષ એ કે — જેને જે વેદ હોય, તેને તે કહેવો.*

*ભગવન્ ! દર્શન મોહનીય કર્મનો બંધ કેટલા ભેદે છે ? પૂર્વવત્. નિરંતર યાવત્ વૈમાનિક. એ રીતે ચારિત્ર મોહનીયનો પણ વૈમાનિક પર્યન્ત કહેવો. એ રીતે આ ક્રમે ઔદારિક શરીર યાવત્ કાર્મણ શરીરનો, આહાર સંજ્ઞા યાવત્ પરિગ્રહ સંજ્ઞા, કૃષ્ણલેશ્યા યાવત્ શુક્લલેશ્યા, સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, સમ્યગ્મિથ્યાદૃષ્ટિમાં, આભિનિબોધિક જ્ઞાનનો યાવત્ કેવળજ્ઞાનનો, મતિઅજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગ જ્ઞાનના બંધ પૂર્વવત્ કહેવા.*

*ભગવન્ ! આ પ્રમાણે આભિનિબોધિકના વિષયનો બંધ કેટલા પ્રકારે છે ? યાવત્ કેવળજ્ઞાન વિષયનો, મતિ અજ્ઞાન વિષયનો, શ્રુત અજ્ઞાન વિષયનો, વિભંગજ્ઞાન વિષયનો, આ બધાં પદાર્થોનો બંધ ત્રણ ભેદે કહ્યો છે. આ બધાંને ચોવીશ દંડકમાં કહેવા. વિશેષ એ કે — જેને જે હોય તે કહેવું યાવત્ વૈમાનિક. - - ભગવન્ ! વિભંગજ્ઞાન વિષયનો બંધ કેટલા ભેદે છે ? ગૌતમ ! બંધ ત્રણ ભેદે - જીવપ્રયોગબંધ, અનંતર બંધ, પરંપર ભેદ. - - ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

● **વિવેચન-૭૯૨ :-**

જીવ પ્રયોગ બંધ - જીવના પ્રયોગથી - મન વગેરે વ્યાપારથી થતો બંધ - કર્મ પુદ્ગલોનો આત્મ પ્રદેશ સાથે સંશ્લેષ બદ્ધ સ્પૃષ્ટાદિ ભાવ કરણ. અનંતરબંધ - જેના પુદ્ગલોને બદ્ધ થયાને અનંતર સમય વર્તતો હોય તે. પરંપરબંધ - જેમાં બદ્ધ થયાને દ્વિતીયાદિ સમય વર્તતો હોય તે.

જ્ઞાનાવરણીયોદય - જ્ઞાનાવરણીયના ઉદય રૂપ કર્મના અર્થાત્ ઉદય પ્રાપ્ત જ્ઞાનાવરણીય કર્મ. આનો બંધ ભૂતભાવાપેક્ષાએ છે. અથવા જ્ઞાનાવરણીયપણે ઉદય જે કર્મનો છે તે તથા, જ્ઞાનાવરણાદિ કર્મ જ કિંચિત્ જ્ઞાનાદિ આવરકપણે વિપાકથી કિંચિત્ પ્રદેશથી વેદાય છે. તે ઉદયથી વિશેષિત કર્મ. અથવા જ્ઞાનાવરણીયના ઉદયે જે બંધાય કે વેદાય તે જ્ઞાનાવરણીયોદય જ છે. આ રીતે બીજે પણ જાણવા.

સમ્યગ્દૃષ્ટિ ઈત્યાદિ. (શંકા) સમ્યગ્દૃષ્ટિ ઈત્યાદિમાં બંધ કઈ રીતે ? કેમકે દૃષ્ટિજ્ઞાન-અજ્ઞાનોનું પૌદ્ગલિકત્વ છે ? (સમાધાન) અહીં બંધ શબ્દથી



કર્મ પુદ્ગલોનો બંધ વિવક્ષિત નથી, પરંતુ સંબંધ માત્ર છે. તે જીવની દૃષ્ટિ આદિ ભેદથી ધર્મ સાથે જ છે. જીવ પ્રયોગ બંધાદિ વ્યપદેશ્યત્વ અને તેના જીવવીર્ય પ્રભવત્વથી જ આભિનિબોધિક જ્ઞાનવિષય આદિના પણ નિરવદ્ય જ્ઞાનના જ્ઞેયની સાથે સંબંધ વિવક્ષણથી કહ્યું.

અહીં સંગ્રહ ગાથા છે. જીવ પ્રયોગબંધ, અનંતર, પરંપર જાણવું. પ્રકૃતિ, ઉદય, વેદ, દર્શન મોહ, ચારિત્ર મોહ, ઔદારિક-વૈક્રિય-આહારક-તૈજસ-કાર્મણ,- સંજ્ઞા, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, અજ્ઞાનમાં તેનો વિષય છે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૮, “ભૂમિ” ❀

— x — x — x — x — x — x —

૦ ઉદ્દેશા-૭-માં બંધ કહ્યો, તેનો વિભાગ કર્મભૂમિમાં તીર્થંકરે પ્રરૂપેલ છે, તેથી કર્મભૂમ્યાદિને અહીં આઠમા ઉદ્દેશામાં કહે છે —

● **સૂત્ર-૭૯૩ થી ૮૦૦ :-**

*[૭૯૩] ભગવન્ ! કર્મભૂમિ કેટલી છે ? ગૌતમ ! પંદર છે. તે આ — પાંચ ભરત, પાંચ ઐરવત, પાંચ મહાવિદેહ. - - ભગવન્ ! અકર્મભૂમિ કેટલી છે ? ગૌતમ ત્રીશ છે — પાંચ હૈમવત, પાંચ હૈરણ્યવંત, પાંચ હરિવર્ષ, પાંચ રમ્યક્વાસ, પાંચ દેવકુરુ, પાંચ ઉત્તરકુરુ.*

*ભગવન્ ! આ ત્રીશ અકર્મભૂમિમાં ઉત્સર્પિણી, અવસર્પિણી હોય છે ? તે અર્થ સમર્થ નથી. - - ભગવન્ ! આ પાંચ ભરત, ઐરવતમાં ઉત્સર્પિણી, અવસર્પિણી હોય છે ? હા, છે. - - આ પાંચ મહાવિદેહમાં ? ત્યાં ઉત્સર્પિણી નથી, અવસર્પિણી નથી. ત્યાં અવસ્થિત કાળ છે.*

*[૭૯૪] ભગવન્! આ પાંચ મહાવિદેહમાં અરિહંત ભગવંત પંચમહાવ્રતિક અપ્રતિક્રમણ ધર્મ પ્રજ્ઞાપે છે? તે અર્થ સમર્થ નથી. પરંતુ આ પાંચ ભરત, પાંચ ઐરવતમાં પહેલા અને છેલ્લા બંને અરિહંત ભગવંતો પંચ મહાવ્રતિક - પંચ અણુવ્રતિક સપ્રતિક્રમણ ધર્મ કહે છે, બાકીના અરિહંત ભગવંતો ચતુર્યામધર્મ પ્રરૂપે છે. આ પાંચ મહાવિદેહમાં અરિહંત ભગવંતો ચતુર્યામ ધર્મ પ્રરૂપે છે.*

*ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપમાં ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં કેટલા તીર્થંકરો કહ્યા છે ? ગૌતમ ! ચોવીશ તીર્થંકરો કહ્યા છે. તે આ રીતે — ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ, ચંદ્રપ્રભ (શશિ), પુષ્પદંત (સુવિધિ), શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મ, શાંતિ, કુંથુ, અર, મલ્લિ, મુનિસુવ્રત, નમિ, નેમિ, પાર્શ્વ, વર્ધમાન.*

*[૭૯૫] ભગવન્ ! આ ચોવીશ તીર્થંકરોના કેટલા જિનાંતર છે ? ગૌતમ ! ૨૩-જિનંતર છે. - - ભગવન્ ! આ ૨૩-જિનંતરોમાં કોઈને ક્યાંય કાલિક શ્રુતનો ઉચ્છેદ થયો છે ? ગૌતમ ! આ ૨૩-જિનંતરોમાં પહેલા અને પછીના આઠ-આઠ જિનાંતરોમાં કાલિક શ્રુતનો વ્યવચ્છેદ થયો નથી. મધ્યના સાત જિનંતરોમાં કાલિક સૂત્રનો વ્યવચ્છેદ થયો છે. પરંતુ સર્વે જિનંતરોમાં દૃષ્ટિવાદનો વિચ્છેદ થયો છે.*

*[૭૯૬] જંબૂદ્વીપ-દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં હે ભગવન્ ! આપ દેવાનુપ્રિયનું પૂર્વગતશ્રુત કેટલો કાળ સ્થાયી રહેશે ? ગૌતમ ! - x - મારું પૂર્વગત શ્રુત આ અવસર્પિણીમાં ૧૦૦૦ વર્ષ રહેશે.*

*ભગવન્ ! જે રીતે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું પૂર્વગત શ્રુત ૧૦૦૦ વર્ષ રહેશે, તેમ હે ભગવન્ ! જંબૂદ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં બીજા તીર્થંકરોનું પૂર્વગત શ્રુત કેટલો કાળ રહેશે ? ગૌતમ ! કેટલાંકનું સંખ્યાત, કેટલાંકનું અસંખ્યાતકાળ.*

*[૭૯૭] ભગવન્ ! જંબૂદ્વીપ દ્વીપના ભરત ક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ કેટલો કાળ રહેશે ? ગૌતમ ! - x - x - મારું તીર્થ ૨૧૦૦૦ વર્ષ સુધી રહેશે.*

*[૭૯૮] ભગવન્ ! જેમ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આ અવસર્પિણીમાં આપ દેવાનુપ્રિયનું તીર્થ ૨૧,૦૦૦ વર્ષ સુધી રહેશે. તેમ હે ભગવન્ ! જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આગામી કાળે છેલ્લા તીર્થંકરનું તીર્થ કેટલો કાળ સ્થાયી રહેશે ? ગૌતમ ! જે પ્રમાણે અર્હન્ કૌશલિક ઋષભનો જિનપર્યાય છે, એટલા સંખ્યાત વર્ષ આગામીકાળે છેલ્લા તીર્થંકરનું તીર્થ રહેશે.*

*[૭૯૯] ભગવન્ ! તીર્થને તીર્થ કહેવાય કે તીર્થંકરને તીર્થ કહેવાય ? ગૌતમ અરહંતો તો નિયમા તીર્થંકર છે, પણ તીર્થ ચાતુર્વર્ણ શ્રમણસંઘ છે - તે આ - શ્રમણ, શ્રમણી, શ્રાવક, શ્રાવિકા.*

*[૮૦૦] ભગવન્ ! પ્રવચન એ પ્રવચન છે કે પ્રાવચની એ પ્રવચન છે ? ગૌતમ ! અરહંત તો નિયમાં પ્રાવચની છે, પરંતુ પ્રવચન દ્વાદશાંગી ગણિપિટક છે. તે આ - આયાર યાવત્ દૃષ્ટિવાદ.*

*ભગવન્ ! જે આ ઉગ્ર, ભોગ, રાજન્ય, ઈક્ષ્વાકુ, જ્ઞાત, કૌરવ્ય છે, તે આ ધર્મમાં અવગાહીને, આઠ પ્રકારની કર્મરજ મલને ધુવે છે, ધોઈને પછી સિદ્ધ થઈ યાવત્ દુઃખનો અંત કરે છે ? હા, ગૌતમ ! જે આ ઉગ્ર, ભોગ, તે પ્રમાણે જ યાવત્ અંત કરે છે, કેટલોક કોઈ એક દેવલોકમાં, દેવપણે ઉત્પન્ન થાય છે.*

*ભગવન્ ! દેવલોક કેટલા ભેદે છે ? ગૌતમ ! ચાર ભેદે દેવલોક છે — ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિક.*

*ભગવન્ ! તે એમ જ છે, એમ જ છે.*

**● વિવેચન-૭૯૩ થી ૮૦૦ :-**

કયા જિનના સંબંધમાં, કયા જિનના અંતરમાં, કયા બે જિનની મધ્યમાં કાલિક શ્રુત અર્થાત્ એકાદશ અંગ રૂપનો વ્યવચ્છેદ કહ્યો છે ?

અહીં કાલિક સૂત્રનો વ્યવચ્છેદ પૂછેલ છે, પણ જે અપૃષ્ટ છે, તે અવ્યવચ્છેદનું અભિધાન, તેના વિપક્ષને જણાવવા માટે છે જેથી વિવક્ષિત અર્થ બોધ સહેલો થાય છે. એમ કરીને કહેલ છે. ‘મધ્યના સાત’ એના દ્વારા ‘कस्सकहिं’ એ પ્રશ્નનો અહીં ઉત્તર જાણવો. તેથી ‘મધ્યમ સાતમાં’ એમ



કહેવાથી સુવિધિજિનના તીર્થમાં અર્થાત્ સુવિધિ-શીતલ જિનના અંતરમાં વ્યવચ્છેદ થયો છે. તેનો વ્યવચ્છેદ કાળ પલ્યોપમનો ચોથો ભાગ હતો. એ પ્રમાણે બીજા પણ છ જિન છે. અહીં છ જિનાંતર કહેવા. કેવળ વ્યવચ્છેદ કાળ સાતમાં જાણવો—

એક પલ્યોપમનો (૧) ચતુર્ભાગ, (૨) ચતુર્ભાગ, (૩) ત્રણ ચતુર્ભાગ (૪) એક પલ્યોપમ, (૫) ત્રણ ચતુર્ભાગ, (૬) ચતુર્ભાગ (૭) ચતુર્ભાગ.

एत्थणं० પ્રજ્ઞાપક વડે ઉપદર્શાવતા જિનના અંતરોમાં કાલિક શ્રુતનો વ્યવચ્છેદ કહ્યો છે. દૃષ્ટિવાદ અપેક્ષાએ કહે છે — બધાં પણ જિન અંતરોમાં અર્થાત્ માત્ર સાત જિનાંતરમાં નહીં, કેટલાંક કાળ માટે પણ દૃષ્ટિવાદ વ્યવચ્છિન્ન થાય. - - વ્યવચ્છેદાધિકારથી કહે છે —

देवाणुप्पियाणं - આપના સંબંધી, अत्थेगइयाणं संखेज्ज कालं - પશ્ચાનુપૂર્વી વડે પાર્શ્વનાથ આદિનો સંખ્યાતકાળ. अत्थेगइयाणं असंखेज्जकाल - ઋષભ આદિ તીર્થંકરોમાં. आगमेस्साणं - આગામી અર્થાત્ ભવિષ્યકાળે થનાર-મહાપદ્મ આદિ જિન, कोसलियस्स - કોશલ દેશમાં જન્મેલ. जिणपरियाए - કેવલિ પર્યાય. ૧૦૦૦ વર્ષ ન્યૂન લાખ પૂર્વ.

તીર્થ પ્રસ્તાવથી આમ કહે છે — तीर्थ - સંઘરૂપ. તીર્થને જ તીર્થ શબ્દથી કહેવું કે તીર્થંકરને તીર્થ શબ્દથી કહેવા ? પ્રશ્ન. તેનો ઉત્તર આપે છે. તીર્થંકર, તીર્થ પ્રવર્તયિતા છે, તીર્થ નથી. *[વૃત્તિકારનો અભિપ્રાય સમજાતો નથી, કેમકે તે સૂત્રથી વિમુખ છે.]* પરંતુ તીર્થ એટલે ચાતુવર્ણીય શ્રમણસંઘ છે. જેમાં ચાર વર્ણ છે, તે ચતુર્વર્ણ. તે આ પ્રમાણે આકીર્ણ છે — ક્ષમાદિ ગુણ વડે વ્યાપ્ત - ચતુર્વર્ણાકીર્ણ. ક્યાંક ‘ચાતુર્વર્ણ શ્રમણ-સંઘ’ એવો પાઠ છે, તે વ્યક્ત જ છે.

ઉક્તાનુસારીથી જ કહે છે — पवयण० ઈત્યાદિ. પ્રકર્ષથી કહેવાય, અભિધેય છે જેના વડે તે પ્રવચન અર્થાત્ આગમ. પ્રવચનને જ પ્રવચન શબ્દ કહેવો કે પ્રવચની અર્થાત્ પ્રવચન પ્રણેતા-જિન તે પ્રવચન ?

પૂર્વે શ્રમણાદિ સંઘ કહ્યો. શ્રમણો ઉગ્રાદિ કુલોત્પન્ન હોય છે, પ્રાયઃ તેઓ સિદ્ધ થાય છે, તે દર્શાવતા કહે છે — जे इमे० ઈત્યાદિ. આ નિર્ગ્રન્થ ધર્મમાં.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૯-“ચારણ” ❀

— x — x — x — x — x — x —

૦ આઠમાં ઉદ્દેશાને અંતે દેવો કહ્યા. તેઓ આકાશચારી છે. તેથી આકાશચારી દ્રવ્ય દેવો અહીં પ્રરૂપીએ છીએ —

**● સૂત્ર-૮૦૧,૮૦૨ :-**

*[૮૦૧] ભગવન્ ! ચારણ કેટલા પ્રકારે છે ? ગૌતમ ! બે ભેદે ચારણો છે. તે આ — વિદ્યાચારણ અને જંઘાચારણ. - - ભગવન્ તે વિદ્યાચારણને વિદ્યાચારણ કેમ કહે છે ? ગૌતમ ! તેમને અંતર રહિત છટ્ઠ છટ્ઠના તપશ્ચરણપૂર્વક વિદ્યા દ્વારા ઉત્તરગુણ લબ્ધિને ક્ષમમાણથી વિદ્યાચારણ લબ્ધિ નામે લબ્ધિ સમુત્પન્ન થઈ હોય છે. તે કારણથી યાવત્ વિદ્યાચારણ કહેવાય છે.*

*ભગવન્ ! વિદ્યાચારણની શીઘ્રગતિ કેવી છે ? તેમની શીઘ્ર ગતિનો વિષય કેવો છે ? ગૌતમ ! આ જંબૂદ્વીપ યાવત્ કિંચિત્ વિશેષાધિક પરિક્ષેપથી છે. કોઈ મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય દેવ યાવત્ એ પ્રમાણે વિચારીને સંપૂર્ણ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડે તેટલા સમયમાં ત્રણ વખત ચક્કર લગાવીને શીઘ્ર પાછો આવે, એટલી શીઘ્રગતિ હે ગૌતમ ! વિદ્યાચરણની છે, એટલો શીઘ્ર ગતિ વિષય છે.*

*ભગવન્ ! વિદ્યાચરણની તીર્છી ગતિ કેટલી છે ? તીર્છી ગતિનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે અહીંથી એક ઉત્પાતથી માનુષોત્તર પર્વતે સમવસરણ કરે છે, કરીને ત્યાં ચૈત્યોને વાંદીને, ત્યાંથી બીજા ઉત્પાત વડે નંદીશ્વર દ્વીપે સમોસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોને વાંદે છે. ત્યાંથી (એક ઉત્પાતમાં) પાછો ફરે છે, ફરીને અહીં આવે છે, અહીં ચૈત્યોને વાંદે છે. ગૌતમ ! વિદ્યાચારણની આટલી તીર્છી ગતિ છે, આટલો તીર્છી ગતિનો વિષય છે.*

*ભગવન્ ! વિદ્યાચારણની ઉર્ધ્વગતિ કેટલી છે ? ઉર્ધ્વ ગતિનો વિષય કેટલો છે ? ગૌતમ ! તે અહીંથી એક ઉત્પાત વડે નંદનવનમાં સમવસરણ કરે છે, ત્યાં ચૈત્યોની વંદના કરે છે, ત્યાંથી બીજા ઉત્પાત વડે પંડકવનમાં જાય છે. જઈને પંડકવનમાં ચૈત્યોની વંદના કરે છે. ત્યાં પાછો ફરી (એક ઉત્પાતમાં) અહીં આવે છે, અહીં આવીને અહીં ચૈત્યોની વંદના કરે છે. હે ગૌતમ ! વિદ્યાચારણની આટલી ઉર્ધ્વગતિ છે, આટલો ઉર્ધ્વગતિનો વિષય છે.*

*તે તે સ્થાનોની આલોચના, પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, જો તે તે સ્થાનોની આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે.*

*[૮૦૨] ભગવન્! ક્યા કારણે જંઘાચારણ, જંઘાચારણ કહેવાય છે? ગૌતમ! તેને નિરંતર અટ્ઠમ-અટ્ઠમના તપોકર્મ વડે આત્માને ભાવિત કરતા જંઘાચારણલબ્ધિ નામે લબ્ધિ સમુત્પન્ન થાય છે, તે કારણથી.*

*ભગવન્! જંઘાચારણની કેવી શીઘ્ર ગતિ છે? કેવો શીઘ્ર ગતિવિષય છે? ગૌતમ! આ જંબૂદ્વીપમાં એ પ્રમાણે જેમ વિદ્યાચારણમાં કહ્યું તેમ જાણવું. વિશેષ એ કે — તે ૨૧ વખત ચક્કર લગાવીને શીઘ્ર પાછો આવે છે. હે ગૌતમ! જંઘાચારણની તેવી શીઘ્રગતિ છે, તેટલો શીઘ્રગતિવિષય છે. બાકી પૂર્વવત્.*

*ભગવન્! જંઘાચારણની તીર્છી ગતિનો વિષય કેટલો છે? ગૌતમ! તે અહીંથી એક ઉત્પાદ વડે રૂચકવર દ્વીપે સમવસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને ત્યાંથી પાછો વળતાં બીજા ઉત્પાત વડે નંદીશ્વરદ્વીપે સમવસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને (એક ઉત્પાત્ વડે) શીઘ્ર અહીં પાછો ફરે છે. અહીં આવીને અહીંના ચૈત્યોની વંદના કરે છે. જંઘાચારણનો હે ગૌતમ! આટલો તીર્છી ગતિનો વિષય છે.*



*ભગવન્! જંઘાચારણનો ઉર્ધ્વગતિ વિષય કેટલો છે? ગૌતમ! તે અહીંથી એક ઉત્પાત વડે પંડકવનમાં સમોસરણ કરે છે. કરીને ત્યાં ચૈત્યોની વંદના કરે છે. વાંદીને ત્યાંથી પાછા આવતા બીજા ઉત્પાત વડે નંદનવને સમોસરણ કરે છે. કરીને નંદનવનમાં ત્યાં ચૈત્યોની વંદના કરે છે. કરીને ત્યાંથી (એક ઉત્પાત્ વડે) અહીં આવે છે, અહીં આવીને અહીંના ચૈત્યોની વંદના કરે છે. હે ગૌતમ! જંઘાચારણનો ઉર્ધ્વગતિ વિષય આટલો છે.*

*તે તે સ્થાનની આલોચના પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી, તે તે સ્થાનની આલોચના પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે. ભગવન્ ! તે એમ જ છે (૨) યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૮૦૧,૮૦૨ :-**

ત્યાં चरण - આમનો આકાશમાં ગમન અતિશય છે તે. विज्जा चारण - વિદ્યા એટલે પૂર્વગતશ્રુત, તેમાં કૃતોપકારથી ચારણ તે વિદ્યાચારણ. - - जंघाचारण - જંઘા વ્યાપાર કૃતોપકાર ચારણ તે જંઘા ચારણ. આ અર્થમાં ગાથાઓ છે, તે આ પ્રમાણે —

(૧) અતિશય વડે ચરણ સામર્થ્યવાળા જંઘાચારણ, વિદ્યાચારણ મુનિઓ બંને જંઘા વડે પહેલો સૂર્ય કિરણોનો આશ્રય કરીને જાય છે.

(૨) જંઘાચારણ મુનિ એક ઉત્પાદ વડે રૂચકવરદ્વીપે જાય છે, ત્યાંથી પાછો ફરતા બીજા ઉત્પાદ વડે નંદીશ્વરે, ત્રીજા ઉત્પાદથી અહીં પાછો આવે છે.

(૩) જંઘાચારણ મુનિ પહેલા ઉત્પાદ વડે પંડકવને જાય છે, બીજા ઉત્પાદ વડે નંદનવને જાય છે. ત્રીજા ઉત્પાદ વડે અહીં પાછો આવે છે.

(૪) વિદ્યાચારણ મુનિ પહેલા ઉત્પાદ વડે માનુષોત્તર પર્વને જાય છે, બીજા ઉત્પાદ વડે નંદીશ્વરદ્વીપે આવે છે. ત્રીજા વડે અહીં આવીને ચૈત્યવંદન કરે.

(૫) પહેલા ઉત્પાદથી નંદનવને, બીજા ઉત્પાદ વડે પંડકવને જાય છે, ત્રીજા ઉત્પાદથી અહીં પાછો આવે તે વિદ્યાચારણ મુનિ.

તેમાં જે વિદ્યાચારણ થનાર હોય તે છટ્ઠ છટ્ઠના તપોકર્મ વડે વિદ્યાથી અર્થાત્ પૂર્વગતશ્રુત વિશેષ રૂપ કરણભૂતથી ઉત્તરગુણ-પિંડ વિશુદ્ધિ આદિ, તેમાં આ ક્રમ પ્રાપ્ત તપ સ્વીકારે પછી ઉત્તરગુણલબ્ધિ અર્થાત્ તપોલબ્ધિ પામે. क्षममाणस्य - સહન કરી શકતો એવો તપ કરે.

कहं सीहागइ - કેવી શીઘ્ર ગતિ-ગમનક્રિયા, કેવો શીઘ્ર ગતિનો વિષય. શીઘ્રપણાથી તેનો વિષય પણ ઉપચારથી શીઘ્ર કહ્યો. ગતિ વિષય ? ગમન અભાવે પણ શીઘ્ર ગતિ ગોચરભૂત ક્ષેત્ર શું છે ?

આ જંબૂદ્વીપ એવા સ્વરૂપનો છે, અહીં દેવની શીઘ્ર ગતિની ઉપમા આપી છે. से णं तस्स ठाणस्सं - અહીં આ ભાવાર્થ છે - લબ્ધિ ઉપજીવન, પ્રમાદથી તે સેવાય છે. તેની આલોચના વિના ચારિત્રની આરાધના થતી નથી, તેના વિરાધકને ચારિત્રનું ફળ પ્રાપ્ત ન થાય. જે અહીં કહ્યું કે વિદ્યાચારણનું ગમન બે ઉત્પાદ વડે અને આગમન એક વડે, જંઘાચારણનું ગમન એક વડે અને

આગમન બે વડે, તે તેનો લબ્ધિ સ્વભાવ છે.

બીજા કહે છે કે — વિદ્યાચારણને આગમનકાળે વિદ્યા અભ્યસ્તતર હોય છે. તેથી એક ઉત્પાદથી આગમન છે, ગમનમાં તેમ ન હોવાથી બે ઉત્પાદ વડે જાય છે. જંઘાચારણ તો લબ્ધિ ઉપજીવ્યમાન અલ્પ સામર્થ્યવાળા હોય છે. તેથી આગમન બે વડે, ગમન એક વડે થાય છે.

## ❀ શતક-૨૦, ઉદ્દેશો-૧૦-''સોપક્રમ'' ❀

-- x -- x -- x -- x -- x -- x --

૦ ઉદ્દેશા-૯-માં ચારણો કહ્યા. તેઓ સોપક્રમાયુષ્ક અને ઈતર પણ સંભવે છે, તેથી દશમામાં સોપક્રમાદિપણે જીવોને નિરૂપે છે —

● **સૂત્ર-૮૦૩ :-**

*ભગવન્ ! જીવો શું સોપક્રમાયુષ્ છે કે નિરુપક્રમાયુષ્ ? ગૌતમ ! જીવો સોપક્રમાયુષ્ પણ છે, નિરૂપક્રમાયુષ્ પણ છે.*

*નૈરયિકો વિશે પ્રશ્ન ? ગૌતમ ! નૈરયિકો સોપક્રમાયુષ્ નથી, નિરૂપક્રમાયુષ્ છે. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો સુધી કહેવું. - - પૃથ્વીકાયિકોને 'જીવ' સમાન કહેવા. એ પ્રમાણે મનુષ્યો સુધી કહેવું. - - વ્યંતર, જ્યોતિષ્ક, વૈમાનિકોને નૈરયિકોની સમાન કહેવા.*

● **વિવેચન-૮૦૩ :-**

સોપક્રમાયુ - ઉપક્રમણ તે ઉપક્રમ, અપ્રાપ્તકાળે આયુષ્યનું નિર્જરવું તે, તેની સાથે જે છે તે સોપક્રમ. તે આવા પ્રકારનું આયુ જેમને છે તે સોપક્રમાયુ. તથા તેનાથી વિપરીત આયુ તે નિરપક્રમાયુષ્ કહેવાય.

અહીં ગાથા છે — દેવો, નૈરયિકો, અસંખ્યાત વર્ષાયુવાળા તિર્યંચો અને મનુષ્યો, ઉત્તમ પુરુષો અને ચરમ શરીરવાળા તે બધાં નિરુપક્રમાયુ છે.

બાકીના સંસારી જીવો તે ઈતર એવા સોપક્રમાયુષ્વાળી છે. આ રીતે સંક્ષેપથી સોપક્રમ અને નિરુપક્રમ ભેદ કહ્યો.

ઉપક્રમ અધિકારથી કહે છે —

● **સૂત્ર-૮૦૪ :-**

*ભગવન્ ! નૈરયિકો, શું આત્મોપક્રમથી ઉપજે છે, કે પરોપક્રમથી ઉપજે છે કે નિરૂપક્રમથી ઉપજે છે ? ગૌતમ ! આત્મોપક્રમથી પણ ઉપજે, પરોપક્રમથી પણ ઉપજે, નિરૂપક્રમથી પણ ઉપજે. એ પ્રમાણે યાવત્ વૈમાનિક.*

*ભગવન્! નૈરયિકો શું આત્મોપક્રમથી ઉદ્વર્તે. પરોપક્રમથી ઉદ્વર્તે કે નિરૂપક્રમથી ઉદ્વર્તે? ગૌતમ! આત્મોપક્રમથી ન ઉદ્વર્તે, પરોપક્રમથી ન ઉદ્વર્તે, પણ નિરૂપક્રમથી ઉદ્વર્તે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વીકાયિકો યાવત્ મનુષ્યો ત્રણે રીતે ઉદ્વર્તે, બાકીના જેમ નૈરયિક. માત્ર જ્યોતિષ્ક, વૈમાનિક ચ્યવે.*

*ભગવન્ ! નૈરયિકો શું આત્મઋદ્ધિથી ઉપજે કે પરઋદ્ધિથી ઉપજે ? ગૌતમ ! આત્મઋદ્ધિથી ઉપજે, પરઋદ્ધિથી નહીં. એમ યાવત્ વૈમાનિક.*



*ભગવન્ ! નૈરયિકો શું આત્મઋદ્ધિથી ઉદ્વર્તે, પરઋદ્ધિથી ઉદ્વર્તે ? ગૌતમ ! આત્મઋદ્ધિથી ઉદ્વર્તે, પરઋદ્ધિથી નહીં. એ રીતે યાવત્ વૈમાનિક. વિશેષ એ કે — જ્યોતિષ્ક, વૈમાનિક ચ્યવે છે તેમ કહેવું.*

*ભગવન્ ! નૈરયિક સ્વકર્મોથી ઉપજે૦ ? ગૌતમ ! આત્મકર્મથી ઉપજે છે, પરકર્મોથી નહીં. એ રીતે વૈમાનિક સુધી કહેવું. એમ ઉદ્વર્તના કહેવી.*

*ભગવન્ ! નૈરયિક શું આત્મપ્રયોગથી ઉપજે, પરપ્રયોગ વડે ઉપજે ? ગૌતમ ! આત્મપ્રયોગથી ઉપજે પરપ્રયોગથી નહીં. એ રીતે યાવત્ વૈમાનિક. એમ ઉદ્વર્તના દંડક.*

● **વિવેચન-૮૦૪ :-**

आओवक्कमण - આત્મા વડે અર્થાત્ સ્વયં જ આયુષ્યમનો ઉપક્રમ તે આત્મોપક્રમ. તેના વડે મરીને નારકો ઉત્પન્ન થાય, જેમ શ્રેણિક. परोवक्कमेण - પરકૃત મરણ વડે, જેમ કોણિક. निरुवक्कमेण - ઉપક્રમણના અભાવથી. જેમ - કાલશૌરિક. જેથી સોપક્રમાયુષ્ક અને ઈતર પણ તેમાં ઉપજે તેથી ઉત્પાદન, ઉદ્વર્તનાધિકારથી કહે છે — नेरइए० આદિ.

आइड्ढीए - ઈશ્વરાદિના પ્રભાવથી નહીં. आयकम्मुण - આત્મકૃત કર્મો વડે. - જ્ઞાનાવરણાદિથી आयप्पओगेणं - આત્મ વ્યાપારથી. ઉત્પાદાધિકારથી કહે છે —

● **સૂત્ર-૮૦૫ :-**

*ભગવન્ ! નૈરયિક, કતિસંચિત છે, અકતિસંચિત છે કે અવક્તવ્ય સંચિત છે ? ગૌતમ ! નૈરયિકો કતિસંચિત પણ છે, અકતિસંચિત પણ છે, અવક્તવ્યસંચિત પણ છે ? — એમ કેમ કહો છો ?*

*ગૌતમ ! જે નૈરયિક સંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ કતિસંચિત છે. જે નૈરયિક અસંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે, તે નૈરયિક અકતિસંચિત છે. જે નૈરયિક એક-એક પ્રવેશ વડે પ્રવેશે છે, તે નૈરયિક અવક્તવ્યસંચિત છે. તે કારણથી હે ગૌતમ ! યાવત્ અવક્તવ્યસંચિત પણ છે. સ્તનિતકુમાર સુધી કહેવું.*

*પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ! પૃથ્વીકાયિક કતિસંચિત નથી, અકતિ સંચિત છે, અવક્તવ્ય સંચિત નથી. એમ કેમ કહ્યું? યાવત્ અવક્તવ્યસંચિત નથી? ગૌતમ! પૃથ્વીકાયિક અસંખ્યાત પ્રવેશ વડે પ્રવેશે છે. તેથી આમ કહ્યું છે. એ પ્રમાણે વનસ્પતિકાયિક સુધી કહેવું. બેઈન્દ્રિયોથી વૈમાનિક, નૈરયિકવત્.*

*સિદ્ધોની પૃચ્છા. ગૌતમ ! સિદ્ધો કતિસંચિત છે, અકતિસંચિત નથી, અવક્તવ્યસંચિત પણ છે. એમ કેમ કહ્યું ? ગૌતમ ! જે સિદ્ધો સંખ્યાતા પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ કતિસંચિત છે, જેઓ એક-એક પ્રવેશન વડે પ્રવેશે છે, તેઓ અવક્તવ્યસંચિત છે. તેથી આ પ્રમાણે કહ્યું.*

*ભગવન્ ! આ કતિસંચિત, અકતિસંચિત, અવક્તવ્યસંચિત નૈરયિકોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા નૈરયિક અવક્તવ્ય સંચિત છે, કતિ સંચિત સંખ્યાતગણા, સકતિસંચિત અસંખ્યાતગણા. એ*

પ્રમાણે એકેન્દ્રિયોને વર્જીને યાવત્ વૈમાનિક અલ્પબહુત્વ કહેવું. એકેન્દ્રિયોમાં અલ્પબહુત્વ નથી તેમ જાણવું.

ભગવન્ ! આ સિદ્ધોમાં કતિસંચિત, અકતિસંચિત, અવક્તવ્યસંચિતોમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો કતિસંચિત છે, અવક્તવ્યસંચિત સિદ્ધો સંખ્યાતગણ છે.

ભગવન્ ! નૈરયિકો શું ષટ્કસમર્જિત છે ? નોષટ્કસમર્જિત છે ? ષટ્ક અને નોષટ્કથી સમર્જિત છે ? અનેકષટ્ક સમર્જિત છે ? અનેકષટ્ક અને નોષટ્ક વડે સમર્જિત છે ? ગૌતમ ! નૈરયિકો ષટ્ક સમર્જિત પણ છે, નોષટ્ક સમર્જિત પણ છે, ષટ્ક અને નોષટ્કથી પણ સમર્જિત છે. અનેક ષટ્કોથી પણ સમર્જિત છે અને ષટ્કો-નોષટ્કથી સમર્જિત છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું - x - ? ગૌતમ ! જે નૈરયિકો ષટ્ક પ્રવેશથી પ્રવેશે છે, તે નૈરયિકો ષટ્ક સમર્જિત છે. જે નૈરયિકો જઘન્યથી એક, બે, કે ત્રણ વડે ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે તેઓ નોષટ્ક સમર્જિત છે.. જે નૈરયિકો એક ષટ્ક વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ પ્રવેશથી અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે. તેઓ ષટ્ક વડે અને નોષટ્ક વડે સમર્જિત છે.. જે નૈરયિકો અનેકષટ્ક પ્રવેશ વડે પ્રવેશે છે તેઓ અનેકષટ્ક સમર્જિત છે. જે નૈરયિકો અનેકષટ્ક વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ પાંચ પ્રવેશ વડે પ્રવેશે છે, તેઓ અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત છે. તેથી પૂર્વવત્ યાવત્ કહ્યું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમારો છે.

પૃથ્વીકાયિકની પૃચ્છા. ગૌતમ ! ષટ્ક સમર્જિત નથી, નોષટ્ક સમર્જિત નથી, એક નોષટ્ક વડે સમર્જિત નથી, પણ અનેક ષટ્કો વડે સમર્જિત છે. અનેક ષટ્કો અને નોષટ્કો વડે સમર્જિત છે. એમ કેમ કહ્યું ?

ગૌતમ ! જે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો પ્રવેશનક વડે પ્રવેશે છે, તે પૃથ્વીકાયિકો ષટ્કો વડે સમર્જિત છે. જે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી પાંચ પ્રવેશનકો વડે પ્રવેશે છે, તે પૃથ્વીકાયિકો અનેક ષટ્કો અને નોષટ્કો વડે સમર્જિત છે. તેથી એમ કહ્યું છે. - - એ પ્રમાણે યાવત્ વનસ્પતિકાયિકો સુધી જાણવું. બેઈન્દ્રિયો યાવત્ વૈમાનિકોને પૂર્વવત્ જાણવા. સિદ્ધો નૈરયિકવત્.

ભગવન્ ! આ નૈરયિકોમાં ષટ્ક સમર્જિત, નોષટ્ક સમર્જિત, ષટ્ક અને નોષટ્ક વડે સમર્જિત, અનેક ષટ્કોથી સમર્જિત, અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા નૈરયિક ષટ્ક સમર્જિત છે, નોષટ્ક સમર્જિત સંખ્યાતગુણા, ષટ્ક અને નોષટ્કથી સમર્જિત સંખ્યાતગુણા, અનેક ષટ્કોથી સમર્જિત અસંખ્યાતગણા, અનેક ષટ્કો અને નોષટ્કથી સમર્જિત સંખ્યાતગુણા છે. આ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.



ભગવન્ ! આ પૃથ્વીકાયિકોમાં ષટ્ક વડે સમર્જિત, અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ?

ગૌતમ ! સૌથી થોડા પૃથ્વીકાયિક અનેક ષટ્કોથી સમર્જિત છે. અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત સંખ્યાતગણા છે. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક. બેઈન્દ્રિયો યાવત્ વૈમાનિકોને નૈરયિકોવત્ સમજવા.

ભગવન્! આ સિદ્ધોમાં ષટ્ક સમર્જિત, નોષટ્ક સમર્જિત યાવત્ અનેક ષટ્કો અને નોષટ્ક સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે?

ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો અનેક ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત છે, ષટ્કો વડે સમર્જિત સંખ્યાતગુણા છે. ષટ્કો અને નોષટ્ક વડે સમર્જિત સંખ્યાતગુણા, ષટ્ક સમર્જિત સંખ્યાતગણા, નોષટ્ક સમર્જિત સંખ્યાતગણા.

ભગવન્ ! નૈરયિકો શું દ્વાદશ સમર્જિત છે ? નોદ્વાદશ સમર્જિત છે ? દ્વાદશ અને નોદ્વાદશ વડે સમર્જિત છે ? દ્વાદશો વડે સમર્જિત છે ? દ્વાદશો અને નોદ્વાદશ વડે સમર્જિત છે ? ગૌતમ ! નૈરયિકો દ્વાદશ સમર્જિત પણ છે યાવત્ દ્વાદશો વડે પણ સમર્જિત છે. એમ કેમ કહ્યું ?

ગૌતમ! જે નૈરયિકો દ્વાદશ પ્રવેશ વડે પ્રવેશે છે તે નૈરયિકો દ્વાદશ સમર્જિત છે. જે નૈરયિકો જઘન્યથી એક, બે કે ત્રણ, ઉત્કૃષ્ટથી અગિયાર પ્રવેશનક વડે પ્રવેશે છે, તે નૈરયિકો નોદ્વાદશ સમર્જિત છે. જે નૈરયિકો દ્વાદશ અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટ અગિયાર પ્રવેશનકથી પ્રવેશે છે તે નૈરયિકો દ્વાદશ-નોદ્વાદશથી સમર્જિત છે. જે નૈરયિકો અનેક દ્વાદશ પ્રવેશનકથી પ્રવેશે છે, તે નૈરયિક દ્વાદશો વડે સમર્જિત છે. જે નૈરયિકો અનેક દ્વાદશો વડે અને બીજા જઘન્યથી એક, બે કે ત્રણ વડે અને ઉત્કૃષ્ટ અગિયાર પ્રવેશન વડે પ્રવેશે છે, તે દ્વાદશો અને નોદ્વાદશ વડે સમર્જિત છે. તેથી પૂર્વવત્ કહ્યું છે. એ પ્રમાણે સ્તનિતકુમાર સુધી જાણવું.

પૃથ્વીકાયિકોની પૃચ્છા ? ગૌતમ ! પૃથ્વીકાયિકો દ્વાદશ સમર્જિત નથી, નોદ્વાદશ સમર્જિત નથી, દ્વાદશ અને નોદ્વાદશ સમર્જિત નથી. દ્વાદશો વડે સમર્જિત છે. દ્વાદશો અને નોદ્વાદશ વડે પણ સમર્જિત છે.

એમ કયા કારણે કહો છો ? ગૌતમ ! જે પૃથ્વીકાયિક અનેક દ્વાદશો પ્રવેશનકથી પ્રવેશે છે, તેઓ અનેક દ્વાદશો વડે સમર્જિત છે. જે પૃથ્વીકાયિકો અનેક દ્વાદશો વડે અને બીજા જઘન્ય એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટા અગિયાર વડે પ્રવેશે છે, તેઓ દ્વાદશો નોદ્વાદશ વડે સમર્જિત છે. તેથી યાવત્ એમ કહ્યું. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક.

બેઈન્દ્રિયો યાવત્ સિદ્ધો. નૈરયિકવત્ છે.

ભગવન્ ! આ નૈરયિકોમાં દ્વાદશ સમર્જિત૦ બધે અલ્પબહુત્વ ષટ્ક સમર્જિતવત્ કહેવું. માત્ર દ્વાદશનો અભિલાપ કહેવો.

ભગવન્ ! નૈરયિકો શું ચોર્યાશી સમર્જિત છે ?, નોચોર્યાશી સમર્જિત છે ? ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત છે ? અનેક ચોર્યાશી વડે સમર્જિત

*છે ? અનેક ચોર્યાશી અને નો ચોર્યાશી સમર્જિત છે ? ગૌતમ ! નૈરયિકો ઉક્ત પાંચે વિકલ્પે સમર્જિત છે. એમ કેમ કહ્યું ?*

*ગૌતમ ! જે નૈરયિકો ૮૪ પ્રવેશનકથી પ્રવેશે છે, તે ચોર્યાશી સમર્જિત, જેઓ જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૮૩ પ્રવેશનક વડે પ્રવેશે છે, તે નોચોર્યાશી સમર્જિત. જે નૈરયિકો ઉક્ત બંને રીતે પ્રવેશે છે, તે ચોર્યાશી-નોચોર્યાશી સમર્જિત છે. જે નૈરયિકો અનેક ૮૪-પ્રવેશનકોથી પ્રવેશે છે તે અનેક ચોર્યાશી સમર્જિત. જે નૈરયિકો ઉક્ત ચોથા અને બીજા ભંગ વડે પ્રવેશે છે તે અનેકચોર્યાશી - નોચોર્યાશી સમર્જિત છે. - તેથી પૂર્વવત્ કહ્યું. એ પ્રમાણે યાવત્ સ્તનિતકુમાર.*

*પૃથ્વીકાયિકો પૂર્વવત્ છેલ્લા બે ભંગ વડે છે. માત્ર આલાવામાં ચોર્યાશી ભંગ કહેવા. એ રીતે યાવત્ વનસ્પતિકાયિક.*

*બેઈન્દ્રિય યાવત્ વૈમાનિકો, નૈરયિકવત્ છે.*

*સિદ્ધોની પૃચ્છા ગૌતમ ! સિદ્ધો ચોર્યાશી સમર્જિત છે, નોચોર્યાશી સમર્જિત પણ છે, ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત પણ છે. પરંતુ સિદ્ધોમાં છેલ્લા બે ભંગ ન કહેવા. - - એમ કેમ કહ્યું ?*

*ગૌતમ ! જે સિદ્ધો ૮૪ પ્રવેશનક વડે પ્રવેશે છે, તેઓ ચોર્યાશી સમર્જિત છે. જે સિદ્ધો જઘન્યથી એક, બે કે ત્રણ અને ઉત્કૃષ્ટથી ૮૩-પ્રવેશનક વડે પ્રવેશે છે, તેઓ નોચોર્યાશી સમર્જિત છે. જે સિદ્ધો ઉક્ત બંને ભંગ વડે પ્રવેશે છે, તેઓ ચોર્યાશી અને નોચોર્યાશી સમર્જિત છે. તેથી કહ્યું કે યાવત્ સમર્જિત છે.*

*ભગવન્! આ નૈરયિકોમાં ચોર્યાશી સમર્જિત, નોચોર્યાશી સમર્જિત૦ બધું અલ્પબહુત્વ ષટ્કસમર્જિતવત્ કહેવું યાવત્ વૈમાનિક. માત્ર આલાવામાં ૮૪ કહેવું.*

*ભગવન્ ! આ સિદ્ધોમાં ચોર્યાશી સમર્જિત, નોચોર્યાશી સમર્જિત, ચોર્યાશી સમર્જિતમાં કોણ કોનાથી યાવત્ વિશેષાધિક છે ? ગૌતમ ! સૌથી થોડા સિદ્ધો ચોર્યાશી-નોચોર્યાશીથી સમર્જિત છે, ચોર્યાશી સમર્જિત અનંતગુણા છે, નોચોર્યાશી સમર્જિત અનંતગણા છે. - - - ભગવન્ ! તે એમ જ છે યાવત્ વિચરે છે.*

**● વિવેચન-૮૦૫ :-**

कइसंचय - કતિ સંખ્યાવાચી છે, તેથી કતિત્વ વડે સંચિત-એક સમયે સંખ્યાત ઉત્પાદનથી પિંડિત તે કતિ સંચિત. એ રીતે અકતિ સંચિત. સંખ્યા નિષેધ - અસંખ્યાત, અનંતત્વ, अव्वत्तगसंचिय - દ્વયાદિ સંખ્યાના વ્યવહારથી - x - સંખ્યાત કે અસંખ્યાત્વ વડે કહેવું શક્ય ન હોય તે અવક્તવ્ય - એકત્વ ઉત્પાદનથી સંચિત.

તેમાં નારકાદિ ત્રણે ભેદે છે. કેમકે એક સમયે તેમનો એકથી અસંખ્યાત, અનંત ઉત્પાદ છે. પૃથ્વીકાયાદિ અકતિસંચિત જ છે. કેમકે તેમનો એક સમયે



અસંખ્યાતોનો ઉત્પાદ છે. વનસ્પતિમાં અનંત છે. - x - x - સિદ્ધો અકતિસંચિત નથી, કેમકે તેમાં એટલો ઉત્પાદ નથી.

આ બધાનું અલ્પબહુત્વ - અવક્તવ્ય સંચિતા થોડા છે. કેમકે અવક્તવ્યક સ્થાનું એકત્વપણું છે. ઈત્યાદિ - x - વૃત્તિ સરળ છે. બીજા કહે છે અહીં વસ્તુસ્વભાવ કારણ છે, સ્થાનકનું અલ્પત્વાદિ નહીં.

નારકાદિ ઉત્પાદ વિશેષણભૂત સંખ્યાધિકારથી આ કહે છે — नेरइयाणं० જેના છ પરિમાણ છે તે ષટ્ક તેના વડે સમર્જિત. એકત્ર સમયમાં જે સમુત્પન્ન થાય છે, તે રાશિ, તે જો ષટ્ પ્રમાણ હોય તો તેને ષટ્ક સમર્જિત કહેવાય છે. - x - x - x - તેમ આગળ પણ સમજી લેવું.

એકેન્દ્રિયોમાં તો અસંખ્યાતોના જ પ્રવેશન હોવાથી અનેકષટ્કો વડે સમર્જિત અને અનેકષટ્કો તથા નોષટ્ક વડે સમર્જિત એ બે વિકલ્પો જ સંભવે.

નારકોના અલ્પબહુત્વની વિચારણામાં પહેલા ભંગવાળા થોડાં કહ્યા, કેમકે ષટ્કસ્થાનકનું એકત્વપણું છે. બીજા ભંગમાં સંખ્યાતગણા કહ્યા કેમકે નોષટ્કસ્થાનોનું બહુત્વ છે. એ રીતે ત્રીજા, ચોથા, પાંચમામાં સ્થાન બાહુલ્યથી સૂત્રોક્ત બહુત્વ જાણવું એમ એક મત છે. બીજા મતે વસ્તુ સ્વભાવપણાથી છે. આ પ્રમાણે દ્વાદશ અને ચોર્યાશી સૂત્ર કહેવા.

**મુનિ દીપરત્નસાગરે કરેલ**
**શતક-૨૦નો ટીકાસહિતનો અનુવાદ પૂર્ણ**

— x — x — x — x — x — x —

**◎ ભાગ-૧૨-મો પૂર્ણ ◎**

# આગમ સટીક અનુવાદનું વિભાગીકરણ

| આગમનું નામ | ભાગ ક્રમાંક |
|---|---|
| આચારાંગ | ૧ અને ૨ |
| સૂત્રકૃતાંગ | ૩ અને ૪ |
| સ્થાનાંગ | ૫ થી ૭ |
| સમવાયાંગ | ૮ |
| ભગવતી | ૯ થી ૧૩ |
| જ્ઞાતાધર્મકથા | ૧૪ |
| ઉપાસકદશા, અંતકૃત્‌દશા,<br>અનુત્તરોપપાતિકદશા, પ્રશ્નવ્યાકરણ | ૧૫ |
| વિપાકશ્રુત, ઔપપાતિક | ૧૬ |
| રાજપ્રશ્નીય | ૧૭ |
| જીવાજીવાભિગમ | ૧૭ થી ૧૯ |
| પ્રજ્ઞાપના | ૨૦ થી ૨૨ |
| સૂર્ય/ચંદ્ર–પ્રજ્ઞપ્તિ | ૨૩,૨૪ |
| જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ | ૨૫ થી ૨૭ |
| નિરયાવલિકા પંચક અને પયન્નાસૂત્રો–૧૦+૧ | ૨૮ |
| નિશીથ, વ્યવહાર, બૃહત્કલ્પ<br>દશાશ્રુતસ્કંધ અને જીતકલ્પ | ૨૯ |
| મહાનિશીથ | ૩૦ |
| આવશ્યક | ૩૧ થી ૩૪ |
| પિંડનિર્યુક્તિ, ઓઘનિર્યુક્તિ | ૩૫ |
| દશવૈકાલિક | ૩૬ |
| ઉત્તરાધ્યયન | ૩૭ થી ૩૯ |
| નંદીસૂત્ર | ૪૦ |
| અનુયોગદ્વાર | ૪૧ |
| કલ્પ (બારસા) સૂત્ર | ૪૨ |